શ્રી વીતરાગાય નમઃ



ઉપ્પનેઈવા
વિગમેઈવા
ધુવેઈવા

# શ્રી આવશ્યક સૂત્ર

ગુરુપ્રાણ આગમ બત્રીસી

આશીર્વાદ દાતા : તપસ્વી ગુરુદેવ પૂજ્ય શ્રી રતિલાલજી મહારાજ સાહેબ

પ્રધાન સંપાદિકા : અપૂર્વ શ્રુત આરાધક પૂ. શ્રી લીલમબાઈ મહાસતીજી

# સ્વ. પૂ. ગુરુદેવ શ્રી પ્રાણલાલજી મ. સા. ના હસ્તાક્ષરો

जस्संतिए धम्मपयाइं सिक्खे तस्संतिए वेणइयं पउंजे
सक्कारए सिरसा पंजलीओ कायग्गिरा भो मणसा य निच्चं ॥

दश· अ· ९ उ· १ गा· १२

જેના પાસે ધર્મપદ શીખ્યા હોય તેના પ્રત્યે વિનયભાવ રાખવો તથા હંમેશાં સિરનમાવી હાથજોડી મનવચનકાયાથી તેનો સત્કાર કરવો

जो समो सव्वभूएसु तसेसु थावरेसु य
तस्स सामाइयं होइ (इइ) केवलीभासियं

अनुयोगद्वार सूत्र

જે ત્રસ અને સ્થાવર સર્વજીવો પ્રત્યે સમભાવ રાખેછે તેને સામા
સામાયિક હોયછે એમ કેવલી ભગવાને કહેલછે.



આગમ શાસ્ત્ર

આગમ શાસ્ત્ર



શ્રી વીતરાગાય નમઃ

ગોંડલ ગચ્છ જયવંત હો

પૂ. શ્રી ડુંગર - દેવ - જય - માણેક - પ્રાણ - રતિ ગુરુભ્યો નમઃ

**શ્રી ગુરુ પ્રાણ આગમ બત્રીસી**

**સૌરાષ્ટ્ર કેસરી ગુરુદેવ પૂ. શ્રી પ્રાણલાલજી મ. સા. ની ચીર સ્મૃતિ તથા**
**તપસમ્રાટ ગુરુદેવ પૂ. શ્રી રતિલાલજી મ. સા. મહાપ્રયાણ દશાબ્દીવર્ષ ઉપલક્ષ**

# શ્રી આવશ્યક સૂત્ર

*(મૂળપાઠ, ભાવાર્થ, વિવેચન, પરિશિષ્ટ)*

**: પાવન નિશ્રા :**
ગોંડલ ગચ્છ શિરોમણી પરમદાર્શનિક **પૂ. શ્રી જયંતમુનિ મ. સા.**

**: સંપ્રેરક :**
વાણીભૂષણ **પૂ. શ્રી ગિરીશમુનિ મ. સા.** અને આગમ દિવાકર **પૂ. જનકમુનિ મ. સા.**

**: પ્રકાશન પ્રેરક :**
ધ્યાનસાધક **પૂ. શ્રી હસમુખમુનિ મ. સા.** અને શાસનઅરુણોદય **પૂ. શ્રી નમ્રમુનિ મ.સા.**

**: શુભાશિષ :**
મંગલમૂર્તિ પૂજ્યવરા
પૂ. શ્રી મુક્તાબાઈ મ.

**: પ્રધાન સંપાદિકા :**
અપૂર્વ શ્રુત આરાધક
પૂ. શ્રી લીલમબાઈ મ.

**: અનુવાદિકા :**
પૂ. શ્રી રૂપાબાઈ મ.

**: પરામર્શ પ્રયોજિકા :**
ઉત્સાહધરા
પૂ. શ્રી ઉષાબાઈ મ.

**: સહ સંપાદિકા :**
ડૉ. સાધ્વી શ્રી આરતીબાઈ મ.
તથા સાધ્વી શ્રી સુબોધિકાબાઈ મ.

: પ્રકાશક :
શ્રી ગુરુ પ્રાણ પ્રકાશન

PARASDHAM
પારસધામ, વલ્લભબાગ લેન, ઘાટકોપર(ઈસ્ટ), મુંબઈ - ૪૦૦૦૭૭

: આગમ પ્રકાશન પ્રારંભ :
ઈ. સ. ૧૯૯૭ – ૧૯૯૮ **પૂ. શ્રી પ્રાણગુરુ જન્મશતાબ્દી વર્ષ• ગુરુપ્રાણ ફાઉન્ડેશન, રાજકોટ.**

પુનઃ પ્રકાશન – ઈ. સ. ૨૦૦૯
**પ્રકાશક : શ્રી ગુરુ પ્રાણ પ્રકાશન, પારસધામ, ઘાટકોપર**

પ્રથમ આવૃત્તિ પ્રત : ૧૦૫૦ ★ દ્વિતીય આવૃત્તિ પ્રત : ૧૦૦૮
પ્રકાશન તારીખ : આસોવદ અમાસ – વીર નિર્વાણ કલ્યાણક તથા
તપસમ્રાટ ગુરુદેવ પૂજ્ય શ્રી રતિલાલજી મ. સા. જન્મદિન

ગુરુ પ્રાણ પ્રકાશન

શ્રી પરાગભાઈ શાહ • શ્રી શૈલેષભાઈ દેસાઈ • શ્રી બર્જીશભાઈ દેસાઈ
શ્રી સુમતિભાઈ શાહ • શ્રી ગિરીશભાઈ શાહ • શ્રી જિતેનભાઈ શાહ

**પ્રાપ્તિ સ્થાન :**

**www.parasdham.org ★ www.jainaagam.org**

૧. મુંબઈ –

**પારસધામ**
વલ્લભબાગ લેન,
ઘાટકોપર(ઈસ્ટ), મુંબઈ – ૪૦૦૦૭૭
ફોન – ૩૨૦૪ ૩૨૩૨.

2. U. S. A. -

**Girish P. Shah**
4048, Twyla Lane, Campbell
CA - 95008-3721. U.S.A.
Ph. : (India) 09867054439
(U.S.A) 001- 408-373-3564

૩. રાજકોટ –

**શેઠ ઉપાશ્રય**
પ્રસંગ હોલ પાછળ,
૧૫૦ ફુટ રીંગ રોડ,
કાલાવડ રોડ,રાજકોટ – ૩૬૦૦૦૫
ફોન – ૯૮૨૪૦૪૩૭૬૯

૪. વડોદરા –

**શ્રી હરેશભાઈ લાઠીયા**
ગૌતમ, ૧૨, પંકજ સોસાઈટી,
નર્મદા ગેસ્ટ હાઉસની સામે,
ઈલોરા પાર્ક, વડોદરા – ૩૯૦૦૨૩
ફોન – ૯૮૨૪૦૫૮૪૮૯

મુદ્રક : શિવકૃપા ઑફસેટ પ્રિન્ટર્સ, અમદાવાદ – ફોન : ૦૭૯–૨૫૬૨૩૮૨૮

સમર્પણ

સૌરાષ્ટ્ર કેસરી
બા. બ્ર. પૂ. ગુરુદેવ
શ્રી પ્રાણલાલજી મ. સા. ને અનન્ય શ્રદ્ધાભાવે..

# સમર્પણ

જેમના ચરણોમાં ચતુર્વિધ સંઘ પુલકિત હૃદયે
ભક્તિ ભીના સૂરોથી સ્તુતિ કરતા હતા...
જેમના ચરણોમાં વ્હાલસોયા શિષ્યોના
વિનમ્ર મસ્તકો નમતા હતા...
જેમના ચરણોમાં સેંકડો શ્રીમંતો શાસન સેવા કાજે
કરોડોની સંપત્તિ ધરી પ્રણામ કરતા હતા...
જેમના ચરણોમાં નાસ્તિકોની દુનિયાને સલામ ભરી
આસ્તિકતાની દુનિયામાં પ્રવેશ કરી,
શ્રદ્ધા ને સમર્પણ ભાવે યુવાનો
વિનીતભાવે વંદન કરતા હતા,
તેવા અંતર જાગૃતિની આગવી કળાના અણગાર,
વસુંધરાનું વાત્સલ્ય, ભારતનું ભૂષણ,
ગચ્છનું ગૌરવ, મમ શ્રદ્ધાસિંધુ ગુરુદેવ
પ. પૂ. શ્રી પ્રાણલાલજી મ. સા. ના
કરકમલમાં વિનમ્રભાવે સમર્પણ...

- પૂ. મુક્ત - લીલમ - રાજુલ ગુરુણીના સુશિષ્યા
સાધ્વી રૂપા

## તપ સમ્રાટ તપસ્વી ગુરુદેવ પૂ. રતિલાલજી મ. સા. ના

# આશીર્વચન

ગુરુ મહારાજની
જન્મ શતાબ્દી નિમિત્તે
આગમોનું પ્રકાશન થઈ રહ્યું છે,
તેનો મને આનંદ છે,
તમે સહુ સાધ્વીવૃંદ આગમનો અભ્યાસ કરી,
તેનાં મૂળભૂત તત્ત્વોને સમજો,
જીવનને પંચાચારમય બનાવો,
સમાજમાં જૈન ધર્મનો પ્રચાર કરો.
ગુરુ મહારાજના નામને અમર બનાવો અને
સંયમી જીવનને સફળ બનાવો.
એ જ મારા અંતરના આશીર્વાદ છે.

*મારી સાથે ચાતુર્માસ અર્થે રોયલ પાર્ક સંઘમાં બિરાજમાન સાધ્વીવૃંદ*
*ભગવાન મહાવીરની વાણીને સમગ્ર વિશ્વમાં*
*ગૂંજતી કરે તેવા શુભાશિષ.*

**– મુનિ રતિલાલ**
**તા. ૧૪/૯/૯૭**
**રોયલ પાર્ક ઉપાશ્રય,**
**રાજકોટ.**

ગોંડલ ગચ્છ શિરોમણિ પૂ. શ્રી જયંતમુનિ મ. સા. ના સ્વહસ્તાક્ષરે

# આશીર્વચન


અર્હં
ૐ ણમો ણાણસ્સ

અત્ર અનુજ્ઞાપ્યતે વર્ધાપ્યતે અનુમન્યતે ચ
યદ્ "ગુરુપ્રાણ આગમ બત્રીશી" પુનર્પ્રકાશનં
અવશ્યં કાર્યં | ઇદં મહાકાર્યં પૂજ્ય-
ગોંડલ ગચ્છ કીર્તિધર અરુણોદય
નમ્રમુનિના પ્રારભ્યતે ઇતિ મમ ભાવઃ
અત્ર કાર્યસ્ય ... ન સ્યાત્ ઇતિ સત્-
વિશ્વાસેન અનુમોદનં ક્રિયતે-
શુભં સ્યાત્
ઇતિ આશીર્વચનં અપિ સુન્દરં સ્યાત્
અર્પ્યતે-
આનંદ મંગલમ્
27-4-2009
અક્ષયતૃતીયા
સોમવાર

હું આજ્ઞા આપું છું તથા આ કાર્યને સ્વીકૃતિ આપું છું કે ગુરુપ્રાણ આગમ બત્રીસીનું પુનઃ પ્રકાશન અવશ્ય કરવું જોઈએ. આ મહાકાર્ય પૂજ્ય ગોંડલ ગચ્છ કીર્તિધર અરુણોદય શ્રી નમ્રમુનિ પ્રારંભ કરે, આ મારા ભાવ છે. આ કાર્યની અનુમોદના કરું છું.

આનંદ મંગલમ્.

શુભ થાઓ... સુંદર થાઓ...
આ આશીર્વચન અર્પિત કરું છું.

તા. ૨૭-૦૪-૨૦૦૯
અક્ષયતૃતીયા - સોમવાર.

# ગુરુપ્રાણ આગમ બત્રીસી
# અનુવાદિકા
# મહાસતીજીઓ

**પ્રધાન સંપાદિકા ભાવયોગિની**
બા. બ્ર. પૂ. શ્રી લીલમબાઈ મ.
**સહસંપાદિકા**
ડૉ. સાધ્વી શ્રી આરતીબાઈ મ. તથા
સાધ્વી શ્રી સુબોધિકાબાઈ મ.

**સાંનિધ્ય**
પૂ. શ્રી જયંતમુનિ મ. સા.
પૂ. શ્રી ગિરીશચન્દ્રજી મ. સા.
**જ્ઞાનદાનના સંપૂર્ણ સહયોગી**
પૂ. શ્રી ત્રિલોકમુનિ મ. સા.

| સૂત્રનું નામ | અનુવાદિકા |
|---|---|
| શ્રી આચારાંગ સૂત્ર(ભાગ ૧–૨) | પૂ. હસુમતીબાઈ મ., પૂ. પુષ્પાબાઈ મ. |
| શ્રી સૂયગડાંગ સૂત્ર(ભાગ ૧–૨) | પૂ. ઉર્મીલાબાઈ મ. |
| શ્રી ઠાણાંગ સૂત્ર(ભાગ ૧–૨) | પૂ. વીરમતીબાઈ મ. |
| શ્રી સમવાયાંગ સૂત્ર | પૂ. વનીતાબાઈ મ. |
| શ્રી ભગવતી સૂત્ર(૧ થી ૫ ભાગ) | પૂ. ડૉ. આરતીબાઈ મ. |
| શ્રી જ્ઞાતા સૂત્ર | પૂ. સુમનબાઈ મ. |
| શ્રી ઉપાસકદશાંગ સૂત્ર | પૂ. ઉર્વશીબાઈ મ. |
| શ્રી અંતગડદશાંગ સૂત્ર | પૂ. ભારતીબાઈ મ. |
| શ્રી અનુત્તરોવવાઈ સૂત્ર | પૂ. સન્મતિબાઈ મ. |
| શ્રી પ્રશ્નવ્યાકરણ સૂત્ર | પૂ. સુનિતાબાઈ મ. |
| શ્રી વિપાક સૂત્ર | પૂ. ઉષાબાઈ મ. |
| શ્રી ઉવવાઈ સૂત્ર | પૂ. કલ્પનાબાઈ મ. |
| શ્રી રાજપ્રશ્નીય સૂત્ર | પૂ. બિંદુ–રૂપલ દ્વય મ. |
| શ્રી જીવાભિગમ સૂત્ર | પૂ. પુનિતાબાઈ મ. |
| શ્રી પ્રજ્ઞાપના સૂત્ર(ભાગ–૧ થી ૩) | પૂ. સુધાબાઈ મ. |
| શ્રી જંબૂદ્વીપપ્રજ્ઞપ્તિ સૂત્ર | પૂ. મુક્તાબાઈ મ. |
| શ્રી જ્યોતિષગણરાજ પ્રજ્ઞપ્તિ સૂત્ર (ચંદ્રપ્રજ્ઞપ્તિ, સૂર્યપ્રજ્ઞપ્તિ) | પૂ. રાજેમતીબાઈ મ. |
| શ્રી ઉપાંગસૂત્ર(શ્રી નિરયાવલિકાદિ) | પૂ. કિરણબાઈ મ. |
| શ્રી ઉત્તરાધ્યયન સૂત્ર(ભાગ–૧, ૨) | પૂ. ડૉ. અમિતાબાઈ મ. પૂ. સુમતિબાઈ મ. |
| શ્રી દશવૈકાલિક સૂત્ર | પૂ. ગુલાબબાઈ મ. |
| શ્રી નંદી સૂત્ર | પૂ. પ્રાણકુંવરબાઈ મ. |
| શ્રી અનુયોગદ્વાર સૂત્ર | પૂ. સુબોધિકાબાઈ મ. |
| શ્રી નિશીથ સૂત્ર | પૂ. લીલમબાઈ મ. |
| શ્રી ત્રણ છેદ સૂત્ર | પૂ. ડૉ. ડોલરબાઈ મ. |
| શ્રી આવશ્યક સૂત્ર | પૂ. રૂપાબાઈ મ. |

સિંહ સમા પરાક્રમી, હંસ સમા ઉજ્જવલ યશોમૂર્તિ, સૌરાષ્ટ્ર કેસરી પૂજ્ય
ગુરુદેવ શ્રી પ્રાણલાલજી મ. સા. નાં શ્રી ચરણોમાં શતગુણ

# પ્રણામાંજલિ




જાગૃતતા
આર્જવતા
સજ્જનતા
પ્રસન્નતા
ભવ્યતા
તજ્જ્ઞતા
માર્દવતા
અપ્રમત્તતા
દક્ષતા

સહિષ્ણુતા
લઘુતા
પ્રતિરૂપતા
ઉત્સાહિતા
નમ્રતા
વિભુતા
કૃતજ્ઞતા
પ્રભુતા
પ્રૌઢતા

કરુણતા
સૌમ્યતા
સામ્યતા
શૂરવીરતા
ધીરતા
સ્થિરતા
દયાળુતા
સમયજ્ઞતા
પ્રમોદતા

ગિરાગુરુત્વતા
વ્યવહાર કુશળતા
ઈન્દ્રિય દમનતા
ગરિષ્ઠતા
વિશાળતા
પ્રેમાળતા
નિર્ભયતા
સ્વરમાધુર્ય

આત્મરમણતા
તલ્લીનતા
સત્યવક્તૃત્વતા
પ્રતિભાસંપન્નતા
પવિત્રતા
દાક્ષિણ્યતા
પ્રશમતા
અર્હતા

ક્રાંતિકારકતા
સમન્વયતા
લોકપ્રિયતા
જ્ઞાનદાતા
શિક્ષાદાતા
કૃતાર્થતા
તત્ત્વલોકતા

જ્ઞાનોત્સુકતા
આસ્તિક્યતા
જ્ઞાનવૃદ્ધતા
ક્ષમાશીલતા
વૈરાગ્યવાર્ધક્ય
ઉદાસીનતા
નૈતિકતા

ઓજસ્વિતા
તેજસ્વિતા
વર્ચસ્વિતા
પ્રવચન પટુતા
ગુણગ્રાહકતા
જ્ઞાનપ્રસારકતા
શ્રદ્ધાળુતા
ઉદારતા

સ્નેહયુક્તતા
ધર્મકલાધરતા
સંગઠનકારકતા
પથપ્રદર્શિતતા
સમ્યક્પરાક્રમતા
સૌષ્ઠવતા
વરિષ્ઠતા
ગંભીરતા

સેવાશીલતા
અકુતૂહલતા
એકાંતપ્રિયતા
અનેકાંતદર્શિતા
વિચક્ષણતા
આરાધકતા
લાવણ્યતા
પરમાર્થતા
કુશલતા

સુવિનીતતા
કર્મનિષ્ઠતા
વાત્સલ્યતા
નિર્વેદતા
પ્રવિણતા
પરિપક્વતા
અમીરતા
નિર્લેપતા
દિવ્યતા
રોચકતા
ઉપશમતા
સમતા
ઉપશાંતતા
શ્રુતસંપન્નતા
શ્રેષ્ઠતા
ચારિત્ર પરાયણતા
વીરતા
ખમીરતા

શતાદિ સદ્ગુણાલંકૃત તવ વપુઃ ભૂયાદ્ ભવાલંબનમ્

પૂ. શ્રી ડુંગર-દેવ-જય-માણેક-પ્રાણ-રતિ-જગ-ગુરુભ્યો નમઃ
પૂ. હીર-વેલ-માન-દેવ-ઉજમ-ફૂલ-મોતી-આમ્ર-અમૃત-ગુરુણીભ્યો નમઃ

# ગોંડલ સંપ્રદાય-ગુરુપ્રાણ રતિ પરિવાર

## મંગલ મનીષી મુનિવરો
## શાસ્ત્ર શુશ્રૂષિકા શ્રમણીવૃંદ

૦૧. પૂ. શ્રી જયંતમુનિ મ. સા.
૦૨. પૂ. શ્રી ગિરીશચંદ્રજી મ.સા.
૦૩. પૂ. શ્રી જનકમુનિ મ.સા.
૦૪. પૂ. શ્રી જગદીશમુનિ મ.સા.
૦૫. પૂ. શ્રી હસમુખમુનિ મ.સા.
૦૬. પૂ. શ્રી મનહરમુનિ મ. સા.
૦૭. પૂ. શ્રી ગજેન્દ્રમુનિ મ. સા.
૦૮. પૂ. શ્રી સુશાંતમુનિ મ. સા.
૦૯. પૂ. શ્રી નમ્રમુનિ મ. સા.
૧૦. પૂ. શ્રી પીયુષમુનિ મ. સા.

૦૧. પૂ. ગુલાબબાઈ મ.
૦૨. પૂ. પ્રાણકુંવરબાઈ મ.
૦૩. પૂ. લલિતાબાઈ મ.
૦૪. પૂ. લીલમબાઈ મ.
૦૫. પૂ. વિમળાબાઈ મ.
૦૬. પૂ. હંસાબાઈ મ.
૦૭. પૂ. પુષ્પાબાઈ મ.
૦૮. પૂ. વિજયાબાઈ મ.
૦૯. પૂ. તરૂલતાબાઈ મ.
૧૦. પૂ. જસવંતીબાઈ મ.
૧૧. પૂ. વસુબાઈ મ.
૧૨. પૂ. પ્રભાબાઈ મ.
૧૩. પૂ. લતાબાઈ મ.
૧૪. પૂ. ભદ્રાબાઈ મ.
૧૫. પૂ. સુમિત્રાબાઈ મ.
૧૬. પૂ. સાધનાબાઈ મ.
૧૭. પૂ. અરુણાબાઈ મ.
૧૮. પૂ. સરલાબાઈ મ.
૧૯. પૂ. વનિતાબાઈ મ.
૨૦. પૂ. દીક્ષિતાબાઈ મ.
૨૧. પૂ. ધીરમતીબાઈ મ.
૨૨. પૂ. રાજેમતીબાઈ મ.
૨૩. પૂ. હસુમતીબાઈ મ.
૨૪. પૂ. સુમતિબાઈ મ.
૨૫. પૂ. અનુમતિબાઈ મ.
૨૬. પૂ. વીરમતીબાઈ મ.
૨૭. પૂ. યશોમતીબાઈ મ.
૨૮. પૂ. જ્ઞાનશીલાબાઈ મ.
૨૯. પૂ. દર્શનશીલાબાઈ મ.
૩૦. પૂ. વિનોદીનીબાઈ મ.
૩૧. પૂ. પ્રજ્ઞાબાઈ મ.
૩૨. પૂ. પ્રિયદર્શનાબાઈ મ.
૩૩. પૂ. કૃપાબાઈ મ.
૩૪. પૂ. મીરાબાઈ મ.
૩૫. પૂ. કુંદનબાઈ મ.
૩૬. પૂ. જ્યોતિબાઈ મ.
૩૭. પૂ. પ્રીતિસુધાબાઈ મ.
૩૮. પૂ. મીનળબાઈ મ.
૩૯. પૂ. મનીષાબાઈ મ.
૪૦. પૂ. કિરણબાઈ મ.
૪૧. પૂ. હસ્મિતાબાઈ મ.
૪૨. પૂ. શૈલાબાઈ મ.
૪૩. પૂ. ઉર્મિબાઈ મ.
૪૪. પૂ. સુધાબાઈ મ.
૪૫. પૂ. ઉર્વશીબાઈ મ.
૪૬. પૂ. સ્મિતાબાઈ મ.
૪૭. પૂ. ઉર્મિલાબાઈ મ.
૪૮. પૂ. ડોલરબાઈ મ.
૪૯. પૂ. કલ્પનાબાઈ મ.
૫૦. પૂ. સંગીતાબાઈ મ.
૫૧. પૂ. નંદાબાઈ મ.
૫૨. પૂ. સુનંદાબાઈ મ.
૫૩. પૂ. જયેશાબાઈ મ.
૫૪. પૂ. અર્ચિતાબાઈ મ.
૫૫. પૂ. અજિતાબાઈ મ.
૫૬. પૂ. અમિતાબાઈ મ.
૫૭. પૂ. પુનિતાબાઈ મ.
૫૮. પૂ. સુનિતાબાઈ મ.
૫૯. પૂ. ગીતાબાઈ મ.
૬૦. પૂ. વિદુબાઈ મ.
૬૧. પૂ. તરુબાઈ મ.
૬૨. પૂ. મીનાબાઈ મ.
૬૩. પૂ. પૂર્ણાબાઈ મ.
૬૪. પૂ. રશ્મિતાબાઈ મ.
૬૫. પૂ. બિંદુબાઈ મ.
૬૬. પૂ. વિરલબાઈ મ.
૬૭. પૂ. રૂપલબાઈ મ.
૬૮. પૂ. તેજલબાઈ મ.
૬૯. પૂ. સુજીતાબાઈ મ.
૭૦. પૂ. સ્વાતિબાઈ મ.
૭૧. પૂ. શ્વેતાબાઈ મ.
૭૨. પૂ. રેણુકાબાઈ મ.
૭૩. પૂ. નલિનીબાઈ મ.
૭૪. પૂ. રક્ષિતાબાઈ મ.
૭૫. પૂ. રોશનીબાઈ મ.
૭૬. પૂ. અંજીતાબાઈ મ.
૭૭. પૂ. સંજીતાબાઈ મ.
૭૮. પૂ. સંઘમિત્રાબાઈ મ.
૭૯. પૂ. આરતીબાઈ મ.
૮૦. પૂ. રૂપાબાઈ મ.
૮૧. પૂ. મિતલબાઈ મ.
૮૨. પૂ. શ્રેયાબાઈ મ.
૮૩. પૂ. શ્રીદત્તાબાઈ મ.
૮૪. પૂ. શ્રુતિબાઈ મ.
૮૫. પૂ. ભાવનાબાઈ મ.
૮૬. પૂ. ભવિતાબાઈ મ.
૮૭. પૂ. જીજ્ઞેષાબાઈ મ.
૮૮. પૂ. શ્રેયાંસીબાઈ મ.
૮૯. પૂ. પરિજ્ઞાબાઈ મ.
૯૦. પૂ. શ્વેતાંસીબાઈ મ.
૯૧. પૂ. સુબોધિકાબાઈ મ.
૯૨. પૂ. શીલાબાઈ મ.
૯૩. પૂ. હેમાંશીબાઈ મ.
૯૪. પૂ. નમ્રતાબાઈ મ.
૯૫. પૂ. પત્રાબાઈ મ.
૯૬. પૂ. પૂર્વીબાઈ મ.
૯૭. પૂ. જાગૃતિબાઈ મ.
૯૮. પૂ. પ્રબોધિકાબાઈ મ.
૯૯. પૂ. પ્રિયલબાઈ મ.
૧૦૦. પૂ. સ્વરૂપાબાઈ મ.
૧૦૧. પૂ. સુહાનીબાઈ મ.
૧૦૨. પૂ. હૃદયાબાઈ મ.
૧૦૩. પૂ. વૈદેહીબાઈ મ.
૧૦૪. પૂ. ભવ્યાંશીબાઈ મ.
૧૦૫. પૂ. જયણાબાઈ મ.
૧૦૬. પૂ. સંબોહીબાઈ મ.
૧૦૭. પૂ. ભવ્યાનીબાઈ મ.

# શ્રુત સેવાનો સત્કાર

## શ્રુતાધાર (મુખ્યદાતા)

## માતુશ્રી નિમર્ળાબેન (કીકીબેન) ત્રંબકલાલ દેસાઈ
## શ્રીમતી પ્રીતિબેન વિનોદભાઈ દેસાઈ.

આધુનિક ભૌતિકવાદી આ યુગમાં જે વ્યક્તિ સમર્પિત ભાવે ગુરુ ચરણ – શરણ સ્વીકારે છે, જીવનના પ્રેરકબળ તરીકે આત્મસાત કરે છે. તેના જીવનની પ્રત્યેક ક્ષણ સંતોષ, શાંતિ, સમાધિમય બની જાય છે. આ ભાવોનો પ્રત્યક્ષ અનુભવ કરનાર છે દેસાઈ પરિવાર.

માતુશ્રી નિર્મળાબેન પુણ્યપ્રતાથી આર્ય સન્નારી હતા. પુણ્યશાળી વ્યક્તિની ઉપસ્થિતિમાં અનેક પ્રકારના પુણ્યકર્મ થતાં જ રહે છે પણ તેની અનુપસ્થિતિમાં પણ તેમના નામે પુણ્યકર્મ થતાં જ રહે છે. માતુશ્રી નિર્મળાબેનના ઉપકારને સ્મૃત્તિમાં લાવી ત્રણે સુપુત્રો અને પુત્રવધુઓ શ્રી વિનોદભાઈ સૌ. પ્રીતિબેન, શ્રી શૈલેશભાઈ સૌ. મીનાબેન, શ્રી પંકજભાઈ સૌ. વર્ષાબેન, અન્ન, પાણી, વસ્ત્ર, સ્થાન, શય્યાસામ્રગી, મન, વચન, કાયાની શુભ પ્રવૃત્તિ અને ગુરુજનોને નમસ્કારાદિ નવપ્રકારે પુણ્યબંધ કરી રહ્યા છે.

આવા પુણ્યયોગે શૈલેશભાઈ – મીનાબેન **પૂ. ગુરુદેવ શ્રી નમ્રમુનિ મ.સા.** ના દર્શન – સાંનિધ્યને પામ્યા. ગુરુદેવશ્રીના પોઝીટીવ વાઈબ્રેશન્સે તેઓનું સમગ્ર અસ્તિત્વ રણઝણી ઉઠ્યું. તેમના જીવનની ક્ષણ ક્ષણ આનંદ મટી ઉત્સવ ક્ષણ બની ગઈ. લક્ષ્યહીન જીવનને દિશા મળી ગઈ.

ગુરુદેવના ચરણે સમર્પિત આ દેસાઈ પરિવારનો પ્રાણ ગુરુદેવ છે, તેમના હૃદયનો ધબકાર ગુરુદેવ છે. તેમની ભક્તિ અને શક્તિ પણ ગુરુદેવ જ છે. ગુરુદેવની પ્રેરણા એ જ દેસાઈ પરિવારનો પરિચય છે.

ગુરુદેવના અનંત ઉપકારને સ્મૃતિપટ ઉપર લાવી પૂ. ગુરુદેવના ૩૯મા જન્મદિને ગુરુ ચરણે આગમ શ્રદ્ધાભાવને સમર્પિત કરતાં તેઓ આગમના શ્રુતાધાર બન્યા છે. તે બદલ અનેકશઃ ધન્યવાદ છે.

**ગુરુપ્રાણ પ્રકાશન**

PARASDHAM

# શાસ્ત્ર સ્વાધ્યાય
## સદ્‌વિવેક

- તીર્થંકર પ્રભુના પવિત્ર ઉપદેશરૂપ આગમગ્રંથો દરેક ધર્મનિષ્ઠ સ્વાધ્યાયપ્રેમી શ્રમણોપાસકે પોતાના ઘરમાં વસાવવા જોઈએ.
- તીર્થંકરોની અનુપસ્થિતિમાં તીર્થંકરોના ઉપદેશરૂપ ગ્રંથો સાક્ષાત્ તીર્થંકર તુલ્ય માનીને આગમગ્રંથોને ઘરમાં કબાટ કે શોકેશમાં સુવ્યવસ્થિત રૂપે રાખવા.
- પ્રતિદિન તીર્થંકરોને સ્મૃતિપટ પર લાવી અહોભાવપૂર્વક ત્રણ ભાવ વંદન કરવા .
- ઘરના સદસ્યોએ સાથે મળી શ્રધ્ધાપૂર્વક આગમવાંચન કરવું.
- વિનય ધર્મનું મૂળ છે તેથી શાસ્ત્ર સ્વાધ્યાય માટે ગુરુની આજ્ઞા લેવી.
- ૩૨ આગમગ્રંથોમાંથી કાલિક સૂત્રના મૂળપાઠનો સ્વાધ્યાય દિવસના પ્રથમ અને ચોથા પ્રહરમાં અને ઉત્કાલિક સૂત્રના મૂળપાઠનો સ્વાધ્યાય અસ્વાધ્યાય કાલને છોડીને એટલે કે બે સંધ્યા અને બે મધ્યાહ્ન કાલીન ૪૮ મિનિટને છોડીને ગમે ત્યારે કરી શકાય છે.
- પ્રાતઃ ઉષાકાલ, સંધ્યાકાલ, મધ્યાહ્ન અને અર્ધરાત્રિએ બે - બે ઘડી શાસ્ત્રનો મૂળપાઠ વાંચવો નહીં.
- ૩૨ અસ્વાધ્યાયમાં શાસ્ત્ર સ્વાધ્યાય થાય નહીં.
- ઘરમાં સંડાસ - બાથરૂમ હોય, સ્ત્રીઓને માસિકધર્મ હોય, વગેરે કારણોથી ઘરમાં આગમ રાખવાથી અશાતના થાય, તેવી માન્યતા યોગ્ય નથી કારણકે સાધ્વીજી પોતાની પાસે આગમ ગ્રંથો રાખે છે.
- માસિક ધર્મવાળા બહેનોએ શાસ્ત્રના મૂળપાઠનો સ્વાધ્યાય કરવો નહીં. તે વ્યક્તિની સામે પણ સ્વાધ્યાય કરવો નહીં. તેનાથી દૂર અલગ સ્થાનમાં બેસીને સ્વાધ્યાય કરી શકાય છે. ગુજરાતી અનુવાદ, ભાવાર્થ, વિવેચન, માસિક ધર્મમાં પણ બહેનો વાંચી શકે છે. તેમાં કોઈ જાતની અશાતના નથી.
- **આ સમસ્ત નિયમો મૂળપાઠ વાંચવા કે સ્વાધ્યાય કરવા માટેના છે.** કેવળ શાસ્ત્રોના ગુજરાતી ભાવાર્થ વાંચવા હોય, તો ઉપરોક્ત નિયમો લાગુ પડતા નથી.
- આગમગ્રંથોના આધારે જ ભૂતકાલમાં અનંત જીવોએ આત્મકલ્યાણ કર્યું છે. આગમગ્રંથોના આધારે જ પાંચમા આરાના અંત સુધી જિનશાસન જયવંતું રહેશે. તેથી આગમગ્રંથોનું સંપૂર્ણતઃ બહુમાન જાળવવું.

# વિષયાનુક્રમણિકા


| વિષય | પૃષ્ઠ |
| --- | --- |
| પૂ. શ્રી ડુંગરસિંહજી મ.સા.નું જીવન દર્શન | 10 |
| પૂ. શ્રી પ્રાણલાલજી મ.સા.નું જીવન દર્શન | 12 |
| પૂ. શ્રી રતિલાલજી મ.સા.નું જીવન દર્શન | 22 |
| પુનઃ પ્રકાશનના બે બોલ | 24 |
| પૂર્વ પ્રકાશનના બે બોલ | 26 |
| અભિગમ | 28 |
| સંપાદકીય | 34 |
| સંપાદન અનુભવો | 46 |
| અનુવાદિકાની કલમે | 50 |
| ૩૨ અસ્વાધ્યાય | 56 |
| **શાસ્ત્ર પ્રારંભ** | |
| **પ્રથમ આવશ્યક** | |
| પ્રાક્કથન | ૧ |
| ઉપોદ્‌ઘાત | ૩ |
| મંગલાચરણ : નમસ્કાર મહામંત્ર | ૮ |
| સામાયિક પ્રતિજ્ઞા સૂત્ર | ૧૭ |
| **બીજો આવશ્યક** | |
| પ્રાક્કથન | ૨૨ |
| લોગસ્સ સૂત્ર | ૨૪ |
| **ત્રીજો આવશ્યક** | |
| પ્રાક્કથન | ૩૨ |
| ગુરુવંદના સૂત્ર | ૩૩ |
| **ચોથો આવશ્યક** | |
| પ્રાક્કથન | ૪૨ |
| પાઠ–૧ : સામાયિક પ્રતિજ્ઞા સૂત્ર | ૪૫ |
| પાઠ–૨ : માંગલિક | ૪૫ |
| પાઠ–૩ : સંક્ષિપ્ત પ્રતિક્રમણ | ૪૯ |
| પાઠ–૪ : ગમનાગમન પ્રતિક્રમણ | ૫૪ |
| પાઠ–૫ : પહેલું શ્રમણસૂત્ર | ૫૯ |
| પાઠ–૬ : બીજું શ્રમણસૂત્ર | ૬૨ |
| પાઠ–૭ : ત્રીજું શ્રમણસૂત્ર | ૬૭ |
| પાઠ–૮ : ચોથું શ્રમણસૂત્ર | ૭૧ |
| પાઠ–૯ : પાંચમું શ્રમણસૂત્ર | ૧૧૧ |
| પાઠ–૧૦ : ક્ષમાપના સૂત્ર | ૧૨૬ |
| **પાંચમો આવશ્યક** | |
| પ્રાક્કથન | ૧૨૮ |
| પાઠ–૧ : સામાયિક સૂત્ર | ૧૩૦ |
| પાઠ–૨ : સંક્ષિપ્ત પ્રતિક્રમણ | ૧૩૦ |
| પાઠ–૩ : કાયોત્સર્ગ પ્રતિજ્ઞા સૂત્ર | ૧૩૦ |
| પાઠ–૪ : લોગસ્સ સૂત્ર | ૧૩૬ |
| **છઠ્ઠો આવશ્યક** | |
| પ્રાક્કથન | ૧૩૭ |
| પાઠ–૧ : નવકારશી પ્રત્યાખ્યાન | ૧૩૮ |
| પાઠ–૨ : પોરસી પ્રત્યાખ્યાન | ૧૪૦ |
| પાઠ–૩ : બે પોરસી પ્રત્યાખ્યાન | ૧૪૧ |
| પાઠ–૪ : એકાસણું પ્રત્યાખ્યાન | ૧૪૨ |
| પાઠ–૫ : એકઠાણું પ્રત્યાખ્યાન | ૧૪૫ |
| પાઠ–૬ : આયંબિલ પ્રત્યાખ્યાન | ૧૪૫ |
| પાઠ–૭ : ઉપવાસ પ્રત્યાખ્યાન | ૧૪૭ |
| પાઠ–૮ : દિવસ ચરિમ પ્રત્યાખ્યાન | ૧૪૮ |
| પાઠ–૯ : અભિગ્રહ પ્રત્યાખ્યાન | ૧૪૯ |
| પાઠ–૧૦ : નિર્વિકૃતિક પ્રત્યાખ્યાન | ૧૫૦ |
| અંતિમ મંગલ : નમોત્થુણં સૂત્ર | ૧૫૪ |
| હારિભદ્રિય વૃત્તિ આધારે શ્રાવકના વ્રત | ૧૬૬ |
| પરિશિષ્ટ–૧ : સામાયિક સૂત્ર (મૂળપાઠ) | ૨૦૧ |
| પરિશિષ્ટ–૨ : સામાયિક એક પરિશીલન | ૨૦૪ |
| પરિશિષ્ટ–૩ : પ્રતિક્રમણ એક પરિશીલન | ૨૨૦ |
| પરિશિષ્ટ–૪ : સાધુનું પ્રતિક્રમણ (મૂળપાઠ) | ૨૩૧ |
| પરિશિષ્ટ–૫ : શ્રાવકનું પ્રતિક્રમણ (મૂળપાઠ) | ૨૩૫ |
| પરિશિષ્ટ–૬ : વિવેચત વિષયોની અકારાદિ અનુક્રમણિકા | ૨૫૨ |

# ગોંડલ ગચ્છાધિપતિ, એકાવતારી આચાર્ય પ્રવર
# પૂ. ગુરુદેવ શ્રી ડુંગરસિંહજી મ.સા.
# જીવન દર્શન

| | | |
|---|---|---|
| **નામ** | : | શ્રી ડુંગરસિંહભાઈ. |
| **જન્મ** | : | વિ. સં. ૧૭૯૨. |
| **જન્મભૂમિ** | : | માંગરોળ. |
| **પિતાશ્રી** | : | ધર્મનિષ્ઠ શ્રી કમળસિંહભાઈ બદાણી. |
| **માતુશ્રી** | : | સંસ્કાર સંપન્ના શ્રીમતી હીરબાઈ. |
| **જન્મ સંકેત** | : | માતાએ સ્વપ્નમાં લીલોછમ પર્વત અને કેસરી સિંહને પોતાની સમીપે આવતો જોયો. |
| **ભ્રાતૃ ભગિની** | : | ચાર બેન – બે ભાઈ. |
| **વૈરાગ્ય નિમિત્ત** | : | પૂ. શ્રી રત્નચંદ્રજી મ.સા.નો ઉપદેશ. |
| **સંયમ સ્વીકાર** | : | વિ. સં. ૧૮૧૫ કારતક વદ – ૧૦ દિવબંદર. |
| **સદ્ગુરુદેવ** | : | પૂ. શ્રી રત્નચંદ્રજી મ.સા. |
| **સહ દીક્ષિત પરિવાર** | : | સ્વયં, માતુશ્રી હીરબાઈ, બહેન વેલબાઈ, ભાણેજી – માનકુંવરબેન અને ભાણેજ – હીરાચંદભાઈ. |
| **સંયમ સાધના** | : | અપ્રમત્તદશાની પ્રાપ્તિ માટે સાડા પાંચ વર્ષ નિદ્રાત્યાગ, જ્ઞાનારાધના, ધર્મશાસ્ત્રો, દર્શનશાસ્ત્રો અને તત્ત્વજ્ઞાનનો અભ્યાસ. |
| **તપ આરાધના** | : | રસેન્દ્રિય વિજયના વિવિધ પ્રયોગો, મિતાહાર. સ્વાધ્યાય, સાડાપાંચ વરસ નિદ્રાત્યાગ, ધ્યાનરૂપ આભ્યંતર તપ. |
| **ગોંડલ ગચ્છ સ્થાપના તથા આચાર્ય પદ પ્રદાન** | : | વિ. સં. ૧૮૪૫ મહાસુદ – ૫ ગોંડલ. |
| **જ્વલંત ગુણો** | : | વિનય, વિવેક, વિચક્ષણતા, વિરક્તિ, કરૂણા, સમયસૂચકતા વગેરે... |

| | | |
|---|---|---|
| **પ્રમુખ શિષ્ય** | : | આચાર્ય પૂ. શ્રી ભીમજી સ્વામી. |
| **પ્રમુખ શિષ્યા** | : | પૂ. શ્રી હીરબાઈ મ., પૂ. શ્રી વેલબાઈ મ., પૂ. શ્રી માનકુંવરબાઈ મ. |
| **સાધુ સંમેલન** | : | વિ. સં. ૧૮૬૧માં આજ્ઞાનુવર્તી ૪૫ જેટલા સાધુ-સાધ્વીજીઓનું સંમેલન કરી સંતોની આચાર વિશુધ્ધિ માટે ૧૩ નિયમો બનાવ્યાં. |
| **વિહાર ક્ષેત્ર** | : | કાઠિયાવાડ, ઝાલાવાડ, કચ્છ, માંગરોળ, વેરાવળ, પોરબંદર, દીવબંદર આદિ કંઠાળ પ્રદેશમાં ગ્રામાનુગ્રામ. |
| **પ્રતિબોધિત શ્રાવકવર્ય** | : | શ્રી શોભેચંદ્ર કરસનજી શાહ – વેરાવળ. |
| **સ્થિરવાસ** | : | વિ. સં. ૧૮૭૧ ચૈત્ર સુદ – ૧૫ થી ગોંડલમાં. |
| **અનશન આરાધના** | : | વિ. સં. ૧૮૭૭ ફાગણ સુદ – ૧૩ થી અનશન પ્રારંભ, વૈશાખ સુદ – ૧૫ સમાધિમરણ. |
| **આયુષ્ય** | : | ૮૪ વર્ષ, સંયમ પર્યાય – ૬૨ વર્ષ, આચાર્ય પદ – ૩૨ વર્ષ. |
| **ઉત્તરાધિકારી** | : | આચાર્ય પૂ. શ્રી ભીમજી સ્વામી. |
| **ઉપનામ** | : | ગચ્છાધિપતિ, નિદ્રાવિજેતા, યુગપ્રધાન, એકાવતારી. |
| **પાટ પરંપરા** | : | ગોંડલ ગચ્છાધિપતિ આચાર્ય પ્રવર ગુરુદેવ પૂ. શ્રી ડુંગરસિંહજી મ.સા.<br>દ્વિતીય પટ્ટધર – આચાર્ય પૂ. શ્રી ભીમજી સ્વામી.<br>તૃતીય પટ્ટધર – આચાર્ય પૂ. શ્રી નેણસી સ્વામી.<br>ચતુર્થ પટ્ટધર – આચાર્ય પૂ. શ્રી જેસંગજી સ્વામી.<br>પંચમ પટ્ટધર – આચાર્ય પૂ. શ્રી દેવજી સ્વામી.<br>મહાતપસ્વી પૂ. શ્રી જયચંદ્રજી સ્વામી<br>યુગદ્દષ્ટા તપસ્વી પૂ. શ્રી માણેકચંદ્રજી મ.સા.<br>સૌરાષ્ટ્ર કેસરી ગુરુદેવ પૂ. શ્રી પ્રાણલાલજી મ.સા.<br>તપસમ્રાટ ગુરુદેવ પૂ. શ્રી રતિલાલજી મ.સા. |
| **વિદ્યમાન વિચરતો પરિવાર** | : | ૧૧ સંતો, ૩૦૦ જેટલા સતિજીઓ. |

## સૌરાષ્ટ્ર કેસરી બા. બ્ર. સ્વ. પૂ. શ્રી પ્રાણલાલજી મ. સા. નું

# જીવન – કવન

### ભવ્ય જીવનની પૂર્ણ રેખા :–

દીર્ઘદષ્ટિ, સહનશીલતા, ઉદારતા, સેવાપરાયણતા, વિનમ્રતા, મધુરતા, ગંભીરતા, વ્યવહાર કુશળતા આદિ અનેક રત્નોથી ભરપુર અરબીસમુદ્ર જેવા ગુણરત્નાકર પૂજ્યપાદ ગુરુદેવનું જીવન ચાર-પાંચ પાનાની સાંકડી ગલીમાં સમાવવું એ ખરેખર સમુદ્રને ઢાંકણીમાં ભરવા બરાબર અને ગાગરમાં સાગરને સાચવવા બરાબર છે.

શાસનની સર્વ વિભૂતિઓ કાંઈ પુણ્યાત્મા, સમજદાર અને શક્તિવંત હોય જ એવું નથી હોતું, સમાજની નાડ પારખી તેના મૂળમાં સુધારાના સંસ્કારબીજ રોપવા એ કઠીનતમ કાર્ય છે. અખૂટ ધૈર્ય, અપૂર્વ શક્તિ અને અત્યંત સાહસ ધરાવનાર પુણ્યાત્માઓ બહુ ઓછા હોય છે. આવી વિરલ વિભૂતિઓમાં પૂ. બા. બ્ર. ગુરુદેવશ્રી પ્રાણલાલજી મ. સા. મૂર્ધન્ય સ્થાને હતા.

### ધન્ય વેરાવળની ધરા :–

પુણ્યાનુબંધી પુણ્યના યોગે બિરાજમાન પૂ. ગુરુદેવનું જન્મસ્થાન વેરાવળબંદર, વેરાવળ એટલે ધર્મનો ઘુઘવતો સાગર. જેમ પૂર્ણકળાએ ખીલેલી ચાંદની નીચે ઘુઘવાટા કરતો સમુદ્ર ઊછળી ઊછળીને પોતાનો આનંદ અભિવ્યક્ત કરે છે, તેમ વેરાવળવાસી વીસા ઓસવાળ જ્ઞાતિના શ્રાવકો, સજ્જનો પણ ધર્મતત્ત્વને પામવા સંતોના સાંનિધ્યમાં આવી ભાવવિભોર બની જતા હતા. આ ઉત્તમ જ્ઞાતિના પ્રખ્યાત મીઠાશા કુટુંબના પ્રાણ હતા– પૂ. ગુરુદેવ પ્રાણલાલજી મ.સા. !

એક જ રાશિના માતા-પિતા કેશવજીભાઈ તથા કુંવરબાઈના લાડકોડમાં બાલ્યાવસ્થાનો સોનેરી સમય વહી રહ્યો હતો. પરંતુ આ તો પંચમકાળ ! કુદરત, કર્મ અને કાળની ત્રિપુટી ક્યારે કોના ઉપર કેવી સંપત્તિ કે આપત્તિ ઉતારશે એનો તાગ મેળવવાનું ગજું સામાન્ય માનવમાં તો ક્યાંથી સંભવી શકે ?

## ત્રિપુટીનું ત્રાટકતું તાંડવ :-

કુંવરબાઈના લાડીલા સપૂતનું સુખ આ ત્રિપુટીથી જોવાયું નહીં. જ્યારે માવતરની વાત્સલ્યભરી શીળી છાયાની સંતાનોને સતત જરૂર હોય છે. એવી ૧૩ વર્ષની વયમાં જ બંને છત્રનો વિયોગ થયો. ઈતિહાસ એક વાત નોંધે છે કે પુણ્યવાન પુરુષોને દુઃખનો ભાર હળવો કરનાર નિમિત્તો સામે આવીને ઊભા જ હોય છે. અહીં પણ આ દુઃખદ પ્રસંગે વેરાવળમાં બાંધવબેલડી પૂ. જય-માણેક ગુરુદેવ ચાતુર્માસ બિરાજમાન હતા. પૂ. જયચંદ્રજી મ.સા. કુટુંબના સભ્યોને આશ્વાસન દેવા પધાર્યા. જેમ ઝવેરી ગમે તેવા કાદવમાં પડેલા હીરાના તેજને ઓળખી એને લીધા વગર રહી શકતા નથી તેમ પૂ.ગુરુદેવની પારખુ દષ્ટિમાં માવતર વિયોગની ઘેરી છાયામાં ઘેરાયેલ નાનકડા પ્રાણની મુખાકૃતિની ચમક છાની રહી ન શકી. બહુ જ મીઠા—મધુર શબ્દોમાં આશ્વાસન આપતા તેઓએ કહ્યું—ભાઈ ! પ્રાણ ! માવતરની શીતળ છત્રછાયા મળવી દુર્લભ છે. છતાં સંસાર એ તો સંસાર જ છે. ત્યાં સંયોગ-વિયોગ સતત સંચર્યા જ કરે છે. તમારા જેવા સમજુ તરુણે ખેદને ખંખેરી ધર્મથી આશ્વાસન મેળવવું જોઈએ. કાલથી ત્રણ વાગ્યે ઉપાશ્રયે આવી ભગવાન મહાવીરે બતાવેલા પ્રેમનાં પાઠ શીખવા માંડો, દુઃખ દૂર થઈ જશે.

## મજીઠિયા રંગે રંગાયા :-

બંને માવતરની ખોટ પૂરી કરે એવા પૂ. ગુરુદેવના સ્નેહભર્યા સાંનિધ્યનું ખરેખર પ્રાણને ઘેલું લાગ્યું, નિયમિત ઉપાશ્રયે જવા લાગ્યા, ધર્મ પ્રત્યે આનંદની ઊર્મિઓ ઊછળવા લાગી, વૈરાગ્યના ઘેરા મજીઠિયા રંગે રંગાઈ ગયા. ચાતુર્માસ પૂર્ણ થયું, વિહારમાં જવાની આજ્ઞા મળે તેમ ન હતી. પરંતુ પૂ. ગુરુદેવોનો વિયોગ વધુ સહેવો ન પડ્યો. તે સમયે સૌરાષ્ટ્રની જનતા વધુ ધર્મનું ઊંડુ જ્ઞાન પામે એ લક્ષ્યે પૂ. તપસ્વી ગુરુદેવ યેનકેન પ્રકારે પંડિતોને બોલાવી ચાતુર્માસમાં સિદ્ધાંતશાળા અને શેષકાળમાં મોબાઈલ પાઠશાળા શરૂ કરાવતા હતા. પૂ. તપસ્વી ગુરુદેવ બીજું ચાતુર્માસ વેરાવળથી નજીક માંગરોળ પધાર્યા. ત્યાં પણ સિદ્ધાંતશાળા શરૂ થઈ. પ્રાણભાઈના મોટાભાઈની અનિચ્છા હોવા છતાં વિનયપૂર્વક આજ્ઞા મેળવી પૂ. ગુરુદેવના સાંનિધ્યમાં આવી સિદ્ધાંતોનો અભ્યાસ કરવા લાગ્યા. આ પછીનો સમય પૂ. ગુરુદેવના સાંનિધ્યમાં પસાર થયો.

## જા ! મંડ ચાલવા ! (વૈરાગ્ય ની કસોટી) :-

૨૧ વર્ષની વયે બગસરામાં દીક્ષા નક્કી થઈ. મોટાભાઈ ભીમજીભાઈ સાવ નકાર ઉપર જ હતા. પ્રાણભાઈએ અતિ નમ્રભાવે અરજ ગુજારી ત્યારે ગુસ્સામાં આવી જઈને નાની હાથનોંધની બુકનું પાનું ફાડીને ખિસ્સામાંથી પેન કાઢી ભીમજીભાઈએ લખી આપ્યું– **જા મંડ ચાલવા, હવે મારે તારી સાથે સંબંધ નથી રાખવો. બસ આ ચિટ્ટી જ ગુરુદેવનું આજ્ઞાપત્ર** બની ગયું. ચિટ્ટી લઈ તેઓ બગસરા પહોંચી ગયા અને....

## બગસરા બન્યું દીક્ષાધામ :-

ફાગણવદી ૬ દીક્ષાનું મુહૂર્ત નિશ્ચિત થયું. બગસરા શ્રી સંઘે દીક્ષાની તડામાર તૈયારી આદરી. એ વખતે બગસરાના દરબાર શ્રી વાજસુરવાળા ને ખબર પડી કે બહારગામથી આવેલા યુવાનને વણિક મહાજન મુંડેભવિતા કરે છે. તપાસના અંતે સંતોષકારક ખુલાસો મળતાં દરબારે આ પ્રસંગ પોતાનો બનાવી લીધો. રજવાડી પોષાકે પ્રાણભાઈની નમણી તેજસ્વી મુખાકૃતિ રાજકુમારની જેમ શોભવા લાગી. દીક્ષાનો સમય થતાં સર્પ કાંચળી છોડીને ભાગે, પાછું વાળીને પણ ન જુવે, તેમ રાજકુમાર સમા પ્રાણભાઈ સઘળું છોડી પ્રાણમુનિ બની ગયા. ગુરુચરણમાં રહી તેઓએ ગુરુઆજ્ઞા, ગુરુભક્તિ અને ગુરુવિનયને પોતાના શ્વાસોચ્છ્વાસ બનાવી દીધા. પૂ. ગુરુવર્યોના હૃદયસિંહાસને એવું તો સ્થાન મેળવ્યું કે ગુરુના શ્રીમુખેથી વારંવાર પ્રાણ...પ્રાણ....પ્રાણ....શબ્દો સરી પડતા.

## ગુરુદેવનો સંથારો ને શિષ્યની સેવા :-

ગુરુપ્રાણના ત્રણ વર્ષાવાસ મેંદરડા, વેરાવળ અને જેતપુર ભવ્ય રીતે પૂર્ણ થયાં. ચાતુર્માસ બાદ પૂ. તપસ્વી ગુરુદેવે દૈવી સંકેતાનુસાર સંથારો પચ્ચક્ખી લીધો, પૂ. જયચંદ્રજી સ્વામીની પણ ઉંમર હતી. એટલે સઘળો ભાર આ ત્રણ વર્ષના દીક્ષિત પ્રાણગુરુ માથે આવી પડ્યો. આવેલી તકને વધાવતા લઘુમુનિરાજ ગુરુદેવે ધૈર્ય, શૌર્ય, વિવેક અને અનુભવજ્ઞાનનો અદ્ભૂત પરિચય આપ્યો. સૌરાષ્ટ્ર, કચ્છ, ગુજરાત, રાજસ્થાન, મુંબઈ આદિ ચારેબાજુના ક્ષેત્રોમાંથી હજારો મનુષ્યો જેતપુરને આંગણે આવી રહ્યા હતા. (વાંચો 'જીવનરેખા')

## ગુરુદેવનો વાણીવૈભવ :-

આવેલી જનતાને પૂ. ગુરુદેવ ત્રણ વખત પ્રવચન આપી સંબોધતા. બોલવાની છટા, મધુર કંઠ, અષાઢી મેઘ જેવો ગંભીર નાદ, ઘંટ જેવો રણકાર, સભામાં બુલંદ બનતો

ત્યારે સભામાંથી કોઈને ઊઠવાનું મન ન થતું, એમાંય જ્યારે ગુરુદેવના સંથારાનું બ્યાન આપતા ત્યારે પોતે ગદ્ગદિત થઈ જતા, મુખપર ગૌતમ જેવો પ્રેમવિરહ દશ્યમાન થતો હતો. પૂ. તપસ્વીજીના દેવલોક ગમન પછી એવી તો શ્રદ્ધાંજલી આપી કે ઘડીભર તો પથ્થરાઓ પણ પીગળી ગયા, અશ્રુનાં પ્રવાહમાં સભા જાણે તણાવા લાગી. નવે નવ રસ ઉપર પૂ. ગુરુદેવનું પ્રભુત્વ અજબનું હતું, **રામરાસ** અને **ઢાળસાગર** પર બપોરે રાસ ફરમાવતા ત્યારે આજુબાજુના ગામડાનાં લોકો ગાડાં જોડીને સાંભળવા આવતા. વાણીની ખુમારી અને ઓજસ્વિતા એવી હતી કે દરબારો જેવા દરબારો પણ એક વચનમાત્રથી વ્યસનો છોડી દેતા. આ હતો આપણા પરમોપકારી ગુરુદેવની વાણીનો વૈભવ.

## કોમળ હૃદયની અજબ ધૈર્યતા :-

ગુરુવિરહનો ઘા વિસારે ન પડે ત્યાં તો પૂ. જયચંદ્રજી મ. ના દેહવિલયની તૈયારી થઈ. પૂજ્યવરની બીમારી અને ગુરુવરની સેવા, એ બધું શબ્દોમાં વ્યક્ત થઈ શકે તેમ નથી. તેનું વર્ણન નહિ કરતાં ગુરુદેવનાં ઝંઝાવાતી આઘાતના વિરહને માત્ર બે જ શબ્દમાં જણાવું છું કે એ વખતની ગુરુપ્રાણની મનોવ્યથા અકલ્પનીય હતી. શ્રી જયંતમુનિજી લખે છે કે ગુરુપ્રાણનું કોમળ હૃદય આ વિયોગના પ્રત્યાઘાતને સહન કરવા તૈયાર ન હતું ફક્ત શાસનદેવની કૃપા અને તપોબળ અને આયુષ્યના બળથી જ તેઓ ધીરજ ને ટકાવી શક્યા હશે.

## લોક ચેતનાના પ્રેમાળ મસીહા :-

સંત હોય કે સાહિત્યકાર તે ઉદયમાન પરિસ્થિતિથી પ્રભાવિત થયા વગર રહી શકતા નથી. દુકાળી વર્ષોના કારણે ધનવાનોની સંગ્રહવૃત્તિ, ગચ્છના આંતરિક વિખવાદથી વધતી જતી તિરાડો તેઓશ્રીને મૃત્યુ કરતાં પણ વધારે વસમી લાગતી હતી. ગુરુદેવે સમાજને દિશા દોરી આપી કે દાનધર્મથી સમાજને ઉપયોગી બનો.'દેનારો ચડે છે, ભેગું કરનારો પડે છે.' સમન્વયવાદથી સમસ્ત સંતોને અને શ્રાવકોને સાથે લઈ ભાઈચારો જમાવવા પોતાની તમામ તાકાત નિચોવી નાખી હતી. અખંડનાત્મક જીવનશૈલીએ જ ગુરુપ્રાણને વિશ્વપ્રાણ બનાવી દીધા હતા.

## પધારો ! સિદ્ધના પાડોશી ! પધારો ! :-

ગંગા નદીના પ્રવાહની જેમ સૌરાષ્ટ્રના વિશાળ પ્રદેશોમાં ગુરુદેવનું વિચરણ લોકોમાં દાન, શીલ, તપ, જ્ઞાન-ધ્યાન, શ્રદ્ધા અને ચારિત્રની ધર્મચેતનાને જગાડી રહ્યું હતું. ગુરુદેવના શ્રીમુખે ૧૯ મુમુક્ષુઓ ભાગવતી દીક્ષાને સ્વીકારી ધન્ય બની ગયા હતા.

સૌ પ્રથમ વિ.સં. ૧૯૮૯ માં જુનાગઢ મુકામે તપોધની પૂ.શ્રી રતિલાલજી મ.સા. ને દીક્ષાનું દાન મળેલ હતું.

એક વખત જગજીવનભાઈની અતિ આગ્રહભરી વિનંતીને માન આપી ખોબા જેવડા દલખાણીયા ગામમાં પધાર્યા. જૈન-જૈનેતર વર્ગ ગુરુવાણીથી આપ્લાવિત થયો હતો. ગુરુદેવની અમૃતવાણીથી પ્રભાવિત જગજીવન શેઠ તેમના ૧૩ વર્ષના સુપુત્રી પ્રભાબહેન, ૯ વર્ષના જયંતકુમાર તથા ૫ વર્ષના જયાબેન આકાશથી ઊતરેલા દેવદૂત સમા ઊંચી પહાડીઓમાં પધારેલી સંતમંડળી પ્રત્યેની ભક્તિથી ભાવવિભોર બની રહ્યા હતા. પૂજ્ય ગુરુવર જ્યારે ઘર આંગણે ગોચરી માટે પધાર્યા ત્યારે અમૃતબેન અંદરથી બહાર દોડી આવ્યા અને બોલી ઊઠ્યા !

પધારો પધારો ! સિદ્ધના પાડોશી ! ગીરના ગામડામાં અમોને તારવા આવ્યા, પધારો પ્રભુ પ્રભુ...આ અપૂર્વ દશ્ય કલમથી કંડારી શકાય તેમ નથી.

## ગુરુની નિર્મોહી દશાનું દર્શન :-

માત્ર એક દિવસ માટે પધારેલા ગુરુવર શેઠ પરિવાર અને નગરજનોની ભક્તિ જોઈને ઘણો સમય બિરાજી ગયા. ઉપકારીએ એવો તો વાણીનો ધોધ વહાવ્યો કે શેઠ પરિવારને વૈરાગ્યના રંગે રંગી નાખ્યો. વિહારની વેળાએ સૌ સાથે ચાલી નીકળ્યા, ત્યારે ગુરુદેવે ટકોર કરી કે સૌને દીક્ષા લેવા માટે હજી ઘણીવાર છે. આ એવંતામુનિનો કાળ નથી, શેઠ ! આતો પંચમકાળ છે. અનુભવ અને અભ્યાસની ખૂબ જરૂર રહે છે. એ જ સમયે જગજીવનશેઠ બોલી ઊઠ્યા– ગુરુદેવ ! મારી તો હવે ઉંમર છે. પૂજ્યવરે કહ્યું– વાત તો સાચી છે પરંતુ બાળકો નાના છે. તમારે પણ થોડો વખત ધીરતા રાખવાની જરૂર ગણાય, છેવટે શિષ્યભાવનાથી નિર્લેપ એવા ગુરુમહારાજના વચન વધાવી શેઠે આજીવન બ્રહ્મચર્યવ્રત સાથે ગોળ, ખાંડ, સાકરના પચ્ચખાણ કરી લીધા. આવા સંયમી શેઠે છઠ્ઠ-અઠમના વરસીતપ કરવાનો નિયમ લઈ પ્રાણપ્યારા ગુરુવરને વિદાય આપી.

## સ્વીકારો સન્માન અમ અંતરના :-

સમર્થ ગુરુદેવ વર્ષભર અનેક નાનામોટા ક્ષેત્રોની સ્પર્શના કરી રહ્યા હતા, ક્યાંક ચોથાવ્રતની પ્રતિજ્ઞાઓ તો ક્યાંક તપશ્ચર્યાઓના ધોધ તો ક્યાંક વળી દાનનો જોરદાર પ્રવાહ વહેતો હતો. સર્વ મંગલોમાં મહામંગલ સમાન દીક્ષાઓના મહામહોત્સવો પણ ઉજવાઈ રહ્યા હતા. બગસરામાં વિ.સં. ૧૯૯૪ ના પૂ. જગજીવનજી મ. તથા પૂ. બા. બ્ર. પ્રભાબાઈ મ. ની દીક્ષા થયેલી. એ દશ્ય તો કોઈ અનેરું જ હતું. વિ. સં. ૧૯૯૯ માં વેરાવળ મુકામે ગુરુદેવના શ્રીમુખે પૂ. શ્રી જયંતમુનિજી તથા બંને બ્રા.બ્ર. પૂ. ચંપાબાઈ

મ. ની દીક્ષાએ રંગ રેલાવ્યા હતા. વિ.સં. ૨૦૦૪ માં સાવરકુંડલા શ્રીસંઘમાં લેખિકા શ્રી જયાબેન, ગુલાબબેન અને પ્રાણકુંવરબેનની દીક્ષાએ ધર્મનો જયજયકાર વર્તાવ્યો હતો. આવી રીતે જુનાગઢ, વેરાવળ, સાવરકુંડલા, દીવબંદર, ધારી, વિસાવદર ને પણ દીક્ષા પ્રસંગનો અપૂર્વ લાભ આપી જેતપુર, ગોંડલ, જામનગર વિ. ના ચાતુર્માસોથી શ્રીસંઘોએ ધન્યતા અનુભવી હતી. વિ.સં. ૧૯૯૮ ના રાજકોટ ચાતુર્માસ કલ્પની અપૂર્વ સફળતાથી શ્રી પ્રાણજીવનભાઈએ ગાયેલું – 'સન્માન મમ અંતરતણાં સત્કારને સ્વીકારજો, અમ પ્રાણના ઓ પ્રાણ ! સાચા પ્રાણને પ્રગટાવજો.'

આવા અનેકવિધ સત્કાર્યોની સફળતા સાથે ગુરુમહારાજે જામનગર અને ભાવનગરના શ્રીસંઘોમાં ચાતુર્માસ બિરાજી બેજોડ શાસન પ્રભાવનાઓ કરી હતી.

## અજોડ શ્રુત સેવાના ભેખધારી :–

તપસ્વી પૂ. માણેકચંદ્રજી મ. ના આરંભેલા જ્ઞાનયજ્ઞને ગતિમાન કરવા વિ.સં. ૨૦૦૦માં જેતપુર મુકામે જૈન વિદ્યાલયની સ્થાપના કરેલી. જેમાં પૂ. શ્રી જયંતિલાલજી મ. સા. તથા બા.બ્ર.પૂ. શ્રી પ્રભાબાઈ મ. આદિ ગોંડલ–લીંબડી ગચ્છના સાધુ-સાધ્વીજીઓ અને વિદ્યાર્થીઓ જૈનધર્મના તત્ત્વજ્ઞાનમાં આગળ વધી રહ્યા હતા.

આ જ્ઞાનજ્યોતને જેતપુરથી વડિયા લાવી પૂ. તપસ્વીજી માણેકચંદ્રજી જૈન વિદ્યાલયનું નામ આપી એક વિશાળ જૈન ગુરુકુળ સાથે આ સંસ્થાને વટવૃક્ષના સ્વરૂપે સુવિકસિત બનાવી હતી.

રાણપુર, બીલખા, બગસરા, સાવરકુંડલા, ગોંડલ, જેતપુર આદિ ક્ષેત્રોના જ્ઞાનભંડારોને વડિયા પાઠ-શાળામાં લાવી ૫૦૦૦ પુસ્તકો તથા હસ્તલિખિત આગમ પ્રતોને સુવ્યવસ્થિત કરવા માટે આઠ માસ સુધી તનતોડ પરિશ્રમ કરેલો હતો.

ગોંડલ–રાજકોટ–જામનગર માં પૂ. શ્રી ડુંગરસિંહજી સ્વામી જૈન પુસ્તકાલયની સ્થાપના કરવામાં આવી હતી. ગુરુદેવના માટે વધારે શું કહું ? ગુરુરાજ તો શ્રુતસેવાના અજોડ ભેખધારી સંત હતા.

સર્જનાત્મક દષ્ટિએ હસ્તલિખિત આગમ તારણો, સર્વક્ષેત્રીય સંગ્રહો તથા ૧૫ વર્ષની લેખન શૈલી ગુરુદેવની શ્રુતરુચિને પ્રગટ કરે છે.

## ખામોશ રહી ભૂલ પી જતાં :–

ગુરુવરના કેટલાક સ્વાભાવિક ગુણોનો મને અનુભવ થયો છે તે લખ્યા વિના રહી શકું તેમ નથી. અમો એકવખત વડિયા ગયા હતા ત્યારે ગુરુદેવના દર્શન કરવા

જૈન વિદ્યાલય (પાઠશાળા) ગયેલા. ગુરુદેવની સામે ૫૦૦૦ પુસ્તકોનો અવ્યવસ્થિત ઢગલો પડ્યો હતો. તે સમયે જેતપુર સંઘ પણ દર્શનાર્થે આવ્યો હતો. આ બધા પુસ્તકો, આગમો વગેરે ગ્રંથો જેતપુર ભંડારના જ હતા. ભંડારની મૂલ્યવાન મૂડીની આ સ્થિતિ જોઈ ગુરુદેવનું હૃદય કેટલું દુઃખ અનુભવી રહ્યું હશે ? પણ ખામોશ ! જેતપુર સંઘને એકપણ શબ્દ ન કહ્યો. આ મહાપુરુષની અજબની સહનશક્તિનો અનુભવ અમોએ કરેલો. નાના શિષ્યથી લઈ મોટા લોકો સુધી સૌની ભૂલ ખામોશ થઈને પી જતા હતા.

## ઉદારતા અને સમતા ગુરુવરને વરીઃ-

ગુરુજી પોતાની પોથીમાં 'રામરાસ' નામનું એક નાનું પુસ્તક રાખતા હતા. જેના પાનાઓ ઉપર ઝીણા બારીક અક્ષરોથી નોંધ પણ કરેલી હતી. આ પુસ્તક કોઈને આપતા નહિ. એકવાર અમો ગુરુદર્શને ગયેલા અને ચોમાસાના દિવસો ચાલતાં હતા. અમોએ ગુરુને વિનંતિ કરેલી કે ગુરુદેવ ! રામરાસની ચોપડી અમોને એકવાર જોવા આપશો ? પ્રથમ તો ગુરુરાજે ના પાડી. તમારાથી આ ચોપડી નહિ સચવાય ! આમ કહ્યા છતાં પણ અમારી પ્રબળ ઈચ્છા જોઈને ગુરુજીએ એક દિવસ માટે જોવા આપેલી. રતનની જેમ પુસ્તકનું જતન કરતાં અમો ઉપાશ્રયે આવ્યા. તુરત જ પ્રવચનમાં જવાનું હતું જેથી ઉતાવળથી પુસ્તક પાટ ઉપર જ રહી ગયું. માણસ તાળું લગાવી ચાલ્યો ગયો. ખબર નહિ, ક્યારેય ન આવનાર એક કૂતરું સીફતથી અંદર રહી ગયેલું. તેણે બહાર નીકળવા ઘણાં પ્રયત્નો કર્યા, માર્ગ ન મળતાં અંતે આ પુસ્તક જ તેના હાથમાં આવી ગયું અને તેના પાનેપાના ફાડી નાખ્યાં.

બીજી બાજુ બા.બ્ર. શ્રી પ્રભાબાઈ મ. ની કાશ્મીરી ધાબળી(સાલ) ના પણ ટુકડે ટુકડા કરી નાખ્યાં અને કૂતરું પાટ પર નિરાંતે સૂઈ ગયું. ઉપાશ્રયે ગુરુદેવે ફરમાવ્યું કે સતીજી ! પેલું પુસ્તક જરૂર સાચવજો.

અમો ઉપાશ્રયે આવ્યા અને રામરાસની આ સ્થિતિ જોઈ અમારું હૃદય થીજી ગયું. હવે ગુરુજીને શું મોઢું દેખાડશું ? છતાં હિંમત કરી પૂ. પ્રભાબાઈ મહાસતીજી પુસ્તક લઈ ગુરુદેવ પાસે આવ્યા, ગુરુદેવને વાત કહી : પરંતુ ગુરુભગવંતે હસતે મુખે કહ્યું : સતીજી પુસ્તક અહીં મુકી દો. અમો જ તેને વ્યવસ્થિત કરી લેશું. આ હતી ગુરુરાજની સહનશીલતા અને ઉદારતા.

## જૈન ઈતિહાસનું સુવર્ણપૃષ્ઠ :-

સમય કાચની ઘડીમાં સરતી રેતીની જેમ સર-સર સરવા લાગ્યો. અંતિમ ચાતુર્માસનો સમય બગસરામાં પસાર કરવાનો હતો. ગુરુજીના પદાર્પણની સાથે દાન,

શીલ, તપ અને ભાવમાં ગજબની ભરતી આવી રહી હતી. સૌના અંતરના ઊંડાણમાં ગુરુદેવના અંતિમ દર્શનનો સંકેત કેમ જાણે પહોંચી ગયો હોય તેમ દેશ-દેશાંતરથી માનવ મહેરામણ ઉભરાયો. મહારથીઓના આવાગમનથી પુસ્તકાલયો, જ્ઞાનભંડારો અને જૈનશાળાઓ દાનવડે અને જ્ઞાનવડે સદ્ધર અને સુરક્ષિત બની ગઈ. ભાવિની ઉજ્વળતા જ્વલંત બની. બારે મેઘ ખાંગા થાય તેમ બગસરામાં ધર્મની હેલી ચઢી. વિશ્વવિક્રમી નોંધપાત્ર સાધના, આરાધના, પ્રભાવના અને સંઘ જમણોએ બગસરા ચાતુર્માસ જૈન ઈતિહાસનું સુવર્ણપૃષ્ઠ બની ગયું.

## અપૂર્વ ધૈર્ય અને ગૂઢ મૌન :–

જ્યારે દીવાળી વ્યતીત થઈ અને નવા વર્ષનો પ્રારંભ થયો ત્યારે નવા વર્ષના ઉદ્‌બોધનમાં તેઓશ્રીના મુખમાંથી સહેજે શબ્દો સરી પડ્યા કે...આજની દીવાળી ઉજવતો મનુષ્ય આવતી દીવાળીએ હાજર હશે કે કેમ એ વિચારવાનું છે ? તેમના શ્રીમુખેથી વારંવાર દેહ અને આત્માની ભિન્નતાના, આત્માની અજર-અમરતાના શબ્દો નીકળતા હતા. આ દેહ રહે કે વિલય પામે તેના માટે કોઈપણ પ્રકારે હર્ષ કે શોક પામવા જેવું નથી. આવા પ્રકારના શબ્દો તેમના ભાવિનો ઈશારો હતો. દિનપ્રતિદિન પૂ. ગુરુજીના મુખપર શાંતિ, ક્રાંતિ, સ્થિરતા, ગંભીરતા અને નિરંતર અંતર્મુખતાની વૃદ્ધિ પ્રતીત થતી હતી.

અનંતકાળના અનંત પ્રવાહમાં વિ.સં. ૨૦૧૩ માગસર વદી ૧૩ ને શનિવારને આવતા વાર શું ? રાત્રિનો સમય શાતા-અશાતા વચ્ચે પસાર થયો. સવારે સાડાસાત વાગ્યે પૂજ્ય ગુરુજીએ સંસારની માયા સંકેલી સમાધિપૂર્વક મહાપ્રયાણ કર્યું.

વાચકો–ગુરુજીના જીવનને વાંચીને તેમાંથી સેવા, એકતા, ઉદારતા અને શ્રુતસેવાના પાઠો શીખો એજ શુભ ભાવના.

**ગુણિયલ હૃદયના પ્રાણ સમા, પ્રાણને કોટીકોટી વંદના.**
**અમ પ્રાણના ઓ પ્રાણ ! અમ ભાવ પ્રાણને પ્રગટાવજો–**

પૂર્વભારતના ઉગ્રવિહારી
બા. બ્ર. શ્રી જયાબાઈ મહાસતીજી
દેવલાલી(મહારાષ્ટ્ર)

# સૌરાષ્ટ્ર કેસરી, મુનિપુંગવ
# પૂ. ગુરુદેવ શ્રી પ્રાણલાલજી મ.સા.
# જીવન દર્શન

| | |
|---|---|
| **શુભ નામ** | પ્રાણલાલભાઈ. |
| **જન્મભૂમિ** | વેરાવળ. |
| **પિતા** | શ્રીમાન શ્રી કેશવજીભાઈ મીઠાશા. |
| **માતા** | સંસ્કાર સંપન્ના કુંવરબાઈ. |
| **જ્ઞાતિ** | વીસા ઓસવાળ. |
| **જન્મદિન** | વિ. સં. ૧૯૫૪, શ્રાવણ વદ પાંચમ, સોમવાર. |
| **ભ્રાતૃ–ભગિની** | ચાર ભાઈ, ત્રણ બહેનો. |
| **વૈરાગ્ય બીજારોપણ** | બે વર્ષની બાલ્યવયે. |
| **વૈરાગ્ય ભાવ–પ્રગટીકરણ** | ૧૩ વર્ષની કુમાર અવસ્થામાં. |
| **સંયમ સ્વીકાર** | ૨૧ માં વર્ષે વિ. સં. ૧૯૭૬ ફાગણ વદ છઠ્ઠ, ગુરુવાર. તા. ૧૩–૩–૧૯૨૦ |
| **દીક્ષા ભૂમિ** | બગસરા–દરબાર વાજસુરવાળાના ઉદ્યાનમાં વટવૃક્ષ નીચે. |
| **ગચ્છ પરંપરા** | ગોંડલ ગચ્છ. |
| **સંયમદાતા** | મહાતપસ્વી પૂ. જયચંદ્રજી મ.સા. |
| **શિક્ષા દાતા** | પરમ શ્રદ્ધેય તપસ્વી માણેકચંદ્રજી મ. સા. |
| **ધાર્મિક અભ્યાસ** | આગમજ્ઞાન, તત્ત્વજ્ઞાન, કથા સાહિત્ય, રાસ સાહિત્ય, વ્યાકરણ, મહાકાવ્યો, કર્મસાહિત્ય, જૈનેતર ગ્રંથોનું વિશાળ અવલોકન, દર્શન શાસ્ત્રના તજજ્ઞ. |
| **સંઘ નેતૃત્વ** | ત્રણ વર્ષની દીક્ષા પર્યાયે તપસ્વી પૂ. માણેકચંદ્રજી મ. સા. ના સંથારાના સમયથી. |
| **સેવા શુશ્રૂષા** | વડીલ સાત ગુરુભ્રાતા અને અનેક સંતોની સેવા કરી. |

| | |
|---|---|
| **સમાજોત્કર્ષ** | ચતુર્વિધ સંઘ સમાધિ માટે તારવેલા ત્રણ સિદ્ધાંત (૧) લોકોના પરોપકાર માટે દાનધર્મની પ્રધાનતા (૨) અ ખંડન વાદ (૩)નીતિ અને પ્રામાણિકતાનું આંદોલન, જૈન–જૈનેતરો (કાઠી, દરબાર, આહિર)ને સપ્ત વ્યસનથી મુક્તિ, અનેક સ્થાને સાધર્મિક રાહત યોજના. |
| **જ્ઞાન પ્રસાર** | રાજકોટ, ગોંડલ, જેતપુર, ધોરાજી, વડિયા, વેરાવળ, પોરબંદર, માંગરોળ, જામનગર, ભાવનગર વગેરે અનેક સ્થાને જ્ઞાન ભંડાર, વિદ્યાલયની સ્થાપના અને જીર્ણોધ્ધાર. |
| **દેહ વૈભવ** | લાવણ્યમયી મુદ્રા, સૂર્ય સમ તેજસ્વી મુખ, ચંદ્રસમી શાંત આભા, વિશાળ ભાલ, નૂરભર્યા નયનો, ઘૂઘરાળા કેશ, વીણા જેવો સુમધુર કંઠ અને સિંહ જેવી ગર્જના. |
| **આભ્યંતર વૈભવ** | વિનય સંપન્નતા, વિવેક, સાદાઈ, પ્રેમ, વૈરાગ્ય, સેવા, પ્રવચન–પટુતા, ગુરુચરણ સેવા, દીર્ઘ દષ્ટિ, ત્યાગમસ્તી. |
| **વિહાર ક્ષેત્ર** | સૌરાષ્ટ્ર, ગુજરાત. |
| **ગોંડલ ગચ્છ સંમેલન** | વિ. સં. ૨૦૦૭માં ગચ્છ ઐક્યતા માટે મહત્ત્વનું યોગદાન. |
| **ઉપનામ** | પંજાબ કેસરી કાશીરામજી મ. સા. દ્વારા પ્રદત્ત **'સૌરાષ્ટ્ર કેસરી'** |
| **સ્વહસ્તે દીક્ષિત પરિવાર** | ચાર સંત– તપોધની પૂ. રતિલાલજી મ. સા., અનશન આરાધક તપસ્વી પૂ. જગજીવનજી મ. સા., પૂ. નાના રતિલાલજી મ. સા., પરમ દાર્શનિક પૂ. જયંતમુનિજી મ. સા., પૂ. મોટા પ્રભાબાઈ મ. આદિ ૧૫ સતીજી. |
| **અંતિમ ચાતુર્માસ** | બગસરા. |
| **દેહ વિલય** | વિ. સં. ૨૦૧૩ માગસર વદ તેરસ, શનિવાર પ્રાતઃ ૭–૩૦ કલાકે ઈ. સ. ૨૯–૧૨–૧૯૫૬. |
| **અંતિમ વિધિ** | સાતલડી નદીના કિનારે (બગસરા) |
| **શિષ્ય પરિવાર** | વર્તમાને ૧૧૮ સંત–સતિજીઓ 'પ્રાણ પરિવાર' ના નામે સમગ્ર ભારતમાં પ્રસિદ્ધ છે. |

# તપસમ્રાટ પૂ. ગુરુદેવ શ્રી રતિલાલજી મ.સા. નું
# જીવન દર્શન

| | |
|---|---|
| **શુભ નામ** | રતિલાલભાઈ |
| **જન્મસ્થાન** | પરબવાવડી (સૌરાષ્ટ્ર) |
| **જન્મદિન** | આસોવદ અમાસ વિ. સં. ૧૯૬૯ |
| **પિતા** | શ્રીમાન માધવજીભાઈ રૈયાણી |
| **માતા** | સદાચાર સંપન્ના જમકુબાઈ |
| **વૈરાગ્ય ભાવ** | ૧૭ મા વર્ષે |
| **દીક્ષા** | ફાગણ વદ પાંચમ, ગુરુવાર વિ. સં. ૧૯૮૯–જૂનાગઢ |
| **ગુરુદેવ** | સૌરાષ્ટ્ર કેસરી પૂ. પ્રાણલાલજી મ.સા. |
| **ગચ્છ પરંપરા** | ગોંડલ ગચ્છ. |
| **અભ્યાસ યોગ** | વ્યાવહારિક– પાંચ ધોરણ, ધાર્મિક– ૧૯ આગમ કંઠસ્થ, શ્વેતામ્બર–દિગંબર સાહિત્ય, કાર્મગ્રંથિક સાહિત્ય, દાર્શનિક સાહિત્ય, વ્યાકરણ સાહિત્ય |
| **સાધના યોગ** | રાત્રિ–દિવસ નિરંતર જાગૃતદશાએ આત્મસાધના અલ્પનિદ્રા. |
| **સેવાયોગ** | વડીલ વૃદ્ધ ૯ સંતોની સેવા કરી. |
| **તપયોગ** | ૧૯ વર્ષ એકાંતર ઉપવાસ, ૯૯૯ આયંબિલ તપ(સાગાર), ૧૯ વર્ષ પાણીનો ત્યાગ, ૯ વર્ષ મકાઈ સિવાય શેષ અનાજ ત્યાગ. |

| | |
|---|---|
| **મૌનયોગ** | દીક્ષા પછી ૯ વર્ષ એકાંત મૌન સાધના. ઈ. સ. ૧૯૯૨ નવેમ્બરથી આજીવન મૌન આરાધના. |
| **પુણ્ય પ્રભાવ** | ગુરુદેવના પુણ્ય પ્રભાવે અનેક આત્માઓએ માસખમણ આદિ નાની મોટી તપશ્ચર્યાઓ તથા હજારોની સંખ્યામાં વર્ષીતપની આરાધના કરી છે. તેમજ દાન, શીલ અને ભાવની વૃદ્ધિ થઈ છે. |
| **વિહાર ક્ષેત્ર** | ગુજરાત, મહારાષ્ટ્ર, મધ્યપ્રદેશ, ઓરિસ્સા, બિહાર, બંગાળ |
| **જ્ઞાન અનુમોદન** | શ્રમણી વિદ્યાપીઠના પ્રેરક બની ૩૦ શિષ્યાઓ અને ૩૦ વૈરાગી બહેનોને અભ્યાસાર્થે રહેવાની આજ્ઞા આપી. ત્રણ સામૂહિક ચાતુર્માસ કરાવી શાસ્ત્રવાચના કરાવી. |
| **દીક્ષા પ્રદાનસંખ્યા** | ૧૪૫ મુમુક્ષુઓને અણગાર બનાવ્યા. |
| **આચરિત સૂત્રો** | જતું કરવું, ગમ ખાવો, વાદ–વિવાદ કે દલીલ ન કરવા, જે થાય તે સારા માટે, કોઈ પણ જીવની ટીકા કે નિંદા ન કરવી. |
| **જીવંત ગુણો** | વિશાળતા, ઉદારતા, માધ્યસ્થતા, સહિષ્ણુતા, ભદ્રિકતા, સમાધાન વૃત્તિ, જ્ઞાનરુચિ. |
| **અનશન પ્રત્યાખ્યાન** | ઈ. સ. ૧૯૯૨ રાજકોટમાં પૂ. ભાગ્યવંતાબાઈ મ. ને ૫૯ દિવસની અનશન આરાધના કરાવી. |
| **અંતિમ ચાતુર્માસ** | રાજકોટ, શ્રી રોયલપાર્ક સ્થાનકવાસી જૈન મોટા સંઘ સંચાલિત ઓમાનવાળા ઉપાશ્રય.(૧૯૯૭) |
| **મહાપ્રયાણ** | રાજકોટ, તા. ૮–૨–૧૯૯૮ મહા સુદ ૧૧ા રવિવાર મધ્યાહ્ન કાળે ૧.૩૫ કલાકે. |
| **અંતિમ દર્શન તથા પાલખી** | શ્રી રોયલ પાર્ક સ્થાનકવાસી જૈન મોટા સંઘ, રાજકોટ. |
| **અંતિમક્રિયા સ્થાન** | 'તપસમ્રાટ તીર્થધામ', રાજકોટ–અમદાવાદ હાઈ–વે, સાત હનુમાન સામે, રાજકોટ. |

# પુનઃ પ્રકાશનના બે બોલ

(બીજી આવૃત્તિ)

તીર્થંકર ભગવાનના અમૃતસમા વચનોને 'આગમ' રૂપે ગણધર ભગવંતોએ ઝીલીને શિષ્ય પરંપરાને અર્પણ કર્યાઅને આપણને અમૃત વચનો પ્રાપ્ત થયા.

**તીર્થંકર ભગવાને અનંતજ્ઞાનને શ્રીમુખેથી પ્રગટકરી મહા ઉપકાર કર્યો...**

**ગણધર ભગવંતોએ આગમજ્ઞાનને હૃદયસ્થ કરી મહા ઉપકાર કર્યો...**

**શિષ્ય પરંપરાએ આગમ જ્ઞાનને કંઠસ્થ કરી મહા ઉપકાર કર્યો...**

**દેવર્દ્ધિગણિ ક્ષમાશ્રમણે આગમજ્ઞાનને ગ્રંથસ્થ કરી મહા ઉપકાર કર્યો...**

ગ્રંથસ્થ આગમોને અનેક આચાર્યોએ સમયાનુસાર લોકભોગ્ય ભાષાશૈલીમાં અનુવાદ કરીને સર્વજન સહજ બનાવ્યા. આ જ પરંપરામાં **સૌરાષ્ટ્રકેસરી પૂ. ગુરુદેવ શ્રી પ્રાણલાલજી મ. સા.** ની જન્મશતાબ્દી અવસરે તેમના જ પરિવારના મહાસતીજીઓએ ગુજરાતીમાં અનુવાદ કરીને જૈન સમાજની જ્ઞાન સાધનાને આગમિક બનાવવામાં બહુમૂલો ફાળો આપ્યો છે. આ મહા કાર્યમાં અપૂર્વ શ્રુત આરાધિકા પ્રધાન સંપાદિકા **ભાવયોગિની શ્રી લીલમબાઈ મ.** અને સહ સંપાદિકા **શ્રી આરતીબાઈ મ., શ્રી સુબોધિકાબાઈ મ.** ના સહયોગ મળ્યો છે.

આ આગમ બત્રીસીની પ્રથમ આવૃત્તિને ગુજરાતના દરેક સંપ્રદાયના સાધુ-સાધ્વી, શ્રાવક-શ્રાવિકાઓનો બહોળો પ્રતિસાદ મળતા ટૂંક સમયમાં ૧૦૦૦ આગમ ગ્રંથો અનુપલબ્ધ થઈ ગયા અને પુનઃ પ્રકાશનની આવશ્યકતા ઉભી થઈ.

અહીં એક ખાસ ઉલ્લેખ કરવાનો કે જ્યારે પ્રથમવાર આગમ પ્રકાશનની તૈયારી ચાલતી હતી ત્યારે જ તપસમ્રાટ **પૂ. ગુરુદેવ શ્રી રતિલાલજી મ. સા.** એ શાસન પ્રભાવક પૂ. શ્રી નમ્રમુનિ મ. સા. પર કૃપાદૃષ્ટિ વરસાવી. તેમણે પાટીમાં લખી આપ્યું કે **નમ્રમુનિ આગમ પ્રકાશનનું કાર્ય સંભાળશે.**

પૂ. ગુરુદેવની દીર્ઘદષ્ટિ અને કૃપાદષ્ટિને અનુભવતા પૂ. ગુરુદેવ શ્રી નમ્રમુનિ મ. સા. એ અમોને આજ્ઞા આપી કે આપણે આગમ ગ્રંથો પ્રકાશનની બીજી આવૃતિ 'પારસધામ' ના ઉપક્રમે પ્રગટ કરવી છે.

પૂ. ગુરુદેવ શ્રી નમ્રમુનિ મ. સા. ની આજ્ઞાને શિરોધાર્ય કરીને પારસધામ - ઘાટકોપરના ઉપક્રમે ગુરુપ્રાણ આગમ બત્રીસીને પુનઃ પ્રગટ કરતા આનંદ અનુભવીએ છીએ.

અમારા આ અણમોલ કાર્યમાં અમને શ્રી ગિરીશભાઈ શાહ (હેમાણી)-U.S.A. તથા શ્રી જિતેનભાઈ શાહ (કલકત્તા) નો અનન્ય સહકાર મળ્યો, જેના કારણે અમારું કાર્ય સરળ બન્યું છે. અમારા આ કોમપ્યુટર કાર્યમાં શ્રી અમીનભાઈ આઝાદ તથા સ્નેહા અમીત દર્જીનો પણ સહકાર પ્રાપ્ત થયો છે. તેવી જ રીતે ઉદારદિલા દાતાશ્રીઓ એ પણ અમને સહયોગ આપીને અમારું કાર્ય વેગવાન બનાવેલ છે.

અમે તે સર્વના આભારી છીએ.

અંતમાં આગમ પ્રકાશન આપણા સહુના આત્માને અનંતજ્ઞાન પ્રાગટ્યમાં સહયોગી બને એ જ ભાવના.

શ્રી ગુરુપ્રાણ પ્રકાશન

PARASDHAM

વલ્લભબાગ લેન, તિલક રોડ, ઘાટકોપર(ઈસ્ટ), મુંબઈ - ૪૦૦૦૭૭

ફોન - ૩૨૦૪ ૩૨૩૨.

# પૂર્વ પ્રકાશકના બે બોલ

(પહેલી આવૃત્તિ)

અનંત તીર્થંકર સહ પ્રભુ મહાવીરના અનંત જ્ઞાનની અમૂલ્ય નિધિ છે આપણા આગમગ્રંથો. જેના માધ્યમથી જ જિનશાસન જયવંતું રહ્યું છે, રહે છે અને રહેશે. તેને જીવંત રાખવા અને જન જનનાં મન સુધી પહોંચાડવા તે પ્રત્યેક જૈન નામ ધરાવતી વ્યક્તિની પવિત્ર ફરજ છે. આ પવિત્ર ફરજને જ ધર્મ સમજીને જે તેનું આચરણ કરે છે અને પોતાનાં તન–મન અને ધનને તે કાર્યમાં સમર્પિત કરે છે, તેનું મનુષ્ય જીવન સફળ થાય છે. એટલું જ નહીં પરંતુ તે સાધક જિનશાસનની પ્રભાવનાનો અમૂલ્ય લાભ પ્રાપ્ત કરે છે.

આવો જ અપૂર્વ લાભ પ્રાપ્ત કરવા આપણા ગુજરાતી સમાજને માટે આગમોના મૂળ પાઠ તથા સરળ ગુજરાતી અનુવાદ વિવેચન સહિત પ્રકાશન કરવા માટે પૂ. મુક્ત લીલમ પરિવારને એક ચિંતનધારા જૂનાગઢની પુણ્યભૂમિ પર સ્પર્શી અને જેને રાજાણા નગરી રાજકોટમાં રોયલપાર્ક ઉપાશ્રયમાં સાકાર સ્વરૂપ મળ્યું.

આપણા સૌના પરમ ઉપકારી ગોંડલ ગચ્છાધિપતિ, નિદ્રા વિજેતા, એકાવતારી, યુગપુરુષ પૂ. શ્રી ડુંગરસિંહજી મ. સા.ની પાટ પરંપરાએ પૂ. શ્રી જય–માણેકના લાડીલા શિષ્યરત્ન સૌરાષ્ટ્ર કેસરી પૂ. શ્રી પ્રાણલાલજી મ. સા.ની જન્મ શતાબ્દી નિમિત્તે આ વિરાટ આયોજન કર્યું. પૂ. મહાસતીજીઓએ પોતાની ચિંતનધારાને પૂજ્ય ગુરુવર્યોની સમક્ષ પ્રગટ કરી. સહુના હર્ષોલ્લાસ અને આશીર્વાદ સાથે સ્વીકૃતિના સમાચાર પ્રાપ્ત થયા. રોયલપાર્ક સ્થા. જૈન મોટા સંઘની નિશ્રામાં અમે તુરંત સમિતિ રચવાની જાહેરાત કરી.

રાજકોટ પ્રાણ પરિવારના સામૂહિક ચાતુર્માસ દરમ્યાન જન્મ શતાબ્દી વર્ષ નિમિત્તે વિ. સં. ૨૦૫૩ સન્ ૧૯૯૭ માં "પૂ. પ્રાણગુરુ શતાબ્દી પ્રકાશન સમિતિ રાજકોટ"ની સ્થાપના થઈ. ત્યાર પછી તપસમ્રાટ શ્રી રતિલાલજી મ. સા., ગુજરાત કેસરી પૂ. શ્રી ગિરીશચંદ્રજી મ. સા. ઠા. પાંચ તથા પ્રાણ પરિવારના ૭૩ સાધ્વીજીઓના પાવન સાંનિધ્યમાં જન્મ શતાબ્દીના પ્રથમ ચરણની તપ–જપ, સાધના સાથે ભવ્ય રીતે ઉજવણી કરવામાં આવી.

શ્રી ગુરુ પ્રાણ ફાઉન્ડેશન ટ્રસ્ટ દ્વારા ૩૨ આગમો અને પ્રાણગુરુ સ્મૃતિ ગ્રંથનું પ્રકાશન કરવાનું નિશ્ચિત થયું. આગમોનું લેખન કાર્ય પ્રાણ પરિવારના સતીવૃંદે સહર્ષ સ્વીકારી લીધું. આ રીતે સર્વ સમવાયનો સુયોગ થતાં કાર્યનો પ્રારંભ વેગવંત થયો અને બત્રીસ આગમો ક્રમશઃ ગુજરાતી ભાષામાં અનુવાદિત થયા.

આ પ્રકાશનના અણમોલ અવસરે આશીર્વાદ વરસાવી સહર્ષ સ્વીકૃતિ આપનાર તપ સમ્રાટ ગુરુદેવ **પૂ. શ્રી રતિલાલજી મ. સા.** તથા દરેક આગમના રહસ્યોને પ્રગટ કરતો, તત્ત્વોનું વાસ્તવિક દર્શન કરાવતો, આશીષ વરસાવતો અમારા ઉત્સાહને વધારતો અભિગમ પ્રેષિત કરનારા ગોંડલ ગચ્છના સંત શિરોમણિ પરમ દાર્શનિક **પૂ. શ્રી જયંતીલાલજી મ. સા.**, અમ માર્ગદર્શક ગુજરાત કેસરી **પૂ. શ્રી ગિરીશચંદ્રજી મ. સા.**, તથા આગમ દિવાકર **પૂ. શ્રી જનક મુનિજી મ. સા.** નીડર વક્તા **પૂ. શ્રી જગદીશમુનિજી મ. સા.** આદિ મુનિ ભગવંતો તથા આગમને સુવ્યવસ્થિત સ્વરૂપ આપનાર, અથાગ પરિશ્રમ સહિત નિઃસ્વાર્થ ભાવે સંપૂર્ણ સહયોગ આપનાર આગમ મનીષી **પૂ. શ્રી ત્રિલોકમુનિજી મ. સા.** ના પણ અમો ઋણી છીએ.

વાત્સલ્ય વરિષ્ઠા પૂજયવરા **પૂ. મુકતાબાઈ મ.**, પ્રધાન સંપાદિકા અપૂર્વશ્રુત આરાધક **પૂ. લીલમબાઈ મ.**, અમ પ્રકાશન કાર્યના ઉદ્‌ભાવિકા, ઉત્સાહધરા **પૂ. ઉષાબાઈ મ.**, સહ સંપદિકા **ડો. પૂ. શ્રી આરતીબાઈ મ.** તથા **પૂ. સુબોધિકાબાઈ મ.** અને પ્રાણ પરિવારના અનુવાદિકા સર્વ મહાસતીજીઓના અમે ઋણી છીએ.

શ્રુતાધાર સહયોગીઓ, અમ આગમ પ્રકાશનમાં નિષ્ઠાથી સેવા આપનાર શ્રી મુકુંદભાઈ પારેખ, શ્રી મણિભાઈ શાહ, શ્રી નવનીતભાઈ – તરૂબેન, કુમારી ભાનુબેન, શ્રી જયવંતભાઈ શાહ તથા આગમને કોમ્પ્યુટરાઈઝડ્ કરી મુદ્રણ કરી આપનાર ભાઈ શ્રી નેહલ હસમુખભાઈ મહેતાના અમો આભારી છીએ.

આગમ પ્રકાશન કાર્યમાં શુદ્ધિકરણનું ખૂબ જ ધ્યાન રાખવામાં આવ્યું છે. છતાં ક્યાં ય અશુદ્ધિ રહી ગઈ હોય તો શુદ્ધ વાંચી તે તરફ અમારું ધ્યાન દોરવા નમ્ર વિનંતી છે.

અંતમાં સૌના સહિયારા પુરુષાર્થ બદલ શ્રી ગુરુપ્રાણ ફાઉન્ડેશન સદાને માટે સૌના કૃતજ્ઞ બની રહેશે.

જય જિનેન્દ્ર

શ્રી ગુરુપ્રાણ ફાઉન્ડેશન – ટ્રસ્ટી મંડળ


| | |
|---|---|
| શ્રી ચંદ્રકાંત માણેકચંદ શેઠ (પ્રમુખ) | શ્રી રમણીકલાલ નાગરદાસ શાહ (ચેરમેન) |
| શ્રી અશ્વિનભાઈ કુંભાણી (ટ્રેઝરર) | શ્રી ટી. આર. દોશી (ઉપપ્રમુખ) |
| શ્રી કે. પી. શાહ (ટ્રસ્ટી) | શ્રી કીરીટભાઈ શાહ (ટ્રસ્ટી) |

# અભિગમ

ગોંડલ ગચ્છ શિરોમણી પરમ દાર્શનિક
પૂ. શ્રી જયંતમુનિ મ.સા.

**પ્રતિક્રમણ એટલે શું ?**

આજે આપણે પ્રતિક્રમણ વિષે ઊંડો વિચાર કરતા પહેલા હર્ષની અભિવ્યક્તિ કરીએ કે 'પ્રાણ આગમ પ્રકાશન' આગમ સાગરને તરીને બત્રીસમાં 'આવશ્યક સૂત્ર'રૂપ શાસ્ત્રના કિનારે પહોંચી રહ્યું છે. આપણું આ વહાણ વિજયધ્વજ સાથે કિનારા પર અટકશે અને બત્રીસ અનુવાદિત શાસ્ત્રરૂપ ખજાનાની પેટીઓ જ્યારે કિનારે ઉતરશે ત્યારે લાખો લાખો માણસોની અંતરમનની ભાવના રૂપી દિશાકુમારીઓ અભિનવ સ્વાગત કરશે અને સ્વાગત ગીતની મધુર સ્વર લહરીઓ જ્યારે નંદીઘોષ કરશે ત્યારે હર્ષના વાદળાઓ છવાઈને અમૃતવર્ષા થાશે, તેમાં જરાકપણ શક નથી.

પ્રતિક્રમણસૂત્ર છેલ્લું રાખવામાં આવ્યું છે, તે પણ વિચારણીય છે. અત્યાર સુધી પ્રતિક્રમણ શબ્દનો અર્થ પાપથી પાછા વળો, એવો કરવામાં આવે છે, પરંતુ તે અર્થ મનનીય છે. પાછુ વળવા માટે **પ્રતિ** ની સાથે **આ** જોડાય અર્થાત **પ્રતિ** અને **આ** બન્ને ઉપસર્ગો સંયુક્ત થાય અને **પ્રત્યા** બને, ત્યારે પુનરાવર્તનની વાત આવે છે. જેમકે **ગમન** અને **પ્રત્યાગમન**, **કથન** અને **પ્રત્યાકથન**, **હાર** અને **પ્રત્યાહાર** આ રીતે વિપરીત દિશાની ક્રિયા માટે અથવા ક્રિયાની પ્રતિક્રિયા માટે **આ** ઉપસર્ગ જરૂરી થઈજાય છે. જો કે અહીં **પ્રતિ** ઉપસર્ગ દિશા સૂચન કરે છે, લક્ષ નિર્ધારિત કરે છે, ગમ્ય સ્થાનને ઈંગિત કરે છે અથવા વક્તાની એક નિર્દિષ્ટ ભાવનાના અંતિમબિંદુ સુધી પહોંચવાની ક્રિયાને સૂચિત કરે છે. અંગ્રજીમાં પ્રતિનો અર્થ To થાય છે. જેમ કે– પ્રતિગમન એટલે To go થાય છે. આમ **પ્રતિ** એ આગળના સાધ્યબિંદુ ઉપર લઈ જવા માટે પ્રેરિત કરે છે. ક્રમણનો અર્થ પગલા ભરવા, આગળ વધવું, જવાની તૈયારી કરવી, એક પ્રકારે જે સ્થાનમાં છે, ત્યાંથી વિદાય લઈ અન્ય સ્થાનમાં કે અન્યભાવમાં રમણ કરવા માટે, તે સ્થાન કે તે ભાવને સ્પર્શ કરવા માટે પગ ઉપાડવો તે ક્રમણનો અર્થ છે. **પ્રતિ** તે જૈનદર્શનનું જે આધ્યાત્મિક શુદ્ધ સ્વરૂપ છે અથવા મોક્ષભાવ છે. તેને સૂચિત કરે છે. **પ્રતિ** અને **ક્રમણ** આખા શબ્દનો અર્થ થયો કે શુદ્ધ ભાવ માટે પગલા ભરવા, લક્ષને પ્રાપ્ત કરવા માટે ભાવાત્મક કે ગુણાત્મક ક્રિયા કરવી, તેવો અર્થ થાય છે. To go, To pure spirite અર્થાત્ શુદ્ધ આત્મા પ્રત્યે કે નિર્મળ ચૈતન્ય પ્રત્યે ક્રમણ કરવું-જવું અથવા સંચરણ

કરવું.

જો કે પ્રતિક્રમણના બધા પાઠોમાં ઘણી માફી માંગવામાં આવે છે. દોષો પ્રત્યે **तस्स मिच्छामि दुक्कडं** કરવામાં આવે છે. પરંતુ તે પ્રતિક્રમણ નથી, પ્રતિક્રમણથી પૂર્વેની ક્રિયા છે. પ્રતિક્રમણ કરવા માટે આ પૂર્વની ક્રિયા કરવી જરૂરી છે. જેમ કોઈ કાષ્ટકાર જંગલમાં કાષ્ટ લેવા જાય, ત્યારે કાષ્ટ લેતા પહેલા અનુમતિ લેવી જરૂરી છે, તેવી રીતે કોઈપણ સારા કામ માટે પૂર્વ ક્રિયાઓ નિર્ધારિત હોય છે. લગ્ન પૂર્વે લગ્ન માટેની બધી પૂર્વ ક્રિયાઓ કરી લેવી ઘટે છે. તે જ રીતે પ્રતિક્રમણ કરવા માટે, પૂર્વમાં બધા જીવો સાથે ખમતખામણા કરી, દોષોની માફી માંગી લેવી જરૂરી છે પરંતુ કાળ-ક્રમમાં આ પ્રતિક્રમણ શબ્દ પૂર્વની ક્રિયા માટે રૂઢ બની ગયો અને પ્રતિક્રમણનો મૂળ લક્ષાર્થ ભૂલાઈ ગયો તેમજ સામાન્ય વ્યાકરણના અજાણ વ્યક્તિઓએ પાછા વળવું એવો અર્થ સ્થાપિત કર્યો, તેથી પ્રતિક્રમણનું લક્ષ ભૂલાઈ ગયું. ખરું પૂછો તો ! સાચું પ્રતિક્રમણ જ ભૂલાઈ ગયું, પૂર્વની ક્રિયા કરી, પ્રતિક્રમણની ઈતિશ્રી કરવામાં આવે છે. પ્રતિક્રમણનો આવો રૂડો અર્થ, રૂઢિ અર્થમાં દબાઈ ગયો છે. વસ્તુતઃ પ્રતિક્રમણ એ અંતિમ લક્ષ હોવાથી, શાસ્ત્રકારોએ આવશ્યક સૂત્રને, અંતિમ શાસ્ત્ર તરીકે પ્રસ્તુત કર્યું હશે, તેમ કહેવું તર્ક સંગત લાગે છે. જેમ તત્ત્વાર્થ સૂત્રમાં કે મોક્ષશાસ્ત્રમાં મોક્ષનો નવમો અધ્યાય અંતિમ રાખવામાં આવ્યો છે. વેદના ક્રિયાકાંડો પછી અંતે વેદાંત મૂકવામાં આવ્યું છે કે જે અધ્યાત્મભાવોથી ભરપૂર છે. મહાન તત્ત્વવેતા કુંદકુંદ સ્વામીએ સમયસારમાં અખંડ દ્રવ્ય શુદ્ધ આત્મભાવને અંતિમ અધ્યાયમાં ઉપદિષ્ટ કર્યો છે. આ વાત તર્ક સંગત પણ છે કે બધો કચરો સાફ કર્યા પછી જ શુદ્ધ તત્ત્વને પામી શકાય છે. ચોખાની ખેતી કરનાર ખેડૂત ઉપજ લણ્યા પછી કમોદના ફોતરા ઉડાડે અને ત્યાર પછી શુદ્ધ ચોખા પ્રાપ્ત કરે છે. દહીંમાં રહેલું માખણ-વલોણું થયા પછી અગ્નિ ઉપર ચડી, કીટું કાઢે, ત્યારે જ શુદ્ધ ઘી રૂપે પ્રગટ થાય છે. તે જ રીતે બધી બાહ્ય આવશ્યક ક્રિયાઓ સંપન્ન થાય પછી આ 'આવશ્યકસૂત્ર' આવશ્યક ક્રિયાઓના અંતે પ્રતિક્રમણ એટલે શુદ્ધ આત્મતત્ત્વ તરફ આગે કૂચ કરવાની પ્રેરણા આપી જાય છે. આમ જુઓ તો નામ પણ 'આવશ્યકસૂત્ર' આપ્યું છે. પૂર્વની ક્રિયાઓ આવશ્યક છે. તે ખાસ વાત પ્રતિફલિત થાય છે અને બધુ જ્ઞાન મેળવ્યા પછી અર્થાત્ એકત્રીસ શાસ્ત્રો વાગોળ્યા પછી જો સાધક આવશ્યક ક્રિયાઓથી વંચિત રહે તો ખરેખર તે પ્રતિક્રમણ કરી શકે નહીં, જ્ઞાનપ્રાપ્તિ પછી 'આવશ્યકસૂત્ર' મુક્તિના તાળાને ખોલવાની કોઈ અનુપમ ચાવી હોય તેવું લાગે છે.

હવે આપણે પ્રતિક્રમણનો જે અર્થ રૂઢ થઈ ગયો છે તેનો સ્વીકાર કરીને પણ વિચારીશું કારણકે તેનો વિચાર પણ કરવો ઘટે છે. ગમે તેવા શક્તિ અર્થવાળા શબ્દો

જ્યારે રૂઢ અર્થવાળા થાય ત્યારે રૂઢ અર્થનો સ્વીકાર કરીને જ વિચાર કરવો ઘટે છે ઉપરમાં આપણે શક્તિઅર્થ વિચારી ગયા હવે આપણે રૂઢાર્થનું ચિંતન કરીએ.

વ્યાકરણની દૃષ્ટિએ રૂઢાર્થનું પણ ઘણું મહત્ત્વ છે વળી આપણા આચાર્યો અને સમગ્ર શ્રાવક સમાજ પ્રતિક્રમણનો જે સામાન્ય અર્થ છે, તેને સ્વીકારીને ચાલી રહ્યા છે, તેથી સ્વાભાવિક રીતે જ તેનું મહત્ત્વ વધી જાય છે. અસ્તુ . . .

પ્રતિક્રમણની ક્રિયા અથવા આવશ્યક ક્રિયાઓ દોષોના નિવારણ માટે છે. અહીં એક બહુજ તાત્ત્વિક સ્પષ્ટતા કરવામાં આવે છે. પાઠક ધ્યાનથી વાંચશે તો અવશ્ય સમજી શકશે.

દોષની ભૂમિકા ચાર છે. આ ચારે ભૂમિકાઓ પ્રસિદ્ધ અને બરાબર પ્રતિક્રમણ વખતે બોલાય છે. (૧) અતિક્રમ, (૨) વ્યતિક્રમ, (૩) અતિચાર, (૪) અનાચાર, આ ચારે દોષોને શાસ્ત્રકારોએ પાંચ ક્રિયામાં પણ પ્રગટ કર્યા છે, જેમકે કાયિકીક્રિયા અને અધિકરણ(હથિયાર)ની ક્રિયા અતિક્રમ અને વ્યતિક્રમ જેવી છે. પ્રાદ્વેષિકી અને પારિતાપનિકી આ બંને ક્રિયા અતિચારમાં અને થોડે અંશે અનાચારમાં પણ સમાવિષ્ટ થાય છે. પ્રાણાતિપાતક્રિયા તે અનાચાર છે. વસ્તુતઃ જીવને અથવા કોઈ પ્રાણીને પ્રહાર ન થાય પરંતુ વચનથી સંતાપ ઉપજે ત્યાં સુધીની બધી ક્રિયાઓ અતિચારમાં ગણાય છે અને પ્રહારની વેદના થયા પછી જીવ મરે ત્યાં સુધી અનાચારનો દોષ થાય છે.

આટલું જણાવ્યા પછી આપણે મૂળ વાત ઉપર આવીએ. જૈનદર્શનમાં દોષ નિવારણ માટે મુખ્ય બે ઉપાય છે. (૧) પ્રતિક્રમણ અને (૨) પ્રાયશ્ચિત્ત, આ બંને ઉપાયો ઉપર શાસ્ત્રોમાં ઠેર ઠેર જુદી જુદી જગ્યાએ પ્રકાશ નાંખવામાં આવ્યો છે અને **पडिक्कमेइ** ઈત્યાદિ શબ્દોનો સંખ્યાબદ્ધ સ્થાને ઉપયોગ કરવામાં આવ્યો છે અને તે જ રીતે સાધુઓના દોષના નિવારણ માટે **पायच्छितं** શબ્દનો પ્રયોગ કરી પ્રાયશ્ચિત્તની ચર્ચા કરી છે.

હવે આપણે આ બંને શબ્દોનું તાત્ત્વિક સંતુલન કરીએ–

પ્રતિક્રમણની ક્રિયા અથવા પ્રતિક્રમણનો ભાવ જે રૂઢાર્થ છે તે રીતે અતિક્રમ વ્યતિક્રમ અને અતિચાર, આ ત્રણે દોષો સુધીનું નિવારણ કરવા માટે પર્યાપ્ત છે. જ્યારે અનાચારનું સેવન થાય તો ફક્ત પ્રતિક્રમણથી જ કરજો ચૂકવાય નહીં, તે માટે દંડ ભોગવવો રહ્યો. અતિચાર સુધીના દોષ તે દોષકર્તાના માનસિક દોષો છે અથવા ક્રિયાત્મક ગુપ્ત દોષો છે અને જેના પ્રત્યે દોષનું સેવન થાય છે તે જીવને ખબર પડે કે ન પડે. સ્વયં પોતે અનાચારમાં સંલિપ્ત થાય તે પહેલા અતિચાર સુધી જઈને પણ જો તે પાછો ફરે તો કોઈ પ્રકારની સ્થૂલ હિંસાત્મક ક્રિયાનો સંભવ નથી અને તેવા અતિચાર સુધીના દોષો પ્રતિક્રમણથી અર્થાત્ ત્રિલોકીનાથ એવા અરિહંત પ્રભુની સાક્ષીએ માફી માંગી લેવાથી તેનું નિવારણ થઈ જાય છે, આ વાત સમજાય તેવી છે.

જેમ કોઈ માણસે બીજાને તમાચો મારવાનો વિચાર કર્યો, પણ હજુ તમાચો માર્યો નથી તે દરમ્યાન વિચાર બદલાઈ ગયો અને તેને તમાચો મારવાનું માંડીવાળે અને તે બદલ પ્રભુની પાસે માંફી માંગે અને જેને તમાચો મારવાની ઈચ્છા હતી તેને પણ ખમાવે, તો તે સહેજે સમજાય તેવી વાત છે કે પેલો ભાઈ તેને સહેજે માફી આપી દે, સાચી રીતે પશ્ચાત્તાપ થાય તો દોષનું નિવારણ થઈ જાય, પરંતુ ખરેખર ! તમાચો માર્યા પછી તરતજ માફી માંગવામાં આવે તો પણ કામ પતે નહીં. તે માટે કંઈક દંડ ભોગવવો જ પડે.

માફી માંગવી તે પ્રતિક્રમણ છે અને દંડ ભોગવવો તે પ્રાયશ્ચિત્ત છે. આમ શુદ્ધિકરણના બે ઉપાય જૈન શાસ્ત્રોમાં પ્રસિદ્ધ છે, આવું સ્પષ્ટ વર્ગીકરણ કરવાથી આ ગૂઢાર્થ સમજાય તેવો છે.

હવે આપણે 'પચ્ચક્ખાણ' વિષે વિચાર કરીશું કે લીધેલા પચ્ચક્ખાણ અણીશુદ્ધ પુરા ન થાય, ત્યાં સુધી તેમાં પડેલા છિદ્રોને દૂર કરવા માટે પ્રતિક્રમણ અને પ્રાયશ્ચિત્ત કેવી રીતે કામ કરે છે ?

આજ કાલ કેટલાક આધ્યાત્મિક વિચારના નામે ખોટો પ્રચાર કરે છે કે જેઓએ પચ્ચક્ખાણ ન લીધા હોય તે પ્રતિક્રમણ કેમ કરી શકે ? પચ્ચક્ખાણ લીધા પછી તેમાં દોષ લાગે, તો પ્રતિક્રમણ જરૂરી છે, તેવું તેઓ જણાવે છે. તેઓ કહે છે કે કપડું ફાટયું હોય તો થીગડું મારી શકાય, જ્યાં કપડું જ નથી ત્યાં થીંગડાંની વાત કેવી ? આવા ખોટા ઉદાહરણથી ભ્રમ ઊભો કરે છે. તેનો સચોટ પ્રત્યુતર એ છે કે વસ્તુતઃ તેઓ શાસ્ત્રજ્ઞાનના અભાવે તર્ક કરે છે. તેમને ખબર નથી કે પચ્ચક્ખાણ તો અનાચારના કરવામાં આવે છે. અતિચાર સુધીના પચ્ચક્ખાણ હોતા નથી, તેમાં ફક્ત ઉપયોગ રાખવાનો હોય છે. જો પચ્ચખાણનો ભંગ થાય તો પ્રાયશ્ચિત્ત કરવું પડે, અતિચાર સુધીના દોષો તો ઉપયોગને અભાવે સેવાતા હોય છે. તો ઉપયોગ શુદ્ધ થતાં પ્રતિક્રમણની ક્રિયા દ્વારા તે દોષોનું નિવારણ થાય છે. જેટલો અશુદ્ધ ઉપયોગ છે અથવા અશુદ્ધ પરિણમન છે, તે બધું પરિણમન અનાચારનું કારણ બનતું નથી. જ્યાં સુધી સશક્ત વીર્યનો પ્રવાહ સંયુક્ત ન થાય ત્યાં સુધી એકલો અશુદ્ધ ઉપયોગ અનાચાર આચરી શકતો નથી. જ્ઞાનાવરણીય કર્મનો ક્ષયોપશમ હોય અને સમ્યગ્જ્ઞાનરૂપે ઉપયોગ થાય તો અશુદ્ધ પરિણમન પલટો ખાય છે અને પ્રતિક્રમણ શુદ્ધભાવ તરફ દોરી જાય છે. આ આખી પરિણમન શૈલીમાં પચ્ચક્ખાણનો અવકાશ રહેતો નથી. પ્રતિક્રમણ અને અશુદ્ધ ઉપયોગ તે ભાવાત્મક ક્રિયા છે. જ્યારે પચ્ચક્ખાણ અને અનાચાર એ બંને યોગની ક્રિયાત્મક પ્રવૃત્તિ છે. તો જેણે પચ્ચક્ખાણ ન લીધા હોય એણે પ્રતિક્રમણ ન કરી શકાય,

એમ કહેવું તે નરી મૂર્ખતા છે. અસ્તુ... અહીં આપણે પ્રતિક્રમણની ક્રિયાનો ભગવાને જે ઉપદેશ આપ્યો છે. તે કેટલો વ્યવસ્થિત અને ન્યાય સંગત છે, તે જોઈએ.

વ્યવહારિક કોર્ટના કાયદામાં પણ કોઈને મારવાનો વિચાર કરે તે એક પગલું, અને મારી નાંખે, તે બીજું પગલું ગણાય, આ બંને પગલાનો એક સરખો ન્યાય નથી. મારવાનો વિચાર કરે છે, તેને મર્યાદિત સજા થાય છે અને તેને કોર્ટમાં માફી પણ મંગાવામાં આવે છે, આ છે પ્રતિક્રમણ. મારી નાંખ્યા પછી માફી માંગવી પર્યાપ્ત નથી, તેને તો સજા થાય છે. સજા તે પ્રાયશ્ચિત્ત છે, આ તો ફક્ત વ્યવહાર દષ્ટિનું ઉદાહરણ આપ્યું છે. તે ઉપયોગને પણ સ્પર્શ કરે છે અને સ્વપ્નના દોષને પણ ધ્યાનમાં લઈ નિર્ણય આપે તેવી ન્યાયયુક્ત શ્રેણી છે. અસ્તુ...

અહીં આપણે પૂર્વમાં પ્રતિક્રમણ શબ્દનો અર્થ વ્યાકરણ દષ્ટિએ કર્યો હતો, અને ત્યારબાદ પ્રતિક્રમણની પરંપરાગત ભાવનાનો ઉલ્લેખ કર્યો છે, અહી વ્યાકરણ દષ્ટિએ પૂર્વમાં જે અર્થ કર્યો છે, જેમકે To go અર્થાત્ પ્રતિ એટલે લક્ષ, અને ક્રમણ એટલે તે તરફ જવું, આ ઉપરાંત પણ પ્રતિ શબ્દ, પ્રતિકારના અર્થમાં પણ વપરાયો છે. કોઈપણ વાતનો વિરોધ કરવો, અથવા ઊંડાઈથી તેના ઉપર પ્રકાશ નાંખવો, તેવો અર્થ જોવામાં આવે છે, જેમકે વાદ અને પ્રતિવાદ, ક્રિયા અને પ્રતિક્રિયા, રોધ અને પ્રતિરોધ, આ બધા શબ્દો પ્રતિ ઉપસર્ગથી જોડાયેલા છે, વાદ એટલે કથન, કોઈ પણ સિદ્ધાંતનો ઉલ્લેખ, જ્યારે પ્રતિવાદ એટલે તે કથનનો વિરોધાત્મક ઉત્તર, અથવા તે સિદ્ધાંત ઉપર વધારે ઊંડાઈથી સ્વતંત્રરૂપે કશું કહેવું, આ જ રીતે ક્રિયા શબ્દમાં પણ ક્રિયાથી ઉપજતી સામાન્ય અસરને પ્રતિક્રિયા કહેવામાં આવે છે.

ક્યારેક પ્રતિ શબ્દ વૃદ્ધિ અર્થનો સૂચક પણ બને છે. તે ગુણાત્મક વૃદ્ધિ સૂચવે છે, જેમકે ઉત્તર અને પ્રત્યુત્તર. ઉત્તર તે સામાન્ય શબ્દ છે. જ્યારે પ્રત્યુત્તર માં કોઈ આવેલા પ્રશ્નનો વિધિવત્ ઉત્તર અપાય છે. આમ પ્રતિ ઉપસર્ગ ગુણાત્મક વૃદ્ધિ પણ કરે છે. દર્શન શાસ્ત્રમાં યોગી અને પ્રતિયોગી એવા શબ્દો જોવામાં આવે છે. સામાન્ય અર્થમાં પ્રતિ તે અનુ નો વિરોધી ઉપસર્ગ છે. અહીં યોગી, અનુયોગી અને પ્રતિયોગી જેવા શબ્દો દર્શન શાસ્ત્રમાં વ્યાપ્ત છે. પ્રતિયોગીનો અર્થ ક્રિયાનો નિરોધક જે ભાવ છે. તેને પ્રતિયોગી કહેવામાં આવે છે. જ્યારે અનુયોગી યોગીનો સહાયક છે, અનુકરણીય છે, પગલે ચાલનાર છે, તેવો ભાવ સૂચિત થાય છે. અહીં આપણે આ ઉપસંહારમાં આવા કેટલાક પ્રતિ ઉપસર્ગના અર્થનો વિચાર કર્યા પછી પ્રતિક્રમણ શબ્દ ઉપર પણ આ દષ્ટિએ થોડો વિચાર કરી આ પ્રકરણ સમાપ્ત કરીશું. ક્રમણ એ સામાન્ય ક્રિયા છે. તેમાં રૂઢિવાદી ક્રિયાઓ, સાંસારિક દુષિત ક્રિયાઓ અથવા જેમાં દોષ લાગ્યા હોય તેવી ધાર્મિક ક્રિયાઓનો પણ સમાવેશ થાય છે. ક્રમણ એટલે સવારથી સાંજ સુધી જીવનનું

હલન-ચલન અને બધી ક્રિયાઓ જેમાં ઘટિત થતી હોય તેવું 'કાલક્રમણ' છે, પરંતુ સંધ્યા ટાઈમે આ બધા 'ક્રમણ' ઉપર દષ્ટિપાત કરી, પછી ભલે તે સાંસારિક ક્રિયાઓ હોય, આવશ્યક-અનાવશ્યક ક્રિયાઓ હોય, મન, વચન, કાયાથી ઉપજતી સહજ ક્રિયાઓ હોય, તે બધી ક્રિયાઓમાં અનુચિત દોષ પ્રધાન પાપાશ્રવ થાય છે. બીજા કોઈ વિશેષ કર્મ બંધન થાય તેના ઉપર દષ્ટિપાત કરી, તેનું ચિંતન કરી, તેમાં જે કાંઈ અનૌચિત્ય છે, તેનું વિસર્જન કરી, આત્માને તે દઢીભૂત દોષોના ગહેરા પરિણામથી વિમુક્ત કરી, ક્ષમાયાચના કરી, સર્વજ્ઞ પ્રભુ અરિહંતની સાક્ષીએ સાચું સમર્પણ કરવું તે ભાવપ્રતિક્રમણ છે, દ્રવ્ય પ્રતિક્રમણ પણ છે અર્થાત્ પ્રતિક્રમણની સમૂચી ક્રિયા તેમાં સમાયેલી છે. જે અનુચિત ક્રમણ છે. તેનો પ્રતિરોધ કરવો, પ્રતિવાદ કરવો, તે પ્રતિક્રમણ છે. આ રીતે પ્રતિક્રમણ શબ્દના અર્થમાં ડૂબકી મારી અને પ્રભુ પ્રત્યેનું જે કાંઈ 'ક્રમણ' છે અર્થાત્ તેમના ચરણે જવાથી જે કાંઈ ગતિશીલતા છે તેમાં દોષોનું નિવારણ કરી ગુણાત્મક વૃદ્ધિ કરવી તે પણ પ્રતિક્રમણ છે. અમે આ પ્રકરણ પૂરું કરીએ તે પહેલા કેટલીક હૃદય ઉર્મિની અભિવ્યક્તિ કરી વિરમશું.

આજે ઘણો હર્ષ થાય છે કે એકથી લઈ બત્રીશ મંઝિલને પાર કરી અંતિમ આવશ્યક શિખરનો સ્પર્શ થઈ રહ્યો છે અને આજે નવ વરસથી લગાતાર આગમ ઉપાસક, ત્યાગી વર્ગ જેઓએ આ કાર્યમાં જોડાઈને અદ્ભૂત પરાક્રમ કર્યું છે. તે બદલ લાખ લાખ અભિનંદન પણ ઓછા પડે છે અને આ ભગીરથ પ્રયાસ માટે કશું કહેતા હૃદય ઉલ્લસિત થઈ જાય છે. આપ સહુનો સંકલ્પ પરિપૂર્ણ થઈ રહ્યો છે અને જેમાં માંધાતાઓએ, ધનધારીઓએ અને જ્ઞાનદાતાઓએ જે કાંઈ સહયોગ આપી શૃંખલાબદ્ધ આગમ શ્રેણીનું પ્રકાશન ચાલુ રાખ્યું અને ગુજરાતી ભાષામાં સાહિત્યિક દષ્ટિએ સંપૂર્ણ ગુજરાતમાં જેનો અભાવ હતો તેવી વિશિષ્ટ જૈન આગમબત્રીસીરૂપ ગંગા રાજકોટને આંગણે વહી અને જેમ નર્મદાના પાણી ગુજરાત, કચ્છ, કાઠિયાવાડના ગામડે-ગામડે પહોંચ્યા તેવી રીતે આ જ્ઞાનગંગા ગોંડલગચ્છનું નામ ઉજ્જવળ કરતી મસ્તકે-મસ્તકે પહોંચશે અને વચનામૃત બની વરસશે, તેવો આ અવનવો પ્રયત્ન એક ઐતહાસિક અપૂર્વ સત્ય બની રહેશે. આ પ્રયાસમાં ત્યાગી શ્રમણ અને શ્રમણી ભાવાત્માઓએ જે યોગ આપ્યો છે અને **ज्ञानमयं तपः** નું આચરણ કરીને તપ તેજને શાસ્ત્રમાં અંકિત કર્યું છે તે માટે ફક્ત ગુજરાતનો જ નહી, ભારતનો સમગ્ર જૈન સમાજ સદા માટે આભારી બની રહેશે.

આવશ્યક સૂત્ર ઉપર અભિગમ લખતા 'પ્રતિક્રમણ એટલે શું ?' તેનું વિવેચન કરી, આ આગમ શિખરની અંતિમયાત્રા પર સહભાગી બનવા માટે આપે જે અવસર આપ્યો છે તે બદલ હાર્દિક ધન્યવાદ આપતા અપાર હર્ષનો અનુભવ થયો છે... એજ.. આનંદ મંગલમ્

**જયંત મુનિ**
**પેટરબાર**

# સંપાદકીય

**અપૂર્વ શ્રુતઆરાધક ભાવયોગિની**
**બા. બ્ર. પૂ. લીલમબાઈ મ. સ.**

**આચારસંહિતાને રચનારા ઓ પ્રભો ! શતશત વંદન હો મારા,**
**ષડાવશ્યક સત્ક્રિયાનો કીમિયો દર્શાવી ઉતાર્યા ભવના ભારા**
**વીર્યોલ્લાસની જ્ઞાન સ્ફૂર્તિ અર્પી વહાવી આપે શ્રુતગંગાની ધારા,**
**જિનાગમ માધ્યમે ભાવ પ્રાણ જાગે, જૈનમ્ જયતિના ગાજે નારા.**

**સમ્યક્ ત્રિયોગનું એકત્વ**
**પાપ પ્રજાળે આત્મ પ્રભા ઉજાળે**

પ્રિય પાઠકગણ !

આપશ્રી સમક્ષ શ્રી ગુરુપ્રાણ આગમ બત્રીસીનું અનુપમ આગમ રત્ન સ્ફૂર્તિલું ધબકતું, શારીરિક, માનસિક, સાંયોગિક દુઃખનું વિસ્મરણ કરાવતું, જીવનને વિકાસના માર્ગે ચઢાવતું, બ્લડ પ્રેશરને વ્યવસ્થિત રાખતું, ટેન્શનને ઉતારી મનમસ્તિષ્કમાં તાજગી પૂરતું, તૃષ્ણાને તૃપ્ત કરતું, જડ ચેતનને ભિન્ન કરાવતું, સમત્વની સાધનામાં સૂર પૂરાવતું સ્તવ સ્તુતિમાં મંગલતા અર્પતું, જ્ઞાન દીપકને પ્રગટાવતું, પાપથી પાછા ફેરવી પુણ્યવાન બનાવતું, દુર્ગતિ નિવારી સદ્ગતિ-સિદ્ધગતિ તરફ પ્રયાણ કરાવતું, અમોઘ, નિશ્ચલ, શાશ્વત, નિત્ય, જેને આદરી અનંતજીવો મોક્ષે પધારી ગયા તેવું સિદ્ધાંત છે શ્રી આવશ્યકસૂત્ર. તેનો ગુજરાતી અનુવાદ સંપાદિત કરીને અનંત ઉપકારી પૂજ્યપાદ ગુરુદેવ પૂ. શ્રી પ્રાણલાલજી મ.સા.ના ૧૦૮મા જન્મદિનના પાવન પ્રસંગે જિનાગમ રૂપે પ્રગટ કરી રહ્યા છીએ, તેનો અમે અતિ-અતિ આલ્હાદભાવ અનુભવી રહ્યા છીએ. આ એક જ આગમ એવું છે કે તેને ચતુર્વિધ શ્રી સંઘ બંને સંધ્યા ફરજીયાત, મરજીયાત અરે ! બાવીસ તીર્થંકરોના શાસનવર્તિ ઉપાસકો અને મહાવિદેહક્ષેત્રમાં વિચરતા દરેક-દરેક પરમેષ્ઠિ મુનિરાજો, સાધુ-સાધ્વી ભગવંતો પાપ લાગતાં જ તેની સ્વાધ્યાય કરે છે. બીજા આગમનો સ્વાધ્યાયમાં બાંધછોડ કરી શકે, સ્વાધ્યાયમાં પ્રમાદ આવી જાય પરંતુ આ આગમનો સ્વાધ્યાય નિત્ય-નિત્ય કરવો પડે છે. આ સ્વાધ્યાય નિરંતર બને છે ત્યારે આત્મા પરમાત્મા બની જાય છે.

તો... ચાલો મારી સાથે હું તમને આવા અધ્યાત્મ આરાધનામાં અરવિંદોની મધ્ય ભાગમાં આવેલા, મિચ્છામિ દુક્કડંના નારા ગુંજાયમાન કરતાં, માનવ મધુકરથી

ઘેરાયેલા વિવેકના વરવા વૃક્ષોના ઝુંડમાં શોભતા આવશ્યક આરામગૃહની યાત્રા કરાવું. યાત્રાળુ સાથે મારી એટલી જ શરત છે કે આ આરામગૃહમાં પ્રવેશ કર્યા પછી ત્રણેય યોગની ક્રિયાનું એકત્વ એક સાથે થવું જોઈએ અને જ્યારે સૌના પાપ નીકળે ત્યારે તેમને ધ્યાન દ્વારા જલાવી દેવા. તે પાપ અન્ય પાસે ન જાય તેની કાળજી રાખવી માટે આપણે આ સંપાદનનું નામ રાખશું **સમ્યક્ત્રિયોગનું એકત્વ–પાપ પ્રજાળે આત્મ પ્રભા ઉજાળે.**

જેઓ આ કાર્યમાં કુશળ બન્યા તેઓ તાલિમ લઈને કર્મસંગ્રામ ખેલવા તૈયાર થયા અને તેમાં જે જે જીતી ગયા તે તે લોકો પૂર્ણ લોકનું રાજ્ય હસ્તગત કરી અનંત આનંદનો અનુભવ કરી રહ્યા છે. આજે એમની પાસે એક પણ શત્રુ નથી, બધા જ તેમના મિત્રો છે. તેમને ત્યાં લઈ જવા પ્રતિદિન પરમાર્થનું પ્લેન મોકલી ભવ્ય યોગ્ય આત્માને તેમાં બેસાડી વ્યવહારરાશિમાંથી લાવી પૃથ્વી-પાણી-વનસ્પતિના જીવોને મનુષ્યત્વ પ્રાપ્ત કરાવી, પોતાની પાસે બોલાવી પોતાની સમાન અખંડ આનંદના ભોક્તા બનાવે છે.

તો ચાલો યાત્રિકો ! મારી જિજ્ઞાસાવૃતિ એમ કહીને આવશ્યક આરામગૃહ તરફ જવા સાબદી બની. દિવ્ય વિચારના વાહનમાં બેસી અમે બધાએ અધ્યાત્મ નગરમાં પ્રવેશ કર્યો. ત્યાં રળિયામણી આત્મશક્તિનો પ્રકાશ પથરાઈ રહ્યો હતો. તે પ્રકાશના પગથારે અમારું વાહન ચાલી રહ્યું હતું. સમ્યગ્ જ્ઞાન-દર્શનનો ઉદય થઈ રહ્યો હતો. ત્યાંના ગોપુરદ્વાર સમાધિભાવમાં સ્થિર બની ખુલ્લી રહ્યા હતા. તેમાંથી માધ્યસ્થભાવનો સુગંધ ભરેલો મંદ-મંદ મસ્ત મરુત વહી મરક મરક હસી રહ્યો હતો, જાણે કે તે અમારું સુસ્વાગત કરવા જ બહાર નીકળી રહ્યો હશે. તેથી અમે અનુમાન બાંધ્યું કે આજ વિસ્તારમાં આવશ્યક નામનું આરામગૃહ જરૂર હશે. આ પ્રમાણેનો સંકલ્પ ચાલી રહ્યો હતો, ત્યાં દૂરથી અવાજ આવ્યો સકકારેમિ સમ્માણેમિ... આવો.. પધારો... હું તમારો સત્કાર-સન્માન કરું છું. તમે જેની યાત્રાએ નીકળ્યા છો તે આ **આવશ્યક આરામગૃહ** છે. આવો અલૌકિક ગેબી અવાજ અમને આવકારી અમારા દિવ્ય વિચાર વાહનને તેઓ પ્રેમથી ત્યાં લઈ ગયા.

અમે બધા ખુશ ખુશ થઈ ગયા. જલદીથી નીચે ઉતરી ગયા. ત્યાં સૂરીલા અવાજથી નમો અરિહંતાણંથી લઈને પુરા નમસ્કારમંત્રના ઉચ્ચારણો શબ્દાયમાન થઈને આરામગૃહના શિખર ઉપરથી પ્રસારિત થઈ રહ્યા હતા. પંચ પરમેષ્ઠિ મહાત્માઓને નમન કરનારા દેવો દિવ્ય ધ્વનિને વહાવી રહ્યા હતા. અમે ત્યાં સ્થંભિત થઈ ગયા. બધું જ અપૂર્વ ભાસતું હતું. અમારો પ્રદેશ અમને જ અણજાણ લાગતો હતો. અમે

અનાદિકાળથી અવિવેક, યશની ઈચ્છાવાળા, ધનવાંછુક, ગર્વ, નિદાન, ભય, સંશય, કષાય, અવિનયાદિના દોષોથી ખરડાયેલા હોવાથી ત્યાં જવા પગ ઉપાડી શકતા ન હતા. અનાવશ્યક બધી જ વસ્તુ લઈને ભારેખમ થઈને આવ્યા હતા તેથી દ્વિધામાં અમે મુંઝાઈ રહ્યા હતા. એવા સમયે દરવાજામાં ઊભી રહેલી સદ્વૃત્તિએ સહસા અવાજ દીધો. પધારો... પધારો... દેવાણુપ્રિયા..! અંદર પધારો. અમે તમારી રાહ જોઈ રહ્યા છીએ. આ તમારો જ શાશ્વતો રાજમહેલ છે. આપ પરદેશ ગયા પછી આ રત્નત્રયનો રાજમહેલ ભૂલી ગયા લાગો છો. તમે કદમ ઉઠાવો તમને કોઈ ના નહીં પાડે, હું તમારી સાથે જ ચાલું છું. એમ કહી સદ્વૃત્તિ અમને આવશ્યક આરામગૃહમાં લઈ ગઈ, ત્યાં અમને સત્યના સોફા ઉપર બેસાડી દીધા અને એમણે અમને બધુંજ યાદ કરાવ્યું.

સદ્વૃત્તિ અંગુલી નિર્દેશન કરીને કહેવા લાગી, આ છે આવશ્યક આરામગૃહ

આવશ્યક-અવશ્ય આરામ આપે, આતમરામને જાગૃત કરે, **આ**–આનંદ આપે, **રા**–રાજા બનાવે, **મ**– મહાત્મા બનાવે, **ગૃ**–અનંતગુણને ગ્રહણ કરાવે, **હ**– હક્ક પ્રાપ્ત કરાવે અર્થાત્ સંપૂર્ણ આત્માનો હક્કદાર બની, આત્મગુણ ગ્રહી, મહાત્મા બની, આનંદમય સુખનો રાજા બની, અખંડ આનંદનો ભોક્તા થાય તેનું નામ આવશ્યક આરામગૃહ.

આ આરામગૃહમાં પ્રવેશ કરનારા બે પ્રકારના જીવો હોય છે– (૧) દેશવિરતિ અને (૨) સર્વવિરતિ. સર્વવિરતિ જિંદગીભર અહીં જ રહે છે અને દેશવિરતિ આંટા-ફેરા કરે છે. તેઓ કાયર હોવાથી હુંકારના હુમલાખોરો તેને પાછા સંસારમાં ઘસડી જાય છે. અસ્તુ...

સર્વવિરતિ જિંદગીભર અહીં જ રહે છે ખરા પરંતુ મનમાં સંકલ્પ-વિકલ્પની કંદરામાં છુપાયેલા હુમલાખોરોનું જાણપણું ન હોવાથી કર્કશાદિભાષાની કોતરોમાં છુપાયેલા કષાયરૂપ તસ્કરો, તેમ કાયાની માયાના ખાડામાં છુપાયેલા વિષયરૂપી વિકરાળ લૂંટારાઓ, ભયભીત, ચંચળ, અસ્થિર કરીને મમતાના બંધનમાં બાંધી ઘાયલ કર્યા કરે છે. જેથી અહીં આવનારા, આ પોતાનું જ આવશ્યક આરામગૃહ હોવા છતાં કંટાળીને પાછા જગતવાસી બની જાય છે.

સર્વ ભવ્ય જીવોનું આવશ્યક આરામગૃહ એક છે, પાત્ર ભેદે અનેક થાય છે. ધ્યેય સિદ્ધ સાધક જ્યારે આ આરામગૃહમાં આવે છે ત્યારે અહીં રહેલા ઉપકરણોને વાપરવાની તાલિમ પામી હુમલાખોરો પર વિજય પ્રાપ્ત કરી શાશ્વત આરામગૃહના પાછા માલિક બની જાય છે. સદ્વૃત્તિની વાત સાંભળી અમારામાં ખુમારી આવી અને કહ્યું, અમને તમારા તે સ્થાનમાં લઈ જાઓ અને સંપૂર્ણ માહિતગાર બનાવો. સદ્વૃત્તિ

ખુશ થઈને અમને દોરી ગઈ. જુઓ... આ સુખવિશ્રાંતિ હોલ.

તે સુંદર હોલ આવશ્યક આરામગૃહના મધ્યભાગમાં હતો. તે ઘણો શુક્લવર્ણનો હોવાથી હસું-હસું થઈ રહ્યો હતો. ત્યાં આવનારને પ્રસન્નતા અર્પી રહ્યો હતો. તે હોલમાં ખૂબ શોભાયમાન નાના-મોટા દરેક માનવો પહેરી શકે તેવા અનેક કવચો પડ્યા હતા. તે કવચ છ વિભાગમાં વહેંચાયેલા હતા.

પહેલો વિભાગ માથા ઉપરના હેલ્મેટનો હતો. તે હેલ્મેટ ઉપર અંકિત થયેલું નામ હતું– **સામાયિક.** બીજો વિભાગ ગ્રીવાથી લઈને બન્ને હાથનો હતો, તેના ઉપર લખાયેલું નામ હતું– **ચઉવીસંથો.** ત્રીજો વિભાગ વક્ષ:સ્થળ અને પીઠ બાંધવાનો હતો, તેના ઉપર કોતરાયેલું નામ હતું– **વંદના.** ચોથો વિભાગ નાભિના મધ્યભાગને અને પૂરી કમ્મર ઢાંકીને પહેરી શકાય તેવો હતો, તેમાં લખાયેલું હતું– **પ્રતિક્રમણ.** પાંચમો વિભાગ બન્ને ચરણને ઢાંકનાર હતો, તેમાં લખાયેલું હતું– **કાયોત્સર્ગ.** આ રીતે આખું કવચ દેહાતીત દશાને પ્રાપ્ત કરવા પુરુષાર્થશીલ યોગીઓના શરીર ઉપર શોભાયમાન લાગે તેવું હતું અને કવચ બાંધવાના બંધન સૌંદર્યવાન હતા. તેમાં લખાયેલું હતું– **પ્રત્યાખ્યાન.**

દરેક કવચ છ નામથી અંકિત થયેલા જોઈને અમો તો આભા બની ગયા અને પૂછી ઊઠયા આવા સુંદર કવચો કોણ બનાવે છે ? આ પ્રશ્ન સાંભળી લજ્જાળુ સદ્‌વૃત્તિ બોલી અમે બનાવીએ છીએ.

આ અધ્યાત્મનગરમાં સત્કૃત્યો કરનારી, કલ્યાણમયી મારી અનેક સખીઓ રહે છે. અમે સાથે મળીને શુભયોગની સામગ્રી એકઠી કરીને આ કવચો બનાવીએ છીએ. અહીંયા જે કોઈ નાના મોટા આબાલ-વૃદ્ધ આવે ત્યારે તેમને દુર્ગુણોરૂપી હુમલાખોરોથી બચાવવા આ કવચ પહેરાવીએ છીએ. સદ્‌વૃત્તિની આ ઉદારતા જાણી અમે છક્ક થઈ ગયા. અમે પૂછ્યું કેવી રીતે બનાવો છો ? ત્યારે તેણી બોલી જુઓ આ હેલ્મેટનો ભાગ છે.

**(૧) કવચનો પહેલો ભાગ મસ્તકને ઢાંકવાનો હેલ્મેટ :–** આ ટોપાનો ભાગ છે. તે ત્રણ વિભાગમાં વહેંચાયેલો છે. સમ+આય+ઈક = સામાયિક. સમ–એકી સાથે, સમભાવના સ્વભાવમાં, આય-ગમન કરે. ઈક–લાભ, એકી સાથે સમભાવના સ્વભાવમાં ગમન કરે તેવા ભાવના પરમાણુઓનો લાભ પ્રાપ્ત થાય, તે સામાયિક. તે પરમાણુઓ વિષમ ભાવમાં પરિણમતા નથી, ક્યારેય તામસભાવને ભજતા નથી. બધા જ ગુણોને એકત્રિત રાખી શકે તેવી શક્તિ ધરાવે છે. વજ્ર જેવા મજબૂત હોય છે. તે

પરમાણુના પિંડમાંથી અમે ટોપાનો ભાગ બનાવીએ છીએ, કારણકે સર્વ સદ્ગુણો એક સંપીપણું સાધી, વિવિધ પ્રકારે વિખરાયેલા દુર્ગુણોને ધૈર્યના બાણથી વીંધી નાંખે છે. ઉત્તમોત્તમ મસ્તકના ભાગનું સંરક્ષણ કરે છે. ત્રિવિધ તાપના ઉડતાં તિખારાઓને બુઝાવી નાંખે છે, પ્રજાળી દે છે માટે સૌથી શ્રેષ્ઠ સામાયિક યોગ્ય ધર્મધ્યાન-શુક્લધ્યાનમાંથી પ્રાપ્ત થયેલા ઉજળા પરમાણુને જ અમે ગ્રહણ કરી આ ભાગ બનાવીએ છીએ, તેથી તેમાં નામ અંકિત કરીએ છીએ **સામાયિક.**

**(૨) કવચનો બીજો ભાગ ગ્રીવા તેમજ ભુજાનો :–** તેની સામગ્રી માટે શાંતરસના પરમાણુ ગ્રહણ કરીએ છીએ. એકલા એકાંત શાંતરસના પરમાણુથી નિર્મિત થયેલી કાયા ફક્ત તીર્થંકરોની જ હોય છે માટે અમે બધી સખીઓ ચઉવીસંથો બોલી અર્થાત્ ચોવીસ તીર્થંકરની સ્તુતિ એકલય તાલબદ્ધ સ્વરથી બોલી, ભક્તિરૂપી ભાગીરથીમાં અવગાહન કરી, પ્રભુનો જન્મ મહોત્સવ, વૃદ્ધિ, સંવત્સરદાન, દીક્ષા કલ્યાણક, આગલાભવમાં સંયમ તપથી કરેલી આરાધનાથી સર્વજીવ કહું શાસનરસીની ભાવના, વાસનાને વાત્સલ્યમાં પલટાવતા, વિષમ ભાવ સામે સમભાવ રાખતા, ક્રૂરની સામે કોમળતા દાખવતા, પરીષહ દેનારને પ્રસન્નતા અર્પતા, ક્રોધાંધ પર ક્ષમા વરસાવતા, સહનશીલતાના ગુણો ધરાવતા, સામર્થ્યયોગ દ્વારા કર્મક્ષય કરતાં દોષોને, દફનાવતા, પ્રતિક્રિયાના ત્યાગી, વિશ્વના રાગી-વૈરાગી બની વીતરાગતા તરફ ઝૂકતા, પ્રભુના મોક્ષ સુધીના દશ્યો નિહાળતાં-નિહાળતાં, સિદ્ધદશામાં પહોંચતા અને આ શાંતરસના પરમાણુના પિંડરૂપ કાયાને છોડી જતાં પરમ અહિંસાના અવતારને વંદન કરી તે પુદ્ગલોની ઉર્જા ગ્રહણ કરી ભક્તિ ભરેલા હૃદયે ગ્રીવા તથા ભૂજા ઢંકાઈ જાય તેવા આકારનો આ બીજો ભાગ બનાવીએ છીએ, તેથી તેમાં **ચઉવીસંથો** નામ અંકિત કરીએ છીએ.

**(૩) કવચનો ત્રીજો ભાગ વક્ષઃસ્થળ :–** વક્ષઃસ્થળ અને પીઠના આકારવાળા આ કવચનો આકાર પણ તેવો જ છે. તેની સામગ્રી અહંકારને ઓગાળતાં, વિનયને ભજતાં, માનને મોડી, હાથ જોડી, ઉત્કટ આસને બેસી, દેવાધિદેવ અરિહંતને પ્રશ્ન પૂછી, ત્રિપદી તત્ત્વને જાણી, સંપૂર્ણ શ્રુતજ્ઞાનને પ્રાપ્ત કરતાં, ત્રણ યોગની એકતા સાધી દ્વાદશાંગીની રચના કરતાં, અનેકને ધર્મ માર્ગે ચઢાવતાં, પંચાચારમાં સ્થિર કરતાં, ઉપાસનાના ઉપાસક બનાવતા, ચતુર્વિધસંઘનું સંરક્ષણ-સંવર્ધન કરતાં, દેવાધિદેવથી લઈને રત્નાધિકની અલ્પમાત્ર કિલામના ન કરતા, ખામેમિ નામના તત્ત્વની ઉર્જાના ઉજ્જવળ પરમાણુઓને વાસિત કરતા, અવિનય, આશાતનાને જડમૂળમાંથી ઉખેડી નાંખતાં આચાર્યાદિ પરમેષ્ઠિઓ, નીચગોત્રનો નાશ કરી ઉચ્ચગોત્ર, આદેય આદિ નામ કર્મના સદ્ભાગી બનતા પચીસ આવશ્યક ક્રિયાઓના નામ પ્રમાણે મુદ્રા રચતા, અહોભાવથી ઝૂકતા,

પ્રભુના પરમાણુઓ એકઠા કરી હૈયામાં હિંમત-ઉત્સાહ-વીર્યોલ્લાસ ભરાય જાય તેવા ભર્યા ભાદર્યા ભાવથી વક્ષ:સ્થળના ભાગને ઢાંકવાના કવચની રચના કરીએ છીએ, માટે આ ભાગનું નામ વંદના અંકિત કરેલું છે.

**(૪) કવચનો ચોથો ભાગ નાભિ કમ્મરનો :–** આ વિભાગમાં અમે ઊંડાણમાંથી ઉચ્ચારેલા, શ્રુતજ્ઞાનનો સ્વાધ્યાય કરતાં, જ્ઞાન ભણાવતાં, બીજાને અજ્ઞાન અંધકારના દોષો અને દુષ્કૃત્યોમાંથી પાછા ફેરવી સુકૃત્યોમાં સ્થાપી પ્રકાશ ભણી લઈ જતાં, દેશવિરતિ-સર્વવિરતિના સ્વાંગ સજાવતા, અસ્થિરને સ્થિર કરતાં, પાપથી પાછા વાળતા, સદ્‌બોધનો ઉપદેશ આપતા, સંયમ-તપમાં સ્થાપી લાગેલા દોષોની નિર્જરા કરાવતા, વ્રતધારીઓને અતિચારરૂપી છિદ્રને ઢાંકવાનો માર્ગ દર્શાવતા, ગુરુભગવંતો ખુદ પચીસ ભાવનાથી ભીંજાતા, સમિતિપૂર્વક ચાલતા, ગુપ્તિથી ગુપ્ત, બ્રહ્મચારી બની બ્રહ્મચર્યમાં રમતા મૈત્રીઆદિ સોળ ભાવનાથી ભવ્યજીવોને ભાવિત કરતા, મહામાનવ મહાત્માના પરમાણુઓ પશ્ચાત્તાપની ભટ્ટીમાં પીગળીને પવિત્ર બનેલા હોય છે, તેને અહોભાવથી ગ્રહણ કરીને અમે આ કવચના ભાગને સુચારૂ બનાવીએ છીએ માટે આ ભાગનું નામ રાખ્યું છે **પ્રતિક્રમણ.**

**(૫) કવચનો પાંચમો ભાગ ચરણોને ઢાંકવાનો :–** ઓરસ ચોરસ આ ભાગની સામગ્રી લેવા માટે પહાડોની કંદરા, ગુફામાં અમે જઈએ છીએ. અડોલ આસને સ્થિત થયેલા અરિહંતાદિ મહાત્માઓ, ઋષિ, મહર્ષિઓ, જેમનામાં ખળભળાટ નથી, આત્માને મિત્ર બનાવી એકાકી વિચરી રહ્યા છે. હિંસક પશુઓને અહિંસક બનાવતા, અભયભાવની ભાવનામાં જોડતાં, કાયાની માયા, જડની જુદાઈ કરી, આત્માના ઐશ્વર્યને માણતા, કોઈ ખડગાસને, કોઈ વીરાસને, કોઈ સૂર્યની સામે નેત્ર રાખીને સ્થિરાસને ઉભા રહેતા-બેસતા, તપ-સંયમથી આત્માને ભાવિત કરતાં, કાયોત્સર્ગમાં ઉપસર્ગો-પરિષહોને જીતતાં મુનિપુંગવોના પવિત્ર પરમાણુ અમે પ્રહલાદભાવે અમોદિત થઈને ગ્રહણ કરીએ છીએ જે પરમાણુ વ્રણ ચિકિત્સામાં ઉપયોગી છે. તે ઘા રુઝાવવાનું કામ કરે છે. સ્નાયુતંત્રને વ્યવસ્થિત રાખે છે. એસીડને સાકરમાં પરિવર્તિત કરે છે, પિત્તના પ્રકોપને શાંત કરે છે, લોહીમાં પ્રાણવાયુનો સંચાર કરી તાજગી આપે છે માટે આ પરમાણુ પિંડ એકત્રિત કરીને ચરણોમાં અક્ષયસુખના ભંડારામાં સ્થિત થઈ જાય, સદાચરણ આચરે માટે આ કવચના ભાગનું નામ રાખ્યું છે **કાયોત્સર્ગ.**

**(૬) કવચનો છઠ્ઠો ભાગ બાંધવાની દોરી :–** અઢાર પાપસ્થાનકમાંથી નીકળી, સર્વવિરતના માર્ગે જઈ રહેલા, વૈરાગી આત્માઓ, અપ્રમત્તદશામાં ઝુલતા યોગીઓ, કામ ભોગમાં જતાં મનને પાછું વાળી નિર્મળ બનેલી વૃત્તિવાળા સાધકો સાધનામાં પાછી ભૂલ ન થાય તેવી અડોલવૃત્તિને ધારણ કરનારા ત્યાગી મહાત્માઓ ક્ષપકશ્રેણીએ ચડી

મોહ કર્મને ક્ષીણ કરતાં ધર્મયોદ્ધાઓ વગેરેના નિર્જરી રહેલા, પરમયોગથી વાસિત થયેલા પરમાણુઓને ઝીલી-ઝીલી વધાવીને અમે તેની કસ બનાવીએ છીએ. આ કસથી કવચનું બંધન મજબૂત થાય છે માટે આ કવચના ભાગનું નામ રાખ્યું છે **પ્રત્યાખ્યાન.**

આ છે અમારા કવચનો ઈતિહાસ એમ કહીને સદ્‌વૃત્તિ થોડીવાર શાંત રહીને અમારા પ્રતિભાવને જોવા લાગી. આ વાતથી તાજુબ થયેલા અમો મૌન રહ્યા તેથી વાતાવરણમાં મૂક શાંતિ છવાઈ ગઈ. આ શાંતિનો ભંગ કરતાં સદ્‌વૃત્તિ પોતે જ બોલી જિજ્ઞાસુઓ ! અમારા કવચની કરામત શું છે તે તમે સાંભળો.

અમો અનાદિકાળથી આવા કવચ બનાવતા હતા, બનાવી રહ્યા છીએ અને બનાવતા રહેશું. તે કવચને અમે હંમેશાં આવશ્યક આરામગૃહમાં રાખીએ છીએ. જેઓ ભવભીરું બની ગયા હોય, શુક્લપક્ષમાં વર્તતા હોય, આસન્ન મોક્ષગામી થવા તત્પર બની રહ્યા હોય, તેઓ અમારી પાસે ત્યાગ-વૈરાગ્યના મૂલ્ય ચૂકવી સંસારના ત્યાગી બની, પોતાના કર્મ જ બંધનરૂપ છે એમ જાણી, કર્મજંજીરથી મુક્ત થવા અને કર્મસંગ્રામ ખેલવા ધર્મવીર યોદ્ધાઓ આ આવશ્યક આરામગૃહમાં આવીને આ કવચ ખરીદી જાય છે. જેની કિંમત અણમોલી છે. આ કવચને પહેલા નમો સિધ્ધાણં પદથી મંત્રિત કરે છે, સત્કારે છે, સન્માને છે અને પૂર્વદિશામાં ઉભા રહીને કેશાવલીને ઉતારી, પાંચે ય ઈન્દ્રિયોના વિષયોથી વિરામ પામી, દ્રવ્ય-ભાવથી મુંડિત થઈને કરેમિભંતેના પાઠમાં મનને ધ્યાનમાં જોડી, વચનથી ઉચ્ચારણમાં મૌન બની, કાયાથી સ્થિર બની પાપકારી પ્રવૃત્તિ સર્વથા છોડી, શાંત ચિતે મુંડિત મસ્તકથી લઈને ચરણસુધીના કવચને પ્રત્યાખ્યાનની દોરીથી બાંધતા પ્રતિજ્ઞા કરે છે કે હવે કોઈ ઉપસર્ગ-પરીષહ આવે ત્યારે કોઈપણ પ્રકારની પ્રતિક્રિયા નહીં કરું પરંતુ સહનશીલતા ધારણ કરી સમત્વયોગને કેળવીશ, એવી ભાવના ત્રિયોગના એકત્વથી ભાવતા સર્વ જીવો પ્રતિ દયા ભાવ ઉભરાવા લાગ્યો અને મસ્તિષ્કમાં સમભાવને દેનારા, સામાયિક નામના આવશ્યકે ચારિત્ર ધારણ કરનાર તીર્થંકરના ક્ષયોપશમભાવ દ્વારા પરિણામને પ્રશસ્ત કર્યા, એ પ્રશસ્ત ભાવની ધર્મધ્યાનાગ્નિએ મનઃ પર્યવજ્ઞાનાવરણીય કર્મની પ્રકૃતિને જલાવી દીધી, અને ચોથું મનઃપર્યવજ્ઞાન પ્રગટ કર્યું માટે જ જ્ઞાની પુરુષો કહે છે કે

**સમ્યગ્ ત્રિયોગનું એકત્વ પાપ પ્રજાળે આત્મપ્રભા ઉજાળે.**

આ કવચને ધારણ કરનાર મહાત્માઓ જ્યારે મંગલસ્તુતિ દ્વારા સ્વાધ્યાયમાં લીન બની અનંત ચોવીસ તીર્થંકરોનું અંજલી જોડી સ્તવન ચાલુ કરે છે, ત્યારે વિશુદ્ધિ કેન્દ્ર શુદ્ધ બનીજાય છે અને કવચમાં કલ્યાણકારી પરમાણુ પસાર થઈ મિથ્યાત્વાદિ મચ્છરોને ઉડાડી, અવ્રતના વીંછીઓ વીંધી, અનંતનો અનુબંધ પાડે તેવા અનંતાનુંબંધી

કષાયરૂપી પાપોને બાળી શુદ્ધ સમ્યગ્દર્શન પ્રગટ કરાવે છે માટે જ અમારા કવચનો પ્રભાવ કહે છે કે **સમ્યગ્ ત્રિયોગનું એકત્વ–પાપ પ્રજાળે આત્મ પ્રભા ઉજાળે.**

સર્વવિરતિધરો મહાત્માઓ જ્યારે જ્યારે હૃદયમાં ધ્યાનસ્થ બને છે ત્યારે ખામેમિનું એસેન્સ(અર્ક) એકઠું કરી રત્નાધિકો પાસે જઈ વંદનામાં આરૂઢ થઈ ચરણસ્પર્શ કરતાં પણ અલ્પ કિલામના માટે ક્ષમા માંગે છે. રત્નાધિકોની અવિનય, આશાતનાને ખમાવે છે અને બાર આવર્તન દઈ ચારિત્રને શુદ્ધ બનાવે છે ત્યારે ઉત્કટ આસને બેઠેલા મુનિરાજો ત્રણ યોગની એકતા સાધીને ભાવવાહી પરમાણુ વહાવે છે ત્યારે તે પરમાણુઓ આત્માની સાથે બાંધેલા નીચગોત્રના પરમાણુઓને શુદ્ધ કરી આદેયનામ ઉત્પન્ન કરતાં અશુભ કર્મને જલાવે છે, તેથી જ આ કલ્યાણી કવચમાં અંકિત થયેલ વંદનાની મૂકભાષા મુખરિત થઈને બોલી ઉઠે છે કે **સમ્યગ્ ત્રિયોગનું એકત્વ પાપ પ્રજાળે આત્મપ્રભા ઉજાળે**

સર્વવિરતિધરો પરમેષ્ઠિ મહાત્માઓ પોતાની વૃત્તિની અનુપ્રેક્ષા કરતાં જાણે કે મારી વૃતિ સ્ખલના પામી અનાત્મ તત્ત્વમાં જોડાયેલી છે તેને પાછી ફેરવવાનો પુરુષાર્થ કરતાં હોય, પ્રતિક્રમણ કરાવતા હોય, દોષને દેખી નિંદા કરતાં હોય, ગુરુ સાક્ષીએ દોષ પ્રગટ કરી આલોચના પ્રાયશ્ચિત્ત કરી, દોષોને ધિક્કારતા હોય, પુનઃ વૃત્તિને પોતાનામાં સ્થિર કરવાની કોશિષ કરી બન્ને સંધ્યા અથવા જે ક્ષણે પાપ થયું હોય તે ક્ષણે અથવા પાખી ચોમાસી, સંવત્સરીએ મિચ્છામિદુક્કડમ્ આપતા હોય, તે સમયે નાભિના અવાજથી ભાવપૂર્વક ત્રણયોગ એકત્વના દોષરૂપ પાપ પ્રજાળી નાંખે છે તે જ સમયે કવચ બોલી ઉઠે છે **સમ્યગ્ ત્રિયોગનું એકત્વ પાપ પ્રજાળે આત્મપ્રભા ઉજાળે.**

સર્વવિરતિધર મહાત્માઓ ગુરુવર્યોની આજ્ઞા પ્રમાણે તપ સાધના, જ્ઞાન સાધના, આતાપના લેતાં, કાયોત્સર્ગ કરતાં, કાયાની માયાના બંધનો તોડવા તત્પર બની રહ્યા હોય, દેહાધ્યાસ છોડવા, આત્મભાવના ભાવી, પ્રતિમાધારી, અભિગ્રહધારી બની કાયોત્સર્ગની મુદ્રામાં સ્થિત હોય ત્યારે અનેક કર્મોની ઉદીરણા ચિત્તને ચંચળ બનાવવા, મોહમાં ખેંચી જવા બળવત્તર દ્વંદ્વો ઉભા કરે છે તો પણ સાધક કાયોત્સર્ગ છોડતા નથી ત્યારે સર્વ કર્મ તેના ઉદયકાળનો સ્વભાવ દર્શાવી નિર્જરી જાય છે. તે કાયોત્સર્ગની પ્રતિજ્ઞા ત્રણ યોગથી બંધાયેલા કર્મોને વિખેરી બાળી નાંખે છે ત્યારે ઉપર સ્થિત થયેલું કલ્યાણી કવચ જયઘોષણા કરતાં બોલે છે.

**સમ્યગ્ ત્રિયોગનું એકત્વ પાપ પ્રજાળે આત્મપ્રભા ઉજાળે.**

સાધના કરતા સાધકો કાયોત્સર્ગથી પાપ પ્રજાળે છે, તેથી જે આત્મગુણોની

પ્રભા શુદ્ધ વિશુદ્ધ પરિણામવાળી બને છે, ત્યારે આત્મા પોતે જ પોતાને ઓળખી સ્વરૂપનું સંધાન કરે છે કે હું આત્મા છું તેને પ્રાપ્ત કરવા પ્રતિજ્ઞા ધારણ કરે છે, પ્રભો ! હવે હું થઈ ગયેલા પાપને છોડું છું, નવા પાપને વોસિરાવું છું, આહારાદિ સંજ્ઞાથી પ્રાયઃ નવા પાપ થાય છે માટે ચારેય આહારના પ્રત્યાખ્યાન કરું છું. ઉપરાંતમાં નવી ભૂલ ન થાય તેનું લક્ષ્ય રાખું છું આ રીતે પ્રત્યાખ્યાન કરનાર મહાત્માઓ અપ્રમત્તદશાથી લઈને કેવળ જ્ઞાન પ્રાપ્ત કરવાના સ્થાન ઉપર અથવા આઠેય કર્મના ક્ષય સુધીનો પુરુષાર્થ કરે છે જેથી જિનાજ્ઞા ફરમાવે છે કે પ્રત્યાખ્યાનથી ભવોભવના પાપ નાશ પામે છે. આ રીતે પોતાના પાપનો ક્ષય કરી વિશુદ્ધ પરિણામવાળો થાય છે ત્યારે કવચને બાંધવાની કસ બોલે છે **સમ્યગ્ ત્રિયોગનું એકત્વ પાપ પ્રજાળે આત્મપ્રભા ઉજાળે.**

શુક્લ ધ્યાનની અગ્નિ પ્રજ્જવલિત કરી આઠે આઠ કર્મ બાળી, શુભ-શુદ્ધ થઈ આ કવચ છોડી, આત્મા મોક્ષે પધારે છે. જે નગરમાં તમે આવ્યા છો તે જ તમે છો, ત્યાં જ રાગ-દ્વેષનું બીયારણ પાંગરીને કર્મવૃક્ષ બને છે, તેને જડમૂળથી ઉખેડનારા તમે પોતેજ છો. હું પણ તમારા પરિણામથી પરિણત થયેલી સદ્‌વૃત્તિ પર્યાયમાં તમારી જ છું, તમારામાં જ રહું છું, હાં.. હવે સમય ઘણો થયો. આ વૃત્તાંત સાંભળી આપશ્રી સદા અહીં રહેવા માંગતા હો તો હું આપની દાસી બની સેવામાં હાજર છું. અમે બધાએ એકબીજાની સામે જોઈને કહ્યું.

સદ્‌વૃતિ બહેન ! આપને નમસ્તે. આપને સાંભળી ખુશ થયા છીએ પરંતુ કર્મના ભારથી ભરાયેલા અમે પાછા ફરીશું, આપશ્રીનું આ કવચ મેળવવા અનેક પુણ્યના પુંજની મૂડી એકઠી કરીને આવશું. ચોક્કસ શ્રદ્ધા તો થઈ જ ગઈ છે કે આ જ સાચું છે. અમારા રાજમહેલમાં જ અમારે રહેવું જોઈએ પણ કર્મચોરથી બંધાયેલા એવા અમે અશ્રુભર્યા નયને પાછા ફરીએ છીએ. બહેન તમો અમને વારંવાર યાદી અપાવવા જરૂર અમારી બહારની દુનિયામાં પધારજો એમ કહી અમે દિવ્ય વિચારના વાહનમાં પાછા ફર્યા.

પ્રિય પાઠકો ! સહુના સ્થાને સૌ ગયા અને હું મારી જિજ્ઞાસાવૃતિનો સત્કાર કરી મારા હૃદયમાં સમાવી દઈને સમાચારીમાં લીન બની સાધક આત્માઓ આપશ્રી બધાજ સમજી શક્યા હશો કે મોક્ષજનારને ત્રણ યોગની એકત્વ સાધના માટે ચૌદ બોલની જરૂર પડે છે. તે પૈકીની મનુષ્ય ગતિ, સંજ્ઞી પંચેન્દ્રિય અને વજ્રઋષભનારાચ સંઘયણી હોય તે જ શુક્લ ધ્યાનને ધરી શકે છે, અંતઃમુહુર્ત કે મુહૂર્ત સુધી તે જ ધ્યાનમાં રહી શકે છે અને આ છ આવશ્યકની આરાધના કરી કેવળજ્ઞાન પ્રગટાવી મોક્ષે જઈ શકે છે તેની ઝાંખી દર્શાવવા મેં આપશ્રીને એક કવચના માધ્યમે ધર્મવીર યોદ્ધાની માહિતી આપી, લોકાગ્રનું રાજ્ય મેળવવા માટે પણ દ્વંદ્વ ખેલવું પડે છે. આ રીતે આવશ્યકમાં

ખૂબ સારી રીતે છણાવટ કરવામાં પાપ પ્રજાળે આત્મપ્રભા ઉજાળે, આ શબ્દો મેં મારા જ્ઞાનદાતા ગુરુણી ભગવંત વિદુષી બા.બ્ર.પૂ. સ્વ. પ્રભાબાઈ સ્વામીના નામે રાખ્યું છે. તે મારા ઉપકારી છે તેથી તેમના પ્રતિ કૃતજ્ઞતા અદા કરવા આ નામ જોડ્યું છે. બીજી વાત એમ છે કે મારા સુશિષ્યા અને સંસારપક્ષે બહેન પ્રભાબાઈ મહાસતીજી છે. તે સર્વ સહયોગી સાધ્વીઓની સાથે રહીને કાર્યરત રહી છું માટે તેનું નામ પણ આ નામમાં સાર્થક થઈ જાય છે. આવા સાર્થક નામનું ધ્યેય એટલું જ છે કે આ યોગ ક્યારે સરજાય? પડીકાવાળતા કંદોઈની જેમ પડિક્કમણા ન કરતા ભાવવાહી પ્રતિક્રમણ કરી હળવા થઈએ, તો જ આવશ્યક સૂત્રની સાર્થકતા થાય. અત્યાર સુધી જીવ દ્રવ્યઆવશ્યકમાં લીન રહ્યો છે, પરંતુ ભાવ આવશ્યકમાં લીન બની શકતો નથી. આવું બનવાનું કારણ એક જ છે કે આપણે સહુ નકલી કવચ પહેરીને આવ્યા છીએ માટે અનેક છિદ્ર પડે છે તેને પણ ઢાંકવાનો પ્રયત્ન કરતાં નથી માટે ભવભ્રમણ અટકતાં નથી બસ અસ્તુ

દેવાધિદેવનું સાચું કવચ આપણને પ્રાપ્ત થાય. આવશ્યક આરામગૃહમાં સદાને માટે વસીએ અને આપણા જ અનંત સુખના ભોક્તા બનીએ.

## આભાર : ધન્યવાદ : સાધુવાદ :–

પ્રસ્તુત આગમના રહસ્યોને ખુલ્લા કરતો અણમોલ દિવ્ય અભિગમ પ્રેષિત કરનાર, મહાઉપકારી ગોંડલ ગચ્છ સંત શિરોમણિ, પરમ દાર્શનિક, અમારા આગમ કાર્યને પ્રોત્સાહિત કરી આશીર્વાદની વર્ષા વરસાવનારા ગુરુદેવ પૂ. **શ્રી જયંતિલાલજી મ.સા.**નો અનન્ય ભાવે આભાર માનું છું અને શતકોટી સાદર ભાવે પ્રણિપાત, નમસ્કાર કરું છું. શ્રદ્ધેય, પ્રેરક, માર્ગદર્શક જેમના પસાયે પૂ. ત્રિલોક મુનિ મ.સા.નો યોગ પ્રાપ્ત થયો છે, તેવા વાણીભૂષણ પૂ. **ગિરીશ ગુરુદેવ**નો સહૃદયતાપૂર્વક આભાર માની વંદન કરું છું. આગમ અનુવાદ સમાપનની શુભઘડીએ પધારી, સંપૂર્ણ ભાર વહન કરનાર આગમ દિવાકર **પૂ. શ્રી જનકમુનિ મ.સા.**ને સાદર પ્રણિપાત કરી. ગુરુપ્રાણ આગમ બત્રીસીના સંપાદન સહયોગી આગમ મનીષી પૂ. **ત્રિલોકમુનિવર્ય**ને શતકોટી વંદના પાઠવું છું.

મુનિ પુંગવોના ચરણાનુગામી, પ્રારંભેલા કાર્યને પૂર્ણતાના પગથારે પહોંચાડનારા, આગમ ગુજરાતી સંસ્કરણના ઉદ્‌ભવિકા, ઉત્સાહધરા, નિપુણા, કાર્યનિષ્ઠાવાન, ઉગ્ર તપસ્વિની મમ ભગિની તેમજ સુશિષ્યા સ્વ. સાધ્વી શ્રી **ઉષાને** સ્મરણ સાથે ધન્યવાદ અર્પું છું.

આ આગમના અનુવાદિકા છે અમારા પ્રશિષ્યા, મમ અંતેવાસી સુશિષ્યા રાજુલબાઈ મ.ના. પટ્ટોધરા સુશિષ્યા વાક્ય ચાતુર્યા, સુસ્વરકંઠી રૂપાબાઈ મહાસતીજી, જેઓએ અનુવાદ કરી આત્માને સજાગ કર્યો છે. રોજ બન્ને સંધ્યાએ પ્રતિક્રમણ કરતાં જીવનને ધન્ય બનાવી રહ્યા છે, તેમ છતાં અમે શુભેચ્છા પાઠવીએ છીએ કે તેઓ આ આવશ્યકસૂત્રને અવશ્ય આત્મસાત્ બનાવી જીવન ધન્યાતિધન્ય બનાવે અને કર્મક્ષય કરવાના લક્ષે પ્રતિક્રમણ શુદ્ધ બનાવી સ્થિત પ્રજ્ઞા બની સિદ્ધાવસ્થા પ્રાપ્ત કરવાની યોગ્યતા કેળવે તથાસ્તુ.

આગમ અવગાહન કાર્યમાં સહયોગી સાધ્વીરત્ના પુષ્પાબાઈ મ., પ્રભાબાઈ મ. એવં ધીરમતી બાઈ મ., હસુમતી બાઈ મ., વીરમતી બાઈ મ. સહિત સેવારત રેણુકાબાઈ મ. આદિ દરેક ગુરુકુલવાસી સાધ્વીવૃંદને અનેકશઃ ધન્યવાદ આપું છું.

સતત પ્રયત્નશીલ, અનેક આગમોનું અવગાહન કરીને અનુવાદની કાયાપલટ કરી, આગમને સરલ, સુમધુર, સમાર્જિત કરનાર, શબ્દાર્થ, ભાવાર્થ અને વિવેચનનું સંતુલન જાળવી રાખનાર, ભગીરથ કાર્યના યશસ્વી સહસંપાદિકા મમ શિષ્યા-પ્રશિષ્યા સાધ્વીરત્ના **ડૉ. સાધ્વી શ્રી આરતી** એવં **સાધ્વીશ્રી સુબોધિકા**ને અભિનંદન સહિત સાદર ધન્યવાદ આપું છું.

આગમ નિષ્ઠાથી સેવા આપનાર શ્રમણોપાસક મુકુંદભાઈ પારેખ, મણિભાઈ શાહ એવં કુમારી ભાનુબહેન પારેખને તેમજ ધોમ તાપમાં આવીને અમારા સંપાદકીય લખાણમાં યોગ જોડી, તન્મય બની મોતીસમા અક્ષરે આલેખન કરનાર કુ. યોજ્ઞાબેન મહેતાને અનેકશઃ ધન્યવાદ આપું છું.

પરમાગમ પ્રત્યે અવિહડ ભક્તિભાવ રાખનાર ગુરુપ્રાણ ફાઉન્ડેશનના માનદ્ સભ્ય ભામાશા શ્રીયુત રમણિકભાઈ તથા આગમ પ્રકાશન કરવાના અડગ ભેખધારી, દઢ સંકલ્પી, તપસ્વિની માતા વિજ્યાબહેન તથા ભક્તિસભરહૃદયી પિતા માણેકચંદભાઈ શેઠના સુપુત્ર, નરબંકા, રોયલપાર્ક સ્થા. જૈન મોટા સંઘના પ્રમુખ શ્રુતસેવાસંનિષ્ઠ શ્રી ચંદ્રકાંતભાઈ શેઠ તથા કાર્યાન્વિત શ્રી સર્વ સભ્યગણ; ધીરુભાઈ, વિનુભાઈ આદિ કાર્યકર્તાઓ; મુદ્રણ કરનાર નેહલભાઈ, તેમના પિતાશ્રી હસમુખભાઈ તથા સહયોગી સર્વ કાર્યકરો, આગમના શ્રુતાધાર બનનારને અને અન્ય જ્ઞાન દાનદાતા મહાનુભાવોને અભિનંદન સાથે સાધુવાદ આપું છું.

આગમના અનુવાદ, સંશોધન, સંપાદનમાં ઉપયોગી થયેલા પૂર્વ પ્રકાશિત આગમોના પ્રકાશકોને સાધુવાદ. આગમ અવગાહન કરવામાં ઉપયોગની શૂન્યતાથી કંઈક શબ્દો, અક્ષરો, પાઠમાં અશુદ્ધિ રહી જવા પામી હોય, વીતરાગ વાણી વિરુદ્ધ લખાયું, વંચાયું હોય તો ત્રિવિધે-ત્રિવિધે મિચ્છામિ દુક્કડં.

પ્રિય પાઠકો ! તમો આગમ વાંચો ત્યારે કંઈક અશુદ્ધિ રહી જવા પામી હોય તે ખ્યાલ આવે તો તેની નોંધ કરી અમને મોકલવા પ્રયત્ન કરશો. **नमामि सव्व जिणाणं– खमामि सव्वजीवाणं ।**

**વીતરાગ વચન વિરુદ્ધ લખાયું હોય, તો માગુ પુનઃ પુનઃ ક્ષમાપના,**
**મંગલમૈત્રી પ્રમોદ ભાવમાં વહો સહુ, એવી કરું છું વિજ્ઞાપના**

પરમ પૂ. સૌમ્યમૂર્તિ અંબાબાઈ મ.સ.ના
સુશિષ્યા– **આર્યા લીલમ.**

# સંપાદન અનુભવ

ડો. સાધ્વી આરતી તથા સાધ્વી સુબોધિકા

સાધકોના દોષોની શુદ્ધિ અને આત્મગુણોની અભિવૃદ્ધિ કરનારા શ્રી આવશ્યક સૂત્રની આરાધના સમગ્ર સાધનાને જીવંત રાખનારી એક અનોખી શક્તિ છે. તીર્થ સ્થાપનાના પ્રથમ દિવસે જ ગણધરો આવશ્યકસૂત્ર સહિત દ્વાદશાંગીની રચના કરે છે અને તે દિવસથી જ ચતુર્વિધ શ્રીસંઘના તમામ સાધકો તેની આરાધનાનો પ્રારંભ કરે છે. તેનાથી જ સમગ્ર જૈન સાહિત્યમાં આવશ્યકસૂત્રની અગ્રતા, પ્રધાનતા કે મુખ્યતા પ્રતીત થાય છે.

શ્રી આવશ્યકસૂત્ર ચતુર્વિધ સંઘના માટે આરાધનાનું અનિવાર્ય અંગ હોવાથી ભગવાન મહાવીરના નિર્વાણ પછી અનેક પૂર્વાચાર્યોએ તેના પર નિર્યુક્તિ, ભાષ્ય, ટીકા તેમજ વિવિધ વિવેચનો લખીને તેના સારગર્ભિત તત્ત્વોના રહસ્યોને ઉદ્દ્ઘાટિત કરવાના પ્રયત્નો કર્યા છે. આ રીતે આવશ્યકસૂત્રમાં વિવિધ વિદ્વાન આચાર્યોની વિચારધારાથી ઘણા સુધારા-વધારા થયા છે.

આગમ પ્રકાશનની શ્રેણીમાં અમે શ્રી આવશ્યક સૂત્રના સંપાદન કાર્યનો પ્રારંભ કર્યો. પૂર્વ પ્રકાશિત પ્રતોનું અવલોકન કર્યું. ભિન્ન ભિન્ન પ્રતોમાં સૂત્રપાઠના ક્રમમાં વિવિધતા જોતાં મન મુંઝવણ અનુભવવા લાગ્યું. તેમ છતાં ગુરુકૃપાના પ્રકાશ સાથે કાર્યક્ષેત્રમાં પ્રવેશ કર્યો. પ્રચલિત પરંપરા ખંડિત ન કરવી અને આગમની મૌલિકતા જાળવી રાખવી તે સંપાદકોની ફરજને લક્ષમાં રાખીને અમે કાર્યશીલ બન્યા. સહુ પ્રથમ સૂત્રપાઠનું સંકલન કેમ કરવું ? તે મહત્વની વાત હતી.

મૂળ આવશ્યકસૂત્રના સૂત્રપાઠ અને પ્રચલિત પરંપરાનુસાર પ્રતિક્રમણસૂત્રના પાઠ, આ બંને જો વાંચકો સમક્ષ પ્રગટ થાય તો જ આગમની પ્રાચીનતા અને વર્તમાનકાલીન પરંપરાનો તુલનાત્મક વિચારણા કરી, તેનો સમન્વય કરી શકાય તેમ વિચારીને સૂત્રપાઠનું સંકલન કર્યું છે.

**પ્રસ્તુત આવશ્યક સૂત્રમાં મૂળ આવશ્યકાનુસારી સૂત્રપાઠની સંકલના :–** આવશ્યક સૂત્રમાં છે અધ્યયનો છ આવશ્યક રૂપે પ્રસિદ્ધ છે. તેમાં નિર્યુક્તિના સમયથી સર્વ પ્રથમ આદિ મંગલ રૂપે પંચ પદાત્મક નમસ્કાર મહામંત્રનો પાઠ છે, ત્યાર પછી પ્રથમ સામાયિક આવશ્યકમાં 'કરેમિ ભંતે', બીજા ચતુર્વિંશતિસ્તવ આવશ્યકમાં

'લોગસ્સ' સૂત્ર છે. ત્રીજા વંદના આવશ્યકમાં ઈચ્છામિ ખમાસમણોનો પાઠ છે. ચોથા પ્રતિક્રમણ આવશ્યકમાં ૧. ચત્તારિ મંગલમ્ ૨. ઈચ્છામિ ઠામિ કાઉસગ્ગં ૩. ઈરિયાવહિય, ૪ થી ૮. પાંચ શ્રમણસૂત્ર અને ૯. ખામેમિ સવ્વે જીવા... આ નવ પાઠનો સમાવેશ કર્યો છે. પાંચમા કાયોત્સર્ગ આવશ્યકમાં કાઉસગ્ગ પ્રતિજ્ઞા માટે તસ્સ ઉત્તરી નો પાઠ છે. છટ્ઠા પ્રત્યાખ્યાન આવશ્યકમાં નવકારશી આદિ દશ પચ્ચક્ખાણના દશ પાઠ છે અને અંતે અંતિમ મંગલરૂપે નમોત્થુણંનો પાઠ છે. આ રીતે છ આવશ્યકના ૧+૧+૧+૯+૧+૧૦ = ૨૩ પાઠ અને આદિ તથા અંતિમ મંગલના એક-એક પાઠની ગણના કરતા કુલ ૨૫ પાઠ છે અને તેનું પ્રમાણ ૧૨૫ અનુષ્ટુપ શ્લોક પ્રમાણ છે.

આવશ્યક સૂત્રમાં સાધુની પ્રધાનતાએ જ સર્વ પાઠ છે. શ્રી અનુયોગદ્વાર સૂત્રમાં શ્રાવક-શ્રાવિકાને પણ ઉભયકાલ પ્રતિક્રમણ કરવાનું વિધાન છે. શ્રાવક પ્રતિક્રમણના પાઠોનું સંકલન ભાષ્ય, ટીકા, આદિ વ્યાખ્યાગ્રંથોના આધારે આવશ્યક સૂત્રના પરિશિષ્ટ રૂપે થયું હોય, તેવી સંભાવના છે.

કાલક્રમે અનેક પૂર્વાચાર્યોએ વિવિધ આગમસૂત્રોના તથા અન્ય ગ્રંથોના આધારે પ્રતિક્રમણ સંબંધિત વિવિધ પાઠોની સંકલના કરી છે, તેમજ કેટલાક પાઠની ગદ્ય-પદ્યમાં, હિન્દી, ગુજરાતી કે રાજસ્થાની આદિ લોકભાષામાં રચના કરી છે.

**અન્ય ગ્રંથ આધારિત સૂત્રપાઠો :–**

ઈચ્છામિ ણં ભંતે...– પ્રતિક્રમણ આજ્ઞા તથા પ્રતિજ્ઞા પાઠ-આવશ્યક નિર્યુક્તિ;

તિક્ખુતો – ગુરુવંદન સૂત્ર– રાયપસેણીય સૂત્ર;

કરેમિ ભંતે – (શ્રાવકોનું) સામાયિક પ્રતિજ્ઞા સૂત્ર– હારિભદ્રીય આવશ્યક વૃત્તિ.

દર્શન સમ્યક્ત્વ, શ્રાવકના વ્રત તથા સંલેખના સૂત્ર–આવશ્યક નિર્યુક્તિ તથા ઉપાસક-દશાંગસૂત્ર.

અઢાર પાપસ્થાનક – ભગવતીસૂત્ર, શતક–૧૨/૫ તથા ઠાણાંગ સૂત્ર, સ્થાન –૧.

પચીસ પ્રકારનું મિથ્યાત્વ – ઠાણાંગ સૂત્ર, સ્થાન–૫.

ચૌદ પ્રકારના સંમૂર્ચ્છિમ – શ્રી પ્રજ્ઞાપના સૂત્ર.

સાધુના પંચ મહાવ્રત – શ્રી દશવૈકાલિક સૂત્ર.

પાંચ સમિતિ, ત્રણ ગુપ્તિ – શ્રી ઉત્તરાધ્યયન સૂત્ર.

ખામણા–(વંદના)–પૂર્વાચાર્યોએ પોત-પોતાની લોકભાષામાં રચના કરી છે.

આ રીતે વર્તમાનનું પ્રતિક્રમણ સૂત્ર મૂળ આવશ્યકસૂત્ર સાથે ઉપરોક્ત આગમ

ગ્રંથોના પાઠથી મિશ્રિત થયેલું છે, તેથી તેનું પ્રમાણ આવશ્યક સૂત્રથી ઘણું વધી ગયું છે. દરેક આચાર્યોએ છ આવશ્યકના ક્રમને યથાર્થ રૂપે જાળવી રાખીને પ્રતિક્રમણના સૂત્રપાઠોની સંકલના કરી છે. તેમાં પણ વિવિધતા પ્રતીત થાય છે.

આવશ્યક સૂત્રોના મૂળપાઠ 'સુત્તાગમે'માં પ્રકાશિત છે. તે ઉપરાંત આચાર્ય તુલસી તથા મુનિશ્રી પુણ્યવિજયજી મ.સા. દ્વારા સંપાદિત મૂળપાઠ પ્રકાશિત છે. પૂ. અમરમુનિ મ.સા.એ ભાષ્યગ્રંથોને નજર સમક્ષ રાખીને આવશ્યકસૂત્ર ટીકા તથા વિવેચન લખ્યા છે. પૂ. ઘાસીલાલજી મ.સા.એ વર્તમાનકાલીન પરંપરાને પ્રાધાન્ય આપીને ટીકાની રચના કરી છે. આ રીતે આવશ્યક સૂત્રની પ્રકાશિત પ્રતોમાં એકસૂત્રતા પ્રતીત થતી નથી.

આચાર્ય તુલસીએ અનુયોગદ્વારા સૂત્ર આધારિત આવશ્યક સૂત્રના ઉપોદ્ઘાત પછી સૂત્રનો પ્રારંભ કર્યો છે. પૂ. પુણ્યવિજયજી મ.સા. આદિ અન્ય આચાર્યોએ ઉપોદ્ઘાતના કથન વિના જ સૂત્રનો પ્રારંભ કર્યો છે. પ્રાયઃ બધી પ્રતોમાં નમસ્કાર મહામંત્રથી શાસ્ત્રનું મંગલાચરણ અને પ્રથમ આવશ્યકમાં 'કરેમિ ભંતે' નો પાઠ છે. પૂ. ઘાસીલાલજી મ.સા. પ્રથમ આવશ્યકમાં જ કાઉસગ્ગના વિષયભૂત જ્ઞાનાદિના અતિચાર, તથા ટીકામાં પાંચ સમિતિ, ત્રણ ગુપ્તિ, પંચ મહાવ્રત આદિ પાઠોનું કથન કર્યું છે. બીજા અને ત્રીજા આવશ્યકમાં સર્વ આચાર્યોએ સમાન પાઠ ગ્રહણ કર્યું છે. ચોથા આવશ્યકમાં પ્રાયઃ સર્વ આચાર્યો નિર્યુક્તિના ક્રમને અનુસર્યા છે. પાંચમાં આવશ્યકમાં આચાર્ય તુલસી આદિ બધા આચાર્યો એક સમાન છે. પૂ. ઘાસીલાલજી મ.સા.એ પંચ પરમેષ્ઠીને વંદના રૂપ પાંચ ખામણા, ખામેમિ સવ્વે જીવા, તથા કાયોત્સર્ગ પ્રતિજ્ઞાસૂત્રનું નિરૂપણ કર્યુ છે. છટ્ઠા આવશ્યકમાં પૂ. પુણ્યવિજયજી મ.સા.એ શ્રાવકના પ્રત્યાખ્યાન રૂપ સમ્યક્ત્વ સહિત બાર વ્રત તથા સંલેખના પાઠ તથા તેના અતિચારોનું કથન કર્યું છે. ત્યાર પછી દશ પચ્ચક્ખણાના દશ પાઠનું કથન કર્યું છે આચાર્ય તુલસીએ પ્રત્યાખ્યાન આવશ્યકમાં દશ પચ્ચક્ખાણના દશ પાઠનું કથન કર્યું છે અને શ્રાવકના વ્રત તથા તેના અતિચારોનું કથન પરિશિષ્ટ રૂપે કર્યું છે.

આ રીતે આચાર્યોના સૂત્રપાઠના સંકલનને જોતાં સ્પષ્ટ થાય છે પાઠના ક્રમમાં વિવિધતા હોવા છતાં સર્વના આશયમાં એકરૂપતા છે.

પ્રસ્તુત સંસ્કરણમાં આચાર્ય તુલસી દ્વારા સંપાદિત મૂળપાઠને આધારભૂત બનાવીને આવશ્યકસૂત્રના પાઠની સંકલના કરી છે. દરેક સૂત્રના શબ્દાર્થ, ભાવાર્થ તથા વિવેચન, તે ઉપરાંત પ્રત્યેક આવશ્યકની વિધિ, આસન વગેરે સમજાવીને વિષયને સ્પષ્ટ કર્યો છે. આવશ્યકસૂત્રના પાઠના વિવેચન પછી પ્રચલિત ગુજરાતી પરંપરા અનુસાર

વિધિ સહિત સાધુ પ્રતિક્રમણ અને શ્રાવક પ્રતિક્રમણ પરિશિષ્ટમાં આપ્યા છે.

આ રીતે સાધકોની દૈનિક ક્રિયામાં ઉપયોગી શાસ્ત્રના ભાવોને વાચકોના અંતર સુધી પહોંચાડવાનો અલ્પતમ પ્રયત્ન કર્યો છે. સંક્ષેપમાં અલ્પ ક્ષયોપશમે પરંતુ મહત્ ગુરુકૃપાએ સંપાદન કાર્ય સફળતાપૂર્વક પૂર્ણ કરી શક્યા છીએ.

જેમ જેમ એક એક આગમ સંપાદનનું કાર્ય પૂર્ણ થાય, તેમ તેમ જિનભક્તિ અને શ્રદ્ધા દઢતમ થતાં જાય છે. કાળ ભલે કઠિન હોય, તેમ છતાં ભગવાનનું શાસન આજે જયવંતુ છે, શ્રુતપ્રેમી સર્વ સાધકોની શ્રુત પરંપરાને અખંડ બનાવવાની ભાવના જીવંત છે, ગુરુવર્યોની કૃપા અખંડ છે. સર્વ શાસનરક્ષક અને શ્રુતરક્ષક દેવ દેવીઓ અપૂર્વ ભાવે જિનભક્તિ કરી રહ્યા છે. શાસનપ્રેમી સહુના સદ્ભાવના પૂર્વકના સંપૂર્ણ સહયોગે સંપાદનની સર્વ સમસ્યાનું સહજપણે સમાધાન થઈ જાય છે, મુંઝવણ દૂર થાય છે, સર્વ કંટકો ફૂલ બનીજાય છે અને કાર્ય સફળતાપૂર્વક પૂર્ણ થયું હોય તેવી અનુભૂતિ થઈ રહી છે.

આ કાર્યમાં જીવનમાં ધ્રુવતારક સમ પરમ શ્રદ્ધેય પૂ. જય-માણેક-પ્રાણ ગુરુદેવની આશિષવર્ષા, અનંત ઉપકારી ગુરુદેવ પૂ. શ્રી રતિલાલજી મ.સા.ની પરોક્ષ પ્રેરણા, પ્રધાન સંપાદિકા, સંયમ સંનિષ્ઠા, અપ્રમત્તયોગિની ઉપકારી ગુરુણીમૈયા ભાવયોગિની પૂ. લીલમબાઈ મ.ની પાવન અને પ્રેરક નિશ્રા તથા અમારા સંપાદન શ્રમના અહર્નિશ સાક્ષી ગુરુણીમૈયા પૂ. વીરમતિબાઈ મ.નો સંપૂર્ણ સહયોગ અને સહવર્તી પૂ. બિંદુબાઈ મ.આદિ ગુરુકુલવાસી સર્વ સતિવૃંદની સદ્ભાવનાએ અમોને કાર્યશક્તિ પ્રદાન કરી છે. સહુના સહયોગે, અમારા નિમિતે સંપાદન કાર્ય આકાર થઈ રહ્યું છે. સફળતાના સુવર્ણ અવસરે કૃતજ્ઞતાભાવે ઉપકારીઓના ચરણોમાં ભાવવંદન કરીએ છીએ. અંતે જન્મદાત્રી માતા–પિતાના ઋણનો સ્વીકાર કરીને વિરામ પામીએ છીએ.

સંપાદન કાર્યમાં છદ્મસ્થતાના યોગે જિનવાણીથી ઓછી અધિક વિપરીત પ્રરૂપણા થઈ હોય, તો પરમેષ્ઠી ભગવંતોની સાક્ષીએ હાર્દિક ક્ષમાયાચના . . .

સદા ઋણી માત-તાત **ચંપાબેન-શામળજીભાઈ !**
કર્યું તમે સંસ્કારોનું સિંચન,
અનંત ઉપકારી ઓ તપસમ્રાટ **ગુરુદેવ શ્રી !**
આપ્યું અણમોલું સંયમ જીવન
શરણુ ગ્રહ્યું પૂ. **મુક્ત-લીલમ** ગુરુણીશ્રી !
ખોલ્યા આપે દિવ્ય જ્ઞાનરૂપ નયન
દેવગુરુધર્મની મળે એવી કૃપા
શ્રુત **આરતી**એ પામું આત્મદર્શન.

સદા ઋણી માત-તાત **લલિતાબેન-પોપટભાઈ !**
કર્યું તમે સંસ્કારોનું સિંચન,
અનંત ઉપકારી ઓ તપસમ્રાટ **ગુરુદેવ શ્રી !**
આપ્યું અણમોલું સંયમ જીવન
શરણુ ગ્રહ્યું **પૂ. મુક્ત-લીલમ-વીર** ગુરુણીશ્રી !
ખોલ્યા આપે દિવ્ય જ્ઞાનરૂપ નયન
દેવગુરુધર્મની મળે એવી કૃપા
શ્રુત **સુબોધે** કરું કષાયોનું શમન.

# અનુવાદિકાની કલમે

– સાધ્વી શ્રી રૂપાબાઈ મ.

જૈન આગમ સાહિત્યમાં આવશ્યકસૂત્રનું વિશિષ્ટ સ્થાન છે. તે ગુણ શૂન્ય આત્માને પ્રશસ્ત ગુણોથી આવાસિત, સુવાસિત કરે છે. આવશ્યકની આરાધના જીવનશુદ્ધિની સાધના છે. ગમે તે કોટિના સાધકોને માટે આવશ્યકની સાધના અનિવાર્ય છે.

સાધના પથ પર કદમ-કદમ આગળ વધતો સાધક મોહનીયકર્મનો ક્ષય ન થાય ત્યાં સુધી ઉદયભાવને આધીન બનીને ગમે ત્યારે માર્ગથી ચ્યુત થાય છે, જાણતા કે અજાણતા દોષ સેવન કરે છે. માર્ગથી પતિત થયેલા સાધકને પુનઃ માર્ગ પર સ્થિત કરવા આવશ્યકસૂત્ર આધારભૂત છે. છદ્મસ્થદશામાં આવશ્યકની આરાધના જ સાધકોની પ્રગતિનો પ્રાણ છે, તેથી જ સંયમ સ્વીકાર કરનાર નવદીક્ષિત સાધુને સહુ પ્રથમ આવશ્યકસૂત્રનું અધ્યયન કરાવાય છે.

**રચનાકાલ અને વિષયવસ્તુ :–** કેવળજ્ઞાનની પ્રાપ્તિ પછી તીર્થંકરો ચતુર્વિધ સંઘની સ્થાપના કરે છે. સાધુ-સાધ્વી, શ્રાવક-શ્રાવિકા આ ચારે તીર્થના સાધકોને પ્રતિક્રમણ કરવું અનિવાર્ય છે. પ્રતિક્રમણની આરાધના આવશ્યસૂત્રના આધારે જ થાય છે, તેથી સર્વ તીર્થંકરોના શાસનમાં ગણધરો દ્વાદશાંગી સહિત આવશ્યકસૂત્રની રચના કરે છે. આ રીતે અંગસૂત્રોની જેમ આવશ્યકસૂત્રના રચયિતા પણ ગણધર ભગવંત જ હોય છે.

પ્રત્યેક તીર્થંકરોના શાસનમાં સાધુના દશ પ્રકારના કલ્પ હોય છે. તેમાં આઠમો પ્રતિક્રમણ કલ્પ છે. મધ્યના બાવીસ તીર્થંકરોના શાસનમાં પ્રતિક્રમણ કલ્પ સ્વૈચ્છિક હતો. સરળ અને ભદ્રિક સાધુઓ જ્યારે પાપસેવન થાય ત્યારે તુરંત જ તેની આલોચના કરીને તેનું પ્રતિક્રમણ કરી લેતા હતા, તેથી તે કાલમાં ઉભયકાલ પ્રતિક્રમણની આવશ્યકતા ન હતી. ભગવાન મહાવીરે **पंचमहव्वए सपडिक्कमणं धम्मं . . .** પ્રતિક્રમણ સહિત પંચ મહાવ્રતરૂપ ધર્મની પ્રરૂપણા કરી. ભગવાન મહાવીરના શાસનમાં પ્રતિક્રમણ કલ્પ અનિવાર્ય બની ગયો. ઉપરોક્ત કથનથી સ્પષ્ટ થાય છે કે ભગવાન પાર્શ્વનાથની પરંપરા સુધી આવશ્યકસૂત્ર હતું પરંતુ તેને ષડાવશ્યકનું ચોક્કસ ક્રિયાત્મક સ્વરૂપ ભગવાન મહાવીરના શાસનમાં પ્રાપ્ત થયું.

આવશ્યકસૂત્રમાં એક શ્રુતસ્કંધ તથા છ અધ્યયનો છે. તે છ અધ્યયન જ છ આવશ્યક રૂપે પ્રસિદ્ધ છે. શ્રી નંદીસૂત્રની આગમ સૂચિમાં આવશ્યકસૂત્રના છ અધ્યયના

નામોનો ઉલ્લેખ છે. ૧. સામાયિક, ૨. ચૌવિસંથો, ૩. વંદના, ૪. પડિક્કમણ, ૫. કાઉસગ્ગ અને ૬. પચ્ચકખાણ. શ્રી અનુયોગદ્વારસૂત્રમાં છ એ અધ્યયનના ગુણનિષ્પન્ન નામનું (અર્થાધિકાર)કથન છે. તે ક્રમશઃ આ પ્રમાણે છે– ૧. સાવદ્યયોગવિરતિ, ૨. ઉત્કીર્તન, ૩. ગુણવત્ પ્રતિપત્તિ, ૪. સ્ખલિત નિંદા, ૫. વ્રણ ચિકિત્સા, ૬. ગુણધારણા.

**(૧) સામાયિક :–** છ આવશ્યકમાં સામાયિકનું સ્થાન પ્રથમ છે. પાંચ ચારિત્રમાં સામાયિક ચારિત્ર પ્રથમ છે. દેશવિરતિ કે સર્વવિરતિ ચારિત્રનો પ્રારંભ સામાયિકથી જ થાય છે. સાધક સર્વ પાપસ્થાનથી નિવૃત્ત થઈને વિષમભાવનો ત્યાગ કરીને સમભાવની પ્રાપ્તિના લક્ષે સામાયિકમાં સ્થિત થાય ત્યાર પછી તેની સાધનાનો પ્રારંભ થાય છે. સાધકના વ્રત, તપ, જપ આદિ સર્વ અનુષ્ઠાનોની આરાધના સમભાવની પ્રાપ્તિ માટે જ છે, સમગ્ર સાધના સામાયિકને કેન્દ્રમાં રાખીને જ કરવાની હોય છે, તેથી જ આચાર્ય જિનભદ્રગણિ ક્ષમાશ્રમણ વિશેષાવશ્યક ભાષ્યમાં સામાયિકને ચૌદપૂર્વના અર્થપિંડ રૂપ કહે છે. આ રીતે સાધના માર્ગમાં સામાયિકની મુખ્યતાને સ્વીકારીને તેનું સ્થાન પ્રથમ છે.

**(૨) ચૌવીસંથો :–** સાવદ્યયોગથી નિવૃત્ત થયેલો સાધક નિરવદ્યયોગમાં પ્રવૃત્ત થવા માટે, સમભાવને ટકાવી રાખવા માટે તીર્થંકરોનું આલંબન સ્વીકારી અપૂર્વ ઉલ્લાસભાવે તેમની સ્તુતિ અને ભક્તિ કરે છે, તેથી બીજો આવશ્યક ચૌવીસંથો-ચતુર્વિંશતિસ્તવ છે. તીર્થંકરોની સ્તુતિ-ભક્તિથી ભક્તના અંતરમાં આધ્યાત્મિક બળનો સંચાર થાય છે અને તેના સહારે જ તે સાધના પથમાં ગતિ-પ્રગતિ કરી શકે છે.

**(૩) વંદના :–** સાધક તીર્થંકરોની સ્તુતિ કર્યા પછી પ્રત્યક્ષ ઉપકારી માર્ગદાતા ગુરુને વિધિપૂર્વક વંદન કરે છે, તેથી ત્રીજો આવશ્યક વંદના છે. વંદના આવશ્યકથી વિનયધર્મની આરાધના થાય છે. જૈનાગમોમાં વિનયને ધર્મનું મૂળ અને મોક્ષને તેનું ફળ કહ્યું છે. ગુરુવંદન દ્વારા સાધક પોતાની સ્વચ્છંદ બુદ્ધિને રોકીને નમ્ર બને છે અને ત્યારે જ તેનામાં પ્રતિક્રમણની યોગ્યતા પ્રગટ થાય છે. આ રીતે છ આવશ્યકમાં પ્રતિક્રમણ આવશ્યકની મુખ્યતા છે. પ્રથમ ત્રણ આવશ્યક તેની પૂર્વભૂમિકારૂપ છે.

**(૪) પડિક્કમણ :–** ત્રણ આવશ્યકની આરાધનાથી જેની ચિતવૃત્તિ શાંત અને નિર્મળ થઈ ગઈ છે, તેવો સાધક અંતરમુખી બની, અંતર નિરીક્ષણ દ્વારા પોતાના સ્થૂલ અને સૂક્ષ્મ દોષોનું શોધન કરીને સરળતાપૂર્વક આલોચના, નિંદા, ગર્હાપૂર્વક તેનું પ્રતિક્રમણ કરે છે, તેથી ચોથો આવશ્યક પ્રતિક્રમણ છે.

પ્રતિક્રમણ સાધકની રોજનીશી છે. પ્રતિદિન સાંજે પોતાના હિસાબને ચોખ્ખા કરી લેનાર વ્યાપારી હંમેશાં લાભને પ્રાપ્ત કરે છે, તેમ ઉભયકાળ પોતાના દોષોનું શોધન કરીને પ્રતિક્રમણ કરનાર સાધક ઉત્તરોતર આત્મગુણોના લાભને પ્રાપ્ત કરે છે.

**(૫) કાઉસ્સગ્ગ :–** પાપથી પાછો ફરેલો સાધક આત્માની વિશેષ શુદ્ધિ માટે, સૂક્ષ્મ

દોષોના નાશ માટે કાઉસ્સગ્ગ કરીને ત્રણે યોગની પ્રવૃત્તિને સ્થિર કરે છે. યોગની પ્રવૃત્તિ સ્થિર થાય ત્યાર પછી જ ઉપયોગ સ્વરૂપ આત્માની અનુભૂતિ થાય છે, તેથી પાંચમો આવશ્યક કાયોત્સર્ગ છે. સાધુ-સાધ્વીઓ ગોચરી, પ્રતિલેખન, પરિષ્ઠાપન, સ્વાધ્યાય આદિ પોતાની આવશ્યક પ્રવૃત્તિઓ કર્યા પછી કાઉસ્સગ્ગ દ્વારા તે ક્રિયામાં લાગેલા દોષોની શુદ્ધિ કરે છે. સાધકોને વારંવાર કાઉસ્સગ્ગ કરવાનું વિધાન દેહાધ્યાસને છોડવા માટે છે.

**(૬) પચ્ચક્ખાણ :–** સ્થૂલ અને સૂક્ષ્મ દોષોથી મુક્ત થયેલો સાધક વૈભાવિક ભાવોથી, પાપપ્રવૃત્તિથી ત્રૈકાલિક મુક્ત થવા માટે તે તે પ્રવૃત્તિના પચ્ચક્ખાણ કરે છે. તે પ્રવૃત્તિનો ત્યાગ કરે છે, તેથી છઠ્ઠો આવશ્યક પચ્ચકખાણ છે.

આ લોકમાં પદાર્થો અનંત છે અને આપણી ઈચ્છાઓ પણ અનંત છે. અનંત ઈચ્છાઓથી અનંત પદાર્થોને ભોગવવાની વૃત્તિ પચ્ચક્ખાણથી સીમિત થાય છે. જીવનને સંયમિત અને નિયમિત બનાવવા માટે, પચ્ચક્ખાણની આવશ્યકતા છે. આ રીતે છ એ આવશ્યક આત્મનિરીક્ષણ, આત્મ પરીક્ષણ અને આત્મવિશુદ્ધિનો શ્રેષ્ઠતમ ઉપાય છે.

છ એ આવશ્યકનું સ્વરૂપ જોતાં સમજી શકાય છે કે ચતુર્વિધસંઘના સર્વ કોટિના સાધકો માટે તે અનિવાર્ય છે.

**વ્યાખ્યાસાહિત્ય :–** આવશ્યક સૂત્રની મહત્તા સ્વીકારીને તેના પર અધિકતમ વ્યાખ્યા સાહિત્યની રચના થઈ છે. પૂર્વાચાર્યોએ આવશ્યકના ભાવોને વિસ્તારથી સમજાવવા માટે નિર્યૂક્તિ, ભાષ્ય, ટીકા, ચૂર્ણિ, ટબ્બાની રચના કરી છે.

**નિર્યુક્તિ :–** નિર્યુક્તિ પદ્યરૂપ રચના છે. તે આગમોના રહસ્યોને પ્રગટ કરે છે. નંદીસૂત્રમાં દ્વાદશાંગીના પરિચયમાં **संखेज्जाओ निज्जुत्तीओ**– સંખ્યાત નિર્યુક્તિઓ કહી છે. તેનાથી સ્પષ્ટ થાય છે કે નિર્યુક્તિની પરંપરા આગમકાલથી જ ચાલી આવે છે. જેમ વર્તમાનમાં શિક્ષકો વિદ્યાર્થીઓને ટૂંક નોંધ લખાવે છે તેમ પ્રત્યેક આચાર્ય કે ઉપાધ્યાય પોત-પોતાના શિષ્યોને આગમના ભાવોનું સ્પષ્ટીકરણ કરાવવા નિર્યુક્તિની રચના કરતા હોય, તેમ જણાય છે. વર્તમાને આગમોની દશ નિર્યુક્તિઓ ઉપલબ્ધ છે, તેના કર્તા ચૌદપૂર્વધારી શ્રી ભદ્રબાહુસ્વામી છે. તેમાં અનેક મહત્વપૂર્ણ વિષયોની ચર્ચા છે.

**ભાષ્ય :–** આવશ્યકસૂત્ર પર ત્રણ ભાષ્યગ્રંથોની રચના થઈ છે. ૧. મૂળ ભાષ્ય, ૨. ભાષ્ય અને, ૩. વિશેષાવશ્યક ભાષ્ય. પ્રથમ બે ભાષ્ય અત્યંત સંક્ષિપ્ત છે. વિશેષાવશ્યક ભાષ્યની રચના શ્રી જિનભદ્રગણિક્ષમાશ્રમણે કરી છે. તેમાં જૈનાગમ સાહિત્યના મહત્વપૂર્ણ સર્વ વિષયોનું સંકલન છે. આ ભાષ્યમાં પ્રથમ સામાયિક અધ્યયન પર વિસ્તૃત વિવેચન છે.

**ચૂર્ણિ :–** નિર્યુક્તિ અને ભાષ્યની રચના પછી શુદ્ધ પ્રાકૃત અને સંસ્કૃત મિશ્રિત પ્રાકૃત ભાષામાં આગમોના ગદ્યાત્મક વ્યાખ્યા સાહિત્યના લેખનનો પ્રારંભ થયો. તે ચૂર્ણિ રૂપે

પ્રસિદ્ધ છે. ચૂર્ણિ સાહિત્યમાં જિનદાસ ગણિ મહત્તરનું નામ અગ્રસ્થાને છે. તેમણે સાત ચૂર્ણિઓની રચના કરી છે. તેમાં આવશ્યક-ચૂર્ણિ તેમની મહત્વપૂર્ણ રચના છે. તેમાં આવશ્યકનિર્યુક્તિમાં સમાવિષ્ટ સર્વ વિષયો પર વિસ્તૃત વિવેચન છે, તેમજ પ્રસંગોપાત પૌરાણિક, ઐતહાસિક મહાપુરુષોના જીવનનો ઉલ્લેખ છે, તેથી ઐતહાસિક દષ્ટિએ તેનું મહત્વ વધી જાય છે.

**ટીકા :–** નિર્યુક્તિમાં આગમોના શબ્દોની વ્યુત્પત્તિ અને વ્યાખ્યા છે. ભાષ્યમાં તે ભાવોનું વિસ્તૃત વિવેચન છે. ચૂર્ણિ સાહિત્યમાં તે ભાવોને લોકકથાના આધારે સમજાવ્યા છે. ટીકાસાહિત્યમાં આગમ સાહિત્યનું દાર્શનિક દષ્ટિકોણથી વિશ્લેષણ છે. ટીકાકારોમાં સર્વપ્રથમ ટીકાકાર જિનભદ્રગણિ ક્ષમાશ્રમણ છે. તેમણે પોતાના વિશેષાવશ્યક ભાષ્ય પર સ્વોપજ્ઞવૃત્તિ લખવાનો પ્રારંભ કર્યો પરંતુ તેઓ પોતાના જીવનકાલમાં તે પૂર્ણ કરી શક્યા નહીં, તેમની અધૂરી ટીકા કોટ્યાચાર્યે પૂર્ણ કરી છે.

આચાર્ય હરિભદ્રસૂરિએ આવશ્યક સૂત્ર પર બે ટીકાની રચના કરી છે. તેમાંથી એક ટીકા વર્તમાને ઉપલબ્ધ નથી. હારિભદ્રીયવૃત્તિ વર્તમાને ઉપલબ્ધ છે. કોટ્યાચાર્યે વિશેષાવશ્યકભાષ્યની જિનભદ્રગણિ ક્ષમાશ્રમણની અધૂરી વૃત્તિ પૂર્ણ કરી અને તે ઉપરાંત એક સ્વતંત્ર વૃત્તિની રચના કરી છે. આચાર્ય શ્રી મલયગિરિએ આવશ્યકવૃતિની મહત્વપૂર્ણ રચના કરી છે. તેમજ અન્ય અનેક વિદ્વાનોએ આવશ્યક સૂત્ર પર વૃતિની રચના કરી છે. તેમાં આચાર્ય મલધારી હેમચંદ્ર સૂરિની વિશેષાવશ્યક ભાષ્ય પરની શિષ્યહિતાવૃત્તિ છે. છેલ્લે સં. ૧૯૫૮માં પૂ.શ્રી ઘાસીલાલજી મહારાજ સાહેબે આવશ્યક સૂત્ર પર મુનિતોષિણી નામની વૃત્તિની રચના કરી છે.

**ટબ્બા :–** ટીકાયુગ સમાપ્ત થયા પછી જનસાધારણને માટે આગમોના શબ્દાર્થને સ્પષ્ટ કરતાં સંક્ષિપ્ત વિવેચનનો પ્રારંભ થયો. તે ટબ્બાના નામથી પ્રસિદ્ધ છે. શ્રી ધર્મસિંહજી મુનિએ ૧૮ મી શતાબ્દીમાં ૨૭ આગમગ્રંથો પર બાલાવબોધ ટબ્બાની રચના કરી છે. તેમાં આવશ્યક સૂત્ર પરનો ટબ્બો પણ ઉપલબ્ધ છે. તે મૂળપાઠના અર્થને સ્પષ્ટ કરે છે.

**અનુવાદ :–** ટબ્બા પછી અનુવાદ યુગનો પ્રારંભ થયો પંડિત સુખલાલજી સિંઘવી, ઉપાધ્યાય શ્રી અમરમુનિ મ.સા. વગેરે વિદ્વાનોએ નિર્યુક્તિ, ભાષ્ય, ચૂર્ણિ અને ટીકાગ્રંથોના આધારે હિન્દી અને ગુજરાતી ભાષામાં આવશ્યકસૂત્રનો વિવેચન સહિત અનુવાદ તૈયાર કર્યો છે. તે આવશ્યકસૂત્રમાં ભાવોને પૂર્ણતઃ પ્રકાશિત કરે છે.

આ રીતે આવશ્યકસૂત્રના વિશાળ વ્યાખ્યાસાહિત્યના આધારે આવશ્યકસૂત્રની મહત્તા તથા લોકોપયોગિતા સહજ રીતે સ્પષ્ટ થાય છે.

**પ્રસ્તુત સંસ્કરણ :–** પૂર્વાચાર્યોના ઉપલબ્ધ સાહિત્યને આધારભૂત બનાવીને સાધનના પ્રાણ સમ આવશ્યકસૂત્રનો મૂળપાઠ, શબ્દાર્થ, ભાવાર્થ, વિવેચન તથા વિવિધ પરિશિષ્ટો

દ્વારા આ આગમને લોકભોગ્ય બનાવવાનો પુરુષાર્થ કર્યો છે. આવશ્યકસૂત્રની મૌલિકતા જાળવીને પરંપરા સાથે તેનો સુમેળ કર્યો છે. પ્રસ્તુત સંસ્કરણ સમસ્ત જૈન સમાજને માટે આવશ્યકક્રિયાની આરાધનાનો માર્ગ ઉજાગર કરશે, પ્રતિક્રમણનું મહત્ત્વ સમજાવશે, આત્મનિરીક્ષણ દ્વારા પોતાની પાપવૃત્તિથી પાછો ફરીને આત્મભાવમાં સ્થિર થઈ શાંતિ-સમાધિનો અનુભવ કરવામાં સહાયક બનશે તેવી અપેક્ષા સાથે વિરામ પામું છું.

## આભાર દર્શન :–

સૌરાષ્ટ્ર કેસરી ગુરુપ્રાણની જન્મ શતાબ્દીને ચિરસ્મરણીય અવિસ્મરણીય બનાવવા ગુરુઋણથી યત્કિંચિત ઉઋણ બનવા ગુરુપ્રાણ પરિવારના સાધ્વીજીઓના સહિયારા ઉત્સાહ અને પુરુષાર્થથી ગુરુવર્યોની અસીમ-અસીમ કૃપા વડે ગુરુ પ્રાણ આગમ બત્રીસીનું ગુજરાતી અનુવાદન કાર્ય સાકાર થયું. એ શ્રૃંખલામાં એક કડી બનવાનું મને સૌભાગ્ય સાંપડ્યું અને મને આવશ્યક સૂત્રના અનુવાદનું કાર્ય સુપ્રત થયું. આવી સુભગ ક્ષણે પરમાત્માથી લઈને પવિત્રપથ પર આરૂઢ કરાવનાર ઉપકારીઓ મારી સ્મૃતિના સંભારણા બને છે. જિનાગમો જીવને નિજમાં નિરંતર નિમગ્ન બનાવનારા પવિત્ર ઝરણાઓ છે. તેમાં બત્રીશમું આવશ્યક સૂત્ર અણુકાય છે પરંતુ તેના ભાવ મહાકાય છે. તેમાં અનેક ગૂઢ રહસ્યો છૂપાયેલા છે. આ આગમ અનુવાદનું કાર્ય પરિપૂર્ણ થયું તેમાં સૌ પ્રથમ ઉપકાર શાસનપતિ શ્રમણ ભગવાન મહાવીર સ્વામી તથા ગણધર ભગવંતોનો છે કે જેઓ શ્રુતના ઉદ્ભાવક છે. ગચ્છાધિપતિ પૂ. ડુંગરસિંહજી સ્વામી, મારી શ્રદ્ધાના સિંધુ, દાદાગુરુ જય-માણેક-પ્રાણ ગુરુદેવ તથા દીક્ષાની આજ્ઞાના દાતા જીવનનૈયાના ખેવૈયા તપસમ્રાટ તપોધની પૂજ્ય ગુરુદેવ શ્રી રતિલાલજી મ.સા.ના ચરણારવિંદમાં અંતરભીના ભાવ વંદના.

આગમને અભિગમ દ્વારા અલંકૃત કરનાર પરમ દાર્શનિક પૂ. સંયમ શિરોમણિ જયંતિલાલજી મ.સા. વાણીભૂષણ પૂ. શ્રી ગિરીશમુનિ મ.સા., આગમદિવાકર પૂ. શ્રી જનકમુનિ મ.સા., નિડરવક્તા, પૂ. શ્રી જગદીશમુનિ મ.સા., ધ્યાનયોગી પૂ. શ્રી હસમુખમુનિ મ.સા., યુવાતપસ્વી પૂ. શ્રી ગજેન્દ્રમુનિ મ.સા., શાસન પ્રભાવક પૂ. શ્રી નમ્રમુનિ મ.સા., આગમ મનીષી પૂ. શ્રી ત્રિલોકમુનિ મ.સા., અમિમય દષ્ટિનું દાન દેનાર મંગલમૂર્તિ પૂજ્યવરા મુક્તાબાઈ મ.સ. તથા મારા જીવન સાગરની મહાસફરના સફળ સુકાની, જેઓના પ્રથમ દર્શને પ્રવ્રજ્યાના પિયુષ પીધા, સારણા-વારણાના હલેસાથી મારી સંયમ નાવડીને વેગ આપનારા સંયમી જીવનને સંયમિત રાખવા સ્નેહનીઅજસ્ત્ર સરવાણી વહાવનારા ભાવયોગિની દાદી ગુરુણીમૈયા પૂજ્યશ્રી લીલમબાઈ મ.સ.(સાહેબજી) ના ચરણોમાં અપૂર્વ આ ક્ષણે ભાવ વંદના પાઠવું છું.

આગમ અનુવાદના ઉદ્‌ભાવિકા, અદૃશ્ય આવાસમાં વસી ગયેલા, ગુરુકુળ હિતાય ગુરુકુળ સુખાય માટે ધૂપસળી જેવું પરિમલ પ્રસરાવનાર બા.બ્ર.પૂ. ઉષાબાઈ મ.સ., ગુરુણીના વિયોગે આર્તસુરોને આરાધનામાં જોડાવનાર પૂ. પુષ્પાબાઈ સ્વામી (દીદી સ્વામી) તથા પૂ. હસુમતીબાઈ સ્વામીને વંદન કરું છું. મારા સંયમની સુરભિને ત્યાગની તમન્નાને અને વૈરાગ્યની વેલડીને વિકસ્વરિત કરનારા મારા હૃદયેશ્વરા પૂ. રાજુલગુરુણીને ભાવપૂર્વક વંદન કરુ છું.

**અંતરની અવની પર બાંધ્યાતા મેં આશાના મિનારા,**
**આપ હતા અમ સંયમ જીવનનૈયાના સહારા,**
**સોંપ્યા લીલમગુરુણીના ચરણે વિરહેવહે અશ્રુધારા,**
**શાસન ગુરુ સહારે શોધ્યા આપે મુક્તિના મિનારા.**

પ્રધાન સંપાદિકા ગુરુણીમૈયાની સાથે સહસંપાદિકાની ફરજ પૂર્ણ કરનાર, અનુવાદને ઓપ આપનારા, ભાષાંતરમાં ભાવ ભરનારા મારા વૈરાગ્યને અભ્યાસ દ્વારા વેગવંતો કરનારા, મારા સહચર ડો. આરતીબાઈ મ. તથા પૂ. સુબોધિકાબાઈ મ., અનુવાદની અનુકૂળતા કરાવનારા પૂ. પ્રભાબાઈ મ., પૂ. પ્રભાબાઈ મ., પૂ. વનિતાબાઈ મ., પૂ. દીક્ષિતાબાઈ મ., પૂ. વીરમતિબાઈ મ. પૂ. કૃપાબાઈ મ., પૂ. અર્ચિતાબાઈ મ., પૂ. તરુબાઈ મ., પૂ. રેણુકાબાઈ મ., નવોદિતા પૂ. ભવ્યાંશીબાઈ મ. તથા સમસ્ત ગુરુકુળ વાસીઓની શુભભાવનાને અંતરથી આવકારું છું. આવશ્યક સૂત્રના સંપૂર્ણ અનુવાદને પુનઃ લખવાના સમયે મારી શારીરિક અસમર્થતા જોઈ જેઓ સંસારપક્ષે મારા નાના બહેન તથા સંયમપક્ષે ગુરુબેન M.A. Ph.Dના અભ્યાસમાં સતત અનુરક્તા પન્નાબાઈ મ.સ.એ સોનલ-શીતલના સહારે અક્ષરે અક્ષરે અનુકૂળતા કરી આપી અને કાર્ય પરિપૂર્ણ કર્યું છે.

આ અનુવાદના પ્રકાશનના અવસરે શાસન અને સંયમીઓ પ્રત્યેનો અહોભાવ ક્યારેય ઓસર્યો નથી એવા શ્રી ચંદ્રકાંતભાઈ શેઠની શ્રુતસેવાને બિરદાવું છું. જેને આગમમાં નેહ છે એવા નેહલભાઈ શ્રુતમય બની રહે, તેવી ભાવના વ્યક્ત કરું છું.

લક્ષ્મી મળે પુણ્યથી પણ ફળે સત્‌પ્રેરણા, સત્‌બુદ્ધિ અને સત્‌પુરુષાર્થી એવા આ આગમના શ્રુતાધાર દાનવીર, વૈયાવચ્ચ પ્રેમી સંસારપક્ષે કાકા શ્રીમાન ચંદુભાઈ કેશવલાલ વોરા આગમ પ્રકાશનમાં સહયોગી બન્યા છે. તે જ આગમ તેમને શાશ્વતા સુખમાં સ્થાપિત કરવા સહયોગી બને, તેવી ભાવના પ્રગટ કરું છું આ સમયે જેમના સંકલ્પે સંયમ સાંપડ્યો તેવા મારા માત-તાતને કેમ વિસરાય ? સર્વ ઉપકારીઓના ઉપકારને સ્મૃતિમાં લાવી, શિરોધાર્ય કરી વિરમું છું.

**પૂ. મુક્ત લીલમ રાજુલ ગુરુણીના સુશિષ્યા**
**સાધ્વી રૂપા**

# ૩૨ અસ્વાધ્યાય

## શાસ્ત્રના મૂળપાઠ સંબંધી

| ક્રમ | વિષય | અસ્વાધ્યાય કાલ |
|---|---|---|
| | **આકાશસંબંધી દસ અસ્વાધ્યાય** | |
| ૧ | આકાશમાંથી મોટો તારો ખરતો દેખાય | એક પ્રહર |
| ૨ | દિગ્દાહ–કોઈ દિશામાં આગ જેવું દેખાય | જ્યાં સુધી રહે ત્યાં સુધી |
| ૩ | અકાલમાં મેઘગર્જના થાય [વર્ષાૠતુ સિવાય] | બે પ્રહર |
| ૪ | અકાલમાં વીજળી ચમકે [વર્ષાૠતુ સિવાય] | એક પ્રહર |
| ૫ | આકાશમાં ઘોરગર્જના અને કડાકા થાય | આઠ પ્રહર |
| ૬ | શુક્લપક્ષની ૧, ૨, ૩ની રાત્રિ | એક પ્રહર |
| ૭ | આકાશમાં વીજળી વગેરેથી યક્ષનું ચિહ્ન દેખાય | જ્યાં સુધી દેખાય ત્યાં સુધી |
| ૮ | કરા પડે | જ્યાં સુધી રહે ત્યાં સુધી |
| ૯ | ધુમ્મસ | જ્યાં સુધી રહે ત્યાં સુધી |
| ૧૦ | આકાશ ધૂળ–રજથી આચ્છાદિત થાય | જ્યાં સુધી રહે ત્યાં સુધી |
| | **ઔદારિક શરીર સંબંધી દસ અસ્વાધ્યાય** | |
| ૧૧ | તિર્યંચ, મનુષ્યના હાડકાં બળ્યા, ધોવાયા વિના હોય, | ૧૨ વર્ષ |
| ૧૨–૧૩ | તિર્યંચના લોહી, માંસ ૬૦ હાથ, મનુષ્યના ૧૦૦ હાથ [ફૂટેલા ઈંડા હોય તો ત્રણ પ્રહર] | દેખાય ત્યાં સુધી |
| ૧૪ | મળ–મૂત્રની દુર્ગંધ આવે અથવા દેખાય | જ્યાં સુધી રહે ત્યાં સુધી |
| ૧૫ | સ્મશાન ભૂમિ [૧૦૦ હાથની નજીક હોય] | – |
| ૧૬ | ચંદ્રગ્રહણ–ખંડ/પૂર્ણ | ૮/૧૨ પ્રહર |
| ૧૭ | સૂર્યગ્રહણ–ખંડ/પૂર્ણ | ૧૨/૧૬ પ્રહર |
| ૧૮ | રાજાનું અવસાન થાય તે નગરીમાં | નવા રાજા થાય ત્યાં સુધી |
| ૧૯ | યુદ્ધસ્થાનની નિકટ | યુદ્ધ ચાલે ત્યાં સુધી |
| ૨૦ | ઉપાશ્રયમાં પંચેન્દ્રિયનું કલેવર | જ્યાં સુધી હોય ત્યાં સુધી |
| | **ચાર મહોત્સવ–ચાર પ્રતિપદા** | |
| ૨૧–૨૮ | અષાઢ, આસો, કારતક અને ચૈત્રની પૂર્ણિમા અને ત્યાર પછીની એકમ | સંપૂર્ણ દિવસ–રાત્રિ |
| ૨૯–૩૨ | સવાર, સાંજ, મધ્યાહ્ન અને અર્ધરાત્રિ. | એક મુહૂર્ત |

[**નોંધ :–** પરંપરા અનુસાર ભાદરવા સુદ પૂનમ અને વદ એકમના દિવસે પણ અસ્વાધ્યાય મનાય છે. તેની ગણના કરતાં ૩૪ અસ્વાધ્યાય થાય છે.]

# શ્રી આવશ્યક સૂત્ર

મૂળપાઠ,

ભાવાર્થ,

વિવેચન,

પરિશિષ્ટ

: અનુવાદિકા :

શ્રી રૂપાબાઈ મ.

આ નોકાલિક નોઉત્કાલિક સૂત્ર છે. તેને અસ્વધ્યાયકાલ નથી.

# પ્રથમ આવશ્યક

## પ્રાક્કથન

છ આવશ્યકમાં પ્રથમ આવશ્યક સામાયિક છે.

તેમાં મંગલાચરણ રૂપે **નમસ્કાર મહામંત્ર** અને સામાયિકના પ્રતિજ્ઞાસૂત્ર **કરેમિ ભંતે** આ બે પાઠનો સમાવેશ થાય છે.

વ્યાખ્યાકારોએ ઉપોદ્ઘાત રૂપે આવશ્યકનું સ્વરૂપ વગેરે વિષયોનું વર્ણન અને ત્યાર પછી નમસ્કાર મહામંત્ર દ્વારા મંગલાચરણ કર્યું છે.

**નમસ્કાર મહામંત્ર :–** ધર્મનો પ્રારંભ 'નમો' અર્થાત્ અહંકારના ત્યાગપૂર્વક મહાપુરુષોને નમસ્કાર કરવાથી થાય છે. તેમાં કોઈ પણ સાંપ્રદાયિક ભેદભાવ વિના કે જાતિ કે વેષના ભેદ વિના માત્ર ગુણપુજાનું જ મહત્ત્વ છે. જે મહાન આત્માઓ પરમપદમાં, ઉચ્ચ સ્થાનમાં સ્થિત છે, તે પરમેષ્ઠી કહેવાય છે. તેવી ગુણાત્મક પાંચ શ્રેણીઓમાં સ્થિત આત્માઓને નમસ્કાર કરાય છે.

આ મહામંત્રના અનેક પ્રસિદ્ધ નામો છે, જેમ કે– નમસ્કારમહામંત્ર, નવકારમંત્ર, નમસ્કારમંત્ર, પરમેષ્ઠીમંત્ર છે.

મુમુક્ષુઓ સાધના ક્ષેત્રમાં આ મહામંત્રને મહત્વપૂર્ણ સ્થાન આપે છે. આ મહામંત્ર નમ્રતા તથા ગુણગ્રાહકતાનું વિશુદ્ધ પ્રતીક છે. પોતાનાથી શ્રેષ્ઠ તથા જયેષ્ઠ આત્માઓને નમસ્કાર કરવાની પરંપરા અનાદિકાળથી અવિચ્છિન્ન પણે ચાલી આવે છે. અરિહંત પરમાત્માના બાર ગુણ છે, સિદ્ધ પરમાત્માના આઠ ગુણ છે, આચાર્ય ભગવંતના છત્રીશ ગુણો છે, ઉપાધ્યાયજી ભગવંતના પચીશ ગુણો છે તથા સાધુ-સાધ્વી ભગવંતના સત્યાવીસ ગુણો છે. આ ગુણોથી યુક્ત પાંચે ય પદોના વાચ્ય મહાન આત્માઓને કરેલા નમસ્કાર આ નશ્વર સંસારથી મુક્તિ પ્રાપ્ત કરાવી શાશ્વત શિવ-સુખ પ્રદાન કરે છે.

જિનશાસન જિન બનવાની સમગ્ર સાધના શીખવે છે. પરમેષ્ઠી મંત્ર દ્વારા સાધનાનો ક્રમ સ્પષ્ટ થાય છે. સાધનાનો પ્રારંભ **સાધુ પદથી** થાય, સાધક સર્વ પ્રકારની પાપ પ્રવૃત્તિથી નિવૃત્ત થઈ, પંચ મહાવ્રતના પાલન સહિત સાધુપણાનો સ્વીકાર કરીને આત્મશુદ્ધિની સાધના માટે ઉપસ્થિત થાય, ત્યાર પછી જિનપ્રરૂપિત શાસ્ત્ર અધ્યયન અને અધ્યાપન કરતાં પોતાના સાધના માર્ગને સ્પષ્ટરૂપે જાણતાં આગળ વધે છે અને **ઉપાધ્યાય પદને** પ્રાપ્ત કરે છે, શાસ્ત્ર અધ્યયનનું ફળ આચાર શુદ્ધિ છે. સાધક સ્વયંના વૈભાવિક ભાવો રૂપ અનાચારોને દૂર કરતાં, શુદ્ધ આચાર પાલનમાં પરિપકવ થાય છે. શુદ્ધ આચારની પરિપક્વતાથી જ તે સંઘના નાયક બની **આચાર્યપદને** પામે છે. ત્યાર પછી પણ તેની સાધના અવિરત પણે આગળ વધે છે. તે દિશામાં જ પુરુષાર્થ કરતાં રાગ-દ્વેષ રૂપ મોહનીય કર્મનો સંપૂર્ણ નાશ કરી વીતરાગ દશાને પ્રાપ્ત કરી જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય અને અંતરાય, આ ત્રણે ઘાતિ કર્મોને નાશ કરીને, આ રીતે કુલ ચારે ઘાતિકર્મોનો ક્ષય થતાં **અરિહંત પદને** પામે છે. કેવળજ્ઞાન, કેવળદર્શન, વીતરાગતા કે યથાખ્યાત ચારિત્ર અને અનંત આત્મિકશક્તિ રૂપ મુખ્ય ગુણ સંપન્ન આત્મા તીર્થંકર નામકર્મના ઉદયે જિનશાસનની, ચતુર્વિધ સંઘની સ્થાપના કરી જૈનધર્મની પ્રરૂપણા કરે છે.

નિષ્કામ કરુણાથી ભવી જીવો પર અનંત ઉપકાર કરી પોતાના આયુષ્યકર્મ સહિત સાથે ચારે અઘાતિકર્મોનો ક્ષય કરી તે જ આત્મા **સિદ્ધ પદને** પામે છે અને શાશ્વતકાલ પર્યંત તે જ પદમાં સ્થિત રહે છે, આ જ સાધનાનો ક્રમિક વિકાસ છે, આ જ સાધનાની સિદ્ધિ છે.

સમગ્ર આગમ શાસ્ત્રોમાં, ચૌદ પૂર્વોમાં જિન બનવાની સાધના પ્રદર્શિત છે. નમસ્કાર મંત્રમાં આ સાધના સમાયેલી હોવાથી તે સંપૂર્ણ જૈન વાઙ્મયનો અથવા ચૌદ પૂર્વનો સાર છે.

સૂત્રકારે સાધકના લક્ષ્યભૂત પંચ પરમેષ્ઠીને નમસ્કાર કરીને સામાયિક આવશ્યકનો પ્રારંભ કર્યો છે.

**કરેમિ ભંતે :–** આ સામાયિકનું પ્રતિજ્ઞા સૂત્ર છે. તેમાં સામાયિકની પ્રતિજ્ઞા અને પ્રતિજ્ઞાવિધિનું સ્પષ્ટીકરણ છે. અહીં કરેમિભંતેનો સૂત્રપાઠ શ્રમણોની સામાયિકની અપેક્ષાએ આપ્યો છે તેથી સામાયિકની પ્રતિજ્ઞા ત્રણ કરણ અને ત્રણ યોગથી અને જીવન પર્યંતની છે.

ભાષ્ય આદિ ગ્રંથોમાં પૂર્વાચાર્યોએ કેટલાક શબ્દોના પરિવર્તન સાથે મર્યાદિત કાલની શ્રાવકની સામાયિકના પ્રતિજ્ઞા સૂત્રનું કથન કર્યું છે.

❖❖❖❖❖

# ઉપોદ્‌ઘાત

વ્યાખ્યાકારોએ આવશ્યક સૂત્રના પ્રારંભમાં ઉપોદ્‌ઘાત રૂપે નંદીસૂત્ર અનુસાર આવશ્યકનું સ્વરૂપ કહ્યું છે.

**से किं तं आवस्सयं ? आवस्सयं छव्विहं पण्णत्तं, तं जहा- सामाइयं, चउवीसंथओ, वंदणयं, पडिक्कमणं, काउस्सग्गो, पच्चक्खाणं । से तं आवस्सयं।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** આવશ્યકનું સ્વરૂપ કેવું છે ? **ઉત્તર–** આવશ્યકના છ પ્રકાર છે– (૧) સામાયિક, (૨) ચતુર્વિંશતિસ્તવ, (૩) વંદના, (૪) પ્રતિક્રમણ, (૫) કાયોત્સર્ગ અને (૬) પચ્ચક્‌ખાણ.

પ્રસ્તુત સૂત્રમાં આવશ્યકના છ ભેદના કથનથી આવશ્યકનું સ્વરૂપ પ્રદર્શિત કર્યું છે.

**अवश्यं कर्तव्यमावश्यकं** । સાધુ-સાધ્વી, શ્રાવક-શ્રાવિકાને અવશ્ય કરવા યોગ્ય હોય, તે આવશ્યક છે.

જે ક્રિયા આત્મશુદ્ધિની સાધના કરતાં ચતુર્વિધ સંઘને અવશ્ય કરવા યોગ્ય છે, તે ક્રિયાનું સ્વરૂપ, તેના પ્રકાર, તેનો વિષય વગેરે જાણવું, સાધકોને માટે અત્યંત જરૂરી છે.

સંસારી જીવોની આવશ્યક ક્રિયાઓ શરીર સાથે કે ભૌતિક પદાર્થો સાથે સંબંધિત હોય છે, જ્યારે ભૌતિક જગતથી દૂર થઈને આધ્યાત્મિક ક્ષેત્રમાં પ્રવેશ કરવા માટે અંતરમુખ બનેલા સાધકની આવશ્યક ક્રિયા આત્મા સાથે સંબંધિત હોય છે.

જે ક્રિયાથી આત્મગુણોનું પ્રગટીકરણ થાય, કષાયાદિ વૈભાવિક ભાવો દૂર થાય, પાપ દોષની કાલિમા દૂર થઈને આત્મા ઉજ્જવળ અને પવિત્ર બને, તે જ ક્રિયા સાધકોને માટે અવશ્ય કર્તવ્યરૂપ છે. સંક્ષેપમાં સમ્યગ્‌જ્ઞાન આદિ ગુણોની પૂર્ણતા માટે જે ક્રિયા અથવા સાધના અવશ્ય કરવા યોગ્ય છે, તે આવશ્યક છે.

શ્રી અનુયોગદ્વારસૂત્રમાં તેના અનેક પર્યાયવાચી નામના કથન દ્વારા આવશ્યકનું સ્વરૂપ સ્પષ્ટ કર્યું છે.

**આવશ્યકના પર્યાયવાચી નામો :–**

**तस्स णं इमे एगट्ठिया णाणा घोसा णाणा वंजणा णामधेज्जा भवंति, तं जहा–**

**आवस्सयं अवस्स–करणिज्जं, धुवनिग्गहो विसोही य ।**
**अज्झयण–छक्कवग्गो, णाओ आराहणा मग्गो ॥ – અનુયોગદ્વાર સૂત્ર.**

**समणेण सावएण य, अवस्स कायव्वं हवइ जम्हा ।**
**अंतो अहो–निसस्स उ, तम्हा आवस्सयं णामं ॥**

અનુયોગ દ્વાર સૂત્રમાં આવશ્યકના વિવિધ ઘોષ-સ્વરવાળા અને અનેક વ્યંજનવાળા, એકાર્થક એવા અનેક નામ કહ્યા છે. તે આ પ્રમાણે છે– (૧) આવશ્યક, (૨) અવશ્ય કરણીય, (૩) ધ્રુવ નિગ્રહ, (૪) વિશોધિ, (૫) અધ્યયનષટ્‌ક વર્ગ, (૬) ન્યાય, (૭) આરાધના અને (૮) માર્ગ.

શ્રમણો અને શ્રાવકોને દિવસ અને રાત્રિના અંત ભાગમાં અવશ્ય કરવા યોગ્ય હોવાથી, તે આવશ્યક કહેવાય છે.

**(૧) આવશ્યક– अवश्यं क्रियते आवश्यकम् ।** અવશ્ય કરવા યોગ્ય કાર્ય આવશ્યક કહેવાય છે. સામાયિક આદિની સાધના સાધુ, સાધ્વી, શ્રાવક, શ્રાવિકા દ્વારા અવશ્ય કરવા યોગ્ય હોવાથી તે આવશ્યક કહેવાય છે.

**(૨) અવશ્ય કરણીય–** મુમુક્ષુ સાધકોને નિયમિતરૂપે આચરણ કરવા રૂપ અનુષ્ઠાન હોવાથી તે અવશ્યકરણીય કહેવાય છે.

**(૩) ધ્રુવ નિગ્રહ–** કર્મો અનાદિકાલીન હોવાથી તે ધ્રુવ કહેવાય છે. આવશ્યકની આરાધના દ્વારા તેનો નિગ્રહ થતો હોવાથી તે ધ્રુવનિગ્રહ કહેવાય છે.

**(૪) વિશોધિ–** કર્મથી મલિન આત્માની વિશુદ્ધિનું કારણ હોવાથી તે વિશોધિ કહેવાય છે.

**(૫) અધ્યયન ષટ્કવર્ગ–** આવશ્યક સૂત્રમાં સામાયિક આદિ છ અધ્યયન છે, તેથી અધ્યયન ષટ્ક વર્ગ કહેવાય છે.

**(૬) ન્યાય–** અભિષ્ટ અર્થની સિદ્ધિનો સમ્યક ઉપાય હોવાથી, તે ન્યાય કહેવાય છે અથવા આત્મા અને કર્મના અનાદિકાલીન સંબંધને અલગ કરે છે, તેથી તે ન્યાય કહેવાય છે. આવશ્યકની સાધના આત્માને કર્મબંધનથી મુક્ત કરે છે.

**(૭) આરાધના–** મોક્ષની આરાધનાનો હેતુ હોવાથી આરાધના કહેવાય છે.

**(૮) માર્ગ–** માર્ગનો અર્થ છે ઉપાય. મોક્ષના ઉપાયરૂપ હોવાથી તે માર્ગ કહેવાય છે.

ઉપર્યુક્ત પર્યાયવાચી શબ્દોમાં થોડો અર્થભેદ હોવા છતાં તે સમાન અર્થને જ સૂચિત કરે છે. સંક્ષેપમાં ઇન્દ્રિય અને કષાય આદિ ભાવ-શત્રુને જે સાધના દ્વારા પરાજિત કરવામાં આવે અર્થાત્ વશ કરવામાં આવે તે આવશ્યક છે. જે સાધના દ્વારા જ્ઞાનાદિ ગુણ સમૂહ અને મોક્ષ ઉપર અધિકાર પ્રાપ્ત થાય, તે આવશ્યક છે. **ज्ञानादि गुण कदम्बकं मोक्षो वा आसमन्ताद् अवश्यं क्रियतेऽनेन इत्यावश्यकम् ।**

આવશ્યક શબ્દનું સંસ્કૃત રૂપાંતર **आवासक** પણ થાય છે. તેની વ્યુત્પત્તિ આ પ્રમાણે થાય છે–

(૧) **गुणशून्यमात्मानं गुणैरावासयतीति आवासकम् ।** ગુણોથી શૂન્ય આત્માને જે ગુણોથી વાસિત કરે, તે આવશ્યક છે.

(૨) **गुणैर्वा आवासकं – अनुरञ्जकं वस्त्रधूपादिवत् । आवस्सय** નું સંસ્કૃત રૂપ **आवासक** થાય છે. તેનો અર્થ આ પ્રમાણે છે– 'અનુરંજન કરવું' અર્થાત્ જેમ વસ્ત્રને સુગંધી ધૂપ, આદિથી અનુરંજિત-સુવાસિત કરાય છે, તેમ આત્માને જ્ઞાનાદિ ગુણોથી જે અનુરંજિત કરે છે, તે આવાસક છે.

**દ્રવ્ય અને ભાવ આવશ્યક :–**

જૈન દર્શનમાં પ્રત્યેક વિષયની વિચારણા દ્રવ્ય અને ભાવની અપેક્ષાએ થાય છે. તે જ રીતે આવશ્યકના પણ બે ભેદ છે– દ્રવ્ય આવશ્યક અને ભાવ આવશ્યક.

**દ્રવ્ય આવશ્યક :– अनुपयोगो द्रव्यं ।** ઉપયોગ વિના ક્રિયા કરવી, તે દ્રવ્ય છે. આવશ્યકના મૂળપાઠો ઉપયોગ વિના બોલવા, અન્યમનસ્ક બની સ્થૂળ રૂપે ઉઠવા બેસવાની વિધિ કરવી, અહિંસા, સત્યાદિ સદ્‌ગુણો પ્રત્યેના આદર ભાવ વિના, ઓઘ સંજ્ઞાએ કેવળ શબ્દો બોલી જવા તે દ્રવ્ય આવશ્યક છે.

**ભાવ આવશ્યક–** ઉપયોગ પૂર્વક આ લોક અને પરલોકની કામના રહિત; યશ, કીર્તિ, સન્માન આદિની અભિલાષાથી રહિત; મન, વચન, કાયાને નિશ્ચલ, નિષ્કંપ, એકાગ્ર બનાવી જિનાજ્ઞા અનુસાર આવશ્યક સંબંધી મૂળ પાઠોના અર્થનું ચિંતન, મનન અને નિદિધ્યાસન કરી, નિજાત્માને કર્મમળથી વિશુદ્ધ બનાવવા માટે ઉભય કાળ સામાયિક આદિની સાધના કરવામાં આવે છે, તે ભાવ આવશ્યક છે.

આ ભાવ આવશ્યક વિના આત્મશુદ્ધિ થઈ શકતી નથી. ભાવ આવશ્યકમાં સાધક પોતાની ચિત્તવૃત્તિ સંસારથી હટાવી મોક્ષ તરફ કેન્દ્રિત કરે છે, ભાવ આવશ્યકનું સ્વરૂપ અનુયોગ દ્વાર સૂત્રમાં આ પ્રમાણે આપ્યું છે.

**जण्णं इमे समणे वा समणी वा सावए वा साविया वा तच्चित्ते तम्मणे, तल्लेसे तदज्झवसिए अण्णत्थ कत्थइ मणं अकरेमाणे उभओ कालं आवस्सयं करेंति, से तं लोगुत्तरियं भावास्सयं ।**

જે સાધુ, સાધ્વી, શ્રાવક કે શ્રાવિકા દત્તચિત્ત બની, મનને એકાગ્ર કરી, શુભલેશ્યા અને તન્મય અધ્યવસાય યુક્ત બની, તીવ્ર આત્મ પરિણામથી, આવશ્યકના અર્થમાં ઉપયુક્ત બની, શરીરાદિ કરણને તેમાં અર્પિત કરી, અન્ય કોઈ વિષયમાં મનને જવા દીધા વિના ઉભયકાળ આવશ્યક-પ્રતિક્રમણ કરે છે, તે લોકોત્તરિક ભાવ આવશ્યક છે.

**આવશ્યકના છ પ્રકાર :–**

(૧) સામાયિક– સમભાવ, સમતા, (૨) ચતુર્વિંશતિસ્તવ– ચોવીસ તીર્થંકરોની સ્તુતિ, (૩) વંદન– ગુરુદેવોને વંદન, (૪) પ્રતિક્રમણ– સંયમમાં લાગેલા દોષોની આલોચના, (૫) કાયોત્સર્ગ– કાયાનો ઉત્સર્ગ અર્થાત્ શરીરના મમત્વનો ત્યાગ, (૬) પ્રત્યાખ્યાન– આહારાદિની આસક્તિનો ત્યાગ. અનુયોગદ્વાર સૂત્રમાં છ આવશ્યકના અર્થાધિકારનું કથન છે.

**आवस्सयस्स णं इमे अत्थाहिगारा भवंति, तं जहा–**

**सावज्जोगविरई, उक्कित्तण गुणवओ य पडिवत्ती ।**
**खलियस्स णिंदणा वणतिगिच्छ गुणधारणा चेव ॥१॥**

આવશ્યક સૂત્રના અર્થાધિકાર– (વર્ણ્ય વિષયના) નામ આ પ્રમાણે છે– (૧) સાવદ્યયોગ વિરતિ, (૨) ઉત્કીર્તન, (૩) ગુણવાનની વિનય પ્રતિપત્તિ, (૪) સ્ખલિત દોષોની નિંદા, (૫) વ્રણ ચિકિત્સા, (૬) ગુણધારણા.

અધ્યયનના વિષય–વસ્તુના કથનને અર્થાધિકાર કહે છે અથવા કરણીય (કરવા યોગ્ય) છ આરાધનાનો બોધ, જે અર્થ દ્વારા થાય, તે અર્થાધિકાર કહેવાય છે. આવશ્યકના છ નામ અને તેના છ અર્થાધિકાર છે, યથા–

**આવશ્યક નામ–અર્થાધિકાર**

**આવશ્યક**

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| નામ → | સામાયિક | ચતુર્વિંશતિસ્તવ | વંદના | પ્રતિક્રમણ | કાયોત્સર્ગ | પ્રત્યાખ્યાન |
| અર્થાધિકાર → | સાવદ્યયોગ–વિરતિ | ઉત્કીર્તન | ગુણવત્–પ્રતિપત્તિ | સ્ખલિત–નિંદા | વ્રણ–ચિકિત્સા | ગુણ ધારણા |

**(૧) સાવદ્ય યોગ વિરતિ :–** સાવદ્યયોગથી વિરામ પામવો. હિંસા, અસત્ય વગેરે સાવદ્યયોગ પાપકારી અર્થાત્ નિંદનીય કાર્યો છે, તેનો ત્યાગ કરવો, તેનાથી વિરત થવું, હિંસાદિ કાર્યથી થતી મલિન માનસિક વૃત્તિઓની સન્મુખ ન થવું, તે સાવદ્યયોગ વિરતિ સામાયિક નામના પ્રથમ આવશ્યકનો અર્થાધિકાર છે.

**(૨) ઉત્કીર્તન :–** સાવદ્યયોગ વિરતિ દ્વારા જેઓ સ્વયં સિદ્ધ-બુદ્ધ મુક્ત થયા અને આત્મશુદ્ધિ માટે સાવદ્ય યોગ રૂપ પ્રવૃત્તિના ત્યાગનો જેઓએ લોકોને ઉપદેશ આપ્યો, તેવા ઉપકારી તીર્થંકરોના ગુણોની સ્તુતિ કરવી તે બીજા ચતુર્વિંશતિ સ્તવ નામના આવશ્યકનો અર્થાધિકાર છે.

**(૩) ગુણવત્પ્રતિપતિ :–** સાવદ્યયોગ વિરતિની સાધનામાં ઉદ્યમવંત ગુણવાન, મુળગુણ-ઉત્તરગુણના ધારક સંયમી શ્રમણો પ્રત્યે પ્રતિપતિ એટલે આદર-સન્માન ભાવ રાખવો. ગુણવાન પ્રત્યેનો આદરભાવ રાખવો, તે ત્રીજા વંદના-નામના આવશ્યકનો અર્થાધિકાર છે.

**(૪) સ્ખલિતનિંદા :–** સંયમ સાધના દરમ્યાન પ્રમાદથી થયેલા સ્ખલના-લાગેલા અતિચાર અને દોષોની નિંદા-ગર્હા કરવી, તે ચોથા પ્રતિક્રમણ નામના આવશ્યકનો અર્થાધિકાર છે.

**(૫) વ્રણચિકિત્સા :–** દોષરૂપી ભાવવ્રણનું પ્રાયશ્ચિત રૂપ ઔષધોપચારથી નિરાકરણ કરવું, તે પાંચમા કાર્યોત્સર્ગ નામના આવશ્યકનો અર્થાધિકાર છે.

**(૬) ગુણધારણા :–** પ્રાયશ્ચિત દ્વારા દોષોનું પ્રમાર્જન કરી, મૂળગુણો, ઉત્તરગુણોની નિર્દોષ ધારણા કરવી, તે છઠ્ઠા પ્રત્યાખ્યાન નામના આવશ્યકનો અર્થાધિકાર છે.

**આવશ્યકનો ક્રમ :–**

આધ્યાત્મિક વિકાસ ઈચ્છુક વ્યક્તિના જીવનનો મુખ્ય ઉદ્દેશ સમભાવ અર્થાત્ સામાયિક પ્રાપ્ત કરવાનો હોય છે, તેથી તેના પ્રત્યેક વ્યવહારમાં સમભાવની સાધનાનું પ્રાધાન્ય હોય છે.

આવા જીવો જ્યારે કોઈ મહાપુરુષોને સમભાવની પૂર્ણતાના શિખરે પહોંચેલા જુએ કે જાણે છે ત્યારે તેઓ ભક્તિ ભાવથી ગદ્ગદ્ બની તેઓના સ્વાભાવિક ગુણોની સ્તુતિ કરવા લાગે છે. તે ઉપરાંત સાધક નમ્ર, વિનયી અને ગુણાનુરાગી હોવાથી સમભાવમાં સ્થિત સાધુ પુરુષોને સહજ રીતે વંદન કે નમસ્કાર કરે છે.

તેઓ પોતાના જીવન વ્યવહારમાં અપ્રમત્ત, જાગૃત અને સાવધાન જ હોય છે તેમ છતાં પૂર્વ

સંસ્કારવશ સમભાવથી પતિત થાય તો તુરંત પ્રમત્તદશાના કારણોનું પ્રતિક્રમણ, આલોચના, પશ્ચાત્તાપ આદિ કરી પોતાની પૂર્વ સ્થિતિ પ્રાપ્ત કરી લે છે અને તે સાધકો વારંવાર દેહાસક્તિને છોડવા માટે ધ્યાન કાર્યોત્સર્ગના પ્રયોગો કરે છે. ધ્યાન દ્વારા વિશેષ આત્મશુદ્ધિ કરતાં-કરતાં તેઓ આત્મ સ્વરૂપમાં વિશેષ લીન થઈ જાય છે અને પરિણામે જડ વસ્તુઓના ત્યાગરૂપ પ્રત્યાખ્યાન તેમને માટે સહજ સ્વાભાવિક બની જાય છે.

આ રીતે જોતાં સ્પષ્ટ થાય છે કે આધ્યાત્મિક પુરુષોના ઉચ્ચ અને સ્વાભાવિક જીવનના પૃથક્કરણ રૂપે જ 'આવશ્યક ક્રિયા' છે, તેથી તેનો ક્રમ પણ તેટલો જ સ્વાભાવિક અને સહજ છે.

(૧) આત્મવિશુદ્ધિની આવશ્યક ક્રિયાના ક્રમમાં **પ્રથમ આવશ્યક સામાયિક** છે. સર્વ સાવદ્ય યોગના ત્યાગ વિના આત્મશુદ્ધિ શક્ય નથી, તેથી સાધક સહુ પ્રથમ અખંડ સમભાવની પ્રાપ્તિના લક્ષે સાવદ્યયોગનો ત્યાગ કરીને સમભાવમાં સ્થિત થાય છે.

(૨) ત્યાર પછી પૂર્ણ સમભાવને વરેલા તીર્થંકરોના અનંત ગુણો તરફ આકર્ષિત થઈને, અનંત ગુણોના પ્રગટીકરણ માટે **બીજો આવશ્યક ચતુર્વિંશતિસ્તવ** છે.

(૩) અનંત ગુણોના પ્રગટીકરણ માટેની સાધનાના રાહબર અનંત ઉપકારી ગુરુદેવ છે. સાધનાના પ્રત્યેક અનુષ્ઠાનો ગુરુની સમક્ષ થાય છે, તેથી પ્રતિક્રમણના પ્રારંભ પહેલા સાધક વિધિપૂર્વક ગુરુને વંદન કરે છે, તેથી **ત્રીજો આવશ્યક ગુરુ વંદનાનો** છે.

(૪) પ્રથમ ત્રણ આવશ્યકની આરાધનાથી જેનું ચિત્ત વિશુદ્ધ બની જાય, ત્યારપછી તે પોતાના પાપથી પાછા ફરવા કટિબદ્ધ બની જાય છે, તેથી **ચોથો આવશ્યક પ્રતિક્રમણ** છે.

(૫) પ્રતિક્રમણ કર્યા પછી જ કાયોત્સર્ગ માટે જરૂરી યોગ્યતા પ્રાપ્ત થાય છે, કારણ જ્યાં સુધી પ્રતિક્રમણ દ્વારા પાપની આલોચના કરીને ચિત્તની શુદ્ધિ કરી નથી, ત્યાં સુધી ધર્મધ્યાન કે શુક્લધ્યાન માટે એકાગ્રતા પ્રાપ્ત કરવાનો જે કાર્યોત્સર્ગનો ઉદ્દેશ છે, તે કોઈપણ રીતે સફળ થતો નથી, તેથી પ્રતિક્રમણ પછી **પાંચમો આવશ્યક કાયોત્સર્ગ** છે.

(૬) જે સાધક કાર્યોત્સર્ગ કરી વિશેષ ચિત્ત શુદ્ધિ, એકાગ્રતા અને આત્મબળ પ્રાપ્ત કરે છે, તે જ ' પ્રત્યાખ્યાન'નો સાચો અધિકારી છે. પ્રત્યાખ્યાનનો સારી રીતે નિર્વાહ કરી શકે છે. પ્રત્યાખ્યાન સર્વથી છેલ્લી આવશ્યક ક્રિયા છે કારણ કે તેને માટે વિશિષ્ટ ચિત્ત શુદ્ધિ અને વિશેષ ઉત્સાહ અપેક્ષિત છે કે જે કાર્યોત્સર્ગ કર્યા વિના પ્રાપ્ત થઈ શકતા નથી, તેથી કાર્યોત્સર્ગ પછી **છઠ્ઠો આવશ્યક 'પ્રત્યાખ્યાન'** છે.

આ રીતે વિચારતા અને અનુભવ કરતા પ્રતીત થાય છે કે આવશ્યકનો ઉપર્યુક્ત ક્રમ વિશેષ કાર્ય-કારણ ભાવની શૃંખલા ઉપર અવસ્થિત છે અને આ ક્રમમાં જ તેની સ્વાભાવિકતા રહેલી છે.

❖❖❖❖❖

# પ્રથમ આવશ્યક

## સામાયિક

**મંગલાચરણ નમસ્કાર મહામંત્ર :–**

**૧**

**णमो अरिहंताणं**

**णमो सिद्धाणं**

**णमो आयरियाणं**

**णमो उवज्झायाणं**

**णमो लोए सव्वसाहूणं**

**શબ્દાર્થ :– णमो** – નમસ્કાર હોજો, **अरिहंताणं** – અરિહંતભંગવંતોને, **सिद्धाणं** – સિદ્ધ ભગવંતોને, **आयरियाणं** – આચાર્ય ભગવંતોને, **च** – અને, **उवज्झायाणं** – ઉપાધ્યાય ભગવંતોને, **लोए** – લોકમાં, **सव्व** – સર્વ, **साहूणं** – સાધુ ભગવંતોને.

**ભાવાર્થ :–** અરિહંત ભગવાન, સિદ્ધ ભગવાન, આચાર્ય ભગવાન, ઉપાધ્યાય ભગવાન અને લોકમાં બિરાજમાન સમસ્ત સાધુ-સાધ્વી ભગવંતોને નમસ્કાર હો.

**વિવેચન :–**

શ્રી આવશ્યક સૂત્રના પ્રારંભમાં નિર્યુક્તિકારે મંગલાચરણ રૂપે નમસ્કાર મહામંત્રનું કથન કર્યું છે.

**यद्यपि सामायिकाध्ययनादेवऽऽवश्यकसूत्रस्य प्रारंभोऽस्ति तथापि आवश्यकसूत्र निर्युक्ति चूर्णि हरिभद्रीयवृत्ति-मलयगिरीयवृत्त्यनुसारेणात्र पञ्चनमस्कारमङ्गलसूत्रं मूलसूत्र पाठत्वेन स्वीकृतमस्ति ।** –આવશ્યક સૂત્ર ચૂર્ણિ. આવશ્યક સૂત્રનો પ્રારંભ સામાયિક સૂત્રથી જ થાય છે તેમ છતાં આવશ્યક નિર્યુક્તિ, ચૂર્ણિ તથા હરિભદ્રીયવૃત્તિ અને મલયગિરીયવૃત્તિકારે પંચ નમસ્કાર મંગલ સૂત્રને મૂળપાઠ રૂપે સ્વીકાર્યો છે. પ્રસ્તુત આગમ ગ્રંથમાં આવશ્યક નિર્યુક્તિને અનુસરીને નમસ્કાર મહામંત્રનો મંગલાચરણ રૂપે સ્વીકાર કર્યો છે.

**મંગલાચરણનું પ્રયોજન :–** શાસ્ત્રના પ્રારંભમાં મંગલાચરણ કરવાના ત્રણ કારણો છે, **૧. વિઘ્નોના ઉપશમ માટે–** કોઈ પણ શુભ કાર્યોમાં અનેક વિઘ્નોની સંભાવના છે. શુભકાર્યના પ્રારંભમાં મંગલાચરણ કરવાથી વિઘ્નોની ઉપશાંતિ થાય છે, **૨. અશુભ કર્મોના ક્ષય માટે–** મંગલાચરણમાં ગુણીજનોને નમસ્કાર કરવાથી અશુભ કર્મોનો ક્ષય થાય છે, **૩. શિષ્ટજનોની પરંપરાના પાલન માટે–** દરેક કાર્યના પ્રારંભમાં મંગલાચરણ કરવાની શિષ્ટ પુરુષોની પરંપરા છે. તે પરંપરાને જાળવી રાખવા મંગલચારણ કરાય છે.

શાસ્ત્રકારે આ ત્રણે કારણે શાસ્ત્રની આદિમાં, મધ્યમાં અને અંતમાં, તેમ ત્રણ સ્થાને મંગલાચરણ કર્યું છે. નિર્વિઘ્ને શાસ્ત્રનો પાર પામવા **આદિમંગલ,** શાસ્ત્રાર્થની સ્થિરતા માટે **મધ્યમંગલ** અને

શિષ્ય–પ્રશિષ્યમાં મંગલાચરણ કરવાની શાસ્ત્રીય પરંપરા જાળવી રાખવા **અંતિમ મંગલ** કર્યું છે.

શાસ્ત્રકારે આદિ મંગલ રૂપે પંચ પરમેષ્ઠિ ભગવંતોને નમસ્કાર કર્યા છે.

**णमो– नमः इति नैपातिकं पदं पूजार्थम् । नमः शब्दस्य द्रव्य–हस्तपादादि पंचाङ्ग, भाव-मानादि संकोचार्थकं निपातरूपत्वान्मानादित्यागपुरस्सर शुद्धमनः सन्निवेशपूर्वकः पंचाग-नमस्कारोऽस्तित्यर्थः ।** નમઃ શબ્દનો અર્થ છે, દ્રવ્ય અને ભાવથી સંકોચ કરવો. દ્રવ્યથી બે હાથ, બે પગ અને મસ્તક આ પાંચ અંગોનો સંકોચ કરવો અર્થાત્ પાંચે અંગોને નમાવવા અને ભાવથી માનાદિ કષાયોનો ત્યાગ કરીને શુદ્ધ મનથી ગુણીજનોના ચરણોમાં વંદન કરવા.

નમસ્કાર કરવા યોગ્ય પંચ પરમેષ્ઠી છે અરિહંત, સિદ્ધ, આચાર્ય, ઉપાધ્યાય અને સાધુ ભગવંતો. અરિહંત આદિ પાંચે પરમેષ્ઠીઓમાં કોઈ વ્યક્તિ વિશેષનું નામ નથી, પરંતુ તે પાંચે ગુણવાચક સંજ્ઞા છે. અધ્યાત્મ સાધના કરતા સાધક તથાપ્રકારની યોગ્યતા પ્રાપ્ત કરે, ત્યારે અરિહંત આદિ શબ્દોના વાચક બને છે. તે દરેક પદનું સ્વરૂપ તથા તેની યોગ્યતા આ પ્રમાણે છે–

**अरिहंताणं**– અરિહંત. આ શબ્દના પદચ્છેદમાં બે પદ છે, **अरि** – શત્રુ અને **हन्त** – હણનાર. ચારઘાતિ કર્મરૂપી શત્રુઓનો જેણે નાશ કર્યો છે, તે અરિહંત છે. ચારઘાતિ કર્મના નાશથી ચાર ગુણ પ્રગટ થાય છે. જ્ઞાનાવરણીય કર્મના નાશથી **કેવળજ્ઞાન,** દર્શનાવરણીય કર્મના નાશથી **કેવળદર્શન,** મોહનીય કર્મના નાશથી **વીતરાગદશા** અને અંતરાય કર્મના નાશથી અનંત **આત્મિક શક્તિ** પ્રગટ થાય છે. આ ચાર ગુણના ધારક આત્માને અરિહંત ભગવાન કહે છે. અરિહંત ભગવાનને ચાર અઘાતિ કર્મોનો ઉદય હોવાથી, તે દેહધારી હોય છે.

**अरिहंताणं** :– પ્રાકૃત ભાષાના **'अरहंत'** શબ્દના સંસ્કૃતમાં સાત રૂપાંતર થાય છે. તે સાત રૂપાંતર દ્વારા અરિહંતનું સ્વરૂપ સ્પષ્ટ થાય છે– (૧) **अर्हत्** (૨) **अरहोंतर** (૩) **अरथांत** (૪) **अरहंत** (૫) **अरहयत्** (૬) **अरिहंत** (૭) **अरूहंत** આદિ. તેના અર્થ આ પ્રમાણે છે–

(૧) **अर्हत्** :– લોક પૂજ્ય પુરુષ. જે દેવો દ્વારા નિર્મિત અષ્ટ મહાપ્રાતિહાર્યયુક્ત પૂજાને યોગ્ય છે તે, ઈન્દ્રો દ્વારા જે પૂજનીય છે તે.

(૨) **अरहोंतर** :– સર્વજ્ઞ હોવાથી રહ એકાંત, ગુપ્ત અને અંતર–મધ્યની કોઈપણ વાત જેનાથી છૂપી નથી. તે લોકાલોકના પ્રત્યક્ષ દષ્ટા છે તે.

(૩) **अरथांत** :– રથ શબ્દ અહીં પરિગ્રહનો અને અન્ત શબ્દ મૃત્યુનો વાચક છે. જે સાધક સમસ્ત પ્રકારના બાહ્ય અને આભ્યંતર પરિગ્રહ અને મૃત્યુ-જન્મ-મરણથી રહિત છે તે.

(૪) **अरहंत** :– આસક્તિ રહિત, રાગ અથવા મોહનો સર્વથા અંત-નાશ કરનાર.

(૫) **अरहयत्** :– તીવ્ર રાગના કારણભૂત મનોહર વિષયોનો સંસર્ગ હોવા છતાં [અષ્ટ મહાપ્રાતિહાર્યાદિ સંપદા હોવા છતાં] જેને કિંચિત્ પણ રાગભાવ થતો નથી તેવા પરમ વીતરાગી મહાપુરુષ અરહયત્ કહેવાય છે.

(૬) **अरिहंत** :– સમસ્ત જીવોમાં રહેલા અંતરંગ શત્રુભૂત આત્મિક વિકારોનો અથવા અષ્ટવિધ કર્મોનો વિશિષ્ટ સાધના દ્વારા ક્ષય કરે છે તે.

(૭) **अरूहंत** :– રુહ – સંતાન પરંપરા. જેણે કર્મરૂપી બીજને ભસ્મીભૂત કરી જન્મ-મરણની પરંપરાને સર્વથા વિનષ્ટ કરી છે, તે અરુહંત કહેવાય છે.

સંક્ષેપમાં મનુષ્ય દેહધારી, મનુષ્ય લોકમાં સદેહે વિચરણ કરનાર, કેવળજ્ઞાન-કેવળદર્શનના ધારક વીતરાગી તીર્થંકર ભગવાનને અરિહંત કહે છે. તે જઘન્ય ૨૦ અને ઉત્કૃષ્ટ ૧૭૦ હોય છે.

**सिद्धाणं**– સિદ્ધ. જેણે આઠે કર્મોનો આત્યંતિક નાશ કર્યો છે, જેના સકલ કાર્યો સિદ્ધ થઈ ગયા છે, જે લોકના અગ્રભાગે સિદ્ધક્ષેત્રમાં શાશ્વતકાલ પર્યંત બિરાજમાન છે, જેને પુનઃ જન્મ-મરણ કરવાના નથી તેવા દેહ રહિત પૂર્ણ શુદ્ધ આત્માને સિદ્ધ ભગવાન કહે છે.

સિદ્ધ શબ્દના વૃત્તિકારે છ અર્થ કર્યા છે.

**ध्मातं सितं येन पुराण कर्म, यो वा गतो निवृत्तिसौधमूर्ध्नि ।**
**ख्यातोऽनुशास्ता परिनिष्ठितार्थो, यः सोऽस्तु सिद्ध कृतमंगलो मे ॥**

**અર્થ :–** (૧) જેણે પૂર્વોપાર્જિત કર્મરૂપ ઈંધનનો સર્વથા નાશ કર્યો છે, (૨) જેઓ મુક્તિરૂપ પ્રાસાદના અગ્રભાગે બિરાજમાન છે, (૩) જેઓ પોતાના નિર્મળ ગુણોથી પ્રસિદ્ધ છે, (૪) જેઓ ભૂતકાળમાં ધર્મશાસન પ્રવર્તાવ્યું છે, (૫) જેઓ કૃતકૃત્ય થઈ ગયા છે, (૬) જેઓ મંગળરૂપ બની ગયા છે. તેવા ગુણસંપન્ન શુદ્ધાત્માને સિદ્ધ ભગવાન કહે છે.

ઉપરોક્ત અર્થોથી સ્પષ્ટ થાય છે કે સિદ્ધોનું અસ્તિત્વ દીપક ઓલવાઈ જવાની જેમ સર્વથા અભાવરૂપ નથી, પરંતુ તે પૂર્ણ શુદ્ધાત્મા અનંત આત્મગુણોના અનુપમ અનંત સુખ સહિત છે.

**आयरियाणं**– આચાર્ય. નિર્યુક્તિકારે આ શબ્દની વ્યાખ્યા આ પ્રમાણે આપી છે– **आचर्यतेऽसावित्याचार्यः, कार्यार्थिभिः सेव्यत् इत्यर्थः ।** મર્યાદાપૂર્વક મોક્ષ સાધનાના કાર્યોથી ભવીજનો દ્વારા સેવનીય છે, તેને આચાર્ય કહે છે.

શિલ્પાચાર્ય, કલાચાર્ય અને ધર્માચાર્યના ભેદથી આચાર્યના ત્રણ પ્રકાર છે, પરંતુ પ્રસ્તુતમાં **णमो** પદના સાહચર્યથી ધર્માચાર્યનું ગ્રહણ થાય છે.

(૧) જે જ્ઞાનાચાર, દર્શનાચાર, ચારિત્રાચાર, તપાચાર અને વીર્યાચાર, આ પાંચ પ્રકારના આચારનું સ્વયં પાલન કરે અને બીજાને કરાવે, તે આચાર્ય છે.

(૨) જે સૂત્ર અને તેના અર્થ-પરમાર્થના જ્ઞાતા, ઉત્તમ લક્ષણોથી યુક્ત, ગચ્છના મેઢીભૂત, ગચ્છને ચિંતામુક્ત કરનાર અને સૂત્રાર્થના પ્રતિપાદક હોય, તે આચાર્ય છે.

(૩) જે આચારનું અર્થાત્ હેયોપાદેયનું, સંઘના હિતાહિતનું અન્વેષણ કરવામાં તત્પર હોય, તે આચાર્ય છે.

સંક્ષેપમાં તીર્થંકરોની અનુપસ્થિતિમાં ચતુર્વિધ સંઘના અનુશાસ્તા, સંઘ શિરોમણિ, સંઘ નાયક ગુણ સંપન્ન, પ્રતિભાસંપન્ન મહાશ્રમણને આચાર્ય કહે છે.

**उवज्झायाणं**– ઉપાધ્યાય. **उपेत्याधीयतेऽस्मात् साधवः सूत्रमित्युपाध्यायः ।** જેઓની સમીપે રહીને શિષ્યો સૂત્ર અને અર્થનો અભ્યાસ કરે છે, તે ઉપાધ્યાય છે. વૃત્તિકારે તેના પાંચ અર્થ આપ્યા છે.

(૧) જેની સમીપે સૂત્રનું અધ્યયન, સૂત્રાર્થનું સ્મરણ અને વિશેષ અર્થ ચિંતન થાય, તે ઉપાધ્યાય છે.

(૨) જે દ્વાદશાંગીરૂપ સ્વાધ્યાયનો ઉપદેશ આપે છે, તે ઉપાધ્યાય છે.

(૩) જેના સાંનિધ્યથી શ્રુતનો, સ્વાધ્યાયનો અનાયાસે આય-લાભ થાય, તે ઉપાધ્યાય છે.

(૪) આય-ઈષ્ટ ફળ. જેનું સાંનિધ્ય માત્ર ઈષ્ટ ફળનું નિમિત્તકારણ બને છે, તે ઉપાધ્યાય છે.

(૫) ઉપ + આધિ + આય, આ પ્રમાણે પદચ્છેદ કરવામાં આવે, તો તેમાં ઉપ - ઉપહત, નષ્ટ કર્યા છે, આધિ - માનસિક પીડા અથવા અધિ - કુત્સિત બુદ્ધિ, આય - લાભ. અર્થાત્ જેણે માનસિક પીડા રૂપ દુર્ધ્યાન અથવા કુત્સિત બુદ્ધિને નષ્ટ કર્યા છે, તે ઉપાધ્યાય છે.

ઉપરોક્ત વ્યાખ્યાઓથી સ્પષ્ટ થાય છે કે સંઘમાં અધ્યાપનની વ્યવસ્થા માટે, શિષ્યોને યથાક્રમથી આગમ અધ્યયન કરાવવા માટે આચાર્યના સહયોગી ગીતાર્થ અને બહુશ્રુત શ્રમણને ઉપાધ્યાય કહે છે. તેમના દ્વારા શાસનમાં આગમ જ્ઞાનની પરંપરા પ્રવાહિત થાય છે.

**लोए सव्व साहूणं–** લોકના સર્વ સાધુઓ. **अभिलषितमर्थं साधयतीति साधुः ।**

(૧) સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ ચારિત્રની આરાધના દ્વારા મોક્ષની સાધના કરે છે, તે સાધુ છે.

(૨) જે રાગ-દ્વેષ કરતા નથી, પ્રાણી માત્રને આત્મવત્ માને છે, સર્વ પ્રાણી પ્રતિ સમભાવ રાખે છે, તે સાધુ છે.

(૩) જે સંયમીઓની મોક્ષ સાધનામાં સહાયક બને છે, તે સાધુ છે.

(૪) અઢાર પાપસ્થાનોનો પૂર્ણપણે ત્યાગ કરીને જીવન પર્યંત પંચ મહાવ્રતનું પાલન કરે છે, તે સાધુ છે.

**સવ્વ વિશેષણનું પ્રયોજન–** જેમ અરિહંતો અને સિદ્ધોના સ્વરૂપમાં સમાનતા છે, તેવી સમાનતા સાધુઓમાં નથી. વિવિધ પ્રકારની સાધનાના કારણે સાધુઓમાં અનેક અવાંતર ભેદ હોય છે. **सव्व** – સર્વ વિશેષણ પ્રયોગથી સર્વ પ્રકારના, સર્વ કક્ષાના સાધુઓનું ગ્રહણ થાય છે સામાયિક ચારિત્રી, છેદોપસ્થાપનીય ચારિત્રી, પરિહાર વિશુદ્ધ ચારિત્રી, સૂક્ષ્મ સંપરાય ચારિત્રી કે યથાખ્યાત ચારિત્રી, પ્રમત્ત સંયત કે અપ્રમત્ત સંયત, પુલાકાદિ પાંચ પ્રકારના નિર્ગ્રંથોમાંથી કોઈ પણ નિર્ગ્રંથ, જિનકલ્પી, સ્થવિરકલ્પી, પ્રતિમાધારી, યથાલંદકલ્પી, કલ્પાતીત, પ્રત્યેક બુદ્ધ, બુદ્ધબોધિત કે સ્વયંબુદ્ધ, છઠ્ઠાથી ચૌદમા ગુણસ્થાનવર્તી અઢીદ્વીપ રૂપ મનુષ્ય લોકના કોઈ પણ ક્ષેત્રમાં વિચરનારા સર્વ સાધુનો સમાવેશ કરવા માટે સર્વ શબ્દપ્રયોગ છે. અથવા ગુણ પ્રધાન આ મહામંત્રમાં સાંપ્રદાયિકતાના, ગચ્છ આદિના ભેદ ભાવ વિના સાધુતાના ગુણો ધરાવનાર સર્વ સાધુઓનો સમાવેશ થાય છે.

સાધુ પદ અત્યંત વિશાળ છે. તેમાં સામાન્ય કેવળી, આચાર્ય અને ઉપાધ્યાયનો પણ સમાવેશ થાય છે. પ્રત્યેક સાધકોની સાધનાનો પ્રારંભ સાધુ પદથી થાય, ત્યાર પછી તે-તે સાધકોની યોગ્યતા અને આત્મગુણોનો વિકાસ થતાં તે ક્રમશઃ ઉપાધ્યાય, આચાર્ય, અરિહંત અને સિદ્ધ પદને પામે છે.

**નમસ્કાર મંત્રમાં પંચ પરમેષ્ઠીનો ક્રમ :–** નમસ્કાર મહામંત્રમાં પંચ પરમેષ્ઠીનો ક્રમ પૂર્વાનુપૂર્વીથી કે પશ્ચાનુપૂર્વીથી નથી, પરંતુ અનાનુપૂર્વીથી છે. જો પૂર્વાનુપૂર્વીથી હોય, તો સિદ્ધ, અરિહંત, આચાર્ય.......આદિ હોય અને પશ્ચાનુપૂર્વીથી હોય, તો સાધુ, ઉપાધ્યાય, આચાર્ય...... આ પ્રમાણે હોય, પરંતુ આ બંને ક્રમને છોડીને, વિશિષ્ટ વિચારધારાથી ગણધર ભગવંતોએ અનાનુપૂર્વીને સ્વીકારી છે.

સિદ્ધ ભગવંતો અરિહંત ભગવાનથી શ્રેષ્ઠ હોવા છતાં વ્યવહારનયથી અરિહંતોની પ્રધાનતા છે. સિદ્ધ ભગવાન પૂર્ણજ્ઞાની પરંતુ દેહ રહિત છે. અરિહંત ભગવાન દેહ સહિત અને પૂર્ણજ્ઞાની હોવાથી મોક્ષ માર્ગનો ઉપદેશ આપે છે. સિદ્ધ ભગવાનની ઓળખાણ પણ અરિહંત ભગવાનના ઉપદેશના આધારે જ થાય છે.

વર્તમાને ભરત ક્ષેત્રમાં અરિહંત ભગવાન વિદ્યમાન નથી, આ સમયે આચાર્ય, ઉપાધ્યાય કે સાધુ ભગવંતો અરિહંત પ્રણિત આગમના આધારે જ ઉપદેશ આપે છે. આ રીતે અરિહંત ભગવાન સર્વાંશે

ઉપકારી હોવાથી મહામંત્રમાં અરિહંતની પ્રધાનતા છે અને ત્યાર પછી સિદ્ધ ભગવાનનું ગ્રહણ થયું છે ત્યાર પછી શ્રમણોની કોટિમાં બિરાજમાન અંતિમ ત્રણે પદોમાં ક્રમશઃ આચાર્ય, ઉપાધ્યાય અને સાધુનું ગ્રહણ થયું છે. આ રીતે પંચ પરમેષ્ઠીનો અનાનુપૂર્વીથી સ્વીકારેલો ક્રમ સાર્થક છે.

**પંચ પરમેષ્ઠીની નમસ્કરણીયતા :–** પંચ પરમેષ્ઠીને નમસ્કાર શા માટે કરવા ? અરિહંત ભગવાન નિષ્કામ કરુણાભાવે સર્વ જીવોને બંધન મુક્તિનો માર્ગ બતાવે છે. સિદ્ધ ભગવાનના અનંતગુણો અને અનંત સુખની પ્રાપ્તિ, તે ભવી જીવોનું લક્ષ્યબિંદુ છે. તેમજ ગ્રંથાનુસાર એક જીવ સિદ્ધ થાય ત્યારે એક જીવ અવ્યવહાર રાશિમાંથી વ્યવહાર રાશિમાં આવે છે. તે નિયમાનુસાર પ્રત્યેક જીવ સિદ્ધ ભગવાનના નિમિત્તથી અવ્યવહાર રાશિમાંથી વ્યવહાર રાશિમાં આવ્યો છે, તે તેમનો અનંત ઉપકાર છે. તેમને નમસ્કાર કરવાથી વ્યક્તિને આત્માના શુદ્ધ સ્વરૂપનું અને નિજગુણોનું ભાન થાય છે. તે ગુણોને પ્રગટ કરવાની પ્રેરણા મળે છે.

આચાર્ય ભગવાન સ્વયં આચાર પાલનમાં દક્ષ હોય છે અને અન્ય સાધકોની આચારશુદ્ધિમાં પ્રેરક બને છે. ઉપાધ્યાય ચતુર્વિધ સંઘના જ્ઞાનબળને સુદઢ બનાવે છે અને સાધુ ભગવંતો સર્વ સાધકોને મોક્ષ સાધનામાં સહાયક બને છે. આ રીતે દેવતત્ત્વમાં બિરાજમાન અરિહંત અને સિદ્ધ ભગવાન તથા ગુરુતત્ત્વમાં બિરાજમાન આચાર્ય, ઉપાધ્યાય અને સાધુ ભગવંતો ભવી જીવો માટે ઉપકારક હોવાથી તે નમસ્કરણીય છે.

નિર્યુક્તિ, ચૂર્ણિ તેમજ વૃત્તિકારે નમસ્કાર મંત્રના પાંચ પદની જ વ્યાખ્યા કરી છે. **एसो पंच...** આ અંતિમ ચાર પદની વ્યાખ્યા કરી નથી. **एसो पंच नमुक्कारो इत्यादि पुस्तकादर्षेषु वर्तते, न च वृत्तौ व्याख्यातः ।** અંતિમ ચાર પદને કેટલાક આચાર્યો ચૂલિકા સ્વરૂપે સ્વીકારે છે.

**एसो पंच णमोक्कारो सव्व पावप्पणासणो ।**
**मंगलाणं च सव्वेसिं पढमं हवइ मंगलं ॥**

અંતિમ ચાર પદમાં નમસ્કારના પ્રયોજન અને તેના ફળનું કથન કર્યું છે. **कर्मक्षयः ज्ञानावरणीयादि कर्मापगमः ।** નમસ્કારનું પ્રયોજન જ્ઞાનાવરણીય આદિ કર્મોને નાશ કરવાનું છે. તેનું ફળ શાશ્વત અને શ્રેષ્ઠ મંગલ સ્થાન રૂપ સિદ્ધ ગતિની પ્રાપ્તિ છે.

**एसो पंच णमोक्कारो सव्व पाव पणासणो** = આ પદમાં નમસ્કારના ઈહલૌકિક અને પારલૌકિક, આ બે પ્રકારના ફળનું કથન કર્યું છે.

**इह लोइ अत्थकामा आरुग्गं अभिरइ अ निप्फती ।**
**सिद्धी अ सग्ग सुकुलपच्चायाइ अ परलोए ॥** –નિર્યુક્તિ ગાથા–૧૦૧૧.

નમસ્કાર કરનારને **૧–૨ અર્થ–કામની પ્રાપ્તિ–** અશુભ કર્મોનો નાશ થવાથી અને પુણ્યનો બંધ થવાથી, તે જીવ ધન-સંપત્તિ અને અનુકૂળ વિષયોને પ્રાપ્ત કરે છે, **૩. આરોગ્ય–** અશાતાવેદનીય કર્મનો નાશ થવાથી જીવ આરોગ્ય-રોગ રહિતપણું પામે છે, **૪. અભિરતિ–** તેની ધનસંપતિ શુભવિપાકવાળી અર્થાત્ પુણ્યાનુબંધી હોવાથી તે જીવ તેના દ્વારા અભિરતિ– પ્રસન્નતા અને આનંદને પામે છે, **૫. નિષ્પત્તિ–** તેને પુણ્ય કર્મના બંધની નિષ્પત્તિ થાય છે, **૬. સિદ્ધિ–** સર્વ કર્મોનો ક્ષય થવાથી સિદ્ધ ગતિને પ્રાપ્ત કરે છે, **૭. સ્વર્ગ–** અલ્પ કર્મો શેષ રહી ગયા હોય તો વૈમાનિક જાતિના દેવલોકમાં ઉત્તમ ગતિને પામે છે, **૮. સુકુલમાં ઉત્પત્તિ–** તે જીવનો જ્યાં સુધી મોક્ષ ન થાય, ત્યાં સુધી ક્રમશઃ દેવલોક અને મનુષ્યગતિમાં જન્મ-મરણ થાય, મનુષ્ય જન્મમાં સાધનાને યોગ્ય વાતાવરણ સહજ રીતે પ્રાપ્ત

થાય, તેવા શ્રેષ્ઠ-ઉચ્ચ કુળમાં જન્મ થાય છે. આ રીતે નમસ્કાર કરનારા સાધકો ઈહલૌકિક અને પારલૌકિક આઠ પ્રકારના ફળને પ્રાપ્ત કરે છે.

નમસ્કારની પ્રક્રિયા નમ્રતા તથા ગુણ ગ્રાહકતાનું વિશુદ્ધ પ્રતીક છે. પોતાનાથી જ્યેષ્ઠ અને શ્રેષ્ઠ આત્માઓને નમસ્કાર કરવાની પરંપરા અનાદિકાલથી અવિચ્છિન્નપણે ચાલી આવે છે. **मत्त स्त्वमुत्कृष्टस्त्वतोऽहमपकृष्टः, एतद्द्वयबोधनुकूल व्यापारो हि नमः शब्दार्थः ।** આપ મારાથી ઉત્કૃષ્ટ-મહાન છો અને હું આપનાથી અપકૃષ્ટ-હીન છું. આ પ્રકારનો બોધ થાય ત્યારે વ્યક્તિ સહજ રીતે શ્રેષ્ઠ વ્યક્તિના ચરણોમાં નમસ્કાર કરે છે. આ પ્રકારની વૃત્તિ અને નમસ્કાર રૂપ પ્રવૃત્તિથી માનાદિ કષાયનો, અશુભ પરિણામોનો અને અશુભ કર્મોનો નાશ થાય છે. શુભ પરિણામોથી શુભ-પુણ્યકર્મનો બંધ થાય છે. સત્પુરુષોના નામસ્મરણથી, તેમને કરેલા નમસ્કારથી વિચારો પવિત્ર થાય, આત્મામાં એક પ્રકારની સાત્ત્વિક શક્તિ અને સાહસનો સંચાર થાય, તેના માધ્યમથી જ સાધકને સાધના માર્ગનું બળ પ્રાપ્ત થાય છે.

જેમ સૂર્યોદય થતાં કમળ સહજપણે વિકસિત થાય છે, તેમાં સૂર્ય કાંઈ કરતો નથી પણ તેના ઉદયના નિમિત્તે જ કમળ વિકસિત થાય છે. તે જ રીતે નમસ્કરણીય શ્રેષ્ઠ પુરુષ કાંઈ કરતા નથી મહાન પરંતુ પુરુષોને કરેલા નમસ્કાર સાધકોના ઉત્થાનનું નિમિત્ત બને છે તેથી જ પૂર્વાચાર્યોએ તેના ફળને પ્રદર્શિત કરવા **सव्व पावप्पणासणो** શબ્દનો પ્રયોગ કર્યો છે.

**मंगलाणं च सव्वेसिं पढमं हवइ मंगलं** – સર્વ મંગલોમાં નમસ્કાર મંત્ર પ્રથમ-પ્રધાન, શ્રેષ્ઠ મંગલરૂપ છે.

**મંગલ– मंग्** ગત્યર્થક ધાતુથી મંગલ શબ્દ નિષ્પન્ન થાય છે. ગત્યર્થક ધાતુનો પ્રયોગ પ્રાપ્તિ અર્થમાં થાય છે, તેથી (૧) જેના વડે હિતની પ્રાપ્તિ થાય, હિત સધાય તે મંગલ છે, (૨) મંગ - ધર્મ અને લા - લાવવું. ધર્મને જે લાવે, સ્વાધીન કરે અર્થાત્ ધર્મનું ઉપાદાન કારણ હોય, તે મંગલ છે, (૩) **माम् गालयति इति मंगलः ।** મમત્વ ભાવને, સંસાર ભાવને ગાળી નાંખે, તે મંગલ, (૪) જેના વડે વિઘ્નોનો નાશ થાય, તે મંગલ છે. આ રીતે મંગલ શબ્દના ભિન્ન-ભિન્ન અર્થો છે.

મંગલના દ્રવ્યમંગલ અને ભાવમંગલ, આ બે ભેદ છે.

**દ્રવ્ય મંગલ–** લોકમાં પ્રચલિત દહીં, અક્ષત, કુંભ, સ્વસ્તિક આદિ દ્રવ્ય મંગલ છે. લૌકિક વ્યવહારમાં પ્રત્યેક શુભ કાર્યના પ્રારંભમાં વિઘ્નોના ઉપશમન માટે મંગલ કરવામાં આવે છે, પરંતુ દ્રવ્યમંગલ એકાંતિક અને આત્યંતિક મંગલ નથી, કાલક્રમે તે અનેકવાર અમંગલ રૂપે પરિણમે છે. તેમાં મંગલ શબ્દની ઉપરોક્ત વ્યુત્પત્તિઓ ઘટિત થતી નથી.

**ભાવમંગલ–** લોકોત્તર સાધનાદિના પ્રારંભમાં જેનો પ્રયોગ થાય, તે ભાવમંગલ છે, નમસ્કાર, સ્તુતિ, ભક્તિ, રત્નત્રયીની આરાધના આદિ આત્માના શુભ ભાવો ભાવમંગલ છે. તે કદાપિ અમંગલ રૂપે પરિણત થતા નથી. ભાવમંગલ એકાંતિક અને આત્યંતિક મંગલ રૂપ હોવાથી, તે અમંગલરૂપે પરિણત ન થવાથી સર્વ મંગલોમાં સર્વ શ્રેષ્ઠ-પ્રધાન અથવા પ્રથમ મંગલ રૂપ છે.

**पढमं हवइ मंगलं** - **पढमं** - ઉત્કૃષ્ટ, આદ્ય, હ્રાસ ન પામે અને વૃદ્ધિ પામે તેવું. જે ગુણમાં શ્રેષ્ઠ હોય તે ઉત્કૃષ્ટ કહેવાય, જે ગણનામાં પહેલું હોય તે આદ્ય કહેવાય. સૂત્રકારે અહીં ઉત્કૃષ્ટ, આદ્ય કે ઉત્તમ આદિ શબ્દોનો પ્રયોગ ન કરતાં **पढमं** શબ્દનો પ્રયોગ કર્યો છે. પ્રથમ શબ્દ **पृथु विस्तारे** ધાતુથી બન્યો છે. અર્થાત્ જેમાં કદી હ્રાસ ન થાય પરંતુ ક્રમશઃ વૃદ્ધિ જ થયા કરે. તે પ્રથમ છે. મહામંત્રના આરાધકોના

આત્મગુણો ક્રમશઃ વૃદ્ધિને પામે છે.

નમસ્કાર મહામંત્રના સ્મરણથી જીવમાત્રનું હિત થાય છે, તેની આરાધનાથી શ્રુત અને ચારિત્ર ધર્મની પ્રાપ્તિ થાય, મમત્ત્વનો અને વિઘ્નોનો નાશ થાય છે, તેથી તે પ્રથમ મંગલ છે.

સાધક સાધનાના પ્રારંભમાં પંચ પરમેષ્ઠીને પોતાના ઉપાસ્ય રૂપે સ્વીકારીને તેમની ઉપાસના કરે છે, તેને જ લક્ષ્ય બનાવીને શ્રદ્ધા અને ભક્તિપૂર્વક નમસ્કાર કરે છે. તેની પ્રાથમિક ભૂમિકામાં સાધક સ્વયં ઉપાસક અને પંચ પરમેષ્ઠી ઉપાસ્ય હોવાથી તે બંને વચ્ચે દ્વૈત ભાવ છે. તે દ્વૈત ભાવમાં કરેલા નમસ્કાર **દ્વૈત નમસ્કાર** કહેવાય છે. ક્રમશઃ સાધકની સાધના પ્રગતિશીલ અને પરિપકવ થાય, નમસ્કારના માધ્યમથી જ તેના અશુભ કર્મોનો નાશ થાય, પોતાના એક-એક આત્મગુણોનું પ્રગટીકરણ થતું જાય, આરીતે આગળ વધતાં સાધક સ્વયં પંચ પરમેષ્ઠીના સ્વરૂપને પ્રાપ્ત કરી લે છે અને સ્વયં પોતે પોતાના શુદ્ધ સ્વરૂપને નમસ્કાર કરે છે, હવે તેના નમસ્કારમાં ઉપાસ્ય-ઉપાસકનો ભેદ રહેતો નથી. તે સ્વયં અદ્વૈતભાવને પ્રાપ્ત કરે છે. અદ્વૈત ભાવે કરેલા નમસ્કાર **અદ્વૈત નમસ્કાર** કહેવાય છે. આ રીતે દ્વૈત નમસ્કારથી પ્રારંભ થયેલી સાધના અંતે અદ્વૈતભાવને પ્રાપ્ત કરે છે ત્યારે તે શાશ્વત અને શ્રેષ્ઠ સિદ્ધિ રૂપ મંગલ ભાવોને પ્રાપ્ત કરે છે, ત્યાર પછી તે કદાપિ અમંગલ રૂપે પરિણત થતાં નથી. નમસ્કારની પ્રક્રિયાની સર્વોચ્ચતા સ્વીકારીને સામાન્ય જનસમાજથી લઈને વિશિષ્ટ કોટિના સાધકોમાં શુભ કાર્યના પ્રારંભ સમયે નમસ્કાર મંત્રનું સ્મરણ કરવાની પરંપરા જીવંત પણે દૃષ્ટિગોચર થાય છે.

**મંત્ર– मननात् त्रायते इति मंत्रः** । મનન-ચિંતન કરવાથી જીવનું રક્ષણ થાય, તે મંત્ર કહેવાય છે. પંચ પરમેષ્ઠીને કરેલા નમસ્કારથી સર્વ પાપનો નાશ થાય છે, નમસ્કારના ઇહલૌકિક અને પારલૌકિક ફળને જોતાં સ્પષ્ટ થાય છે કે નમસ્કાર જીવને સિદ્ધિ પ્રાપ્ત કરાવે અને સિદ્ધિ પ્રાપ્ત ન થાય, ત્યાં સુધી સદ્‌ગતિમાં જન્મ-મરણ કરાવે છે. આ રીતે નમસ્કાર મંત્ર દ્વારા જીવનું શાશ્વતકાલ પર્યંત રક્ષણ થાય છે.

તે ઉપરાંત નમસ્કાર મંત્ર ગુણ પ્રધાન છે, તેમાં કોઈ પણ ગચ્છ, સંપ્રદાય, દેશ કે વેષના ભેદભાવ વિના ગુણની પ્રધાનતા છે. તેમાં કોઈ વ્યક્તિનું નામ નથી, આ તેની વિશાળતા છે. અરિહંત, સિદ્ધ આદિ પાંચને નમસ્કાર કરવાથી તે તેઅવસ્થાને પ્રાપ્ત થયેલા અનેક આત્માઓને એક સાથે નમસ્કાર થઈ જાય છે. આ રીતે નવકાર મંત્ર સંક્ષિપ્ત હોવા છતાં વિશાળ છે અને તેથી જ તે મહાફળદાયક છે. આ મંત્રની વિશાળતા, ઉદારતા અને ગુણપ્રધાનતાને લક્ષમાં રાખીને તેની ગણના જૈનધર્મના સર્વશ્રેષ્ઠ મંત્ર રૂપે, ચૌદ પૂર્વના સંક્ષિપ્ત સારરૂપે થઈ છે અને લોકો શ્રદ્ધા અને ભક્તિપૂર્વક આ મહામંત્રનું સ્મરણ કરે છે.

આ રીતે નમસ્કાર મહામંત્રના નવપદમાં પ્રથમ પાંચ પદમાં પંચ પરમેષ્ઠી ભગવંતોને નમસ્કાર અને અંતિમ ચાર પદમાં તેનું પ્રયોજન તથા ફળનું નિરૂપણ છે.

**નમસ્કાર સૂત્રના પ્રચલિત નામો** – નમસ્કાર મહામંત્રમાં નવપદ હોવાથી **નવકાર મંત્ર,** નમસ્કારની પ્રધાનતા હોવાથી **નમસ્કાર મંત્ર,** નમસ્કાર કરવા યોગ્ય પંચ પરમેષ્ઠી હોવાથી **પરમેષ્ઠી મંત્ર** અને ચૌદપૂર્વના સાર રૂપ હોવાથી તેમજ જૈન દર્શનમાં તેની અગ્રતા કે પ્રધાનતા હોવાથી **મહામંત્ર** રૂપે પ્રસિદ્ધ છે.

**પંચ પરમેષ્ઠીના ૧૦૮ ગુણ–** પંચ પરમેષ્ઠી ગુણવાચક સંજ્ઞાઓ છે, અરિહંત અને સિદ્ધમાં પૂર્ણ જ્ઞાન, દર્શન, વીતરાગતા આદિ આત્માના અનંત ગુણો પ્રગટ હોય છે. આગમોમાં પંચ પરમેષ્ઠીના ચોક્કસ ગુણો કે તેની સંખ્યાનું વર્ણન ઉપલબ્ધ થતું નથી. સમવાયાંગ સૂત્ર–૩૧મા સમવાયમાં અને આવશ્યક સૂત્રના ચોથા શ્રમણ સૂત્રમાં સિદ્ધ ભગવાનના ૩૧ ગુણોનું કથન છે અને ચોથા શ્રમણ સૂત્રમાં સાધુના ૨૭ ગુણોનું વર્ણન

છે. અરિહંત, આચાર્ય કે ઉપાધ્યાયના ગુણોની સંખ્યાનું કથન આગમમાં પ્રાપ્ત થતું નથી, પરંતુ ગ્રંથોમાં અને પરંપરા અનુસાર પંચ પરમેષ્ઠીના ૧૦૮ ગુણોની ગણના પ્રચલિત છે. તેમાં અરિહંતના ૧૨ ગુણ + સિદ્ધના ૮ ગુણ + આચાર્યના ૩૬ ગુણ + ઉપાધ્યાયના ૨૫ ગુણ + સાધુના ૨૭ ગુણ = ૧૦૮ ગુણ થાય છે.

**અરિહંતના ૧૨ ગુણ :–** અરિહંત ભગવાને ચાર ઘાતિ કર્મોનો નાશ કર્યો છે, તે ચાર કર્મના ક્ષયથી પ્રગટ થતાં ગુણો અને પ્રભુના પુણ્ય પ્રભાવથી પ્રગટ થતી વિશેષતાઓની અપેક્ષાએ બાર ગુણ આ પ્રમાણે છે– (૧) અનંતજ્ઞાન, (૨) અનંત દર્શન, (૩) અનંત ચારિત્ર, (૪) અનંત તપ, (૫) અનંત બલવીર્ય, (૬) અનંત ક્ષાયિક સમક્તિ, (૭) વજ્રઋષભ નારાચ સંઘયણ, (૮) સમચુરસ સંસ્થાન (૯) ચોત્રીસ અતિશયો, (૧૦) પાંત્રીસ ગુણ યુક્ત વાણી, (૧૧) એક હજાર આઠ ઉત્તમ લક્ષણો, (૧૨) ૬૪ ઈન્દ્ર દ્વારા પૂજનીકપણું.

કેટલાક આચાર્યો પ્રભુને તીર્થંકર નામકર્મના ઉદયે પ્રગટ થતાં દેવકૃત અષ્ટ પ્રાતિહાર્ય અને ચાર મૂળ અતિશય, આ રીતે બાર ગુણને સ્વીકારે છે.

**અષ્ટ પ્રાતિહાર્ય :– (૧) અશોકવૃક્ષ–** દેવો ભગવાનના સમવસરણમાં ભગવાનના દેહથી બારગણું ઊંચું અશોક વૃક્ષ તૈયાર કરે છે. તેની નીચે બેસીને પ્રભુ દેશના આપે છે, **(૨) સુરપુષ્પવૃષ્ટિ–** ભગવાનના સમવસરણમાં દેવો પાંચે વર્ણના અચિત્ત પુષ્પોની વૃષ્ટિ કરે, તે ફૂલોના ડીંટ નીચે રહે અને મુખ ઊપર રહે છે, **(૩) દિવ્યધ્વનિ–** જ્યારે ભગવંત દેશના આપે ત્યારે દેવો પોતાના ધ્વનિ વડે ભગવાનના સ્વરની પૂર્તિ કરે, **(૪) ચામર–** ભગવાનની બંને બાજુએ આકાશમાં અતિશ્વેત ચામર વીંઝાતા રહે છે, **(૫) સિંહાસન –** આકાશમાં દેવો સિંહના મુખ જેવા આકારનું નિર્મળ સ્ફટિક રત્નજડિત પાદપીઠિકા સહિત સિંહાસન બનાવે છે, **(૬) ભામંડળ–** ભગવાનના મસ્તકની પાછળ શરદઋતુના સૂર્ય જેવા ઊગ્ર અને તેજસ્વી ભામંડળની રચના કરે છે. તેમાં ભગવાનનું તેજ સંક્રમણ પામે છે, **(૭) દુંદુંભિ–** ભગવાનના સમવસરણમાં દેવો દેવ દુંદુંભિ વગાડે છે. **(૮) દિવ્ય છત્ર–** દેવો ભગવાનના મસ્તક ઉપર શરદ ઋતુના ચંદ્ર જેવા ઉજ્જવળ અને મોતીના હારોથી સુશોભિત ત્રણ છત્રની રચના કરે છે.

**ચાર મૂળ અતિશય** (ઉત્કૃષ્ટ ગુણો) આ પ્રમાણે છે– **(૯) અપાયાપગમ અતિશય–** અપાય એટલે પાપ અને અપગમ એટલે સંપૂર્ણપણે નાશ થવો. જેઓના પાપકર્મોનો સંપૂર્ણ નાશ થયો છે. અરિહંત પરમાત્મા સર્વ પ્રકારના પાપસ્થાનોથી, બાહ્ય–આભ્યંતર દોષોથી રહિત હોય છે અથવા અપાય = ઉપદ્રવો અને અપગમ = નાશ, ઉપદ્રવનો નાશ. ભગવાન વિચરતા હોય ત્યાં પચીસ પચીસ યોજનમાં પ્રાયઃ રોગ, મરકી, વૈર, અનાવૃષ્ટિ, અતિવૃષ્ટિ વગેરે ઉપદ્રવો થતા નથી અને પરમાત્માનું શરીર પણ સર્વ પ્રકારના રોગોથી રહિત હોય છે, **(૧૦) જ્ઞાનાતિશય–** ભગવાન કેવળજ્ઞાન વડે લોકાલોકનું સ્વરૂપ સર્વ પ્રકારે જાણે છે, **(૧૧) પૂજાતિશય–** તીર્થંકરો દેવો, દાનવો, માનવો દ્વારા પૂજનીય છે. રાજા, વાસુદેવ, બળ દેવ, ચક્રવર્તી, દેવો, ઇંદ્રો વગેરે તેમને પૂજે છે, **(૧૨) વચનાતિશય–** ભગવાનના પુણ્ય પ્રભાવે તથા ૩૫ વાણીના ગુણોના કારણે પ્રભુની વાણીને દેવ, મનુષ્ય અને તિર્યંચ સર્વે પોત-પોતાની ભાષામાં સમજી જાય છે. આ રીતે અરિહંત ભગવાન બાર ગુણયુક્ત છે.

**સિદ્ધ ભગવાનના આઠ ગુણ :–** આઠ કર્મોનો નાશ થવાથી સિદ્ધ ભગવાનના મુખ્ય આઠ ગુણ પ્રગટ થાય છે. જ્ઞાનાવરણીય કર્મના ક્ષયથી **કેવળજ્ઞાન**, દર્શનાવરણીય કર્મના ક્ષયથી **કેવળદર્શન**, વેદનીય કર્મના ક્ષયથી **નિરાબાધ આત્મિક સુખ**, મોહનીય કર્મના ક્ષયથી **ક્ષાયકસમકિત**, આયુષ્ય કર્મના ક્ષયથી **અક્ષય સ્થિતિ,** નામકર્મના ક્ષયથી **અમૂર્ત ગુણ,** ગોત્રકર્મના ક્ષયથી **અગુરુલઘુ ગુણ** અને અંતરાયકર્મના ક્ષયથી **અનંતશક્તિ** પ્રગટ થાય છે.

**સિદ્ધ ભગવાનના ૩૧ ગુણ :–** આઠ કર્મની ૩૧ ઉત્તર પ્રકૃતિના ક્ષયથી સિદ્ધ ભગવાનના ૩૧ ગુણ પ્રગટ થાય છે. શ્રી સમવાયાંગ સૂત્ર અને પ્રસ્તુત શ્રી આવશ્યક સૂત્રના ચોથા આવશ્યકમાં સિદ્ધ ભગવાનના ૩૧ ગુણોનું કથન છે. તે આ પ્રમાણે છે– જ્ઞાનાવરણીય કર્મની **પાંચ** પ્રકૃતિનો નાશ થવાથી (૧) ક્ષીણ મતિજ્ઞાનાવરણ, (૨) ક્ષીણ શ્રુતજ્ઞાનાવરણ, (૩) ક્ષીણ અવધિ જ્ઞાનાવરણ, (૪) ક્ષીણ મનઃપર્યવ જ્ઞાનાવરણ, (૫) ક્ષીણ કેવળ જ્ઞાનાવરણ.

દર્શનાવરણીય કર્મની **નવ** પ્રકૃતિનો નાશ થવાથી (૧) ક્ષીણ ચક્ષુદર્શનાવરણ, (૨) ક્ષીણ અચક્ષુ-દર્શનાવરણ, (૩) ક્ષીણ અવધિ દર્શનાવરણ, (૪) ક્ષીણ કેવળદર્શનાવરણ, (૫) ક્ષીણ નિદ્રાદર્શનાવરણ, (૬) ક્ષીણ નિદ્રાનિદ્રા દર્શનાવરણ, (૭) ક્ષીણ પ્રચલા દર્શનાવરણ, (૮) ક્ષીણ પ્રચલા પ્રચલા દર્શનાવરણ, (૯) ક્ષીણ થીણદ્ધિનિદ્રા દર્શનાવરણ.

વેદનીય કર્મની **બે** પ્રકૃતિનો નાશ થવાથી (૧) ક્ષીણ શાતાવેદનીય અને (૨) ક્ષીણ અશાતા વેદનીય.

મોહનીય કર્મની **બે** પ્રકૃતિનો નાશ થવાથી (૧) ક્ષીણ દર્શન મોહનીય, (૨) ક્ષીણ ચારિત્ર મોહનીય. આયુષ્ય કર્મની **ચાર** પ્રકૃતિના નાશથી (૧) ક્ષીણ નૈરયિકાયુ, (૨) ક્ષીણ તિર્યંચાયુ, (૩) ક્ષીણ મનુષ્યાયુ, (૪) ક્ષીણ દેવાયુ.

નામ કર્મની **બે** પ્રકૃતિના નાશથી (૧) ક્ષીણ શુભનામ, (૨) ક્ષીણ અશુભનામ.

ગોત્ર કર્મની બે પ્રકૃતિના નાશથી (૧) ક્ષીણ ઉચ્ચ ગોત્ર, (૨) ક્ષીણ નીચ ગોત્ર.

અંતરાય કર્મની પાંચ પ્રકૃતિના નાશથી (૧) ક્ષીણ દાનાંતરાય, (૨) ક્ષીણ લાભાંતરાય, (૩) ક્ષીણ ભોગાંતરાય, (૪) ક્ષીણ ઉપભોગાંતરાય, (૫) ક્ષીણ વીર્યાંતરાય.

આ રીતે ૫ + ૯ + ૨ + ૨ + ૪ + ૨ + ૨ + ૫ = ૩૧ ગુણ પ્રગટ થાય છે. સિદ્ધ ભગવાનમાં આઠ મૂળ પ્રકૃતિના ક્ષયની અપેક્ષાએ આઠ ગુણ અને તેની ૩૧ ઉત્તર પ્રકૃતિના ક્ષયની અપેક્ષાએ ૩૧ ગુણ પ્રગટ થાય છે. તે બંનેમાં તાત્ત્વિક કોઈ ભેદ નથી.

**આચાર્ય ભગવંતોના ૩૬ ગુણો :– (૧–૫)** પાંચઈન્દ્રિય–સ્પર્શેન્દ્રિય, રસનેન્દ્રિય, ઘ્રાણેન્દ્રિય, ચક્ષુરિન્દ્રિય અને શ્રોતેન્દ્રિયનો સંવર **(૬–૧૪)** નવ વિધ બ્રહ્મચર્યનું પાલન– ૧. વિવિક્ત શય્યાસન સેવન– સ્ત્રી, પશુ, પંડગ(નપુસંક) રહિત સ્થાનમાં રહેવું. ૨. સ્ત્રીકથા પરિહાર– સ્ત્રીઓની કથા-વાર્તા કરવી નહીં ૩. નિષદ્યાનુ પવેશન– સ્ત્રીઓ સાથે એક આસને બેસવું નહીં અથવા સ્ત્રી ઊઠી જાય ત્યાર પછી પણ અંતમુહૂર્ત સુધી તે આસન પર બેસવું નહીં. ૪. સ્ત્રી અંગોપાંગ દર્શન– સ્ત્રીઓના અંગોપાંગ વિષય બુદ્ધિથી નીરખવા નહીં. ૫. કુંડયાંતર શબ્દ શ્રવણાદિ વર્જન– ભીંત આદિના આંતરે રહીને સ્ત્રીઓના વિલાસ યુક્ત શબ્દો, સંગીત આદિ સાંભળવા નહીં, ૬. પૂર્વ ભોગાસ્મરણ– પૂર્વે ભોગવેલા ભોગોનું સ્મરણ કરવું નહીં. ૭. પ્રણીત ભોજન ત્યાગ– વિકારોત્પાદક ગરિષ્ટ ભોજન લેવું નહીં. ૮. અતિભોજન ત્યાગ– પ્રમાણથી અધિક ભોજન લેવું નહીં. ૯. વિભૂષાત્યાગ– શરીર પર શોભા શણગાર કરવા નહીં. **(૧૫–૧૮)** ચાર કષાયનો ત્યાગ–ક્રોધ ન કરે, માન ન કરે, માયા ન કરે, લોભ ન કરે **(૧૯–૨૩)** પંચ મહાવ્રતનું પાલન ૧. સર્વપ્રાણાતિપાત વિરમણ, ૨. સર્વમૃષાવાદ વિરમણ, ૩. સર્વઅદત્તાદાન વિમરણ, ૪. સર્વમૈથુન વિરમણ, ૫. સર્વ પરિગ્રહ વિરમણ. **(૨૪–૨૮)** પંચાચારથી યુક્ત ૧. જ્ઞાનાચાર ૨. દર્શનાચાર ૩. ચારિત્રાચાર ૪. તપાચાર ૫. વીર્યાચારનું પાલન કરે. **(૨૯–૩૩)** પાંચ સમિતિના પાલક ૧. ઈર્યાસમિતિ ૨. ભાષાસમિતિ ૩. એષણાસમિતિ ૪. આયાણભંડ મત્ત નિક્ખેવણિયાસમિતિ ૫.

ઉચ્ચારપ્રસવણખેલજલસિંઘાણ પરિઠાવણિયા સમિતિ **(૩૪–૩૬)** ત્રણ ગુપ્તિથી ગુપ્ત ૧. મનગુપ્તિ ૨. વચન ગુપ્તિ ૩. કાયગુપ્તિ, આ રીતે ૫ + ૯ + ૪ + ૫ + ૫ + ૫ + ૩ = ૩૬ ગુણ થાય છે.

**ઉપાધ્યાય ભગવંતના ૨૫ ગુણો :– (૧–૧૨) બાર અંગના પાઠક હોય–** ૧. આચારાંગ સૂત્ર ૨. સૂયગડાંગ સૂત્ર, ૩. ઠાણાંગ સૂત્ર ૪. સમવાયાંગ સૂત્ર ૫. વ્યાખ્યા પ્રજ્ઞપ્તિ(ભગવતી સૂત્ર) ૬. જ્ઞાતાધર્મકથાંગ સૂત્ર ૭. ઉપાસકદશાંગ સૂત્ર ૮. અંતગડદશાંગ સૂત્ર, ૯. અનુત્તરોવવાઈ સૂત્ર ૧૦. પ્રશ્નવ્યાકરણ સૂત્ર ૧૧. વિપાકસૂત્ર (૧૨) દષ્ટિવાદ સૂત્ર.

**(૧૩–૨૪) બાર ઉપાંગના જ્ઞાતા હોય–** ૧. ઉવવાઈ સૂત્ર, ૨. રાયપસેણી સૂત્ર, ૩. જીવાભિગમ સૂત્ર, ૪. પન્નવણાસૂત્ર, ૫. જંબૂદ્વીપ પ્રજ્ઞપ્તિ સૂત્ર, ૬. ચંદ્રપ્રજ્ઞપ્તિ સૂત્ર, ૭. સૂર્ય પ્રજ્ઞપ્તિ સૂત્ર, ૮. નિરિયાવલિકા સૂત્ર, ૯. કપ્પવડિંસિયા સૂત્ર, ૧૦. પુપ્ફિયા સૂત્ર, ૧૧. પુપ્ફચૂલિયા સૂત્ર, ૧૨. વહ્નિદશા સૂત્ર અને ૨૫ કરણ સિત્તરી અને ચરણ સિત્તરીના પાલક હોય. આ રીતે ૧૨ + ૧૨ + ૧ = ૨૫ ગુણ થાય છે.

**સાધુ-સાધ્વી ભગવંતોના ૨૭ ગુણો :– (૧–૫)** પાંચ મહાવ્રતનું પાલન કરે, **(૬–૧૦)** પાંચ ઇન્દ્રિયોને વશમાં રાખે, **(૧૧–૧૪)** ચાર કષાયને જીતે, **૧૫.** મન સમાધારણા–પાપકારી વિચારણાથી મનને દૂર રાખે, **૧૬.** વચન સમાધારણા– પાપકારી ભાષા પ્રયોગ ન કરે, **૧૭.** કાય સમાધારણા–કાયા દ્વારા પાપ પ્રવૃત્તિ ન કરે, **૧૮.** ભાવસત્ય–પરિણામોની નિર્મળતા, **૧૯.** કરણ સત્ય–કરણસિત્તરીના ૭૦ બોલનું પાલન અને જિનાજ્ઞાનુસાર ક્રિયાનું આચરણ કરે, **૨૦.** જોગ સત્ય-મન, વચન, કાયાના યોગની સત્યતા (સરળતા) રાખે, **૨૧.** જ્ઞાનસંપન્ન, **૨૨.** દર્શન સંપન્ન, **૨૩.** ચારિત્ર સંપન્ન, **૨૪.** ક્ષમાવાન, **૨૫.** સંવેગવાન, **૨૬.** ઉપસર્ગ, પરીષહને સહન કરે, **૨૭.** મારણાંતિક કષ્ટ સહન કરે, સમાધિમરણને પ્રાપ્ત થાય.

આ રીતે પંચ પરમેષ્ઠીના ૧૦૮ ગુણો છે. તે ગુણોનું આત્મામાં પ્રગટીકરણ કરવાના લક્ષે તેમનું નામસ્મરણ કરાય છે.

## પાઠ–૨ : સામાયિક પ્રતિજ્ઞા સૂત્ર

**કરેમિ ભંતે :–**

**૧ करेमि भंते ! सामाइयं सावज्जं जोगं पच्चक्खामि जावज्जीवाए तिविहं तिविहेणं मणेणं वायाए काएणं ण करेमि ण कारवेमि करतंपि अण्णं ण समणुजाणामि तस्स भंते पडिक्कमामि णिंदामि गरिहामि अप्पाणं वोसिरामि ।**

**શબ્દાર્થ :– करेमि** – હું કરું છું, **भंते** – હે ભગવાન ! આપની સાક્ષીથી, **सामाइयं** – સામાયિક, **सावज्जं** – સાવદ્ય-પાપકારી, **जोगं** – વ્યાપારોનો, પ્રવૃત્તિઓનો, **पच्चक्खामि** – ત્યાગ કરું છું, પ્રત્યાખ્યાન કરું છું, **जावज्जीवाए** – જીવન પર્યંત, **तिविहं तिविहेणं** – ત્રણ કરણ અને ત્રણ યોગથી, **मणेणं, वायाए, काएणं** – મન, વચન અને કાયાથી, **ण करेमि** – હું સ્વયં કરીશ નહીં, **ण कारवेमि** – હું કરાવીશ નહીં, **करतंपि अण्णं** – કરતા હોય તેને, **ण समणुजाणामि** – તેને સમ્યક જાણીશ નહીં, તેનું અનુમોદન કરીશ નહીં, **तस्स** – તે પાપકારી પ્રવૃત્તિથી, **भंते** = હે ભગવન્ ! **पडिक्कमामि** = પાછો કરું છું, પ્રતિક્રમણ કરું છું, **णिंदामि** – મારા આત્માની સાક્ષીએ નિંદા કરું છું, **गरिहामि** = ગુરુની સાક્ષીએ ગર્હા કરું છું, **अप्पाणं वोसिरामि** – તે પાપકારી આત્માનો હું ત્યાગ કરું છું.

**ભાવાર્થ :–** હે ભગવન ! હું સામાયિક વ્રત ગ્રહણ કરું છું, તેથી સર્વ સાવદ્ય વ્યાપારોનો અર્થાત્ પાપ પ્રવૃત્તિઓનો હું ત્યાગ કરું છું. આ ત્યાગ હું જીવન પર્યંત ત્રણ કરણ અને ત્રણ યોગથી અર્થાત્ મન, વચન અને કાયા, આ ત્રણે યોગથી હું સ્વયં પાપકર્મ કરીશ નહીં, બીજા પાસે કરાવીશ નહીં તેમજ પાપયુક્ત પ્રવૃત્તિ કરનારનું અનુમોદન પણ કરીશ નહીં.

હે ભગવાન ! પૂર્વના પાપનું હું પ્રતિક્રમણ કરું છું, આત્મ સાક્ષીએ નિંદા કરું છું, ગુરુ સાક્ષીએ ધિક્કારું છું અને પાપકારી આત્માને (કષાયાત્મા અને અશુભ યોગાત્માને) વોસિરાવું છું-ત્યાગ કરું છું.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્ર સામાયિકનું પ્રતિજ્ઞાસૂત્ર છે. સામાયિકની અર્થાત્ સમભાવની સાધનાથી જ સાધનાનો પ્રારંભ થાય છે અને ક્રમશઃ સમભાવની પુષ્ટિ થતાં રાગ-દ્વેષાદિ વિષમ ભાવોનો નાશ થાય અને અંતે સાધક અખંડ સમભાવની અર્થાત્ વીતરાગદશાની પ્રાપ્તિ કરે છે. આ રીતે સાધનાના પ્રારંભથી પૂર્ણાહૂતિ પર્યંત સામાયિકના ભાવોને જ સિદ્ધ કરવાના હોવાથી સાધક જીવનમાં સામાયિકનું અત્યંત મહત્ત્વ છે.

સામાયિકના પ્રતિજ્ઞા સૂત્રથી સામાયિકનું સ્વરૂપ તથા તેના સ્વીકારની પદ્ધતિ સ્પષ્ટ થાય છે.

**करेमि भंते सामाइयं** – હે ભગવંત ! હું સામાયિક કરું છું. આ પ્રતિજ્ઞા વાક્ય છે. સાધક પ્રતિજ્ઞાનો સ્વીકાર સ્વેચ્છાથી કરે છે. ગુરુ શિષ્યને ઉપદેશ દ્વારા હિતાહિતનો બોધ કરાવે છે ત્યાર પછી શિષ્ય સ્વયં ગુરુ સમક્ષ અહિતકારી પ્રવૃત્તિનો ત્યાગ કરવા ઉપસ્થિત થાય છે અને ગુરુ સાક્ષીએ પોતાના ત્યાગના સંકલ્પ રૂપ પ્રતિજ્ઞાનો સ્વીકાર કરે છે. પ્રસ્તુત પ્રતિજ્ઞા સૂત્રનો પ્રથમ **करेमि** શબ્દ ઉપરોક્ત ભાવોને સૂચિત કરે છે. હે ભગવંત ! મારી સમજણથી, મારી સ્વેચ્છાથી હું સ્વયં સામાયિકનો સ્વીકાર કરું છું.

**भंते** શબ્દ **भदि कल्याणे सुखे च** ધાતુથી નિષ્પન્ન થયો છે. તેના વ્યુત્પત્તિ અનુસાર ભિન્ન-ભિન્ન અર્થ થાય છે.

(૧) **भदंत– कल्याणं सुखं च प्रापयति इति भदन्तः** કલ્યાણ અને સુખને પ્રાપ્ત કરાવે તે.

(૨) **भवांत– संसारमन्तयति-दूरीकरोति इति भवान्तः** । સંસારનો અંત કરાવે તે.

(૩) **भयान्त– भयस्य-जन्मजरामरणरूप भयस्यान्तो नाशो येन स भयान्तः** જન્મ-જરા, મરણ રૂપ ભયનો અથવા ઇહલોક આદિ સાત પ્રકારના ભયનો નાશ કરાવે તે.

(૪) **भयदान्तः – भयं ददाति इति भयदा भोगास्तानन्तयतीति भयदान्तः** । ભયજનક કામભોગનો નાશ કરે તે.

(૫) **भदान्त भानि-इन्द्रियाणि तानि दान्तानि येन स भदान्तः** । ઇન્દ્રિયોનું દમન કરે અને કરાવે, તે.

(૬) **भाति– सम्यग्ज्ञानदर्शनचारित्रैर्दीप्यते इति भान्तः** । સમ્યગ્જ્ઞાન, દર્શન ચારિત્રથી શોભાયમાન છે તે.

ભંતે શબ્દના ભિન્ન-ભિન્ન અર્થોને જોતા સ્પષ્ટ થાય છે કે ભંતે વિશેષણ ગુરુ માટે પ્રયુક્ત છે. શિષ્યની સાધનામાં ગુરુ કલ્યાણકારી છે, તે ઉપરાંત ગુરુ શિષ્યના સંસારનો અંત કરાવનાર, સ્વયં ભયમુક્ત, ઇન્દ્રિય વિજેતા, કામભોગોના ત્યાગી, સમ્યગ્દર્શનાદિ ગુણોથી શોભાયમાન હોય છે. સાધક પોતાની પ્રતિજ્ઞાનો સ્વીકાર ગુરુની સમક્ષ કરે છે તેથી ભંતે શબ્દનો પ્રયોગ ગુરુ માટે ઉપયુક્ત છે.

ભંતે શબ્દ દેવાધિદેવ માટે પણ પ્રયુક્ત થાય છે. ગુરુ માટે વપરાયેલા સર્વ વિશેષણો દેવાધિદેવ

માટે પણ યથોચિત છે. સાધક પ્રત્યક્ષ ગુરુની સાક્ષીએ પ્રતિજ્ઞા ગ્રહણ કરે છે પરંતુ ક્યારેક ગુરુની પ્રત્યક્ષ ઉપસ્થિતિ ન હોય, ત્યારે દેવાધિદેવની સાક્ષીએ પણ પ્રતિજ્ઞા ગ્રહણ કરે છે, તે ઉપરાંત 'ભંતે' શબ્દ પ્રયોગ પોતાના આત્માની સાક્ષી માટે પણ થઈ શકે છે. પોતાનો શુદ્ધ આત્મા દેવ અને ગુરુ સ્વરૂપ છે અને કોઈ પણ પ્રતિજ્ઞાના સ્વીકારમાં દેવ કે ગુરુની સાક્ષી કરતાં પોતાના આત્માની સાક્ષી અત્યંત મહત્ત્વની છે. આત્મસાક્ષીએ સ્વીકારેલી પ્રતિજ્ઞાનું સ્વેચ્છાથી પૂર્ણપણે પાલન થઈ શકે છે. આ રીતે ભંતે શબ્દ દેવાધિદેવ, સદ્‌ગુરુદેવ અને આત્મ સાક્ષીનો સૂચક છે.

**सामाइयं– સામાયિક.** સામાયિક શબ્દનો અર્થ ઘણો જ વિલક્ષણ તેમજ રહસ્યપૂર્ણ છે. વ્યાકરણના નિયમ અનુસાર પ્રત્યેક શબ્દનો ભાવ, તેની અંદર જ સમાયેલો હોય છે. આ દૃષ્ટિએ સામાયિક શબ્દનો ગંભીર અને ઉદાર ભાવ પણ તે જ શબ્દમાં છૂપાયેલો છે. આપણા પ્રાચીન જૈનાચાર્યોએ ભિન્ન-ભિન્ન વ્યુત્પત્તિઓ દ્વારા સામાયિક શબ્દના ભાવને પ્રગટ કર્યા છે, યથા–

(૧) **समस्य रागद्वेषानारातवर्तितया मध्यस्थस्य आयः लाभः समायः समाय एव सामायिकम्।** રાગ દ્વેષના પ્રસંગે મધ્યસ્થ રહેવું, તે સમભાવ છે. સાધકને સમરૂપ મધ્યસ્થ ભાવનો આય– લાભ જેના દ્વારા પ્રાપ્ત થાય છે, તે સામાયિક છે.

(૨) **समानि ज्ञानदर्शनचारित्राणि, तेषु अयनं गमनं समायः स एव सामायिकम् ।** મોક્ષ માર્ગના સાધનભૂત જ્ઞાન, દર્શન, ચારિત્ર સમ કહેવાય છે. તે રત્નત્રયમાં અયન-ગમન કરવું અર્થાત્ પ્રવૃત્તિ કરવી તે સામાયિક છે.

(૩) **सर्व जीवेषु मैत्री साम, सामन्नो आयः लाभः सामायः स एव समायिकम् ।** સર્વ જીવો પ્રત્યે મૈત્રીભાવ રાખવો તે સામ કહેવાય છે અને સામનો લાભ જેના દ્વારા પ્રાપ્ત થાય તે સામાયિક છે.

(૪) **समः सावद्ययोगपरिहार निरवद्ययोगानुष्ठानरूप जीव परिणामः तस्य आयः लाभः समायः स एव सामायिकम् ।** સાવદ્યયોગ-પાપકર્મોનો પરિત્યાગ અને નિરવદ્ય યોગ-અહિંસા, દયા, સમતા, આદિ કાર્યોના આચરણ રૂપ જીવાત્માના શુદ્ધ પરિણામો સમ કહેવાય છે. આ સમભાવની પ્રાપ્તિ જેના દ્વારા થાય તે સામાયિક કહેવાય છે.

(૫) **सम्यक् शब्दार्थः सम शब्दः, सम्यगयनं वर्तनम् समयः स एव सामायिकम् ।** સમ શબ્દનો અર્થ સમ્યક છે અને અયનનો અર્થ આચરણ કરવું થાય છે, સમ્યક-શ્રેષ્ઠ આચરણ, તે સામાયિક છે.

(૬) **समये कर्तव्यम् सामायिकम् ।** જે સમયે અહિંસા-સમતા આદિની ઉત્કૃષ્ટ સાધના કરવામાં આવે છે તે સમયનું તે કર્તવ્ય છે અને તે સમયનું કર્તવ્ય સામાયિક કહેવાય છે. ઉચિત સમયે કરવા યોગ્ય આવશ્યક કર્તવ્ય જ સામાયિક છે.

(૭) **सावज्ज जोग विरओ, तिगुत्तो छसु संजओ उवउत्तो जयमाणो आया सामाईयं होइ ॥** – આવશ્યક ભાષ્ય.

સાધક સાવદ્ય યોગથી વિરત, મન, વચન કાયગુપ્તિથી ગુપ્ત, છ કાયના જીવો પ્રત્યે સંયત, સ્વ સ્વરૂપમાં ઉપયુક્ત અને યતના સહિત વિચરે છે, ત્યારે તે આત્મા સામાયિક સ્વરૂપ છે.

(૮) **आया सामाइए ।** (શ્રી ભગવતી સૂત્ર) સમભાવમાં સ્થિત શુદ્ધ આત્મા જ સામાયિક કહેવાય છે.

ભિન્ન-ભિન્ન વ્યુત્પત્તિઓ દ્વારા સામાયિકના ભિન્ન-ભિન્ન અર્થોનું નિરીક્ષણ કરતાં જણાય છે કે

બધી વ્યુત્પત્તિઓનો ભાવ એક જ છે અને તે સમતા છે. એક શબ્દમાં સામાયિક શબ્દના ભાવને પ્રગટ કરવો હોય તો કહી શકાય કે 'સમતા એ જ સામાયિક' છે.

**सावज्जं जोगं**– સાવદ્ય યોગોને. **सावज्जं**નું સંસ્કૃત રૂપ સાવદ્ય છે. સ + અવદ્ય = સાવદ્ય, પાપ સહિત, જે ક્રિયા પાપસહિત હોય, પાપકર્મનો બંધ કરાવનાર હોય અથવા આત્માનું પતન કરાવનાર હોય તે સર્વ ક્રિયાને સાવદ્યયોગ કહે છે. પ્રાણાતિપાત, મૃષાવાદ આદિ અઢારે પાપસ્થાન યુક્ત પ્રવૃત્તિઓનો સમાવેશ સાવદ્યયોગમાં થાય છે.

**सावज्जं** નું સંસ્કૃત રૂપ **सावर्ज्य** પણ થાય છે. વર્જનીય, નિંદનીય પ્રવૃત્તિને સાવર્જ્ય કહે છે. આત્માને મલિન અથવા નિંદિત કરનારી કષાય સહિતની પ્રવૃત્તિ સાવર્જ્ય કહેવાય છે.

સમભાવની સાધનામાં બાધક બને તેવી મન, વચન અને કાયા દ્વારા થતી પાપકારી પ્રવૃત્તિ સાવદ્યયોગ કહેવાય છે.

**पच्चक्खामि** – પ્રત્યાખ્યાન કરું છું, ત્યાગ કરું છું.

**जावज्जीवाए**– તેનું સંસ્કૃત રૂપ **यावज्जीवये** થાય છે. યાવત્ શબ્દ પ્રત્યાખ્યાનના કાલની મર્યાદાનો વાચક છે. જ્યાં સુધી હું જીવું છું, જ્યાં સુધી મારા આ દેહમાં જીવ છે, ત્યાં સુધી હું પાપકારી પ્રવૃત્તિનો ત્યાગ કરું છું.

પ્રસ્તુતમાં સૂત્રકારે સર્વ વિરતિની સામાયિકને લક્ષમાં રાખીને **जावज्जीवाए** શબ્દ પ્રયોગ કર્યો છે. સાધુની સામાયિકની પ્રતિજ્ઞા યાવજ્જીવનની હોય છે, પરંતુ દેશવિરતિ શ્રાવકોની સામાયિક શ્રાવકની ઈચ્છા અને અનુકૂળતા પ્રમાણે મર્યાદિત સમયની હોય છે, તેથી તેના પ્રતિજ્ઞા પાઠમાં **जावज्जीवाए**ના સ્થાને **जाव णियमं** શબ્દ પ્રયોગ થાય છે.

**जाव णियमं**– જ્યાં સુધીનો નિયમ હોય, ત્યાં સુધી. આ પાઠમાં શ્રાવકની સામાયિકની કોઈ ચોક્કસ કાલ મર્યાદા નિશ્ચિત થતી નથી. તેમ છતાં પૂર્વાચાર્યોએ ગંભીર વિચારણા પૂર્વક સામાયિકની કાલ સંબંધી અવ્યવસ્થા દૂર કરવા માટે શ્રાવકની એક સામાયિક માટે બે ઘડી અર્થાત્ ૪૮ મિનિટ(એક મુહૂર્ત)ની મર્યાદા નિશ્ચિત કરી છે. શ્રાવકોને જેટલી સામાયિક કરવી હોય તે પ્રમાણે બે ઘડી, ચાર ઘડી, છ ઘડી આદિ કાલ મર્યાદા નિશ્ચિત કરે છે.

**तिविहं तिविहेणं न करेमि.....कायसा** ત્રણ કરણ અને ત્રણ યોગથી હું પાપ પ્રવૃત્તિનો ત્યાગ કરું છું. **કરણ**– ક્રિયા કરવાની પદ્ધતિ. પાપકર્મનું સેવન ત્રણ પ્રકારે થાય છે. (૧) પાપનું આચરણ સ્વયં કરવું, (૨) બીજા પાસે કરાવવું અને (૩) પાપ પ્રવૃત્તિની અનુમોદના કરવી. પાપપ્રવૃત્તિ થતી હોય, તેમાં ખુશ થવું.

**યોગ**– પાપ કરવાના સાધનભૂત મન, વચન અને કાયા, આ ત્રણ યોગ છે. ત્રણે પ્રકારની પાપપ્રવૃત્તિ ત્રણે યોગથી થાય છે. તે ત્રણ કરણ × ત્રણ યોગ = નવ પ્રકારે પ્રવૃત્તિ થાય છે, તેને પારિભાષિક શબ્દોમાં નવ **કોટિ** કહે છે.

**કોટિ**– શત્રુઓથી નગરનું રક્ષણ કરવા માટે નગરને ફરતો કિલ્લો(કોટ) બનાવવામાં આવે છે, તેમ સાધક પોતાની આસપાસ પ્રત્યાખ્યાન રૂપ કોટ–કિલ્લો બાંધે છે, જેનાથી કર્મ રૂપ શત્રુનો પ્રવેશ રોકાઈ જાય છે અર્થાત્ આશ્રવનો નિરોધ થાય છે.

**નવકોટિ :**– (૧) મનથી સ્વયં પાપ કરીશ નહીં, (૨) વચનથી સ્વયં પાપ કરીશ નહીં , (૩) કાયાથી સ્વયં પાપ કરીશ નહીં, (૪) મનથી બીજા પાસે પાપ કરાવીશ નહીં, (૫) વચનથી બીજા પાસે પાપ કરાવીશ નહીં, (૬) કાયાથી બીજા પાસે પાપ કરાવીશ નહીં, (૭) મનથી પાપની અનુમોદના કરીશ

નહીં, (૮) વચનથી પાપની અનુમોદના કરીશ નહીં, (૯) કાયાથી પાપની અનુમોદના કરીશ નહીં, સાધુ આ નવ કોટિએ સર્વ પ્રકારની પાપપ્રવૃત્તિનો ત્યાગ કરે છે.

શ્રાવકોની સામાયિક મર્યાદિત કાલની હોય છે તેમજ તે ગૃહસ્થ હોવાથી સર્વ પ્રકારની પાપપ્રવૃત્તિના પ્રત્યાખ્યાન નવ કોટિથી લઈ શકતા નથી. શ્રાવકો સામાયિકની આરાધના કરતા હોય ત્યારે પણ તેના ગૃહસ્થ જીવનના સંબંધો કે વ્યાપાર ધંધાથી તે સર્વથા મુક્ત થઈ શકતા નથી. સામાયિકના સમયે પણ તેના નામે વ્યાપાર ચાલુ હોય, ઘરમાં તેના માટે પણ રસોઈ આદિ તૈયાર થતી હોય વગેરે ગૃહસ્થ જીવનની અન્ય અનેક પાપપ્રવૃત્તિ ચાલુ જ હોય છે અને શ્રાવકનો મમત્ત્વ ભાવ પણ સર્વથા છૂટ્યો ન હોવાથી દરેક પાપપ્રવૃત્તિમાં શ્રાવકની અનુમોદના થઈ જાય છે, તેથી શ્રાવકો અનુમોદનાના પ્રત્યાખ્યાન લઈ શકતા નથી. **दुविहं तिविहेणं न करेमि न कारवेमि मणसा वयसा कायसा**– શ્રાવકો મન, વચન અને કાયાના ત્રણ યોગથી સ્વયં પાપ પ્રવૃત્તિ કરતા કે કરાવતા નથી તેથી શ્રાવકો બે કરણ × ત્રણ યોગ = છ કોટિએ પ્રતિજ્ઞાનો સ્વીકાર કરે છે. કેટલાક આચાર્યોની પરંપરા અનુસાર શ્રાવકો નવ કોટિમાંથી મનથી પાપની અનુમોદના કરીશ નહીં, આ એક કોટિને છોડીને શેષ આઠ કોટિથી પ્રતિજ્ઞાનો સ્વીકાર કરે છે.

**णिंदामि**– નિંદા કરું છું. બીજાની નિંદા કરવી, તે જીવનો એક દુર્ગુણ છે. સાધકે પરની નિંદા કર્યા વિના પોતાના પાપાચરણની-દુષ્કૃત્યોની નિંદા કરવાની છે. દોષોની નિંદા, તે એક જાતનો પશ્ચાત્તાપ છે અને પશ્ચાત્તાપ પાપની મલિનતાને દૂર કરવા માટે જ્વલંત અગ્નિ સમાન છે. પાપના પશ્ચાત્તાપ દ્વારા વિષય વાસના પ્રતિ વૈરાગ્ય ભાવ જાગૃત થાય છે. વૈરાગ્યની દઢતાથી સાધક ક્રમશઃ ગુણશ્રેણી ઉપર આરોહણ કરે છે, મોહક્ષય કરવાનું સામર્થ્ય પ્રગટ થાય છે. આત્મા શુદ્ધ, પવિત્ર અને નિર્મળ બની જાય છે.

**गरिहामि**– ગર્હા કરું છું. સાધક આંતર નિરીક્ષણ કરીને પોતાના દોષોનું પ્રાયશ્ચિત કરે ત્યાર પછી તે દોષોને ગુરુ સમક્ષ અથવા અન્ય સમક્ષ પ્રગટ કરે છે, તે ગર્હા છે.

આત્મ સાક્ષીએ પાપનો પશ્ચાતાપ કરવો, તે નિંદા છે અને ગુરુ સમક્ષ અથવા અન્ય સુપાત્ર વ્યક્તિ સમક્ષ પાપ પ્રગટ કરવું, તે ગર્હા છે. ગર્હામાં પ્રતિષ્ઠાનો ભંગ થવાથી અહંકારનો નાશ થાય છે. આધ્યાત્મિક દષ્ટિએ નિંદા કરતાં ગર્હા ઉચ્ચ કોટિની સાધના છે. જેને આત્મશુદ્ધિની તીવ્રતમ તમન્ના હોય તે જ વ્યક્તિ સર્વ પ્રકારે માનહાનિને સ્વીકારીને પોતાના પાપદોષોનો ગુરુ સમક્ષ એકરાર કરીને શુદ્ધ અને કર્મબોજથી હળવો બને છે.

**अप्पाणं वोसिरामि**– સાવદ્યકારી આત્માનો ત્યાગ કરું છું. સાધક સ્વયં આત્મ સ્વરૂપ છે. તે સ્વરૂપ ત્રિકાલાબાધિત છે, તેથી તેનો ત્યાગ થઈ શકતો નથી પરંતુ જેના દ્વારા અઢારે પાપસ્થાનનું સર્જન થાય છે તેવા કષાયાત્મા અને અશુભ યોગાત્માનો ત્યાગ થાય છે. અર્થાત્ કષાયનો તથા યોગની અશુભ પ્રવૃત્તિનો ત્યાગ થાય છે.

આ રીતે પ્રતિજ્ઞા સ્વીકારની સમગ્ર પ્રક્રિયા આશ્રવનિરોધ અને સંવર સાધનાની છે. જ્યાં સુધી અંતરમન પૂર્વકૃત પાપથી મલિન હોય ત્યાં સુધી તેને સમભાવની અનુભૂતિ થતી નથી, સાધક સમભાવ રૂપ સામાયિકમાં સ્થિત થવા માટે કટિબદ્ધ થાય ત્યારે તેણે પૂર્વકૃત પાપની આલોચના, નિંદા અને ગર્હા કર્યા પછી તે પાપાત્માનો ત્યાગ કરવો જરૂરી છે. આ રીતે સૂત્રકારે પ્રતિજ્ઞા સ્વીકાર વિધિ દ્વારા સાધનાના ક્રમને સૂચિત કર્યો છે.

**॥ આવશ્યક–૧ સંપૂર્ણ ॥**

# બીજો આવશ્યક

**પ્રાક્કથન**

છ આવશ્યકમાંથી પ્રથમ આવશ્યક 'સામાયિક' છે. શ્રી અનુયોગદ્વાર સૂત્રમાં પ્રથમ આવશ્યકનું નામ 'સાવદ્યયોગવિરતિ' કહ્યું છે. સાધકનું લક્ષ સાવદ્યયોગથી-પાપકારી પ્રવૃત્તિથી નિવૃત્ત થઈને સમભાવમાં સ્થિત થવાનું છે, પરંતુ અનાદિકાલીન સંસ્કારો તેને પુનઃ પુનઃ પાપપ્રવૃત્તિમાં ખેંચી જાય છે. લક્ષની સિદ્ધિ માટે સાધકને તદનુરૂપ ઉચ્ચ આલંબનની અપેક્ષા રહે છે. સાવદ્યયોગથી પૂર્ણતઃ નિવૃત્ત અને અખંડ સમભાવમાં સ્થિત થયેલા તીર્થંકરો સાધકને માટે શ્રેષ્ઠ આલંબનભૂત છે. સાધક પોતાના આદર્શરૂપે તીર્થંકરોને નજર સમક્ષ રાખી વારંવાર તેનું નામસ્મરણ અને ગુણસ્મરણ કરીને સ્વયં સાધનાનું બળ પ્રાપ્ત કરે છે.

જેમ ચિત્રકાર લક્ષરૂપ ચિત્રને પોતાના માનસપટ પર અંકિત કરીને તેના આધારે પોતાનું કાર્ય કરે છે, તે જ રીતે સાધક પણ પોતાના લક્ષભૂત અખંડ સમભાવને વરેલા દેવાધિદેવને પોતાના માનસપટ પર સ્થાપિત કરી લક્ષ્યસિદ્ધિ માટે પુરુષાર્થ કરે છે, તેથી જ પ્રથમ સામાયિક આવશ્યક પછી બીજો આવશ્યક ચતુર્વિંશતિ સ્તવ છે.

સાધનાનો પુરુષાર્થ સાધક સ્વયં કરે છે તેમ છતાં તીર્થંકરોની સ્તુતિ સાધકના સાધનાના માર્ગને પ્રશસ્ત બનાવે છે, તીર્થંકરના ઉચ્ચતમ સંયમ-તપની સાધનામાંથી સાધક પ્રેરણા મેળવે છે અને તેના ગુણાનુરાગથી તે ગુણો સ્વયંમાં પ્રગટ થાય છે. **श्रद्धामयोऽयं पुरुषो यो यच्छ्रद्धः स एव सः ।** મનુષ્ય જેની શ્રદ્ધા કરે છે. તેના જેવો તે થાય છે. વીતરાગ, સર્વજ્ઞ પુરુષની શ્રદ્ધા, ભક્તિ ક્રમશઃ તેને વીતરાગ બનાવે છે.

શ્રી ઉત્તરાધ્યયન સૂત્રમાં ગૌતમ સ્વામીએ પ્રભુને પૂછ્યું છે કે– **चउव्वीसत्थएणं भंते ! जीवे किं जणयइ ?** હે પૂજ્ય ! ચોવીશ તીર્થંકરોની સ્તુતિથી જીવને શું લાભ થાય છે ?

ભગવાન મહાવીર ઉત્તર આપે છે કે– **चउव्वीसत्थएणं दंसण विसोहिं जणयइ ।** હે ગૌતમ ! ચોવીસ તીર્થંકરોની સ્તુતિથી મિથ્યાત્વ મોહનીય કર્મનો ક્ષયોપશમ થાય છે અને તેનાથી દર્શનની વિશુદ્ધિ થાય છે. તીર્થંકરોના ગુણાનુરાગથી તે ગુણોની પ્રાપ્તિ થાય છે અને અંતે તે જીવાત્મા તદ્રૂપ બની જાય છે, જેથી અલ્પકાળમાં સિદ્ધ, બુદ્ધ અને મુક્ત થાય છે.

**આસન–** યોગમુદ્રા કે જિનમુદ્રામાં સ્થિર આસને બેસીને આ પાઠ બોલાય છે. બંને હાથ જોડી દશે ય આંગળીઓ ભેગી કરીને પેટ ઉપર હાથની કોણીઓ રાખવી, તે યોગ મુદ્રા કહેવાય છે. તીર્થંકરોની ધ્યાનસ્થ અવસ્થાની જેમ બંને હાથ લાંબા રાખીને સીધા ઊભા રહેવું, તે જિનમુદ્રા છે.

લોગસ્સ સૂત્રમાં સાત ગાથા છે. પહેલી એક ગાથા અનુષ્ટુપ છંદમાં અને શેષ છ ગાથા આર્યા છંદમાં ગવાય છે.

**વિષય–** લોગસ્સ સૂત્રમાં મુખ્યત્વે ચોવીસ તીર્થંકરોની નામ સ્તુતિ છે. નામસ્મરણનો પણ અદ્ભુત મહિમા છે કારણ કે પ્રત્યેક શબ્દો ભાવાત્મક છે. તે શબ્દના ઉચ્ચારણ સાથે તેનો ભાવ અવશ્ય સ્પષ્ટ થાય છે. જેમ 'કમલ' શબ્દનું ઉચ્ચારણ એક ખીલેલા સુગંધી ફૂલનો બોધ કરાવે છે, તે જ રીતે તીર્થંકરોનાં નામનું ઉચ્ચારણ પણ તીર્થંકરના ગુણનો બોધ કરાવે છે. પ્રભુ મહાવીરનું નામ તુરંત જ તેમની સમતા, સહનશીલતાનો બોધ કરાવે છે. શબ્દ દ્રવ્યશ્રુત છે અને તેમાં ભાવ શ્રુતને પ્રગટ કરવાનું સામર્થ્ય છે.

પ્રભુના નામમાં અખૂટ શક્તિ છે. સાધક શ્રદ્ધા અને ભક્તિથી હર ક્ષણે પ્રભુનું નામસ્મરણ કરે, તો અનેક અનર્થકારી પાપોથી બચી જાય, શુભ ભાવોની વૃદ્ધિ થાય અને અંતે સ્વયં પ્રભુમય બની જાય છે, તેથી જ મહાપુરુષોએ આવા ઉત્તમ કોટિના ભક્તિ સાહિત્યની રચના કરી છે.

❖❖❖❖❖

# બીજો આવશ્યક

## ચતુર્વિંશતિસ્તવ

**લોગસ્સ સૂત્ર :–**

**૧**

लोगस्स उज्जोयगरे, धम्मतित्थयरे जिणे ।
अरिहंते कित्तइस्सं, चउवीसं पि केवली ॥१॥

उसभमजियं च वंदे, संभवमभिणंदणं च सुमइं च ।
पउमप्पहं सुपासं, जिणं च चंदप्पहं वंदे ॥२॥

सुविहिं च पुप्फदंतं, सीयल-सिज्जंस-वासुपुज्जं च ।
विमलमणंतं च जिणं, धम्मं संतिं च वंदामि ॥३॥

कुंथुं अरं च मल्लिं, वंदे मुणिसुव्वयं णमिजिणं च ।
वंदामि रिट्ठणेमिं, पासं तह वद्धमाणं च ॥४॥

एवं मए अभिथुआ, विहुयरयमला पहीणजरमरणा ।
चउवीसं पि जिणवरा, तित्थयरा मे पसीयंतु ॥५॥

कित्तिय-वंदिय-महिया, जे ए लोगस्स उत्तमा सिद्धा ।
आरुग्ग-बोहि लाभं, समाहि-वरमुत्तमं दिंतु ॥६॥

चंदेसु णिम्मलयरा, आइच्चेसु अहियं पयासयरा ।
सागरवरगंभीरा, सिद्धा सिद्धिं मम दिसंतु ॥७॥

**શબ્દાર્થ :–** **लोगस्स** – સંપૂર્ણ લોકમાં, **उज्जोयगरे** – ઉદ્યોત કરનારા (જ્ઞાનરૂપી પ્રકાશ કરનાર) **धम्मतित्थयरे** – ધર્મરૂપ તીર્થની સ્થાપના કરનારા, **जिणे** – રાગ-દ્વેષના વિજેતા, જિનેશ્વર, **अरिहंते** – કર્મરૂપી શત્રુને હણનારા-અરિહંત, **कित्तइस्सं** – નામ લઈને કીર્તન-સ્તુતિ કરીશ, **चउवीसंपि** – ચોવીસ તીર્થંકરોની (અન્ય પણ), **केवली** – કેવલજ્ઞાનીઓની, **उसभं** – ઋષભ દેવ સ્વામી, (આદિનાથને), **च** – અને, **अजियं** – અજિતનાથ સ્વામીને, **वंदे** – વંદન કરું છું, **संभवं** – સંભવનાથ સ્વામીને, **अभिनंदणं** અભિનંદન સ્વામીને, **सुमइं** – સુમતિનાથ સ્વામીને , **पउमप्पहं** – પદ્મપ્રભુ સ્વામીને, **सुपासं** – સુપાર્શ્વનાથ સ્વામીને, **जिणं च** – જિનને, **चंदप्पहं** – ચંદ્રપ્રભુ સ્વામીને, **सुविहिं** – સુવિધિનાથ સ્વામી, **च** – અથવા **पुप्फदंतं** – પુષ્પદંત(બીજું નામ), **सीयल** – શીતલનાથ સ્વામીને, **सिज्जंस** – શ્રેયાંસનાથ સ્વામીને, **वासुपुज्जं** – વાસુપૂજ્ય સ્વામીને, **विमलं** – વિમલનાથ સ્વામીને, **अणंतं** – અનંતનાથ સ્વામીને, **धम्मं** – ધર્મનાથ સ્વામીને, **संति** – શાંતિનાથ સ્વામીને, **वंदामि** – વંદન કરું છું, **कुंथुं** – કુંથુનાથ

સ્વામીને, **अरं** – અરનાથ સ્વામીને, **मल्लिं** – મલ્લિનાથ સ્વામીને, **मुणिसुव्वयं** – મુનિસુવ્રત સ્વામીને, **णमिजिणं** – નમિનાથ જિનેશ્વરને, **रिट्ठणेमिं** – અરિષ્ટનેમિ સ્વામીને, **पासं तह** – પાર્શ્વનાથ તથા, **वद्धमाणं** – વર્ધમાન સ્વામીને, **एवं मए** – આ રીતે મારા વડે, **अभिथुआ** – સ્તુતિ કરાયેલા, **विहुय रयमला** – કર્મરૂપી રજ અને મલથી રહિત, **पहीण जर–मरणा** – જરા (ઘડપણ) અને મરણથી મુક્ત, **चउवीसंपि** – આવા ચોવીસ તથા અન્ય પણ, **जिणवरा** – જિનેશ્વર દેવ, **तित्थयरा मे** – તીર્થંકરો મારા ઉપર, **पसीयंतु** – પ્રસન્ન થાઓ, **कित्तिय** – વાણીથી સ્તુતિ કરાયેલા, **वंदिय** – મસ્તક નમાવીને વંદિત-વંદન કરાયેલા, **महिया** – ભાવ મનથી પૂજિત-પૂજાયેલા, **जे ए** – જે આ, **लोगस्स** – અખિલ લોક-સંસારમાં, **उत्तमा** – સૌથી ઉત્તમ, **सिद्धा** – સિદ્ધ થાય છે તે, **आरुग्ग** – આરોગ્ય-આત્મિક શાંતિ, **बोहिलाभं** – બોધિ-સમકિત રૂપ ધર્મનો લાભ, **समाहिवरमुत्तमं दिंतु** – સર્વોત્કૃષ્ટ શ્રેષ્ઠ ભાવરૂપ સમાધિ આપો, **चंदेसु णिम्मलयरा** – ચંદ્રથી પણ વિશેષ નિર્મલ, **आइच्चेसु अहियं पयासयरा** – સૂર્યથી પણ અધિક પ્રકાશ કરનાર, **सागरवर गंभीरा** – સ્વયંભૂરમણ સમુદ્રથી પણ વધારે ગંભીર, **सिद्धा सिद्धिं** – સિદ્ધ ભગવંત સિદ્ધિ-મોક્ષ, **मम दिसंतु** – મને આપો.

**ભાવાર્થ :–** અખિલ વિશ્વના સર્વ દ્રવ્યોને જ્ઞાનરૂપી પ્રકાશથી પ્રકાશિત કરનારા, ધર્મતીર્થની સ્થાપના કરનારા, રાગ-દ્વેષના વિજેતા, કામ-ક્રોધ અને કર્મરૂપી અંતરંગ શત્રુઓને નષ્ટ કરનારા ચોવીસ તીર્થંકરોનું હું કીર્તન કરીશ, સ્તવન કરીશ.

(૧) શ્રી ઋષભદેવ સ્વામી, (૨) શ્રી અજીતનાથ સ્વામી, (૩) શ્રી સંભવનાથ સ્વામી, (૪) શ્રી અભિનંદન સ્વામી, (૫) શ્રી સુમતિનાથ સ્વામી, (૬) શ્રી પદ્મપ્રભુ સ્વામી, (૭) શ્રી સુપાર્શ્વનાથ સ્વામી, (૮) શ્રી ચંદ્રપ્રભુ સ્વામી, (૯) શ્રી સુવિધિનાથ સ્વામી અથવા શ્રી પુષ્પદંત સ્વામી, (૧૦) શ્રી શીતલનાથ સ્વામી, (૧૧) શ્રી શ્રેયાંસનાથ સ્વામી, (૧૨) શ્રી વાસુપૂજ્ય સ્વામી, (૧૩) શ્રી વિમલનાથ સ્વામી, (૧૪) શ્રી અનંતનાથ સ્વામી, (૧૫) શ્રી ધર્મનાથ સ્વામી, (૧૬) શ્રી શાંતિનાથ સ્વામી, (૧૭) શ્રી કુંથુનાથ સ્વામી, (૧૮) શ્રી અરનાથ સ્વામી, (૧૯) શ્રી મલ્લિનાથ સ્વામી, (૨૦) શ્રી મુનિસુવ્રત સ્વામી, (૨૧) શ્રી નમિનાથ સ્વામી, (૨૨) શ્રી અરિષ્ટનેમિ-નેમનાથ સ્વામી, (૨૩) શ્રી પાર્શ્વનાથ સ્વામી અને (૨૪) શ્રી મહાવીર વર્ધમાન સ્વામીની હું સ્તુતિ કરું છું.

જેમની મેં સ્તુતિ કરી છે, તેઓ કર્મરૂપી રજ અને મલથી રહિત છે, જરા અને મરણથી મુક્ત થયેલા છે, અંતર્શત્રુઓ ઉપર વિજય પ્રાપ્ત કરેલો છે, એવા ચોવીસે ધર્મપ્રવર્તક તીર્થંકરો અને અન્ય જિનવરો મારા ઉપર પ્રસન્ન થાઓ !

જેમનું કીર્તન, વંદન અને પૂજન દેવેન્દ્રો તથા મનુષ્યોએ કર્યું છે, જેઓ અખિલ લોકમાં સર્વોત્તમ છે અને સિદ્ધિને પ્રાપ્ત થયેલા છે, તે ભગવંતો મને ભાવ આરોગ્ય (સિદ્ધત્વ અર્થાત્ આત્મશાંતિ) સમ્યગ્-દર્શનાદિ રત્નત્રયનો પૂર્ણ લાભ અને સર્વોત્કૃષ્ટ ભાવ સમાધિ પ્રદાન કરો.

જેઓ ચંદ્રથી અધિક નિર્મળ છે, સૂર્યથી પણ અધિક પ્રકાશમાન છે, સ્વયંભૂરમણ સમુદ્રની સમાન ગંભીર છે, તે સિદ્ધ ભગવંતો મને સિદ્ધિ(મોક્ષ) અર્પણ કરો અર્થાત્ આપના આલંબનથી મને મોક્ષ પ્રાપ્ત થાઓ.

**વિવેચન :–**

જૈન સમાજમાં ચતુર્વિંશતિસ્તવ-લોગસ્સ ભક્તિ સાહિત્યની એક અમર રચના છે. તેના પ્રત્યેક શબ્દમાં ભક્તિ ભાવનો અખંડ સ્રોત છૂપાયેલો છે.

લોગસ્સના પાઠનું સ્વરૂપ સમજવા માટે તેના વિષયને પાંચ વિભાગમાં વિભાજિત કરાય છે. (૧) તીર્થંકરનું સ્વરૂપ, (૨) તીર્થંકરોનાં નામ, (૩) તીર્થંકરોની વિશેષતા, (૪) ભક્તની યાચના, (૫) તીર્થંકરોને આપેલી ઉપમા.

**(૧) તીર્થંકરનું સ્વરૂપ लोगस्स..... चउविसंपि केवली**– આ સૂત્ર પાઠમાં તીર્થંકરનું સ્વરૂપ તેમના ચાર મૂળ અતિશયથી પ્રગટ થાય છે.

**लोगस्स**– લોકના. લોકના ચાર પ્રકાર છે. ધર્માસ્તિકાયાદિ છ દ્રવ્યાત્મક **દ્રવ્યલોક,** ચૌદ રજ્જુ પ્રમાણ **ક્ષેત્રલોક,** અનંતાનંત ઉત્સર્પિર્ણી-અવસર્પિણી કાલ પ્રમાણ **કાલલોક** અને જીવોના ઔદાયિક આદિ આત્મપરિણામ રૂપ **ભાવલોક** છે. તીર્થંકરો તે ચારે પ્રકારના લોકને પ્રકાશિત–પ્રગટ કરે છે.

**उज्जोयगरे**– ઉદ્યોત-પ્રકાશ કરનારા. વ્યાખ્યાગ્રંથમાં ઉદ્યોતના બે પ્રકાર કહ્યા છે. (૧) અગ્નિ, ચંદ્ર, સૂર્ય, મણિ આદિનો ઉદ્યોત-પ્રકાશ **દ્રવ્ય ઉદ્યોત** છે અને (૨) જ્ઞાનરૂપ પ્રકાશ **ભાવ ઉદ્યોત** છે. દ્રવ્ય ઉદ્યોત મર્યાદિત ક્ષેત્રને મર્યાદિત કાલ સુધી જ પ્રકાશિત કરી શકે છે, પરંતુ કેવળજ્ઞાન રૂપ પ્રકાશ અખંડ અને ત્રિકાલાબાધિત છે. તીર્થંકરો કેવળજ્ઞાન–કેવળદર્શન રૂપ ક્ષાયિક જ્ઞાનને વરેલા છે. તે જ્ઞાનરૂપ પ્રકાશ અખંડ, અવ્યાઘાત, ત્રૈકાલિક અને શાશ્વત છે. તેવા જ્ઞાનરૂપ પ્રકાશથી તીર્થંકરો સમગ્ર લોકાલોકના સર્વ દ્રવ્યોને અને તેની સર્વ પર્યાયોને પ્રકાશિત કરે છે.

આ રીતે 'ઉજ્જોયગરે' શબ્દ તીર્થંકરના **જ્ઞાનાતિશયને** પ્રગટ કરે છે.

**धम्मतित्थयरे**– ધર્મ રૂપી ચાર તીર્થના સંસ્થાપક. તીર્થંકરો કેવળજ્ઞાન-કેવળદર્શનને પ્રાપ્ત કરીને શ્રુત-ચારિત્રધર્મની પ્રરૂપણા દ્વારા ચાર તીર્થની સ્થાપના કરે છે. અનાદિકાળથી સંસાર સમુદ્રમાં ડૂબી રહેલા જીવોને સંસાર સમુદ્રથી તારે, તે તીર્થ છે. પ્રભુના પુણ્યપ્રભાવે સર્વ જીવો પ્રભુના ઉપદેશને પોતાની યોગ્યતા પ્રમાણે પોત-પોતાની ભાષામાં સમજી જાય છે, આ પ્રભુનો **વચનાતિશય** છે. પ્રભુનો ઉપદેશ ક્રોધાદિ કષાયોનો નિગ્રહ કરે છે. રાગ-દ્વેષ રૂપ દાવાનલને શાંત કરવામાં સમર્થ છે, તેથી જિનપ્રવચન **તીર્થ** છે. તીર્થંકરો જિન પ્રવચનના આધારે સાધુ, સાધ્વી, શ્રાવક અને શ્રાવિકા રૂપ ચતુર્વિધ સંઘની સ્થાપના કરે છે.

આ ચાર પ્રકારના સંઘમાંથી કોઈ પણ સંઘમાં સ્થાન પામીને સાધક સંસાર સમુદ્રને તરી શકે છે, તેથી ચતુર્વિધ સંઘ તીર્થ કહેવાય છે. તીર્થંકરનામ કર્મના ઉદયે પ્રભુ ચાર પ્રકારના તીર્થની સ્થાપના કરતા હોવાથી તીર્થંકર કહેવાય છે.

**जिणे**– રાગ–દ્વેષ રૂપ સર્વ પાપ પ્રવૃત્તિ પર સાર્વત્રિક વિજય પ્રાપ્ત કરે, તે જિન છે. **जिणे** શબ્દ તીર્થંકરના **અપાયાપગમાતિશયને** પ્રગટ કરે છે.

**अरिहंते**– અરિ = રાગ-દ્વેષ રૂપી શત્રુ અથવા ઘાતિ કર્મરૂપી શત્રુનો ઘાત કરે, તે અરિહંત છે અથવા **अर्हम्** ધાતુ યોગ્યતાના અર્થમાં પ્રયુક્ત થાય છે. જેઓ દેવ, દાનવ અને મનુષ્યોની પૂજાને યોગ્ય છે, દેવકૃત અષ્ટ પ્રાતિહાર્યથી, ચોત્રીસ અતિશયોથી યુક્ત છે તે અરિહંત છે. **अरिहंते** શબ્દ તીર્થંકરના **પૂજાતિશયને** પ્રગટ કરે છે.

આ રીતે ચાર ઘાતિ કર્મોનો નાશ કરીને, કેવળજ્ઞાન-કેવળદર્શનને પ્રાપ્ત થયેલા, લોકાલોકને પ્રકાશિત કરનારા, શ્રુત અને ચારિત્ર રૂપ ધર્મની પ્રરૂપણા દ્વારા સંસાર સમુદ્રને પાર કરવા માટે ચતુર્વિધ સંઘ-તીર્થની સ્થાપના કરનારા, દેવ-દાનવ અને મનુષ્યો દ્વારા પૂજાયેલા, આ ચાર મૂળ અતિશયોથી યુક્ત અરિહંત પરમાત્માનું-તીર્થંકરોનું હું **कित्तइस्सं** કીર્તન કરીશ, સ્તુતિ કરીશ.

**चोविसंपि केवली–** ચોવીસ તીર્થંકરો તથા અન્ય સામાન્ય કેવળી ભગવાન.

ભરત અને ઐરવત ક્ષેત્રમાં એક ઉત્સર્પિણી કે એક અવસર્પિણી કાલમાં ક્રમશઃ ૨૪ તીર્થંકરો થાય છે. અનાદિકાલથી પરિવર્તન પામતા અનંત કાલચક્રમાં અનંત તીર્થંકરો થઈ ગયા છે, તે બધાનું નામસ્મરણ કરવું શક્ય નથી, તેથી ભક્ત આપણા ભરતક્ષેત્રના, આ અવસર્પિણીકાલમાં થયેલા, આપણા આસન્ન ઉપકારી ચોવીસ તીર્થંકરોના નામસ્મરણની પ્રતિજ્ઞા કરે છે. **अपि** શબ્દથી ઐરવતક્ષેત્રની અંતિમ ચોવીસીના ચોવીસ તીર્થંકરો તથા મહાવિદેહ ક્ષેત્રના વિહરમાન તીર્થંકરોનું ગ્રહણ થાય છે.

**केवली–** કેવળી. તીર્થંકર પદની પ્રાપ્તિ પ્રકૃષ્ટ પુણ્યોદયે થાય છે. કેટલાક જીવો આત્મ સાધનાના પુરુષાર્થથી ઘાતિ કર્મનો ક્ષય કરીને કેવળજ્ઞાન-કેવળદર્શનને પ્રગટ કરીને સામાન્ય કેવળી બને છે, પરંતુ તે કેવળી ભગવાનને તીર્થંકર નામ કર્મનો ઉદય ન હોવાથી તીર્થની સ્થાપના કરતા નથી, સામાન્ય કેવળી ભગવાનને દેવકૃત અષ્ટ પ્રાતિહાર્ય, ચોત્રીસ અતિશયાદિ વૈભવ પણ હોતા નથી. તીર્થંકર અને કેવળીના જ્ઞાન, દર્શન અને ચારિત્ર સમાન હોય છે. તીર્થંકર અને કેવળી, બંનેને ચાર અઘાતિ કર્મોનો ઉદય હોવાથી સદેહે વિચરે છે. આયુષ્યકર્મની સાથે ચારે અઘાતિ કર્મોનો ક્ષય થતાં તે બંને સિદ્ધ ગતિને પામે છે.

તીર્થંકરોની સંખ્યા નિશ્ચિત હોય છે, ભરત અને ઐરવતક્ષેત્રમાં એક અવસર્પિણી કે ઉત્સર્પિણી કાલમાં ક્રમશઃ ચોવીસ તીર્થંકરો થાય છે અને મહાવિદેહક્ષેત્રમાં એક સાથે જઘન્ય વીસ તીર્થંકર અને ઉત્કૃષ્ટ ૧૬૦ તીર્થંકરો થાય છે. તે ઉપરાંત સંખ્યાતા જીવો સામાન્ય કેવળીપણે રહીને સિદ્ધ થાય છે.

**(૨) તીર્થંકરોના નામ :– उसभ..... वद्धमाणं च** – આ પાઠમાં ૨૪ તીર્થંકરોના શુભ નામનું કથન છે. તીર્થંકરોના નામ ગુણનિષ્પન્ન હોય છે. ગર્ભસ્થ બાળકના પ્રભાવથી માતાને વિવિધ અનુભૂતિઓ થાય છે તેના આધારે નિર્યુક્તિમાં ચોવીસે તીર્થંકરોના નામની સાર્થકતાનું કથન કર્યું છે. વ્યાખ્યાગ્રંથમાં તદનુસાર વ્યાખ્યા પણ કરી છે.

**(૧) ઋષભ દેવ–** ભગવાનના માતા મરુદેવાએ ચૌદ મહાસ્વપ્નમાં પ્રથમ ઋષભ-વૃષભ-બળદનું સ્વપ્ન જોયું અથવા પ્રભુના ઉરુ-જાંઘ ઉપર વૃષભનું લાંછન હતું, તેથી પ્રભુનું **ઋષભ** નામ રાખ્યું.

**(૨) અજીતનાથ–** પ્રભુ ગર્ભમાં આવ્યા ત્યારે ચોપાટ રમતા તેમના માતાની સદા જીત થતી હતી, તેથી પ્રભુનું **અજીત** નામ રાખ્યું.

**(૩) સંભવનાથ–** પ્રભુ ગર્ભમાં આવ્યા ત્યારે રાજયમાં ધાન્યાદિનો અધિક સંભવ–ઉત્પત્તિ હોવાથી પ્રભુનું **સંભવ** નામ રાખ્યું.

**(૪) અભિનંદન સ્વામી–** પ્રભુ ગર્ભમાં આવ્યા ત્યારે શક્રેન્દ્રે વારંવાર સ્તુતિ કરી, તેથી પ્રભુનું **અભિનંદન** નામ રાખ્યું.

**(૫) સુમતિ–** પ્રભુ ગર્ભમાં આવ્યા ત્યારે માતાની બુદ્ધિ વિશુદ્ધ થઈ, માતાની સુબુદ્ધિ દ્વારા બે શોક્ય સ્ત્રીઓનો કલેશ શાંત થયો, તેથી પ્રભુનું **સુમતિ** નામ રાખ્યું.

**(૬) પદ્મપ્રભુસ્વામી–** પ્રભુ ગર્ભમાં આવ્યા ત્યારે માતાને પદ્મકમળની શય્યા ઉપર સૂવાનો દોહદ ઉત્પન્ન થયો, તેથી પ્રભુનું **પદ્મપ્રભુ** નામ રાખ્યું.

**(૭) સુપાર્શ્વનાથ–** પ્રભુ ગર્ભમાં આવ્યા ત્યારે માતા સુપાર્શ્વ-શ્રેષ્ઠ પડખાવાળા થયા, તેથી પ્રભુનું **સુપાર્શ્વનાથ** નામ રાખ્યું.

**(૮) ચંદ્રપ્રભુ–** પ્રભુ ગર્ભમાં આવ્યા ત્યારે માતાને ચંદ્ર-રસ પાનનો દોહદ ઉત્પન્ન થયો, તેથી પ્રભુનું **ચંદ્રપ્રભુ** નામ રાખ્યું.

**(૯) સુવિધિનાથ–** પ્રભુ ગર્ભમાં આવ્યા ત્યારે માતા સર્વ વિધિઓમાં– કર્તવ્યોમાં કુશળ થયા, તેથી પ્રભુનું **સુવિધિનાથ** નામ રાખ્યું અથવા પ્રભુના દાંતની પંક્તિ પુષ્પસમાન સ્વચ્છ હતી, તેથી બીજું નામ **પુષ્ફદંત** રાખ્યું.

**(૧૦) શીતલનાથ–** પ્રભુ ગર્ભમાં આવ્યા ત્યારે માતાના કરકમલનો સ્પર્શ થતાં જ પિતાનો અસાધ્ય દાહજ્વર ઉપશાંત થયો, તેથી પ્રભુનું **શીતલનાથ** નામ રાખ્યું.

**(૧૧) શ્રેયાંસનાથ–** પ્રભુના પિતાને ત્યાં એક દેવાધિષ્ઠિત શય્યા હતી. તે શય્યા પર બેસનારને દેવકૃત ઉપસર્ગ થતો હતો, પ્રભુ ગર્ભમાં આવ્યા ત્યારે માતાને તે શય્યા પર બેસવાનો દોહદ ઉત્પન્ન થયો, માતા દેવકૃત શય્યા પર બેઠા કે તુરંત જ દેવકૃત ઉપસર્ગ નાશ થયો. સહુનું શ્રેય-કલ્યાણ થયું, તેથી પ્રભુનું **શ્રેયાંસનાથ** નામ રાખ્યું.

**(૧૨) વાસુપૂજ્ય સ્વામી–** પ્રભુ ગર્ભમાં આવ્યા ત્યારે વસુ-ઈન્દ્ર વડે માતાની વારંવાર પૂજા થઈ, તેથી પ્રભુનું **વાસુપૂજ્ય** નામ રાખ્યું.

**(૧૩) વિમલનાથ–** પ્રભુ ગર્ભમાં આવ્યા ત્યારે માતાની બુદ્ધિ વિમલ-નિર્મળ થઈ, તેથી પ્રભુનું **વિમલ** નામ રાખ્યું.

**(૧૪) અનંતનાથ–** પ્રભુ ગર્ભમાં આવ્યા ત્યારે માતાએ અનંત-અનેક રત્નોથી જડિત સુંદર માળા જોઈ, તેથી **અનંત** નામ રાખ્યું.

**(૧૫) ધર્મનાથ–** પ્રભુ ગર્ભમાં આવ્યા ત્યારે માતાની બુદ્ધિ દાનાદિ ધર્મમાં વિશેષ દઢ થઈ, તેથી **ધર્મ** નામ રાખ્યું.

**(૧૬) શાંતિનાથ–** પ્રભુ ગર્ભમાં આવ્યા ત્યારે નગરમાં મરકી આદિ રોગ-ઉપદ્રવની ઉપશાંતિ થઈ, તેથી **શાંતિ** નામ રાખ્યું.

**(૧૭) કુંથુનાથ–** પ્રભુ ગર્ભમાં આવ્યા ત્યારે માતાએ સ્વપ્નમાં કુંથુ-કંથવા જેવા સૂક્ષ્મ જીવો વગેરે છકાયના રક્ષક મુનિવૃંદને જોયું, તેથી **કુંથુ** નામ રાખ્યું.

**(૧૮) અરનાથ–** પ્રભુ ગર્ભમાં આવ્યા ત્યારે માતાએ સ્વપ્નમાં રત્નમય પૈડાંના આરા જોયા, તેથી પ્રભનું **અર** નામ રાખ્યું.

**(૧૯) મલ્લિનાથ–** પ્રભુ ગર્ભમાં આવ્યા ત્યારે માતાને મલ્લિ-માલતીના પુષ્પની સુગંધી શય્યામાં સૂવાનો દોહદ થયો, દેવે તે પૂર્ણ કર્યો, તેથી પ્રભુનું **મલ્લિ** નામ રાખ્યું.

**(૨૦) મુનિસુવ્રતસ્વામી–** પ્રભુ ગર્ભમાં આવ્યા ત્યારે માતા સુવ્રતા થઈ અર્થાત્ વ્રતોને ધારણ કર્યા, તેથી પ્રભુનું **મુનિસુવ્રત** નામ રાખ્યું.

**(૨૧) નમિનાથ–** પ્રભુ ગર્ભમાં આવ્યા ત્યારે સર્વ અણનમ રાજાઓ પણ નમી ગયા, ઝૂકી ગયા, તેથી પ્રભુનું **નમિ** નામ રાખ્યું.

**(૨૨) અરિષ્ટનેમનાથ–** પ્રભુ ગર્ભમાં આવ્યા ત્યારે માતાએ સ્વપ્નમાં અરિષ્ટ રત્નમયી નેમિ-રથના

ચક્રનો અંતભાગ જોયો, તેથી પ્રભુનું **અરિષ્ટનેમિ** નામ રાખ્યું.

**(૨૩) પાર્શ્વનાથ–** પ્રભુ ગર્ભમાં આવ્યા ત્યારે માતાએ શય્યામાં પોતાના પાર્શ્વ-પડખામાં નજીક આવતાં સર્પને જોયો, તેથી પ્રભુનું **પાર્શ્વ** નામ રાખ્યું.

**(૨૪) વર્ધમાન–** પ્રભુ ગર્ભમાં આવ્યા, ત્યારે જ્ઞાતકુળમાં ધનધાન્યાદિની વૃદ્ધિ થઈ, તેથી પ્રભુનું **વર્ધમાન** નામ રાખ્યું.

**(૩) તીર્થંકરોની વિશેષતા :– एवं मए अभिथुआ.....उत्तमा सिद्धा.** આ પાઠમાં તીર્થંકરોની વિશેષતા પ્રગટ કરીને ભક્ત પોતાની ભાવના પ્રગટ કરે છે.

**एवं मए अभिथुआ–** આ પ્રમાણે નામસ્મરણ દ્વારા મારા વડે સ્તુતિ કરાયેલા.

**विहुय रयमला–** કર્મ રૂપી રજ-મલને દૂર કરનારા. તીર્થંકરો રજ અને મલથી રહિત છે. વ્યાખ્યાકારે રજ-મલની ત્રણ વ્યાખ્યા કરી છે. (૧) **तत्र बध्यमानं कर्म रजो भण्यते पूर्वबद्धं तु मल इति ।** બંધાતા કર્મને રજ અને પૂર્વે બંધાયેલા કર્મોને મલ કહે છે. તીર્થંકરોએ પૂર્વે બંધાયેલા ચાર ઘાતિ કર્મોનો નાશ કર્યો છે અને વીતરાગ અવસ્થામાં બંધાતા અઘાતિ કર્મોનો તથા પૂર્વબદ્ધ અઘાતિ કર્મોનો પણ નાશ કરવાના છે, તેથી તેઓ રજ–મલને દૂર કરનારા કહેવાય છે.

(૨) **बद्धं रजः निकाचितं मलः ।** બદ્ધ કર્મોને રજ અને નિકાચિત કર્મોને મલ કહે છે. કર્મ બંધની તરતમતાની અપેક્ષાએ કર્મની ચાર અવસ્થાઓ છે– સ્પૃષ્ટ, બદ્ધ, નિદ્ધત્ત અને નિકાચિત. કર્મબંધની બીજી અવસ્થાના કર્મો બદ્ધકર્મ છે. તેમાં ઉદ્વર્તન, અપવર્તન, સંક્રમણ આદિ પરિવર્તનો થાય છે અને અત્યંત ગાઢ બંધનથી બંધાયેલા કર્મો, જેમાં ઉદ્વર્તન, અપવર્તન આદિ કોઈ પણ પ્રકારનું પરિવર્તન થતું નથી, તે નિકાચિત કર્મો છે. તીર્થંકરો સાધનાના પ્રબળતમ પુરુષાર્થ દ્વારા બદ્ધકર્મો અને નિકાચિત કર્મોનો નાશ કરે છે.

(૩) **इर्यापथं रजः साम्परायिकं मलः ।** કષાયના અભાવમાં વીતરાગ અવસ્થામાં બંધાતા ઐર્યાપથિક કર્મોને રજ અને કષાયના સદ્ભાવમાં બંધાતા સાંપરાયિક કર્મોને મલ કહે છે. સંક્ષેપમાં રજ અને મલમાં આઠે કર્મોનો સમાવેશ થાય છે. ઉપરોક્ત વ્યાખ્યાઓથી સ્પષ્ટ થાય છે કે રજ રૂપ કર્મોથી મલરૂપ કર્મોમાં ચીકાશ કે તીવ્રતા વિશેષ હોય છે. તીર્થંકરો અવશ્ય મોક્ષગામી હોવાથી રજ અને મલ બંને પ્રકારના કર્મોનો નાશ કરે છે.

**पहीण जर मरणा–** જરા અને મરણનો. ઉપલક્ષણથી જન્મ, જરા અને મરણનો પ્રક્ષીણ-નાશ કરનારા. તીર્થંકરોએ કર્મબંધના મૂળભૂત કારણ રૂપ રાગ–દ્વેષનો સંપૂર્ણ નાશ કર્યો હોવાથી પુનઃ જન્મ ધારણ કરવો પડે તેવા કર્મોનો બંધ કરતા નથી. જન્મની પરંપરા જ અટકી જવાથી જરા-વૃદ્ધાવસ્થા કે મૃત્યુ અવસ્થા સહજ રીતે દૂર થાય છે. તીર્થંકરોનું વર્તમાન ભવનું આયુષ્ય પૂર્ણ થતાં સૂક્ષ્મ અને સ્થૂલ શરીરનો સર્વથા ત્યાગ કરે છે, તેમના દેહત્યાગને નિર્વાણ-મોક્ષ કહે છે. આ રીતે તેઓ જન્મ, જરા અને મરણનો નાશ કરનારા છે.

**चउसंपि जिणवरा तित्थयरा मे पसीयंतु.....** ઉપરોક્ત વિશેષતાઓથી યુક્ત હે ચોવીસ તીર્થંકરો! મારા પર પ્રસન્ન થાઓ. તીર્થંકરો વીતરાગ હોવાથી કોઈ પર પ્રસન્ન કે અપ્રસન્ન થતાં નથી. તેમ છતાં ભક્તો તે પૂર્ણ પુરુષને સર્વસ્વ સમજીને, તેમનું શરણ સ્વીકારી, પોતાના અહંભાવનો ત્યાગ કરી, પોતાના

ભક્તિસભર ભાવો પ્રગટ કરે છે. પોતાના ભાવોની વિશુદ્ધિથી જ ભક્તના અનંત કર્મોની નિર્જરા થાય છે.

**कित्तिय वंदिय महिया.....** કીર્તિત, વંદિત, પૂજિત. આ ત્રણે શબ્દો સ્તુતિ-ભક્તિની ક્રમિક અવસ્થાને સૂચિત કરે છે. પ્રત્યેક તીર્થંકરોના નામસ્મરણ પૂર્વક સ્તવન કરવું, તે **કીર્તન** છે, પંચાંગ નમાવીને ત્રણે યોગની શુદ્ધિ પૂર્વક સમ્યક પ્રકારે નમસ્કાર કરવા, તે **વંદન** છે અને જ્ઞાનાદિ અનંત ગુણોના ધારક, વીતરાગ, સર્વજ્ઞ હોવાથી દેવો, દાનવો અને માનવો દ્વારા સત્કાર અને સન્માન થવો, તે **પૂજન** છે અથવા પંચાંગ નમાવવા, તે દ્રવ્યપૂજા અને મન, વચન, કાયાની વિશુદ્ધિ દ્વારા ભાવોની વિશુદ્ધિ કરવી, તે ભાવપૂજા છે. તીર્થંકરો ત્રણે લોકના પ્રાણીઓને માટે વંદનીય અને પૂજનીય હોવાથી ત્રૈલોક્ય પૂજિત છે.

**जे ए लोगस्स उत्तमा सिद्धा–** ઉપરોક્ત ગુણસંપન્ન લોકમાં ઉત્તમ. કર્મબંધના કારણભૂત રાગ-દ્વેષ રૂપ કલંકનો સર્વથા નાશ કર્યો હોવાથી તેઓ લોકમાં **ઉત્તમ–** સર્વ શ્રેષ્ઠ છે અને ભવબીજને સર્વથા બાળીને કૃતકૃત્ય થઈ ગયા હોવાથી સર્વ કાર્યો સિદ્ધ થઈ ગયા હોવાથી **સિદ્ધ** છે.

આ રીતે તીર્થંકરો (૧) કર્મ રૂપ રજ-મલને દૂર કરનારા, (૨) જન્મ, જરા અને મરણનો નાશ કરનારા, (૩) દેવો, દાનવો અને માનવો દ્વારા કીર્તન, વંદન અને પૂજન કરાયેલા, (૪) લોકમાં સર્વ શ્રેષ્ઠ અને (૫) સર્વ કાર્યો સિદ્ધ થઈ ગયા હોવાથી કૃતકૃત્ય-સિદ્ધ સ્વરૂપ છે.

**(૪) ભક્તની યાચના–** ભક્ત તીર્થંકરોના નામસ્મરણ અને ગુણસ્મરણ રૂપ ભક્તિ કરે છે. ત્યારે તેની ભગવદ્ સ્વરૂપને પ્રગટ કરવાની એક માત્ર ઈચ્છા હોય છે, પરંતુ જ્યાં સુધી તે ઈચ્છા પૂર્ણ ન થાય, ત્યાં સુધી ભક્ત પરમાત્મા પાસે તેના બીજભૂત ત્રણ અમોઘ સાધનની યાચના કરે છે.

**आरुग्ग–** આરોગ્ય. શરીરની સ્વસ્થતા તે દ્રવ્ય આરોગ્ય અને આત્મભાવોની અખંડતા, સ્વરૂપમાં સ્થિતિ, તે ભાવ આરોગ્ય છે. શરીરની સ્વસ્થતા કે અસ્વસ્થતા ક્ષણિક છે, તેથી સાધકના જીવનમાં તેનું વિશેષ મહત્ત્વ નથી પરંતુ અનાદિ કાળથી જીવને લાગુ પડેલા જન્મ અને મરણ રૂપ મહારોગથી મુક્ત થઈ ભાવ આરોગ્યની પ્રાપ્તિ કરવી, તે જ ભક્તની ઝંખના હોય છે.

**बोहिलाभं–** બોધિલાભ. વસ્તુતત્ત્વની યથાર્થ સમજણ, તે **બોધિ** છે. બોધિલાભના આધારે જ સાધક સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ ચારિત્ર રૂપ રત્નત્રયીની આરાધના કરી શકે છે. આ રીતે બોધિલોભ, તે આરાધનાનું બીજ છે, આરાધનાની પૂર્વભૂમિકા છે અથવા **बोधिस्तु सम्यक्त्वकार्यः** । બોધિ એટલે સમ્યકત્વનું કાર્ય. સમ્યકત્વના પરિણામે થતી સમ્યક વિચારણા, સમ્યક આચાર કે સમ્યક વ્યવહાર.

**समाहि वरमुत्तमं–** ઉત્તમ પ્રકારની સમાધિ. ચિત્તની સમ સ્થિતિ, ચિત્તની એકાગ્રતાને સમાધિ કહે છે. શરીરની અનુકૂળતા કે સ્વસ્થતા પ્રાપ્ત કરવી, તે દ્રવ્ય સમાધિ છે અને રત્નત્રયીની આરાધનાથી આધિ, વ્યાધિ, ઉપાધિનો નાશ થવો, તે ભાવસમાધિ છે.

આ બંને પ્રકારની સમાધિમાં ભાવસમાધિ જ શ્રેષ્ઠ છે અને ભક્તની યાચનામાં ભાવ સમાધિનું જ મહત્ત્વ છે. તેને ગ્રહણ કરવા **वर–** શ્રેષ્ઠ શબ્દનો પ્રયોગ છે. ભાવસમાધિમાં પણ જઘન્ય, મધ્યમ અને ઉત્કૃષ્ટના ભેદથી તરતમતા હોય છે. તેમાંથી અહીં ઉત્કૃષ્ટ કોટિની સમાધિનું જ કથન હોવાથી **उत्तमं** શબ્દનો પ્રયોગ છે. ઉત્કૃષ્ટ, સર્વશ્રેષ્ઠ ભાવ સમાધિને પ્રાપ્ત કરવી, તે જ ભક્તની ઈચ્છા છે.

**दिंतु–** તીર્થંકરોની સ્તુતિ કરીને ભક્ત તેમની પાસે કોઈ પણ ભૌતિક પદાર્થોની યાચના ન કરતા તેમના વીતરાગભાવને અનુરૂપ યાચના કરે છે કે હે પ્રભો ! આપની સ્તુતિ-ભક્તિથી મને ભાવ આરોગ્ય, નિદાન

રહિત બોધિલાભ અને સર્વશ્રેષ્ઠ ભાવ સમાધિ પ્રદાન કરો.

તીર્થંકરો વીતરાગ હોવાથી કોઈ પણ વ્યક્તિને કોઈ વસ્તુ આપતા નથી પરંતુ ભક્ત પોતાની ભક્તિની અંતરભાવો પ્રગટ કરે છે. ભક્તો પોતાની ભાવ વિશુદ્ધિની અનંત કર્મોનો નાશ કરીને લક્ષ્ય સિદ્ધ કરે છે. આવશ્યક નિર્યુક્તિમાં કહ્યું છે કે

**भत्तीइ जिनवराणं परमाए खीणपिज्जदोसाणं ।**
**आरुग्ग बोहिलाभं समाहि मरणं पावंति ॥१०९७॥**

**અર્થ–** જિનેશ્વરની પરમ ભક્તિથી ભક્તના રાગ-દ્વેષ રૂપ દોષો નાશ પામે છે અને તે સહજ રીતે આરોગ્ય, બોધિલાભ અને સમાધિમરણને પ્રાપ્ત કરે છે.

**(૫) તીર્થંકરોને આપેલી ઉપમા–** જગતના કોઈ પણ પદાર્થો પરમાત્માની તુલના કરવા સમર્થ નથી, તેમ છતાં ભક્તો પોતાના ભાવો પ્રમાણે પ્રભુના ગુણોને સમજાવવા વિવિધ પદાર્થોની ઉપમા આપે છે.

**चंदेसु णिम्मलयरा–** ચંદ્રથી અધિક નિર્મળ. લોકમાં ચંદ્રની નિર્મળતા પ્રસિદ્ધ છે, પરંતુ ચંદ્રમાં કલંક છે. પરમાત્મા કર્મરૂપ રજ-મલથી સર્વથા મુક્ત હોવાથી સંપૂર્ણ રીતે નિર્મળ છે. તેમની નિર્મળતામાં કોઈ કલંક નથી તેમજ આ નિર્મળતા ત્રૈકાલિક છે, તેથી પ્રભુ ચન્દ્રથી અધિક નિર્મળ છે.

**आइच्चेसु अहियं पयासयरा–** સૂર્યથી અધિક પ્રકાશક. સૂર્ય ઉદય-અસ્ત પામે છે, તેનો પ્રકાશ સીમિત ક્ષેત્રને મર્યાદિત કાલ સુધી જ પ્રકાશિત કરે છે. પરમાત્માનો કેવળજ્ઞાન રૂપ પ્રકાશ અનસ્ત છે. તેમાં ક્યારેય વધ–ઘટ થતી નથી, તે ત્રૈકાલિક છે અને એક જ સમયમાં લોકાલોકને પ્રકાશિત કરે છે, તેથી પ્રભુ સૂર્યથી અધિક પ્રકાશ કરનારા છે.

**सागर वर गंभीरा–** સર્વ સમુદ્રોમાં વર-શ્રેષ્ઠ સ્વયંભૂરમણ સમુદ્રની સમાન ગંભીર. અનુકૂળ-પ્રતિકૂળ ઉપસર્ગો કે પરીષહોમાં પ્રભુ ચલિત થતાં નથી. પ્રભુના આત્મ પરિણામોમાં કોઈ પણ પ્રકારના વૈભાવિક ઉછાળા આવતાં નથી. પ્રભુ અખંડ સમભાવમાં શાશ્વતકાલ માટે સ્થિત રહે છે.

**सिद्धा सिद्धिं मम दिसंतु** – હે સિદ્ધો ! મને સિદ્ધ ગતિ બતાવો. પ્રભુ વીતરાગ છે. તેઓ કોઈ પણ વસ્તુનું આદાન-પ્રદાન કરતા નથી, તેવું ભક્ત સ્પષ્ટપણે સમજે છે, છતાં તીર્થંકરો પ્રત્યે પોતાની અતૂટ શ્રદ્ધા અને ભક્તિથી પુનઃ પુનઃ પોતાની અંતિમ ભાવના ભગવાન સમક્ષ પ્રગટ કરે છે અને પોતાનું શ્રદ્ધાબળ વધારે છે.

**॥ આવશ્યક–૨ સંપૂર્ણ ॥**

# ત્રીજો આવશ્યક

## પ્રાક્કથન

આવશ્યક ક્રિયાની આરાધના કરતાં સાધક બીજા આવશ્યકમાં ચોવીસ તીર્થંકરોની સ્તુતિ કરે, ત્યાર પછી તેનો ભક્તિનો સ્રોત ગુરુ તરફ પ્રવાહિત થાય છે, તેથી ત્રીજો આવશ્યક ગુરુ વંદનાનો છે. તીર્થંકરોની અનુપસ્થિતિમાં ગુરુ જ સાધના માર્ગના માર્ગદર્શક હોવાથી સાધક પોતાની કૃતજ્ઞતા પ્રદર્શિત કરવા માટે મન, વચન અને કાયાથી ગુરુના ગુણો પ્રતિ સર્વાત્મના સમર્પિત થઈ જાય છે, ગુરુના ચરણોમાં સહેજે ઝૂકી જાય છે, ઉત્કૃષ્ટ ભાવે વિધિ સહિત બાર આવર્તનપૂર્વક ગુરુને વંદન કરે છે.

વંદનાના ત્રણ પ્રકાર છે. જઘન્ય, મધ્યમ અને ઉત્કૃષ્ટ. ગુરુ વિહારાદિમાં હોય, રસ્તામાં સામે મળે ત્યારે 'મત્થએણ વંદામિ' શબ્દના ઉચ્ચારણ પૂર્વક બે હાથ જોડી મસ્તક નમાવીને વંદન કરવા, તે **જઘન્ય વંદન** છે. દિવસ દરમ્યાન ગુરુ બેઠા હોય, ત્યારે તિક્ખુત્તોનો પાઠ બોલી ત્રણ આવર્તનપૂર્વક પંચાંગ નમાવીને વંદન કરવા, તે **મધ્યમ વંદન** છે. પ્રતિક્રમણ સમયે 'ઇચ્છામિ ખમાસમણો' નો પાઠ બોલી બાર આવર્તનપૂર્વક, ઊકડું આસને બેસીને વંદન કરવા, તે **ઉત્કૃષ્ટ વંદન** છે.

વંદન કરવાથી સાધકના અહંભાવનો નાશ થાય છે. શ્રી ઉત્તરાધ્યયન સૂત્રાનુસાર વંદન કરવાથી નીચ ગોત્ર કર્મનો ક્ષય થાય છે. ઉચ્ચ ગોત્ર કર્મનો બંધ થાય છે. સૌભાગ્ય અને અપ્રતિહત આજ્ઞારૂપ ફળ ને પ્રાપ્ત કરે છે. તે જીવ દાક્ષિણ્યભાવને-કુશળતાને પામે છે.

આચાર્ય ઉમાસ્વાતિએ ગુરુ પ્રત્યેના વિનયના ફળની પરંપરાનું કથન કર્યું છે.

**विनयफलं शुश्रुषा, गुरुशुश्रुषाफलं श्रुतज्ञानम्, ज्ञानस्य फलं विरति, विरतिफलं चाश्रवनिरोधः । संवरफलं तपोबलमय तपसो निर्जराफलं दृष्टम् । तस्मात् क्रियानिवृत्तिः, क्रियानिवृत्तेरयोगित्वम् । योगनिरोधाद् भवसंततिक्षयः संततिक्षयान्मोक्षः । तस्मात् कल्याणानां सर्वेषां भाजनं विनयः ।**

ગુરુના વિનયનું ફળ સેવાભાવની જાગૃતિ છે, ગુરુદેવની સેવાનું ફળ શાસ્ત્રોના ગંભીર અને રહસ્યપૂર્ણ જ્ઞાનની પ્રાપ્તિ છે, જ્ઞાનનું ફળ પાપાચારથી નિવૃત્તિ છે, પાપાચારની નિવૃત્તિનું ફળ આશ્રવ-નિરોધ છે, આશ્રવ નિરોધ અર્થાત્ સંવરનું ફળ તપશ્ચરણ છે, તપશ્ચરણનું ફળ કર્મની નિર્જરા છે, નિર્જરા દ્વારા ક્રિયાની નિવૃત્તિ અને ક્રિયા નિવૃત્તિથી યોગ નિરોધ થાય છે.

યોગ નિરોધથી જન્મમરણની પરંપરાનો ક્ષય થાય છે. જન્મ મરણની પરંપરા ક્ષય થવાથી આત્માને મોક્ષ પદની પ્રાપ્તિ થાય છે. આ રીતે સમગ્ર કલ્યાણોનું એકમાત્ર મૂળ કારણ વિનયપૂર્વકના વંદન છે.

ઇચ્છામિ ખમાસમણોના પાઠમાં ગુરુને બાર આવર્તનપૂર્વક વંદન કરવાની વિશિષ્ટ વિધિ તથા ગુરુની આશાતનાના વિવિધ કારણો તથા તેની ક્ષમાયાચના કરવાનું સૂચન છે.

❖❖❖❖❖

# ત્રીજો આવશ્યક

## વંદના

**ગુરુવંદના સૂત્ર :-**

**૧ इच्छामि खमासमणो ! वंदिउं जावणिज्जाए णिसीहियाए अणुजाणह मे मि उग्गहं णिसीहि अहोकायं कायसंफासं खमणिज्जो भे ! किलामो अप्पकिलंताणं बहुसुभेण भे ! दिवसो वइक्कंतो जत्ता भे जवणिज्जं च भे ? खामेमि खमासमणो देवसियं वइक्कमं आवस्सियाए पडिक्कमामि खमासमणाणं देवसियाए आसायणाए तित्तीसण्णयराए जं किंचि मिच्छाए मणदुक्कडाए वयदुक्कडाए कायदुक्कडाए कोहाए माणाए मायाए लोहाए सव्व कालियाए सव्वमिच्छोवयाराए सव्व धम्माइक्कमणाए आसायणाए जो मे देवसिओ अइयारो कओ तस्स खमासमणो पडिक्कमामि णिंदामि गरिहामि अप्पाणं वोसिरामि ।**

**શબ્દાર્થ :–** **इच्छामि** – હું ઈચ્છું છું, **खमासमणो** – હે ક્ષમાવાન શ્રમણ !, **वंदिउं** – આપને વંદન કરવાને, **जावणिज्जाए** – (શરીરની) યથા શક્તિ પ્રમાણે, **णिसीहियाए** – પાપક્રિયાથી નિવૃત થયેલા શરીરથી, **अणुजाणह** – અનુજ્ઞા-આજ્ઞા આપો, **मे** – મને, **मि उग्गहं** – પરિમિત અવગ્રહની, આપના અવગ્રહમાં પ્રવેશ કરવાની, **णिसीहि** – અશુભ પાપક્રિયાઓને રોકીને, **अहोकायं** – આપની અધોકાયાને અર્થાત્ આપના ચરણોમાં, **कायसंफासं** – મારી કાયાથી અર્થાત્ મારા મસ્તકથી અથવા હાથથી સ્પર્શ કરું છું, **खमणिज्जो** – ક્ષમા કરો, **भे** – હે પૂજ્ય ! (મારા સ્પર્શથી), **किलामो** – જો બાધા-પીડા થઈ હોય, **अप्पकिलंताणं** – અલ્પ પણ કિલામના થઈ ગઈ હોય તો, **बहुसुभेण** – ઘણા શુભયોગે, સમાધિભાવે, ઘણા આનંદથી, **भे** = આપશ્રીનો, **दिवसो** – આપનો આજનો દિવસ, **वइक्कंतो** = વ્યતીત થયો છે ?, **भे** – આપશ્રીની, **जत्ता** – સંયમ યાત્રા(નિર્બાધારૂપ છે ?), **जवणिज्जं** – મન તથા ઈન્દ્રિયો પીડાથી રહિત છે ?, **च** – અને, **भे** – હે પૂજ્ય ! આપશ્રીની, **खामेमि** – ક્ષમા માગું છું, **खमासमणो** – હે ક્ષમાવાન શ્રમણ !, **देवसियं** – દિવસ સંબંધી (મારા), **वइक्कमं** – અપરાધ થયા હોય તેની, **आवस्सियाए** – ચરણ–કરણ રૂપ આવશ્યક ક્રિયા કરવામાં જે કાંઈ પણ મારાથી વિપરીત અનુષ્ઠાન થયા હોય તેનાથી, **पडिक्कमामि** – હું નિવૃત્ત થાઉં છું, તેનું હું પ્રતિક્રમણ કરું છું, **खमासमणाणं** – આપ ક્ષમાવાન શ્રમણની, **देवसियाए** – દિવસ સંબંધી, **आसायणाए** – આશાતના વડે, **तित्तीसण्णयराए** – તેત્રીસ પ્રકારની આશાતનામાંથી, **जं किंचि** – જે કોઈપણ, **मिच्छाए** – મિથ્યાભાવથી કરેલી, **मणदुक्कडाए** – દુષ્ટ મનથી કરેલી, **वयदुक्कडाए** – દુષ્ટ વચનથી કરેલી, **कायदुक्कडाए** – શરીરની દુષ્ટ ચેષ્ટાથી કરેલી, **कोहाए** – ક્રોધથી, **माणाए** – માનથી, **मायाए** – માયાથી, **लोभाए** – લોભથી, **सव्वकालियाए** – સર્વ કાળ સંબંધી, **सव्वमिच्छोवयाराए** – સર્વ પ્રકારના મિથ્યા ભાવોથી, **सव्व धम्माइक्कमणाए** – સર્વ ધર્મોનું ઉલ્લંઘન કરનારી, **आसायणाए** – આશાતનાથી, **जो मे** – જે, મારા જીવે, જે પણ મેં, **अइयारो** – અતિચાર,

**कओ** – કર્યા હોય, **तस्स** – તેનું **खमासमणो** – હે ક્ષમાવાન શ્રમણ !, **पडिक्कमामि** – પ્રતિક્રમણ કરું છું, **णिंदामि** – તેની હું નિંદા કરું છું, **गरिहामि** – ગર્હા કરું છું (ગુરુની સાક્ષીએ ધિક્કારું છું) વિશેષ નિંદા કરું છું, **अप्पाणं** – આશાતનાકારી અતીત આત્માને, **वोसिरामि** – વોસિરાવું છું, દૂર કરું છું, તે દોષનો પૂર્ણ રૂપથી પરિત્યાગ કરું છું.

**ભાવાર્થ :–** હે ક્ષમાવાન ગુરુદેવ ! હું મારા શરીરને પાપ ક્રિયાથી હટાવીને યથાશક્તિ વંદના કરવાની ઈચ્છા કરું છું. તેથી મને આપના અવગ્રહમાં અર્થાત્ આપની ચારે તરફના સાડા ત્રણ હાથ ક્ષેત્રમાં પ્રવેશ કરવાની આજ્ઞા આપો !

હું અશુભ વ્યાપારોને છોડીને મારા મસ્તક તથા હાથથી આપના ચરણ કમલોને સમ્યગ્ રૂપથી સ્પર્શ કરું છું.(ચરણ સ્પર્શની ક્રિયા પૂર્ણ થયા પછી) ચરણ સ્પર્શ કરતાં મારા દ્વારા આપને જે કાંઈ પણ બાધા પીડા થઈ હોય તો તેના માટે ક્ષમા કરો.

શું આપનો આજનો દિવસ સર્વ પ્રકારની ગ્લાનિ રહિત ખૂબ જ સરસ રીતે આનંદપૂર્વક વ્યતીત થયો છે ? શું આપની તપ તથા સંયમરૂપ યાત્રા નિરાબાધપણે વ્યતીત થાય છે ? આપના શરીર, મન તથા ઈન્દ્રિયો બાધાથી રહિત સકુશલ અને સ્વસ્થ છે ને ?

હે ક્ષમાશ્રમણ ગુરુદેવ ! મારાથી આજના દિવસમાં આપનો કોઈ અપરાધ થયો હોય, તેને ક્ષમા કરવાની કૃપા કરો. હે ભગવન્ ! આવશ્યક ક્રિયા કરતા સમયે મારાથી જે વિપરીત આચરણ થયું હોય, તેનું હું પ્રતિક્રમણ કરું છું.

હે ક્ષમાશ્રમણ ગુરુદેવ ! કોઈપણ મિથ્યાભાવથી, માનસિક દ્વેષથી, દુર્ભાષણથી, શરીરની દુષ્ટ ચેષ્ટાઓથી, ક્રોધથી, માનથી, માયાથી, લોભથી, સર્વકાલથી સંબંધિત, સર્વ પ્રકારના મિથ્યા વ્યવહારથી, સર્વ પ્રકારના ધર્મોનું અતિક્રમણ કરવાથી તેત્રીશ પ્રકારની અશાતનાઓમાંથી કોઈપણ અશાતના દ્વારા મારાથી કોઈપણ અતિચાર–દોષનું સેવન થયું હોય, તો તેનું પ્રતિક્રમણ કરું છું. આત્મસાક્ષીએ તેની નિંદા કરું છું, આપની સમક્ષ તેની ગર્હા કરું છું અને પાપ કર્મ કરનારા મારા કષાયાત્મા અને યોગાત્માનો પરિત્યાગ કરું છું અર્થાત્ આ પ્રકારના પાપ વ્યવહારોથી મારા આત્માને અલગ કરું છું.

**વિવેચન :–**

આવશ્યક ક્રિયામાં ત્રીજો આવશ્યક વંદના છે. સાધનાના ક્ષેત્રમાં તેનું મહત્વપૂર્ણ સ્થાન છે. હિતોપદેશી ગુરુદેવને વિનમ્ર ભાવથી વંદન કરવા, દિવસ અને રાત્રિ સંબંધી સુખશાંતિની પૃચ્છા કરવી તે શિષ્યનું પરમ કર્તવ્ય છે, તેથી શિષ્ય આ પાઠના ઉચ્ચારપૂર્વક ઉત્કૃષ્ટ ભાવે ગુરુને બાર આવર્તનપૂર્વક વિધિ સહિત વંદન કરે છે.

પ્રસ્તુત પાઠની સ્પષ્ટતા માટે તેના ચાર વિભાગ કરી શકાય છે– (૧) ઈચ્છાનિવેદન, (૨) આજ્ઞા યાચના, (૩) સુખશાતા પૃચ્છા, (૪) ક્ષમાયાચના.

**(૧) ઈચ્છાનિવેદન– इच्छामि–** સાધનાનું ક્ષેત્ર સ્વૈચ્છિક છે. કોઈ પણ અનુષ્ઠાનની આરાધના સાધક પોતાની ઈચ્છા પ્રમાણે કરે, તો જ તે ઉત્સાહપૂર્વક તેની આરાધના કરી શકે છે. અન્યના દબાણથી થયેલી ક્રિયા વેઠ બની જાય છે. તેથી આલોચના સૂત્ર, પ્રતિક્રમણ સૂત્ર આદિનો પ્રારંભ 'ઈચ્છામિ' શબ્દથી થાય છે. ઈચ્છામિ પડિક્કમિઉં...... ઈચ્છામિ ણં ભંતે !... વગેરે. સાધનાના ક્ષેત્રમાં ગુરુની મહત્તાને સ્વીકારીને

શિષ્ય સ્વયં પોતાની ઈચ્છાથી ગુરુને વંદન કરવા ગુરુની સમક્ષ ઉપસ્થિત થાય છે અને પોતાની વંદન કરવાની ભાવના પ્રગટ કરે છે. હે ક્ષમાશ્રમણ ગુરુદેવ ! હું સર્વ પાપ પ્રવૃત્તિનો નિષેધ કરીને, મારી શક્તિ અનુસાર આપને વંદન કરવાની ઈચ્છા રાખું છું.

**खमासमणो**– ક્ષમાશ્રમણ– **समण** શબ્દના **श्रमण, शमन, समन,** આ ત્રણ સંસ્કૃત રૂપ થાય છે.

**(૧) श्रमण**– બાર પ્રકારની તપસ્યાનો અથવા ઈન્દ્રિય અને મન પર વિજય પ્રાપ્ત કરવાનો શ્રમ કરે, તે શ્રમણ છે. **(૨) शमन**– ક્રોધાદિ કષાયો અને હાસ્યાદિ નોકષાયોને શાંત કરે, તે શમન છે. **(૩) समन्** – શત્રુ અને મિત્ર પર સમભાવ રાખે, તે સમન છે.

**श्रम** ધાતુ તપ અથવા ખેદના અર્થમાં પ્રયુક્ત છે. તેથી જે તપશ્ચરણ કરે અને સાંસારિક ભાવોથી ખેદ પામીને તેનાથી નિર્લેપ રહે, તે શ્રમણ કહેવાય છે.

શ્રમણો ઉપકાર કે અપકાર કરનારા સર્વ જીવોને સમાન દષ્ટિથી જુએ છે. અપકાર કરનારાઓને પણ અવશ્ય ક્ષમા પ્રદાન કરે છે, પ્રસ્તુતમાં સાધુના ક્ષમા ગુણની પ્રધાનતા દર્શાવવા ક્ષમાશ્રમણ શબ્દનો પ્રયોગ કર્યો છે.

**(૨) આજ્ઞા યાચના– अणुजाणह मे मि उग्गहं** શિષ્ય પોતાનું સમગ્ર જીવન ગુરુને સમર્પિત કરે છે, તેથી તે પ્રત્યેક ક્રિયા ગુરુની આજ્ઞાપૂર્વક કરે છે. ગુરુને વંદન કરવા માટે પણ શિષ્ય ગુરુની આજ્ઞા માંગે છે.

**मि उग्गहं**– વંદન કરવા માટે મિત–પરિમિત અવગ્રહમાં પ્રવેશ કરવાની **मे अणुजाणह**– મને આજ્ઞા આપો. ગુરુને કોઈ પ્રતિકૂળતા ન હોય, તો **अणुजाणामि** શબ્દો બોલીને આજ્ઞા પ્રદાન કરે છે.

**અવગ્રહ :**– ગુરુદેવ જ્યાં બિરાજમાન હોય ત્યાં ગુરુદેવની ચારે ય તરફ ચારે ય દિશાઓમાં સાડા ત્રણ હાથનું ક્ષેત્ર ગુરુનો ક્ષેત્રાવગ્રહ કહેવાય છે. તેટલા ક્ષેત્રમાં ગુરુદેવ ઈચ્છાનુસાર ઊભા રહે, બેસે, સ્વાધ્યાય કરે, ધ્યાન કરે, આવશ્યકતાનુસાર શયન કરી શકે છે. આ અવગ્રહમાં ગુરુદેવની આજ્ઞા લીધા વગર પ્રવેશ કરવાનો નિષેધ છે. ગુરુદેવના ગૌરવ અથવા મર્યાદા માટે શિષ્યે ગુરુદેવના સાડા ત્રણ હાથના અવગ્રહથી બહાર ઊભા રહેવું જોઈએ. વંદના, વાચના આદિ આવશ્યક કાર્ય માટે ગુરુદેવની સમીપે જવું હોય, તો પ્રથમ આજ્ઞા ગ્રહણ કરે અને પછી જ અવગ્રહમાં પ્રવેશ કરે.

**(૩) સુખશાતાની પૃચ્છા– अहो कायं ...... जवणिज्जं च भे** સૂત્રપાઠ ગુરુને શારીરિક સુખશાતા, સંયમયાત્રાની શાતા તથા યાપનીય સંબંધી સુખશાતાની પૃચ્છા માટે છે.

**अहो कायं.....** નું સંસ્કૃત રૂપ **अधः काय** થાય છે. તેનો અર્થ કાયાનો નીચેનો ભાગ અર્થાત્ ચરણ થાય છે. **काय संफासं** મારી કાયાથી અર્થાત્ મારા હાથથી અથવા મસ્તકથી આપના ચરણોનો સ્પર્શ કરવાથી આપને આંશિક પણ દુઃખ થયું હોય, તો આપ ક્ષમા કરો.

**अप्पकिलंताणं**– અહીં અલ્પ શબ્દ અભાવનો વાચક છે. કિલામના – બાધા પીડા. હે ગુરુદેવ ! આપનું શરીર સંપૂર્ણ રીતે બાધા–પીડા રહિત કુશલ છે ? આપનો આજનો દિવસ ખૂબ જ શાંતિથી પસાર થયો છે? આપની સંયમ યાત્રા નિરાબાધ છે ? આપનું શરીર, ઈન્દ્રિય, મન આદિ ઉપાધિથી રહિત છે ?

**जत्ता**– યાત્રા. શ્રી ભગવતી સૂત્રમાં ભગવાન મહાવીર અને સોમિલ બ્રાહ્મણનો સંવાદ છે. તેમાં સોમિલ બ્રાહ્મણે યાત્રા અને યાપનીય સંબંધિત પ્રશ્નો પૂછ્યા છે. ભગવાને ઉત્તર આપ્યો છે કે **सोमिल ! जं मे तव**

**णियम संजमसज्झायझाणावस्सयमाइएसु जोगेसु जयणा, से तं जत्ता** (શતક–૧૮/૧૦/૯) તપ, નિયમ, સ્વાધ્યાય, ધ્યાનાદિ સંયમ યોગમાં પ્રવૃત્તિ થવી, તે યાત્રા છે. જે સાધના દ્વારા મોક્ષ તરફ ગતિ થાય, તે સાધના સંયમ યાત્રા કહેવાય છે.

**जवणिज्जं**– યાપનીય. સંયમરૂપ યાત્રામાં ભાથાની જેમ ઉપયોગી થાય, તે સાધનોને યાપનીય કહે છે. યાપનીયના બે પ્રકાર છે. ઈન્દ્રિય યાપનીય અને નોઈન્દ્રિય યાપનીય. મોક્ષ સાધનામાં સંલગ્ન પુરુષોની ઈન્દ્રિય અને મનની સ્વાધીનતા અથવા વિષય–કષાયને જીતવા માટેનો પુરુષાર્થ, સંયમયાત્રાનું યાપનીય- ભાથું છે.

સાધનાના ક્ષેત્રમાં ગુરુ અને શિષ્ય બંને પોત-પોતાની સાધના સ્વતંત્ર રીતે કરતાં હોય છે. તેમાં શિષ્યનું કર્તવ્ય છે કે પોતાના અનંત ઉપકારી ગુરુને શરીરાદિની સુખશાતા પૂછવી. ક્યારેક ગુરુને કોઈ સેવાની જરૂર હોય, તો શિષ્યને સેવાનો લાભ મળે. તે દષ્ટિકોણથી શિષ્ય ગુરુની સંયમયાત્રાની તથા યાપનીય–ઈન્દ્રિય અને મનની સુખશાતાની પૃચ્છા કરે છે.

**(૪) ક્ષમાયાચના– खामेमि खमासमणो...... वोसिरामि** સુધીનો પાઠ ગુરુની ક્ષમાયાચના માટે છે. શિષ્યના વર્તન-વ્યવહારથી ગુરુનો કોઈ પણ પ્રકારે અપરાધ થયો હોય, તેત્રીસ પ્રકારની આશાતનામાંથી કોઈ પણ પ્રકારે આશાતના થઈ હોય, તો ગુરુ સમક્ષ શિષ્ય તેની ક્ષમાયચના કરે છે.

**आवस्सियाए**– અવશ્ય કરવા યોગ્ય ચરણ-કરણ રૂપ શ્રમણયોગને આવશ્યક કહે છે. આવશ્યક યોગની સાધના કરતાં કોઈ ભૂલ થઈ જાય, તો તે ભૂલનું પ્રતિક્રમણ કરીને તેની ક્ષમાયાચના કરે છે.

**आसायणाए**– આશાતના (૧) **आ समन्तात् शात्यन्ते खण्डयन्ते ज्ञानादयो गुणा यथा सा आशातना।** જેના દ્વારા આત્મગુણોનો નાશ થાય, ખંડન થાય, તે આશાતના છે (૨) **आ समन्तात् शातयति अवरुणद्धि मोक्षसुखं या सा आशातना ।** જે ક્રિયા મોક્ષ સુખનો નાશ કરે, અવરોધ કરે, તે આશાતના છે. શ્રી દશાશ્રુતસ્કંધ સૂત્રમાં આશાતનાના તેત્રીસ પ્રકાર કહ્યા છે. વ્યાખ્યાકારોએ મુખ્ય ચાર પ્રકારમાં જ સર્વ આશાતનાનો સમાવેશ કર્યો છે.

**(૧) દ્રવ્ય આશાતના–** આહાર, પાણી, વસ્ત્ર, પાત્ર આદિ ઉપધિના આદાન–પ્રદાનમાં ગુર્વાદિકોનો વિનય ન રાખવો, પ્રિય અને અનુકૂળ દ્રવ્યનો ઉપભોગ સ્વયં કરવો, અપ્રિય કે પ્રતિકૂળ દ્રવ્ય વડીલ સંતોને આપવા, તે દ્રવ્ય આશાતના છે.

**(૨) ક્ષેત્ર આશાતના–** સ્થાન ગ્રહણ કરવામાં ગુર્વાદિકોનો વિનય ન રાખવો. સૂવામાં, બેસવામાં પોતાની સ્વચ્છંદ બુદ્ધિથી વડીલ સંતોની અવજ્ઞા કે અપમાન કરવું, તે ક્ષેત્ર આશાતના છે.

**(૩) કાલ આશાતના–** રાત્રે કે વિકાલમાં ગુર્વાદિકો બોલાવે, પ્રશ્ન પૂછે ત્યારે તેનો ઉત્તર ન આપવો, જાગતા હોવા છતાં મૌન રહેવું વગેરે કાલ આશાતના છે.

**(૪) ભાવ આશાતના–** ગુરુ કે રત્નાધિક સંતો પ્રતિ આદર કે બહુમાનનો ભાવ ન રાખવો. તેમની સાથે 'તું–તું' જેવા તુચ્છ શબ્દ પ્રયોગથી વાર્તાલાપ કરવો, તે ભાવ આશાતના છે.

**मणदुक्कडाए......**શિષ્યની ત્રણ યોગની અશુભ પ્રવૃત્તિથી ગુરુની આશાતના થાય છે. (૧) મન દુષ્કૃતતા– ગુરુ પ્રતિ મનમાં દ્વેષ, દુર્ભાવ, ઘૃણાના ભાવ રાખવા, તે મનો દુષ્કૃતતા આશાતના છે. તે જ રીતે અભદ્ર વચન વ્યવહારથી વાગદુષ્કૃતતા આશાતના અને ગુરુના આસન પર પગ મૂકવા, ગુરુ સાથે ભટકાઈને ચાલવું વગેરે કાયિક કુચેષ્ટાથી કાયદુષ્કૃતતા આશાતના થાય છે.

**कोहाए.....** ક્રોધાવેશથી થતી આશાતના ક્રોધવતી આશાતના છે, તે જ રીતે માન, માયા કે લોભાવેશથી થતી આશાતના ક્રમશઃ માનવતી, માયાવતી અને લોભવતી આશાતના કહેવાય છે.

**सव्वकालियाए**– **સાર્વકાલિકી–** કાલ સંબંધી આશાતનાનું આ વિશેષણ છે. તેના બે અર્થ થાય છે– **(૧)** શિષ્ય ગુરુદેવના ચરણોમાં આશાતનાનું પ્રતિક્રમણ કરતા નિવેદન કરે છે કે હે ભગવન્ ! હું દૈવસિક, રાત્રિક, પાક્ષિક, ચાતુર્માસિક તથા સાંવત્સરિક આશાતના માટે ક્ષમા માંગુ છું અને તેનું પ્રતિક્રમણ કરું છું એટલું જ નહીં પરંતુ અત્યાર સુધીના આ જીવનમાં જે અપરાધ થયા હોય તેની પણ ક્ષમાયાચના કરું છું. તેનાથી આગળ વધીને અનંતાનંત અતીત જન્મોમાં જે ભૂલ થઈ હોય, અવહેલના થઈ હોય તે સર્વની ક્ષમા યાચના કરું છું.

**(૨) સાર્વકાલિકી** એટલે માત્ર વર્તમાનકાલીન જ નહીં પરંતુ અનંત ભૂતકાલીન અપરાધોની ક્ષમાયાચના કરવી અને અનંત ભવિષ્યકાલમાં કોઈ પણ પ્રકારની અવહેલના કે આશાતાનાનો ભાવ ન રાખવો, ભવિષ્યમાં તથાપ્રકારની કોઈ પણ આશાતના ન થાય, તે માટે પ્રતિજ્ઞાબદ્ધ થવું. આ રીતે સાર્વકાલિકી શબ્દ દ્વારા ત્રૈકાલિક આશાતનાની ક્ષમાયાચના કરવાની છે.

**सव्व मिच्छोवयाराए**– સર્વ મિથ્યા ઉપચારોથી. ક્યારેક શિષ્ય પોતાના તર્ક-વિતર્કથી કે સ્વચ્છંદ બુદ્ધિથી ગુરુના આશય કે અભિપ્રાયને સમજ્યા વિના મિથ્યા વ્યવહાર દ્વારા ગુરુની આશાતના કરે છે.

**सव्वधम्माइक्कमणाए**– સર્વ ધર્મનું ઉલ્લંઘન કરવાથી. ક્ષમાદિ દશ પ્રકારના યતિધર્મનું ઉલ્લંઘન કરવાથી શિષ્ય પોતાના સાધના માર્ગથી ચ્યુત થાય છે અને સાધનાથી ચ્યુત થયેલા સાધકના વ્યવહારથી ગુરુની આશાતના થાય છે.

આ રીતે પ્રસ્તુત **तित्तीसण्णयराए.........सव्वधम्माइक्कमणाए** ઉપરોક્ત સૂત્રપાઠમાં બતાવેલા કોઈ પણ કારણથી શિષ્યનો ગુરુ પ્રતિ આદર, બહુમાન કે ભક્તિનો ભાવ ઘટી ગયો હોય અને ગુરુની આશાતના થઈ હોય, તો તેની આલોચના અને પ્રતિક્રમણપૂર્વક ગુરુ સમક્ષ અંતઃકરણપૂર્વક ક્ષમાયાચના કરવાની હોય છે. આ રીતે ગુરુ વંદનની વિશિષ્ટ વિધિ અધ્યાત્મવિકાસમાં ગુરુની મહત્તાને પ્રદર્શિત કરે છે.

**વંદનવિધિ–** વંદન કરવાની ઇચ્છાવાળા શિષ્ય ગુરુની સન્મુખ, ગુરુના અવગ્રહની બહાર અર્ધ અવનત (અર્ધા નમીને) આસનમાં સ્થિર થઈને **इच्छामि खमासमणो.....**થી **निसीहियाए** સુધીનો પાઠ બોલી પોતાની વંદન કરવાની ઇચ્છા પ્રગટ કરે છે.

શિષ્યના આ પ્રકારના નિવેદન કર્યા પછી ગુરુદેવ જો સ્વસ્થ ન હોય અથવા કોઈ કાર્ય વિશેષમાં વ્યસ્ત(રોકાયેલા) હોય તો **तिविहेण–त्रिविधेन** એવો શબ્દ પ્રયોગ કરે અર્થાત્ અવગ્રહની બહાર રહીને જ સંક્ષિપ્ત વંદન કરો. ત્યારે શિષ્યે અવગ્રહની બહાર રહીને જ **तिक्खुत्तो** ના પાઠ દ્વારા સંક્ષિપ્ત વંદન કરી લેવું જોઈએ. જો ગુરુદેવ સ્વસ્થ અને અવ્યગ્રચિત્ત હોય તો **छंदेणं छन्दया** એવો શબ્દ કહે છે અર્થાત્ ઇચ્છાનુસાર વંદન કરવાની સંમતિ આપે છે.

ગુરુદેવ તરફથી વંદન કરવાની આજ્ઞા મળી ગયા પછી, શિષ્ય આગળ વધીને અવગ્રહ-ક્ષેત્રની બહાર પરંતુ નિકટમાં જ અવગ્રહ પ્રવેશની આજ્ઞાયાચના નામના બીજા સ્થાનમાં પ્રવેશ કરીને અર્ધ-અવનત થઈને નમન કરે છે અને ગુરુદેવને **अणुजाणह मे मिउग्गहं** આ પાઠ દ્વારા અવગ્રહમાં પ્રવેશ કરવાની આજ્ઞા માંગે છે. આજ્ઞા માંગ્યા પછી ગુરુદેવ **अणुजाणामि** એ પદ દ્વારા આજ્ઞા પ્રદાન કરે છે.

આજ્ઞા મળ્યા પછી યથાજાત મુદ્રા = જન્મ સમયે બાળકની અથવા દીક્ષા ગ્રહણ સમયે શિષ્યની

જેવી મુદ્રા હોય છે તેવી અર્થાત્ બંને હાથ અંજલિબદ્ધ કપાળ પર રાખીને **निसीहि** પદના ઉચ્ચારણ પૂર્વક અવગ્રહમાં પ્રવેશ કરે છે. ત્યારપછી રજોહરણથી ભૂમિનું પ્રમાર્જન કરી ગુરુદેવની પાસે ગોદોહિકા અથવા ઊકડું આસનથી બેસીને **अहो कायं काय** શબ્દના ઉચ્ચારણપૂર્વક ત્રણ આવર્તન કરીને **संफासं** કહેતા ગુરુના ચરણનો મસ્તકથી સ્પર્શ કરે છે.

ત્યારપછી **खमणिज्जो भे किलामो** શબ્દ દ્વારા ચરણ સ્પર્શ કરતા સમયે ગુરુદેવને તકલીફ થઈ હોય તેની ક્ષમા યાચના કરે છે. ત્યારપછી **अप्प किलंताणं बहु सुभेण भे दिवसो वइक्कंतो** બોલી દિવસ સંબંધી ક્ષેમ કુશલતા પૂછે છે. ત્યારે ગુરુદેવ પણ **तथा** કહીને પોતાના ક્ષેમ કુશલની સૂચના આપે છે અને શિષ્યને ક્ષેમ કુશલતા પૂછે છે.

ત્યારપછી **जत्ता भे ! जवणिज्जं च भे !** આ ત્રણ શબ્દોના ઉચ્ચારણપૂર્વક ત્રણ આવર્તન કરીને (તે દ્વારા) ગુરુને સંયમ યાત્રા તથા ઈન્દ્રિય તથા મન સંબંધી સુખશાતા પૂછે છે અને ગુરુચરણોનો સ્પર્શ કરીને **खामेमि खमासमणो देवसियं वइक्कम्मं** શબ્દ દ્વારા નમ્રભાવે દિવસ સંબંધી થયેલા અપરાધોની ક્ષમાયાચના કરે છે.

ત્યારપછી **आवस्सियाए** કહેતા અવગ્રહથી બહાર આવી **पडिक्कमामि** થી લઈને **अप्पाणं वोसिरामि** સુધીનો સંપૂર્ણ પાઠ બોલીને પ્રથમ વંદન પૂર્ણ કરે અને બીજી વંદના પણ એ જ રીતે કરે, તેમાં વિશેષતા એ છે કે બીજીવાર **आवस्सियाए** પદ ન બોલવું અને અવગ્રહથી બહાર ન આવતા ત્યાં જ સંપૂર્ણ પાઠ બોલી લેવો.

પ્રસ્તુત પાઠમાં જે **बहुसुभेण भे दिवसो वइक्कंतो** પાઠમાં **दिवसो वइक्कंतो** પાઠ છે તેમાં રાઈ પ્રતિક્રમણમાં **राई वइक्कंतो**, પાક્ષિક પ્રતિક્રમણમાં **पक्खी वइक्कंतो**, ચાતુર્માસિક પ્રતિક્રમણમાં **चोमासी वइक्कंतो** તથા સાંવત્સરિક પ્રતિક્રમણમાં **संवच्छरो वइक्कंतो** એવો પાઠ બોલાય છે.

**વંદનના ૨૫ આવશ્યક :–** શ્રી સમવાયાંગ સૂત્રના બારમા સમવાયાંગમાં વંદન વિધિની સ્પષ્ટતા માટે વંદનના ૨૫ આવશ્યક કાર્યોનું કથન કર્યું છે.

**दुओ णयं जहाजायं, कितिकम्मं बारसावयं**
**चउसिरं तिगुत्तं च, दुपवेसं एग-णिक्खमणं**

કૃતિકર્મ–વંદન વિધિના બે અવનત, એક યથાજાત, બાર આવર્ત, ચાર શિર, ત્રણ ગુપ્તિ, બે પ્રવેશ અને એક નિષ્ક્રમણ આ પ્રમાણે કુલ પચીસ આવશ્યક છે. તેનું સ્પષ્ટીકરણ આ પ્રમાણે છે–

**બે અવનત :–** અવગ્રહની બહાર રહેલો શિષ્ય સર્વ પ્રથમ પણછ ચઢાવેલ ધનુષ્યની સમાન અર્ધઅવનત થઈને અર્થાત્ અર્ધુ શરીર નમેલું હોય તેવી સ્થિતિમાં ઊભા રહીને **इच्छामि खमासमणो वंदिउं जावणिज्जाए निसीहियाए** બોલીને ગુરુદેવને વંદન કરવાની ઈચ્છાનું નિવેદન કરે છે. ગુરુદેવના તરફથી આજ્ઞા મળ્યા પછી અર્ધ અવનત કાયાથી જ **अणुजाणह मे मि उग्गहं** બોલીને અવગ્રહમાં પ્રવેશ કરવાની આજ્ઞા માંગે છે. આ પ્રથમ અવનત આવશ્યક છે.

અવગ્રહથી બહાર આવી પ્રથમ વંદન પૂર્ણ કરી બીજીવાર વંદન કરવા માટે ઈચ્છામિ ખમાસમણોનો પાઠ બોલે ત્યાર પછી તે જ રીતે અર્ધ અવનત થઈને વંદન કરવા માટે ઈચ્છા નિવેદન કરવું અને બીજી વાર અવગ્રહમાં પ્રવેશ કરવાની આજ્ઞા માંગવી આ બીજો અવનત આવશ્યક છે.

**એક યથાજાત–** બાળક માતાના ગર્ભમાંથી જન્મ ધારણ કરે ત્યારે તેના બંને હાથ લલાટ ઉપર હોય છે. તે

સમયે બાળક સંસારના વાસનામય વાતાવરણથી પ્રભાવિત નથી. જન્મજાત બાળક સરળતા, મૃદુતા, નમ્રતા નિષ્કપટતાનું પ્રતીક છે. તે જ રીતે શ્રમણ ધર્મના સ્વીકાર સમયની સાધુની મુદ્રા પણ યથાજાત મુદ્રા કહેવાય છે. શ્રમણ ધર્મનો સ્વીકાર કરવો, તે પણ આધ્યાત્મિક ક્ષેત્રમાં નવો જન્મ છે ત્યારે શિષ્ય પણ સાધુના વેષ સહિત પોતાના બંને હાથ અંજલિબદ્ધ કરીને લલાટે લગાડીને, સરળતા, મૃદુતા, નમ્રતાના ભાવ સહિત ગુરુ સમક્ષ ઉપસ્થિત થાય છે, તે સાધુની યથાજાત મુદ્રા છે. પ્રથમ વંદન સમયે ગુરુના અવગ્રહમાં પ્રવેશતા પૂર્વે એકવાર યથાજાત થાય છે.

**બે પ્રવેશ–** અવગ્રહમાં પ્રવેશ કરવાની ગુરુદેવની આજ્ઞા મળી જતાં 'નિસીહિ' શબ્દ બોલીને, રજોહરણથી આગળની ભૂમિનું પ્રમાર્જન કરીને વંદન કરનાર શિષ્ય યથાજાત મુદ્રામાં અવગ્રહમાં પ્રવેશ કરે, ત્યારે પ્રથમ પ્રવેશ થાય છે. તે જ રીતે એકવારની વંદના પૂર્ણ કરીને બીજીવાર વંદના કરવા માટે અવગ્રહમાં પ્રવેશ કરે, તે બીજો પ્રવેશ છે.

**બાર આવર્તન–** શિષ્ય ગુરુના ચરણોનો સ્પર્શ કરીને અંજલિબદ્ધ પોતાના બંને હાથને લલાટે લાગવે છે. તે ગુરુની આજ્ઞાને સદાય મસ્તકે ચડાવવા માટે કૃતનિશ્ચયી હોય છે. ગોદુહાસને અથવા ઊકડું આસને બેસીને પહેલા ત્રણ આવર્તન– (૧) અ...હો (૨) કા...યં (૩) કા...ય. આ પ્રમાણે બે બે અક્ષરોથી પૂર્ણ થાય છે. બંને હાથ જોડીને **अ** અક્ષરનું ઉચ્ચારણ કરીને હાથથી ગુરુ ચરણનો સ્પર્શ કરી પુનઃ હાથને પોતાના લલાટના મધ્યભાગમાં લગાવતાં **हो** નું ઉચ્ચારણ કરવું. આ પ્રથમ આવર્તન છે. આ જ રીતે કા.....યં અને કા......ય ના શેષ બે આવર્ત થાય છે. ત્યાર પછી 'સંફાસ' શબ્દના ઉચ્ચારણ પૂર્વક ગુરુ ચરણોમાં મસ્તક નમાવી (મસ્તકથી ગુરુચરણનો) સ્પર્શ કરે છે. બીજા ત્રણ આવર્તન (૪) જ...ત્તા...ભે (૫) જ...વ...ણિ (૬) જ્જં...ચ...ભે, આ પ્રમાણે ત્રણ-ત્રણ અક્ષરોથી પૂર્ણ થાય છે. બંને હાથ જોડી ગુરુચરણનો સ્પર્શ કરી મંદ સ્વરથી 'જ' અક્ષર બોલવો, ત્યાર પછી અંજલિબદ્ધ બંને હાથ પોતાના વક્ષસ્થળ પાસે લાવી મધ્યમ સ્વરથી ત્તા અક્ષર બોલવો અને ત્યાર પછી અંજલિબદ્ધ બંને હાથ લલાટે લગાવીને ઉચ્ચ સ્વરથી 'ભે' અક્ષર બોલવો. આ એક આવર્તન થાય છે. આ જ રીતે **ज...व...णि, ज्जं...च...भे** ના શેષ બે આવર્ત થાય છે.

આ રીતે એક વંદનામાં છ આવર્ત થાય અને બીજી વંદનામાં પણ છ આવર્ત, કુલ બાર આવર્ત થાય છે.

આવર્તની બીજી પદ્ધતિ– આવર્તન = બંને હાથ જોડીને ગોળાકારે ફેરવવા. **अ** શબ્દના ઉચ્ચારપૂર્વક આવર્તનનો પ્રારંભ કરવો. ગુરુની જમણી બાજુથી પ્રારંભ કરીને ડાબી બાજુ સુધી જોડેલા બંને હાથને ફેરવવા અને **हो** ના ઉચ્ચાર સાથે અંજલિબદ્ધ હાથ મસ્તકે લગાવવા. આ એક આવર્તન થાય છે. તે જ રીતે **कायं, काय** ના બે આવર્તન કરવા. આ રીતે ત્રણ આવર્તન પૂર્ણ કરીને **संफासं** બોલતાં મસ્તક નમાવીને ગુરુનો ચરણ સ્પર્શ કરવો.

તે જ રીતે **ज.. त्ता.. भे, ज.. व.. णि, ज्जं.. च.. भे** ના ત્રણ આવર્તર્ન થાય છે. આ રીતે એક વંદનામાં છ આવર્તનઅને બીજીવારની વંદનામાં પણ છ આવર્તન થતાં કુલ બાર આવર્તન થાય છે.

બાર આવર્તન ઉપરોક્ત બંને વિધિમાંથી કોઈપણ વિધિથી થઈ શકે છે.

**એક નિષ્ક્રમણ :–** પ્રથમ છ આવર્તન કર્યા પછી બંને હાથથી અને પશ્ચાત્ મસ્તકથી ગુરુ ચરણોનો સ્પર્શ કરે તથા **खामेमि खमासमणो देवसियं वइक्कमं** નો પાઠ બોલે ત્યારપછી ઊભા થઈને રજોહરણથી પોતાની પાછળની ભૂમિનું પ્રમાર્જન કરતા ગુરુદેવના મુખ કમળ પર દષ્ટિ સ્થિર કરીને **आवस्सियाए**

કહેતા પાછા પગલેથી પાછો ફરે અને અવગ્રહથી બહાર નીકળી જાય આ નિષ્ક્રમણ આવશ્યક છે.

અવગ્રહની બહાર આવી ગુરુદેવની તરફ મુખ રાખી, બંને હાથ જોડી, સ્થિર ઊભા રહીને સ્થિત થઈને **पडिक्कम्मामि** થી લઈને સંપૂર્ણ ખમાસમણાનો પાઠ પરિપૂર્ણ કરે. બીજી વારના વંદનમાં ગુરુની સમક્ષ સંપૂર્ણ પાઠ બોલવાનો હોય છે, તેથી બીજીવાર નિષ્ક્રમણ આવશ્યક થતો નથી.

**ત્રણ ગુપ્તિ :–** શિષ્ય જ્યારે અવગ્રહમાં પ્રવેશ કરે છે ત્યારે **निसीहि** શબ્દનું ઉચ્ચારણ કરે છે અર્થાત્ હવે હું મન, વચન અને કાયાની અન્ય બધી જ પ્રવૃત્તિઓનો નિષેધ કરું છું અને ત્રણે ય યોગોને એક માત્ર વંદન ક્રિયામાં જ નિયુક્ત કરું છું. આ શબ્દોનું ઉચ્ચારણ એકાગ્ર ભાવનું તથા ત્રણે ય ગુપ્તિઓના આવશ્યકનું નિદર્શન કરે છે.

**મનોગુપ્તિ :–** મનમાં એક માત્ર વંદનાનો ભાવ જીવંત રાખી અન્ય સંકલ્પોને નિવૃત્તિ આપી દેવી, તે મનોગુપ્તિ આવશ્યક છે. અનેક વિકલ્પોથી ઘેરાયેલા મનથી વંદના કરવાથી કર્મનિર્જરા થતી નથી. **વચન ગુપ્તિ–** વંદના કરતા સમયે વચ્ચે કાંઈ બોલવું નહીં, વચનનો વ્યાપાર વંદન ક્રિયાના પાઠમાં જ જોડી રાખવો તથા અસ્ખલિત, સ્પષ્ટ અને સ્વર પ્રમાણે ઉચ્ચારણ કરવા, તે વચનગુપ્તિ છે. **કાય ગુપ્તિ–** શરીરનો વ્યાપાર વંદન ક્રિયા સિવાયના અન્ય કાર્યોમાં ન જોડવો તથા શરીરને આગળ પાછળ હલાવ્યા વગર પૂર્ણ રૂપથી નિયંત્રિત રાખવું, વંદના સિવાય સર્વ ક્રિયાઓનો નિષેધ કરવો, તે કાયગુપ્તિ છે.

**ચાર શિર :–** અવગ્રહમાં પ્રવેશ કરી શિષ્ય ક્ષમાપના કરે ત્યારે ગુરુની બરાબર સન્મુખ ઊભા રહે છે, તેથી શિષ્ય તથા ગુરુના, એમ બે શિર પરસ્પર એક બીજાની સન્મુખ હોય છે. આ પ્રથમ ખમાસમણાના બે શિર સંબંધી આવશ્યક છે. આ જ પ્રમાણે બીજા ખમાસમણાના બે શિર સંબંધી આવશ્યક પણ સમજી લેવા જોઈએ. આચાર્ય હરિભદ્ર કૃત આવશ્યક નિર્યુક્તિમાં, આચાર્ય અભયદેવ સૂરિકૃત સમવાયાંગ સૂત્રની વૃત્તિમાં આ જ પ્રમાણે ચાર શિરોનમનનું કથન છે. આચાર્ય શ્રી સિદ્ધસેન સૂરિજી શિષ્યના જ ચાર શિરોનમન આ પ્રમાણે કહે છે– (૧) એક શિરોનમન **संफासं** શબ્દ બોલતા (૨) બીજુ ક્ષમાયાચના કરતા **खामेमि खमासमणो** શબ્દનું ઉચ્ચારણ કરતા. આ જ રીતે બીજીવાર વંદન કરતાં સમયે બે શિરોનમન થાય છે. આ રીતે કુલ ચાર શિરોનમન થાય છે.

આ રીતે બે વાર વંદના કરવાથી વંદન વિધિના ૨૫ આવશ્યક કાર્ય પૂર્ણ થાય છે.

**છ સ્થાનક :–** પ્રસ્તુત **इच्छामि खमासमणो** સૂત્રની સ્પષ્ટતા માટે છ સ્થાનનું કથન છે.

**(૧) ઈચ્છાનિવેદન સ્થાન– इच्छामि खमासमणो वंदिउं जावणिज्जाए निसीहियाए** શબ્દના ઉચ્ચારણ દ્વારા વંદન કરવાનું નિવેદન કરાય છે, આ શિષ્યને માટે ઈચ્છા નિવેદનરૂપ **પ્રથમ સ્થાનક** છે. શિષ્યના ઈચ્છા નિવેદનના ઉત્તરમાં ગુરુદેવ પણ **त्रिविधेन** અથવા **छंदसा** કહે છે. આ ગુરુદેવ તરફથી ઉત્તર રૂપ **પ્રથમ સ્થાનક** છે.

**(૨) અવગ્રહ પ્રવેશ યાચના–** ત્યારપછી શિષ્ય **अणुजाणह मे मि उग्गहं** કહીને અવગ્રહમાં પ્રવેશ કરવાની આજ્ઞા માંગે છે. આ શિષ્ય તરફથી આજ્ઞા યાચના રૂપ **બીજું સ્થાનક** છે.

તેના જવાબમાં ગુરુદેવ પણ **अणुजाणामि** કહીને આજ્ઞા આપે છે. આ ગુરુદેવ તરફથી આજ્ઞા-પ્રદાન રૂપ **બીજું સ્થાનક** છે.

**(૩) શરીર સુખશાતા પૃચ્છા– निसीहि अहो कायं कायसंफासं खमणिज्जो भे किलामो अप्पकिलंताणं**

**बहुसुभेणं भे दिवसो वइक्कंतो.** આ શબ્દોના ઉચ્ચારણથી શિષ્ય તરફથી શરીર કુશળતાની પૃચ્છા નામનું **ત્રીજું સ્થાનક** છે.

તેમાં શિષ્ય નિસીહિ શબ્દના ઉચ્ચારણ દ્વારા અવગ્રહમાં પ્રવેશ કરી, ગુરુની સન્મુખ ઊકડું આસન અથવા ગોદુહાસને બેસીને **अहो कायं काय** શબ્દ દ્વારા ત્રણ આવર્તન કરી સંફાસં શબ્દ બોલી ગુરુના ચરણોમાં પોતાના મસ્તકનો સ્પર્શ કરે છે અને ત્યાર પછી **खमणिज्जो भे किलामो.....** શબ્દો દ્વારા ગુરુના ચરણ સ્પર્શ કરતાં ગુરુને બાધા-પીડા થઈ હોય, તો તેની ક્ષમાયાચના કરે છે અને ત્યાર પછી **अप्पकिलंताण बहु सुभेण.......**શબ્દો બોલી ગુરુના શરીરની કુશળતાની પૃચ્છા કરે છે. તેના ઉત્તરમાં ગુરુદેવ 'તથા– જેમ તમે કહો છો તેમ જ છે અર્થાત્ હું કુશળ છું. આ ગુરુદેવની તરફથી **ત્રીજું સ્થાનક** છે.

**(૪) સંયમયાત્રાની સુખશાતા પૃચ્છા :– जत्ता भे** શબ્દ દ્વારા શિષ્ય તરફથી સંયમ યાત્રાની સુખશાતા પૃચ્છા નામનું **ચોથું સ્થાનક** છે. તેના ઉત્તરમાં ગુરુદેવ પણ **तुब्भं पि वट्टइ–युष्माकमपि वर्तते**? કહે છે અર્થાત્ તમારી સંયમ યાત્રા પણ નિરાબાધ ચાલી રહી છે ને ? આ ગુરુદેવ તરફથી શિષ્યને સંયમ યાત્રાની સુખશાતા પૃચ્છા નામનું **ચોથું સ્થાનક** છે.

**(૫) યાપનીય સુખશાતા પૃચ્છા :– जवणिज्जं च भे** શબ્દ દ્વારા શિષ્ય તરફથી યાપનીય પૃચ્છા નામનું **પાંચમું સ્થાનક** છે. તેમાં શિષ્ય પૂછે છે કે હે ગુરુદેવ ! આપની સંયમ યાત્રાના યાપનીય-ભાથા રૂપ ઇન્દ્રિય અને મન પણ નિરાબાધ વર્તે છે ?

ઉત્તરમાં ગુરુદેવ પણ **एवं** કહે છે. ઇન્દ્રિય અને મનોવિજય રૂપ યાત્રા સારી રીતે ચાલી રહી છે. આ ગુરુદેવ તરફથી **પાંચમું સ્થાનક** છે.

**(૬) ક્ષમાયાચના–** ગુરુ ચરણોને સ્પર્શ કરીને **खामेमि खमासमणो देवसियं वइक्कमं** શબ્દ દ્વારા શિષ્ય તરફથી અપરાધની ક્ષમાયાચના રૂપ **છઠ્ઠું સ્થાનક** છે. શિષ્ય વિનમ્ર ભાવથી દિવસ સંબંધી પોતાના અપરાધોની ક્ષમા માગે છે. તેના ઉત્તરમાં ગુરુપણ કહે છે **अहमपि क्षमयामि** કહી શિષ્યને ક્ષમા પ્રદાન કરે છે અને ગુરુ તરફથી પણ શિષ્યની સારણા વારણા કરતા શિષ્યને દુઃખ લાગ્યું હોય, તો સ્વકૃત ભૂલોની ક્ષમા માંગે છે. આ ગુરુ તરફથી ક્ષમાયાચના રૂપ **છઠ્ઠું સ્થાનક** છે.

આ રીતે ગુરુ અને શિષ્યના છ-છ સ્થાન દ્વારા વંદનવિધિ પૂર્ણ થાય છે. આ પ્રકારની વંદનવિધિ દ્વારા ગુરુ-શિષ્યની આત્મીયતા ગાઢ બને છે. જે શિષ્યની સાધનામાં ઉપયોગી થાય છે.

**।। આવશ્યક–૩ સંપૂર્ણ ।।**

# ચોથો આવશ્યક

## પ્રાક્કથન

આવશ્યક સૂત્રના ચોથા અધ્યયનનું નામ પ્રતિક્રમણ છે. તેમાં દશ પાઠનો સમાવેશ થાય છે.

(૧) **करेमिभंते** (૨) **चत्तारि मंगलं** (૩) **इच्छामि पडिक्कमिउं**– (૪) **इरियावहियं** (૫ થી ૯) પાંચ શ્રમણસૂત્ર (૧૦) ક્ષમાપના.

**(૧) करेमिभंते**– આ સામાયિકનું પ્રતિજ્ઞા સૂત્ર છે. સર્વ પાપકારી પ્રવૃત્તિના ત્યાગ અને સમભાવની પ્રાપ્તિ માટેના સંકલ્પ પછી જ સાધક પ્રતિક્રમણ-પાપથી પાછો ફરી શકે છે, તેથી ચોથા પ્રતિક્રમણ આવશ્યકના પ્રારંભમાં 'કરેમિ ભંતે' પાઠનું ઉચ્ચારણ થાય છે.

**(૨) चत्तारि मंगलं**– તેમાં લોકમાં રહેલા ચાર મંગલ, ચાર ઉત્તમ અને ચાર શરણનું નિરૂપણ છે.

પાપનું પ્રતિક્રમણ કરવા ઈચ્છુક સાધકે સહુ પ્રથમ સુયોગ્ય વ્યક્તિનું શરણ સ્વીકારી, તેના ચરણે જીવન સમર્પિત કરીને, ત્યાર પછી તેમની સમક્ષ પાપદોષની આલોચના અને પ્રતિક્રમણ કરવાનું હોય છે, તેથી જ સંક્ષિપ્ત પ્રતિક્રમણની પૂર્વે મંગલસૂત્રનું કથન છે.

સાધકને દઢતમ શ્રદ્ધા અને પ્રતીતિ થાય કે અશરણભૂત આ લોકમાં અરિહંત આદિ ચાર મંગલ છે, ચાર ઉત્તમોત્તમ છે, ત્યારે જ તે તેમનું શરણ સ્વીકારી શકે છે, તેથી ક્રમશઃ ચાર મંગલ, ચાર ઉત્તમ અને ચાર શરણનું પ્રતિપાદન છે. અરિહંત, સિદ્ધ, સાધુ અને કેવળી પ્રરૂપિત ધર્મ જ લોકમાં મંગલ છે, ઉત્તમ છે અને શરણભૂત છે.

**(૩) इच्छामि पडिवक्कमिउं(ठामि काउस्सग्ग)– સંક્ષિપ્ત પ્રતિક્રમણ સૂત્ર**– વ્રત, સમિતિ, ગુપ્તિ આદિ અનુષ્ઠાનોમાં વિરાધના થઈ હોય, અતિચારના સેવનથી વ્રત આદિ ખંડિત થયા હોય, તેની વિસ્તૃત આલોચના પૂર્વે સાધક આલોચનાના સંપૂર્ણ વિષયોની સંક્ષિપ્ત રૂપરેખા તૈયાર કરે છે અને ત્યાર પછી તે રૂપરેખા અનુસાર ક્રમશઃ આલોચના કરે છે.

**(૪) इरियावहियं સૂત્ર**– આ પાઠમાં ગમનાગમન અથવા શારીરિક ક્રિયાઓ દ્વારા થયેલી વિરાધનાનું પ્રતિક્રમણ છે. એકેન્દ્રિયથી પંચેન્દ્રિય સુધીના ચારે ગતિના જીવોની દશ પ્રકારની હિંસા સંબંધિત દોષોના શુદ્ધિકરણ માટે આ પાઠ છે. આ પાઠ દ્વારા હિંસાની વ્યાપકતા સ્પષ્ટ થાય છે. જીવ મરી જવાથી જ હિંસાનો દોષ લાગે છે તેમ નથી પરંતુ તે જીવોની સ્વૈચ્છિક ગતિમાં બાધક બનવું, તેની પ્રગતિને રોકવી, સ્થાનાંતરિત કરવા, કિલામના કે પરિતાપ પહોંચાડવો વગેરે જીવને પ્રતિકૂળ સર્વ પ્રવૃત્તિઓની હિંસામાં જ ગણના થાય છે. પાંચ ઈન્દ્રિય, મન, વચન, કાયા, શ્વાસોચ્છ્વાસ અને આયુષ્ય, આ દશ પ્રાણમાંથી કોઈ પણ પ્રાણને પીડા પહોંચાડવી, તે હિંસા છે.

**(૫) પહેલું શ્રમણસૂત્ર : શય્યા સૂત્ર :**– જૈન દર્શનાનુસાર વ્યક્તિ જાગૃત અવસ્થામાં કે નિદ્રાવસ્થામાં દોષનું સેવન કરે, તો તે બંને અવસ્થામાં કરેલા દોષસેવનથી તેને કર્મબંધ અવશ્ય થાય છે. તે બંને અવસ્થાના દોષોની જવાબદાર વ્યક્તિ સ્વયં છે, તેથી તેણે જાગૃત અવસ્થાના દોષોના પ્રતિક્રમણની જેમ નિદ્રાજન્ય દોષોનું પ્રતિક્રમણ કરવું આવશ્યક છે.

મર્યાદાથી અધિક સમય પ્રમાદથી સૂઈ રહેવું, ઘણા અથવા સુંવાળા ગાદી તકિયા વાપરવા, પોંજ્યા વિના પડખાં ફેરવવા અને તે દ્વારા કીડી, કુંથવા વગેરે સૂક્ષ્મ જીવોની હિંસા થવી, ઉઘાડા મોઢે બગાસા ખાવા, સ્વપ્નમાં દષ્ટિની વિપરીતતાથી કુચેષ્ટા કરવી, સ્વપ્નમાં ખાવા-પીવાની કે કામભોગની ઈચ્છા કરવી વગેરે નિદ્રાજન્ય દોષોનું પ્રતિક્રમણ પ્રથમ શ્રમણ સૂત્રથી થાય છે.

**(૬) બીજું શ્રમણ સૂત્ર–ગોચરીચર્યા સૂત્ર :–** સાધુ ભિક્ષાચારી દ્વારા પ્રાસુક-અચેત અને નિર્દોષ આહાર મેળવે છે અને તેને અનાસક્ત ભાવે ભોગવીને પોતાનો નિર્વાહ કરે છે. જેમ ગાય ઉપર ઉપરથી ઘાસ ચરીને પોતાનો જીવન નિર્વાહ કરે છે તેમ ગૃહસ્થને ભાર ન લાગે તે રીતે અનેક ઘરમાંથી થોડો-થોડો આહાર ગ્રહણ કરીને દેહ નિર્વાહ કરવો, તે ગોચરી છે.

અહિંસા મહાવ્રતની રક્ષા માટે ગોચરી સંબંધી અનેક નિયમોપનિયમોનું કથન છે, પરંતુ પ્રમાદવશ ભિક્ષાચરીના ૪૨, ૪૭ અથવા ૯૬ દોષોમાંથી કોઈ દોષોનું સેવન થઈ ગયું હોય, તો તેની આલોચના આ સૂત્ર દ્વારા થાય છે.

આ સૂત્રમાં સંખ્યાના નિર્દેશ વિના અનેક દોષોનું સંકલન છે, જેમ કે– ઘરના બંધ દ્વાર ખોલવા, કૂતરા, વાછરડા કે બાળકનું ઉલ્લંઘન કરીને કે તેનો સંઘટ્ટો(સ્પર્શ) કરીને ઘરમાં પ્રવેશ કરવો, શંકાશીલ આહાર, પૂર્વકર્મ કે પશ્ચાત કર્મ દોષયુક્ત આહાર, ભિખારીની જેમ માંગી માંગીને આહાર લેવો વગેરે દોષો અજાણતા લાગ્યા હોય, તેની શુદ્ધિ પ્રતિક્રમણ દ્વારા થાય છે. ઈરાદાપૂર્વક જાણી જોઈને દોષોનું સેવન થયું હોય તો તેની શુદ્ધિ પ્રતિક્રમણ ઉપરાંત તપ આદિ ગુરુ પ્રદત્ત પ્રાયશ્ચિતના સ્વીકારથી થાય છે.

**(૭) ત્રીજું શ્રમણસૂત્ર–કાલ પ્રતિલેખનના સૂત્ર :–** સંયમ સમાચારીની શુદ્ધિ માટે સાધુએ **काले कालं समायरे।** યથાસમયે યથાયોગ્ય પ્રવૃત્તિ કરવી જોઈએ. દિવસ અને રાત્રિના પહેલા અને ચોથા પ્રહરમાં સ્વાધ્યાય, બીજા પ્રહરમાં ધ્યાન, સૂર્યોદય પછી અને સૂર્યાસ્ત પહેલા પોતાના ભંડોપકરણોનું વિધિપૂર્વક પ્રતિલેખન કરવાનું હોય છે. આ આવશ્યક કર્તવ્યોમાં સ્ખલના થઈ હોય અથવા પ્રતિલેખનની ક્રિયા અવિધિથી કે ઉપયોગ વિના થઈ હોય, તો તજ્જન્ય દોષોનું પ્રતિક્રમણ આ સૂત્રથી થાય છે.

**(૮) ચોથું શ્રમણસૂત્ર– અસંયમ આદિ સૂત્ર :–** આ સૂત્રમાં શ્રમણાચાર સંબંધિત અનેક વિષયોનું સંકલન છે. તેમાં એકથી તેત્રીસ બોલની અપેક્ષાએ વિષય વર્ણન છે. તેમાંથી કેટલાક બોલ જ્ઞેય-જાણવા યોગ્ય, કેટલાક બોલ હેય-ત્યાગ કરવા યોગ્ય અને કેટલાક બોલ ઉપાદેય-આરાધના કરવા યોગ્ય છે.

**(૧) જ્ઞેય–જાણવા યોગ્ય બોલ :–** છ લેશ્યા, જીવના ચૌદ ભેદ, પંદર પરમાધામી દેવો, સૂયગડાંગ સૂત્રના અધ્યયન, જ્ઞાતા સૂત્રના અધ્યયન, ત્રણ છેદ સૂત્રના ઉદ્દેશકો, બાવીસ પરીષહો, ૨૪ દેવ, ૩૧ સિદ્ધના ગુણો વગેરે બોલ જાણવા યોગ્ય છે.

**(૨) હેય–ત્યાગ કરવા યોગ્ય બોલ :–** અસંયમ, બંધન, દંડ, શલ્ય, ગર્વ, વિરાધના, કષાય, સંજ્ઞા, વિકથા, ક્રિયા, કામ ગુણ, ભય, મદ, અબ્રહ્મ, સબલ દોષ, અસમાધિ સ્થાન, પાપ સૂત્ર, મહામોહ સ્થાન, તેત્રીસ આશાતના વગેરે બોલ ત્યાગ કરવા યોગ્ય છે.

**(૩) ઉપાદેય–ગ્રહણ કરવા યોગ્ય બોલ :–** સમિતિ, ગુપ્તિ, મહાવ્રત, બ્રહ્મચર્યની વાડ, યતિધર્મ, પડિમા, ભાવના, અણગાર ગુણ, આચાર પ્રકલ્પ અને યોગ સંગ્રહ વગેરે બોલ ગ્રહણ કરવા યોગ્ય છે. ઉપરોક્ત બોલમાં જાણવા યોગ્ય બોલને જાણ્યા ન હોય, ત્યાગ કરવા યોગ્ય બોલનો ત્યાગ કર્યો ન હોય, ગ્રહણ કરવા યોગ્ય બોલને ગ્રહણ કર્યા ન હોય, તો તજ્જન્ય અતિચારોનું પ્રતિક્રમણ ચોથા શ્રમણસૂત્ર દ્વારા થાય છે.

**(૯) પાંચમું શ્રમણ સૂત્ર–પ્રતિજ્ઞા સૂત્ર :–** આ સૂત્રમાં જિનેશ્વર પ્રરૂપિત નિર્ગ્રંથ પ્રવચનનું માહાત્મ્ય; તેની શ્રદ્ધા, પ્રતીતિ આદિ તથા તેનું સર્વ દુઃખથી મુક્તિ રૂપ અંતિમ ફળ પ્રદર્શિત કર્યું છે. ત્યાર પછી અસંયમ આદિ આઠ બોલનો વિવેકપૂર્વક ત્યાગ કરીને સંયમ આદિ આઠ બોલની આરાધનાની પ્રતિજ્ઞાનું કથન છે. જે દોષોની સ્મૃતિ હોય કે સ્મૃતિ ન હોય, જે દોષોનું પ્રતિક્રમણ પૂર્વોક્ત પાઠથી થયું હોય અથવા ન થયું હોય, તે સર્વ દોષોનું સમુચ્ચય પ્રતિક્રમણ આ પાઠ દ્વારા થાય છે.

**(૧૦) ક્ષમાપના સૂત્ર–** વ્રત શુદ્ધિ માટે અતિચારોની આલોચના અને પ્રતિક્રમણની આવશ્યકતા છે, તે રીતે હૃદયની પવિત્રતા, વિશાળતા અને સમભાવની વૃદ્ધિ માટે ક્ષમાપનાનો ભાવ સાધક જીવનમાં અત્યંત જરૂરી છે, તેથી ચોથા પ્રતિક્રમણ આવશ્યકની સમાપ્તિમાં ક્ષમાપના સૂત્રનું કથન છે. જગતના સર્વ જીવો સાથેના વેર-વિરોધને ભૂલી, ક્ષમાનું આદાન-પ્રદાન કરીને, મૈત્રી ભાવને અપનાવવો, તે વીતરાગતાની પ્રાપ્તિનું અનિવાર્ય અંગ છે. સાધક સર્વ જીવો સાથે ક્ષમા યાચના તથા મૈત્રી ભાવનો સ્વીકાર કરીને, સમસ્ત દોષોની સમ્યક પ્રકારે આલોચના, નિંદા, ગર્હા પૂર્વક પ્રતિક્રમણ કરે છે. અંતે ૨૪ તીર્થંકરોને વંદન કરીને પ્રતિક્રમણ આવશ્યકને સમાપ્ત કરે છે. આવશ્યક સૂત્રમાં ચોથા પ્રતિક્રમણ આવશ્યકમાં આ દસ પાઠ જ પ્રાપ્ત થાય છે. તેમાં મહાવ્રત કે અણુવ્રત આદિનું કથન નથી. વર્તમાનકાલીન પ્રચલિત પરંપરા પ્રમાણે પ્રતિક્રમણમાં શ્રમણસૂત્ર પૂર્વે સાધુના પંચ મહાવ્રત અથવા શ્રાવકના બાર અણુવ્રત આદિનો સમાવેશ થાય છે. તે માટે જુઓ : પરિશિષ્ટ–૪–૫.

❖❖❖❖❖

# ચોથો આવશ્યક

## પ્રતિક્રમણ

## પાઠ–૧ : સામાયિક પ્રતિજ્ઞા સૂત્ર

**કરેમિ ભંતે :–**

**૧** करेमि भंते ! सामाइयं सव्वं सावज्जं जोगं पच्चक्खामि, जावज्जीवाए तिविहं तिविहेणं मणेणं वायाए काएणं ण करेमि ण कारवेमि करंतं पि अण्णं ण समणुजाणामि, तस्स भंते पडिक्कमामि णिंदामि गरिहामि अप्पाणं वोसिरामि ।

## પાઠ–૨ : માંગલિક

**ચત્તારિ મંગલં :–**

**૧** चत्तारि मंगलं-अरिहंता मंगलं, सिद्धा मंगलं, साहू मंगलं, केवलि-पण्णतो धम्मो मंगलं ।

**શબ્દાર્થ :–** **चत्तारि** – ચાર, **मंगलं** – મંગલ છે, **अरिहंता** – અરિહંત, **सिद्धा** – સિદ્ધ, **साहू** – સાધુ, **केवलि** – કેવલીનો, **पण्णतो** – પ્રરુપિત–કહેલો, **धम्मो** – ધર્મ.

**ભાવાર્થ :–** સંસારમાં ચાર મંગલ છે – અરિહંત ભગવાન મંગલ છે, સિદ્ધ ભગવાન મંગલ છે, સાધુ ભગવાન મંગલ છે, સર્વજ્ઞ કેવળી પ્રરૂપિત ધર્મ મંગલ છે.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રમાં લોકના ચાર મંગલનું કથન છે.

**મંગલ :–** આવશ્યક નિર્યુક્તિ તથા હરિભદ્ર સૂરિકૃત વ્યાખ્યામાં 'મંગલ' શબ્દની અનેક પ્રકારે વ્યુત્પત્તિઓ આપી છે.

**मंग्** – ગત્યર્થક ધાતુથી મંગલ શબ્દ બન્યો છે. ગત્યર્થક પ્રત્યેક ધાતુનો પ્રયોગ જ્ઞાન અર્થમાં અથવા પ્રાપ્તિ અર્થમાં થાય છે.

(૧) જેના વડે હિતની પ્રાપ્તિ થાય, હિત સધાય, તે મંગલ છે.

(૨) **मंग्** – ધર્મ અને **ला** – **लाति**, શ્રુત અને ચારિત્ર રૂપ ધર્મને જે લાવે, સ્વાધીન કરે, તે મંગલ છે અર્થાત્ ધર્મનું ઉપાદાન કારણ મંગલ છે.

(૩) **माम् गालयति इति मंगलः ।** મારા મમત્વ ભાવને, સંસાર ભાવને ગાળી નાંખે અર્થાત્ નાશ કરે, તે મંગલ છે.

(૪) **मङ्ग्यतेऽलङ्क्रियतेऽनेन इति मंगलम्** । જેના દ્વારા આત્મા અલંકૃત થાય, ગુણોથી શોભાયમાન થાય, તે મંગલ છે.

(૫) **मह्यते पूज्यतेऽनेन इति मंगलम्** । જેના દ્વારા આત્મા પૂજનીય બને, તે મંગલ છે.

(૬) જેના વડે વિઘ્નોને નાશ થાય, તે મંગલ છે.

આ રીતે મંગલ શબ્દના વિવિધ અર્થોથી 'મંગલ' નું સ્વરૂપ સ્પષ્ટ થાય છે. લોકના કોઈ પણ પદાર્થોમાં મંગલનો અર્થ ઘટિત થતો નથી. પ્રત્યેક પદાર્થ નાશવંત છે. પ્રત્યેક વ્યક્તિ અને તેના સંબંધો ક્ષણિક છે, તેથી તેના વડે હિતની કે ધર્મની પ્રાપ્તિ થતી નથી કે મમત્ત્વનો કે વિઘ્નોનો નાશ થતો નથી, તેથી જગતની કોઈપણ વ્યક્તિ કે પદાર્થો મંગલરૂપ બની શકતા નથી.

**મંગલના પ્રકાર :–** સાધકોએ લોકમાં મંગલ પદાર્થોની શોધ કરીને કહ્યું કે આ લોકમાં ચાર મંગલ છે. (૧) અરિહંત ભગવાન, (૨) સિદ્ધ ભગવાન, (૩) સાધુ ભગવાન અને (૪) કેવલી પ્રરૂપિત ધર્મ મંગલરૂપ છે.

મંગલ શબ્દની ઉપરોક્ત વ્યુત્પત્તિઓ અરિહંતાદિમાં યથાર્થરૂપે ઘટિત થાય છે, તેથી તે મંગલ સ્વરૂપ છે. ચાર ઘાતિ કર્મોથી મુક્ત, કેવળજ્ઞાન-કેવળદર્શનથી યુક્ત, દેવકૃત અષ્ટ પ્રાતિહાર્યરૂપ પૂજાથી પૂજનીય, ત્રૈલોક્ય વંદનીય **અરિહંત ભગવાન** મંગલ સ્વરૂપ છે. અરિહંત ભગવાન શ્રુત અને ચારિત્ર ધર્મની પ્રરૂપણા કરે છે, તેઓની આરાધનાથી ધર્મની અને આત્મહિતની પ્રાપ્તિ થાય છે, આત્મા અનેક ગુણોથી અલંકૃત થઈને સ્વયં વંદનીય અને પૂજનીય બની જાય છે, તેથી અરિહંત ભગવાન મંગલ સ્વરૂપ છે.

આઠે કર્મોથી મુક્ત, કેવળજ્ઞાન આદિ મુખ્ય આઠ ગુણોથી યુક્ત, દેહ રહિત, શુદ્ધ આત્મ સ્વરૂપમાં અનંતકાલ સુધી સ્થિત **સિદ્ધ ભગવાન** મંગલ સ્વરૂપ છે. તેઓ સાધકોના લક્ષ્યરૂપ હોવાથી સાધકો તેઓને લક્ષ્ય બનાવીને પોતાની સાધનાની સિદ્ધિ કરે છે, તેથી તેઓ મંગલરૂપ છે.

પંચ મહાવ્રતના પાલક, મોક્ષ માર્ગના આરાધક **સાધુ ભગવાન** મંગલ સ્વરૂપ છે. આચાર્ય, ઉપાધ્યાય અને સાધુ, આ ત્રણેનો સમાવેશ સાધુ પદમાં થાય છે. સાધુ ભગવંતો સ્વયં સાધના કરે છે અને ભવ્ય જીવોને પોતાની સાથે ધર્મની આરાધના કરાવે છે, તેથી તેઓ મંગલ છે.

કેવળજ્ઞાન-કેવળદર્શનના ધારક, રાગ-દ્વેષથી મુક્ત, લોકાલોકના જ્ઞાતા સર્વજ્ઞ, વીતરાગ, **કેવળી ભગવાન પ્રરૂપિત ધર્મ** મંગલ છે.

ધર્મ– **वत्थु सहावो धम्मो** । વસ્તુનો સ્વભાવ, તે ધર્મ છે. શીતળતા પાણીનો સ્વભાવ છે, ઉષ્ણતા અગ્નિનો સ્વભાવ છે, તેનો સ્વભાવ જ તેનો ધર્મ કહેવાય છે, તેમ જ્ઞાન-દર્શનરૂપ ઉપયોગ, તે આત્માનો સ્વભાવ છે, તેથી જ્ઞાન અને દર્શન તે આત્મધર્મ છે. તે આત્મધર્મની પ્રાપ્તિના ઉપાયો અહિંસા, સંયમ, તપ, જપ આદિ અનુષ્ઠાનોને પણ કારણમાં કાર્યનો ઉપચાર કરીને ધર્મ કહ્યા છે.

શ્રી હરિભદ્રસૂરિકૃત દશવૈકાલિક સૂત્રની ટીકામાં ધર્મની વ્યાખ્યા આ પ્રમાણે આપી છે– **दुर्गतौ प्रपन्तमात्मानं धारयतीति धर्मः** । દુર્ગતિમાં પડતા આત્માને ધારણ કરે, તેને દુર્ગતિમાં પડવા ન દે, ઉપર ઊઠાવી લે, તેવા અહિંસા, સંયમ અને તપની આરાધના તે ધર્મ છે.

ધર્મ એ જીવ માત્રનો સ્વભાવ છે. તે શુદ્ધ ધર્મ જ આત્માનું હિત કરી શકે છે, શુદ્ધ ધર્મ જ મંગલની કસોટીમાંથી પાર ઉતરે છે. સૂત્રકારે શુદ્ધ ધર્મની શુદ્ધતા જળવાઈ રહે, તે માટે ધર્મની સાથે **केवलि पण्णत्तो** વિશેષણ પ્રયુક્ત કર્યું છે.

રાગ-દ્વેષથી સર્વથા મુક્ત, લોકાલોકના જ્ઞાતા, વીતરાગ-સર્વજ્ઞ જ આપ્ત પુરુષ છે. તેઓ વસ્તુસ્વરૂપને યથાર્થ રીતે જાણે છે અને જે પ્રમાણે જાણે છે તે પ્રમાણે કથન કરે છે, તેથી તેમના વચનો જ સર્વગ્રાહ્ય બને છે. રાગ-દ્વેષ યુક્ત છદ્મસ્થ પુરુષો લોકાલોકના પ્રત્યક્ષ જ્ઞાતા નથી તેથી તેમના વચનો યથાર્થ હોતા નથી. યથાર્થ જ્ઞાની, યથાર્થ વચની કેવલી ભગવાન દ્વારા પ્રરૂપિત ધર્મ જ મંગલ સ્વરૂપ છે. આ ચાર મંગલમાં સર્વ મંગલોનું મૂળભૂત કારણ ધર્મ છે. અરિહંત, સિદ્ધ અને સાધુ રૂપ મંગલનું નિર્માણ ધર્મની આરાધનાથી થાય છે. આ મંગલ ચતુષ્ટયીમાં અરિહંત અને સિદ્ધ આપણા આદર્શ રૂપ છે. તેમના સ્મરણથી આપણું લક્ષ્ય નિશ્ચિત્ થાય છે, તેમને હૃદયપટ પર સ્થાપિત કરીને આપણે સાધના કરવાની છે. સાધુ આપણી સાધનાના અનુભવી સાથી અને માર્ગદર્શક છે.

સંક્ષેપમાં આ લોકમાં અરિહંત, સિદ્ધ, સાધુ અને કેવલી પ્રરૂપિત ધર્મ, આ ચારે લોકોત્તર મંગલ છે. લોકમાં મનાતા મંગલભૂત પદાર્થો શ્રીફળ, કુમકુમ, અક્ષત વગેરે વિઘ્નોનો નાશ કરવામાં કે હિતની પ્રાપ્તિ કરવામાં સમર્થ નથી, તે વાસ્તવિક મંગલ નથી.

**ચત્તારિ લોગુત્તમા :-**

**२ चत्तारि लोगुत्तमा-अरिहंता लोगुत्तमा, सिद्धा लोगुत्तमा, साहू लोगुत्तमा, केवलि-पण्णतो धम्मो लोगुत्तमो ।**

**શબ્દાર્થ :–** **लोगुत्तमा** – લોકમાં ઉત્તમ છે.

**ભાવાર્થ :–** સંસારમાં ચાર ઉત્તમ– શ્રેષ્ઠ છે. અરિહંત ભગવાન લોકમાં ઉત્તમ છે, સિદ્ધ ભગવાન લોકમાં ઉત્તમ છે, સાધુ ભગવાન લોકમાં ઉત્તમ છે, સર્વજ્ઞ-કેવળી પ્રરૂપિત ધર્મ લોકમાં ઉત્તમ છે.

**વિવેચન :-**

પ્રસ્તુત સૂત્રમાં લોકમાં રહેલા ચાર ઉત્તમનું નિરૂપણ છે.

**ઉત્તમ :–** ઉત્તમ શબ્દમાં ઉત્ ઉપસર્ગ ઊંચાઈના અર્થમાં છે અને સર્વ શ્રેષ્ઠતા સૂચક 'તમ' પ્રત્યય છે, તેથી ઉત્તમ એટલે સર્વથી ઊંચુ, સર્વ શ્રેષ્ઠ, સર્વથા અને સર્વદા ઉત્થાન તરફ લઈ જાય, એકવાર ઉત્થાન થયા પછી કદાપિ પતન ન થાય, તે ઉત્તમ છે. અરિહંત, સિદ્ધ, સાધુ અને કેવલી પ્રરૂપિત ધર્મ, આ ચાર ઉત્તમ છે.

**અરિહંત ભગવાન** ઔદયિકાદિ ભાવથી લોકમાં ઉત્તમ છે. વ્યાખ્યાકારે કહ્યું છે કે–

**अरिहंता ताव तर्हि उत्तमा हुंती उ भावलोयस्स ।**
**कम्हा ? जं सव्वासिं कम्मपयडी पसत्थाणं ।**

અરિહંત ભગવાને ચારે ઘાતિકર્મની પ્રકૃતિનો સર્વથા ક્ષય કર્યો છે અને ચાર અઘાતિ કર્મોની ઉત્કૃષ્ટ શુભ-પુણ્ય પ્રકૃતિના ઉદયને ભોગવી રહ્યા છે, તેથી તેઓ ભાવ લોકમાં સર્વશ્રેષ્ઠ અથવા સર્વોત્તમ છે.

**સિદ્ધ ભગવાન :–** ક્ષાયિક ભાવથી લોકમાં ઉત્તમ છે. તેમણે ઘાતિ-અઘાતિ આદિ આઠે કર્મનો સર્વથા નાશ કર્યો છે, તેથી તેઓ ક્ષાયિક ભાવમાં સર્વોત્તમ છે અને લોકના અગ્ર ભાગે શાશ્વતકાલ પર્યંત બિરાજમાન હોવાથી ક્ષેત્ર લોકમાં પણ ઉત્તમ છે.

**સાધુ ભગવાન :–** આચાર્ય, ઉપાધ્યાય અને સાધુ ભગવાન અરિહંત કથિત જ્ઞાન, દર્શન અને ચારિત્રની આરાધના કરતા હોવાથી ઉત્તમ છે.

**કેવલી પ્રરૂપિત ધર્મની** આરાધનાથી જ ઔદયિક, ક્ષાયોપશમિક કે ક્ષાયિક ભાવમાં ઉત્તમ ભાવોની કે અરિહંત આદિ પૂર્વોક્ત ત્રણે પદની પ્રાપ્તિ થાય છે, તેથી કેવલી પ્રરૂપિત ધર્મ પણ ભાવ લોકમાં ઉત્તમ છે.

**ચત્તારિ શરણં :–**

**३ चत्तारि सरणं पवज्जामि- अरिहंते सरणं पवज्जामि, सिद्धे सरणं पवज्जामि, साहू सरणं पवज्जामि, केवलि पण्णत्तं धम्मं सरणं पवज्जामि ।**

**શબ્દાર્થ :–** **चत्तारि** – ચારનું, **सरणं** – શરણ, **पवज्जामि** – સ્વીકારું છું, **अरिहंते** – અરિહંતોનું, **सिद्धे** – સિદ્ધોનું, **साहू** – સાધુઓનું, **केवलि** – કેવળીએ, **पण्णत्तं** – કહેલા, **धम्मं** – ધર્મનું.

**ભાવાર્થ :–**ચાર શરણ સ્વીકારું છું. અરિહંતોનું શરણ સ્વીકારું છું, સિદ્ધોનું શરણ સ્વીકારું છું, સાધુઓનું શરણ સ્વીકારું છું, સર્વજ્ઞ પ્રરૂપિત ધર્મનું શરણ સ્વીકારું છું.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રમાં ચાર પ્રકારના શરણનું પ્રતિપાદન છે.

**सरणं पवज्जामि– शरणं प्रपद्ये–आश्रयं गच्छामि ।** શરણ સ્વીકારવું અર્થાત્ તેના આશ્રયે જવું, આશ્રયનો સ્વીકાર કરવો. જેમ વિશાળ સમુદ્રમાં ઘૂઘવતા મોજાઓમાં ડૂબતા માનવ માટે દ્વીપ આશ્રયભૂત છે. દ્વીપનો આશ્રય પામીને માનવ સમુદ્રના ભયથી નિશ્ચિંત બની જાય છે. તે જ રીતે ઘોર સંસાર સાગરમાં, ચાર ગતિના વમળમાં ફસાયેલા જીવોને માટે અરિહંત ભગવાન, સિદ્ધ ભગવાન વગેરે આશ્રય સ્થાન રૂપ છે, તેનું શરણ સ્વીકારી જીવ સર્વ પ્રકારના ભયથી મુક્ત થઈ જાય છે.

**શરણના પ્રકાર–** વિશ્વના કોઈ પણ ભૌતિક પદાર્થો જીવના શરણ રૂપ થઈ શકતા નથી કારણ કે સર્વ પદાર્થો ક્ષણિક અને નાશવંત છે. જીવ સાથે તે પદાર્થોનો સંબંધ પણ કર્મના ઉદય પ્રમાણે જ રહે છે, કોઈ પણ પદાર્થ જીવ સાથે કાયમ રહેતો નથી. વ્યક્તિના સંબંધો પણ કર્મજન્ય છે, સંબંધો સદા માટે એક સમાન હોતા નથી. પ્રત્યેક જીવ પોત-પોતાના કર્મ પ્રમાણે જીવે છે, કોઈ જીવ કોઈને દુઃખથી મુક્ત કરી શકતા નથી કે કોઈ જીવ કોઈને સુખી કરી શકતા નથી. સંસારી જીવો કે ભૌતિક પદાર્થો સ્વયં અશરણભૂત હોવાથી અન્યને શરણરૂપ બની શકતા નથી. સ્વયં ડૂબતી વ્યક્તિ બીજાને તારી શકતી નથી.

શ્રી ઉત્તરાધ્યયન સૂત્રમાં **धम्मो दीवो पइट्ठा णं** (અધ્ય. ૨૩) સંસાર સમુદ્રમાં ડૂબતા જીવોને માટે ધર્મને દ્વીપની ઉપમા આપીને ધર્મને જ આધારભૂત–શરણભૂત કહ્યો છે. કેવળી પ્રરૂપિત ધર્મનો આશ્રય લેનાર વ્યક્તિ સંસાર સમુદ્રને પાર કરી શકે છે, તેથી તે શરણભૂત છે.

શુદ્ધ ધર્મની પ્રરૂપણા કરનાર **અરિહંત ભગવાન**, તે ધર્મના આધારે સંસાર સમુદ્રને પાર કરીને શાશ્વત સ્થાન પ્રાપ્ત કરનારા **સિદ્ધ ભગવાન** અને તે ધર્મના માર્ગે પુરુષાર્થ કરનારા અને અનેક ભવી જીવોને પણ સન્માર્ગનું દર્શન કરાવનારા સાધુ ભગવાન અને સ્વયં મોક્ષ માર્ગ રૂપ ધર્મ શરણભૂત છે. આ રીતે આ લોકમાં અરિહંત, સિદ્ધ, સાધુ અને કેવલી પ્રરૂપિત ધર્મ જ શરણભૂત છે.

ચારે ય ઉત્તમોનું શરણ સ્વીકારવાથી અજ્ઞાન દૂર થાય, જ્ઞાન જાગૃત થાય, સ્વયંની રક્ષા કરવામાં અને પોતાના ભાગ્યનું નિર્માણ કરવામાં સાધક સમર્થ બની જાય છે. ઉત્તમ વ્યક્તિનું શરણ સ્વીકારવાથી

તેમની ઉર્જા-પ્રકાશ પ્રાપ્ત થાય છે, પોતાનું ભાન થાય છે, આધ્યાત્મિક દરિદ્રતા દૂર થાય અને આત્મિક ઐશ્વર્યની જ્યોતિ પ્રજ્વલિત થાય છે.

જેમ ધનની ઈચ્છુક વ્યક્તિઓ ધનિકોનો આશ્રય સ્વીકારે છે, વિદ્યાની ઈચ્છુક વ્યક્તિઓ વિદ્વાનનો, બળની ઈચ્છુક વ્યક્તિ બળવાનનો આશ્રય સ્વીકારે છે. તે જ રીતે સંસાર સમુદ્રને પાર પામવાના, મોક્ષના શાશ્વતા સુખને પ્રાપ્ત કરવાના ઈચ્છુક સાધકો અરિહંત આદિ ચાર શરણભૂત વ્યક્તિનું શરણ સ્વીકારે છે અર્થાત્ તેમની આજ્ઞાનો સ્વીકાર કરે છે. ભક્તિ કરીને તેમની સાથે અનુસંધાન કરે છે.

પ્રતિક્રમણ આવશ્યકના પ્રારંભમાં આ મંગલ, ઉત્તમ અને શરણના પાઠથી સાધક શાંત ભાવે પોતાનું મન દઢ, નિશ્ચલ, સરસ અને શ્રદ્ધાળુ બનાવે છે, સાધકના સર્વ વિઘ્નો ઉપશાંત થાય છે. પ્રતિક્રમણ કરવા ઈચ્છુક સાધકની આધ્યાત્મિક ભૂમિકા તૈયાર કરવા માટે જ સૂત્રકારે પ્રારંભમાં મંગલ આદિનું પ્રતિપાદન કર્યું છે.

## પાઠ–૩ : સંક્ષિપ્ત પ્રતિક્રમણ સૂત્ર

**ઈચ્છામિ પડિક્કમિઉં :-**

**१ इच्छामि पडिक्कमिउं (ठामि काउस्सग्गं) जो मे देवसिओ अइयारो कओ, काइओ, वाइओ, माणसिओ, उस्सुत्तो, उम्मग्गो, अकप्पो, अकरणिज्जो, दुज्झाओ, दुव्विचिंतिओ, अणायारो, अणिच्छियव्वो, असमण पाउग्गो, णाणे तह दंसणे चरित्ते सुए सामाइए; तिण्हं गुत्तीणं, चउण्हं कसायाणं, पंचण्हं महव्वयाणं, छण्हं जीवणिकायाणं, सत्तण्हं पिंडेसणाणं, अट्ठण्हं पवयणमाउणं, णवण्हं बंभचेरगुत्तीणं, दसविहे समणधम्मे समणाणं जोगाणं, जं खंडियं जं विराहियं तस्स मिच्छा मि दुक्कडं !**

**શબ્દાર્થ :–** **इच्छामि** – ઈચ્છું છું, **पडिक्कमिउं** – પ્રતિક્રમણ કરવા, (**ठामि काउस्सग्गं** – કાર્યોત્સર્ગ માટે સ્થિર થાઉં છું), **जो** – જે **मे** – મેં, **देवसिओ** – દિવસ સંબંધી, **अइयारो** – અતિચાર, **कओ** – કર્યા હોય, **काइओ** – કાયા સંબંધી, **वाइओ** – વચન સંબંધી, **माणसिओ** – મન–સંબંધી, **उस्सुत्तो** – સૂત્ર વિરુદ્ધ, **उम्मग्गो** – માર્ગ વિરુદ્ધ, **अकप्पो** – આચાર વિરુદ્ધ, **अकरणिज्जो** – ન કરવા યોગ્ય, **दुज्झाओ** – દુર્ધ્યાનરૂપ, **दुव्विचिंतिओ** – દુશ્ચિન્તનરૂપ, **अणायारो** – ન આચરવા યોગ્ય, **अणिच्छियव्वो** – ન ઈચ્છવા યોગ્ય, **असमणपाउग्गो** – સાધુને અનુચિત, **णाणे** – જ્ઞાનમાં, **तह** – તથા, **दंसणे** – દર્શનમાં, **चरित्ते** – ચારિત્રમાં, **सुए** – શ્રુત જ્ઞાનમાં, **सामाइए** – સામાયિક ચારિત્રમાં, **तिण्हं** – ત્રણ, **गुत्तीणं** – ગુપ્તિઓની, **चउण्हं** – ચાર, **कसायाणं** – કષાયોની નિવૃત્તિની, **पंचण्हं** – પાંચ, **महव्वयाणं** – મહાવ્રતોની, **छण्हं** – છ, **जीवनिकायाणं** – જીવનિકાયોની, **सत्तण्हं** – સાત, **पिंडेसणाणं** – પિંડૈષણાની, **अठण्हं** – આઠ, **पवयणमाउणं** – પ્રવચન માતાઓની, **णवण्हं** – નવ, **बंभचेरगुत्तीणं** – બ્રહ્મચર્ય ગુપ્તિઓની, **दसविहे** – દશ વિધ, **समणधम्मे** – સાધુ ધર્મ સંબંધિત, **समणाणं** – સાધુના, **जोगाणं** – કર્તવ્યોની, **जं** – જે, **खंडियं** – ખંડના કરી હોય, **जं** – જે **विराहियं** – વિરાધના કરી હોય, **तस्स** – તેના, **दुक्कडं** – પાપ, **मि** – મારા માટે, **मिच्छा** – મિથ્યા થાઓ.

**ભાવાર્થ :–**હું પ્રતિક્રમણ કરવા ઈચ્છું છું. જ્ઞાન, દર્શન, ચારિત્રમાં અર્થાત્ શ્રુતધર્મ અને સામાયિક ચારિત્ર ધર્મના વિષયમાં, મેં જે દિવસ દરમ્યાન કાયિક, વાચિક તથા માનસિક અતિચાર અર્થાત્ અપરાધ કર્યા હોય; તેનું પાપ મારા માટે નિષ્ફળ થાઓ.

તે અતિચારો આ પ્રમાણે છે– સૂત્ર વિરુદ્ધ પ્રવૃત્તિ, માર્ગ વિરુદ્ધ પ્રવૃત્તિ, કલ્પ-આચાર મર્યાદાનું ઉલ્લંઘન, ન કરવા યોગ્ય કૃત્યનું આચરણ, આર્તધ્યાન, રૌદ્રધ્યાન રૂપ દુર્ધ્યાન, ચિત્તની ચંચળતાથી દુષ્ટ ચિંતન, ન આચરવા યોગ્ય અનાચારોનું, અનીચ્છનીય કૃત્યોનું સેવન વગેરે શ્રમણોને ન કરવા યોગ્ય કાર્યો અતિચાર રૂપ છે.

ત્રણ ગુપ્તિ, ચાર કષાયોની નિવૃત્તિ, પાંચ મહાવ્રત, છ જીવનિકાયોની રક્ષા, સાત પિંડૈષણા, આઠ પ્રવચન માતા, નવ બ્રહ્મચર્ય ગુપ્તિ, દશવિધ શ્રમણ ધર્મમાં શ્રમણ સંબંધી કર્તવ્ય આદિ ખંડિત થયા હોય, વિરાધિત થયા હોય, તો તે બધા પાપ મારા માટે નિષ્ફળ થાઓ.

**વિવેચન :–**

આ પાઠ સંક્ષિપ્ત પ્રતિક્રમણ રૂપ છે. સાધક આત્મવિશુદ્ધિના લક્ષે જિનેશ્વર કથિત માર્ગ પર દઢ તમ શ્રદ્ધા કરીને, તે માર્ગને યથાર્થ રૂપે જાણીને પાંચ મહાવ્રત, પાંચ સમિતિ અને ત્રણ ગુપ્તિનું અર્થાત્ સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ ચારિત્રનું પાલન કરે છે.

સાધક જ્યાં સુધી પૂર્ણતાને કે કેવળી અવસ્થાને પ્રાપ્ત ન થાય, ત્યાં સુધી તેના જીવનમાં પાપ-દોષ સેવનની સંભાવના છે, તેથી સાધકે વારંવાર પોતાના કૃત્યોનું નિરીક્ષણ કરીને ગુરુ સમક્ષ તેનું પ્રતિક્રમણ કરવાનું હોય છે.

**इच्छामि पडिक्कमिउं.....** હે ગુરુદેવ ! ગ્રહણ કરેલા વ્રતમાં દિવસ દરમ્યાન કોઈ અતિચારનું સેવન થયું હોય, સંયમ મર્યાદાનું ઉલ્લંઘન કર્યું હોય, તો આપની સમક્ષ પ્રતિક્રમણ કરવાની ઈચ્છા રાખું છું.

**काइओ, वाइओ, माणसिओ......** મનુષ્ય પાસે પાપ સેવન કરવાના ત્રણ સાધન છે. મન, વચન અને કાયા. ત્રણે સાધનોનો જો સન્માર્ગે પ્રયોગ થાય, તો તે સાધનાના સાધન બને છે અને ઉન્માર્ગે પ્રયોગ થાય, તો તે કર્મબંધનના સાધન બને છે તેથી સાધકે તે ત્રણે સાધનની પ્રવૃત્તિઓ તરફ સતત સાવધાન રહેવાનું છે. મન, વચન કે કાયાથી કોઈ અતિચારનું સેવન થયું હોય, તો તેનું ચિંતન કરવાનું છે.

હવે પછીના પાઠમાં વિવિધ પ્રકારના અતિચારોનું કથન છે.

**उस्सुत्तो– उर्ध्व सूत्रादुत्सूत्र सूत्रानुक्त इत्यर्थः** । સૂત્ર– આગમથી વિરુદ્ધ પ્રરૂપણા કરવી તે ઉત્સૂત્ર છે. **अर्थ सूचनात् सूत्रम्** । અર્થની સૂચના કરે, તે સૂત્ર છે. આગમના પાઠો અર્થને પ્રગટ કરતા હોવાથી, તે સૂત્ર કહેવાય છે. સૂત્રમાં સાધુ સમાચારીનું, સંયમી જીવનની મર્યાદાઓનું કથન છે. સાધુ સંયમનો સ્વીકાર કરે, વ્રત ધારણ કરે ત્યારથી તે મર્યાદાઓનું પાલન કરવા માટે પ્રતિજ્ઞાબદ્ધ હોય છે પરંતુ તથાપ્રકારના કર્મના ઉદયને આધીન બનીને સૂત્ર વિરુદ્ધ પ્રરૂપણા કરે અથવા સૂત્ર વિરુદ્ધ આચરણ કરે, તો તે અતિચાર દોષ છે.

**उम्मग्गो– ઉન્માર્ગ :–** (૧) માર્ગ વિરુદ્ધ આચરણ કરવું. હરિભદ્રસૂરિ આદિ પ્રાચીન ટીકાકારો ક્ષાયોપશમિક ભાવને સાધકોનો માર્ગ કહે છે અને ક્ષાયોપશમિક ભાવથી ઔદયિક ભાવમાં સંક્રમણ કરવું,

તેને ઉન્માર્ગ કહે છે. ચારિત્રાવરણ કર્મનો ક્ષયોપશમ થાય ત્યારે ચારિત્રનો આવિર્ભાવ થાય છે અને ચારિત્રાવરણ કર્મનો ઉદય થાય ત્યારે ચારિત્રનો ઘાત થાય છે અને સાધકનું ઉન્માર્ગે ગમન થાય છે, તેથી સાધકે પ્રતિક્ષણ ઉદયભાવથી ક્ષાયોપશમિક ભાવમાં સંચરણ કરતાં રહેવું જોઈએ.

(૨) પરંપરા અનુસાર આચરણ તે માર્ગ અને પરંપરા વિરુદ્ધ આચરણ, તે ઉન્માર્ગ છે. પૂર્વકાલીન ત્યાગી પુરુષો દ્વારા ચાલ્યો આવતો પવિત્ર કર્તવ્ય પ્રવાહ 'માર્ગ' કહેવાય છે. તે માર્ગનું–પરંપરાનું ઉલ્લંઘન કરવું, તે પણ ઉન્માર્ગ છે.

(૩) ઉત્તરાધ્યયન સૂત્રના અઠ્ઠાવીસમા અધ્યયન અનુસાર જ્ઞાન, દર્શન, ચારિત્ર અને તપની આરાધના, મોક્ષ માર્ગ છે અને તેની વિરાધના કરી, તે ઉન્માર્ગ છે.

**अकप्पो–અકલ્પ :–** ચરણ અને કરણ રુપ ધર્મના આચરણને કલ્પ કહે છે. પ્રતિદિન નિરંતર જેનું આચરણ કરાય, તે **ચરણ** છે. તેના ૭૦ ભેદ છે. પાંચ મહાવ્રત, ક્ષમાદિ દશ યતિધર્મ, સત્તર પ્રકારનો સંયમ, દશ પ્રકારની વૈયાવચ્ચ, નવ બ્રહ્મચર્યની ગુપ્તિ, રત્નત્રયની આરાધના, બાર પ્રકારનું તપ, ચાર કષાયનો નિગ્રહ, આ ૭૦ ભેદના આચરણને **ચરણસિત્તરી** કહે છે. વિશેષ પ્રયોજન હોય, ત્યારે જેનું આચરણ કરાય, તે કરણ છે, તેના ૭૦ ભેદ છે. અશનાદિ ચાર પ્રકારની પિંડવિશુદ્ધિ, પાંચ સમિતિ, ત્રણ ગુપ્તિ, બાર ભાવના, બાર ભિક્ષુની પડિમા, પાંચ પ્રકારનો ઇન્દ્રિયનિરોધ, પચીસ પ્રકારની પ્રતિલેખના, દ્રવ્ય, ક્ષેત્ર, કાલ અને ભાવથી ચાર પ્રકારના અભિગ્રહ, આ ૭૦ ભેદના આચરણને **કરણ સિત્તરી** કહે છે. આ ચરણ સિત્તરી અને કરણ સિત્તરીનું પાલન કરવું, તે સાધુઓનો કલ્પ-આચાર છે, તે કલ્પનું ઉલ્લંઘન કરવું, તે અકલ્પ છે. અથવા સાધુ-સાધ્વી માટે બતાવેલા દશ કલ્પનું ઉલ્લંઘન કરવું, તે અકલ્પ છે.

**अकरणिज्जो**– અકરણીય કૃત્યનું આચરણ કર્યું હોય, સાધુને આચરણ કરવા યોગ્ય ન હોય, તેવી પાપપ્રવૃત્તિનું સેવન કરવું, તે અકરણીય છે. **अकप्पो** માં કરવા યોગ્ય સાધુ ધર્મનું પાલન ન કર્યું હોવાથી, તે અતિચાર રૂપ છે અને **अकरणिज्जो** માં ન કરવા યોગ્ય પ્રવૃત્તિનું આચરણ કર્યું હોવાથી, તે અતિચાર રૂપ છે.

આ રીતે **उस्सुत्तो**– સૂત્ર વિરુદ્ધ પ્રવૃત્તિ, **उमग्गो**– માર્ગનું ઉલ્લંઘન, **अकप्पो**– કલ્પ-આચારનું યથાવત્ પાલન ન કરવું અને **अकरणिज्जो**– ન કરવા યોગ્ય પ્રવૃત્તિનું આચરણ કરવું, તે ચારે અતિચારમાં વચન અને કાયયોગની પ્રધાનતા છે. **दुज्झाओ** અને **दुव्विचिंतिओ**માં મનોયોગની પ્રધાનતા છે.

**दुज्झाओ**– દુર્ધ્યાન કર્યું હોય, ચાર પ્રકારના ધ્યાનમાં આર્તધ્યાન અને રૌદ્રધ્યાન, આ બે પ્રકારના ધ્યાન, દુર્ધ્યાન છે. ઈષ્ટ સંયોગની પ્રાપ્તિ માટે અથવા અનિષ્ટ સંયોગને દૂર કરવા માટે, દુઃખ કે ખેદજનક ચિંતનને **આર્તધ્યાન** કહે છે અને હિંસા, અસત્ય, ચોરી આદિના અત્યંત ક્રૂર પરિણામોને **રૌદ્રધ્યાન** કહે છે. સાધકનો સમગ્ર પુરુષાર્થ આત્મ સ્વભાવમાં સ્થિત થવાનો હોય છે, તેમ છતાં પરિસ્થિતિવશ છદ્મસ્થ દશાના કારણે આર્તધ્યાન કે રૌદ્રધ્યાનના પરિણામો આવ્યા હોય અને માનસિક અતિચારનું સેવન થઈ ગયું હોય, તો તેનું પ્રતિક્રમણ કરવું જોઈએ.

**दुव्विचिंतिओ**– દુષ્ટ ચિંતન કર્યું હોય, ચિત્તની ચંચળતાથી કે અસાવધાનીથી વસ્તુના યથાર્થ સ્વરૂપનું ચિંતન કર્યું ન હોય. દુર્ધ્યાનમાં કષાયયુક્ત પરિણામોની મુખ્યતા અને દુષ્ટ ચિંતનમાં ચંચળ ચિત્તની મુખ્યતા છે.

**अणायारो**– અનાચારનું સેવન કર્યું હોય, સાધુધર્મથી ચલિત થવું, તે અનાચાર છે. **अणिच्छियव्वो** મનથી પણ જેની ઇચ્છા કરવી યોગ્ય નથી, તે અનીચ્છનીય કહેવાય છે. જે આચરણ શ્રમણોને ઇચ્છવા યોગ્ય પણ ન હોય તેવા આચારનું આચરણ કર્યું હોય.

**णाणे तह दंसणे चरित्ते– જ્ઞાન, દર્શન, ચારિત્ર :–** અહીં જ્ઞાનથી સમ્યગ્જ્ઞાનનું ગ્રહણ છે અને દર્શન તથા ચારિત્રથી સમ્યગ્દર્શન અને સમ્યક્ચારિત્રનું ગ્રહણ થાય છે. આ જૈન ધર્મનો રત્નત્રય રૂપ મોક્ષમાર્ગ છે. સૂત્રપાઠમાં સમ્યગ્ શબ્દનો ઉલ્લેખ નથી, પરંતુ અહીં શ્રમણોના પ્રતિક્રમણનો પ્રસંગ હોવાથી મોક્ષમાર્ગના અંગભૂત સમ્યગ્દર્શનાદિ રત્નત્રયીનું જ ગ્રહણ થાય છે.

**सुए–શ્રુત :–** શ્રુતનો અર્થ શ્રુતજ્ઞાન છે. વીતરાગ તીર્થંકર દેવના ઉપદેશ શ્રવણથી પ્રાપ્ત થયેલા આગમ સાહિત્યને શ્રુત કહે છે. આગમ સાહિત્ય લિપિબદ્ધ થયા તે પૂર્વે ગુરુ-શિષ્યની શ્રુતિ પરંપરાથી જ આ સાહિત્ય સુરક્ષિત રહ્યું હતું, તેથી તે શ્રુત કહેવાય છે અથવા શ્રુત શબ્દથી શ્રુતજ્ઞાન અને ઉપલક્ષણથી અન્ય જ્ઞાનનું પણ ગ્રહણ થાય છે. શ્રુત-આગમ સાહિત્યની શ્રદ્ધા અને પ્રરૂપણા યથાર્થ ન હોવી અથવા અકાલે સ્વાધ્યાય કરવો. તે તેના અતિચારરૂપ છે.

**सामाइए.....** છકાય જીવોની રક્ષારૂપ સામાયિક ચારિત્ર, પાંચ સમિતિ અને ત્રણ ગુપ્તિ રૂપ અષ્ટ પ્રવચન માતા, સાત પ્રકારની પિંડૈષણા, નવ પ્રકારની બ્રહ્મચર્યની વાડ કે દશ પ્રકારના શ્રમણ ધર્મરૂપ સામાયિક ચારિત્રનું યથાર્થ રૂપે પાલન ન થયું હોય, અતિચારનું સેવન થયું હોય, કષાયના ઉદયને આધીન બન્યા હોય, તો તેનું પ્રતિક્રણ કરવાનું છે.

**तिण्हं गुत्तिणं–** યોગની શુભાશુભ બંને પ્રકારની પ્રવૃત્તિઓને રોકવી, તે ગુપ્તિ છે. ત્રણ યોગના ભેદથી તેના ત્રણ ભેદ છે. મનગુપ્તિ, વચનગુપ્તિ અને કાયગુપ્તિ. ગુપ્તિના પાલનથી યૌગિક પ્રવૃત્તિ દૂર થાય અને આત્મા પોતાના જ્ઞાન–દર્શનરૂપ ઉપયોગમાં સ્થિર થઈ શકે છે.

**चउण्हं कसायाणं–** જીવનું સંસાર પરિભ્રમણ વધારે, તે કષાય કહેવાય છે. ક્રોધ, માન, માયા અને લોભ, આ ચાર તેના પ્રકાર છે.

**पंचण्हं महव्वयाणं–** પાંચ મહાવ્રત. અહિંસા, સત્ય, અચૌર્ય, બ્રહ્મચર્ય અને અપરિગ્રહ વ્રતનું જીવન પર્યંત નવકોટિએ પાલન કરવું, તે પાંચ મહાવ્રત છે.

**छण्हं जीवणिकायाणं–** પૃથ્વી, પાણી, અગ્નિ, વાયુ, વનસ્પતિ અને બેઈન્દ્રિયાદિ ત્રસકાય, આ છ પ્રકારના સંસારના સમસ્ત જીવોની દયા પાળવી, તે જીવોને અભયદાન આપવું તે શ્રમણધર્મ છે. તે જીવોની દયા પાળવામાં પ્રમાદનું સેવન કરીને ઉપેક્ષા રાખવી, તે શ્રમણ ધર્મનું ઉલ્લંઘન છે.

**सत्तण्हं पिंडेसणाणं–** સાત-સાત પ્રકારની પિંડૈષણા. **પિંડૈષણા–** પિંડ – આહાર, એષણા – અન્વેષણ. સાધુના આહાર અન્વેષણ સંબંધી કે આહાર ગ્રહણ સંબંધી વિવિધ અભિગ્રહોને અહીં પિંડૈષણા કહી છે, તે સાત પ્રકારની છે–

**(૧) અસંસૃષ્ટા–** હાથ અથવા પાત્ર ખાદ્ય પદાર્થોથી લિપ્ત-લેપાયેલા ન હોય, તેવા દાતા પાસેથી આહાર ગ્રહણ કરવાનો સંકલ્પ કરવો, તે અસંસૃષ્ટા પિંડૈષણા છે. જેમ કે– શાક વહોરાવવાનો ચમચો શાકવાળો ન હોય, તો તે ચમચાથી શાક લેવાનો સંકલ્પ કરવો.

**(૨) સંસૃષ્ટા–** હાથ અથવા પાત્ર ખાદ્ય પદાર્થોથી લિપ્ત-લેપાયેલા હોય, તેવા દાતા પાસેથી આહાર ગ્રહણ કરવાનો સંકલ્પ કરવો, તે સંસૃષ્ટા પિંડૈષણા છે. જેમ કે– શાક વહોરાવવાનો ચમચો શાકવાળો હોય, તો તેવા ચમચાથી જ શાક લેવાનો સંકલ્પ કરવો.

**(૩) ઉદ્ધૃતા–** ગૃહસ્થે જેમાં રસોઈ બનાવી હોય, તે વાસણમાંથી અન્ય વાસણમાં ભોજન કાઢીને રાખ્યું હોય, તે લેવું.

**(૪) અલ્પલેપા–** જે પદાર્થનો લેપ પાત્રને કે હાથને ન લાગ્યો હોય, જે પદાર્થો વહોરાવવાથી દાતાને હાથ કે પાત્રને ધોવાની જરૂર ન પડે, તે આહાર લેતાં, વાપરતાં સાધુના હાથ કે પાત્ર લિપ્ત ન થાય અને તેને ધોવાની જરૂર ન પડે તેવા મમરા, પૌંવા, ધાણી, ખાખરા વગેરે પદાર્થો ગ્રહણ કરવાનો સંકલ્પ કરવો, તે અલ્પલેપા પિંડૈષણા છે.

**(૫) અવગ્રહિતા–** ગ્રહણ કરેલો. ગૃહસ્થે પીરસવા માટે આહારને વાસણોમાં કાઢીને રાખ્યો હોય અને તે આહારથી હાથ કે પાત્રમાં લેપ લાગે તેવો હોય, જેમ કે– દાળ, શાક વગેરે પદાર્થોને ગ્રહણ કરવાનો સંકલ્પ કરવો, તે અવગ્રહિત પિંડૈષણા છે.

**(૬) પ્રગૃહિતા–** વિશેષ પ્રકારે ગ્રહણ કરેલો. ગૃહસ્થે પોતાના ભોજન માટે કે અન્યના ભોજન માટે થાળીમાં આહાર પીરસ્યો હોય, પરંતુ હજુ જમ્યા ન હોય, તે આહાર દાતાના હાથમાં હોય કે થાળી આદિ વાસણમાં હોય તેવા દાતા પાસેથી આહાર ગ્રહણ કરવાનો સંકલ્પ કરવો, તે પ્રગૃહીત પિંડૈષણા છે.

**(૭) ઉજ્ઝિતધર્મા–** ઘરના લોકો જમી લે ત્યાર પછી અનુપયોગી તેમજ જે પદાર્થને અન્ય પશુ-પક્ષીઓ કે યાચકો, સંન્યાસીઓ આદિ ગ્રહણ કરવાની ઈચ્છા કરતા ન હોય, તેવા પ્રકારના અર્થાત્ બીજાઓ દ્વારા અનિચ્છનીય આહાર ગ્રહણ કરવાનો સંકલ્પ કરવો, તે ઉજ્ઝિતધર્મા પિંડૈષણા છે.

**अट्ठण्हं पवयणमाउणं–** માતા જેમ બાળકનું પાલન-પોષણ કરે છે, બાળકની રક્ષા કરે છે તેમ પાંચ સમિતિ અને ત્રણ ગુપ્તિ સાધકના સંયમ જીવનની રક્ષા કરે છે, સંયમ જીવનને પુષ્ટ કરે છે, તેથી જિન પ્રવચનમાં તે માતાનું સ્થાન ધરાવે છે. આગમકારોએ તેને માતાની ઉપમા આપી છે.

**પાંચ સમિતિ :–** (૧) જીવરક્ષાની ભાવનાથી, આગમોક્ત વિધિ પ્રમાણે ઉપયોગ પૂર્વક ચાલવું, તે **ઈર્યાસમિતિ** છે, (૨) આવશ્યકતા હોય, ત્યારે નિરવદ્ય ભાષાનો પ્રયોગ કરવો, તે **ભાષાસમિતિ છે,** (૩) પ્રાસુક અને નિર્દોષ આહાર પાણી ગ્રહણ કરવા અને તેને અનાસક્તભાવે ભોગવવા, તે **એષણા સમિતિ** છે, (૪) પોતાની ઉપધિનું પ્રતિલેખન અને પ્રમાર્જન કરવું, તેને વ્યવસ્થિત રાખવા, તે **આયણ ભંડ મત્ત નિક્ખેવણિયા સમિતિ** છે, (૫) મળ-મૂત્ર આદિ પરઠવા યોગ્ય પદાર્થોને નિર્દોષ ભૂમિમાં નિર્દોષ રીતે પરઠવા, તે **ઉચ્ચાર પાસવણ ખેલ જલ્લ સિંઘાણ પરિઠાવણિયા** સમિતિ છે.

**ત્રણ ગુપ્તિ–** મનગુપ્તિ, વચનગુપ્તિ અને કાયગુપ્તિ. અષ્ટ પ્રવચન માતાના વિસ્તૃત વિવેચન માટે જુઓ શ્રી ઉત્તરાધ્યયન સૂત્ર અધ્યયન–૨૪.

**णवण्हं बंभचेरगुत्तीणं–** બ્રહ્મચર્યની નવ પ્રકારની ગુપ્તિ. બ્રહ્મચર્ય મહાવ્રતની રક્ષા માટે શ્રી ઉત્તરાધ્યયન સૂત્રના સોળમા અધ્યયનમાં બ્રહ્મચારી સાધુઓને માટે નવ પ્રકારના નિયમોનું કથન છે. તે બ્રહ્મચર્યની નવ ગુપ્તિ કહેવાય છે.

**(૧) વિવિક્ત શયનાસન સેવન :–** સ્ત્રી, પશુ અને નપુંસકોથી યુક્ત સ્થાનમાં રહેવું નહીં, (૨) **સ્ત્રી કથા પરિહાર–** સ્ત્રીઓની વિષયવર્ધક કથા, વાર્તા કહેવી નહીં, (૩) **નિષદ્યાનુપવશન–** સ્ત્રીઓ સાથે એક આસને બેસવું નહીં અથવા સ્ત્રીના આસન પરથી સ્ત્રી ઊઠી ગયા પછી એક મુહૂર્ત સુધી બેસવું નહીં, (૪) **સ્ત્રી અંગોપાંગ દર્શન ત્યાગ–** સ્ત્રીના અંગોપાંગ વિષય બુદ્ધિથી નિરખવા નહીં, (૫) **કુડ્યાંતર શબ્દ શ્રવણાદિ વર્જન–** ભીંતના આંતરે રહીને સ્ત્રીઓના વિલાસજન્ય શબ્દાદિ સાંભળવા નહીં, (૬) **પૂર્વ ભોગ સ્મરણ ત્યાગ–** પૂર્વે ભોગવેલા કામભોગનું સ્મરણ કરવું નહીં, (૭) **પ્રણિત**

**ભોજન ત્યાગ–** વિકારજનક ગરિષ્ટ ભોજન કરવું નહીં, (૮) **અતિમાત્ર ભોજનનો ત્યાગ–** પ્રમાણથી અધિક આહાર કરવો નહીં, (૯) **વિભૂષા પરિવર્જન–** શરીર પર શોભા–વિભૂષા કરવી નહીં.

**दसविहे समणधम्मे–** દશ પ્રકારના શ્રમણ ધર્મ. (૧) ક્ષાંતિ– ક્ષમા, (૨) માર્દવ– મૃદુતા, નિરહંકારીપણું, (૩) આર્જવ–સરળતા, (૪) મુક્તિ–નિર્લોભતા, (૫) તપ– બાર પ્રકારના તપ, (૬) સત્ય, (૭) સંયમ, (૮) શૌચ–પવિત્રતા, નિર્દોષ સંયમનું પાલન, (૯) અકિંચન્ય–નિષ્પરિગ્રહતા, (૧૦) બ્રહ્મચર્ય.

**समणाणं जोगाणं–** શ્રમણ યોગ. ત્રણ ગુપ્તિથી લઈને દશ પ્રકારના શ્રમણ ધર્મનું પાલન કરવું, તે શ્રમણોના કર્તવ્યો છે. તે કર્તવ્યો યથાર્થ રૂપે જાણીને, સમજીને તેનું યથાર્થ પાલન કરવું, યોગ્ય સમયે તેની યથાર્થ પ્રરૂપણા કરવી, તે શ્રમણયોગ છે.

**जं खंडियं जं विराहियं–** શ્રમણ યોગની ખંડના કે વિરાધના કરી હોય, સમ્યક્ત્વ– **श्रद्धानप्ररूपणा–लक्षणानां यत् खण्डितं देशतो भग्नं यद्विराधितं सुतरां भग्नं, न पुनरेकान्ततोऽभावमापादित्तं ।**

વ્રતની શ્રદ્ધા, પ્રરૂપણા અને સ્પર્શનાનો એક દેશથી ભંગ થાય તે ખંડના અને અનેકાંશથી ભંગ થાય, તે વિરાધના છે. વિરાધનામાં અનેકાંશથી વ્રતનો ભંગ થવા છતાં વ્રતનો સંપૂર્ણ અભાવ કે નાશ થતો નથી. જો વ્રતનો સંપૂર્ણ નાશ થયો હોય, અર્થાત્ જે દોષ અનાચાર કોટિનો કે વ્રતભંગરૂપ હોય, તે દોષની શુદ્ધિ પ્રતિક્રમણથી નહીં પરંતુ ગુરુ પ્રદત્ત પ્રાયશ્ચિત્તથી થાય છે. અતિક્રમ, વ્યતિક્રમ અને અતિચારની કોટિ સુધીના દોષોની શુદ્ધિ જ પ્રતિક્રમણથી થઈ શકે છે.

**तस्स मिच्छामि दुक्कडम्–** ઉપરોક્ત કોઈ પણ અતિચાર-દોષનું સેવન થયું હોય, તો તત્સંબંધી દોષનું હું આલોચના, નિંદા અને ગર્હા પૂર્વક પ્રતિક્રમણ કરું છું, તે પાપથી હું પાછો ફરું છું, તે પાપ મારું મિથ્યા થાઓ, નાશ પામો.

હૃદયના શુદ્ધ ભાવથી દોષ સેવનના પશ્ચાતાપ પૂર્વક મિચ્છામિ દુક્કડમ્ બોલનાર સાધકના પાપ નાશ પામે છે. આ રીતે શ્રમણધર્મ અને શ્રમણ આચાર તથા તેના દોષરૂપ વિવિધ પ્રકારના અનાચારોના સંક્ષિપ્ત નિરૂપણ સાથે પાઠ પૂર્ણ થાય છે.

## પાઠ–૪ : ગમનાગમન પ્રતિક્રમણ સૂત્ર

**ઈરિયાવહિયં :–**

**१ इच्छामि पडिक्कमिउं इरियावहियाओ विराहणाए गमणागमणे पाणक्कमणे बीयक्कमणे हरियक्कमणे ओसा उत्तिंग पणग दग मट्टी मक्कडा संताणा संकमणे जे मे जीवा विराहिया एगिंदिया बेइंदिया तेइंदिया चउरिंदिया पंचिंदिया अभिहया वत्तिया लेसिया संघाइया संघट्टिया परियाविया किलामिया उद्दविया ठाणाओठाणं संक्कामिया जीवियाओ ववरोविया तस्स मिच्छामि दुक्कडम् ।**

**શબ્દાર્થ :–** **इच्छामि** – હું ઇચ્છું છું, **पडिक्कमिउं** – પ્રતિક્રમણ કરવાને, **इरियावहियाए** – ઐર્યાપથિકી ક્રિયા-ગમનાગમનથી થતી ક્રિયામાં, **विराहणाए** – વિરાધના કરી હોય, **गमणागमणे** – રસ્તામાં જતાં આવતાં, **पाणक्कमणे** – બેઇન્દ્રિયાદિ ત્રસ પ્રાણી કચર્યા હોય, **बीयक्कमणे** – બીજને

કચર્યા હોય, **हरियक्कमणे** – લીલી વનસ્પતિને કચરી હોય, **ओसा** – ઝાકળ ઠાર, **उत्तिंग** – કીડિયારા, **पणग** – પંચવર્ણી લીલ ફુગ સેવાળ, **दग** – સચિત્ત જળ, **मट्टी** – સચિત્ત માટી, **मक्कडा** – કરોળિયાના, **संताणा** – જાળાનું, **संकमणे** – સંક્રમણ કર્યું હોય, જાળા તોડ્યા હોય, **जे मे जीवा** – જે જીવો મારાથી, **विराहिया** – પીડા પામ્યા હોય, દુઃખ પામ્યા હોય, વિરાધના થઈ હોય, **एगिंदिया** – એક ઇન્દ્રિયવાળા જીવ, **बेइंदिया** – બે ઇન્દ્રિયવાળા જીવ, **तेइंदिया** – ત્રણ ઇન્દ્રિયવાળા જીવ, **चउरिंदिया** – ચાર ઇન્દ્રિયવાળ ા જીવ, **पंचिंदिया** – પાંચ ઈન્દ્રિયવાળા જીવ **अभिहया** – સામા આવતા હણ્યા હોય, **वत्तिया** – ધૂળે કરી ઢાંક્યા હોય, **लेसिया** – ભૂમિ ઉપર મસળ્યા હોય, **संघाइया** – ભેગા કરી અથડાવ્યા હોય, **संघट्टिया** – સ્પર્શ કરી ખેદ પમાડ્યો હોય, **परियाविया** – પરિતાપના આપી હોય, કષ્ટ આપ્યું હોય, **किलामिया** – ગ્લાનિ ઊપજાવી હોય, ખેદ પમાડ્યો હોય, **उद्दविया** – ઉપદ્રવ, ત્રાસ, ધ્રાસકો પમાડ્ય ો હોય, **ठाणाओठाणं** – એક સ્થાનેથી બીજે સ્થાને, **संक्कामिया** – સંક્રમણ કર્યું હોય, મૂક્યા હોય, **जीवियाओ ववरोविया** – જીવનથી જુદા કર્યા હોય, મારી નાંખ્યા હોય, **तस्स** – તે સંબંધી, **मिच्छामि दुक्कडम्** – મારું દુષ્ટ કૃત્ય, મારા પાપો મિથ્યા થાઓ, નિષ્ફળ થાઓ.

**भावार्थ :–** હે ગુરુદેવ ! મારા ગમનાગમન કરવાથી જે વિરાધના –જીવહિંસા થઈ હોય, તજ્જન્ય દોષોથી નિવૃત્ત થવા ઇચ્છું છે. ગમનાગમનમાં (હાલતાં ચાલતા) મેં કોઈ જીવને દબાવી, સચિત્ત બીજ કે લીલી વનસ્પતિને કચડી; ઝાકળ, કીડિયારાં, પંચવર્ણી લીલફૂગ સચિત્ત જળ, સચિત્ત માટી અને કરોળિ યાનાં જાળાને મસળીને કે દબાવીને, કોઈ જીવને દુઃખ આપ્યું હોય, તેની વિરાધના કરી હોય, જેમ કે–

પૃથ્વી, પાણી, અગ્નિ, વાયુ અને વનસ્પતિ આદિ એક ઇન્દ્રિયવાળા જીવો; શંખ, છીપ, કૃમિ, અળસિયા આદિ બે ઇન્દ્રિયવાળા જીવો; કીડી, મંકોડી, જૂ, લીખ આદિ ત્રણ ઇન્દ્રિયવાળા જીવો; માખી, મચ્છર, ભમરા આદિ ચાર ઇન્દ્રિયવાળા જીવો અને નારકી, પશુ–પક્ષી આદિ તિર્યંચ, મનુષ્ય અને દેવ આદિ પાંચ ઇન્દ્રિયવાળા જીવોને સામા આવતાં હણ્યા હોય, ધૂળ આદિથી ઢાંક્યા હોય, જમીન સાથે કે તેઓને પરસ્પર મસળ્યા હોય, એકત્રિત કરી ઉપર નીચે મૂક્યા હોય, કે અથડાવ્યા હોય, સ્પર્શ કરી ખેદ પમાડ્યો હોય, પરિતાપ–કષ્ટ આપ્યું હોય, ગ્લાનિ ઊપજાવી હોય, ત્રાસ કે ધ્રાસકો પમાડ્યો હોય, એક સ્થાનેથી બીજા સ્થાને મૂક્યા હોય અને તે જીવોને જીવનથી રહિત કર્યા હોય, તો તે સર્વ પાપ મારા નિષ્ફળ થાઓ.

**વિવેચન :–**

પ્રસ્તુત પાઠનું નામ ગમનાગમન પ્રતિક્રમણ સૂત્ર અથવા આલોચના સૂત્ર છે. ગમનાગમનની ક્રિયા વ્યક્તિમાત્રના જીવનમાં અનિવાર્ય છે. સાધક જીવનની અનિવાર્ય ક્રિયાઓ કરતા ગમનાગમન થાય જ છે. ઉપયોગપૂર્વક જીવરક્ષાની ભાવનાથી ચાલવા છતાં કોઈ જીવની વિરાધના થઈ ગઈ હોય, તેની આલોચના આ સૂત્રપાઠ દ્વારા થાય છે. જ્યાં સુધી જગતના સૂક્ષ્મ કે સ્થૂલ કોઈ પણ જીવો સાથે અંતરમાં વેર-વિરોધનો ભાવ હોય, ત્યાં સુધી સમભાવની સિદ્ધિ થતી નથી, તેથી કોઈ પણ આરાધનાના પ્રારંભમાં સાધક ગમનાગમનના પ્રતિકમણ દ્વારા 'આત્મવત્ સર્વ ભૂતેસુ'ની ભાવના સહિત સર્વ જીવો સાથે ક્ષમાયાચના કરે છે. આ પાઠમાં જીવોના પ્રકાર, તેની હિંસા, હિંસાનું સ્વરૂપ તથા હિંસાના પ્રકારનું નિરૂપણ છે.

**इच्छामि पडिक्कमिउं–इरिया वहियाए विराहणाए.....** આ આજ્ઞા સૂત્ર છે. શિષ્ય આ શબ્દના ઉચ્ચારણ દ્વારા ગુરુ સમક્ષ પોતાની પ્રતિક્રમણની ઇચ્છા તથા તે આલોચના અને પ્રતિક્રમણના વિષયને સ્પષ્ટ કરે છે.

હે ગુરુદેવ ! હું ગમનાગમનની ક્રિયા દ્વારા થયેલી વિરાધનાનું પ્રતિક્રમણ કરવા ઇચ્છું છું, સાધના સ્વૈચ્છિક હોવાથી શિષ્ય આત્મશુદ્ધિની ભાવનાથી પોતાની ઇચ્છા પ્રગટ કરે છે.

**इरिया वहियाए**– **ईरणं ईर्या–गमनमित्यवर्थः, तत्प्रधानः पन्था ईर्यापथस्तत्र भवा विराधना, ऐर्यापथिकी प्रतिक्रमणसूत्र ।** **ईर्** ધાતુ ગમન અર્થમાં પ્રયુક્ત થાય છે. ઈરિયા એટલે ગમન. ગમનયુક્ત માર્ગ, તે ઈર્યાપથ કહેવાય છે. ઈર્યા પથ– ગમનાગમનના માર્ગમાં થયેલી જીવ વિરાધનાને ઐર્યાપથિકી ક્રિયા કહે છે. પ્રસ્તુત પાઠમાં ઐર્યાપથિકી ક્રિયાની આલોચના હોવાથી આ પાઠને ઐર્યાપથિક સૂત્ર પણ કહે છે.

**गमणागमणे...पाणक्कमणे....ववरोविया**– આ શબ્દો આલોચનાત્મક છે. પ્રસ્તુત સૂત્રપાઠમાં સૂત્રકારે સંભવિત જીવ વિરાધનાને સ્મૃતિમાં લાવવા માટે **पाणक्कमणे** થી **संताणा** સુધીના ભિન્ન-ભિન્ન ભિન્ન–ભિન્ન શબ્દો દ્વારા વિવિધ પ્રકારે થતી વિરાધનાનું કથન કર્યું છે.

**एगिंदिया.....पंचिंदिया**– જગતમાં અનંત જીવો છે. ઇન્દ્રિયોની અપેક્ષાએ તેના પાંચ પ્રકાર છે.

(૧) જે જીવોને એક માત્ર સ્પર્શેન્દ્રિય જ હોય તેવા પૃથ્વી, પાણી, અગ્નિ, વાયુ અને વનસ્પતિને **એકેન્દ્રિય** કહે છે, (૨) જે જીવોને સ્પર્શેન્દ્રિય અને જીહ્વેન્દ્રિય, આ બેઇન્દ્રિય હોય તેવા શંખ, છીપ, પોરા, કૃમિ, ઇયળ, અળસિયા આદિ જીવોને **બેઇન્દ્રિય** કહે છે, (૩) જે જીવોને સ્પર્શેન્દ્રિય, જીહ્વેન્દ્રિય અને ઘ્રાણેન્દ્રિય, આ ત્રણ ઇન્દ્રિય હોય તેવા જૂ, લીખ, કીડી, મકોડા, કંથવા, માંકડ આદિ જીવોને **તેઇન્દ્રિય** કહે છે, (૪) જે જીવોને સ્પર્શેન્દ્રિય, જીહ્વેન્દ્રિય, ઘ્રાણેન્દ્રિય અને ચક્ષુરિન્દ્રિય, આ ચાર ઇન્દ્રિય હોય તેવા માખી, મચ્છર, તીડ, ભમરા આદિ જીવોને ચૌરેન્દ્રિય કહે છે, (૫) જે જીવોને સ્પર્શેન્દ્રિય, જીહ્વેન્દ્રિય, ઘ્રાણેન્દ્રિય, ચક્ષુરિન્દ્રિય અને શ્રોતેન્દ્રિય, આ પાંચ ઇન્દ્રિય હોય, તેવા નારકી, મનુષ્ય, દેવતા, પશુ–પક્ષી આદિ તિર્યંચોને **પંચેન્દ્રિય** કહે છે.

આ પાંચ પ્રકારના જીવોમાં સંસારના સમસ્ત જીવોનો સમાવેશ થાય છે. **पाणक्कमणे.....** આદિ શબ્દો દ્વારા તે તે જીવોનું પૃથક્ પૃથક્ કથન કર્યા પછી **एगिंदिया.....** આદિ શબ્દો દ્વારા સમુચ્ચય કથન કર્યું છે. કોઈ પણ જીવ સાથે ક્ષમાયાચના રહી ન જાય, તે માટે સૂત્રકારે સમુચ્ચય અને પૃથક્ એમ બંને પ્રકારનું કથન કર્યું છે.

**हिंसा– प्रमत् योगात् प्राणव्यपरोपणं हिंसा ।** – તત્ત્વાર્થ સૂત્ર, અધ્યાય–૭/૮, પ્રમત્ત યોગથી જીવના દશ પ્રાણમાંથી એક પણ પ્રાણનો નાશ કરવો, તે હિંસા છે. પ્રસ્તુત વ્યાખ્યા પરથી સ્પષ્ટ થાય છે કે હિંસાનું ક્ષેત્ર ઘણું વ્યાપક છે. પાંચ ઇન્દ્રિય, મન, વચન, કાયા, શ્વાસોચ્છ્વાસ અને આયુષ્ય, આ દશ પ્રાણમાંથી જીવોની યોગ્યતા પ્રમાણે તેને જેટલા પ્રાણ પ્રાપ્ત થયા હોય, તે પ્રાણનો નાશ કરવો, તે હિંસા છે. કોઈ જીવની આંખ આદિ ઇન્દ્રિયો ફોડી નાંખવી, માનસિક સંતાપ પહોંચાવડવો, તેને ગુંગળાવવા, તેને પરતંત્ર બનાવવા, સ્થાનભ્રષ્ટ કરવા, વગેરે પ્રવૃત્તિઓનો સમાવેશ હિંસામાં થાય છે. હિંસાની ક્રમિક અવસ્થાને તેના ત્રણ રૂપથી સમજી શકાય છે, (૧) સરંભ, (૨) સમારંભ અને (૩) આરંભ.

જીવહિંસાનો સંકલ્પ કરવો, તે **સરંભ** છે. જીવહિંસા માટે સાધન સામગ્રી ભેગી કરવી, તે **સમારંભ** અને જીવોનો ઘાત કરવો, તેને આઘાત પહોંચાડવો, તે **આરંભ** છે.

ઉપરોક્ત કોઈ પણ પ્રવૃત્તિ જો પ્રમાદથી, કષાય ભાવથી, પોતાના સ્વાર્થ વશ થઈ હોય, તો જ તેનો સમાવેશ હિંસામાં થાય છે. દયા કે કરૂણા બુદ્ધિથી થયેલી પ્રવૃત્તિનો સમાવેશ હિંસામાં થતો નથી. જેમ કે

ડોક્ટરો ઑપરેશન કરતાં તે તે જીવોના શરીરને વિવિધ રીતે કાપે વગેરે ક્રિયા કરે, પરંતુ તેમાં ડોક્ટરનો આશય શુદ્ધ હોવાથી તેને હિંસાનો દોષ લાગતો નથી.

**દશ પ્રકારની હિંસા–** હિંસાની વિસ્તૃત વ્યાખ્યા અનુસાર અભિહયાથી વવરોવિયા સુધીના પાઠમાં દશ પ્રકારની હિંસા-વિરાધનાનું કથન છે.

**(૧) अभिहया–** સામા આવતા જીવોને હણ્યા હોય. આહાર માટે સામે આવતા કૂતરાને લાકડી મારી કાઢી મૂકવા, ભીખ માંગવા આવેલા ભિખારીને તિરસ્કૃત કરવા.

**(૨) वत्तिया–** ધૂળે કરી ઢાંક્યા હોય. કીડી, મંકોડાના દર પૂરી દેવા, કોઈ જીવોને અંધારી કોટડીમાં પૂરી દેવા અથવા કોઈના ઉત્કર્ષને દબાવી દેવો અથવા **वर्तिता पुञ्जीकृता ।** વ્યાખ્યાકારોના મતાનુસાર વત્તિયા એટલે જીવોને પુંજીકૃત કરવા, ઢગલો કરવો, તેમાં નીચે રહેલા જીવો દબાઈ જાય છે, ઓછી જગ્યામાં વધુ પ્રાણીઓને ભરવા.

**(૩) लेसिया– श्लेषिता: पिष्टा: भूम्यादिषु वा लगिता: ।–** જમીન સાથે ઢસડ્યા હોય કે મસળ્યા હોય. ઘઉંને એરંડીયું લગાવવું, કૂતરા વગેરે પશુને સાંકળથી બાંધી ઢસડવા, કાચી કેરીમાં મસાલો નાંખી અથાણા બનાવવા.

**(૪) संघाइया– सङ्घतिता–अन्योऽन्यं गात्रैरेकत्र लगिता: ।** અનેક જીવોનો સંઘાત-એક સાથે એકઠો કર્યા હોય, એક બીજાના શરીરનો સંઘાત–સ્પર્શ થાય તેમ કરાવીને અથડાવ્યા હોય, જેમ કે– બે કૂતરાને ભેગા કરીને પરસ્પર ઝઘડાવ્યા હોય.

**(૫) संघट्टिया– सङ्घटिता–मनाक् स्पृष्टा ।** જીવોના શરીરનો સ્પર્શ કરીને ત્રાસિત કર્યા હોય, જેમ કે– ઘાસ ઉપર ચાલીને તે જીવોને ત્રાસ પહોંચાડવો.

**(૬) परियाविया– परितापिता: समन्तत: पीडिता: ।** જીવોને સર્વ પ્રકારે પીડિત કર્યા હોય, જેમ કે– જીવોને માનસિક ત્રાસ આપવો.

**(૭) किलामिया– कलामिता: समुद्घातं नीता: ग्लानिमापादिता इत्यर्थ: ।** ખેંચાખેંચી કરીને ગ્લાનિ પહોંચાડી હોય, જીવોને શારીરિક પીડા પહોંચાડી હોય.

**(૮) उद्दविया– अवद्राविता–उत्रासिता ।** ઉપદ્રવ, ત્રાસ કે ધ્રાસકો પમાડ્યો હોય. ઉપદ્રવમાં શારીરિક અને માનસિક બંને પ્રકારની પીડાનો સમાવેશ થાય છે.

**(૯) ठाणाओ ठाणं संकामिया– स्थानात् स्थानान्तरं संक्रमिता: ।** કોઈ પણ જીવને પોતાના સ્વાર્થવશ તેના સ્થાનથી ભ્રષ્ટ કરીને બીજા સ્થાને મૂક્યા હોય.

**(૧૦) जीवियाओ ववरोविया– जीविताद् व्यपरोपिता = व्यापादिता: ।** જીવનથી રહિત કર્યા હોય, જેમ કે– કોઈ જીવના આયુષ્ય પ્રાણનો નાશ કરીને તે જીવોને મારી નાંખ્યા હોય.

**तस्स मिच्छामि दुक्कडम्** સાધક હિંસાની વિસ્તૃત આલોચના, આત્મ સાક્ષીએ નિંદા અને ગુરુની સાક્ષીએ તેની ગર્હા કર્યા પછી તે પાપથી મુક્ત થવા માટે અંતઃકરણપૂર્વક મિચ્છામિ દુક્કડમ્ (હિંસા સંબંધી મારું દુષ્કૃત્ય મિથ્યા થાઓ, નાશ થાઓ), શબ્દનું ઉચ્ચારણ કરે છે.

શ્રી ભદ્રબાહુ સ્વામીએ આવશ્યક નિર્યુક્તિમાં **'मिच्छामि दुक्कडं'** શબ્દનો અર્થ આ પ્રમાણે કર્યો છે–

**'मि' त्ति मिउ–मदवत्ते 'छा' त्ति दोसाण छायणे होइ**
**मि त्ति अ मेराए ठिओ, 'दु' त्ति दुगंछामि अप्पाणं ॥६८७॥**

**क त्ति कडं मे पावं, ड त्ति डेवेमि तं उवसमेणं**
**एसो मिच्छाउक्कडं पयक्खरत्थो समासेणं ॥६८७॥** આવશ્યક નિર્યુક્તિ

**मि त्ति मिउ मद्‌वतो मि** મૃદુતા, કોમળતા તથા અહંકાર રહિતતાનો સૂચક છે.

**छा त्ति दोसाण छायणे होइ । छा** દોષોને ઢાંકવા– ત્યાગ કરવા માટે છે.

**मि त्ति अ मेराए ठिओ । मि** સંયમ મર્યાદામાં દઢ રહેવા માટે છે.

**दु त्ति दुगंछामि अप्पाणं । दु** પાપ કર્મ કરનારા પોતાના આત્માની નિંદા માટે છે.

**क त्ति कडं मे पावं । क** કૃત પાપોની સ્વીકૃતિ માટે છે.

**ड त्ति डेवेमि तं उवसमेणं । ड** કાર પાપોના ઊપશમ માટે, નષ્ટ કરવા માટે છે.

આ રીતે સાધક અંતઃકરણ પૂર્વક નમ્રતાથી, સરળતા પૂર્વક, સંયમ મર્યાદામાં દઢ રહેવા માટે, પોતાના પાપને પાપરૂપે સ્વીકારીને દુષ્કૃત્યોની નિંદા, ગર્હાપૂર્વક પ્રાયશ્ચિત્ત કરે છે, ત્યારે તે પાપનો ઉપશમ અર્થાત્ નાશ થાય છે.

પૂર્વાચાર્યો એ જીવોના ભેદ, હિંસાના ભેદ, હિંસાના કારણો વગેરેની ગણના કરીને મિચ્છામિ દુક્કડમ્‌ના ૧૮,૨૪,૧૨૦ પ્રકાર બતાવ્યા છે–

સંસારી જીવોના ૫૬૩ પ્રકાર છે. ૫૬૩ પ્રકારના જીવોની અભિહયાથી જીવિયાઓ વવરોવિયા સુધીની દશ પ્રકારે હિંસા થાય, તેથી તેને દશ ગુણતા ૫૬૩ × ૧૦ = ૫૬૩૦ ભેદ થાય છે.

આ દશવિધ વિરાધના રાગ અને દ્વેષના કારણે થાય છે, તેથી ઉપરના ભેદોને બેથી ગુણતા ૫,૬૩૦ × ૨ = ૧૧,૨૬૦ ભેદ બને છે.

તે વિરાધના મન, વચન અને કાયાથી થાય છે, તેથી ત્રણથી ગુણતા ૧૧૨૬૦ × ૩ = ૩૩,૭૮૦ ભેદ થાય છે. તે હિંસા સ્વયં કરવી, કરાવવી અને અનુમોદના આપવી એમ ત્રણ કરણથી થાય છે, તેથી તેને ત્રણથી ગુણતા ૩૩,૭૮૦ × ૩ = ૧,૦૧,૩૪૦ ભેદ થાય છે. આ સર્વને ભૂત-ભવિષ્ય અને વર્તમાન રૂપ ત્રણ કાળથી ગુણતા ૧,૦૧,૩૪૦ × ૩ = ૩,૦૪,૦૨૦ ભેદ થાય છે.

તે દોષનું અરિહંત, સિદ્ધ, આચાર્ય, ઉપાધ્યાય, ગુરુ અને નિજ આત્મા, આ છ ની સાક્ષીથી મિચ્છામિ દુક્કડમ્ કરવાનું છે, તેથી તેને છથી ગુણતા ૩,૦૪,૦૨૦ × ૬ = ૧૮,૨૪,૧૨૦ ભેદ થાય છે.

સાધકે શુદ્ધ હૃદયથી પ્રત્યેક પ્રાણી સાથે મૈત્રી ભાવ પૂર્વક કૃત પાપોની અરિહંત આદિની સાક્ષીએ આલોચના કરી, પોતાના આત્માને પવિત્ર બનાવવો જોઈએ. આ રીતે આ પાઠ ગમનાગમન દ્વારા થતી હિંસા દોષની વિસ્તૃત આલોચના માટે છે. તેમાં આલોચના પદ્ધતિથી, પશ્ચાતાપની વિધિથી, આત્મનિરીક્ષણની શૈલીથી આત્મ વિશુદ્ધિનો માર્ગ દર્શાવ્યો છે. તે હૃદયની કોમળતાનું જ્વલંત ઉદાહરણ છે. સાધકની પ્રત્યેક ક્રિયામાં ગમનાગમન થાય જ છે, તેથી ગોચરી, સ્વાધ્યાય, પ્રતિલેખન, પરઠવું આદિ કોઈ પણ ક્રિયાના પ્રતિક્રમણ સમયે કાયોત્સર્ગમાં **इच्छामि पडिक्कमिउं.....** નો પાઠ બોલાય છે.

સંક્ષેપમાં સર્વ દોષોનો સમાવેશ હિંસામાં થઈ શકે છે, તેથી સાધક સાધનાના કોઈ પણ અનુષ્ઠાનના પ્રારંભમાં પૂર્વકૃત દોષની વિશુદ્ધિ માટે આ પાઠના કાયોત્સર્ગ દ્વારા ક્ષેત્ર વિશુદ્ધિ કરે છે. આ રીતે સાધક જીવનમાં આ પાઠની ઉપયોગિતા સહજ રીતે સ્પષ્ટ થઈ જાય છે.

**આસન–** ગુરુ સમક્ષ નત મસ્તકે ઊભા રહીને જિનમુદ્રામાં સ્થિત થઈને **'इच्छामि पडिक्कमिउं'** થી શરુ કરી **मिच्छामि दुक्कडं** સુધીનો પૂર્ણ પાઠ બોલવો જોઈએ. ગુરુદેવ ન હોય તો ભગવાનનું લક્ષ કરીને તેમની સાક્ષીથી પૂર્વ અથવા ઉત્તર દિશા તરફ મુખ રાખી ઊભા રહી આ પાઠ બોલવો જોઈએ.

**સાત સંપદા :–** પ્રાચીન ટીકાકારોએ આ સૂત્રમાં સાત સંપદાઓની યોજના કરી છે સંપદાનો અર્થ વિરામ અર્થાત્ વિશ્રાંતિ છે.

પ્રથમ **અભ્યુપગમ સંપદા** છે. જેમાં 'ઈચ્છામિ પડિક્કમિઉં' સૂત્રપાઠથી ગુરુદેવની આજ્ઞા લેવાની છે. બીજી **નિમિત્ત સંપદા** છે તેમાં 'ઈરિયા વહિયાઓ વિરાહણાએ' પાઠથી આલોચનાના નિમિત્તભૂત જીવોની વિરાધનાનું કથન છે. ત્રીજી **સામાન્ય હેતુ સંપદા** છે, જેમાં 'ગમણાગમણે' શબ્દથી સામાન્ય રૂપે વિરાધનાનું કારણ સૂચિત કર્યું છે. ચોથી **વિશેષ હેતુ સંપદા** છે, તેમાં 'પાણક્કમણે' આદિ જીવ વિરાધનાના વિશેષ હેતુનું કથન કર્યું છે. પાંચમી **સંગ્રહ સંપદા** છે, જેમાં 'જે મે જીવા વિરાહિયા' આ એક વાક્યથી જ સર્વ જીવોની વિરાધનાનો સંગ્રહ કર્યો છે. છઠ્ઠી જીવ સંપદા છે. તેમાં એગિંદિયા...આદિ પાઠથી નામ ગ્રહણપૂર્વક જીવોના ભેદ બતાવ્યા છે. સાતમી **વિરાધના સંપદા** છે. જેમાં 'અભિહયા' આદિ વિરાધનાના પ્રકાર બતાવ્યા છે.

## પાઠ–૫ : પ્રથમ શ્રમણ સૂત્ર

**નિદ્રાદોષ પ્રતિક્રમણ :–**

**૧ इच्छामि पडिक्कमिउं पगामसिज्जाए णिगामसिज्जाए संथारा उव्वट्टणाए परियट्टणाए आउंटणपसारणाए छप्पइ संघट्टणाए कूइए कक्कराइए छीए जंभाइए आमोसे ससरक्खामोसे आउलमाउलाओ सोवणवत्तियाए इत्थीविप्परियासियाओ दिट्ठीविप्परियासियाए मणविप्परियासियाए पाणभोयणविप्परियासियाए जो मे देवसिओ अइयारो कओ तस्स मिच्छामि दुक्कडम् ।**

**શબ્દાર્થ :–** **इच्छामि** – ઈચ્છું છું, **पडिक्कमिउं** – પ્રતિક્રમણ કરવા માટે, **पगामसिज्जाए** – લાંબા કાળ સુધી સુઈ રહેવાથી, **णिगामसिज्जाए** – વારંવાર ઘણા લાંબા કાળ સુધી સૂઈ રહેવાથી, **संथारा** – પથારીમાં, **उव्वट्टणाए** – ઉદ્વર્તનથી–પાસું(પડખું) ફેરવવાથી, **परियट्टणाए** – વારંવાર પડખાં ફેરવવાથી, **आउंटणपसारणाए** – હાથ, પગ આદિ અંગો સંકોચવાથી અને પસારવાથી, **छप्पइ संघट्टणाए** – છપગી જૂ આદિ ક્ષુદ્ર જીવનો સ્પર્શ કરવાથી, **कूइओ** – અવ્યક્ત શબ્દ બોલવાથી, **कक्कराए** – દાંતથી કચકચ શબ્દો કરવાથી અથવા શય્યાના દોષ બતાવવાથી, **छीए** – છીંક આવવાથી, **जंभाइए** – બગાસું ખાવાથી, **आमोसे** – પૂંજ્યા વગર શરીર આદિનો સ્પર્શકરવાથી, **ससरक्खामोसे** – સચિત્ત રજ યુક્ત વસ્તુઓનો સ્પર્શ કરવાથી, **आउलमाउलाए** – આકુળતા-વ્યાકુળતાથી, **सोवणवत्तियाए** – સ્વપ્નના નિમિત્તથી, **इत्थीविप्परियासियाओ** – સ્ત્રી સંબંધી વિપર્યાસથી, **दिट्ठीविप्परियासियाए** – દષ્ટિ સંબંધી

વિપર્યાસથી, **मणविप्परियासियाए** – મન સંબંધી વિપર્યાસથી, **पाणभोयणविप्परियासियाए** – ભોજન–પાણી સંબંધી વિપર્યાસથી, **जो** – જે, **मे** – મેં, **अइयारो** – અતિચાર, **कओ** – કર્યો હોય, **तस्स** – તે, **मे** – મારું, **दुक्कडम्** – દુષ્કૃત્ય, **मिच्छा** – મિથ્યા થાઓ.

**ભાવાર્થ :–** હું શય્યા સંબંધી અતિચારોનું પ્રતિક્રમણ કરવા ઈચ્છું છું. લાંબો સમય સૂઈ રહેવાથી, વારંવાર લાંબો સમય સૂઈ રહેવાથી, અયતનાથી પડખાં ફેરવવાથી, અયતનાથી વારંવાર પડખાં ફેરવવાથી, અયતનાથી હાથ-પગ સંકોચવા–પ્રસારવાથી(ફેલાવવાથી), છપગા જૂ આદિ ક્ષુદ્ર જંતુઓનો અયતનાથી સ્પર્શ કરવાથી.

અવ્યક્ત શબ્દો બોલવાથી, દાંતો કચકચાવવાથી અથવા શય્યા(પથારી)ના દોષો બતાવવાથી, યતનારહિત છીંક અને બગાસું ખાવાથી, પૂંજ્યા વિના શરીર કે અન્ય વસ્તુનો સ્પર્શ કરવાથી, સચિત્ત રજવાળી વસ્તુનો સ્પર્શ કરવાથી જે અતિચાર લાગ્યા હોય, તેનું પ્રતિક્રમણ કરું છું (ઉપરોક્ત અતિચારો શયન સમયના જાગ્રતાવસ્થાના છે. હવે નિદ્રા સમયના અતિચારો કહે છે– સ્વપ્નમાં વિવાહ તથા યુદ્ધાદિનું અવલોકન કરતા આકુળતા-વ્યાકુળતા થઈ હોય, સ્વપ્નમાં મન ભ્રાન્ત થઈ ગયું હોય, સ્ત્રી-પુરુષોનો સંગ કર્યો હોય, સ્ત્રી-પુરુષ આદિને અનુરાગ ભરી દષ્ટિથી જોયા હોય, મનમાં વિકાર ભાવ ઉત્પન્ન થયા હોય, સ્વપ્નમાં રાત્રિ ભોજનની ઈચ્છા થઈ હોય કે ભોજન કર્યું વગેરે શયન સંબંધી (સુષુપ્તાવસ્થાના) અતિચારોનું સેવન થયું હોય તો, તે સર્વ પાપ મારું મિથ્યા થાઓ.

**વિવેચન :–**

આ સૂત્રમાં સાધક જીવનની સૂક્ષ્મમાં સૂક્ષ્મ ચેષ્ટાઓ, ભાવનાઓ અને વિકલ્પો ઉપર સાવધાની અને નિયંત્રણ રાખવાનો મહાન ઉદ્દેશ સન્નિહિત છે. તેમાં શયન સંબંધી અતિચારોનું પ્રતિક્રમણ છે.

સાધક પોતાની જાગૃત અવસ્થામાં તો પાપકર્મનો બંધ ન થાય, તેના માટે સતત સાવધાન રહે છે અને તેમ છતાં દરરોજ સાંજે તે પોતાની પ્રવૃત્તિઓનું નિરીક્ષણ કરીને તે પાપ પ્રવૃત્તિથી પાછા ફરવા રૂપ પ્રતિક્રમણ કરે છે.

મનુષ્યની નિદ્રાવસ્થામાં તેનું જાગૃત મન સુષુપ્ત બની જાય છે, તેથી વચન અને કાયાની સ્વૈચ્છિક પ્રવૃત્તિઓ બંધ થઈ જાય છે પરંતુ સંસ્કારોના ખજાના રૂપ અજાગૃત મન કાર્યશીલ રહે છે અને તેના પરિણામે વચન અને કાયાની સૂક્ષ્મ રીતે પ્રવૃત્તિઓ ચાલુ જ હોય છે. આ રીતે મનુષ્યની નિદ્રાવસ્થામાં તેના મન, વચન અને કાયાની પ્રવૃત્તિથી તેમજ તેના સંસ્કારના પ્રતિબિંબ રૂપ સ્વપ્નની પ્રવૃત્તિથી કર્મબંધ અવશ્ય ચાલુ હોય છે, તેથી પ્રતિક્રમણ સૂત્રમાં શયન સંબંધી અતિચારોની આલોચના આ સૂત્ર દ્વારા થાય છે.

આત્મવિશુદ્ધિની સાધના કરતા સાધકના જીવનમાં જાણતા કે અજાણતાં, જાગ્રતાવસ્થામાં કે સુપ્તાવસ્થામાં(સ્વપ્નાવસ્થામાં) સૂક્ષ્મ કે સ્થૂલ દોષનું સેવન થાય, તેનો જવાબદાર સાધક પોતે જ છે. કોઈ પણ પરિસ્થિતિમાં થયેલી ભૂલ કે દોષનું સેવન સાધકો માટે ક્ષમ્ય નથી, તેથી જ સાધક યતનાપૂર્વક શયન કરે. **जयं सए ।** (દશવૈકાલિક સૂત્ર અધ્યયન–૪) નિદ્રાવસ્થાથી જાગૃત થાય કે તુરંત જ સાધક નિદ્રાવસ્થામાં લાગેલા દોષોની આલોચના અને પ્રતિક્રમણ કરે.

સામાન્ય રીતે સાધુને દિવસે સૂવાનો નિષેધ છે. કોઈ વિશેષ પરિસ્થિતિમાં, બીમારીમાં કે વિહાર આદિના થાકના કારણે દિવસે શરીરને આરામ આપવા સૂવાની જરૂર પડે. તો દિવસે અને રાત્રિના ત્રીજા

પ્રહરે સૂએ ત્યારે સાધુ સંયમી જીવનની મર્યાદાને લક્ષમાં રાખીને સાધકને યોગ્ય નિર્દોષ શય્યા ઉપર સમભાવપૂર્વક શયન કરે. સમ કે વિષમ શય્યાના વિષયમાં રાગ કે દ્વેષ કરે નહીં.

પ્રસ્તુત સૂત્રમાં બે વિભાગમાં વિવેચન કર્યું છે. પ્રથમ વિભાગમાં **पगामसिज्जाए** થી લઈને **ससरक्खामोसे** સુધીના પાઠમાં શય્યા સંબંધી દોષો અને સૂતા સમયની જીવની ચંચળ વૃત્તિના પરિણામે થતી કેટલીક કુચેષ્ટાનું નિરૂપણ છે અને **आउलमाउलाए.....** થી લઈને **पाणभोयण विप्परियासियाए** સુધીના પાઠમાં સ્વપ્ન સંબંધી દોષોનું કથન છે.

**पगामसिज्जाए :–** પ્રકામ શય્યામાં શય્યા શબ્દ શયનવાચક છે અને પ્રકામ વિશેષણ ''અત્યંત''નું સૂચક છે, તેનો અર્થ વધુ સમય સૂઈ રહેવું, મર્યાદાથી અધિક સૂઈ રહેવું, ચિરકાળ સુધી સૂઈ રહેવું થાય છે. તેનો બીજો અર્થ પણ થાય છે. તેમાં **'शेरतेऽस्यामिति शय्या'** આ વ્યુત્પત્તિ અનુસાર શય્યા શબ્દ સંથારાનો વાચક છે અને પ્રકામ શબ્દ ઉત્કટ અર્થનો વાચક છે. તેનો અર્થ અત્યંત કોમળ અને સુંવાળી શય્યા ઉપર સૂવું થાય છે. આવા પ્રકારની શય્યા સાધુના કઠોર તથા કર્મઠ જીવનના માટે વર્જિત છે. અત્યંત સુંવાળી કે મુલાયમ શય્યા સાધુની સુકુમાલવૃત્તિનું તેમજ પ્રમાદ ભાવનું પોષણ કરે છે, તેથી સાધકો માટે આવશ્યકતા વિના અત્યંત કોમળ શય્યાનો નિષેધ છે.

**णिगामसिज्जाए :–** પ્રકામ શય્યાનું પુનઃ પુનઃ સેવન કરવું અથવા પુનઃ પુનઃ ઘણા કાળ સુધી સૂઈ રહેવું, તે નિકામ શય્યા છે.

**उव्वट्टणाए, परियट्टणाए–ઉદ્વર્તના અને પરિવર્તના :–** ઉદ્વર્તના – એકવાર પડખું ફેરવવું અર્થાત્ જમણા પડખે સૂતા હોય, તેમાંથી ડાબે પડખે સૂવું અથવા ડાબા પડખે સૂતા હોય તેમાંથી જમણે પડખે સૂઈ જવું. પરિવર્તના – વારંવાર પડખાં ફેરવવા અર્થાત્ જમણા પડખે સૂતા હોય, તેમાંથી ડાબા પડખે થવું, પુનઃ પડખું ફેરવીને જમણા પડખે થઈ જવું. આ રીતે એકથી વધુ વાર પડખાં ફેરવવા, તે પરિવર્તના છે. પથારીમાં એકવાર કે વારંવાર પડખાં ફેરવવા, તે સાધુની માનસિક ચંચળતાને સૂચિત કરે છે તેમાં જ જોયા કે પોંજ્યા વિના પડખાં ફેરવવાથી જીવવિરાધનાની પણ સંભાવના છે.

**आउंटणाए, पसारणाए–** યતના વિના કે જોયા–પોંજ્યા વિના હાથ-પગ આદિ શરીરના અવયવોને સંકોચ્યા હોય, ફેલાવ્યા હોય, પડખાં ફેરવવાથી કે અંગોપાંગના સંકોચન કે વિસ્તારથી જૂ આદિ કોઈ પણ ક્ષુદ્ર જંતુઓની વિરાધના થઈ હોય.

ઘણી પ્રતિઓમાં **आउवट्टणाए** શબ્દ પ્રયોગ છે તેનો અર્થ પડખાં ફેરવવા થાય છે. ઘણી પ્રતોમાં **संथारा उव्वट्टणाए** શબ્દ પ્રયોગ છે. તેનો અર્થ સંથારા ઉપર પડખા ફેરવવા, પથારીમાં પડખા ફેરવવા થાય છે.

**कूइए–** ઊંઘમાં અવ્યક્ત શબ્દોથી કાંઈક ગણગણાટ કર્યો હોય અથવા **कूजितं–कासितं तस्मिन अविधिना मुखवस्त्रिकां करं वा मुखेऽनाधाय कृत इत्यर्थः** અવિધિથી અર્થાત્ મુહપત્તિ કે હાથ આડો રાખ્યા વિના ઉધરસ ખાધી હોય.

**कक्कराए–** કચકચાટ કરવો. વિષમ, કઠોર કે પ્રતિકૂળ શય્યાની પ્રાપ્તિ થાય, ત્યારે કચકચ-અવ્યક્ત શબ્દોના ઉચ્ચારણ દ્વારા અણગમો પ્રદર્શિત કરવો.

**छीए, जंभाइए.....** અયતનાથી છીંક કે બગાસું ખાવું, પોંજ્યા વિના શરીર ખંજવાળવું, સચેત રજયુક્ત વસ્તુનો સ્પર્શ કરવો વગેરે પ્રવૃત્તિઓમાં જીવવિરાધનાની સંભાવના છે અને તે ક્રિયાઓ દ્વારા સાધુની અસભ્યતા પ્રગટ થાય છે.

**आउलमाउलाए सोवणवत्तियाए...** વિચિત્ર સ્વપ્નદર્શનથી આકુળ-વ્યાકુળ થવું, સ્વપ્નમાં યુદ્ધદર્શનમાં જય-પરાજયની પરિસ્થિતિઓ, સાધુ જીવનને ન શોભે તેવા લગ્ન આદિના દશ્યો જોઈને ચિત્ત વ્યાકુળ બની જાય, શુભ કે અશુભ સ્વપ્નદર્શનથી ચિત્ત પ્રસન્ન કે અપ્રસન્ન થાય છે, અશુભ સ્વપ્ન દર્શનથી ચિત્તની અપ્રસન્નતાથી આર્તધ્યાનના પરિણામો થાય છે.

સૂત્રકારે કેટલીક પ્રવૃત્તિઓનું કથન કર્યું છે. જેમ કે– સ્વપ્નમાં કામભોગનું સેવન, સંયમ વિરુદ્ધ પ્રવૃત્તિની ઈચ્છા, દષ્ટિની વિપરીતતાથી કે મનોભાવની વિપરીતતાથી દોષ સેવન થવું, સ્વપ્નમાં રાત્રિભોજન પાણીની ઈચ્છા થવી વગેરે સંયમ મર્યાદાનું ઉલ્લંઘન કરનારા અતિચારોનું સેવન કર્યું હોય, તો તત્સંબંધી મારું પાપ મિથ્યા થાઓ.

શયન સંબંધી અતિચારોના પ્રતિક્રમણ સૂત્રથી સ્પષ્ટ થાય છે કે સાધક જીવનમાં જાણતા કે અજાણતા, નિદ્રાવસ્થા કે સ્વપ્નાવસ્થામાં થયેલી ભૂલોની ઉપેક્ષા થતી નથી. સૂક્ષ્મ દોષો પ્રતિ જાગૃતિ સાધકને મહાન બનાવે છે અને સૂક્ષ્મ દોષોની પણ ઉપેક્ષા પ્રમાદનું પોષણ કરી સાધકને પતન તરફ લઈ જાય છે. સૂક્ષ્મદોષો પ્રતિ સાવધાન રહેવા માટે જ સૂત્રકારે પ્રસ્તુત નિદ્રાદોષ–પ્રતિક્રમણ સૂત્રનું દેવસી, રાઈ આદિ પાંચે પ્રતિક્રમણમાં વિધાન કર્યું છે. તેમજ સાધકને ઊંઘમાંથી ઉઠયા બાદ આ પાઠ દ્વારા કાર્યોત્સર્ગ કરવાનું વિધાન છે. કોઈ સંપ્રદાયમાં આ સૂત્ર પછી એક લોગસ્સ અથવા ચાર લોગસ્સના કાર્યોત્સર્ગ કરવાની પરંપરા છે.

## પાઠ–૬ : બીજું શ્રમણ સૂત્ર

**ગોચરી દોષ પ્રતિક્રમણ :–**

**१ पडिक्कमामि गोयरचरियाए भिक्खायरियाए उग्घाड-कवाड उग्घाडणाए साणा-वच्छा-दारा-संघट्टणाए मंडीपाहुडियाए बलिपाहुडियाए ठवणापाहुडियाए संकिए सहसागारे अणेसणाए पाणभोयणाए बीयभोयणाए हरियभोयणाए पच्छाकम्मियाए पुरेकम्मियाए अदिट्ठहडाए दगसंसट्ठहडाए रयसंसट्ठहडाए पारिसाडणियाए पारिट्ठावणियाए ओहासणभिक्खाए जं उग्गमेणं उप्पायणेसणाए अपरिसुद्धं परिगाहियं परिभुत्तं वा जं ण परिट्ठवियं तस्स मिच्छामि दुक्कडं ।**

**શબ્દાર્થ :–** **पडिक्कमामि** – પ્રતિક્રમણ કરું છું, **गोयरचरियाए** – ગોચર ચર્યામાં, **भिक्खायरियाए** – ભિક્ષાચર્યામાં (લાગેલા દોષોનું), **उग्घाड** – અડધું ખુલ્લું(અધખુલ્લું), **कवाड** – કમાડ(દરવાજા), **उग्घाडणाए** – ઉઘાડયા હોય, **साणा** – કૂતરા, **वच्छा** – વાછરડા, **दारा** – બાળકો, **संघट्टणाए** – સંઘટ્ટો (સ્પર્શ) થયો હોય, **मंडिपाहुडियाए** – અગ્રપિંડ ગ્રહણ કર્યો હોય, **बलिपाहुडियाए** – બલિકર્મ માટે રાખેલો આહાર ગ્રહણ કર્યો હોય, **ठवणा पाहुडियाए** – ભિક્ષુઓને દાનમાં આપવા જુદો કાઢેલો આહાર ગ્રહણ કર્યો હોય, **संकिअे** – શંકા પડવા છતાં આહાર લીધો હોય, **सहसागारे** – એકાએક શીઘ્રતાથી આહાર લીધો હોય, **अणेसणाए** – એષણાની શુદ્ધિ વગરના આહાર–પાણી લીધા હોય, **पाणभोयणाए** – પ્રાણીઓથી યુક્ત ભોજનાદિ ગ્રહણ કર્યા હોય, **बीयभोयणाए** – બીજવાળો આહાર, **हरियभोयणाए** – લીલી વનસ્પતિવાળો આહાર, **पच्छाकम्मियाए** – પશ્ચાત કર્મથી યુક્ત આહાર, **पुरेकम्मियाए** – પૂર્વકૃત કર્મથી યુક્ત આહાર, **अदिट्ठहडाए** – અદૃષ્ટ સ્થાનથી લાવેલો આહાર, **दगसंसट्ठहडाए** –

સચિત જલથી યુક્ત આહાર, **रयसंसट्ठहडाए** – સચિત રજથી યુક્ત આહાર, **पारिसाडणियाए** – વેરાતો કે ઢોળાતો આહાર, **पारिट्ठावणियाए** – આહાર દેવાના પાત્રમાં અકલ્પ્ય વસ્તુ હોય, તેને ફેંકીને તેમાં અન્ય રાખેલી વસ્તુ, **ओहासणभिक्खाए** – ઉત્તમ વસ્તુ માંગીને લેવી, **उग्गमेणं** – આધાકર્મી ઉદ્‍ગમ દોષવાળો આહાર, **उप्पायणेसणाए** – ઉત્પાદના અને એષણાના દોષોથી યુક્ત આહાર, **अपरिसुद्धं** – અશુદ્ધ આહાર, **परिग्गहियं** – ગ્રહણ કર્યો હોય, **परिभुत्तं** – ભોગવ્યો હોય, **जं ण परिट्ठवियं** – પરઠવા જેવો આહાર ન પરઠ્યો હોય તો, **तस्स मिच्छामि दुक्कडं** – મારું તે દુષ્કૃત્ય(પાપ) મિથ્યા થાઓ.

**ભાવાર્થ :–**ગોચરચર્યા રૂપ ભિક્ષાચર્યામાં જ્ઞાત કે અજ્ઞાત રૂપે જે અતિચાર-દોષ લાગ્યા હોય તેનું હું પ્રતિક્રમણ કરું છું. તે અતિચાર ક્યા ક્યા છે ? અધખુલ્લા-દરવાજો ખોલીને, કૂતરા, વાછરડા અને બાળ કનો સંઘટ્ટો કરીને પ્રાપ્ત થતો આહાર, અગ્રપિંડ રૂપે, બલિકર્મ માટે કે અન્ય ભિક્ષુકોને આપવા માટે રાખેલો આહાર, આધાકર્મ આદિ દોષની શંકાયુક્ત, સદોષ કે નિર્દોષની વિચારણા કર્યા વિના એકાએક ગ્રહણ થયેલો, આહારની નિર્દોષતાની કસોટી કર્યા વિના ગ્રહણ થયેલો, કીડી આદિ ત્રસ પ્રાણી યુક્ત, બીજયુક્ત, વનસ્પતિ યુક્ત, પશ્ચાત્તકર્મ કે પૂર્વ કર્મના દોષયુક્ત, અદષ્ટ સ્થાનેથી લાવેલો, સચેત પાણી કે સચેત રજથી ખરડાયેલો, વેરાતો, ઢોળાતો આહાર લેવો, પારિષ્ઠાપનિકાયુક્ત-અકલ્પનીય વસ્તુને ફેંકીને તે પાત્રથી દેવાતો, માંગી માંગીને લીધેલો, સોળ ઉદ્‍ગમના સોળ ઉત્પાદનના અને દશ એષણાના દોષયુક્ત ઉપરોક્ત કોઈ પણ દોષયુક્ત અશુદ્ધ આહાર ગ્રહણ કર્યો હોય તથા ભોગવ્યો હોય, દોષિત કે પરઠવા યોગ્ય આહાર પરઠ્યો ન હોય, તો તજ્જન્ય મારું પાપ મિથ્યા થાઓ.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રમાં સાધુને માટે ભિક્ષાચરીના દોષો સંબંધિત પ્રતિક્રમણ છે.

સાધુ જીવન પર્યંત નવકોટિથી અહિંસા મહાવ્રતનું પાલન કરે છે, તેથી તે પોતાના શરીરનો નિર્વાહ સંયમ ભાવે અહિંસક રીતે પ્રાપ્ત થયેલા, હિત, મિત અને સાત્ત્વિક આહાર દ્વારા જ કરે છે. આગમકારોએ અહિંસક રીતે શરીર નિર્વાહ થઈ શકે તે દષ્ટિકોણથી સાધુ માટે ભિક્ષાચરી અને ભિક્ષાચરીના વિવિધ નિયમોનું નિરૂપણ કર્યું છે.

સાધુ સ્વયં ભોજન બનાવતા નથી, બીજાને બનાવવાનું કહેતા નથી, ભોજન બનાવનારની અનુમોદના કરતા નથી. આહાર પ્રાપ્તિ માટે ત્રણ કરણ અને ત્રણ યોગથી દોષ સેવન કરતા નથી, તેથી સાધુનો આહાર નવકોટિ વિશુદ્ધ હોય છે. નિર્દોષ આહારની પ્રાપ્તિ માટે મુખ્યત્વે ત્રણ પ્રકારની એષણાનો વિવેક જરૂરી છે. નિર્દોષ આહારની શોધ કરવા રૂપ **ગવેષણા,** ગૃહસ્થને ત્યાંથી નિર્દોષ રૂપે આહાર ગ્રહણ કરવાની વિધિ રૂપ **ગ્રહણૈષણા** તથા અનાસક્ત ભાવે આહારને ભોગવવા રૂપ **પરિભોગૈષણા**ની શુદ્ધિ જરૂરી છે.

સાધુ તે ત્રણે પ્રકારની એષણાના દોષોને લક્ષમાં રાખીને જ આહાર પ્રાપ્ત કરે છે, તેમ છતાં ક્યારેક જાણતા કે અજાણતા પ્રમાદાદિના કારણે કે સ્વાદને વશ થઈને તે નિયમો કે મર્યાદાનું ઉલ્લંઘન થઈ જાય, અતિચારોનું સેવન થઈ જાય, તો તજ્જન્ય દોષના પ્રતિક્રમણ માટે આ સૂત્ર છે. તેમાં ગોચરી સંબંધી મુખ્ય દોષોનું સંક્ષિપ્ત કથન છે. તેનું વિસ્તૃત વર્ણન શ્રી આચારંગ સૂત્ર બીજો શ્રુતસ્કંધ, શ્રી દશવૈકાલિક સૂત્ર આદિ અનેક આગમ ગ્રંથોમાં છે.

**पडिक्कमामि–** હે ગુરુદેવ ! હું ગોચરી સંબંધી દોષોનું પ્રતિક્રમણ કરવાની ઈચ્છા રાખું છું. સાધુ દેવસી પ્રતિક્રમણ સમયે સર્વ દોષોની આલોચનાની સાથે ગોચરી સંબંધી દોષોની આલોચના કરે છે, તે ઉપરાંત સાધુ ગોચરી દ્વારા આહાર-પાણી લાવ્યા પછી તુરંત ગુરુ સમક્ષ ઉપસ્થિત થઈને ગમનાગમનનું પ્રતિક્રમણ કરે, તેની સાથે જ ગોચરીના દોષોનું પણ ચિંતન કરીને ગુરુ સમક્ષ તેની આલોચના અને પ્રતિક્રમણ કરે છે. ગોચરી લઈને આવ્યા પછી ઈરિયાવહી સૂત્ર અને બીજા શ્રમણ સૂત્રનો કાર્યોત્સર્ગ કરવાની પરંપરા છે. ગૃહસ્થને ત્યાંથી કયા ઘરેથી કેટલો આહાર, કેવી રીતે પ્રાપ્ત થયો છે તેનું પૂર્ણપણે કથન અને તજજન્ય દોષોની આલોચના પછી જ સાધુ આહાર વાપરે છે.

**गोयरचरियाए–** ગોચર ચર્યા. **गोश्चरणं गोचरः, चरणं चर्या, गोचर इव चर्या गोचरचर्या** । જેવી રીતે ખેતરમાં ચરવા માટે ગયેલી ગાય ઘાસને ઉપર-ઉપરથી ખાય છે, તે ઘાસને મૂળમાંથી ઉખેડીને ખાતી નથી, તે જ રીતે સાધુ ગૃહસ્થને બીજીવાર આહાર બનાવવો ન પડે કે અન્ય પ્રકારે પીડા ન થાય, તે રીતે થોડો થોડો આહાર ગ્રહણ કરે છે. મુનિની આહાર પ્રાપ્તિની પદ્ધતિ ગાયની સમાન હોવાથી તેને ગોચરી કહે છે. ગોચરીને લક્ષે ચર્યા-પરિભ્રમણ કરવું, તે ગોચર ચર્યા છે. કેટલીક પ્રતોમાં **गोयरग्गचरियाए** પાઠ જોવા મળે છે. ગોચર પ્રધાન ચર્યા તેવો તેનો અર્થ છે, અર્થમાં તાત્ત્વિક ફેર નથી.

શ્રી દશૈવાકાલિક સૂત્રમાં સાધુની ગોચરી વિધિની તુલના માટે મધુકર-ભ્રમરની ઉપમા આપી છે. **महुकार समा बुद्धा** । ભ્રમર પુષ્પોને પીડા કે કિલામના પહોંચાડ્યા વિના પુષ્પમાંથી રસ ચૂસે છે, તેમ ગૃહસ્થને પીડા ન થાય તે રીતે સાધુ અનેક ઘરેથી થોડો થોડો આહાર ગ્રહણ કરે છે.

**भिक्खायरियाए–** ભિક્ષા ચર્યા. સાધુ ચર્યાના નિયમાનુસાર લાભાલાભની અપેક્ષા વિના ઉચ્ચ-નીચ કુળમાં અદીન ભાવે, અવ્યાકુળ ચિત્તથી ભિક્ષાને માટે પરિભ્રમણ કરવું, તે ભિક્ષાચર્યા છે. ભિક્ષાચર્યા શબ્દ પ્રયોગ સાધુની ભિક્ષાચરી માટે થતી પરિભ્રમણની પદ્ધતિને અને ગોચરચર્યા શબ્દપ્રયોગ ગૃહસ્થને ત્યાંથી આહાર ગ્રહણ કરવાની પદ્ધતિને પ્રગટ કરે છે.

**उग्घाडकवाडउग्घाडणाए :–** સામાન્ય રીતે ગૃહસ્થના બંધ અથવા અર્ધા ખુલ્લા દરવાજાને પૂરા ખોલીને ગૃહસ્થના ઘરમાં પ્રવેશ કરવો, તે સાધુને માટે યોગ્ય નથી. તથાપ્રકારનો વ્યવહાર સાધુની અસભ્યતાને પ્રગટ કરે છે. ગૃહસ્થ ઘરની અંદર કોઈ વિશેષ વ્યાપારમાં સંલગ્ન હોય અને સાધુ અચાનક દરવાજો ખોલીને અંદર આવે તો ગૃહસ્થ ક્ષોભ પામે અને તે સાધુની અસભ્યતા પ્રગટ થાય છે. તે ઉપરાંત ગૃહસ્થ બંધ દ્વાર ખોલીને આહાર, પાણી વહોરાવે, તે પણ સાધુ માટે દોષરૂપ છે. ગૃહસ્થ જોયા કે પોંજ્યા વિના દરવાજા ખોલે અને બંધ કરે છે, તેમાં જીવ વિરાધનાની સંભાવના છે, તેમ જ અસુઝતાં આહાર-પાણીને સુઝતાં કરીને દરવાજો ખોલે છે, તેથી સાધુ બંધ દરવાજા ખોલીને ગૃહસ્થના ઘરમાં પ્રવેશ કરે નહીં કે ગૃહસ્થ બંધ દરવાજા ખોલીને આહાર-પાણી વહોરાવે, તો પણ ગ્રહણ કરે નહીં. જો કોઈ વિશેષ પરિસ્થિતિમાં આવશ્યક વસ્તુ લેવી હોય અને તદર્થ દરવાજો ખોલવો પડે તો યતનાથી સ્વયં ખોલે અથવા ખોલાવી શકે છે, આ અપવાદમાર્ગ છે.

**साणा–वच्छा–दारा संघट्टणाए–** સાધુ માર્ગમાં રહેલા કૂતરાઓ, વાછરડાઓ તથા બાળકોનો સંઘટ્ટો(સ્પર્શ) થાય તે રીતે તેને ઓળંગીને ગૃહસ્થના ઘરમાં ભિક્ષા માટે પ્રવેશ થઈ શકે તેમ હોય, તો તે રીતે પ્રવેશ કરે નહીં. આ પ્રમાણે ભિક્ષા લેવામાં સાધુની અસભ્યતા પ્રતીત થાય છે અને આ પ્રવૃત્તિ દ્વારા જીવ વિરાધનાનો દોષ લાગે છે. મૂળ પાઠમાં દારા શબ્દ છે, તેનો અર્થ સ્ત્રી થાય છે. પ્રસ્તુત પ્રસંગમાં ટીકાકાર બાળક અર્થ ગ્રહણ કરે છે.

**मंडी पाहुडियाए**– મંડી પ્રાભૃતિકા. નિર્દોષ આહાર સામગ્રી સાધુને વહોરાવવા માટે એક જગ્યાએ એકત્રિત કરીને રાખી હોય અથવા તૈયાર કરેલા આહારમાંથી પુણ્યાર્થે કોઈને દેવા માટે આહાર નિશ્ચિત કરીને અલગ રાખ્યો હોય, તેવા અગ્રપિંડ રૂપ આહાર ગ્રહણ કરવો, તે મંડીપાહુડિયા દોષ છે.

**बलि पाहुडियाए**– બલિ પ્રાભૃતિકા. બલિકર્મ માટે અર્થાત્ શ્રાદ્ધ આદિ પ્રસંગે કાગડા આદિ પક્ષીઓને માટે ચારે દિશામાં ફેંકવા માટે રાખેલો આહાર ગ્રહણ કરવો, તે બલિપાહુડિયા દોષ છે.

**ठवणा पाहुडियाए–સ્થાપના પ્રાભૃતિકા :–** સાધુના ઉદ્દેશથી અથવા અન્ય ભિક્ષુકો માટે અલગ કાઢીને રાખેલા આહારમાંથી ભિક્ષા લેવી તે સ્થાપના દોષ થાય છે. આ પ્રમાણે ગ્રહણ કરવાથી અંતરાય દોષ લાગે છે.

**संकिए :–** આહાર લેતા સમયે આહારના સંબંધમાં કોઈ પણ પ્રકારના આધાકર્માદિ દોષની આશંકા હોય તો તેવો આહાર સાધુએ લેવો ન જોઈએ. દોષનો નિશ્ચય ન હોય, માત્ર દોષની સંભાવના જ હોય તો પણ તે શંકિત આહાર સાધુને માટે વર્જિત છે. સાધનાના માર્ગમાં અંશ માત્ર પણ આશંકાની ઉપેક્ષા ક્ષમ્ય નથી. દોષની આશંકા હોવા છતાં આહાર ગ્રહણ કરવો, તે સાધુની માનસિક દુર્બળતા તથા આસક્તિ ભાવને પ્રગટ કરે છે.

**सहसाकारे :–** એકાએક શીઘ્રતાથી ગ્રહણ કરવો. પ્રત્યેક કાર્ય વિવેક અને વિચાર પૂર્વક થવું જોઈએ. શીઘ્રતાથી કે ઝડપથી કાર્ય કરવું લૌકિક અને લોકોત્તર બંને દષ્ટિકોણથી અહિતકારી છે. શીઘ્રતાથી કાર્ય કરવામાં કાર્યના ગુણ–દોષ તરફ લક્ષ્ય રહેતું નથી. ઉતાવળ મનુષ્યના છીછરાપણાનું પ્રગટીકરણ છે. આહારની નિર્દોષતાનો વિચાર કર્યા વિના આહાર ગ્રહણ કરવો, તે સહસાકાર દોષ છે.

**अणेसणाए**– ગવેષણા, ગ્રહણૈષણા અને પરિભોગૈષણા, આ ત્રણે પ્રકારની એષણાની શુદ્ધિ વિના અનેષણિક ભોજન–પાણી ગ્રહણ કર્યા હોય. સાધુને પ્રાસુક-જીવ રહિત અચેત પદાર્થો કલ્પનીય છે. તે પદાર્થો પ્રાસુક હોવાની સાથે ત્રણે પ્રકારની એષણાના દોષ રહિત નિર્દોષ હોવા પણ જરૂરી છે, તેથી જ સાધુને ગ્રાહ્ય પદાર્થોના કથનમાં નિર્દોષ અને પ્રાસુક અથવા પ્રાસુક અને એષણીય, આ બંને શબ્દોનો પ્રયોગ થાય છે.

**पाणभोयणाए.....** લીલ-ફૂગ, કીડી, મંકોડા આદિ જીવયુક્ત આહાર, જેમ કે– મંકોડા ચડી ગયા હોય, તેવા મીઠાઈ આદિ ખાદ્ય પદાર્થો, દાડમના દાણા નાંખેલો ફ્રૂટ સલાડાદિ બીજ સહિતનો આહાર, ગુલાબની લીલી પાંદડીઓ નાંખેલો શ્રીખંડ વગેરે લીલી વનસ્પતિ સહિતનો આહાર, નિર્દોષ અને એષણીય હોવા છતાં તે અપ્રાસુક–જીવ યુક્ત હોવાથી સાધુ માટે અગ્રાહ્ય છે.

ઘણી આધુનિક પ્રતોમાં **अणेसणाए** પછી **पाणेसणाए** અને **अणभोयणाए** શબ્દો જોવા મળે છે, પરંતુ પ્રાચીન પ્રતોમાં તેનો ઉલ્લેખ પ્રાપ્ત થતો નથી, હરિભદ્રસૂરિ આદિ આચાર્યોએ આવશ્યક ટીકામાં પણ તેનો ઉલ્લેખ કર્યો નથી, તે શબ્દપ્રયોગ પણ અપ્રાસંગિક લાગે છે.

**पच्छाकम्मियाए**– પશ્ચાતકર્મ દોષયુક્ત આહાર. સાધુને આહાર વહોરાવ્યા પછી સાધુના નિમિત્તે ગૃહસ્થ આરંભ સમારંભ કરે, તે **પશ્ચાત્કર્મ દોષ** છે. જેમ કે– સાધુ ગૃહસ્થને ત્યાંથી અધિક માત્રામાં આહાર ગ્રહણ કરી લે, તો ગૃહસ્થને પાછળથી પોતાના માટે બીજી વાર રસોઈ બનાવવી પડે છે અથવા સાધુને વહોરાવ્યા પછી ગૃહસ્થ પોતાના હાથ, ચમચો આદિ વાસણ ધુએ, વગેરે પ્રવૃત્તિમાં થતો આરંભ સમારંભ પાછળથી સાધુના નિમિત્તે થાય છે, તેવો પશ્ચાત્ કર્મદોષ યુક્ત આહાર સાધુને અગ્રાહ્ય છે. તેવા

પ્રસંગોમાં સાધુએ વિવેક રાખવો જરૂરી છે.

**पुरेकम्मियाए**– પૂર્વકર્મ દોષયુક્ત આહાર. સાધુને આહાર વહોરાવતાં પહેલા ગૃહસ્થ સાધુના નિમિત્તે આરંભ-સમારંભ કરે, તે પૂર્વકર્મ દોષ છે. જેમ કે– હાથ કે વાસણાદિ ધોઈને આહાર વહોરાવવો.

**अदिट्ठहडाए–અદષ્ટતાહૃતા :–** ન દેખાતી જગ્યાએથી લાવેલી વસ્તુ ગ્રહણ કરવી, સામાન્ય રીતે સાધુ પોતાની નજરે દેખાતા પદાર્થોની જ સદોષતા કે નિર્દોષતાની કસોટી કરી શકે છે. નજરે ન દેખાતી વસ્તુ ગૃહસ્થ કોઠાર આદિ સ્થાનોમાંથી લાવીને આપે, તો તેમાં અનેક દોષોની સંભાવના છે, જેમ કે વહોરાવવા યોગ્ય અચેત પદાર્થો કોઈ સચેત પદાર્થોથી સ્પર્શિત હોય, કોઠારમાંથી વસ્તુ કાઢવા માટે ક્યારેક લાઈટ આદિ દ્વારા અગ્નિનો સમારંભ કરે, ક્યારેક અસુઝતા પદાર્થોને સુઝતા કરીને બહાર લાવે આવી પ્રવૃત્તિમાં જીવવિરાધનાની સંભાવના હોવાથી અદૃષ્ટતાહૃતા–ન દેખાતી જગ્યાએથી લાવેલા પદાર્થો સાધુને માટે અગ્રાહ્ય છે.

**दगसंसट्ठहडाए.....** સચેત પાણીથી સંસક્ત આહાર, જેમ કે– નિર્દોષ અને પ્રાસુક ખાદ્ય પદાર્થના ડબ્બા પર પાણીના છાંટા ઊડ્યા હોય અથવા વહોરાવનાર ગૃહસ્થના હાથ ભીના હોય, તે જ રીતે સચેત રજથી સંસક્ત આહાર હોય, તો તે આહાર સ્વયં અચેત હોવા છતાં સચેત પૃથ્વી કે પાણીના જીવોથી સંસક્ત હોવાથી સાધુ માટે અગ્રાહ્ય છે.

**पारिसाडणियाए**– વહોરાવનાર વ્યક્તિ વેરાતો, ઢોળાતો આહાર વહોરાવે, તો ત્યાં કીડી આદિ જીવજંતુઓ આવે અને ગૃહસ્થ તેને અયતનાથી સાફ કરે, આ રીતે તેમાં જીવવિરાધનાની સંભાવના હોવાથી તથાપ્રકારનો આહાર સાધુ ગ્રહણ કરતા નથી.

**पारिठावणियाए**– પાત્રમાં પડેલી અકલ્પનીય વસ્તુને ખાલી કરીને તે જ પાત્રથી આહાર વહોરાવવો, તે પરિસ્થાપનિકાદોષ છે. જેમ કે સચેત પાણી ભરેલા પાત્રનું પાણી ઢોળીને તે પાત્રથી સાધુને અન્ય કોઈ પણ વસ્તુ વહોરાવે અથવા પરઠવા યોગ્ય કે બગડી ગયેલા પદાર્થો ગ્રહણ કરવા, તે પણ પરિસ્થાપનિકા દોષ છે.

**ओहासण भिक्खाए**– માંગી-માંગીને ભિક્ષા પ્રાપ્ત કરવી. પોતાની આવશ્યકતા પ્રમાણે સંયમ સમાચારી અનુસાર કોઈ પણ વસ્તુની યાચના કરવી, તે સાધુનો ધર્મ છે પણ ભિખારીની જેમ દીનતાપૂર્વક ગૃહસ્થ પાસે યાચના કરવી અથવા રસેન્દ્રિયના પોષણ માટે કોઈ વિશિષ્ટ વસ્તુની માંગણી કરવી, તે ઉત્પાદનના સોળ દોષમાંથી વનીપક નામનો એક દોષ છે.

સાધુ કેવળ દેહ નિર્વાહ માટે જ આહાર કરે છે. સંયમ સમાચારીને કે પોતાના લક્ષને ભૂલીને સાધુ મનગમતા આહાર માટે ઘર-ઘરમાં ફર્યા કરે, ઈષ્ટ વસ્તુની માંગણી કરે, તો તેમાં સાધુ સ્વયં સાધુધર્મથી ચલિત થાય અને શાસનની લઘુતા થાય છે. કોઈ વિશિષ્ટ કારણવશ વિશિષ્ટ વસ્તુની આવશ્યકતા હોય, તો સાધુ વિવેકી ગૃહસ્થ પાસે વિવેકપૂર્વક, અનાસક્ત ભાવે તેની યાચના કરી શકે છે.

**जं उग्गमेणं, उप्पायणेसणाए**– ઉદ્‌ગમના, ઉત્પાદનના અને એષણાના દોષયુક્ત આહાર ગ્રહણ થયો હોય. આહારની શુદ્ધિ માટે સાધુએ ત્રણે પ્રકારની એષણાની શુદ્ધિનું ધ્યાન રાખવું જરૂરી છે અને ત્રણે પ્રકારની એષણાની શુદ્ધિ માટે સાધુ ઉદ્‌ગમ આદિ ત્રણે પ્રકારના દોષોને યથાર્થ રૂપે જાણીને તેનો ત્યાગ કરે છે.

નિર્દોષ આહારની ગવેષણા માટે ગૃહસ્થ દ્વારા લાગતા સોળ ઉદ્‌ગમના દોષો, સાધુ દ્વારા લાગતા સોળ ઉત્પાદનના દોષો તથા નિર્દોષ આહારની પ્રાપ્તિ માટે અર્થાત્ ગ્રહણૈષણાની શુદ્ધિ માટે ગૃહસ્થ અને સાધુ, બંને દ્વારા લાગતાં દશ એષણાના દોષોનો ત્યાગ જરૂરી છે અને પ્રાપ્ત થયેલા તે આહારને રસાસ્વાદ

વિના અનાસક્ત ભાવે ભોગવવા રૂપ પરિભોગૈષણાની શુદ્ધિ માટે પાંચ માંડલાના દોષોનો ત્યાગ જરૂરી છે. આ રીતે ૧૬ ઉદ્‌ગમના + ૧૬ ઉત્પાદનના + ૧૦ એષણાના દોષ = ૪૨ દોષ અને પાંચ માંડલાના દોષ ઉમેરતાં ૪૭ દોષ થાય છે. સાધુની આહાર પ્રાપ્તિ અને આહાર પરિભોગની ક્રિયા ૪૭ દોષ રહિત હોય છે. ગોચરી સંબંધિત દોષોના વિસ્તૃત વર્ણન માટે જુઓ શ્રી દશવૈકાલિક સૂત્ર પરિશિષ્ટ–૩.

**अपरिसुद्धं परिग्गहियं**– ઉપરોક્ત **उग्घाडकवाड उग्घाडणाए** થી લઈને **उप्पायणेसणाए** સુધીના દોષયુક્ત અશુદ્ધ આહાર જાણતાં કે અજાણતાં ગ્રહણ થઈ ગયો હોય.

**परिभुत्तं**– તે અશુદ્ધ આહાર ભોગવ્યો–વાપર્યો હોય.

**जं न परिठवियं**– પરઠવા યોગ્ય આહારને પરઠ્યો ન હોય. સાધુચર્યાના નિયમાનુસાર સાધુએ નિર્દોષ અને પ્રાસુક આહાર જ વાપરવો જોઈએ. પ્રમાદાદિ કોઈ પણ કારણથી જાણતા કે અજાણતા આધાકર્મ આદિ દોષયુક્ત આહાર ગ્રહણ થઈ ગયો હોય અને પાછળથી સાધુને આહારની સદોષતા જણાય, તો તે દોષિત આહાર સાધુએ પરઠી દેવો જોઈએ. ક્યારેક સચેત–ત્રસ કે સ્થાવર જીવોથી સંસક્ત આહાર, જેમ કે– લીલફૂગવાળા પદાર્થો, બીજ સહિતના ફળ વગેરે ગ્રહણ થઈ ગયા હોય, તો તેમાંથી જીવને પૃથક્ કરવાની શક્યતા હોય, તો તે ખાદ્ય પદાર્થમાંથી સાધુ યતનાપૂર્વક તે જીવોને દૂર કરીને શેષ રહેલો આહાર વાપરે અને જો જીવો ઘણા હોય અને તેને દૂર કરવા શક્ય ન હોય, તો સાધુએ તે આહાર પરઠી દેવો જોઈએ. શ્રી આચારાંગ સૂત્રના દ્વિતીય શ્રુતસ્કંધમાં તેનું વિસ્તૃત વર્ણન છે.

આ રીતે દોષયુક્ત કે સચેત પરઠવા યોગ્ય આહાર પરઠ્યો ન હોય, તો તે સાધુ જીવન માટે દોષરૂપ છે.

**तस्स मिच्छामि दुक्कडम्**– ગોચરી સંબંધી મારા દુષ્કૃત્યો-દોષો મિથ્યા થાઓ. આ રીતે સાધુ ગોચરી સંબંધિત દોષોનું પ્રતિક્રમણ કરીને પ્રાપ્ત થયેલા નિર્દોષ અને પ્રાસુક આહાર ગુરુને અથવા રત્નાધિક સંતોને બતાવીને, તેમાંથી વડીલ, ગ્લાન, વૃદ્ધ, તપસ્વી કે શૈક્ષ-નવદીક્ષિત સંતોને આમંત્રણ કરીને, તેમની આવશ્યકતા પ્રમાણે તે-તે સંતોની ઈચ્છાનુસાર આપીને, ત્યારપછી શેષ રહેલા આહારને સાધુ અનાસક્ત ભાવે વાપરીને પોતાના દેહનો નિર્વાહ કરે છે.

## પાઠ–૭ : ત્રીજું શ્રમણ સૂત્ર

**કાલ પ્રતિલેખના દોષ પ્રતિક્રમણ :–**

**૧ पडिक्कमामि चाउक्कालं सज्झायस्स अकरणयाए उभओकालं भंडोवगरणस्स अप्पडिलेहणाए दुप्पडिलेहणाए अप्पमज्जणाए दुप्पमज्जणाए अइक्कम्मे वइक्कम्मे अइयारे अणायारे जो मे देवसिओ अइयारो कओ तस्स मिच्छामि दुक्कडम् ।**

**શબ્દાર્થ :–** **पडिक्कमामि** – પ્રતિક્રમણ કરું છું, **चाउक्कालं** – ચાર કાળમાં, **सज्झायस्स** – સ્વાધ્યાય, **अकरणयाए** – કર્યો ન હોય, **उभओकालं** – બંને કાળમાં, **भंडोवगरणस्स** – ભંડોપકરણની, **अप्पडिलेहणाए** – પ્રતિલેખન ન કર્યું હોય, **दुप्पडिलेहणाए** – દુષ્પ્રતિલેખન કર્યું હોય, **अप्पमज्जणाए** – પ્રમાર્જન ન કર્યું હોય, **दुप्पमज्जणाए** – દુષ્પ્રમાર્જન કર્યું હોય, **अइक्कम्मे** – અતિક્રમ, **वइक्कम्मे** – વ્યતિક્રમ **अइयारे** – અતિચાર, **अणायारे** – અનાચાર સંબંધી, **जो मे** – જે મેં, **देवसिओ** – દિવસ સંબંધી,

**अइयारो** – અતિચાર દોષ, **कओ** – કર્યા હોય, **तस्स** – તે, **मिच्छामि दुक्कडम्** – મારા દુષ્કૃત્યો મિથ્યા થાઓ.

**ભાવાર્થ :–** સ્વાધ્યાય તથા પ્રતિલેખના સંબંધી પ્રતિક્રમણ કરું છું. પ્રમાદવશ દિવસ અને રાત્રિના પ્રથમ તથા અંતિમ પ્રહર રૂપ ચાર કાલમાં સ્વાધ્યાય કર્યો ન હોય, પ્રાતઃકાલ તથા સંધ્યા કાલ, આ બંને કાળમાં વસ્ત્ર-પાત્ર આદિ ભંડોપકરણની પ્રતિલેખના કરી ન હોય, સારી રીતે પ્રતિલેખના ન કરી હોય, પ્રમાર્જના ન કરી હોય, સારી રીતે પ્રમાર્જના કરી ન હોય, અતિક્રમ, વ્યતિક્રમ, અતિચાર અને અનાચાર દોષનું સેવન થયું હોય, વગેરે દિવસ સંબંધી જે અતિચાર-દોષ લાગ્યા હોય, તે સર્વ પાપ મારા મિથ્યા-નિષ્ફળ થાઓ.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રનું નામ કાલ પ્રતિલેખન સૂત્ર છે. શ્રી ઉત્તરાધ્યયન સૂત્રમાં કાલપ્રતિલેખનનો મહાન લાભ પ્રદર્શિત કર્યો છે. **कालपडिलेहणयाए णं णाणावरणिज्जं कम्मं खवेइ ।** કાલ પ્રતિલેખન યથાસમયે યોગ્ય કાર્ય કરનાર વ્યક્તિ જ્ઞાનાવરણીય કર્મનો ક્ષય કરે છે અને જ્ઞાન ગુણને પ્રગટ કરે છે.

પ્રત્યેક વસ્તુની ઉત્પત્તિમાં, સુરક્ષામાં, સંયુક્તને વિયુક્ત કરવામાં અને વિયુક્તને સંયુક્ત કરવામાં 'કાલ'નું મહત્વપૂર્ણ સ્થાન છે. તેથી જ જીવનની પ્રગતિ માટે, સાધનાના પ્રત્યેક અંગને ઉજાગર કરવા માટે કાલ પ્રતિલેખના અત્યંત આવશ્યક છે.

સાધકને અપ્રમત્ત ભાવમાં રહેવા માટે આગમકારોએ શ્રી ઉત્તરાધ્યયન સૂત્રના સમાચારી નામના છવ્વીસમાં અધ્યયનમાં સાધુને માટે દિવસ અને રાત્રિકાલની સમય સારણીનું કથન કર્યું છે. સાધુ દિવસના પ્રથમ પ્રહરમાં સ્વાધ્યાય, બીજા પ્રહરમાં ધ્યાન, ત્રીજા પ્રહરમાં ભિક્ષાચરી અને ચોથા પ્રહરમાં પુનઃ સ્વાધ્યાય કરે છે. તેમજ દિવસના પ્રથમ પ્રહરના પ્રથમ ચતુર્થ ભાગમાં અને ચોથા પ્રહરના અંતિમ ચતુર્થ ભાગમાં પોતાના ભંડોપકરણના પ્રતિલેખનનું વિધાન છે. તે જ રીતે રાત્રિના પ્રથમ પ્રહરમાં સ્વાધ્યાય, બીજા પ્રહરમાં ધ્યાન, ત્રીજા પ્રહરમાં નિદ્રા અને ચોથા પ્રહરમાં પુનઃ સ્વાધ્યાય કરે છે.

આ રીતે સાધુને આઠ પ્રહરના દિવસ-રાત્રિમાં ચાર પ્રહર સ્વાધ્યાય અને બે વાર પ્રતિલેખન કરવાનું વિધાન છે. સાધુ પ્રમાદાદિને વશ થઈને સમાચારીને ભૂલી જાય, આવશ્યક કર્તવ્યોથી ચલિત થાય, તો તજ્જન્ય પાપદોષના સેવનનું પ્રતિક્રમણ, આ સૂત્ર દ્વારા થાય છે.

**पडिक्कमामि**– હે પ્રભો ! હું પ્રતિક્રમણ કરવાની ઈચ્છા રાખું છું.

**चाउकालं**– ચાર કાલમાં. દિવસ અને રાત્રિના પ્રથમ અને ચતુર્થ પ્રહરરૂપ ચાર કાલમાં

**सज्झायस्स**– સ્વાધ્યાય. સ્વાધ્યાય સાધક જીવનને પરિપક્વ બનાવવા માટેનું આવશ્યક અંગ છે. સ્વાધ્યાય પરમ તપ છે. નવું જ્ઞાન પ્રાપ્ત કરવા અને ભણેલા જ્ઞાનને પુષ્ટ બનાવવા તેમ જ જ્ઞાનાવરણીય કર્મનો નાશ કરવા સ્વાધ્યાય અમોઘ સાધન છે. વિવિધ વિદ્વાનોએ સ્વાધ્યાય શબ્દની જુદી જુદી વ્યાખ્યાઓ આપી છે.

(૧) **अध्ययनं अध्यायः शोभनोऽध्यायः स्वाध्यायः** ।– (૨) **सुष्ठु अध्याय** – સ્વાધ્યાય છે. આત્મ કલ્યાણકારી પઠન–પાઠનરૂપ શ્રેષ્ઠ અધ્યયનને સ્વાધ્યાય કહે છે.

(૩) **सुष्ठु आ मर्यादया अधीयते इति स्वाध्यायः** । –શ્રી અભયદેવસૂરિકૃત સ્થાનાંગ વૃત્તિ. સુષ્ઠુ – મર્યાદાપૂર્વક સારી રીતે અધ્યયન કરવું, તે સ્વાધ્યાય છે. (૪) અન્યની સહાયતા વગર સ્વયં

અધ્યયન કરવું તથા અધ્યયન કર્યું હોય, તેનું મનન અને નિદિધ્યાસન કરવું, તે સ્વાધ્યાય છે. (૫) **स्वस्यात्मनोऽ- ध्ययनम्** પોતે-પોતાનું અધ્યયન કરવું. પોતાની વૃત્તિ અને પ્રવૃત્તિનું નિરીક્ષણ કરવું, તે સ્વાધ્યાય છે. જૈનશાસ્ત્રકારોએ સ્વાધ્યાયના પાંચ ભેદ કહ્યા છે. વાચના, પૃચ્છના, પરિયટ્ટણા, અનુપ્રેક્ષા અને ધર્મકથા. (૧) **વાંચના–** ગુરુમુખેથી સૂત્ર તથા અર્થનું વાંચન કરવું, તે વાચના છે, (૨) **પૃચ્છના–** શાસ્ત્ર પાઠનું ચિંતન-મનન કરતાં કોઈ વિષયમાં શંકા થવા પર સમાધાનના દષ્ટિકોણથી તદ્‌વિષયક ગુરુદેવને પૂછવું, તે પૃચ્છના છે,(૩) **પરિયટ્ટણા–** સૂત્ર તથા અર્થ વિસ્મૃત ન થઈ જાય, તે માટે વારંવાર તેનું પુનરાવર્તન કરવું, તે પરિયટ્ટણા છે. તેના માટે પરિવર્તના, ગોખવું, ફેરવવું ઈત્યાદિ શબ્દ પ્રયોગ થાય છે,(૪) **અનુપ્રેક્ષા–** સૂત્ર વાચનાના સંબંધમાં સાત્ત્વિક ચિંતન કરવું, તે અનુપ્રેક્ષા છે. અનુપ્રેક્ષા સ્વાધ્યાયનું મહત્ત્વપૂર્ણ અંગ છે, (૫) **ધર્મકથા–** વાચના, પૃચ્છના, પરિયટ્ટણા, અનુપ્રેક્ષા પછી તત્ત્વનું વાસ્તવિક સ્વરૂપ સુદઢ થઈ જાય ત્યારે જનકલ્યાણ માટે ધર્મોપદેશ કરવો, તે ધર્મકથા છે.

આ પાંચે પ્રકારના સ્વાધ્યાયથી સાધકને તીર્થંકરોની તથા પૂર્વાચાર્યોની પરંપરાથી આવી રહેલી જ્ઞાનરાશિનો દિવ્ય પ્રકાશ પ્રાપ્ત થાય છે. તેના દ્વારા સાધક સ્વયં પોતાના સાધના પથને નિહાળી શકે છે. સ્વાધ્યાયના માધ્યમથી જ સાધક સ્વાવલંબી, સુદઢ અને સબળ બને છે. સ્વાધ્યાયની મહત્તાને સ્વીકારીને જ શાસ્ત્રકારોએ સાધકના દૈનિક કૃત્યમાં સ્વાધ્યાયને આગવું સ્થાન આપ્યું છે.

**अकरणाए–** પ્રમાદને વશ થઈને ચાર પ્રહરમાં સ્વાધ્યાય ન કર્યો હોય.

**उभओकालं–** સૂર્યોદય સમયે અને સૂર્યાસ્ત પહેલા, આ બંને કાલમાં

**भंडोवगरणस्स–** ભંડોપકરણ. ભંડ – પાત્ર અને ઉપકરણ – સંયમી જીવનમાં ઉપયોગી સાધુની અન્ય આવશ્યક ઉપધિ.

તે ઉપધિના બે પ્રકાર છે– રજોહરણ, વસ્ત્ર, પાત્ર, ગુચ્છો વગેરે જે ઉપધિ હંમેશાં સાધુની પોતાની નિશ્રામાં રાખી શકાય છે, તેને **ઔઘિક ઉપધિ** કહે છે અને પાટ, પાટલા, સંસ્તારક આદિ આવશ્યકતા પ્રમાણે સાધુ ગૃહસ્થ પાસેથી પાઢીહારી-પાછું આપવાની શરતે લઈ આવે છે, તે **ઔપગ્રહિક ઉપધિ** છે. આ બંને પ્રકારની ઉપધિનું દિવસમાં બે વાર પ્રતિલેખન અને પ્રમાર્જન કરવાનું હોય છે.

**अप्पडिलेहणाए.....** પ્રતિલેખન ન કર્યું હોય અથવા માઠી રીતે(ઉપયોગ વિના, જેમ-તેમ) પ્રતિલેખન કર્યું હોય, પોંજ્યું ન હોય અથવા માઠી રીતે પોંજ્યું હોય

**પ્રતિલેખન : પ્રમાર્જન– प्रत्युपेक्षणा–मूलत एव चक्षुषा निरीक्षणा ।** જીવ રક્ષાની ભાવનાથી વસ્તુનું વ્યવસ્થિત રીતે આંખ દ્વારા નિરીક્ષણ કરવું, તે **પ્રતિલેખન** છે. શ્રી ઉત્તરાધ્યયન સૂત્રના 'સમાચારી' અધ્યયનમાં વસ્ત્ર પ્રતિલેખન વિધિનું વિસ્તૃત વર્ણન છે. તે શાસ્ત્રોક્ત વિધિ અનુસાર પ્રતિલેખન ન કરવું અથવા શૂન્ય મનસ્ક પણે ઉપયોગ વિના પ્રતિલેખન કરવું, તે **દુષ્ટ પ્રતિલેખન** છે.

પ્રતિલેખન કર્યા પછી જો તે ઉપધિ ઉપર કોઈ જીવજંતુ જણાય, તો તેને ગુચ્છાથી યતનાપૂર્વક દૂર કરવા, ગુચ્છા જેવા મુલાયમ સાધન દ્વારા તે ઉપધિને સાફ કરવાની ક્રિયાને **પ્રમાર્જન** કહે છે. તે ક્રિયા જીવ દયાના લક્ષ વિના અયતનાપૂર્વક થાય, તો તે **દુષ્ટ પ્રમાર્જન** છે.

સાધુ પોતાના ઉપકરણનું પ્રતિલેખન કરે અને ત્યારપછી પ્રમાર્જન કરે છે, આ રીતે પ્રતિલેખન અને પ્રમાર્જન બંને ક્રમિક ક્રિયાઓ છે.

સાધુની પાસે વસ્ત્ર, પાત્ર આદિ જેટલી ઉપધિ હોય તેનું દિવસમાં બે વાર–પ્રાતઃકાલે અને સાયંકાલે પ્રતિલેખન કરવાનું હોય છે. ઉપધિને જોયા વગર ઉપયોગમાં લેવાથી હિંસાનો દોષ લાગે છે. ઉપધિમાં સૂક્ષ્મ જીવોની ઉત્પત્તિની તથા અન્ય કોઈ જીવો તેનો આશ્રય લઈને રહ્યા હોય તેવી સંભાવના રહે છે, તેથી પ્રત્યેક વસ્તુનું સૂક્ષ્મ નિરીક્ષણ કરવું જોઈએ. જો કોઈ જીવ દષ્ટિ ગોચર થાય તો તેને પ્રમાર્જન કરી કોઈ પણ પ્રકારની પીડા-દુઃખ ન થાય તે રીતે એકાંત સ્થાનમાં મૂકવા જોઈએ અને કોઈ જીવ દષ્ટિગોચર ન થાય, તો પણ સાધુએ જીવદયાની ભાવનાથી પ્રમાર્જન કરવું જોઈએ. તેનાથી આરાધનાનો લાભ મળે છે તથા તેનું અહિંસા મહાવ્રત પુષ્ટ થાય છે. આ સૂત્રમાં પ્રતિલેખનની ક્રિયા દ્વારા શિષ્યોના કર્તવ્ય ક્ષેત્રની જાગરુકતા તથા પ્રથમ અહિંસા મહાવ્રતની સૂક્ષ્મ સાધનાનું નિરૂપણ છે.

**અતિક્રમાદિ ચાર પ્રકારના દોષ :–** પ્રત્યેક વ્રતનું પાલન કરતાં છદ્મસ્થ સાધકોને ચાર પ્રકારે દોષ સેવનની સંભાવના છે. (૧) અતિક્રમ, (૨) વ્યતિક્રમ, (૩) અતિચાર, (૪) અનાચાર.

**(૧) અતિક્રમ–** ગ્રહણ કરેલા વ્રત અથવા પ્રતિજ્ઞાભંગ કરવાનો સંકલ્પ.**(૨) વ્યતિક્રમ–** વ્રત ભંગ કરવા માટે ઉદ્યમશીલ થવું. **(૩) અતિચાર–** વ્રત ભંગ કરવા માટેની સામગ્રી ભેગી કરવી. **(૪) અનાચાર–** વ્રત ભંગ કરી નાખવું.

આચાર્ય હરિભદ્રજીએ વ્યાખ્યામાં અતિક્રમ આદિ ચાર દોષને સમજાવવા એક પ્રાચીન ગાથા ઉદ્‌ધૃત કરી છે.

**आधाकम्म-णिमंतण पडिसुणमाणे अइक्कमो होइ ।**
**पय-भेयाइ वइक्कम गहिए तइए यरो गिलिए ॥**

(૧) આધાકર્મી આહારના નિમંત્રણનો સ્વીકાર કરવો તે અતિક્રમ દોષ છે, (૨) આધાકર્મી આહાર ગ્રહણ કરવા માટે પગ ઉપાડવો, તે વ્યતિક્રમ દોષ છે, (૩) આધાકર્મી આહાર ગ્રહણ કરવો, તે અતિચાર દોષ છે અને (૪) અને ત્રીજાથી ઈતર અર્થાત્ તે આહારને વાપરવો, તે ચોથો અનાચાર દોષ છે.

અહિંસા, સત્ય આદિ પાંચ મહાવ્રત રૂપ મૂલ ગુણોમાં અતિક્રમ, વ્યતિક્રમ, અતિચાર, આ ત્રણ પ્રકારના દોષ સેવનથી વ્રતમાં મલિનતા આવે પરંતુ વ્રત સર્વથા નષ્ટ થતું નથી, તેથી તેની શુદ્ધિ આલોચના અને પ્રતિક્રમણ દ્વારા કરવાનું વિધાન છે, પરંતુ જો મૂળગુણોમાં અનાચાર દોષથી ચારિત્ર ખંડિત થાય છે, તેવા દોષોની શુદ્ધિ માટે માત્ર આલોચના તથા પ્રતિક્રમણ જ પર્યાપ્ત નથી. તેની શુદ્ધિ માટે ગુરુ પ્રદત્ત પ્રાયશ્ચિત્તનું વિધાન છે.

ઉત્તર ગુણોમાં અતિક્રમ આદિ ચારેય પ્રકારના દોષોના સેવનથી ચારિત્રમાં મલિનતા આવે છે, પરંતુ ચારિત્રનો ભંગ થતો નથી, તેથી તેની શુદ્ધિ આલોચના અને પ્રતિક્રમણથી થઈ શકે છે. સ્વાધ્યાય અને પ્રતિલેખના ઉત્તર ગુણ છે, તેથી તેમાં લાગેલા ચારે ય પ્રકારનાં દોષની શુદ્ધિ આલોચના અને પ્રતિક્રમણથી થાય છે. તેનું પ્રતિક્રમણ આ સૂત્ર દ્વારા કરવામાં આવે છે.

સંક્ષેપમાં મૂળગુણમાં અતિક્રમ, વ્યતિક્રમ અને અતિચાર સુધીના દોષો અને ઉત્તર ગુણમાં અતિક્રમ, વ્યતિક્રમ, અતિચાર અને અનાચાર સુધીના દોષોની શુદ્ધિ પ્રતિક્રમણથી થાય છે.

**जो मे देवसिओ अइआरो कओ–** આ રીતે કાલ પ્રતિલેખન સૂત્ર સાધકની ક્ષણ ક્ષણની જાગૃતિને સ્પષ્ટ કરેછે. શાસ્ત્રોક્ત સમયે સ્વાધ્યાય, પ્રતિલેખના આદિ ન કરવા અને સ્વાધ્યાયાદિ ન કરવાના સમયે

કરવા, સ્વાધ્યાય અને પ્રતિલેખનની ક્રિયા ઉપર શ્રદ્ધા ન કરવી, તદ્‌વિષયક મિથ્યા પ્રરૂપણા કરવી, આ બધા સ્વાધ્યાય અને પ્રતિલેખન સંબંધી અતિચાર દોષ છે. દિવસ દરમ્યાન અતિક્રમ આદિ દોષોનું સેવન થયું હોય, તો મારા તજ્જન્ય દોષો નાશ થાઓ.

## પાઠ–૮ : ચોથું શ્રમણ સૂત્ર

**એકવિધ આદિ અતિચારોનું પ્રતિક્રમણ :–**

**એકવિધ અસંયમ :–**

**૧ पडिक्कमामि एगविहे असंजमे ।**

**ભાવાર્થ :–** એક પ્રકારના અસંયમનું પ્રતિક્રમણ કરું છું, અસંયમથી નિવૃત્ત થાઉં છું.

**વિવેચન :–**

આ સૂત્રમાં એક થી તેત્રીસ બોલમાં સાધુજીવનને સ્પર્શતા વિવિધ આચારોનું નિરૂપણ છે. તે સર્વ બોલ જ્ઞેય–જાણવા યોગ્ય છે. તે સર્વ બોલને યથાર્થપણે જાણીને તેમાંથી કેટલાક બોલ અતિચાર કે અનાચાર દોષ રૂપ છે, તેને યથાર્થ રીતે જાણીને તેનો ત્યાગ કરવા યોગ્ય છે અને કેટલાક બોલ સાધનાના અંગરૂપ છે, તેને યથાર્થ રીતે જાણીને તેની આરાધના કરવા યોગ્ય છે.

તેમાં અસંયમ નામનો પ્રથમ બોલ સાધક જીવન માટે દોષ રૂપ છે.

**असंजमे**–અસંયમ. **सं + यम** સમ્યક પ્રકારે વૃત્તિઓનું નિરીક્ષણ કરીને ઇચ્છાઓનું નિયમન કે નિયંત્રણ કરવું, તે **સંયમ** છે અને (૧) ઇચ્છાઓને અમર્યાદિત રીતે વધવા દેવી, તે **અસંયમ** છે, (૨) અવિરતિના પરિણામ, તે અસંયમ છે, (૩) ચારિત્ર મોહનીય કર્મના ઉદયજન્ય રાગ-દ્વેષાદિ કષાયના ભાવો, તે અસંયમ છે. આપણા સમસ્ત દુઃખનું કારણ આપણા અસંયમના ભાવો છે. અસંયમના ભાવ જીવને બહિર્મુખ બનાવે, પૌદ્‌ગલિક–જડ પદાર્થોનું, ઇન્દ્રિયના વિષયોનું આકર્ષણ કરાવે, તેની પ્રાપ્તિ માટે અને પ્રાપ્ત થયેલ વિષયોના સંરક્ષણ માટે મનને વ્યાકુળ બનાવે, વિષયોના સંયોગ અને વિયોગમાં આર્તધ્યાન-રૌદ્રધ્યાન કરાવે, આ પ્રકારના બહિર્મુખ ભાવો અનંત કર્મબંધ અને જન્મ-મરણની પરંપરા વધારે છે, આ જન્મ-મરણની પરંપરાને તોડવા માટે સાધના કરતા સાધકો માટે અસંયમના પરિણામો સર્વથા ત્યાજ્ય છે. સાધક અસંયમભાવનો જીવન પર્યંત ત્યાગ કરીને સંયમ ભાવનો સ્વીકાર કરે છે. તેમ છતાં છદ્મસ્થ દશામાં ક્યારેક કોઈ પણ નિમિત્તથી અસંયમના ભાવો આવી ગયા હોય, તો તેનું પ્રતિક્રમણ કરવાનું હોય છે.

અસંયમના ભાવો વિવિધ પ્રકારે પ્રગટ થતા હોવાથી અસંયમના અનેક ભેદ-પ્રભેદ થાય છે, સૂ. ૧૭માં સંયમના સત્તર ભેદ કહ્યા છે પરંતુ પ્રસ્તુત સૂત્રમાં સંગ્રહનયની વિવક્ષાથી સર્વ પ્રકારના અસંયમમાં અસંયમ ભાવ સમાન છે. તે સર્વમાં અસંયમ ભાવ એક રૂપ હોવાથી અસંયમનો એક પ્રકાર કહ્યો છે.

**બે બંધન :–**

**૨ पडिक्कमामि दोहिं बंधणेहिं-रागबंधणेणं, दोस बंधणेणं ।**

**ભાવાર્થ :–** રાગ બંધન અને દ્વેષ બંધન, આ બે પ્રકારના બંધનનું પ્રતિક્રમણ કરું છું.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રમાં બે પ્રકારનાં બંધનનાં પ્રતિક્રમણનું કથન છે.

**बद्धयतेऽष्टविधेन कर्मणा येन हेतुभूतेन तद् बंधनम् ।** જીવ જે નિમિત્તથી આઠ પ્રકારના કર્મબંધનથી બંધાય છે, તે **બંધન** કહેવાય છે.

**रागो य दोसो य दो य कम्मबीजं ।** રાગ અને દ્વેષ કર્મના બીજ છે. સંસારનું વિષવૃક્ષ આ બીજથી જ પાંગરે છે. (૧) આસક્તિ કે પ્રીતિના ભાવને **રાગ** અને અપ્રીતિના ભાવને **દ્વેષ** કહે છે. (૨) જેના દ્વારા આત્મા કર્મોથી રંગાય છે, તે મોહની પરિણતિ રાગ છે અને જે મોહની પરિણતિથી કોઈ સાથે શત્રુતા, ઘૃણા થાય, તે દ્વેષ છે. રાગ અને દ્વેષ ચારિત્ર મોહનીય કર્મના ઉદયજન્ય ભાવો છે, તેથી તે ચારિત્રના અર્થાત્ આત્મશુદ્ધિના ઘાતક છે.

**स्नेहाभ्यक्त शरीरस्य, रेणुना, श्लिष्यते यथा गात्रम्**
**राग-द्वेषाक्लिन्नस्य कर्म बन्धो भवत्येवम् ॥** હારિભદ્રીય આવશ્યક ટીકા

જેના શરીર ઉપર તેલ લગાડ્યું છે તેના શરીરને ઊડતાં રજકણો ચોંટી જાય છે. તેમ રાગ-દ્વેષની સ્નિગ્ધતાથી વ્યાપ્ત આત્મા ઉપર કર્મ રજનું બંધન થાય છે, તેથી રાગ અને દ્વેષ બંધન રૂપ છે, તેનું પ્રતિક્રમણ કરીને ત્યાગ કરવાનો છે.

**ત્રણ દંડ :–**

**३ पडिक्कमामि तिहिं दंडेहिं-मणदंडेणं, वयदंडेणं, कायदंडेणं ।**

**ભાવાર્થ :–** મન દંડ, વચન દંડ અને કાય દંડ, આ ત્રણ પ્રકારના દંડનું પ્રતિક્રમણ કરું છું.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રમાં ત્રણ પ્રકારના દંડનું કથન છે.

જેના દ્વારા વ્યક્તિ દંડિત થાય, આત્માના ઐશ્વર્યનો નાશ થાય, તે **દંડ** કહેવાય છે. તેના બે ભેદ છે– (૧) લાકડી આદિ દ્રવ્ય દંડ અને (૨) દુષ્પ્રયુક્ત મન, વચન, કાયા, તે ભાવ દંડ છે. ત્રણ પ્રકારના ભાવદંડથી જ ચારિત્રરૂપ આધ્યાત્મિક ઐશ્વર્યનો વિનાશ થાય છે, તેનાથી આત્મા દંડિત – ધર્મ ભ્રષ્ટ થાય છે.

(૧) મનની અશુભ પ્રવૃત્તિઓ **મન દંડ** છે, જેમ કે– મન દ્વારા અશુભવિચારણા કરવી, આર્ત-રૌદ્ર ધ્યાનના પરિણામો કરવા, વ્યર્થ કલ્પનાઓ કરવી, અન્ય જીવો પ્રતિ ઘૃણા, દ્વેષ, વેર-ઝેરના ભાવો રાખવા, ભૂતકાળ ના દુઃખોને વાગોળ્યા કરવું વગેરે મનની અશુભ પ્રવૃત્તિઓ છે.

(૨) વચનની અશુભ પ્રવૃત્તિઓ **વચન દંડ** છે, જેમ કે– અસત્ય-મિથ્યા ભાષણ કરવું, કોઈની નિંદા અથવા ચાડી ખાવી, કર્કશકારી કે કઠોરકારી ભાષા બોલવી, બડાઈ મારવી, વ્યર્થ વાતો કરવી, શાસ્ત્રોના સંબંધમાં મિથ્યા પ્રરૂપણા કરવી ઈત્યાદિ.

(૩) કાયાની અશુભ પ્રવૃત્તિને **કાયદંડ** કહે છે, જેમ કે– કોઈને પીડા પહોંચાડવી, મારવું-પીટવું, વ્યભિચાર કરવો, કોઈની ચીજ લઈ લેવી, અક્કડતાથી ચાલવું, વ્યર્થ ચેષ્ટાઓ કરવી, અસાવધાનીથી કે અયતનાથી

પ્રવૃત્તિ કરવી ઇત્યાદિ. આ ત્રણે પ્રકારના દંડથી પોતાનો આત્મા દંડિત ન થાય, તે માટે સાધકે સાવધાન રહેવું જોઈએ.

**ત્રણ ગુપ્તિ :–**

**૪ पडिक्कमामि तिहिं गुत्तिहिं-मणगुत्तीए, वयगुत्तीए, कायगुत्तीए ।**

**ભાવાર્થ :–** મનગુપ્તિ, વચન ગુપ્તિ, કાયગુપ્તિ, આ ત્રણ પ્રકારની ગુપ્તિના પાલનમાં દોષ લાગ્યો હોય, તો તેનું પ્રતિક્રમણ કરું છું.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રમાં ત્રણ પ્રકારની ગુપ્તિનું કથન છે. **गोपनं गुप्तिः ।** ગુપ્તિનો અર્થ 'રક્ષા' થાય છે. ત્રણ પ્રકારના દંડથી આત્મા દંડિત થાય છે અને ત્રણ પ્રકારની ગુપ્તિથી અત્માની રક્ષા થાય છે, તેથી દંડ સૂત્ર પછી ગુપ્તિનું કથન છે.

(૧) વિશુદ્ધ આત્મતત્ત્વની રક્ષા માટે યોગની અશુભ પ્રવૃત્તિને રોકવી, અશુભ પ્રવૃત્તિ પર નિયંત્રણ કરવું અને શુભ પ્રવૃત્તિ કરવી, તે ગુપ્તિ છે.

(૨) **सम्यग्योगनिग्रहो गुप्तिः ।** (તત્ત્વાર્થ સૂત્ર અધ્યાય–૯/૪) યોગનો સમ્યક પ્રકારે શ્રદ્ધા અને વિવેક પૂર્વક નિગ્રહ કરવો અર્થાત્ યોગને ઉન્માર્ગે જતાં રોકીને સન્માર્ગે પ્રવૃત્ત કરવા, તે ગુપ્તિ છે.

ત્રણ યોગની અપેક્ષાએ ગુપ્તિના ત્રણ ભેદ છે– મનગુપ્તિ, વચનગુપ્તિ અને કાયગુપ્તિ.

**૧. મનગુપ્તિ :–** આર્ત-રૌદ્રધ્યાનજન્ય મનની અશુભ વિચારણા, તજજન્ય સંકલ્પ-વિકલ્પો ન કરવા, આ લોક અને પરલોકમાં હિતકારી ધર્મધ્યાન સંબંધી ચિંતન કરવું, તે મનગુપ્તિ છે.

**૨. વચનગુપ્તિ :–** વચનના સંરંભ, સમારંભ, આરંભજન્ય વ્યાપારને રોકવા, વિકથા ન કરવી, ખોટું ન બોલવું, નિંદા, ચાડી આદિ ન કરવા, મૌન રહેવું, તે વચનગુપ્તિ છે.

**૩. કાય ગુપ્તિ :–** શારીરિક ક્રિયા સંબંધી સંરંભ, સમારંભ, આરંભજન્ય પ્રવૃત્તિ ન કરવી, બેસવા-ઊઠવા, હાલવા-ચાલવા, સુવા આદિમાં સંયમ રાખવો, અશુભ વ્યાપારોનો પરિત્યાગ કરી યતનાપૂર્વક શુભ પ્રવૃત્તિ કરવી, તે કાયગુપ્તિ છે.

ગુપ્તિ સાધનાનું અંગ છે, તેથી સાધકે ગુપ્તિનું પ્રતિક્રમણ કરવાનું નથી પરંતુ ગુપ્તિનું યથાર્થ પાલન ન કર્યું હોય, તેની શ્રદ્ધા કે પ્રરૂપણા યથાર્થ ન કરી હોય વગેરે ગુપ્તિ સંબંધિત અતિચારો કે પાપદોષનું પ્રતિક્રમણ કરવાનું હોય છે.

**ત્રણ શલ્ય :–**

**૫ पडिक्कमामि तिहिं सल्लेहिं-मायासल्लेणं, णियाणसल्लेणं, मिच्छादंसणसल्लेणं।**

**ભાવાર્થ :–** માયા શલ્ય, નિદાન શલ્ય અને મિથ્યાદર્શનશલ્ય, આ ત્રણ પ્રકારના શલ્યનું પ્રતિક્રમણ કરું છું.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રમાં ત્રણ પ્રકારના શલ્ય જન્ય દોષોથી નિવૃત્ત થવાનું કથન છે. **शल्यतेऽनेनेति शल्यम्।**

જેના દ્વારા પીડા થાય, તે **શલ્ય** છે. તેના બે ભેદ છે. દ્રવ્ય શલ્ય અને ભાવશલ્ય. તીર, ભાલા, કાંટા વગેરે **દ્રવ્યશલ્ય** છે. તે શરીરમાં પીડા પહોંચાડે છે, તે જ રીતે માયા, નિદાન અને મિથ્યાત્વના ભાવો સાધકના અંતરને વ્યાકુળ અને બેચેન બનાવે છે, સાધકને પીડિત કરે છે, તેથી તે **ભાવ શલ્ય** છે. આ ત્રણે ય શલ્યો કર્મબંધના કારણ તથા દુ:ખજનક છે.

જેવી રીતે પગમાં ખૂંચેલો કાંટો પથિકની ગતિને અટકાવી દે છે, તે રીતે માયા, નિદાન આદિ ભાવ શલ્ય સાધકની સાધનાની ગતિ-પ્રગતિમાં બાધક બને છે. **નિ:શલ્યો વ્રતી।** (તત્ત્વાર્થ સૂત્ર અધ્યાય–૭) શલ્ય રહિત વ્યક્તિ જ વ્રત ધારણ કરી શકે છે. વ્રત ધારણ કરવા માટે શલ્ય રહિત થવું, તે પ્રથમ શરત છે. ભાવ શલ્યના ત્રણ પ્રકાર છે.

**માયા શલ્ય :–** માયાનો અર્થ કપટ છે. છળ કરવું, ઢોંગ કરવો, ઠગવાની વૃત્તિ રાખવી. દોષ સેવન કરી ગુરુદેવ સમક્ષ માયાને કારણે આલોચના ન કરવી અથવા અન્ય રીતે મિથ્યા આલોચના કરવી તથા કોઈ પર ખોટા આક્ષેપ મૂકવા ઇત્યાદિ માયાશલ્ય છે.

**નિદાન શલ્ય :–** ધર્માચરણ દ્વારા સાંસારિક ફળની કામના કરવી, ભોગોની લાલસા રાખવી, તે નિદાન શલ્ય છે. રાજા, દેવતા આદિના વૈભવને જોઈને અથવા સાંભળીને મનમાં સંકલ્પ કરવો કે મારા બ્રહ્મચર્ય, તપ આદિ ધર્મના ફળ સ્વરૂપે મને પણ આવા રાજવૈભવ, સમૃદ્ધિ પ્રાપ્ત થાઓ, આ પ્રકારની અભિલાષા કે લાલસા રાખવી, તે નિદાન શલ્ય છે.

**મિથ્યાદર્શન શલ્ય :–** સત્ય ઉપર શ્રદ્ધા ન રાખવી, અસત્યનો કદાગ્રહ રાખવો, તે મિથ્યાદર્શન શલ્ય છે. આ શલ્ય ભયંકર છે. તેના કારણે જીવને સત્ય પ્રતિ અભિરુચિ થતી નથી. આ શલ્ય સમ્યગ્દર્શનનું વિરોધી છે, તે દર્શનમોહનીય કર્મનું ફળ છે અને અનંત સંસારનું કારણ છે. સાધકે સાધનાપથ પર આગળ વધવા માટે આ ત્રણે શલ્યનો સર્વથા ત્યાગ કરવાનો છે.

**ત્રણ ગૌરવ :–**

**૬ पडिक्कामि तिहिं गारवेहिं-इड्ढीगारवेणं, रसगारवेणं, सायागारवेणं ।**

**ભાવાર્થ :–** ઋદ્ધિ ગૌરવ, રસ ગૌરવ અને શાતા ગૌરવ, આ પ્રકારના ગૌરવનું પ્રતિક્રમણ કરું છું.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રમાં ત્રણ પ્રકારના ગર્વના પ્રતિક્રમણનું નિરૂપણ છે. ગૌરવનો અર્થ છે ગુરુત્વ, તેના બે ભેદ છે– દ્રવ્ય ગૌરવ અને ભાવ ગૌરવ. પત્થર આદિની ગુરુતા દ્રવ્ય ગૌરવ છે અને અભિમાન તથા લોભના કારણે થતાં આત્માના અશુભ ભાવ, તે ભાવ ગૌરવ છે. આ સૂત્રમાં ભાવ ગૌરવની ચર્ચા છે. ભાવ ગૌરવ આત્માને સંસાર સાગરમાં ડુબાડી રાખે છે. આ ભાવ ગૌરવના ઋદ્ધિ, રસ અને શાતા એમ ત્રણ પ્રકાર છે.

**ઋદ્ધિ ગૌરવ :–** રાજા આદિ શ્રેષ્ઠ પદ તથા સત્કાર, સન્માન પ્રાપ્ત કરી અભિમાન કરવું અથવા પ્રાપ્ત ન થાય તો તેની લાલસા રાખવી, તે ઋદ્ધિ ગૌરવ છે. સંક્ષેપમાં સત્કાર-સન્માન, વંદન, ઉગ્રતપ, વિદ્યા આદિનું અભિમાન કરવું ઋદ્ધિ ગૌરવ છે.

**રસ ગૌરવ :–** દૂધ, દહીં, ઘી આદિ મધુર અને સ્વાદિષ્ટ રસની ઇચ્છાનુસાર પ્રાપ્તિ થાય, તો તેનું

અભિમાન કરવું અને પ્રાપ્ત ન થાય, તો તેની જ લાલસા રાખવી, તે રસ ગૌરવ છે.

**શાતા ગૌરવ :–** શાતાનો અર્થ આરોગ્ય તથા શારીરિક સુખ છે. આરોગ્ય, શારીરિક સુખ તથા વસ્ત્ર, પાત્ર, શયનાસન આદિ સુખના સાધનો પ્રાપ્ત થયા હોય, તો તેનું અભિમાન કરવું અને પ્રાપ્ત ન થયા હોય, તો તેની લાલસા કે ઈચ્છા કરવી શાતા ગૌરવ છે.

આ ત્રણે પ્રકારના ગૌરવ જીવને અધોગતિમાં લઈ જનારા હોવાથી સાધક સતત પોતના ભાવોનું નિરીક્ષણ અને પરીક્ષણ કરીને ત્રણે પ્રકારના ગૌરવ-ગર્વરૂપ અશુભ ભાવોથી નિવૃત્ત થાય છે.

**ત્રણ વિરાધના :–**

**૭ पडिक्कमामि तिहिं विराहणाहिं-णाण विराहणाए, दंसण विराहणाए, चरित्त विराहणाए ।**

**ભાવાર્થ :–** જ્ઞાન વિરાધના, દર્શન વિરાધના અને ચારિત્ર વિરાધના, આ ત્રણે પ્રકારની વિરાધનાનું પ્રતિક્રમણ કરું છું.

**વિવેચન :–**

સાધક મોક્ષ માર્ગની અર્થાત્ સમ્યગ્જ્ઞાન, સમ્યગ્દર્શન અને સમ્યક ચારિત્રની આરાધના કરે છે. કોઈ પણ પ્રકારના દોષ સેવન વિના નિરતિચારપણે વિશુદ્ધ રૂપથી ચારિત્રનું પાલન કરવું, તેને આરાધના કહે છે અને તેનાથી વિપરીત જ્ઞાનાદિ આચારનું સમ્યક્રૂપથી આરાધન ન કરવું, ખંડન કરવું, તેમાં દોષ સેવન કરવા, તે વિરાધના છે. **विगता आराहणा विराहणा** આરાધનાનો અભાવ, તે વિરાધના છે આરાધનાના ત્રણ પ્રકાર હોવાથી વિરાધનાના પણ ત્રણ પ્રકાર છે યથા–

**જ્ઞાન વિરાધના :–** જ્ઞાન તથા જ્ઞાનીની નિંદા કરવી, ગુરુ આદિનો અપલાપ કરવો, આશાતના કરવી, જ્ઞાનાર્જનમાં આળસ કરવી, બીજાના અધ્યયનમાં અંતરાય નાંખવી, અકાળે સ્વાધ્યાય કરવી ઈત્યાદિ જ્ઞાન વિરાધના છે.

**દર્શન વિરાધના :–** દર્શન શબ્દ સમ્યગ્ દર્શનનો વાચક છે. સમ્યક્ત્વ અને સમ્યક્ત્વધારી સાધકની નિંદા કરવી, મિથ્યાત્વ અને મિથ્યાત્વીની પ્રશંસા કરવી, પાષંડ મતનો આડંબર જોઈ ડગમગી જવું વગેરે મિથ્યાત્વ પોષક પ્રવૃત્તિઓ દર્શન વિરાધના છે.

**ચારિત્ર વિરાધના :–** ચારિત્રનો અર્થ છે **सच्चरणं** સદાચરણ. અહિંસા, સત્ય આદિ ચારિત્રનું સરસ રીતે પાલન ન કરવું, તેમાં દોષ લગાડવો, તેનું ખંડન કરવું તે ચારિત્ર વિરાધના છે.

**ચાર કષાય :–**

**૮ पडिक्कमामि चउहिं कसाएहिं-कोहकसाएणं, माणकसाएणं, मायाकसाएणं लोभकसाएणं ।**

**ભાવાર્થ :–** ક્રોધ, માન, માયા અને લોભ, આ ચાર કષાયનું પ્રતિક્રમણ કરું છું, કષાયથી નિવૃત્ત થાઉં છું.

**વિવેચન :–**

**कष्** + **आय** આ બે શબ્દોના મિશ્રણથી કષાય શબ્દ નિષ્પન્ન થયો છે. **कष्यते प्राणी विविध-**

**दुखैरस्मिन्निति कषः संसारः आयः लाभः ।** જેમાં પ્રાણીઓ વિવિધ દુઃખો દ્વારા કષ્ટ-પીડા પ્રાપ્ત કરે, તે સંસાર અને આય – લાભ–પ્રાપ્તિ, જેના દ્વારા સંસારનો લાભ થાય, તે કષાય છે.

જન્મ-મરણ રૂપ આ સંસાર વૃક્ષ કષાયો દ્વારા જ લીલુંછમ રહે છે. જો કષાય ન હોય તો જન્મ-મરણની પરંપરાનું વિષવૃક્ષ સ્વયં જ સૂકાઈને નષ્ટ થઈ જાય છે. **सिंचति मूलाइं पुणब्भवस्स** – દશવૈકાલિક સૂત્ર. અનિગૃહીત કષાય પુનર્ભવના મૂળનું સિંચન કરે છે. **चत्तारि एए अज्झत्थ दोसा ।** શ્રી સૂયગડાંગ સૂત્રમાં ચાર કષાયોને અધ્યાત્મ દોષ કહ્યા છે. કષાય પ્રગટ અને અપ્રગટ બંને રીતે આત્માના જ્ઞાન, દર્શન અને ચારિત્ર રુપ શુદ્ધ સ્વરૂપને મલિન કરે છે. સાધકની સમગ્ર સાધના કષાય વિજય માટે જ છે, તેથી જે સાધક કષાયો ઉપર વિજય પ્રાપ્ત કરે છે તે જ સાચો સાધક છે.

કષાયના મુખ્ય ચાર પ્રકાર છે– (૧) ક્રોધ, (૨) માન, (૩) માયા અને (૪) લોભ. ચારે કષાય જુદી-જુદી રીતે આત્મગુણોનો નાશ કરે છે. ક્રોધ પ્રીતિનો નાશ કરે છે, માન વિનયનો નાશ કરે છે, માયા મિત્રતાનો નાશ કરે છે. લોભ સર્વ સદ્‌ગુણોનો નાશ કરે છે, તેથી સાધકે સતત સાવધાન રહીને ચારે કષાયથી નિવૃત્ત થવું જોઈએ. શાસ્ત્રમાં ચારે કષાયથી નિવૃત્ત થવાના ઉપાયોનું નિદર્શન છે. ઉપશમ ભાવથી અથવા ક્ષમાથી ક્રોધને, મૃદુતાથી માનને, સરળતાથી માયાને અને સંતોષથી લોભને જીતવો જોઈએ.

**ચાર સંજ્ઞા :–**

**૧ पडिक्कमामि चउहिं सण्णाहिं-आहारसण्णाए, भयसण्णाए, मेहुणसण्णाए, परिग्गहसण्णाए ।**

**ભાવાર્થ :–** આહાર સંજ્ઞા, ભય સંજ્ઞા, મૈથુન સંજ્ઞા અને પરિગ્રહસંજ્ઞા, આ ચાર પ્રકારની સંજ્ઞાનું પ્રતિક્રમણ કરું છું.

**વિવેચન :–**

સંજ્ઞા જૈનાગમોનો પારિભાષિક શબ્દ છે. મોહનીય અને અશાતા વેદનીય કર્મના ઉદયથી વિકારયુક્ત આત્મામાં ઉત્પન્ન થતી એક પ્રકારની અભિલાષા અથવા પ્રબળ ઇચ્છા, તે **સંજ્ઞા** છે. શ્રી પ્રજ્ઞાપનાસૂત્રમાં સંજ્ઞાના દશ પ્રકાર કહ્યા છે. પ્રસ્તુતમાં તેમાંથી ચાર સંજ્ઞાનું કથન છે. **૧.** આહાર સંજ્ઞા, **૨.** ભય સંજ્ઞા, **૩.** મૈથુન સંજ્ઞા અને **૪.** પરિગ્રહ સંજ્ઞા.

**(૧) આહાર સંજ્ઞા–** ક્ષુધાવેદનીય કર્મના ઉદયથી આહારની પ્રબળ ઇચ્છા થાય, તેને આહાર સંજ્ઞા કહે છે. ક્ષુધાની પૂર્તિ માટે ભોજન કરવું, તે પાપ નથી, પરંતુ મનુષ્યની માનસિક વિચારધારા જ્યારે આહાર ઉપર કેન્દ્રિત થાય છે, ત્યારે આહાર સંજ્ઞા દ્વારા મર્યાદાનું ઉલ્લંઘન થાય છે અને તે સાધક માટે ઘાતક છે. મોહનો આશ્રય લઈને આ સંજ્ઞા જ્યારે બલવત્તર બને છે ત્યારે તે સ્વાદિષ્ટ ભોજન માટે લાલાયિત બનીને કર્મબંધ કરે છે. આહારને જોવાથી કે આહારનું ચિંતન કરવાથી આહાર સંજ્ઞા ઉત્પન્ન થાય છે.

**ભય સંજ્ઞા :–** ભય મોહનીય કર્મના ઉદયથી આત્મામાં જે ત્રાસનો ભાવ ઉત્પન્ન થાય છે તે ભય સંજ્ઞા છે. ભય આત્મ શક્તિનો નાશ કરે છે. ભયાકુળ મનુષ્ય પોતાના સમ્યક્ દર્શનને પણ સુરક્ષિત રાખી શકતો નથી ભયની વાતો સાંભળવાથી, ભયાનક દશ્ય જોવાથી તથા વારંવાર ભયના કારણોની ચિંતવના કરવાથી ભય સંજ્ઞા ઉત્પન્ન થાય છે.

**મૈથુન સંજ્ઞા :–** વેદ મોહનીયકર્મના ઉદયથી મૈથુનની ઈચ્છા ઉત્પન્ન થાય, તે મૈથુન સંજ્ઞા કહેવાય છે. કામવાસના બધા પાપોની જનની છે. કામી પુરુષ કામથી ક્રોધ, સંમોહ, સ્મૃતિ ભ્રંશ, બુદ્ધિનાશ અને અંતે તે સર્વનાશને પામે છે. કામકથાના શ્રવણથી અથવા મૈથુનના સંકલ્પોથી મૈથુન સંજ્ઞા પ્રબળ થાય છે.

**પરિગ્રહ સંજ્ઞા–** લોભ મોહનીયના ઉદયથી જાગૃત થયેલી સંગ્રહવૃત્તિને પરિગ્રહ સંજ્ઞા કહે છે. પરિગ્રહ સંજ્ઞામાં ગૃદ્ધ મનુષ્ય સંસારના સમસ્ત ભૌતિક પદાર્થોને સંગૃહિત કરવાની ઈચ્છા કરે છે, હંમેશાં તૃષ્ણાતુર રહે છે. પરિગ્રહની વાતો સાંભળવાથી, સુંદર વસ્તુઓ જોવાથી તથા વારંવાર સંગ્રહ વૃત્તિના ચિંતન આદિથી પરિગ્રહ સંજ્ઞા બળવત્તર બને છે. આ ચારે પ્રકારની સંજ્ઞાનું પોષણ સાધકને સાધના માર્ગથી પતિત કરે છે. સાધક તેનું સ્વરૂપ યથાર્થ રીતે જાણીને તેનો ત્યાગ કરે છે.

**ચાર વિકથા :–**

**૧૦ पडिक्कमामि चउहिं विकहाहिं-इत्थीकहाए, भत्तकहाए, देसकहाए, रायकहाए ।**

**ભાવાર્થ :–** સ્ત્રીકથા, ભત્તકથા, દેશકથા અને રાજકથા, આ ચાર પ્રકારની વિકથાનું પ્રતિક્રમણ કરું છું.

**વિવેચન :–**

**विरुद्धा विनष्टा वा कथा विकथा ।** આધ્યાત્મિક અર્થાત્ સંયમ જીવનને દૂષિત કરનારી અથવા વિનાશ કરનારી કથાઓ વિકથા કહેવાય છે. વિકથાનું શ્રવણ સાધકને બહિર્મુખ બનાવે, બર્હિમુખ વૃત્તિ અને બર્હિમુખ પ્રવૃત્તિથી સાધક જીવનમાં અનેક અનર્થોનું સર્જન થાય છે, તેથી સાધના પથમાં વિકથાનું શ્રવણ સર્વથા વર્જ્ય છે. તેના ચાર પ્રકાર છે.

**સ્ત્રીકથા :–** સ્ત્રીના શરીર, અલંકારો, બોલચાલની ભાષા, રૂપ, ઈત્યાદિ વિષયોનો વાર્તાલાપ કરવો અથવા વિચારણા કરવી, તે સ્ત્રીકથા છે. (સાધુને માટે સ્ત્રીકથા વર્જ્ય છે. તે જ રીતે સાધ્વીને માટે પુરુષકથા વર્જ્ય છે.)

**ભક્તકથા :–** ભક્તનો અર્થ ભોજન છે. ભોજન સંબંધી કથાને ભક્ત કથા કહેવાય છે. અમુક પ્રકારનું ભોજન ક્યારે, ક્યાં, કેવી રીતે લેવું, તે ક્યાં મળે છે ઈત્યાદિ ભોજનની ચર્ચામાં જ વ્યસ્ત રહેવું, તે ભત્તકથા છે.

**દેશકથા :–** વિવિધ દેશોની વેશ-ભૂષા, શ્રૃંગાર રચના, ભોજન પદ્ધતિ, ગૃહ-નિર્માણ, કલા, રીત રિવાજ આદિની પ્રશંસા અથવા નિંદા કરવી, તે દેશ કથા કહેવાય છે.

**રાજકથા :–** રાજાની રીતભાત, અનુશાસન પદ્ધતિ, રાજાઓની સેના, રાણીઓ, યુદ્ધ કળા, ભોગવિલાસ, વીરતા આદિનું વર્ણન કરવું, તે રાજકથા છે. રાજકથા હિંસા અને ભોગવાસનાના ભાવોને ઉત્તેજિત કરે છે.

આ રીતે ચાર વિકથા સાધકના વૈભાવિક ભાવોની વૃદ્ધિ કરે છે, તેથી તે સર્વથા હેય છે.

**ચાર ધ્યાન :–**

**૧૧ पडिक्कमामि चउहिं झाणेहिं-अट्टेणंझाणेणं, रुद्देणंझाणेणं, धम्मेणंझाणेणं सुक्केणंझाणेणं ।**

**ભાવાર્થ :–** આર્તધ્યાન, રૌદ્રધ્યાન, ધર્મધ્યાન, શુક્લ ધ્યાન, આ ચાર પ્રકારના ધ્યાનનું(પ્રથમ બે અશુભ

ધ્યાન કરવાથી અને અંતિમ બે શુભ ધ્યાન ન કરવાથી લાગેલા દોષોનું) પ્રતિક્રમણ કરું છું.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રમાં સાધકને અશુભ ધ્યાનના ત્યાગનું અને શુભધ્યાનના સ્વીકારનું સૂચન છે.

(૧) અધ્યવસાય અને ચિત્તની એકાગ્રતાને **ધ્યાન** કહે છે. (૨) જેમ વાયુ રહિત સ્થાનમાં દીપકની જ્યોત સ્થિર અને નિશ્ચલ રહે છે, તેમ એક જ વિષય પર ચિત્ત સ્થિર અને નિશ્ચલ થઈ જાય, તે ધ્યાન છે.

પ્રિય વસ્તુની પ્રાપ્તિ માટે કે અપ્રિય વસ્તુના વિયોગ માટે ચિત્ત એકાગ્ર બને, તે અશુભધ્યાન છે. જેમ શિકારી પોતાના શિકારમાં, નિશાન તાકવામાં એકાગ્ર બને છે, તે અશુભ ધ્યાન છે. અનાદિકાલીન સંસ્કારોના કારણે જીવ વારંવાર અશુભ ધ્યાનમાં મગ્ન બની જાય છે અને સાધનાના અંગભૂત શુભધ્યાનને ભૂલી જાય છે. સાધકે પોતાના જાગૃતિ પૂર્વકના પુરુષાર્થથી અશુભ ધ્યાનજન્ય એકાગ્રતાને છોડી શુભ ધ્યાનમાં એકાગ્ર બનાવનું હોય છે.

સાધકના દિનકૃત્યમાં ભગવાને સાધુને માટે દિવસ અને રાત્રિના બીજા પ્રહરમાં શુભધ્યાનનું કથન કર્યું છે. તે આજ્ઞાનું પાલન ન થયું હોય અને અશુભ ધ્યાન થયું હોય, તો સાધકે પ્રતિક્રમણ સમયે તેની આલોચના કરવાની છે. ધ્યાનના ચાર પ્રકાર છે.

**આર્તધ્યાન :–** આર્તનો અર્થ દુઃખ, કષ્ટ તથા પીડા થાય છે અને તેના નિમિતે જે ધ્યાન થાય છે, તે આર્ત ધ્યાન છે. અનિષ્ટ વસ્તુના સંયોગથી, ઈષ્ટ વસ્તુના વિયોગથી, રોગ આદિને દૂર કરવાની ઈચ્છાથી તથા ભોગની લાલસાથી મનમાં જે એક પ્રકારની વિકલતા અર્થાત્ એકાગ્રતા પૂર્વકનું ચિંતન થાય તે આર્ત ધ્યાન છે.

**રૌદ્રધ્યાન :–** હિંસા આદિ ક્રૂર વિચારણાની એકાગ્રતાને રૌદ્રધ્યાન કહે છે. હિંસા કરવાથી, અસત્ય બોલવાથી, ચોરીથી તથા પ્રાપ્ત વિષય ભોગોની સંરક્ષણ વૃત્તિ આદિ ક્રિયાઓથી ક્રૂરતાનો ઉદ્ભવ થાય છે. ઉપરોક્ત પ્રવૃત્તિઓનું સતત ચિંતન કરવું, તે રૌદ્ર ધ્યાન છે.

**ધર્મધ્યાન :–** શ્રુત અને ચારિત્રની સાધના ધર્મ કહેવાય છે. ધર્મના સંબંધમાં જે ચિંતન, મનન થાય છે, તે ધર્મ ધ્યાન છે. સૂત્રાર્થની સાધના કરવી, મહાવ્રતોને ધારણ કરવા, બંધ અને મોક્ષના હેતુઓનો વિચાર કરવો, પાંચ ઈન્દ્રિયોના વિષયોથી નિવૃત્ત થવું, પ્રાણીમાત્ર ઉપર દયાભાવ રાખવો, ઈત્યાદિ શુભ લક્ષ્ય ઉપર મનને એકાગ્ર કરવું તે ધર્મધ્યાન છે.

**શુક્લધ્યાન :–** કર્મમળનું શોધન કરનાર, શોકને દૂર કરનાર ધ્યાનને શુક્લ ધ્યાન કહે છે. ધર્મ ધ્યાન શુક્લ ધ્યાનનું સાધન છે. શુક્લ ધ્યાનમાં મન પૂર્ણ રૂપથી એકાગ્ર, સ્થિર, નિશ્ચલ તથા નિઃસ્પંદ થઈ જાય છે. સાધકની સામે અનેક સુંદર પ્રલોભનો આવે, ઉપસર્ગો કે પરીષહો આવે, પરંતુ શુક્લ ધ્યાન દ્વારા સ્થિર થયેલું અચંચળ ચિત્ત લેશમાત્ર પણ ચલાયમાન થતું નથી. શુક્લ ધ્યાનની ઉત્કૃષ્ટતા કેવળજ્ઞાન પ્રાપ્ત કરાવે છે.

આર્ત આદિ ચારે ય ધ્યાનનું સંક્ષિપ્ત સ્વરૂપ પ્રદર્શિત કરતી એક પ્રાચીન ગાથા જિનદાસ મહત્તરે આવશ્યક ચૂર્ણિની વ્યાખ્યામાં ઉદ્ધૃત કરી છે.

**हिंसाणु रंजितं रौद्रं, अट्टं कामाणुरंजितं ।**
**धम्माणु रंजियं धम्मं सुक्कं झाणं निरंजणं ।**

હિંસાથી અનુરંજિત હોય તે રૌદ્ર ધ્યાન, કામથી અનુરંજિત હોય તે આર્ત ધ્યાન, ધર્મથી અનુરંજિત હોય તે ધર્મધ્યાન અને શુક્લ ધ્યાન નિરંજન છે.

**પાંચ ક્રિયા :-**

**૧૨ पडिक्कमामि पंचहिं किरियाहिं-काइयाए, अहिगरणियाए, पाउसियाए, पारितावणियाए पाणाइवायकिरियाए ।**

**ભાવાર્થ :–** કાયિકી, આધિકરણિકી, પ્રાદ્વેષિકી, પારિતાપનિકી અને પ્રાણાતિપાતિકી, આ પાંચ પ્રકારની ક્રિયાઓનું પ્રતિક્રમણ કરું છું.

**વિવેચન :-**

**ક્રિયા :–** કર્મબંધ કરનારી ચેષ્ટાને અથવા હિંસા પ્રધાન દુષ્ટ વ્યાપાર વિશેષને ક્રિયા કહે છે. આગમોમાં અનેક સ્થાને ક્રિયાઓનું વર્ણન છે. ક્રિયાઓના ભેદ-પ્રભેદ પણ અનેક પ્રકારે થાય છે. વિસ્તારની અપેક્ષાએ ક્રિયાના પચીસ ભેદ છે અને સંક્ષેપમાં ક્રિયાના પાંચ પ્રકાર છે. તેમાં શેષ ક્રિયાઓનો અંતર્ભાવ થઈ જાય છે.

**(૧)કાયિકી :–** કાયા દ્વારા થતી ક્રિયાને કાયિકી ક્રિયા કહે છે. તેના ત્રણ ભેદ છે– (૧) અવિરત કાયિકી ક્રિયા, (૨) દુષ્પ્રણિત કાયિકી ક્રિયા, (૩) ઉપરત કાયિકી ક્રિયા.

(૧) મિથ્યા દષ્ટિ અને અવિરત સમ્યક્ દષ્ટિ જીવોની કાયાથી થતી ક્રિયાને અવિરત કાયિકી ક્રિયા કહે છે, (૨) પ્રમત સંયતી મુનિની કાયાથી થતી ક્રિયાને દુષ્પ્રણિત કાયિકી ક્રિયા કહે છે, (૩) સાવદ્યયોગથી ઉપરત અપ્રમત સંયમીની કાયાથી થતી ક્રિયાને ઉપરત કાયિકી ક્રિયા કહે છે.

**(૨) અધિકરણકી :–** જેના દ્વારા આત્મા નરક આદિ દુર્ગતિનો અધિકારી થાય તેવા ઘાતક શસ્ત્ર આદિ અધિકરણ કહેવાય છે. અધિકરણથી થતી ક્રિયાને અધિકરણકી ક્રિયા કહે છે.

**(૩) પ્રાદ્વેષિકી :–** પ્રદ્વેષનો અર્થ મત્સર અથવા ઈર્ષ્યા થાય છે. જીવ તથા અજીવ કોઈ પણ પદાર્થ પ્રતિ દ્વેષભાવ કે ઈર્ષ્યાભાવ રાખવો, તેને પ્રાદ્વેષિકી ક્રિયા કહે છે.

**(૪) પારિતાપનિકી :–** તાડન આદિ દ્વારા અપાતા દુઃખને પરિતાપન કહે છે. પરિતાપનથી થતી ક્રિયાને પારિતાપનિકી ક્રિયા કહે છે. પોતાના અથવા બીજાના શરીરને પરિતાપના આપવાથી પરિતાપના ક્રિયા લાગે છે. સ્વ તથા પરના ભેદથી પારિતાપનિકી ક્રિયાના બે પ્રકાર થાય છે.

**(૫) પ્રાણાતિપાતિકી :–** પ્રાણોનો અતિપાત – વિનાશ, તે પ્રાણાતિપાત છે. પ્રાણાતિપાતથી થતી ક્રિયાને પ્રાણાતિપાતિકી ક્રિયા કહે છે. તેના બે ભેદ છે– ક્રોધાદિ કષાયવશ થઈ પોતાની હિંસા કરવી **સ્વપ્રાણાતિપાતિકી ક્રિયા છે** અને કષાયવશ બીજાની હિંસા કરવી તેને **પર પ્રાણાતિપાતિકી ક્રિયા** છે. સાધકોની સાધનામાં ઉપરોક્ત પાંચે ક્રિયાનો ત્યાગ કરવા યોગ્ય છે.

**પાંચ કામગુણ :-**

**૧૩ पडिक्कमामि पंचहिं कामगुणेहिं-सद्देणं, रुवेणं, गंधेणं रसेणं, फासेणं ।**

**ભાવાર્થ :–** શબ્દ, રૂપ, ગંધ, રસ અને સ્પર્શ, આ પાંચ કામગુણો સંબંધી દોષોનું પ્રતિક્રમણ કરું છું.

**વિવેચન :-**

કામનો અર્થ છે વિષય ભોગ. कामयन्त इति कामाः शब्दादयस्त एव स्वस्वरूपगुण–

**बन्धहेतुत्वाद् गुणा इति ।** જેની કામના, ઇચ્છા કરાય, તે કામ છે. શબ્દાદિ ઇન્દ્રિયોના વિષયો કામ છે અને ગુણ એટલે દોરો, રસ્સી. જેમ રસ્સી બંધનનું કારણ છે, તેમ શબ્દ, રૂપ, ગંધ, રસ અને સ્પર્શ, આ પાંચે વિષયો પોત-પોતાના સ્વરૂપમાં કર્મબંધનું કારણ હોવાથી, તે કામગુણ કહેવાય છે.

સમસ્ત લોક આ પાંચ પ્રકારના કામગુણોથી ભરેલો છે. કામગુણો જ રાગ-દ્વેષ કે આસક્તિનું મૂળ ભૂત કારણ છે, તે જ કર્મબંધ કરાવે છે. સાધક તેનાથી દૂર થઈ શકતો નથી, પરંતુ શબ્દાદિ વિષયોમાં રાગ-દ્વેષના ભાવ ન કરવા, કામગુણને જ્ઞાતા ભાવે જોવા, તે જ સાધકની સાધના છે. કામગુણો પ્રતિ સતત અનાસક્તિનો ભાવ કેળવવા છતાં ક્યારેક સાધકનો પુરુષાર્થ મંદ થઈ જાય, પ્રમાદાદિના કારણે પૂર્વના સંસ્કારો જાગૃત થઈ જાય, ત્યારે સાધક કામગુણની આસક્તિમાં તલ્લીન બની જાય છે અને સાધના માર્ગથી તેનું પતન થાય છે. તેથી સાધકે પ્રતિદિન કામગુણ જન્ય અતિચાર દોષોનું પ્રતિક્રમણ કરવું જોઈએ.

**પાંચ મહાવ્રત :–**

**૧૪ पडिक्कमामि पंचहिं महव्वएहिं-सव्वाओ पाणाइवायाओ वेरमणं, सव्वाओ मुसावायाओ वेरमणं, सव्वओ अदिण्णादाणाओ वेरमणं, सव्वओ मेहुणाओ वेरमणं, सव्वओ परिग्गहाओ वेरमाणं ।**

**ભાવાર્થ :–** સર્વ પ્રકારે પ્રાણાતિપાત વિરમણ, મૃષાવાદ વિરમણ, અદત્તાદાન વિરમણ, મૈથુન વિરમણ અને પરિગ્રહ વિરમણ, આ પાંચ મહાવ્રતોના અતિચારોનું પ્રતિક્રમણ કરું છું.

**વિવેચન :–**

**મહાવ્રત–** કોઈ પણ પ્રકારના આગાર વિના નવકોટિથી જીવન પર્યંત, જે વ્રતનું પાલન થાય, તે મહાવ્રત છે.

યોગ દર્શનકાર વૈદિક ઋષિ પતંજલિએ પણ યોગદર્શનમાં મહાવ્રતની વ્યાખ્યા આ પ્રમાણે કરી છે– **जातिदेशकालसमयाऽनवच्छिन्नाः सार्वभौम महाव्रतम्** – જાતિ, દેશ, કાલ અને કુલોચિત કર્તવ્યના બંધનથી રહિત સાર્વભૌમ – સર્વાત્મના અહિંસાદિનું પાલન થાય, તે મહાવ્રત છે. માછીમારો માટે મત્સ્ય હિંસા સિવાય અન્ય હિંસા ન કરવી, તે **जात्यावच्छिन्ना** અહિંસા છે. અમુક તીર્થ આદિ ઉપર હિંસા ન કરવી, તે **देशावच्छिन्ना** અહિંસા છે. પૂનમ આદિ પર્વના દિવસે હિંસા ન કરવી, તે **कालावच्छिन्ना** અહિંસા છે. ક્ષત્રિયોની યુદ્ધના સિવાય અન્ય હિંસા ન કરવાની પ્રતિજ્ઞા **समयावच्छिन्ना** અહિંસા છે. અહિંસાની સમાન જ સત્ય આદિના સંબંધમાં પણ સમજી લેવું જોઈએ. જે અહિંસા વ્રત ઉપર્યુક્ત જાતિ, દેશ, કાલ અને સમયની સીમાથી સર્વથા મુક્ત અસીમ, નિરવચ્છિન્ન તથા સાર્વભૌમ હોય તે મહાવ્રત છે. મહાવ્રત ત્રણ કરણ ત્રણ યોગથી ગ્રહણ કરાય છે.

**(૧) પ્રાણાતિપાત વેરમણ મહાવ્રત–** ત્રસ કે સ્થાવર, સૂક્ષ્મ કે બાદર કોઈ પણ જીવોની હિંસા સ્વયં ન કરવી, બીજા પાસેથી ન કરાવવી અને કરનારની અનુમોદના ન કરવી; આ રીતે ત્રણ કરણ અને મન, વચન, કાયા, આ ત્રણ યોગથી જીવન પર્યંત અહિંસાનું પાલન કરવું, તે પ્રાણાતિપાત વિરમણ મહાવ્રત છે.

**(૨) મૃષાવાદ વિરમણ મહાવ્રત–** ક્રોધથી, લોભથી, હાસ્યથી કે ભયથી સ્વયં અસત્ય બોલવું નહીં, બીજા પાસે બોલાવવું નહીં અને અસત્ય બોલનારની અનુમોદના કરવી નહીં, આ પ્રમાણે ત્રણ કરણ અને મન, વચન અને કાયા, આ ત્રણ યોગથી કોઈ પણ પરિસ્થિતિમાં સર્વ પ્રકારના અસત્ય ભાષણથી જીવન પર્યંત વિરામ પામવો, તે મૃષાવાદ વિરમણ મહાવ્રત છે.

**(૩) અદત્તાદાન વિરમણ મહાવ્રત–** અલ્પ કે અધિક, નાની કે મોટી, અચેત કે સચેત કોઈ પણ વસ્તુ આજ્ઞા વિના સ્વયં ગ્રહણ કરવી નહીં, બીજા પાસે ગ્રહણ કરાવવી નહીં અને અદત્ત ગ્રહણ કરનારની અનુમોદના કરવી નહીં. આ રીતે ત્રણ કરણ અને ત્રણ યોગથી સર્વ પ્રકારની ચોરીથી જીવન પર્યંત વિરામ પામવો, તે અદત્તાદાન વિરમણ મહાવ્રત છે.

**(૪) મૈથુન વિરમણ મહાવ્રત–** દેવતા, મનુષ્ય કે તિર્યંચ સંબંધી મૈથુન સેવન કરવું નહીં, કરાવવું નહીં અને મૈથુન સેવનની અનુમોદના કરવી નહીં, આ ત્રણે કરણ અને ત્રણ યોગથી સર્વ પ્રકારની મૈથુનજન્ય પ્રવૃત્તિથી જીવન પર્યંત વિરામ પામવો, તે મૈથુન વિરમણ મહાવ્રત છે.

**(૫) પરિગ્રહ વિરમણ મહાવ્રત–** આવશ્યક વસ્ત્ર-પાત્ર આદિ ઉપધિ સિવાય સચેત કે અચેત,અલ્પ કે અધિક પરિગ્રહ રાખવો નહીં, બીજા પાસે રખાવવો નહીં અને પરિગ્રહ રાખનારની અનુમોદના કરવી નહીં, આ ત્રણ કરણ અને ત્રણ યોગથી સર્વ પ્રકારના પરિગ્રહથી જીવન પર્યંત વિરામ પામવો, તે પરિગ્રહ વિરમણ મહાવ્રત છે.

આ પાંચ મહાવ્રત, સાધુના પાંચ મૂળ ગુણ છે. પાંચ મૂળગુણ સિવાયના સમિતિ-ગુપ્તિ આદિ સાધુજીવનના નિયમ-ઉપનિયમ રૂપ આચાર પાલનને ઉત્તરગુણ કહે છે. ઉત્તરગુણોનું પાલન મૂળગુણની રક્ષા કે મૂળ ગુણોની પુષ્ટિ માટે જ કરવામાં આવે છે.

જીવન પર્યંત મહાવ્રતોનું પાલન કરતાં સાધુ જીવનમાં પ્રમાદાદિના સેવનથી કે કષાયાદિ ઔદયિક ભાવથી અતિચારનું સેવન થયું હોય, તો તજ્જન્ય દોષોનું પ્રતિક્રમણ કરવામાં આવે છે.

**પાંચ સમિતિ :–**

**૧૫ पडिक्कमामि पंचहिं समिइहिं–इरियासमिइए, भासासमिइए, एसणासमिइए, आयाणभण्डमत्तणिक्खेवणासमिइए, उच्चार-पासवण-खेल-जल-सिंघाण-परिट्ठावणियासमिइए ।**

**ભાવાર્થ :–** ઈર્યા સમિતિ, ભાષા સમિતિ, એષણા સમિતિ, આયાણ ભંડ મત્ત નિક્ખેવણિયા સમિતિ અને ઉચ્ચાર પાસવણ ખેલજલ્લ સિંઘાણ પરિઠાવણિયા સમિતિ, આ પાંચ સમિતિનું સમ્યક રૂપથી પાલન ન કરવાથી અતિચાર લાગ્યો હોય, તો તેનું પ્રતિક્રમણ કરું છું.

**વિવેચન :–**

શુભ પ્રવૃત્તિ, તે સમિતિ છે. **सम् = एकीभावेन इति प्रवृत्तिः समितिः**

**शोभनैकाग्रपरिणाम चेष्टेत्यर्थः ।** શુભભાવમાં એકાગ્ર બની, જે પ્રવૃત્તિ કરવામાં આવે, તે સમિતિ છે. સમિતિની ઉપર્યુક્ત વ્યુત્પતિ જ તેના વાસ્તવિક સ્વરુપને પ્રગટ કરે છે. છે. પ્રાણાતિપાત આદિ પાપોથી નિવૃત્ત રહેવા માટે એકાગ્રતાપૂર્વક કરાતી આગમોક્ત સમ્યક પ્રવૃત્તિને સમિતિ કહે છે. તેના પાંચ પ્રકાર છે.

**ઈર્યા સમિતિ :–** ગમન વિષયક સત્ પ્રવૃત્તિને ઈર્યા સમિતિ કહે છે. આગળની યુગપરિમાણ(સાડા ત્રણ હાથ પ્રમાણ) ભૂમિને જોતાં–જોતાં જીવ રક્ષાની ભાવનાથી યતનાપૂર્વક ગમનાગમન કરવું, તે ઈર્યા સમિતિ છે.

**ભાષા સમિતિ :– भाषा समितिर्नाम हितमितासंदिग्धार्थ भाषणम्** – હિત, મિત, સત્ય અને સ્પષ્ટ

વચનો બોલવા, આવશ્યકતા હોય ત્યારે ભાષાના દોષોનો પરિહાર કરીને યતનાપૂર્વક બોલવું, તે ભાષા સમિતિ છે.

**એષણા સમિતિ :–** ગોચરીના ૪૨ દોષોથી રહિત શુદ્ધ આહાર-પાણી તથા વસ્ત્ર, પાત્ર આદિ ઉપધિ ગ્રહણ કરવી અને માંડલાના પાંચ દોષોને ટાળી, આહારાદિ ભોગવવા, તે એષણા સમિતિ છે.

**આયાણ-ભંડ-મત્ત-નિક્ખેવણિયા સમિતિ :–** વસ્ત્ર, પાત્ર આદિ ઉપકરણોને ઉપયોગ પૂર્વક આદાન-ગ્રહણ કરવા અને જીવ રહિત પ્રમાર્જિત ભૂમિ ઉપર નિક્ષેપણા-રાખવા, તે આદાન ભંડ મત્ત નિક્ષેપણા સમિતિ છે.

**ઉચ્ચાર-પાસવણ-ખેલ-જલ્લ-સિંઘાણ-પારિષ્ઠાપનિકા સમિતિ :–** મલ, મૂત્ર, કફ, શરીરનો મેલ, નાકની લીંટ આદિ અથવા ભુક્તશેષ ભોજન તથા ભગ્નપાત્ર આદિ પરઠવા યોગ્ય પદાર્થો જીવરહિત એકાંત નિર્દોષ સ્થંડિલભૂમિમાં વિવેક પૂર્વક પરઠવા, તે ઉચ્ચાર પાસવણ ખેલ જલ્લ સિંઘાણ પારિષ્ઠાપનિકા સમિતિ છે.

આ પાંચે સમિતિનું યથાર્થરૂપે પાલન ન કર્યું હોય, સમિતિના પાલન સંબંધિત નિયમો વિષયક શ્રદ્ધા, પ્રરૂપણા કે સ્પર્શનાના વિષયમાં કોઈ અતિચાર દોષનું સેવન કર્યું હોય, તો તેનું પ્રતિક્રમણ કરવામાં આવે છે.

**છ જીવનિકાય :–**

**૧૬ पडिक्कमामि छहिं जीवणिकाएहिं-पुढविकाएणं, आऊकाएणं, तेउकाएणं, वाऊकाएणं, वणस्सइकाएणं, तस्सकाएणं ।**

**ભાવાર્થ :–** પૃથ્વીકાય, અપ્કાય, તેઉકાય, વાયુકાય, વનસ્પતિકાય અને ત્રસકાય, આ છ પ્રકારના જીવનિકાયના હિંસાજન્ય દોષોનું પ્રતિક્રમણ કરું છું.

**વિવેચન :–**

જીવનિકાય શબ્દમાં જીવ અને નિકાય, આ બે પદ છે. જીવ– ચૈતન્ય અથવા આત્મા અને નિકાય – રાશિ, સમૂહ.

સંસારી જીવ સ્વાર્થપૂર્તિ, ઇચ્છાપૂર્તિ, ભોગપૂર્તિ વગેરે અનેક કારણોથી ત્રસ કે સ્થાવર જીવોની હિંસા કરે છે, જૈન મુનિઓ સંપૂર્ણપણે અહિંસક રીતે પોતાની આજીવિકા ચલાવે છે. આ પ્રકારનો સાધુધર્મ હોવા છતાં તે માર્ગથી ચલિત થઈને પોતાના જીવન માટે કોઈ પણ જીવોની હિંસા કરીને અતિચારોનું સેવન કર્યું હોય, તો તેનું પ્રતિક્રમણ કરવામાં આવે છે.

અહિંસા મહાવ્રતના પ્રતિક્રમણમાં છ જીવનિકાયના હિંસાજન્ય અતિચારોનું પ્રતિક્રમણ થઈ જાય છે. તેમ છતાં અહિંસા વ્રતની વ્યાપકતા, પ્રધાનતા અને ગંભીરતાને પ્રગટ કરવા છ જીવનિકાયના પ્રતિક્રમણનું પૃથક્ કથન કર્યું છે.

**છ લેશ્યા :–**

**૧૭ पडिक्कमामि छहिं लेसाहिं-किण्हलेसाए, णीललेसाए, काऊलेसाए, तेऊलेसाए, पम्हलेसाए, सुक्कलेसाए ।**

**ભાવાર્થ :–** કૃષ્ણલેશ્યા, નીલલેશ્યા, કાપોતલેશ્યા, તેજોલેશ્યા, પદ્મલેશ્યા અને શુક્લલેશ્યા, આ છ લેશ્યામાંથી પહેલી ત્રણ અશુભ લેશ્યાનું આચરણ કર્યું હોય અને અંતિમ ત્રણ શુભ લેશ્યાનું આચરણ ન કર્યું હોય અને જે અતિચાર લાગ્યા હોય, તેનું પ્રતિક્રમણ કરું છું.

**વિવેચન :–**

લેશ્યાનું વિશદ વર્ણન ઉત્તરાધ્યયન સૂત્ર, ભગવતી સૂત્ર, કર્મગ્રંથ આદિમાં પ્રાપ્ત થાય છે.

લેશ્યાનો સંક્ષિપ્ત અર્થ છે મનોવૃત્તિ અથવા વિચાર તરંગ. આત્માના જે શુભાશુભ પરિણામો દ્વારા શુભાશુભ કર્મનો સંશ્લેષ થાય છે, તે પરિણામ લેશ્યા કહેવાય છે. કષાયથી અનુરંજિત યોગની પ્રવૃત્તિને લેશ્યા કહે છે. તેના છ પ્રકાર છે.

**કૃષ્ણલેશ્યા :–** કૃષ્ણલેશી જીવોના વિચારો અતિ ક્ષુદ્ર, ક્રૂર, કઠોર તથા નિર્દય હોય છે. તે ગુણ અને દોષનો વિચાર કર્યા વિના કાર્યમાં પ્રવૃત્ત થાય છે, આ લોક અને પરલોકના દુષ્પરિણામોની ચિંતા કરતો નથી, તે સર્વથા અજિતેન્દ્રિય, ભોગવિલાસી અને સ્વાર્થી હોય છે.

**નીલલેશ્યા :–** આ મનોવૃત્તિવાળા જીવો ઈર્ષાળુ, અસહિષ્ણુ, માયાવી, નિર્લજ્જ, સદાચાર શૂન્ય અને રસલોલુપી હોય છે. પોતાની સુખ-સુવિધામાં જ મસ્ત હોય છે.

**કાપોત લેશ્યા :–** આ મનોવૃત્તિવાળા જીવો વિચારવામાં, બોલવામાં, કાર્ય કરવામાં વક્ર અને કઠોર ભાષી હોય છે. પોતાના દોષોને ઢાંકવા માટે માયા-કપટ કરે છે. પોતાની સુખ-સુવિધા માટે સહાયક થનારા જીવો પ્રતિ સ્વાર્થવશ સારા સંબંધો રાખે છે.

**તેજોલેશ્યા :–** આ મનોવૃત્તિ પવિત્ર છે. તેજોલેશી જીવો નમ્ર, વિચારશીલ, દયાળુ તથા ધર્મમાં અભિરુચિ રાખનારા હોય છે. તે પોતાની સુખ સુવિધાનો ત્યાગ કરીને પણ અન્ય જીવો પ્રતિ ઉદારભાવના રાખે છે.

**પદ્મલેશ્યા :–** પદ્મલેશી જીવોનું જીવન કમળની જેમ બીજાને સુગંધ આપે છે. તેનું મન શાંત, નિશ્ચલ અને અશુભ પ્રવૃત્તિઓને રોકે છે. તે પાપનો ભય રાખે છે. મોહ અને શોક ઉપર વિજય પ્રાપ્ત કરે છે. ક્રોધ, માન આદિ કષાયોને શાંત કરે છે. તે મિતભાષી, સૌમ્ય અને જિતેન્દ્રિય હોય છે.

**શુક્લલેશ્યા :–** આ મનોવૃત્તિ સૌથી વિશુદ્ધ હોવાથી શુક્લ કહેવાય છે. તે પોતાના સુખોનો ત્યાગ કરીને અન્ય જીવોની રક્ષા કરે છે. તે વ્રત-નિયમોનું પાલન કરનાર, અલ્પરાગી અથવા વીતરાગી અને જિતેન્દ્રિય હોય છે.

પહેલાની ત્રણ લેશ્યાઓ અધર્મરૂપ હોવાથી ત્યાજ્ય છે અને પછીની ત્રણ લેશ્યાઓ ધર્મરૂપ હોવાથી ઉપાદેય છે. આત્મસાધનાનામાં માર્ગમાં અધર્મ લેશ્યાઓનું આચરણ કર્યું હોય અને ધર્મ લેશ્યાઓનું આચરણ કર્યું ન હોય, તો આ સૂત્ર દ્વારા તેનું પ્રતિક્રમણ કરવામાં આવે છે.

**સાત ભય :–**

**૧૮ पडिक्कमामि सत्तहिं भयट्ठाणेहिं ।**

**ભાવાર્થ :–** સાત પ્રકારના ભયનું પ્રતિક્રમણ કરું છું.

**વિવેચન :–**

ભય મોહનીય કર્મના ઉદયથી આત્મામાં થતાં ઉદ્વેગરૂપ પરિણામ વિશેષને ભય કહે છે. ભયના

પરિણામો આત્માની નિર્બળતાને પ્રગટ કરે છે, સાધક સ્વયં ભયભીત થાય નહીં અને બીજાને ભયભીત કરે નહીં, તે જ સાધનાની ફળશ્રુતિ છે. ભયના સાત પ્રકાર છે– **(૧) ઈહલોક ભય–** પોતાની જ જાતિના પ્રાણીઓથી ડરવું, તે ઈહલોક ભય છે. જેમ એક મનુષ્યને બીજા મનુષ્યનો ભય લાગવો. તિર્યંચને તિર્યંચનો ભય લાગવો, જેમ– ઊંદરને બિલાડીનો ભય ઈત્યાદિ, (૨) **પરલોક ભય–** પોતાના સિવાયની બીજી જાતિવાળા પ્રાણીઓથી ડરવું તે પરલોક ભય છે. જેમ મનુષ્યને સિંહ આદિ જંગલી પ્રાણીઓનો ભય ઈત્યાદિ, (૩) **આદાન ભય–** પોતાની વસ્તુની રક્ષા માટે ચોર આદિથી ડરવું, (૪) **અકસ્માત્ ભય–** કોઈ બાહ્ય નિમિત્ત વિના પોતે જ પોતાનાથી સશંક થઈ રાત્રિ આદિમાં અચાનક ડરી જવું, (૫) **આજીવિકા ભય–** દુર્ભિક્ષ આદિમાં જીવન યાત્રા માટે ભોજન આદિની અપ્રાપ્તિથી ડરવું, (૬) **મરણ ભય–** મૃત્યુથી ડરવું. (૭) **અપયશ ભય–** અપયશની આશંકાથી ડરવું.

ભયભીત વ્યક્તિ સ્વયં ભયથી મુક્ત થવા માટે વિવકને કે પોતાના માર્ગને ભૂલી જાય છે અને દોષોનું સેવન કરે છે. આ સાત પ્રકારના ભયમાંથી કોઈ પણ ભયથી ભયભીત થઈને સંયમી જીવનને દૂષિત બનાવ્યું હોય, તો તજ્જન્ય દોષોનું પ્રતિક્રમણ કરવાનું હોય છે.

**આઠ મદ :–**

**૧૧** **अट्ठहिं मयठाणेहिं ।**

**ભાવાર્થ :–** આઠ પ્રકારના મદનું પ્રતિક્રમણ કરું છું.

**વિવેચન :–**

**सत्तहिं भयठाणेहिं** થી લઈને **तेत्तीसाए आसायणाए** સુધીના સંક્ષિપ્ત સૂત્રો છે. તે દરેકની સાથે **पडिक्कमामि** શબ્દનો પ્રયોગ થયેલો નથી. તેમ છતાં જાણવા યોગ્ય બોલને યથાર્થ રીતે જાણ્યા ન હોય, ત્યાગ કરવા યોગ્ય બોલનો ત્યાગ કર્યો ન હોય, આરાધના યોગ્ય બોલની આરાધના ન કરી હોય અને દોષ સેવન થયું હોય, તો તેનું પ્રતિક્રમણ કરવાનું છે.

મદ એટલે અભિમાન અને સ્થાન એટલે હેતુ કે કારણ. જાતિ, કુલ આદિ આઠ મદના કારણ છે, તેનું પ્રતિક્રમણ કરું છું. આચાર્ય અભયદેવ સૂરિએ સમવાયાંગ સૂત્રની ટીકામાં સ્થાન શબ્દનો અર્થ આશ્રય અર્થાત્ આધાર કર્યો છે. **मदस्य–अभिमानस्य स्थानानि – आश्रयाः मदस्थानानि जात्यादीनि । समवायांग वृत्तिरु** માન મોહનીય કર્મના ઉદયથી ઉત્પન્ન થતાં આત્મ પરિણામોને **મદ** કહે છે. કર્મના સિદ્ધાંત પ્રમાણે મદ– અભિમાન કરવાથી નીચ ગોત્રકર્મનો બંધ થાય છે. જે વસ્તુનો મદ– અભિમાન થાય, તે વસ્તુ પુનઃ પ્રાપ્ત થતી નથી. તેના પરિણામે જાતિ આદિની શ્રેષ્ઠતા પ્રાપ્ત થતી નથી. મદના આઠ પ્રકાર છે. પ્રસ્તુતમાં આઠે પ્રકારના અભિમાનનું સ્વરૂપ પ્રચલિત દષ્ટાંતો સાથે સમજાવ્યું છે. **(૧) જાતિમદ–** ઊંચી અને શ્રેષ્ઠ જાતિનું અભિમાન કરવું. મુનિ હરીકેશીના જીવે પૂર્વભવમાં જાતિનો મદ કર્યો હતો તેથી ચાંડાલ કુળમાં ઉત્પન્ન થયા. **(૨) કુળમદ–** ઊંચા કુળનું અભિમાન કરવું. ભગવાન મહાવીર સ્વામીના જીવે મરીચિના ભવમાં કુળનું અભિમાન કર્યું હતું, તેથી બ્રાહ્મણ કુળે દેવાનંદા બ્રાહ્મણીની કુક્ષીમાં ઉત્પન્ન થઈને સાડીબ્યાસી રાત્રિ રહ્યા. **(૩) બલ મદ–** બળનું અભિમાન કરવું– રાજા દુર્યોધને બળનો મદ કર્યો હતો, તેથી રાજપાટ હારી ગયા. **(૪) રૂપ મદ–** રૂપ અને સૌંદર્યનું અભિમાન કરવું– સનત્કુમાર ચક્રવર્તીએ પોતાના રૂપનું અભિમાન કર્યું હતું, તેથી શરીરમાં સોળ રોગ ઉત્પન્ન થયા. **(૫) તપમદ–** હું

ઉગ્ર તપસ્વી છું, એવું અભિમાન કરવું. દ્રૌપદીજીનાના જીવે પૂર્વભવમાં તપનો મદ કર્યો હતો, તેથી પદ્મોત્તર રાજા અપહરણ કરી ગયા. **(૬) શ્રુતમદ** – શાસ્ત્ર અભ્યાસનું અર્થાત્ પંડિતાઈનું અભિમાન કરવું– સ્થૂલિભદ્રના જીવે શ્રુતનો મદ કર્યો હતો, તેથી ચૌદ પૂર્વનું જ્ઞાન ભણી ન શક્યા. **(૭) લાભ મદ–** અભીષ્ટ વસ્તુ મળવાથી પોતાના લાભનું અભિમાન કરવું– અષાઢાભૂતિ અણગારે લાભનો મદ કર્યો હતો, તેથી લાભ પામી ન શક્યા. **(૮) ઐશ્વર્યમદ–** પોતાના ઐશ્વર્ય અર્થાત્ પ્રભુત્વનું અભિમાન કરવું– રાજા રાવણે ઐશ્વર્યનો મદ કર્યો હતો, તેથી લક્ષ્મણજીના હાથે મરણ પામ્યા. આ આઠે પ્રકારના મદ સર્વથા ત્યાજ્ય છે. પ્રમાદવશ આઠ મદમાંથી કોઈ પણ મદનું સેવન કર્યું હોય, તો તેનું પ્રતિક્રમણ કરું છું.

**નવ બ્રહ્મચર્ય ગુપ્તિ :–**

## ૨૦ णवहिं बंभचेर गुत्तीहिं ।

**ભાવાર્થ :–** નવ પ્રકારની બ્રહ્મચર્યગુપ્તિમાં અતિચારનું સેવન કર્યું હોય, તો તેનું પ્રતિક્રમણ કરું છું.

**વિવેચન :–**

બ્રહ્મ – પરમાત્મા. આત્માને પરમાત્મા બનાવવા માટે જે ચર્યાનું આચરણ કરવામાં આવે તે બ્રહ્મચર્ય છે.

બ્રહ્મચર્યની સુરક્ષા માટે સાધકોને બ્રહ્મચર્યના પોષક નવ પ્રકારના નિયમોનું કથન છે. તેને બ્રહ્મચર્યની નવ ગુપ્તિ અથવા નવ વાડ કહે છે. તે નવ ગુપ્તિ(નવવાડ)ને દષ્ટાંત દ્વારા સમજાવવામાં આવે છે.

**(૧) વિવક્ત-શયનાસન**–સ્ત્રી, પશુ, પંડગ-નપુંસક સહિત સ્થાનમાં રહેવું નહીં, રહે તો ઊંદરને બિલાડીનું દષ્ટાંત. જે રીતે ઉંદરને બિલાડીના સ્થાનમાં રહેવું ભયજનક છે. બિલાડી ક્યારે તરાપ મારે તે કહી શકાય નહીં, બિલાડીની પાસે ઉંદરનું રહેવું, તે તેના નાશનું કારણ છે. તે જ રીતે બ્રહ્મચારી સાધુએ સ્ત્રી સંસક્ત સ્થાનમાં, સાધ્વીએ પુરુષયુક્ત સ્થાનમાં કે પશુ કે નપુંસકયુક્ત સ્થાનમાં રહેવું, તે ભયજનક છે. વિજાતીય વ્યક્તિના સંપર્કથી વાસનાના સંસ્કાર ક્યારે જાગૃત થાય, તે કહી શકાતું નથી, તેથી સાધકે વિજાતીય યુક્ત સ્થાનનો ત્યાગ કરવો હિતાવહ છે.

**(૨) સ્ત્રીકથા પરિહાર–** સ્ત્રીઓની સાથે કથા, વાર્તા કે તેના રૂપ, ગુણ આદિની પ્રશંસા કરવી નહીં, કરે તો લીંબુને દાઢનું દષ્ટાંત. જેમ લીંબુને જોવા માત્રથી અથવા તેની ખટાશના સ્પર્શથી મોઢામાં પાણી આવે છે, તેની રસેન્દ્રિય રસમાં આકર્ષિત થાય છે. તેમ સ્ત્રીકથા મૈથુન સંજ્ઞાની ઉત્પત્તિનું એક કારણ છે. સ્ત્રીકથા સાધકની સુષુપ્ત વૃત્તિને જાગૃત કરે છે. તેથી સાધકોએ સ્ત્રીકથાનો અને સાધ્વીએ પુરુષ કથાનો ત્યાગ કરવો જરૂરી છે.

**(૩) નિષદ્યાનુપવેશન–** સ્ત્રી જે આસને બેઠી હોય, તે આસને અંતર્મુહૂર્ત ગયા પહેલાં પુરુષે અને પુરુષ બેઠા હોય તે આસન ઉપર બ્રહ્મચારી સ્ત્રીએ બેસવું નહીં, બેસે તો કોળુંને કણકનું દષ્ટાંત. જેમ કણક-ઘઉંનો લોટ બાંધ્યા પછી તેની પાસે ભૂરૂં કોળું રાખવાથી લોટનો કસ ઊડી જાય છે તેમ સ્ત્રીના આસન પર તુરંત બેસવાથી સાધકનું સત્ત્વ નાશ પામે છે.

**(૪) સ્ત્રી અંગોપાંગ દર્શન ત્યાગ–** બ્રહ્મચારી પુરુષે સ્ત્રીઓના અને બ્રહ્મચારી સ્ત્રીએ પુરુષોના અંગોપાંગ વિષય બુદ્ધિથી નિરખવા નહીં, નિરખે તો સૂર્યને નેત્રનું દષ્ટાંત.

જેમ સૂર્ય સામે એકીટસે જોવાથી આંખમાં પાણી આવે છે, નેત્રનું તેજ ઘટે છે. સતત સૂર્યની સામે દષ્ટિ રાખવી, તે આંખને માટે હાનિકારક છે. તેમ વિષય બુદ્ધિથી સ્ત્રીઓના અંગોપાંગનું દર્શન કરવું, તે સાધુ માટે હાનિકારક છે. સુજ્ઞ પુરુષ સૂર્ય તરફથી દષ્ટિ તુરંત હટાવી લે છે તેમ સુજ્ઞ સાધક પણ વિજાતીય વ્યક્તિ પર દષ્ટિ સ્થિર કરતા નથી.

**(૫) કુડાયાન્તર શબ્દ શ્રવણાદિ વર્જન–** દિવાલ આદિના આંતરે રહીને સ્ત્રીના(સાધ્વીએ પુરુષના) શબ્દ, ગીત આદિ સાંભળવા નહીં અથવા સ્ત્રી રહેતી હોય, ત્યાં એક ભીંતના આંતરે રહેવું નહીં, રહે તો લાખ, અગ્નિ અને મીણનું દષ્ટાંત.

જેમ અગ્નિની સમીપે રહેલું લાખ કે મીણ ઓગળી જાય છે. તેમ એક ભીંતના આંતરે અર્થાત્ સ્ત્રીની સમીપે રહીને તેના શબ્દાદિ શ્રવણથી સાધકનો બ્રહ્મચર્યનો ભાવ ઓગળી જાય, સાધક સ્વમાર્ગથી ચલિત થઈ જાય છે.

**(૬) પૂર્વભોગ–અસ્મરણ–** પૂર્વે ભોગવેલા કામભોગોનું સ્મરણ કરવું નહીં. સ્મરણ કરે તો મુસાફરને સાપના વલોણાની છાસનું દષ્ટાંત.

તે કથાનક આ પ્રમાણે છે– એકદા એક મુસાફર મુસાફરી દરમ્યાન એક ગામમાંથી પસાર થઈ રહ્યો હતો. અત્યંત તૃષાતુર બનેલા મુસાફરે એક ડોસીને ત્યાં વલોણાની છાસ પીધી. તે મુસાફર છ મહિને પાછો આવ્યો, ત્યારે ડોસીએ કહ્યું, ભાઈ ! તમે હજુ જીવો છો ? ભાઈએ કહ્યું, કેમ શું થયું ? ડોસીએ કહ્યું, તમે છ મહિના પહેલા મારા ઘેર આવ્યા ત્યારે છાસ પીધી હતી, તે છાસની દોણીમાં સર્પ હતો. તમે ગયા પછી મને ખબર પડી. મને એમ હતું કે તમે સર્પના વિષથી મિશ્રિત છાસથી મૃત્યુ પામી ગયા હશો. પેલા ભાઈને છ મહિના પહેલાની ઘટનાનું સ્મરણ થયું અને વિષમિશ્રિત છાસના સ્મરણથી છ મહિના પછી તેનું વિષ ચડ્યું અને તે ભાઈ મૃત્યુ પામ્યો.

તેમ વર્ષો પહેલા ભોગવેલા ભોગોનું સ્મરણ અબ્રહ્મચર્યના ભાવોને જાગૃત કરે છે અને સાધકના વર્તમાનના સાધુજીવનનો નાશ કરે છે.

**(૭) પ્રણીત ભોજન ત્યાગ–** વિકારોત્પાદક ગરિષ્ટ ભોજન કરવું નહીં અથવા પ્રતિદિન વિગયયુક્ત સ્વાદિષ્ટ ભોજન કરવું નહીં. કરે તો સનેપાતવાળાને દૂધ-સાકરનું દષ્ટાંત.

જેમ સનેપાતના દર્દી માટે દૂધ, સાકર હાનિકારક છે, તેનાથી સનેપાત વધે છે. તેમ ગરિષ્ટ ભોજનથી સાધુની વૃત્તિઓ વિકૃત બને છે. રસેન્દ્રિયની આસક્તિથી કામવાસના જાગૃત થાય છે, તેથી સાધુઓ લુખો-સૂકો આહાર કરવાનું વધુ પસંદ કરે છે.

**(૮) અતિમાત્ર ભોજન ત્યાગ–** અતિમાત્રામાં આહાર કરવો નહીં, કરે તો શેરની તોલડી ને બશેરનું દષ્ટાંત. શેર પ્રમાણ પાત્રમાં બશેર વસ્તુ નાંખતા તે માત્ર તૂટી જાય કે નાશ પામે છે અથવા વધારાની વસ્તુ ઢોળાય જાય છે. તેમ અધિક આહાર બ્રહ્મચારી માટે જોખમકારક છે.

**(૯) વિભૂષા પરિવર્જન–** શરીર પર શોભા-વિભૂષા કરવી નહીં, કરે તો રાંકના હાથમાં રત્નનું દષ્ટાંત.

રાંક-દીન પુરુષ રત્નના મૂલ્યને સમજતો ન હોવાથી રત્નને વેડફી નાંખે અથવા ખોઈ નાંખે છે. તે રત્નનું અવમૂલ્યાંકન કરે છે, તેમ સાધકો શરીર પર શોભા-વિભૂષા કરીને આત્માનું અવમૂલ્યાંકન કરે છે.

જેમ ખેતરની વાડ પશુ આદિથી ધાન્યની રક્ષા માટે છે. તેમ બ્રહ્મચર્યની આ નવ વાડ વાસના રૂપ

પશુઓથી બ્રહ્મચર્યરૂપ આત્મગુણોની રક્ષા માટે છે. સંક્ષેપમાં નવ નિયમોના અપાલનથી, બ્રહ્મચર્યનો નાશ થાય છે અને તેના યથાર્થ પાલનથી બ્રહ્મચર્યની સુરક્ષા થાય છે.

**દશ શ્રમણધર્મ :–**

**૨૧ दसविहे समणधम्मे ।**

**ભાવાર્થ :–** દશ પ્રકારના શ્રમણધર્મનું યથાર્થ પાલન ન થયું હોય, તો તેનું પ્રતિક્રમણ કરું છું.

**વિવેચન :–**

આત્મસાધનામાં નિરંતર શ્રમ કરનારા સર્વવિરત સાધકોને **શ્રમણ** કહે છે. શ્રમણોને પ્રગટ કરવા યોગ્ય આવશ્યક ગુણોને **શ્રમણધર્મ** કહે છે. તેના દશ પ્રકાર છે– **(૧) ક્ષાંતિ–** ક્રોધને શાંત કરીને ક્ષમાભાવ ધારણ કરવો. **(૨) માર્દવ–** મૃદુતા, કોમળતા, નમ્રતા. જાતિ, કુલ આદિનો અહંકાર ન કરવો. **(૩) આર્જવ–** ઋજુતા, સરળતા. માયા કપટ ન કરવું. **(૪) મુક્તિ–** નિર્લોભતા. લોભ ન કરવો. **(૫) તપ–** અનશનાદિ બાર પ્રકારના તપની આરાધના કરવી. **(૬) સંયમ–** હિંસાદિ આશ્રવનો નિરોધ કરવો. **(૭) સત્ય–** અસત્યનો ત્યાગ કરી સત્ય ભાષણ તથા સત્ય-યથાતથ્ય વ્યવહાર કરવો **(૮) શૌચ–** નિરતિચારપણે, નિર્દોષપણે સંયમનું પાલન કરી પવિત્રતાનો ભાવ કેળવવો. **(૯) આકિંચન્ય–** પરિગ્રહ ન રાખવો. **(૧૦) બ્રહ્મચર્ય–** બ્રહ્મચર્યનું પાલન કરવું.

દશ પ્રકારના શ્રમણ ધર્મમાં સંયમ, સત્ય, બ્રહ્મચર્ય, આકિંચન્ય, તે મૂળગુણ છે અને ક્ષમા, માર્દવ, આર્જવ, મુક્તિ, તપ અને શૌચ, તે ઉત્તરગુણ છે. આ રીતે મૂળગુણ અને ઉત્તરગુણ રૂપ શ્રમણ ધર્મનું યથાર્થ પાલન થયું ન હોય, તો તજ્જન્ય દોષોનું પ્રતિક્રમણ કરવાનું છે.

**અગિયાર ઉપાસક પ્રતિમા :–**

**૨૨ इक्कारसहिं उवासग-पडिमाहिं ।**

**ભાવાર્થ :–** અગિયાર ઉપાસક પ્રતિમા સંબંધી દોષોનું પ્રતિક્રમણ કરું છું.

**વિવેચન :–**

શ્રાવકોના વિશિષ્ટ અભિગ્રહને **ઉપાસક પ્રતિમા** કહે છે, તેના ૧૧ ભેદ છે.

**(૧) દર્શન પ્રતિમા :–** પ્રતિમાધારી શ્રાવક શ્રુતધર્મ અને ચારિત્રધર્મમાં દૃઢ શ્રદ્ધા રાખે છે. મન, વચન, કાયાથી સમ્યક્ત્વમાં કોઈ પ્રકારના અતિચારનું સેવન કરતા નથી તથા દેવ, રાજા આદિના દબાણથી આગારનું પણ સેવન કરતા નથી. એક મહિના સુધી દૃઢ સમ્યક્ત્વની આરાધના કરે છે. પ્રથમ દર્શન પ્રતિમાની આરાધનાનો સમય એક મહિનાનો છે.

**(૨) વ્રત પ્રતિમા :–** વ્રત પ્રતિમામાં દૃઢ સમ્યક્ત્વ સહિત પાંચ અણુવ્રતોનું અને ત્રણ ગુણવ્રતોનું નિરતિચાર પાલન કરે છે. ચાર શિક્ષાવ્રતને પણ ધારણ કરે છે. પરંતુ તેમાં સામાયિક અને દેશાવગાસિકવ્રતનું યથાવિધ સમ્યક પાલન કરી શકતા નથી. તે અનુકંપા વગેરે ગુણોથી યુક્ત હોય છે. આ પડિમાની આરાધનાનો સમય પ્રથમ પ્રતિમાના સમય સહિત બે મહિનાનો છે.

**(૩) સામાયિક પ્રતિમા :–** સમ્યક્દર્શન અને વ્રતોની આરાધના કરનારા સાધક સામાયિક પ્રતિમા સ્વીકારીને હંમેશાં ત્રણ સામાયિક કરે છે. આ પડિમામાં સામાયિક અને દેશાવગાસિક વ્રતનું સમ્યકરૂપે પાલન કરે છે, પરંતુ આઠમ, ચૌદશ તથા પૂનમ વગેરે વિશિષ્ટ દિવસોમાં પૌષધ ઉપવાસનું સમ્યક પ્રકારે આરાધન કરી શકતા નથી. તન્મયતા અને જાગૃતિ સાથે સામાયિક વ્રતની ઉપાસના કરવી તે જ આ પ્રતિમાનો મૂળ હેતુ છે. આ આરાધનાની અવધિ પૂર્વોક્ત પ્રતિમાના સમય સહિત ત્રણ મહિનાની છે.

**(૪) પૌષધ પ્રતિમા :–** પહેલી, બીજી અને ત્રીજી પડિમાથી આગળ વધતાં આરાધક પૌષધ પડિમા સ્વીકારીને આઠમ, ચૌદશ વગેરે છ પર્વતિથિઓના દિવસે પૌષધવ્રતનું પૂર્ણરૂપે પાલન કરે છે. આ પ્રતિમાની આરાધનાનો સમય પૂર્વોક્ત ત્રણ પ્રતિમાઓના સમય સહિત ચાર મહિનાનો છે.

**(૫) કાયોત્સર્ગ પ્રતિમા :–** કાયોત્સર્ગનો અર્થ કાય અથવા શરીરનો ત્યાગ છે. શરીર તો જીવનપર્યંત સાથે જ રહે છે. તેનો ત્યાગ અર્થાત્ તેની આસક્તિ અથવા મમતાનો ત્યાગ કરવો. કાયોત્સર્ગ પ્રતિમામાં શ્રાવક શરીર, વસ્ત્ર વગેરેના મમત્વને છોડીને પોતાના આત્મચિંતનમાં લીન બની જાય છે. આઠમ અને ચૌદશે એક અહોરાત્રિ કાઉસગ્ગ અથવા ધ્યાનની આરાધના કરે છે. આ પડિમાનો સમય એક દિવસ, બે દિવસ, ત્રણ દિવસથી લઈને ઉત્કૃષ્ટ પાંચ મહિનાનો હોય છે.

**(૬) બ્રહ્મચર્ય પ્રતિમા :–** આ પ્રતિમામાં પૂર્ણરૂપથી બ્રહ્મચર્યનું પાલન કરવામાં આવે છે. સ્ત્રીઓને કારણ વિના મળવું, વાતચીત કરવી, તેના શણગારની ચેષ્ટાઓને જોવી વગેરે ક્રિયાઓ તેમાં વર્જિત છે. શ્રાવક સ્વયં પણ શણગાર, વેશભૂષા વગેરે ઉપક્રમથી દૂર રહે છે, સ્નાન કરતા નથી. ધોતીની પાટલી બાંધીને રાખતા નથી, તેમજ રાત્રિભોજન કરતાં નથી. આ પ્રતિમાધારી શ્રાવક સચિત્ત આહારનો ત્યાગ કરતા નથી. કારણવશ તે સચિત્ત પદાર્થનું સેવન કરે છે. આ પ્રતિમાની આરાધનાનો સમય જઘન્ય એક, બે, ત્રણ દિવસ તથા ઉત્કૃષ્ટ છ મહિનાનો છે.

**(૭) સચિત્તાહારવર્જન પ્રતિમા :–** પૂર્વોક્ત નિયમોનું પાલન કરતા, પરિપૂર્ણ બ્રહ્મચર્યનું અનુસરણ કરતા, શ્રાવક આ પ્રતિમામાં સચિત્ત આહારનો સર્વથા ત્યાગ કરે છે. પણ તે આરંભનો ત્યાગ કરતા નથી. આ પ્રતિમાની આરાધનાનો સમય જઘન્ય એક, બે, ત્રણ દિવસ અને ઉત્કૃષ્ટ કાળ સાત મહિનાનો છે.

**(૮) સ્વયં આરંભવર્જન પ્રતિમા :–** પૂર્વોક્ત સર્વ નિયમોનું પાલન કરતા આ પ્રતિમામાં શ્રાવક સ્વયં કોઈ પ્રકારનો આરંભ અથવા હિંસા કરતા નથી અર્થાત્ આરંભ કરવાનો પૂર્ણ ત્યાગ કરે છે, પરંતુ બીજા પાસે આરંભ કરાવવાનો તેને ત્યાગ હોતો નથી. આ પ્રતિમાની આરાધનાનો કાળ જઘન્ય એક, બે, ત્રણ દિવસ અને ઉત્કૃષ્ટ આઠ મહિનાનો છે.

**(૯) પ્રેષ્યત્યાગ પ્રતિમા :–** પૂર્વવર્તી પ્રતિમાઓના સર્વ નિયમોનું પાલન કરતા શ્રાવક આ પ્રતિમામાં આરંભનો ત્યાગ કરે છે. એટલે સ્વયં આરંભ કરતા નથી અને બીજા પાસે કરાવતા નથી પરંતુ પોતાના ઉદ્દેશથી બનાવેલા ભોજનનો તે ત્યાગ કરતા નથી, તેને લઈ શકે છે. આ પ્રતિમાની આરાધનાનો સમય જઘન્ય એક, બે, ત્રણ દિવસ અને ઉત્કૃષ્ટ નવ મહિનાનો છે.

**(૧૦) ઉદ્દિષ્ટ ભક્ત વર્જન પ્રતિમા :–** પૂર્વોકત નિયમોનું પાલન કરતા શ્રાવક આ પ્રતિમામાં ઉદ્દિષ્ટ-પોતાને માટે તૈયાર કરેલા ભોજન વગેરેનો ત્યાગ કરે છે. તે લૌકિક કાર્યોથી પ્રાયઃ દૂર રહે છે. લૌકિક કાર્યના વિષયમાં આદેશ આપતા નથી, તત્સંબંધી પોતાનો વિચાર પણ દર્શાવતા નથી. અમુક વિષયમાં 'જાણું છું અથવા જાણતો નથી' આટલો જ જવાબ આપે છે. આ પ્રતિમાના આરાધક ક્ષુરમુંડન કરાવે

અથવા કોઈ શિખા પણ રાખે છે. આ પ્રતિમાની આરાધનાનો સમય જઘન્ય એક, બે કે ત્રણ દિવસ અને ઉત્કૃષ્ટ દશ મહિનાનો છે.

**(૧૧) શ્રમણ ભૂત પ્રતિમા :–** પૂર્વોકત બધા નિયમોનું પાલન કરતા શ્રાવક આ પ્રતિમામાં લગભગ શ્રમણ અથવા સાધુ જેવા બની જાય છે. તેની બધી ક્રિયાઓ શ્રમણ જેવી યતના અને જાગૃતિપૂર્વકની હોય છે. તે સાધુ જેવો વેશ ધારણ કરે છે, સાધુની જેવા જ પાત્રા, ઉપકરણ વગેરે રાખે છે, અસ્ત્રાથી માથાનું મુંડન કરાવે છે, જો સહનશીલતા અથવા શક્તિ હોય તો લોચ પણ કરે છે. સાધુની જેમ તે ભિક્ષાચર્યાથી જીવનનિર્વાહ કરે છે પરંતુ અંતર એ છે કે સાધુ દરેકના ઘરે ભિક્ષા માટે જાય છે અને તે શ્રાવક પોતાના સ્વજનો-જ્ઞાતિજનોના ઘેર જાય છે કારણકે સ્વજનો સાથે તેનો રાગાત્મક સંબંધનો સંપૂર્ણ વિચ્છેદ થયો નથી. તેની આરાધનાનો કાળ જઘન્ય એક, બે કે ત્રણ દિવસ ઉત્કૃષ્ટ કાળ અગિયાર મહિનાનો છે. આ પ્રતિમાના આરાધક, શ્રમણની ભૂમિકામાં તો નથી પરંતુ પ્રાયઃ શ્રમણ જેવા હોય છે, તેથી તેને શ્રમણભૂત પ્રતિમા કહે છે.

સાધુએ ઉપાસક પ્રતિમાનું પાલન કરવાનું નથી પરંતુ તત્સંબંધી અશ્રદ્ધા કે વિપરીત પ્રરૂપણાથી કોઈ પાપદોષનું સેવન થયું હોય, તો તેનું પ્રતિક્રમણ કરવાનું હોય છે.

**બાર ભિક્ષુ પ્રતિમા :–**

**૨૩ बारसहिं भिक्खुपडिमाहिं ।**

**ભાવાર્થ :–** બાર ભિક્ષુ પ્રતિમાનું યથાર્થ પાલન ન થયું હોય, તો તત્સંબંધી દોષોનું પ્રતિક્રમણ કરું છું.

**વિવેચન :–**

સાધુને ધારણ કરવા યોગ્ય વિશિષ્ટ અભિગ્રહને **ભિક્ષુ પ્રતિમા** કહે છે. તેના બાર પ્રકાર છે. તેમાં સાત પ્રતિમા દત્તિના આધારે છે. **દત્તિ**–સાધુના પાત્રમાં દાતા એક અખંડ ધારાએ જે આહાર અને પાણી આપે, તે એક **દત્તિ** કહેવાય છે.

**(૧) પ્રથમ પ્રતિમા–** આ પ્રતિમાધારી સાધુને એક દત્તિ અન્નની અને એક દત્તિ પાણીની લેવી કલ્પે છે. તેનો સમય એક મહિનાનો છે. **૨ થી ૭ પ્રતિમા :–** તેમાં ક્રમશઃ એક-એક દત્તિ વધે છે અર્થાત્ બીજી પ્રતિમામાં બે દત્તિ આહાર અને બે દત્તિ પાણી, આ રીતે ક્રમશઃ વધતા સાતમી પ્રતિમામાં સાત દત્તી આહાર અને સાત દત્તી પાણી લેવું કલ્પે છે. આ પ્રત્યેક પ્રતિમાનો સમય એક માસનો છે માત્ર દત્તિઓની વૃદ્ધિના કારણે તથા બીજા, ત્રીજા આદિ માસમાં આ પ્રતિમાઓ વહન કરાતી હોવાથી ક્રમશઃ દ્વિમાસિકી(બીજા માસની) ત્રિમાસિકી, ચતુર્માસિકી, પંચ માસિકી, ષષ્ઠમાસિકી યાવત્ સપ્ત માસિકી(સાતમા માસની) પ્રતિમા કહેવાય છે.

**આઠમી પ્રતિમા–** આ પ્રતિમા સાત દિવસ રાતની હોય છે. તેમા એકાંતર ચૌવિહારા ઉપવાસ કરવાના હોય છે. ગામની બહાર ઉત્તાનાસન અર્થાત્ આકાશ તરફ મુખ કરી સીધું સુવું, પાર્શ્વાસન– એક પડખે સુવું અથવા નિષદ્યાસન– પલાંઠીવાળીને બેસવું. આ પ્રતિમાના ધારક સાધુ ઉપરોક્ત કોઈ પણ આસને સુતા કે બેસતા ધ્યાનમાં લીન રહે છે. ઉપસર્ગ આવે તો શાંતચિત્તે સહન કરે છે.

**નવમી પ્રતિમા :–** આ પ્રતિમા પણ સપ્ત રાત્રિ દિવસની હોય છે. તેમાં સાધુ ચૌવિહારા છઠ્ઠના પારણે છઠ્ઠ કરે છે.ગામની બહાર એકાંત દંડાસન, લગુડાસન અથવા ઉત્કટુકાસનથી ધ્યાન કરે છે.

**દસમી પ્રતિમા :–** આ પ્રતિમા પણ સપ્ત રાત્રિ દિવસની હોય છે. તેમાં ચૌવિહારા અઠ્ઠમના પારણે અઠ્ઠમ કરવાના હોય છે. ગામની બહાર ગોદુહાનાસન, વીરાસન અથવા આમ્રકુબ્જાસનથી ધ્યાન કરવાનું હોય છે.

**અગિયારમી પ્રતિમા :–** આ પ્રતિમા એક અહોરાત્રિની હોય છે. એક દિવસ અને એક રાત અર્થાત્ આઠ પ્રહર સુધી આ પ્રતિમાની સાધના કરવામાં આવે છે. ચૌવિહારો છઠ્ઠ કરી બીજે દિવસે નગરની બહાર બંને હાથને ઘૂંટણ સુધી લાંબા રાખી દંડાયમાન રૂપે ઊભા ઊભા કાઉસગ્ગ કરે છે.

**બારમી પ્રતિમા :–** આ પ્રતિમા એક રાત્રિની હોય છે. તેમાં સાધુ ચૌવિહારો અઠ્ઠમ કરી ત્રીજે દિવસે ગામની બહાર સ્મશાન ભૂમિમાં ઊભા ઊભા મસ્તકને થોડું ઝુકાવી એક પુદ્ગલ ઉપર દષ્ટિ રાખીને નિર્નિમેષ નેત્રોથી નિશ્ચલતા પૂર્વક કાર્યોત્સર્ગ કરે છે. ઉપસર્ગોને સમભાવ પૂર્વક સહન કરે છે.

આ બાર ભિક્ષુની પ્રતિમાની શ્રદ્ધા, પ્રરૂપણા કે સ્પર્શના સંબંધી અતિચારોનું સેવન થયું હોય, તો તેનું પ્રતિક્રમણ કરવાનું છે.

**તેર ક્રિયાસ્થાન :–**

**૨૪ तेरसहिं किरिया ठाणेहिं ।**

**ભાવાર્થ :–** તેર ક્રિયા સ્થાનનું પ્રતિક્રમણ કરું છું.

**વિવેચન :–**

**ક્રિયા સ્થાન– क्रियन्ते इति क्रिया ।** જીવ દ્વારા જે કરાય છે, તે ક્રિયા છે. (૧) ક્રિયા કે પ્રવૃત્તિનું સ્થાન, તે ક્રિયાસ્થાન છે. (૨) કર્મબંધના ઉપાદાનકરણ કે નિમિત્તકરણને ક્રિયાસ્થાન કહે છે. (૩) જે નિમિત્તથી ક્રિયા થાય, તે ક્રિયાસ્થાન છે. તેના તેર પ્રકાર છે–

**(૧) અર્થદંડ ક્રિયા–** પોતાના કોઈ અર્થ–પ્રયોજનથી ત્રસ અને સ્થાવર જીવોની હિંસા આદિ પાપપ્રવૃત્તિ કરવી, કરાવવી તથા અનુમોદના કરવી. **(૨) અનર્થદંડ ક્રિયા–** પ્રયોજન વગર, કોઈ પણ કારણ વિના જીવહિંસા વગેરે પાપપ્રવૃત્તિ કરવી, વ્યર્થ રીતે જ કોઈને પીડા દેવી. **(૩) હિંસાદંડ ક્રિયા–** આ અમુક વ્યક્તિ મને અથવા મારા સ્નેહીઓને કષ્ટ, દુઃખ, પીડા આપે છે, આપશે અથવા આપતા હતા. આ પ્રમાણે વિચારીને તેની હિંસા કરવી, **(૪) અકસ્માતદંડ ક્રિયા–** શીઘ્રતાથી એકાએક કોઈ પણ પ્રકારના વિચાર વિના થઈ જતાં પાપને અકસ્માત ક્રિયા કહેવાય છે. જેમ કે– બાણ આદિ હિંસાકારી સાધનો દ્વારા બીજાની હત્યા કરવા જતાં અન્યની હત્યા થઈ જાય તે. **(૫) દષ્ટિ વિપર્યાસદંડ ક્રિયા–** મતિ ભ્રમથી થઈ જતી પાપજન્ય ક્રિયા, જેમ કે– ચોર આદિના ભ્રમમાં નિરપરાધી પુરુષને દંડ દેવો. **(૬) મૃષા ક્રિયા–** ખોટું બોલવાથી જે ક્રિયા લાગે તે. **(૭) અદત્તાદાન ક્રિયા–** ચોરી કરવાથી જે ક્રિયા લાગે તે. **(૮) અધ્યાત્મ ક્રિયા–** બાહ્ય નિમિત વગર મનના શોક આદિ દુર્ભાવજન્ય ક્રિયા. **(૯) માન ક્રિયા–** પોતાની પ્રશંસા કરવાથી, ઘમંડ કરવાથી જે ક્રિયા લાગે તે. **(૧૦) મિત્ર દ્વેષ ક્રિયા–** મિત્ર આદિ ઉપર દ્વેષ રાખવાથી, તેને દંડ દેવાથી જે ક્રિયા લાગે તે. **(૧૧) માયા ક્રિયા–** દંભ કરવાથી જે ક્રિયા લાગે તે. **(૧૨) લોભ ક્રિયા–** લોભ કરવાથી જે ક્રિયા લાગે તે. **(૧૩) ઈર્યાપથિકી ક્રિયા–** વીતરાગી વ્યક્તિને ગમનાગમનથી જે ક્રિયા લાગે તે.

આ તેર ક્રિયા સ્થાનોમાંથી પ્રથમ બાર ક્રિયાસ્થાન સાંપરાયિક કષાયયુક્ત છે અને તેરમું

ઈર્યાપથિક-કષાયરહિત ક્રિયાસ્થાન છે. દિવસ દરમ્યાન આ તેર ક્રિયાસ્થાનમાંથી કોઈ પણ ક્રિયાસ્થાનનું સેવન થયું હોય, તો તેનાથી નિવૃત્ત થાઉં છું.

**ચૌદ ભૂતગ્રામ :–**

**૨૫ चउदसहिं भूयगामेहिं ।**

**ભાવાર્થ :–** ચૌદ પ્રકારના ભૂતગ્રામ (જીવોનો સમૂહ)ના હિંસાજન્ય દોષોનું પ્રતિક્રમણ કરું છું.

**વિવેચન :–**

**भूतानि जीवास्तेषां ग्रामाः समूहा भूतग्रामाः ।** અહીં 'ભૂત' શબ્દ સમસ્ત સંસારી જીવોનો વાચક છે. તે જીવોનો સમૂહ **ભૂતગ્રામ** કહેવાય છે. સૂક્ષ્મ-બાદર, પર્યાપ્ત-અપર્યાપ્તની અપેક્ષાએ સંસારી જીવોના ચૌદ ભેદ છે.

સૂક્ષ્મ એકેન્દ્રિય, બાદર એકેન્દ્રિય, બેઇન્દ્રિય, તેઇન્દ્રિય, ચૌરેન્દ્રિય, અસંજ્ઞી પંચેન્દ્રિય, સંજ્ઞી પંચેન્દ્રિય, આ સાત પ્રકારના જીવોના અપર્યાપ્તા અને પર્યાપ્તા, કુલ ચૌદ ભેદ છે. આ જીવોની વિરાધના કરવી, તેઓને પીડા આપવી, તે અતિચાર છે. કોઈ પણ જીવની વિરાધના થઈ હોય, તો આ સૂત્ર દ્વારા તેની આલોચના કરવામાં આવે છે.

આવશ્યક ચૂર્ણિકાર અને વ્યાખ્યાકાર ભૂતગ્રામથી **ચૌદ ગુણસ્થાનક વર્તી** જીવ સમૂહનો ઉલ્લેખ કરે છે. ચૌદ ગુણસ્થાનવર્તી જીવોમાં પણ સમસ્ત સંસારી જીવોનો સમાવેશ થાય છે.

**પંદર પરમાધામી દેવ :–**

**૨૬ पण्णरसहिं परमाहम्मिएहिं ।**

**ભાવાર્થ :–** પંદર પ્રકારના પરમાધામી દેવો જેવું આચરણ કર્યું હોય, તો તજ્જન્ય દોષોનું પ્રતિક્રમણ કરું છું.

**વિવેચન :–**

**संक्लिष्ट परिणामत्वात्परमाधार्मिकाः ।** અત્યંત સંક્લિષ્ટ પરિણામી ભવનપતિ જાતિના, પ્રથમ નરકમાં રહીને ત્રણ નરક સુધીના નારકીઓને અધમાધમ રીતે પીડિત કરનાર દેવો, **પરમધામી દેવ** કહેવાય છે. તેના પંદર પ્રકાર છે. વ્યાખ્યાકારોએ તે પંદરે જાતિના દેવોની વિશેષતાઓનું વિસ્તૃત વર્ણન કર્યું છે.

**(૧) અંબ–** નારકીઓને આકાશમાં ઊંચે ઉછાળી તીક્ષ્ણ શસ્ત્રો પર ઝીલનારા, ગરદન વગેરે પકડીને ખાડામાં ફેંકનારા દેવ. **(૨) અંબરીષ–** નારકીઓને મુદ્‌ગર આદિથી કૂટીને, કાતર આદિથી ટુકડા કરીને ભઠ્ઠીમાં શેકીને અધમૂઆ કરનારા દેવ. **(૩) શ્યામ–** કોરડા આદિથી મારનારા, હાથ–પગ આદિ અવયવોને દુષ્ટ રીતે કાપનારા; શૂળ, સોયા આદિથી વીંધનારા દેવ. **(૪) શબલ–** મુદ્‌ગર આદિ દ્વારા નારકીઓના હાડકાના ચૂરેચૂરા કરી, આંતરડા અને ચરબી વગેરેને બહાર ખેંચનારા દેવ. **(૫) રૌદ્ર–** નારકીઓને ઊંચે ઉછાળીને નીચે તલવાર, ભાલા વગેરેમાં પરોવી દેનારા દેવ. **(૬) ઉપરૌદ્ર–** નારકીઓના હાથ-પગ મરડનારા, તોડનારા દેવ. **(૭) કાલ–** નારકીઓને કુંભીમાં પકાવનારા દેવ. **(૮) મહાકાલ–** પૂર્વ જન્મના માંસાહારી જીવોને તેમની જ પીઠનું માંસ કાપી-કાપીને ખવડાવનારા દેવ. **(૯) અસિપત્ર–** તલવાર જેવા તીક્ષ્ણ પાંદડાવાળા વનની વિકુર્વણા કરીને, છાયાની ઇચ્છાથી તે વનમાં આવેલા

નારકીઓને તે પાંદડા ખેરવીને ભેદનારા દેવ. **(૧૦) ધનુષ–** ધનુષ્યથી છોડેલા અર્ધચંદ્રકાર બાણોથી નારકીઓના આંખ, કાન આદિ અવયવોને છેદનારા દેવ. **(૧૧) કુંભ–** ઊંટડી–સાંઢણી આદિના આકારવાળી કુંભીઓમાં નારકીઓને નાંખીને પકાવનારા દેવ. **(૧૨) વાલુક–** વજ્રમય રેતીમાં નારકીઓને ચણાની જેમ શેકનારા દેવ. **(૧૩) વૈતરણી–** અત્યંત દુર્ગંધ યુક્ત લોહીથી ભરેલી, તપેલા જસત અને કથીરથી ઉકળતી, અત્યંત ક્ષાર યુક્ત પાણીથી ભરેલી વૈતરણી નદીની વિકુર્વણા કરીને તેમાં નારકીઓને નાંખીને દુઃખી આપનારા દેવ. **(૧૪) ખરસ્વર–** તીક્ષ્ણ વજ્ર જેવા કાંટાવાળા, ઊંચા શેમલના ઝાડ ઉપર ચઢાવીને બૂમો પાડતા નારકીઓને ખેંચનારા, કરવતથી વિદારનારા દેવ. **(૧૫) મહાઘોષ–** અત્યંત વેદનાના ડરથી હરણની જેમ નાસભાગ કરતા, વાડામાં પૂરાયેલા પશુઓની જેમ મહાગર્જના કરતા નારકીઓને પકડનારા દેવ.

આ રીતે પંદર પ્રકારના પરમાધામી દેવો કેવળ પોતાના મનોવિનોદ માટે અત્યંત નિર્દયપણે નારકી જીવોને પીડિત કરે છે. પરમાધામી દેવોના અધમાધમકૃત્યોની મનથી અનુમોદના કરવી અથવા સંક્લિષ્ટ પરિણામોથી પરમાધામી દેવપણું પ્રાપ્ત થાય, તેવી પ્રવૃત્તિ કરવી, તે અતિચાર છે. તે અતિચારોનું પ્રતિક્રમણ કરવાનું હોય છે.

### સૂયગડાંગ સૂત્રના પ્રથમ શ્રુતસ્કંધના સોળ અધ્યયન :-

**૨૭ सोलसहिं गाहासोलसएहिं ।**

**ભાવાર્થ :–** ગાથા ષોડશક. શ્રી સૂયગડાંગ સૂત્રના પ્રથમ શ્રુતસ્કંધના પ્રથમ અધ્યયનથી 'ગાથા' નામક સોળમા અધ્યયન સુધીના ભાવોની શ્રદ્ધા, પ્રરૂપણા કે સ્પર્શનામાં દોષ સેવન થયું હોય, તો તેનું પ્રતિક્રમણ કરું છું.

તે સોળ અધ્યયન આ પ્રમાણે છે– (૧) સ્વ સમય-પર સમય, (૨) વૈતાલી, (૩) ઉપસર્ગ પરિજ્ઞા (૪) સ્ત્રી પરિજ્ઞા, (૫) નરક વિભક્તિ, (૬) વીરસ્તુતિ(પુચ્છિસુણં), (૭) કુશીલ પરિભાષા, (૮) વીર્ય, (૯) ધર્મ, (૧૦) સમાધિ, (૧૧) માર્ગ, (૧૨) સમવસરણ, (૧૩) યથાતથ્ય, (૧૪) ગ્રંથ, (૧૫) આદાનીય અને (૧૬) ગાથા. સુયગડાંગ સૂત્રના પ્રથમ શ્રુતસ્કંધના આ સોળ અધ્યયન છે.

તે જિનકથિત ભાવોમાં શંકા-કુશંકા કરી હોય, તે ભાવોની દઢતમ શ્રદ્ધા, સત્ય પ્રરૂપણા કે યથાર્થ પાલન ન કર્યું હોય, તજ્જન્ય દોષોનું સેવન, અતિચાર રૂપ છે. સાધકે પ્રતિદિન તેનું પ્રતિક્રમણ કરવાનું હોય છે.

### સત્તર પ્રકારના અસંયમ :-

**૨૮ सत्तरसविहे असंजमे ।**

**ભાવાર્થ :–** સત્તર પ્રકારના અસંયમનું પ્રતિક્રમણ કરું છું.

**વિવેચન :-**

સત્તર પ્રકારના અસંયમ– (૧) પૃથ્વીકાય, (૨) અપ્કાય, (૩) તેઉકાય, (૪) વાયુકાય, (૫) વનસ્પતિ કાય, (૬) બેઇન્દ્રિય, (૭) તેઇન્દ્રિય, (૮) ચૌરેન્દ્રિય, (૯) પંચેન્દ્રિય, આ નવ પ્રકારના જીવોની હિંસા કરવી, કરાવવી, અનુમોદના કરવી. તે ક્રમશઃ પૃથ્વીકાય અસંયમ આદિ છે,(૧૦) અજીવકાય અસંયમ– અજીવ હોવા છતા પણ જે વસ્તુઓ દ્વારા અસંયમ થાય છે તેવા બહુમૂલ્યવાન વસ્ત્ર, પાત્ર આદિ ગ્રહણ કરવા તથા ઉપકરણો અજતનાથી લેવા-વાપરવા તથા પરઠવા આદિ ક્રિયા, અજીવ અસંયમ

છે, (૧૧) પ્રેક્ષા અસંયમ– ચાલવું, બેસવું, ઊઠવું વગેરે ક્રિયા જોયા વિના કરવી, (૧૨) ઉપેક્ષા અસંયમ– સંયમ પાલનમાં બેદરકાર રહેવું, ગૃહસ્થના પાપ કર્મોની અનુમોદના કરવી, (૧૩) પરિષ્ઠાપના અસંયમ– અવિધિથી પરઠવું, (૧૪) પ્રમાર્જના અસંયમ– વસ્ત્ર, પાત્ર આદિ ભંડોપકરણનું પ્રમાર્જન ન કરવું, (૧૫) મન અસંયમ– મનમાં અસંયમના વિચારો કરવા, (૧૬) વચન અસંયમ– બોલવામાં અસંયમી ભાષાનો પ્રયોગ કરવો અર્થાત્ સંયમીને ન શોભે તેવા વચનોનો પ્રયોગ કરવો, (૧૭) કાય અસંયમ– ગમનાગમનમાં સાવધાની ન રાખવી. આ સત્તર પ્રકારના અસંયમ સમાવાયાંગ સૂત્રમાં કહ્યા છે. અસંયમના બીજા પણ સત્તર પ્રકાર છે, યથા– (૧) હિંસા, (૨) અસત્ય (૩) ચોરી, (૪) અબ્રહ્મચર્ય (૫) પરિગ્રહ (૬ થી ૧૦) પાંચ ઈન્દ્રિયોને મોકળી મૂકવી (૧૧ થી ૧૪) ચાર કષાય અને (૧૫ થી ૧૭) ત્રણ યોગની અશુભ પ્રવૃત્તિ કરવી. આચાર્ય હરિભદ્ર સૂરિએ આવશ્યક ટીકામાં 'અસંજમે'ના સ્થાને **सत्तरस विहे संजमे** શબ્દની વ્યાખ્યા કરી છે. **संजमे** નો અર્થ સંયમ થાય છે. સંયમ પણ સત્તર પ્રકારનો છે. અસંયમનો વિરોધિ ભાવ, તે સંયમ છે. તેના સત્તર ભેદ ઉપરોક્ત અસંયમના ભેદથી વિપરીત જાણવા, યથા– પૃથ્વીકાય સંયમ આદિ.

આ રીતે સત્તર પ્રકારના અસંયમનું આચરણ કર્યું હોય અથવા સત્તર પ્રકારના સંયમનું યથાર્થ પાલન ન થયું હોય અને તેમાં જે અતિચારોનું સેવન થયું હોય, તેનું પ્રતિક્રમણ કરવાનું છે.

**અઢાર અબ્રહ્મચર્ય :–**

**૨૯ अट्ठारसविहे अबंभे ।**

**ભાવાર્થ :–** અઢાર પ્રકારના અબ્રહ્મચર્યનું પ્રતિક્રમણ કરું છું.

**વિવેચન :–**

ઔદારિક શરીરધારી મનુષ્ય અને તિર્યંચ સંબંધી મન, વચન અને કાયાથી મૈથુન સેવન કરવું નહીં કરાવવું નહીં અને મૈથુન સેવન કરનારની અનુમોદના કરવી નહીં. આ રીતે ત્રણ કરણ અને ત્રણ યોગથી ઔદારિક શરીર સંબંધી મૈથુન સેવનના નવ પ્રકાર અને તે જ રીતે વૈક્રિયશરીરધારી દેવતા સંબંધી મૈથુન સેવનના નવ પ્રકાર થાય, કુલ અઢાર પ્રકારના અબ્રહ્મચર્યના ભાવો થયા હોય અને અતિચાર લાગ્યો હોય, તો તેનું પ્રતિક્રમણ કરું છું.

દેવતા, મનુષ્ય અને તિર્યંચ, આ ત્રણે ગતિના જીવો સાથે પરસ્પર મૈથુન સેવનની સંભાવના છે, તેથી સૂત્રકારે તે ત્રણ ગતિના જીવોના ઔદારિક અને વૈક્રિય, આ બે સ્થૂલ શરીરની ગણના કરીને અબ્રહ્મચર્યના ૧૮ ભેદ કહ્યા છે.

**ઓગણીસ જ્ઞાતા સૂત્રના અધ્યયન :–**

**૩૦ एगुणवीसाए णायज्झयणेहिं ।**

**ભાવાર્થ :–** જ્ઞાતા સૂત્રના ઓગણીસ અધ્યયન કથિત ભાવોની શ્રદ્ધા, પ્રરૂપણા કે તથાપ્રકારના આચરણમાં દોષસેવન થયું હોય, તો તેનું પ્રતિક્રમણ કરું છું.

**વિવેચન :–**

**જ્ઞાતાધર્મકથાના ૧૯ અધ્યયન આ પ્રમાણે છે :–** (૧) ઉત્ક્ષિપ્ત અર્થાત્ મેઘકુમાર, (૨) સંઘાટ, (૩)

અંડ, (૪) કૂર્મ, (૫) શૈલક, (૬) તુંબ, (૭) રોહિણી, (૮) મલ્લી, (૯) માકંદી, (૧૦) ચંદ્રમા, (૧૧) દાવદવ, (૧૨) ઉદક, (૧૩) મંડુક, (૧૪) તેતલિ, (૧૫) નંદીફળ, (૧૬) અમરકંકા, (૧૭) આકીર્ણ, (૧૮) સુંસુમાદારિકા, (૧૯) પુંડરીક. આ ઓગણીસ ધર્મકથા કથિત ભાવ અનુસાર સાધુ ધર્મની સાધના કરવામાં ન આવે, તો તે અતિચાર છે. આ પ્રકારના અતિચારનું સેવન થયું હોય, તે તેનું પ્રતિક્રમણ કરું છું.

**વીસ અસમાધિ :–**

**૩૧ वीसाए असमाहि ठाणेहिं ।**

**ભાવાર્થ :–** વીસ પ્રકારના અસમાધિસ્થાનનું પ્રતિક્રમણ કરું છું.

**વિવેચન :–**

જે આચરણથી પોતાને તથા બીજા જીવોને અસમાધિના ભાવ ઉત્પન્ન થાય, સાધકનો આત્મા દુષિત થાય, ચારિત્ર મલિન થાય, તે **અસમાધિ** કહેવાય છે.

વ્યાખ્યાકારે તેની વ્યુત્પત્તિલભ્ય વ્યાખ્યા આ પ્રમાણે આપી છે.

**समाधानं समाधिः चेतसः स्वास्थ्यं मोक्षमार्गेऽवस्थितिरित्यर्थः ।**

**न समाधिरसमाधिस्तस्य स्थानानि–आश्रया भेदाः पर्याया असमाधि–स्थानानि ॥**

**આચાર્ય હરિભદ્ર.**

જે સત્‌કાર્ય કરવાથી ચિત્તમાં શાંતિ થાય, જ્ઞાન, દર્શન, ચારિત્ર રૂપ મોક્ષમાર્ગમાં સ્થિરતા રહે, તેને સમાધિ કહે છે અને જે કાર્યથી ચિત્તમાં અસમાધિ ભાવ ઉત્પન્ન થાય, આત્મા જ્ઞાનાદિ મોક્ષ માર્ગથી ભ્રષ્ટ થાય તેને અસમાધિ કહે છે. તેના વીસ ભેદ આ પ્રમાણે છે–

(૧) જલદી જલદી ચાલવું, (૨) રાત્રિ આદિમાં પોંજ્યા વગર ચાલવું, (૩) ઉપયોગ વગર દુષ્પ્રમાર્જન કરીને ચાલવું, (૪) અમર્યાદિત શય્યા, આસન આદિ રાખવા,(૫) ગુરુજનો, રત્નાધિક સંતો–પોતાનાથી વધુ દીક્ષા પર્યાયવાળા સાધકનું અપમાન કરવું, (૬) ઠાણાંગ અને સમવાયાંગ સૂત્રના જ્ઞાતા જ્ઞાન સ્થવિર, વીસ વર્ષની દીક્ષા પર્યાયવાળા દીક્ષા સ્થવિર અને સાઠ વર્ષની ઊંમરવાળા વયસ્થવિર, આ ત્રણે પ્રકારના સ્થવિર સંતોની અવહેલના કરવી, (૭) જીવોની હિંસા કરવી, કરાવવી, (૮) સંજ્વલન – પ્રતિક્ષણ વારંવાર ક્રોધાદિ કષાય ભાવ કરવા, (૯) દીર્ઘ કોપ– લાંબા કાળ સુધી રોષ રાખવો, (૧૦) નિંદા કરવી, (૧૧) શંકા હોવા છતાં નિશ્ચિત ભાષા બોલવી, (૧૨) નવાધિકરણ–પ્રતિદિન નવા કલહ–ઝગડા કરવા, (૧૩) શાંત થઈ ગયેલા કલહને–ઝગડાને પુનઃ ઉત્તેજિત કરવા, (૧૪) અકાળમાં સ્વાધ્યાય કરવો, (૧૫) સચિત્ત રજ સંસક્ત હાથ આદિથી ભિક્ષા લેવી અથવા સચેત રજથી સંસક્ત પગ વડે આસન પર બેસવું, (૧૬) એક પ્રહર રાત્રિ વ્યતીત થયા પછી જોરથી બોલવું, (૧૭) ગચ્છમાં કે સંઘમાં ફૂટ–ભેદ કરાવનારા વચન બોલવા (૧૮) કલહ કરણ– દરેક વ્યક્તિ સાથે આક્રોશ આદિ રૂપ ઝગડા કરવા, (૧૯) સૂર્યોદયથી સૂર્યાસ્ત સુધી આખો દિવસ ખાતા જ રહેવું, (૨૦) એષણા સમિતિનું ઉચિત પાલન ન કરવું. આ અસમાધિ સ્થાનોના સેવનથી આત્મા સંયમ ભાવથી ભ્રષ્ટ થાય છે, તેનું પ્રતિક્રમણ પ્રસ્તુત પાઠ દ્વારા કરાય છે.

**એકવીસ શબલ દોષ :–**

**૩૨ एगवीसाए सबलेहिं ।**

**ભાવાર્થ :–** એકવીસ પ્રકારના શબલ દોષોનું પ્રતિક્રમણ કરું છું.

**વિવેચન :–**

**शबलं-कर्बुरं :– चरित्रं यैः क्रियाविशैषैर्भवति ते शबला ।** અભયદેવસૂરિ કૃત સમવાયાંગ ટીકા. જે કાર્યો કરવાથી ચારિત્રની નિર્મળતા નષ્ટ થઈ જાય, મનમલિન થવાથી ચારિત્ર કર્બુર-કાબર ચીતરું થઈ જાય, તેને **શબલ દોષ** કહે છે. શબલ દોષોનું સેવન કરનાર પણ શબલ કહેવાય છે. ઉત્તર ગુણોમાં અતિક્રમાદિ ચારેય દોષોનું તથા મૂલ ગુણોમાં અનાચાર સિવાય ત્રણ દોષોનું સેવન કરવાથી ચારિત્ર શબલ થાય છે. આ તમામ શબલ દોષો સાધુના માટે સર્વથા ત્યાજ્ય છે. તે ૨૧ દોષો આ પ્રમાણે છે– (૧) હસ્ત કર્મ કરવું, (૨) મૈથુન સેવન કરવું, (૩) રાત્રિભોજન કરવું, (૪) સાધુના નિમિત્તે બનાવેલો આહાર લેવો, (૫) શય્યાતર અર્થાત્ સ્થાનદાતાનો આહાર લેવો, (૬) સાધુના અથવા યાચકોના નિમિત્તે બનાવેલો આહાર, ખરીદીને લાવેલો સાધુના સ્થાન ઉપર સામે લાવેલો આહાર, ઉધાર લાવેલો, ઝૂંટવીને લાવેલો આહાર વગેરે દોષયુક્ત આહાર ગ્રહણ કરવો, (૭) વારંવાર પચ્ચખાણનો ભંગ કરવો, (૮) છ મહિનામાં એક ગણમાંથી ગણાંતર(બીજા ગણ)માં જવું, (૯) એક મહિનામાં ત્રણવાર નાભિ અથવા જંઘા પ્રમાણ જલમાં પ્રવેશ કરી નદી આદિ પાર કરવી, (૧૦) એક મહિનામાં ત્રણવાર માયા સ્થાનનું સેવન કરવું અર્થાત્ કરેલા અપરાધને છુપાવવા, (૧૧) રાજા માટે બનાવેલો આહાર ગ્રહણ કરવો (૧૨) જાણી જોઈને હિંસા કરવી (૧૩) જાણી જોઈને ખોટું બોલવું, (૧૪) જાણી જોઈને ચોરી કરવી, (૧૫) જાણી જોઈને સચિત્ત પૃથ્વી ઉપર બેસવું, સુવું, ચાલવું, ઈત્યાદિ, (૧૬) સચિત્ત જલથી સ્નિગ્ધ અને સચિત્ત રજવાળી પૃથ્વી સચિત્ત શિલા, ઉધઈ આદિ જીવજંતુવાળા પાટિયા આદિ ઉપર બેસવું, સૂવું, કાર્યોત્સર્ગ આદિ કરવો, (૧૭) જીવ સહિતની જગ્યા ઉપર બેસવું, સૂવું, ઊઠવું, સેવું, (૧૮) જાણી જોઈને કંદ, મૂલ, છાલ, પ્રવાલ, પુષ્પ, ફૂલ, બીજ તથા હરિત કાય વગેરે સચિત્ત વનસ્પતિકાયનું ભોજન કરવું (૧૯) વર્ષમાં દસ વાર નદી પાર કરવી, (૨૦) વર્ષમાં દસ માયા સ્થાનનું સેવન કરવું, (૨૧) જાણી જોઈને સચિત્ત પદાર્થથી સંસક્ત હાથ, સચિત્ત પાણી સહિતના ચમચા આદિથી આહાર ગ્રહણ કરવો.

આ એકવીસ પ્રકારની પ્રવૃત્તિઓ ચારિત્રને મલિન, કાબર ચીતરું બનાવે છે, તેથી તે મોહજન્ય પ્રવૃત્તિઓ સાધકોને માટે સર્વથા વર્જનીય છે. તેનું સેવન થયું હોય તો તેનું પ્રતિક્રમણ કરવામાં આવે છે.

**બાવીસ પરીષહ :–**

**૩૩ बावीसाए परीसहेहिं ।**

**ભાવાર્થ :–** બાવીસ પ્રકારના પરીષહ સંબંધિત દોષોનું પ્રતિક્રમણ કરું છું.

**વિવચેન :–**

**બાવીસ પરિસહ :– मार्गाच्यवननिर्जरार्थं परिषोढव्या परीषहाः ।**– (તત્ત્વાર્થ સૂત્ર અધ્યાય–૯/૮) સંયમમાં સ્થિર રહી કર્મ નિર્જરા માટે શારીરિક તથા માનસિક કષ્ટને સહન કરવું, તેને પરિષહ કહે છે. પરીષહોને સારી રીતે શુદ્ધ ભાવથી સહન ન કરવા તે પરીષહ સંબંધી અતિચાર છે. શ્રી ઉત્તરાધ્યયન સૂત્રમાં તેના બાવીસ પ્રકાર કહ્યા છે– (૧) ક્ષુધા-ભૂખ, (૨) પિપાસા-તૃષા, (૩) શીત-ઠંડી, (૪) ઊષ્ણ-ગરમી, (૫) દંશમશક-ડાંસમચ્છર, (૬) અચેલ-વસ્ત્રનો સર્વથા અભાવ અથવા અલ્પ જીર્ણ વસ્ત્ર ધારણ કરવા, (૭) અરતિ – સંયમ પ્રતિ થતી અરુચિ કે ઉદાસીનતા, (૮) સ્ત્રી પરીષહ – સ્ત્રીનો

પરીષહ, (૯) ચર્યા– વિહાર યાત્રામાં સહન કરવા પડતા કષ્ટ, (૧૦) નૈષધિકી – સ્વાધ્યાય ભૂમિ આદિમાં થનારા ઉપદ્રવ, (૧૧) શય્યા– નિવાસ સ્થાનની પ્રતિકૂળતા, (૧૨) આક્રોશ – અન્યના દુર્વચનનું શ્રવણ, (૧૩) વધ– લાકડી આદિનો માર સહન કરવો, (૧૪) યાચના– પ્રત્યેક વસ્તુ માંગીને મેળવવી, (૧૫) અલાભ– ઈચ્છાનુસાર વસ્તુની પ્રાપ્તિ ન થવી, (૧૬) રોગ – શરીરની પ્રતિકૂળતા અથવા અશાતા, (૧૭) તૃણ સ્પર્શ – સંસ્તારક માટે લાવેલા તૃણ આદિની પ્રતિકુળતા, (૧૮) જલ્લ– શરીર, વસ્ત્ર આદિની મલિનતા, (૧૯) સત્કાર-પુરસ્કાર – પૂજા, પ્રતિષ્ઠા, માન, સન્માન આદિમાં આસક્ત થવું, તેને સમભાવથી સહન ન કરવા, (૨૦) પ્રજ્ઞા– બુદ્ધિનો ગર્વ, અભિમાન કરવું, (૨૧) અજ્ઞાન– બુદ્ધિની હીનતામાં દુઃખી થવું, (૨૨) દર્શન– મિથ્યામતો વાળાના સંસર્ગમાં તથા સમ્યક્ત્વથી ભ્રષ્ટ કરનાર મોહક વાતાવરણમાં સાવચેતી ન રાખવી. આ બાવીસ પ્રકારની પરિસ્થિતિને સમભાવ પૂર્વક સહન કરવી, તે સાધુધર્મ છે. પરંતુ તે ધર્મથી ચ્યુત થઈને પરીષહ(વિપરીત પરિસ્થિતિ)માં સમભાવ ન રહ્યો હોય, તો તે દોષોનું પ્રતિક્રમણ કરવામાં આવે છે.

**સૂયગડાંગ સૂત્રના ત્રેવીસ અધ્યયન :–**

**૩૪ तेवीसाए सूयगडज्झयणेहिं ।**

**ભાવાર્થ :–** શ્રી સૂત્રકૃતાંગ સૂત્રના બંને શ્રુતસ્કંધના ત્રેવીસ અધ્યયનો કથિત ભાવો સંબંધી પાપદોષ લાગ્યો હોય, તો તેનું પ્રતિક્રમણ કરું છું.

**વિવેચન :–**

શ્રી સૂત્રકૃતાંગ સૂત્રના બે શ્રુતસ્કંધ છે, તેમાં પ્રથમ શ્રુતસ્કંધમાં ૧૬ અધ્યયન છે. ૨૭મા સૂત્રમાં સૂત્રકૃતાંગસૂત્રના પ્રથમ શ્રુતસ્કંધના સોળ અધ્યયનોનું વર્ણન કર્યું છે.

બીજા શ્રુતસ્કંધના સાત અધ્યયન છે– (૧૭) પુંડરીક, (૧૮) ક્રિયાસ્થાન, (૧૯) આહાર પરિજ્ઞા, (૨૦) પ્રત્યાખ્યાન ક્રિયા, (૨૧) આચાર શ્રુત, (૨૨) આર્દ્રકીય, (૨૩) નાલંદીય. આ ત્રેવીસ અધ્યયનના ભાવોની શ્રદ્ધા, પ્રરૂપણા કે પાલન સંબંધી અતિચારોનું પ્રાયશ્ચિત આ સૂત્ર દ્વારા કરવામાં આવે છે.

**ચોવીસ દેવ :–**

**૩૫ चउवीसाए देवेहिं ।**

**ભાવાર્થ :–** ચોવીસ પ્રકારના દેવોની અશાતનાદિના દોષોનું પ્રતિક્રમણ કરું છું.

**વિવેચન :–**

**ચોવીસ પ્રકારના દેવ :–** અસુરકુમાર આદિ ૧૦ ભવનપતિદેવ, ભૂત, યક્ષ આદિ આઠ વ્યંતર દેવ, સૂર્ય ચંદ્ર આદિ પાંચ જ્યોતિષી દેવ, એક વૈમાનિક દેવ, કુલ ૧૦ + ૮ + ૫ + ૧ = ૨૪, આ પ્રમાણે ચોવીસ જાતિના દેવ છે. દેવોના ભોગ-વિલાસની પ્રશંસા કરવી. કામભોગની પ્રશંસા કામભોગની અનુમોદના રૂપ હોવાથી સાધક જીવનમાં તે દોષરૂપ છે અથવા દેવોની નિંદા, આશાતના કરવી, તે દ્વેષ ભાવ છે. મુમુક્ષુ જીવોએ જગતના સર્વ જીવો પ્રતિ સમભાવ કે તટસ્થ ભાવ રાખવો જોઈએ અને આ તટસ્થતાનો ભંગ કરવો, તે અતિચાર છે.

ઉત્તરાધ્યયન સૂત્રના સુપ્રસિદ્ધ ટીકાકાર આચાર્ય શાંતિસૂરિ આ સૂત્રમાં આવેલા દેવ શબ્દથી ૨૪

તીર્થંકર દેવોનું ગ્રહણ કરે છે. આ ચોવીસ તીર્થંકરો પ્રતિ આદર કે શ્રદ્ધાભાવ ન રાખવો, તેમની આજ્ઞાનું પાલન ન કરવું ઇત્યાદિ અતિચારોનું આ સૂત્ર દ્વારા પ્રતિક્રમણ કરવામાં આવે છે.

**પચીસ ભાવના :–**

**૩૬ पण्णवीसाए भावणाहिं ।**

**ભાવાર્થ :–** પચીસ ભાવના સંબંધી દોષોનું પ્રતિક્રમણ કરું છું.

**વિવેચન :–**

પંચ મહાવ્રતની પુષ્ટિ માટે તે તે મહાવ્રતને અનુરૂપ પાંચ-પાંચ ભાવનાઓનું કથન છે. સાધુ પ્રતિદિન પોતાના ચિત્તને તે ભાવનાથી ભાવિત કરીને મહાવ્રતોને પુષ્ટ અને પરિપક્વ કરે છે. છદ્મસ્થતાના યોગે પોતાના ચિત્તને તે ભાવનાઓથી ભાવિત ન કર્યું હોય, ભાવનાઓ પ્રતિ ઉપેક્ષા ભાવ રાખ્યો હોય, તો તે અતિચારોનું, તજ્જન્ય દોષોનું પ્રતિક્રમણ આ સૂત્ર દ્વારા કરવામાં આવે છે.

**(૧) અહિંસા મહાવ્રત**ની પાંચ ભાવનાઓ (૧) ઈર્યા ભાવના–હંમેશાં ઉપયોગ પૂર્વક ગમનાગમન કરવાની ભાવના રાખવી. (૨) મન ભાવના– મનને શુભ તથા સંયમી જીવનને યોગ્ય વિચારોમાં તલ્લીન રાખવું (૩) વચન ભાવના– ભાષા દ્વારા સંયમીને શોભે એવા સુષ્ઠુ વાક્ય બોલવા અર્થાત્ સંયમીને જેવી ભાષા બોલવાની આજ્ઞા છે, તેવી ભાષા બોલવી (૪) આદાન ભંડ-મત્ત નિક્ષેપ ભાવના–ગૃહસ્થને ત્યાંથી લાવેલા ભંડોપકરણ વિવેક પૂર્વક લેવા તથા મૂકવા. (૫) આલોકિત પાન ભોજન– એષણા સમિતિથી લાવેલા આહાર-પાણીને પ્રકાશિત સ્થાનમાં જોઈને વાપરવા. કેટલાક આચાર્યો પ્રથમ વ્રતની પાંચ ભાવનામાં આલોકિત પાન-ભોજન ભાવનાના સ્થાને એષણા ભાવનાનું કથન કરે છે અર્થાત્ એષણા સમિતિના ૪૨ દોષોથી રહિત નિર્દોષ આહાર-પાણી ગ્રહણ કરવા.

**(૨) સત્ય મહાવ્રતની** પાંચ ભાવના– (૧) અનુચિત્ય ભાષણ– વિચાર્યા વગર બોલવું નહિ (૨) ક્રોધથી અસત્ય બોલવું નહીં. (૩) લોભથી અસત્ય બોલવું નહીં. (૪) ભયથી અસત્ય બોલવું નહીં. (૫) હાસ્યથી અસત્ય બોલવું નહીં. સંક્ષેપમાં ક્રોધ, લોભ, ભય અને હાસ્ય, આ ચારે અસત્ય ભાષણના કારણોનો ત્યાગ કરવો.

**(૩) અસ્તેય મહાવ્રતની પાંચ ભાવના–** (૧) અવગ્રહાનુજ્ઞાપન– અવગ્રહ અર્થાત્ વસતિ-રહેવાની જગ્યા. નિર્દોષ સ્થાનકને સારી રીતે જોઈને તેના સ્વામીની આજ્ઞા લઈને રહેવું, (૨) અણયાચેલી વસ્તુ લેવી નહિ. વસતિ કે સ્થાનમાં આજ્ઞા લઈને ઊતર્યા પછી તૃણ આદિ જે વસ્તુની શ્રમણને જરૂરિયાત હોય તેને આજ્ઞાપૂર્વક ગ્રહણ કરવી, (૩) સ્થાનકને સમારવું નહિ– જે સ્થાન કે વસતિમાં સાધકને રહેવાનું છે તેમાં પોતાની સગવડતા માટે આરંભ, સમારંભ આદિ કાર્યો કરાવવા નહીં, (૪) વડિલોનો વિનય તથા વૈયાવચ્ચ કરવી, (૫) સાધુ સાધ્વીમાં સંવિભાગ કરવો અર્થાત્ આહાર આદિ લાવ્યા પછી સહુને સરખી રીતે સરખા ભાગે મળે એવી ભાવના રાખી સંવિભાગ કરવો. આવશ્યક ટીકા તથા શ્રી આચારાંગ સૂત્રના પંદરમા અધ્યયનમાં ત્રીજા મહાવ્રતની પાંચ ભાવના આ પ્રમાણે છે– (૧) વિચાર કરીને પરિમિત અવગ્રહ–સ્થાનની યાચના કરવી, (૨) ગુરુજનો આદિની આજ્ઞા પ્રાપ્ત કરીને આહાર-પાણી કે અન્ય ઉપધિનો ઉપભોગ કરવો, (૩) ક્ષેત્ર–કાલની મર્યાદાપૂર્વક સ્થાનની યાચના કરવી, (૪) વારંવાર ગુરુની આજ્ઞાપૂર્વક અવગ્રહ, પાટ, પાટલાદિ વસ્તુની યાચના કરવી, (૫) સાધર્મિકો પાસેથી વિચારપૂર્વક કોઈ

પણ વસ્તુની યાચના કરવી અથવા ઉપાશ્રયમાં પૂર્વે રહેલા સાધર્મિકોની આજ્ઞા લઈને રહેવું.

**(૪) બ્રહ્મચર્ય મહાવ્રતની પાંચ ભાવના–** (૧) સ્ત્રી, પંડગ, પશુ રહિત સ્થાન ભોગવવું, (૨) સ્ત્રીના અંગોપાંગને વિષયબુદ્ધિથી નિરખવા નહિ, (૩) સ્ત્રી સાથે વિષય બુદ્ધિથી કથા-વાર્તા કરવી નહિ, (૪) દિન-દિન પ્રત્યે અતિ સરસ આહાર પાણી કરવા નહિ, (૫) પૂર્વના કામ ભોગોને સંભારવા નહિ.

**(૫) અપરિગ્રહ મહાવ્રતની પાંચ ભાવના** – પાંચેય ઇન્દ્રિયોના વિષયો-શબ્દ, રૂપ, ગંધ, રસ અને સ્પર્શ આ પાંચે ઈન્દ્રિયોના વિષયો પર રાગભાવ કે દ્વેષભાવ કરવો નહીં. વૈરાગ્યભાવ ધારણ કરી પાંચે ઈન્દ્રિયોનો નિગ્રહ કરવો. ૨૫ પ્રકારની ભાવનાના વિસ્તૃત વર્ણન માટે જુઓ શ્રી આચારાંગ સૂત્ર શ્રુતસ્કંધ–૨/૧૫/સૂ. ૪૬ થી ૫૯.

**દશાશ્રુત આદિ સૂત્રોના છવ્વીસ ઉદ્દેશનકાલ :–**

**૩૭** छव्वीसाए दसा कप्प ववहारेणं ऊद्देसणकालेहिं ।

**ભાવાર્થ :–** દશાશ્રુતસ્કંધ આદિ છવ્વીસ ઉદ્દેશન કાલ સંબંધી અતિચારોનું પ્રતિક્રમણ કરું છું.

**વિવેચન :–**

દશાશ્રુત સ્કંધના ૧૦ ઉદ્દેશક, બૃહત્કલ્પ સૂત્રના છ ઉદ્દેશક, વ્યવહાર સૂત્રના દસ ઉદ્દેશક, કુલ ૧૦ + ૬ + ૧૦ = ૨૬ છવ્વીસ ઉદ્દેશક છે. જે શ્રુત સ્કંધના અથવા અધ્યયનના જેટલા ઉદ્દેશક હોય તેટલા જ તેના ઉદ્દેશનકાલ કહેવાય છે. એક ઉદ્દેશકનું વાંચન એક દિવસમાં થાય છે. તે તેનો ઉદ્દેશનકાલ કહેવાય છે. ઉક્ત સૂત્રત્રયીમાં સાધુ જીવન સંબંધી આચારનું વર્ણન છે. તે પ્રમાણે આચરણ ન કરવું, તેના પઠન-પાઠનમાં કે શ્રદ્ધા, પ્રરૂપણામાં યથાર્થતા ન રાખવી, તે અતિચારરૂપ છે, તેનું પ્રતિક્રમણ કરું છું.

**સત્તાવીસ અણગારના ગુણ :–**

**૩૮** सत्तावीसाए अणगार गुणेहिं ।

**ભાવાર્થ :–** સાધુના સત્તાવીસ ગુણોનું યથાર્થ પાલન ન કર્યું હોય, તો તેનું પ્રતિક્રમણ કરું છું.

**વિવેચન :–**

દ્રવ્યથી ઘર રહિત અને ભાવથી મોહના બંધન રહિત હોય, તેવા સંતોને અણગાર કહે છે. તેની જીવનચર્યાને અનુલક્ષીને તેના મુખ્ય ૨૭ ગુણો કહ્યા છે. આચાર્ય હરિભદ્રસૂરિએ ટીકામાં સંગ્રહણી બે ગાથા દ્વારા ૨૭ ગુણોનું કથન કર્યું છે. યથા–

**वयछक्कमिंदियाणं च निग्गहो भावकरणसच्चं च ।**
**खमयाविरागयाविय मनमाईणं निरोहो य ॥१॥**

**कायाण छक्क जोगाण जुत्तया वेयणाऽहियासणया ।**
**तह मारणंतियऽहियासणा य एएऽणगारगुणा ॥२॥**

(૧ થી ૫) પાંચ મહાવ્રતોનું સમ્યક્ પાલન કરવું, (૬) રાત્રિ ભોજન ત્યાગ, (૭ થી ૧૧) પાંચેય ઈન્દ્રિયોને વશમાં રાખવી, (૧૨) ભાવસત્ય– અંતઃકરણની શુદ્ધિ, (૧૩) કરણ સત્ય–પ્રતિલેખન વગેરે

પ્રત્યેક ક્રિયા સમ્યક પ્રકારે વિધિ સહિત કરવી, (૧૪) ક્ષમા, (૧૫) વીતરાગતા, (૧૬) મનની અશુભ પ્રવૃત્તિનો નિરોધ અને શુભ પ્રવૃત્તિનો સ્વીકાર, (૧૭) વચનની અશુભ પ્રવૃત્તિનો નિરોધ અને શુભ પ્રવૃત્તિનો સ્વીકાર, (૧૮) કાયાની અશુભ પ્રવૃત્તિનો નિરોધ અને શુભ પ્રવૃત્તિનો સ્વીકાર, (૧૯ થી ૨૪) છકાય જીવોની રક્ષા, (૨૫) સંયમ યોગ યુક્તતા, (૨૬) તિતિક્ષા– સહિષ્ણુતા, (૨૭) મારણાંતિક ઉપસર્ગને પણ સમભાવથી સહન કરવા.

સમવાયાંગ સૂત્રમાં મુનિના સત્તાવીશ ગુણોનું કથન આ પ્રમાણે છે– પાંચ મહાવ્રત, પાંચ ઇન્દ્રિયોનો નિરોધ, ચાર કષાયોનો ત્યાગ, ભાવ સત્ય, કરણ સત્ય, યોગ સત્ય, ક્ષમા, વીરાગતા, મન સમાહધારણતા, વચન સમાહરણતા, કાય સમાહરણતા, જ્ઞાન સંપન્નતા, દર્શન સંપન્નતા, ચારિત્ર સંપન્નતા, વેદનાતિસહનતા, મારણાંતિક સહનતા.

આચાર્ય હરિભદ્રસૂરિજીએ ટીકામાં **'सत्तावीसविहे अणगार चरिते'** પાઠનો ઉલ્લેખ કર્યો છે. સત્તાવીસ પ્રકારના અણગાર–સંબંધી ચારિત્ર, સમાવાયાંગ સૂત્રમાં **अणगार गुणेहिं** પાઠ છે. અણગાર ચારિત્ર કે અણગાર ગુણ કહેવામાં તાત્ત્વિક તફાવત નથી. આ સત્તાવીશ અણગારના ગુણોનું અર્થાત્ મુનિગુણોનું શાસ્ત્રાનુસાર સારી રીતે પાલન ન કરવું, તે અતિચાર છે. તેની શુદ્ધિ માટે મુનિ પ્રતિક્રમણ દ્વારા અતિચારોથી પાછા ફરી પુનઃ મુનિ ગુણોમાં સ્થિર થઈ જાય છે.

**અઠ્ઠાવીસ આચાર પ્રકલ્પ :–**

**३९** **अट्ठावीसाए आयारप्पकप्पेहिं ।**

**ભાવાર્થ :–** અઠ્ઠાવીસ આચાર પ્રકલ્પ સંબંધી દોષોનું પ્રતિક્રમણ કરું છું.

**વિવેચન :–**

**આચાર પ્રકલ્પ–** આચાર પ્રકલ્પની વ્યાખ્યામાં વિભિન્ન માન્યતાઓ છે.

(૧) વ્યાખ્યાકારના કથનાનુસાર **आचार एव आचारप्रकल्पः ।** આચાર જ આચાર પ્રકલ્પ છે.

**आचारः प्रथमाङ्ग तस्य प्रकल्पः अध्ययन विशेषो निशीथमित्य पराभिधानम् । आचारस्य वा साध्वाचारस्य ज्ञानादिविषयस्य प्रकल्पो व्यवस्थापनमिति आचारप्रकल्पः ।** આચાર એટલે સાધુઓનો જ્ઞાનાદિ, આચાર અને પ્રકલ્પ એટલે વ્યવસ્થાપન.આચાર શબ્દથી પ્રથમ અંગસૂત્ર આચારાંગ સૂત્રના ૨૫ અધ્યયન ગ્રહણ થાય છે અને પ્રકલ્પ શબ્દથી નિશીથ સૂત્રના ત્રણ અધ્યયન કુલ ૨૫ + ૩ = ૨૮ અધ્યયન થાય છે. ઉત્તરાધ્યયન–સૂત્રના એકત્રીસમાં ચરણવિધિ અધ્યયનમાં **अणगार गुणेहिं च पगप्पम्मि तहेव य । (३१/१८)** માત્ર પ્રકલ્પ શબ્દનો જ પ્રયોગ છે, તેથી ઉક્ત સૂત્રના ટીકાકાર આચાર્ય શાંતિસૂરિના મતાનુસાર પ્રકલ્પનો અર્થ **प्रकृष्ट – उत्कृष्ट कल्परु** ઉત્કૃષ્ટ કલ્પ – આચાર. પ્રકલ્પ એટલે વિશિષ્ટ અધ્યયન. મુનિ જીવનનો આચાર જે શાસ્ત્રમાં છે તે આચારાંગ સૂત્ર જ આચાર પ્રકલ્પ કહેવાય છે.

આચારાંગ સૂત્રના શસ્ત્ર પરિજ્ઞા આદિ ૨૫ અધ્યયન છે અને નિશીથ સૂત્ર પણ આચારાંગ સૂત્રની ચૂલિકાસ્વરૂપ છે. નિશીથ સૂત્રના ત્રણ અધ્યયન મેળવવાથી આચારાંગ સૂત્રના કુલ અઠ્યાવીસ અધ્યયન થાય છે. જે આ પ્રમાણે છે– (૧) શસ્ત્ર પરિજ્ઞા, (૨) લોક વિજય, (૩) શીતોષ્ણીય, (૪) સમ્યક્ત્વ, (૫) લોકસાર, (૬) ધૂત અધ્યયન, (૭) મહાપરિજ્ઞા, (૮) વિમોક્ષ, (૯) ઉપધાનસૂત્ર, (૧૦) પિંડૈષણા, (૧૧)

શય્યા, (૧૨) ઈર્યા, (૧૩) ભાષા, (૧૪) વસ્ત્રૈષણા, (૧૫) પાત્રૈષણા, (૧૬) અવગ્રહ પ્રતિમા, (૧૭ થી ૨૩) સપ્ત સ્થાનાદિ સપ્તિકા, (૨૪) ભાવના, (૨૫) વિમુક્તિ, (૨૬) ઉદ્‌ઘાત, (૨૭) અનુદ્‌ઘાત, (૨૮) આરોપણા.

શ્રી સમવાયાંગ સૂત્રની ટીકામાં શ્રી અભયદેવ સૂરિ નિશીથ સૂત્રને જ આચાર પ્રકલ્પ કહે છે. તેમના કથનાનુસાર આચાર – પ્રથમ અંગસૂત્ર અને તેનો પ્રકલ્પ અર્થાત્ વિશિષ્ટ અધ્યયન નિશીથ સૂત્ર છે, તેથી નિશીથ સૂત્ર જ આચાર પ્રકલ્પ કહેવાય છે. તેમણે આચાર પ્રકલ્પના ૨૮ ભેદમાં નિશીથ સૂત્રના ૨૮ પ્રકરણોનું કથન કર્યું છે. યથા–

(૧) માસિક પ્રાયશ્ચિત્તની આરોપણા, (૨) એક માસ સહિત પાંચ-પાંચ રાત્રિના પ્રાયશ્ચિત્તની આરોપણા, (૩) એક માસ સહિત દશ-દશ રાત્રિના પ્રાયશ્ચિત્તની આરોપણા, (૪) એક માસ સહિત પંદર રાત્રિના પ્રાયશ્ચિત્તની આરોપણા, (૫) એક માસ સહિત વીસ રાત્રિના પ્રાયશ્ચિત્તની આરોપણા, (૬) એક માસ સહિત પચીસ રાત્રિના પ્રાયશ્ચિત્તની આરોપણા, (૭ થી ૨૪) આ રીતે દ્વિમાસિકી, ત્રિમાસિકી, ચાતુર્માસિકી આરોપણના ક્રમશઃ છ-છ ભેદ થાય, (૨૫) ઉદ્‌ઘાતિક આરોપણા, (૨૬) અનુદ્‌ઘાતિક આરોપણા, (૨૭) કૃત્સ્ન આરોપણા, (૨૮) અકૃત્સ્ન આરોપણા.

આચાર પ્રકલ્પના ૨૮ અધ્યયનોમાં વર્ણિત સાધ્વાચારનું સમ્યકરૂપે પાલન ન કરવું, તે અતિચાર છે અથવા ૨૮ પ્રકારના પ્રાયશ્ચિત્ત યથાર્થરૂપે ગ્રહણ ન કરવા, તે પણ દોષ છે. તે દોષોનું પ્રતિક્રમણ કરું છું.

**ઓગણત્રીસ પાપસૂત્ર :–**

**૪૦ एगूणतीसाए पावसुयप्पसंगेहिं ।**

**ભાવાર્થ :–** ઓગણત્રીસ પાપસૂત્રના પઠન-પાઠન, પ્રયોગ આદિનું પ્રતિક્રમણ કરું છું.

**વિવેચન :–**

**પાપસૂત્ર– पापोपादानानि श्रुतानि पापश्रुतानि ।** જે શ્રુતનું પઠન-પાઠન આદિ પાપનું ઉપાદાન કારણ હોય, તે પાપશ્રુત છે. તેના ૨૯ પ્રકાર છે.

(૧) ભૌમ– ધરતીકંપ આદિનું ફળ બતાવનારા શાસ્ત્ર, (૨) ઉત્પાત– રુધિર વૃષ્ટિ, દિશાઓનું લાલ થઈ જવું ઈત્યાદિ દિશાઓના શુભાશુભ ફળ બતાવનારા નિમિત્ત શાસ્ત્ર, (૩) સ્વપ્ન શાસ્ત્ર– ૭૨, ૩૦, ૧૪ ઈત્યાદિ અનેક પ્રકારના સ્વપ્નો છે, તેના ફલદર્શક શાસ્ત્ર, (૪) અંતરિક્ષ– આકાશમાં થનાર ગૃહવેધ આદિનું વર્ણન કરનાર શાસ્ત્ર, (૫) અંગશાસ્ત્ર– શરીરના આઠ અંગોમાં સ્પંદન–ફરકવું આદિનું ફળ બતાવનારા શાસ્ત્ર, (૬) સ્વર શાસ્ત્ર– ઊંચ, નીચ, મધ્યમ આદિ સ્વરની લય, તેના તાલ આદિનું વર્ણન કરનાર શાસ્ત્ર, (૭) વ્યંજન– તલ, મસા આદિ શરીરમાં રહેલા વ્યંજનોને વ્યક્ત કરી તેના ફળ બતાવનારા શાસ્ત્ર, (૮) લક્ષણ શાસ્ત્ર– સ્ત્રી, પુરુષ આદિના લક્ષણો તથા તેનું શુભાશુભ ફળ બતાવનારા શાસ્ત્ર. આ આઠ સૂત્રની આઠ વૃત્તિ અને આઠ વાર્તિકના ભેદથી ૨૪ શાસ્ત્ર થાય છે, (૨૫) વિકથાનુયોગ– અર્થ અને કામના ઉપાયોનું કથન કરનાર શાસ્ત્ર. જેમ કે વાત્સ્યાયન કૃત કામ સૂત્ર આદિ, (૨૬) વિદ્યાનુયોગ– રોહિણી આદિ વિદ્યાઓની સિદ્ધિના ઉપાયો બતાવનારા શાસ્ત્ર, (૨૭) મંત્રાનુયોગ– મંત્ર આદિ દ્વારા કાર્ય સિદ્ધિ કરનારા શાસ્ત્ર, (૨૮) યોગાનુયોગ– વશીકરણ આદિ યોગ બતાવનારા શાસ્ત્ર, (૨૯) અન્યતીર્થિકાનુયોગ – અન્યતીર્થિકો દ્વારા પ્રવર્તિત અને હિંસા પ્રધાન આચાર શાસ્ત્ર. આ ઓગણત્રીસ પાપશ્રુત શાસ્ત્રોના અભ્યાસ આદિ દ્વારા પ્રયોગાત્મક પરિણામ કર્યા હોય, તો તજજન્ય અતિચારનું પ્રતિક્રમણ કરું છું.

**ત્રીસ મહામોહનીય કર્મબંધના સ્થાન :–**

**૪૧ तीसाए महामोहणीय ठाणेहिं ।**

**ભાવાર્થ :–** ત્રીસ મહામોહનીય કર્મબંધના સ્થાનનું સેવન કર્યું હોય, તો તેનું પ્રતિક્રમણ કરું છું.

**વિવેચન :–**

મોહનીય કર્મબંધના નિમિત્ત કારણોને મોહનીય સ્થાન કહે છે અને મોહનીય કર્મની ઉત્કૃષ્ટ સ્થિતિબંધના કારણોને મહામોહનીય સ્થાન કહે છે. મોહનીય કર્મ બંધના અનેક કારણો સંભવિત છે. તો પણ શાસ્ત્રકારોએ વિશેષ રૂપથી મોહનીય કર્મ બંધના હેતુ ભૂત કારણોના ત્રીસ ભેદોનો ઉલ્લેખ કર્યો છે. આ ત્રીસ કારણોમાં દુરધ્યવસાયની તીવ્રતા અને અત્યંત ક્રૂરતા હોય છે, તેથી તે જીવ ઉત્કૃષ્ટ સિત્તેર ક્રોડાક્રોડી સાગરોપમનું કર્મ બાંધે છે.

પ્રસ્તુત સૂત્રના મૂળ પાઠમાં પ્રચલિત મહામોહનીય શબ્દનો પ્રયોગ થયો છે, પરંતુ ઉત્તરાધ્યયન સૂત્ર, સમવાયાંગ સૂત્ર અને દશાશ્રુત સ્કંધ સૂત્રમાં માત્ર મોહનીય સ્થાન કહ્યા છે, પરંતુ તેના ભેદોનો ઉલ્લેખ કરતા પાઠમાં આગમકારોએ તથા આચાર્યોએ મહામોહ શબ્દનો પ્રયોગ કર્યો છે. દરેક ભેદ સાથે **'महामोहो पकुव्वइ'** પાઠ છે. તે ત્રીસ ભેદ આ પ્રમાણે છે–

(૧) ત્રસજીવોને પાણીમાં ડુબાડીને મારવા, (૨) ત્રસ જીવોના શ્વાસ આદિ રોકીને મારવા, (૩) ત્રસ જીવોને મકાન આદિમાં બંધ કરી ધુમાડાથી રુંધીને મારવા, (૪) ત્રસ જીવોને મસ્તક ઉપર દંડ આદિનો ઘાતક પ્રહાર કરીને મારવા, (૫) ત્રસ જીવોને મસ્તક ઉપર ભીનું ચામડું આદિ બાંધીને મારવા, (૬) પથિકને દગો દઈ લૂંટવા, (૭) ગુપ્ત રીતે અનાચારનું સેવન કરવું, (૮) બીજાની ઉપર ખોટું કલંક લગાડવું, (૯) સભામાં જાણી જોઈને મિશ્રભાષાનો કે સત્ય જેવી પ્રતીત થનારી અસત્ય ભાષા બોલવી, (૧૦) રાજાના રાજ્યનો ધ્વંસ કરી નાંખવો, (૧૧) બ્રહ્મચારી ન હોવા છતાં બ્રહ્મચારી કહેવું, (૧૨) બ્રહ્મચારી ન હોવા છતાં બ્રહ્મચારીનો ઢોંગ કરવો, (૧૩) આશ્રયદાતાના ધનને ચોરી લેવું, (૧૪) કરેલા ઉપકારને ભૂલીને કૃતજ્ઞ બનવાને બદલે કૃતઘ્ન બનવું, (૧૫) ગૃહપતિ અથવા સંઘપતિ આદિની હત્યા કરવી,(૧૬) રાષ્ટ્રનેતાની હત્યા કરવી, (૧૭) સમાજના આધારભૂત વિશિષ્ટ પરોપકારી પુરુષની હત્યા કરવી, (૧૮) દીક્ષિત સાધુને સંયમથી ભ્રષ્ટ કરવા, (૧૯) કેવળજ્ઞાનીની નિંદા કરવી, (૨૦) અહિંસા આદિ મોક્ષમાર્ગની નિંદા કરવી, (૨૧) આચાર્ય તથા ઉપાધ્યાયની નિંદા કરવી, (૨૨) આચાર્ય તથા ઉપાધ્યાયની સેવા ન કરવી, (૨૩) બહુશ્રુત ન હોવા છતાં પણ બહુશ્રુત કે પંડિત કહેવડાવવું, (૨૪) તપસ્વી ન હોવા છતાં પોતાની જાતને તપસ્વી કહેવું, (૨૫) શક્તિ હોવા છતાં પોતાના આશ્રિત વૃદ્ધ, રોગી આદિની સેવા ન કરવી, (૨૬) હિંસા તથા કામોત્પાદક વિકથાઓનો વારંવાર પ્રયોગ કરવો, (૨૭) જાદુ આદિ કરવા, (૨૮) કામભોગોમાં અત્યંત લિપ્ત કે આસક્ત રહેવું, (૨૯) દેવોની નિંદા કરવી, (૩૦) દેવ દર્શન ન થયા હોવા છતાં પણ પ્રતિષ્ઠાના મોહથી દેવ દર્શનની વાતો કરવી.

આ ત્રીસ સ્થાનમાંથી કોઈ પણ સ્થાનનું સેવન કર્યું હોય, તો તેનું પ્રતિક્રમણ કરું છું.

**એકત્રીસ સિદ્ધ ભગવાનના ગુણ :–**

**૪૨ एगतीसाए सिद्धाइं गुणेहिं ।**

**ભાવાર્થ :–** સિદ્ધ ભગવાનના એકત્રીસ ગુણોની આરાધના ન કરી હોય, તો તેનું પ્રતિક્રમણ કરું છું.

**વિવેચન :–**

**सिद्धाइ गुणेहिं– आदौ गुणा आदिगुणाः सिद्धस्यादिगुणाः ।** જે ગુણ પ્રારંભથી જ હોય, તે આદિગુણ કહેવાય છે. જીવ આઠ કર્મોનો સંપૂર્ણ ક્ષય કરીને સિદ્ધ થાય, ત્યારે જ સિદ્ધ ભગવંતોને આ ૩૧ ગુણો પ્રગટ થાય છે. સિદ્ધ અવસ્થા, તે પૂર્ણાવસ્થા છે, તેમાં ક્રમિક વિકાસ નથી તેથી સિદ્ધોમાં તે ગુણો ક્રમિક પ્રગટ થતાં નથી, પરંતુ સિદ્ધ થવાના સમયે એક સાથે અનંત ગુણો પ્રગટ થાય છે.

પ્રસ્તુત સૂત્રમાં આઠ કર્મપ્રકૃતિની ૩૧ ઉત્તર પ્રકૃતિના ક્ષયથી પ્રગટ થતાં ૩૧ ગુણોની વિવક્ષાથી ૩૧ ગુણોનું કથન છે. આચાર્ય શ્રી શાંતિસૂરિજીએ **सिद्धाइगुण** નો સંધિવિગ્રહ **सिद्धऽतिगुण** કરીને અતિગુણ–ઉત્કૃષ્ટ, અસાધારણ ગુણ અર્થ કર્યો છે. તે એકત્રીસ ગુણ આ પ્રમાણે છે–

(૧) ક્ષીણ મતિજ્ઞાનાવરણ, (૨) ક્ષીણ શ્રુતજ્ઞાનાવરણ, (૩) ક્ષીણઅવધિજ્ઞાનાવરણ, (૪) ક્ષીણ મનઃપર્યવ જ્ઞાનાવરણ, (૫) ક્ષીણ કેવળજ્ઞાનાવરણ, (૬) ક્ષીણચક્ષુ દર્શનાવરણ, (૭) ક્ષીણ અચક્ષુદર્શનાવરણ, (૮) ક્ષીણ અવધિદર્શનાવરણ, (૯) ક્ષીણ કેવળદર્શનાવરણ, (૧૦) ક્ષીણ નિદ્રા, (૧૧) ક્ષીણ નિદ્રાનિદ્રા, (૧૨) ક્ષીણ પ્રચલા, (૧૩) ક્ષીણ પ્રચલા પ્રચલા, (૧૪) ક્ષીણ સ્ત્યાનગૃદ્ધિ નિદ્રા, (૧૫) ક્ષીણ શાતાવેદનીય, (૧૬) ક્ષીણ અશાતાવેદનીય, (૧૭) ક્ષીણ દર્શનમોહનીય, (૧૮) ક્ષીણ ચારિત્રમોહનીય, (૧૯) ક્ષીણ નૈરયિક આયુષ્ય, (૨૦) ક્ષીણ તિર્યંચાયુ, (૨૧) ક્ષીણ મનુષ્યાય, (૨૨) ક્ષીણ દેવાયુ, (૨૩) ક્ષીણ ઉચ્ચ ગોત્ર, (૨૪) ક્ષીણ નીચ ગોત્ર, (૨૫) ક્ષીણ શુભનામ, (૨૬) ક્ષીણ અશુભનામ, (૨૭) ક્ષીણ દાનાંતરાય (૨૮) ક્ષીણ લાભાંતરાય, (૨૯) ક્ષીણ ભોગાંતરાય,(૩૦) ક્ષીણ ઉપભોગાંતરાય, (૩૧) ક્ષીણ વીર્યાંતરાય.

શ્રી આચારાંગ સૂત્રમાં અન્ય પ્રકારે ૩૧ દોષોના ક્ષયથી પ્રગટ થતાં ૩૧ ગુણોનું કથન છે. પાંચ સંસ્થાન, પાંચ વર્ણ, બે ગંધ, પાંચ રસ, આઠ સ્પર્શ, ત્રણ વેદ, શરીર, આસક્તિ અને પુનર્જન્મ, ૫ + ૫ + ૨ + ૫ + ૮ + ૩ + ૧ + ૧ + ૧ = ૩૧ દોષોના ક્ષયથી ૩૧ ગુણ પ્રગટ થાય છે.

આ એકત્રીસ ગુણોની સમ્યક શ્રદ્ધા કે પ્રરૂપણા ન કરવી, તે ગુણોના પ્રગટીકરણ માટે ઉપેક્ષા કરવી, તે અતિચાર છે, તેનું સેવન થયું હોય, તો તેનું પ્રતિક્રમણ કરું છું.

**બત્રીસ યોગ સંગ્રહ :–**

**૪૩ बतीसाए जोग संगहेहिं ।**

**ભાવાર્થ :–** બત્રીસ યોગ સંગ્રહની આરાધના કરતાં વિરાધના થઈ હોય, તો તેનું પ્રતિક્રમણ કરું છું.

**વિવેચન :–**

મન, વચન અને કાયાના વ્યાપારને યોગ કહે છે. શુભ અને અશુભના ભેદથી યોગના બે પ્રકાર છે. અશુભ યોગથી નિવૃત્તિ અને શુભ યોગમાં પ્રવૃત્તિ જ સંયમ છે. પ્રસ્તુત સૂત્રમાં શુભ પ્રવૃત્તિ રૂપ યોગ જ ગ્રાહ્ય છે. વારંવાર યોગજન્ય શુભ પ્રવૃત્તિ કરવી, તે યોગ સંગ્રહ છે. યોગ સંગ્રહથી-વારંવાર શુભ પ્રવૃત્તિના પુનરાવર્તનથી સંસ્કારોમાં પરિવર્તન આવે છે, તેથી સાધક જીવનની પરિપકવતા માટે યોગ સંગ્રહનું અત્યંત મહત્ત્વ છે. તેનો સંગ્રહ સંયમી જીવનને પવિત્ર અને અક્ષુણ્ણ બનાવે છે. આ યોગ સંગ્રહની સાધનામાં કાંઈ પણ ભૂલ થઈ ગઈ હોય તો આ સૂત્ર દ્વારા તેનું પ્રતિક્રમણ કરવાનું હોય છે. બત્રીસ યોગ

સંગ્રહ આ પ્રમાણે છે– (૧) ગુરુજનોનીપાસે દોષોની આલોચના કરવી, (૨) કોઈના દોષોની આલોચના સાંભળી બીજાની પાસે ન કહેવું, (૩) સંકટ પડવા છતાં પણ ધર્મમાં દઢતા રાખવી, (૪) આસક્તિ રહિત તપ કરવો, (૫) સૂત્રાર્થ ગ્રહણરૂપ ગ્રહણ-શિક્ષા અને પ્રતિલેખના આદિ રૂપ આસેવના-આચાર શિક્ષાનો અભ્યાસ કરવો, (૬) શોભા શૃંગાર ન કરવા, (૭) પૂજા પ્રતિષ્ઠાનો મોહ છોડી ગુપ્ત તપ કરવો, (૮) લોભનો ત્યાગ કરવો (૯) તિતિક્ષા = સહનશીલતા, પરીષહ જય કરવા પુરુષાર્થશીલ થવું, (૧૦) આર્જવતા– સરળતા, (૧૧) શુચિ– સંયમ અને સત્યના આચરણથી પવિત્રતા કેળવવી, (૧૨) સમ્યક્ત્વ શુદ્ધિ, (૧૩) સમાધિ– ચિત્ત પ્રસન્નતા, (૧૪) આચાર પાલનમાં માયા રહિતપણું, (૧૫) વિનય, (૧૬) ધૈર્ય, (૧૭) સંવેગ– સાંસારિક ભોગોથી ભય પામી મોક્ષની આરાધનાનો સમ્યક વેગ રાખવો, (૧૮) અધ્યવસાયની એકાગ્રતા કેળવવી, (૧૯) સદનુષ્ઠાનની આરાધના કરવી, (૨૦) સંવર– પાપાશ્રવને રોકવા, (૨૧) પોતાના દોષોની શુદ્ધિ કરવી, (૨૨) કામ ભોગોથી વિરક્તિ, (૨૩) મૂલ ગુણોનું શુદ્ધ પાલન કરવું, (૨૪) ઉત્તરગુણોનું શુદ્ધ પાલન કરવું, (૨૫) વ્યુત્સર્ગ કાર્યોત્સર્ગ આદિ કરવા, (૨૬) પ્રમાદ ન કરવો, (૨૭) પ્રતિક્ષણ સંયમ યાત્રામાં અર્થાત્ સમાચારી પાલનમાં સાવધાની રાખવી, (૨૮) શુભ ધ્યાન, (૨૯) મારણાંતિક વેદનાને સમભાવથી સહન કરવી, (૩૦) આસક્તિનો પરિત્યાગ કરવો, (૩૧) પ્રાયશ્ચિતનું અનુષ્ઠાન ગ્રહણ કરવું, (૩૨) અંતિમ સમયમાં સંલેખના-સંથારો કરી આરાધક બનવું.

આચાર્ય જિનદાસે બત્રીસ યોગ સંગ્રહના બત્રીસ ભેદના કથનમાં ધર્મધ્યાનના સોળ ભેદ અને શુક્લ ધ્યાનના સોળ ભેદ, બન્ને મળીને યોગ સંગ્રહના બત્રીસ ભેદની ગણના કરી છે. **धम्मो सोलसविधं एवं सुक्कंपि ।**

**તેત્રીસ આશાતના :–**

**૪૪ तेत्तीसाए आसायणाहिं ।**

**ભાવાર્થ :–** તેત્રીસ આશાતનાનું પ્રતિક્રમણ કરું છું.

**વિવેચન :–**

**आसातणा णामं नाणादि आयस्स सातणा ।** –આવશ્યક ચૂર્ણિ. આય + શાતના, આય એટલે પ્રાપ્તિ, શાતના એટલે ખંડન, તેમાં યકારનો લોપ થવાથી આશાતના શબ્દ બને છે તેનો અર્થ છે– સમ્યગ્દર્શન આદિ આધ્યાત્મિક ગુણોની પ્રાપ્તિનું ખંડન જેના દ્વારા થાય તે આશાતના. ગુરુદેવ આદિ પૂજ્ય પુરુષોના અવિનયથી સમ્યગ્દર્શન આદિ સદ્‌ગુણોની શાતના ખંડના થાય છે અને વિવિધ પ્રકારની અશાતના થાય છે.

શ્રી દશાશ્રુતસ્કંધ સૂત્રમાં શિષ્યના અયોગ્ય વર્તનથી થતી ગુરુજનોની ૩૩ આશાતનાનું નિરૂપણ છે. ટીકાકારે પણ તે જ ૩૩ અશાતનાનું કથન કર્યું છે. તે આ પ્રમાણે છે–

(૧) શિષ્ય માર્ગમાં ગુરુ કે રત્નાધિક સંતોની આગળ ચાલે, (૨) તેમની બરોબર અડીને ચાલે (૩) તેમની પાછળ ચાલે, (૪–૫–૬) તેમની આગળ, બરોબર કે પાછળ ઊભા રહે, (૭–૮–૯) તેમની આગળ, બરોબર કે પાછળ બેસે, (૧૦) રત્નાધિક સંતો સાથે સ્થંડિલ ગયા હોય, ત્યાં પહેલા શૂચિ કરે (૧૧) ઉપાશ્રયમાં આવીને પહેલા ગમનાગમન સંબંધી કાયોત્સર્ગ કરે (૧૨) રાત્રે જાગતા હોવા છતાં રત્નાધિકો બોલાવે ત્યારે, ઉત્તર ન આપે (૧૩) રત્નાધિકો સાથે હોવા છતાં કોઈની સાથે પહેલા વાતચીત

કરે (૧૪) ગોચરી આદિની આલોચના અન્ય સાધુઓ પાસે કર્યા પછી રત્નાધિક સંતો પાસે કરે (૧૫) અન્ય સાધુને આહારાદિ બતાવીને પછી વડીલસંતોને બતાવે (૧૬) અન્ય સાધુને આહારનું નિમંત્રણ આપ્યા પછી વડીલ સંતોને નિમંત્રણ આપે (૧૭) રત્નાધિક સંતોને પૂછ્યા વિના અન્ય સંતોને આહારાદિ આપે (૧૮) સામૂહિક આહારમાં રત્નાધિકોને આપ્યા વિના સ્વાદિષ્ટ આહાર પોતે વાપરે. (૧૯) રત્નાધિક સંતો બોલાવે ત્યારે સાંભળવા છતાં જવાબ ન આપે. (૨૦) વડીલો સામે કઠોર, અમર્યાદિત શબ્દો બોલે (૨૧) વડીલો બોલાવે ત્યારે અસભ્યતાથી ઉત્તર આપે (૨૨) વડીલોને પોતાના આસન પર બેઠાં બેઠાં જ ઉત્તર આપે (૨૩) ગુરુ પ્રતિ તોછડાઈ કરે (૨૪) ગુરુ કોઈ કાર્ય માટે આજ્ઞા કરે ત્યારે 'તમે કરો' તેવો અસભ્ય ઉત્તર આપે (૨૪) ગુરુદેવ ધર્મકથા કરતા હોય, ત્યારે ધ્યાનથી સાંભળે નહીં કે તેની પ્રશંસા કરે નહીં. (૨૬) ગુરુદેવ ધર્મકથા કરતા હોય ત્યારે તેમને વચ્ચે અટકાવે. (૨૭) ગુરુની ધર્મકથાનો છેદ કરીને પોતાની કથા ચાલુ કરે. (૨૮) ગુરુ ધર્મકથા કરતા હોય, ત્યારે પરીષદનો ભંગ કરે. 'ક્યાં સુધી કરશો ? હવે ભિક્ષાનો સમય થઈ ગયો છે' આ પ્રકારના કઠોર શબ્દો બોલે. (૨૯) ગુરુની ધર્મકથાના વિષયને પરીષદની સમક્ષ અન્ય રીતે સમજાવે. (૩૦) ગુરુના શય્યા-સંસ્તારકને પગ અડાડે (૩૧) ગુરુના શય્યા-સંસ્તારક પર ઊભા રહે કે બેસે (૩૨) ગુરુથી ઊંચા આસને બેસે કે સુએ. (૩૩) ગુરુની સમાન આસને બેસે.

ઉપરોક્ત પ્રવૃત્તિઓમાં શિષ્યનો અવિનય ભાવ પ્રગટ થાય છે. જે વ્યક્તિને ગુરુ પ્રતિ શ્રદ્ધા અને ભક્તિનો ભાવ હોય, આદર અને બહુમાન હોય, ગુરુ પ્રત્તિ ઉપકાર બુદ્ધિ હોય, તે સહજ રીતે ઉપરોક્ત તેત્રીસ પ્રકારની પ્રવૃત્તિઓ કરતા નથી. જે શિષ્ય તથાપ્રકારની પ્રવૃત્તિ કરે છે, તે ગુરુની અવહેલના, અવજ્ઞા, અપમાન કે આશાતના કરે છે, તેના વિનયાદિ આત્મ ગુણોનો નાશ થાય છે.

હવે પછીના સૂત્રોમાં અરિહંતોની આશાતના આદિ ૩૩ આશાતનાનું નિરૂપણ છે.

**તેત્રીસ આશાતના(અન્ય પ્રકારે) :–**

**૪૫ अरिहंताणं आसायणाए, सिद्धाणं आसायणाए, आयारियाणं आसायणाए, उवज्झायाणं आसायणाए, साहूणं आसायणाए, साहूणीणं आसायणाए, सावयाणं आसायणाए, सावियाणं आसायणाए, देवाणं आसायणाए, देवीणं आसायणाए, इहलोगस्स आसायणाए, परलोगस्स आसायणाए, केवलि पण्णत्तस्स धम्मस्स आसायणाए, सदेव मणुयासुरस्स लोगस्स आसायणाए, सव्वपाणभूय जीव सत्ताणं आसायणाए, कालस्स आसायणाए, सुयस्स आसायणाए, सुयदेवयाए आसायणाए, वायणारियस्स आसायणाए, जं वाइद्धं, वच्चामेलियं, हीणक्खरं, अच्चक्खरं, पयहीणं, विणयहीणं, जोगहीणं, घोसहीणं, सुट्ठुदिण्णं, दुट्ठुपडिच्छियं, अकाले कओ सज्झाओ, काले ण कओ सज्झाओ, असज्झाइए सज्झाइयं, सज्झाइए ण सज्झाइयं तस्स मिच्छामि दुक्कडं ।**

**ભાવાર્થ :–** (૧) અરિહંત ભગવાનની અશાતના, (૨) સિદ્ધ ભગવંતની આશાતના, (૩) આચાર્ય ભગવંતની આશાતના (૪)ઉપાધ્યાય ભગવંતની આશાતના, (૫) સાધુ ભગવંતની આશાતના, (૬) સાધ્વી ભગવંતની આશાતના, (૭) શ્રાવકોની આશાતના, (૮) શ્રાવિકાઓની આશાતના, (૯) દેવોની આશાતના, (૧૦) દેવીઓની આશાતના, (૧૧) આલોકની આશાતના, (૧૨) પરલોકની આશાતના,

(૧૩) કેવલી પ્રરૂપિત ધર્મની આશાતના, (૧૪) દેવ, મનુષ્ય, અસુર, સહિત સમગ્ર લોકની આશાતના, (૧૫) સર્વ પ્રાણી, ભૂત, જીવ, સત્વની આશાતના, (૧૬) કાળની આશાતના, (૧૭) શ્રુત આશાતના, (૧૮) શ્રુત દેવતાની આશાતના, (૧૯) વાચનાચાર્યની આશાતના, (૨૦) સૂત્ર આગળ પાછળ ભણાયા હોય, (૨૧) ધ્યાન વિનાના સૂત્ર ભણાયા હોય, (૨૨) અક્ષરો ઓછાં ભણાયા હોય, (૨૩) અક્ષરો અધિક ભણાયા હોય, (૨૪) પદ ઓછા ભણાયા હોય, (૨૫) વિનય રહિત ભણાયું હોય, (૨૬) મન, વચન, કાયાની સ્થિરતા વિના ભણાયું હોય, (૨૭) શુદ્ધ ઉચ્ચારણ રહિત ભણાયું હોય, (૨૮) શ્રેષ્ઠ જ્ઞાન-છેદ સૂત્રાદિનું જ્ઞાન અવિનીતને દીધું હોય, (૨૯) અયોગ્ય રીતે, અવિનીત પણે જ્ઞાન ગ્રહણ કર્યું હોય, (૩૦) અકાળમાં સ્વાધ્યાય કર્યો હોય, (૩૧) કાળમાં સ્વાધ્યાય ન કર્યો હોય, (૩૨) અસ્વાધ્યાયના સ્થાને સ્વાધ્યાય કર્યો હોય, (૩૩) સ્વાધ્યાયના કરવા યોગ્ય સ્થાને સ્વાધ્યાય ન કર્યો હોય, મારું તે પાપ મિથ્યા થાઓ.

**વિવેચન :–**

**(૧) અરિહંતોની આશાતાના–** સૂત્રોક્ત તેત્રીસ આશાતનાઓમાં પહેલી આશાતના અરિહંતોની છે. જૈન શાસનના કેન્દ્રસ્થાને અરિહંત છે. તે જગત જીવોના માટે ધર્મનો ઉપદેશ કરે છે, સન્માર્ગનું નિરુપણ કરે છે અને અનંતકાળથી અંધકારમાં ભટકતા જીવોને સત્યનો પ્રકાશ આપે છે. આ રીતે ઉપકારી હોવાથી સર્વ પ્રથમ તેમની આશાતનાનું કથન છે.

અરિહંત ભગવાન તથા તેમના વચનોને અપલાપ કરવો, તેમના અવર્ણવાદ બોલવા તે તેમની આશાતના છે, યથા– આ કલિકાલમાં અરિહંતની કોઈ સત્તા જ નથી, તેઓએ નિર્દય થઈ સર્વથા અવ્યવહારુ અને કઠોર નિવૃત્તિ પ્રધાન ધર્મનો ઉપદેશ આપ્યો છે. તેઓ સ્વયં વીતરાગ હોવા છતાં સુવર્ણ સિંહાસન આદિનો ઉપયોગ કેમ કરે છે ? ઇત્યાદિ દુર્વિકલ્પ કરવા, તે અરિહંતની આશાતના છે.

**(૨) સિદ્ધોની આશાતના–** સિદ્ધને શરીર જ નથી તો પછી તેઓને સુખ કંઈ જાતનું હોય ? સંસારથી સર્વથા અલગ નિશ્ચેષ્ટ પડ્યા રહેવામાં શું વિશેષતા છે ? કોઈ પણ જીવ અનંતકાલ સુધી એક જ સ્વરૂપે રહી શકે નહીં ઇત્યાદિ સિદ્ધના સ્વરૂપની કે અનંત ગુણોની અવજ્ઞા કરવી, તે સિદ્ધોની આશાતના છે.

**(૩) આચાર્ય આશાતના–** આચાર્યોના આચાર-પાલનની, આચાર સંપદાની અવજ્ઞા કરવી, તે આચાર્યોની આશાતના છે.

**(૪) ઉપાધ્યાય આશાતના–** તેમના અધ્યયન-અધ્યાપનની, તેમની બુદ્ધિમત્તા કે વિદ્વત્તા આદિની અવહેલના કરવી, તે ઉપાધ્યાયોની આશાતના છે.

**(૫) સાધુ આશાતના–** તેમના પંચમહાવ્રત કે ચારિત્ર પાલનના વિષયમાં શંકા-કુશંકા કરવી, સાધુની યાચક વૃત્તિને મોજ-મઝા કહેવી વગેરે સાધુની આશાતના છે.

**(૬) સાધ્વી ભગવંતોની આશાતના–** સાધ્વી અવહેલના કરવી, નિંદા કરવી. સ્ત્રી હોવાથી સાધ્વીને નીચા બતાવવા, સાધુઓ માટે તે ઉપદ્રવ રૂપ છે, તે પ્રમાણે બોલવું, તે તેમની આશાતના છે.

**(૭–૮) શ્રાવકોની, શ્રાવિકાઓની આશાતના–** જૈન ધર્મ ઉદાર અને વિરાટ ધર્મ છે. આ ધર્મમાં અરિહંત આદિ મહાન આત્માઓનું ગૌરવ છે તે જ રીતે સાધ્વીનું પણ સમાન અને ગૌરવવંતુ સ્થાન છે તે જ રીતે સાધારણ ગૃહસ્થ હોવા છતાં પણ જે સ્ત્રી-પુરુષ શ્રાવક ધર્મનું પાલન કરે છે, તેનું પણ ગૌરવપૂર્ણ સ્થાન છે. શ્રાવક અને શ્રાવિકાની અવજ્ઞા કરવી એ પણ એક પાપ છે, જૈન દર્શનમાં ગુણ પૂજાનું જ મહત્ત્વ

છે, તેમાં દેશ, વેષ કે કોઈ લિંગની વિશેષતા નથી, તેથી જ પરમાત્માની આજ્ઞા છે કે પ્રત્યેક આચાર્ય, ઊપાધ્યાય અને સાધુએ પ્રતિદિન પ્રાતઃકાલે અને સાયંકાલે પ્રતિક્રમણ કરતા સમયે ગૃહસ્થાશ્રમી શ્રાવક અને શ્રાવિકાઓ પ્રત્યે જ્ઞાત રૂપે કે અજ્ઞાત રૂપે અવહેલના કે અપમાન ભાવ થયો હોય, તો પશ્ચાત્તાપ કરી આ સૂત્ર દ્વારા મિચ્છામિ દુક્કડમ્ દેવાનું હોય છે.

**(૯–૧૦) દેવોની અને દેવીઓની આશાતના–** સાધુ-સાધ્વી, શ્રાવક-શ્રાવિકાઓએ દેવોની લબ્ધિ, શક્તિ વગેરે વિષયમાં તટસ્થ મનોવૃત્તિ રાખવી એ જ શ્રેયસ્કર છે. દેવોનો અપલાપ, અવર્ણવાદ કે નિંદાસ્પદ વચનો બોલવા, તેમની વૈક્રિયલબ્ધિના વિષયમાં શંકા કરવી વગેરે તેની આશાતના છે.

**(૧૧–૧૨) ઈહલોક કે પરલોકની આશાતના–** સ્વજાતિના પ્રાણી વર્ગને ઈહલોક કહેવાય છે અને વિજાતીય પ્રાણી વર્ગને પરલોક કહેવાય છે. મનુષ્યને માટે મનુષ્ય ઈહલોક છે, શેષ ત્રણ ગતિના વિજાતીય પ્રાણીઓ પરલોક કહેવાય છે. ઈહલોક અને પરલોકની અસત્ય પ્રરૂપણા કરવી, પુનર્જન્મ આદિ ન માનવા, ચાર ગતિના સિદ્ધાંત ઉપર વિશ્વાસ ન રાખવો, ઈત્યાદિ ઈહલોક અને પરલોકની આશાતના છે.

**(૧૩) કેવળી પ્રરૂપિત ધર્મની આશાતના–** ધર્મના બે પ્રકાર છે. શ્રુતધર્મ અને ચારિત્ર ધર્મ. સર્વજ્ઞ કથિત ભાવોમાં શંકા-કુશંકા કરવી, સ્વર્ગ-નરક, કંદમૂળના અનંત જીવો વગેરે શ્રદ્ધાગમ્ય ભાવોમાં તર્ક-વિતર્ક કરવા, તે શ્રુતધર્મની આશાતના છે અને સાધુના અસ્નાન વ્રત જેવા નિયમો, મેલ આદિના પરીષહને જોઈને ઘૃણા કરવી વગેરે ચારિત્ર ધર્મની આશાતના છે.

**(૧૪) દેવ, મનુષ્ય અને અસુર સહિત લોકની આશાતના–** દેવાદિ સહિત લોકના સંબંધમાં મિથ્યા પ્રરૂપણા કરવી, તેને ઈશ્વર આદિ દ્વારા બનાવેલો માનવો, લોકની ઉત્પત્તિના વિષયમાં પૌરાણિક કલ્પનાઓ ઉપર વિશ્વાસ કરવો, લોકની ઉત્પત્તિ, સ્થિતિ અને પ્રલય સંબંધી ભ્રાંત ધારણાઓનો પ્રચાર કરવો વગેરે પ્રવૃત્તિ દેવ, મનુષ્ય અને અસુર સહિત લોકની આશાતના છે.

**(૧૫) સર્વ પ્રાણી ભૂત જીવ સત્ત્વની આશાતના–** વિશ્વના સમસ્ત અનંતાનંત જીવોની આશાતનાનું આ સૂત્ર ઘણું જ મહત્વપૂર્ણ છે. જૈન ધર્મની કરુણાનો અનંત પ્રવાહ કેવળ પરિચિત અને સ્નેહીજનો સુધી જ સીમિત નથી. સમસ્ત જીવરાશિ સાથે ક્ષમાના આદાન-પ્રદાનનો આ મહાન આદર્શ છે. પ્રાણી નજર સમક્ષ હોય કે દૂર હોય, સ્થૂલ હોય કે સૂક્ષ્મ, જ્ઞાત હોય કે અજ્ઞાત, શત્રુ હોય કે મિત્ર, કોઈ પણ ગતિમાં, જાતિમાં, વેષમાં કે લિંગમાં હોય તેની આશાતના કે અવહેલના કરવી, તે સર્વથા ત્યાજ્ય છે.

પ્રાણી, ભૂત જીવ અને સત્ત્વ, આ ચારે શબ્દો જીવના જ વાચક છે. પરંતુ આચાર્ય જિનદાસ મહત્તર અને ટીકાકાર હરિભદ્ર આદિએ ઉક્ત શબ્દોના વિશેષ અર્થ સ્વીકાર્યા છે. **'प्राणिनः द्वीन्द्रियादयः । भूतानि पृथिव्यादयः । जीवन्ति जीवा–आयु कर्मानुभवयुक्ताः सर्व एव । सत्त्वाः सांसरिक संसारातीत भेदाः ।'**(આવશ્યક ટીકા) બેઈન્દ્રિય આદિ જીવોને પ્રાણી, પૃથ્વી આદિ એકેન્દ્રિય જીવોને ભૂત, આયુષ્ય કર્મના ઉદયથી જીવી રહેલા સમસ્ત સંસારી પ્રાણીઓને જીવ અને સંસારી તથા મુક્ત અનંતાઅનંત સર્વ જીવોને માટે સત્ત્વ શબ્દનો વ્યવહાર થાય છે. આગમ સાહિત્યના પ્રાચીન ટીકાકારો પ્રાણી, ભૂત આદિ શબ્દોની વ્યાખ્યા આ પ્રમાણે કરે છે– **प्राणा द्वि–त्रि–चतुरिन्द्रिया भूताश्च तरवो, जीवाश्च पंचेन्द्रियाः सत्वाच्च शेषजीवाः।** બેઈન્દ્રિય આદિ વિકલેન્દ્રિય જીવો પ્રાણી, વૃક્ષ એટલે વનસ્પતિને ભૂત, પંચેન્દ્રિય પ્રાણીઓને જીવ અને શેષ સર્વ જીવોને સત્વ કહેવાય છે. આ રીતે પ્રથમ વ્યાખ્યાનુસાર પ્રાણી, ભૂત, જીવ અને સત્ત્વમાં સંસારી અને સિદ્ધ, આ બંને પ્રકારના જીવો અર્થાત્ સમસ્ત

જીવોનો સમાવેશ થાય છે અને બીજી વ્યાખ્યા અનુસાર સમસ્ત સંસારી જીવોનો સમાવેશ, આ ચાર શબ્દોમાં થઈ જાય છે. તે જીવોના આત્માની સત્તાનો સ્વીકાર ન કરવો, પૃથ્વી આદિને જડ માનવા, આત્માને ક્ષણિક કહેવો, એકેન્દ્રિય આદિ જીવોના જીવનને તુચ્છ સમજીને, તેને પીડા પહોંચાડવી વગેરે પ્રવૃત્તિઓ તેની આશાતના છે.

**(૧૬) કાળની આશાતના–** સંયમ જીવનની અનિયમિતતા જ કાળની આશાતના છે. સંયમી સાધકે સમયની ગતિનું અવશ્ય ધ્યાન રાખવું જોઈએ. એકવાર ગયેલો સમય ફરી આવતો નથી, સમયની ક્ષતિ એ સૌથી મોટી ક્ષતિ છે. **'काले कालं समायरे'**નો સિદ્ધાંત અમૂલ્ય છે. ગોચરી, પ્રતિલેખન સ્વાધ્યાય ઈત્યાદિ સંયમી જીવનની ક્રિયાઓ યથા સમયે કરવી જોઈએ, ન કરે તો કાળની આશાતના છે. અથવા **नास्त्येव काल ।** કાલ દ્રવ્યને ન સ્વીકારવું, ઉત્સર્પિણી, અવસર્પિણી કાલના છ-છ આરાના પરિવર્તનને કલ્પિત માનવું, સાધુ સમાચારીમાં સ્વાધ્યાય, પ્રતિલેખન આદિ આવશ્યક પ્રવૃત્તિના કાલના મહત્ત્વને ન સ્વીકારવું, વગેરે કાલની આશાતના છે.

**(૧૭) શ્રુતની આશાતના–** શ્રુત એટલે શ્રુત જ્ઞાન-ભાવશ્રુત, તેની પ્રાપ્તિમાં નિમિત્તભૂત શાસ્ત્રજ્ઞાન, તે દ્રવ્ય શ્રુત છે. દ્રવ્યશ્રુત અને ભાવશ્રુત સાધનાના માર્ગને સાદ્યંત જાણવા માટે સહાયક છે. શ્રુત એ તો સાધકનું ત્રીજું નેત્ર છે. જે શ્રુતની આશાતના કરે છે તે સાધના માર્ગની અવહેલના કરે છે, ધર્મની અવહેલના કરે છે. શાસ્ત્રની રચના વિષયક કે શાસ્ત્ર કથિત ભાવો પર શ્રદ્ધા ન રાખવી, તદ્‌વિષયક ખોટા તર્ક-વિર્તક કરવા ઈત્યાદિ શ્રુત વિરોધી વિચાર અને વર્તન, તે શ્રુતની આશાતના છે.

**(૧૮)શ્રુત દેવતાની આશાતના–** શ્રુત દેવતા એટલે શ્રુત નિર્માતા તીર્થંકર તથા ગણધર છે. તેઓ શ્રુતના અધિષ્ઠાતા છે, રચયિતા છે, તેથી તેઓ શ્રુત દેવતા કહેવાય છે. તેમની આશાતના કરવી, તે શ્રુતદેવતાની આશાતના છે.

**(૧૯) વાચનાચાર્યની આશાતના :–** સામાન્ય રીતે ઉપાધ્યાય શિષ્યોને વાચના આપતા હોવાથી વાચનાચાર્ય કહેવાય છે તે સિવાય તે ગુરુ નિર્દિષ્ટ કોઈ પણ બહુશ્રુત-સ્થવિર મુનિ પણ વાચના આપી શકે છે અને શિષ્ય માટે તેઓ વાચનાચાર્ય છે. તેઓની આશાતનાનું અહીં પ્રતિક્રમણ કરવામાં આવે છે. વ્યાખ્યાકારના કથનાનુસાર વાચનાચાર્ય ઉપાધ્યાયની નીચેની એક સ્વતંત્ર પદવી છે. **तत्र वाचनाचार्यो ह्युपाध्यायसंदिष्टो य उद्देशादि करोति ।** ઉપાધ્યાયના આદેશ અનુસાર શિષ્યોને આગમ પાઠ રૂપ શ્રુતનો ઉદ્દેશ કરે છે, આગમ પાઠ આપે છે, તે વાચનાચાર્ય છે.

હવે પછીની જ્ઞાનની ચૌદ આશાતના છે.

**(૨૦) જં વાઈદ્ધં–** સૂત્ર આઘા-પાછા ભણાયા હોય. જેમ કે **णमो अरिहंताणं** આગમ પાઠ છે, તેના બદલે **अरिहंताणं णमो** બોલવું.

**(૨૧) વચ્ચામેલિયં–** ધ્યાન વિના કે શૂન્ય મનસ્ક ચિત્તથી શાસ્ત્ર પાઠનું ઉચ્ચારણ કરવું અથવા અલગ અલગ સૂત્રોમાં આવેલા એક સમાન અર્થવાળા શબ્દોને એક સાથે કરીને બોલી લેવા, તે શાસ્ત્રના અનાદર ભાવને સૂચવે છે, તેથી તે અતિચારરૂપ છે.

**(૨૨) હીણક્ખરં–** અક્ષરો ઓછા બોલવા. **अरिहंताणं** શબ્દમાં અનુસ્વાર ન બોલવો, અક્ષરની ન્યૂનાધિકતાથી અર્થનો અનર્થ થાય છે, જેમ કે સંસાર શબ્દમાં અનુસ્વાર ન બોલવાથી સસાર-સારયુક્ત શબ્દ થઈ જાય. અક્ષરોની ન્યૂનતા અતિચાર રૂપ છે.

**(૨૩) અચ્ચક્ખરં**– અક્ષરો અધિક બોલવા. અક્ષરો અધિક બોલવાથી પણ અર્થમાં પરિવર્તન થાય છે. જેમ કે 'નલ' શબ્દના બદલે અનલ બોલીએ, તો જેનું કથન કરવું છે તે ભાવની સ્પષ્ટતા થતી નથી, તેથી તે પણ અતિચાર છે.

**(૨૪) પયહીણં**– પદ ઓછા બોલવા. જેમ **णमो अरिहंताणं** આદિની આગળ ણમો શબ્દ છે તેને કાઢીને **अरिहंताणं, सिद्धाणं** આદિ બોલી જવું.

**(૨૫) વિણયહીણં**– વિનય રહિત શાસ્ત્રજ્ઞાન લેવું. શાસ્ત્રના અધ્યયન સમયે વાચનાચાર્ય આદિ પ્રતિ તથા શાસ્ત્રજ્ઞાન પ્રતિ બહુમાન કે આદર ભાવ ન રાખવો, ગુરુવંદન, ગુરુથી નીચું આસન, સુખશાતાની પૃચ્છા વગેરે ઉચિત વ્યવહાર વિના શાસ્ત્રજ્ઞાન લેવું.

**(૨૬) જોગહીણં**– મન, વચન, કાયાના યોગની સ્થિરતા વિના, ચંચળતાપૂર્વક શાસ્ત્રનું પઠન-પાઠન આદિ કરવું, વ્યાખ્યાકાર તથા કેટલાક પ્રાચીન આચાર્યો યોગનો અર્થ ઉપધાન-તપ કરે છે. શાસ્ત્રની વાચના ગ્રહણ કરતાં પૂર્વે કરાતાં તપને ઉપધાન-યોગ કહે છે. શાસ્ત્રજ્ઞાનની મહત્તા સૂચક તપ આદિ કર્યા વિના જ શાસ્ત્ર ભણવા, તે યોગહીનતા છે.

**(૨૭) ઘોષહીણં**– શુદ્ધ ઉચ્ચાર વિના શાસ્ત્રપાઠ બોલવા. શાસ્ત્રના બે પ્રકાર છે. **सुत्तागमे**– સૂત્ર રૂપ આગમ અને **अत्थागमे**– અર્થ રૂપ આગમ. શાસ્ત્ર ભણનાર સાધક સહુ પ્રથમ સૂત્રરૂપ આગમને જ સ્પર્શે છે. તેમાં ઉચ્ચારણશુદ્ધિ અત્યંત આવશ્યક છે.

આવશ્યકતા પ્રમાણે સ્વરના ઉતાર-ચઢાવ યોગની સ્થિરતાપૂર્વક સૂત્રપાઠ ભણવાથી તેના અર્થ શીઘ્ર પ્રતીત થાય છે. આસપાસના વાતાવરણમાં પણ તેનો મધુર ધ્વનિ ગૂંજે છે, તેથી ઉદાત્ત-ઉચ્ચ સ્વર, અનુદાત્ત-નીચો સ્વર અને સ્વરિત-મધ્યમ સ્વરનો ઉપયોગ રાખ્યા વિના શાસ્ત્ર સ્વાધ્યાય કરવો, તે ઘોષહીનતા છે.

ક્યાંક આ પાઠના શબ્દોના ક્રમમાં વ્યત્યય પ્રતીત થાય છે. આવશ્યક ચૂર્ણિકાર જિનદાસ મહત્તર **पयहीणं, घोसहीणं, जोगहीणं विणयहीणं.....** આ ક્રમને સ્વીકારે છે. કારણ કે પદહીનતા અને ઘોષહીનતા ઉચ્ચારણ સંબંધી સ્ખલના છે અને યોગહીનતા તથા વિનયહીનતા શ્રુત સંબંધી અનાદર ભાવ પ્રગટ કરે છે તેથી ચૂર્ણિકારે સ્વીકારેલો ક્રમ પણ યુક્તિસંગત છે. તેમ છતાં વર્તમાને પ્રચલિત પ્રતિક્રમણની પરંપરામાં ઉપરોક્ત સૂત્રકારનો ક્રમ સ્વીકારેલો છે.

**(૨૮) સુટ્ઠુદિન્નં**– (૧) શ્રેષ્ઠ જ્ઞાન અવિનીત શિષ્યને આપવું, પાત્ર-કુપાત્રનો વિચાર કર્યા વિના શાસ્ત્રજ્ઞાન આપવાથી, તે વિપરીત રૂપે પરિણમન પામે છે. જેમ સર્પના મુખમાં ગયેલું દૂધ પણ ઝેર રૂપે પરિણત થાય છે. (૨) વ્યાખ્યાકારના કથનાનુસાર **सुट्ठुदिन्नं** માં 'સુષ્ઠુ' શબ્દ અતિરેકનો વાચક છે, તેથી તેનો અર્થ આ પ્રમાણે થાય છે– અલ્પબુદ્ધિવાળા, અલ્પ શ્રુતને યોગ્ય શિષ્યને અધિક અધ્યયન કરાવવું, યોગ્યતા વિના શાસ્ત્રનું વિશાળ અને ગહન અધ્યયન ભારરૂપ બની જાય છે, તેના પરિણામે તે શિષ્યની જ્ઞાનરુચિ ઘટી જાય છે અને ક્રમશઃ તે શિષ્ય પોતાની યોગ્યતા પ્રમાણે પણ શાસ્ત્રાધ્યયન કરી શકતો નથી. આ રીતે શિષ્યની યોગ્યતા વિના તેનામાં શાસ્ત્રજ્ઞાનનો અતિરેક કરવો, તે અતિચાર છે.

(૩) કેટલાક વિદ્વાનો **सुट्ठुदिन्नं** શબ્દમાં અવગ્રહ ચિહ્ન માનીને **अ** કારનો લોપ થયેલો માને છે. **सुट्ठुऽदिन्नं-सुट्ठु अदिन्नं** સંધિ વિગ્રહ થાય છે. તેનો અર્થ છે– આળસ પ્રમાદ કે ઈર્ષ્યાદિ કોઈ પણ કારણથી યોગ્ય શિષ્યને સુષ્ઠુ–સારી રીતે, **अदिन्नं**– જ્ઞાનદાન ન કર્યું હોય, યોગ્ય શિષ્યને તેની યોગ્યતા

પ્રમાણે શાસ્ત્ર વાચના ન આપવી, તે પણ દોષ છે. આ રીતે સંક્ષેપમાં અયોગ્ય વ્યક્તિને શાસ્ત્રજ્ઞાન આપવું અથવા યોગ્ય વ્યક્તિને શાસ્ત્રજ્ઞાન ન આપવું, તે બંને **સુટ્ઠુદિન્નં** અતિચાર છે.

**(૨૯) દુટ્ઠુપડિચ્છિયં**– દુષ્ટ ભાવથી ગ્રહણ કર્યું હોય, જેમ કે– જ્ઞાનના ઘમંડથી ગુરુને પરાજિત કરવા શાસ્ત્રજ્ઞાન પ્રાપ્ત કરવું, આવા કોઈ પણ દુષ્ટ આશયથી જ્ઞાન ગ્રહણ કરવું, તે **દુટ્ઠપડિચ્છિયં** અતિચાર છે અથવા દુષ્ટ પુરુષ પાસેથી ગ્રહણ કર્યું હોય.

શ્રુતજ્ઞાનએ કેવળજ્ઞાન પ્રાપ્તિનું બીજ છે, તેથી અત્યંત આદર ભાવે, આશય શુદ્ધિ સહિત, યોગ્ય વ્યક્તિ પાસેથી, યોગ્યતા પ્રમાણે ગ્રહણ થાય, તો જ તેની પવિત્રતા જળવાઈ રહે અને તે સમ્યગ્જ્ઞાન ચારિત્ર રૂપે પરિણત થાય છે.

**(૩૦) અકાલે કઓ સજ્ઝાઓ** – અકાળમાં સ્વાધ્યાય કર્યો હોય. ચાર સંધ્યા શાસ્ત્રના સ્વાધ્યાય માટે અકાળ છે અને કાલિક સૂત્રો માટે દિવસ અને રાત્રિનો બીજો ત્રીજો પ્રહર પણ અકાળ છે, તે સમયનું ધ્યાન ન રાખવું, તે આ અતિચાર છે.

**(૩૧) કાલે ન કઓ સજ્ઝાઓ :**– ઉપરોક્ત અકાલ સિવાય પહેલા અને છેલ્લા પ્રહરમાં કાલિક શ્રુતનો અને ચારે પ્રહરમાં ઉત્કાલિક શ્રુતનો સ્વાધ્યાય ન કરવો, તે અતિચારરૂપ છે. ગુરુ આજ્ઞા, સેવા, વિહાર આદિ આવશ્યક પ્રવૃત્તિ કરતા સ્વાધ્યાય ન થાય તો તે અતિચાર નથી. આવશ્યક સૂત્ર માટે કોઈ અસ્વાધ્યાય નથી. અને પ્રમાદાદિને વશ થઈને જે સાધક સ્વાધ્યાય કરતા નથી તે જ્ઞાનનો અનાદર કરે છે, અપમાન કરે છે.

શાસ્ત્ર સ્વાધ્યાય માટે કાલ-અકાલનો અને સ્વાધ્યાય યોગ્ય સ્થાનનો વિવેક રાખવો, અત્યંત જરૂરી છે, તેથી જ સાધક સમાચારીમાં શાસ્ત્ર સ્વાધ્યાય પૂર્વે કાલપ્રતિલેખનનું વિધાન છે. અયોગ્ય સ્થાનમાં કે અકાલમાં સ્વાધ્યાય કરવાથી ક્યારેક દેવકૃત ઉપસર્ગની સંભાવના છે. તેમજ યોગ્ય સમયે સ્વાધ્યાય ન કરનાર સાધકને પ્રતિલેખન, ગોચરી આદિ અન્ય આવશ્યક કાર્યોમાં પણ સ્ખલના થાય છે.

**(૩૨) અસજ્ઝાઈએ સજ્ઝાયં**– શાસ્ત્રમાં ૩૨ અસ્વાધ્યાયનું કથન છે, તેનું વર્જન ન કરવું, તેના પ્રતિ ઉપેક્ષા ભાવ રાખવો, તે દોષ છે. અસ્વાધ્યાયના સ્થાન ઉપર સ્વાધ્યાય કર્યો હોય.

**(૩૩) અસજ્ઝાઈએ ન સજ્ઝાયં**– સ્વાધ્યાય યોગ્ય શાંત, પવિત્ર તથા શુદ્ધ સ્થાનમાં સ્વાધ્યાય કર્યો ન હોય. શાસ્ત્ર સ્વાધ્યાય માટે પોતાના શરીર સંબંધી અશુચિ, બાહ્ય અશુદ્ધિ, અયોગ્ય સ્થાન, આકાશીય ઘટના તેમજ કાલ સંબંધી અસ્વાધ્યાયકાલ વગેરે ૩૨ અસ્વાધ્યાયનાને ધ્યાનમાં રાખવી જોઈએ.

આ લોકમાં હિંસા, અસત્ય, ચોરી આદિ અસંયમરૂપ અનંત હેય-છોડવા યોગ્ય પ્રવૃત્તિઓ છે, અહિંસા, સત્ય, અચૌર્ય આદિ સંયમ રૂપ અનંત ઉપાદેય-આરાધના યોગ્ય સ્થાનો છે અને જીવ-પુદ્ગલ આદિ અનંત જ્ઞેય સ્થાન છે. તે અનંત અનંત સ્થાનનું કથન શક્ય નથી. સંક્ષિપ્ત દષ્ટિકોણથી એક પ્રકારના અસંયમમાં જ શેષ સર્વ દોષોનો સમાવેશ થઈ જાય છે, એક પ્રકારનો અસંયમ જ રાગ-દ્વેષ રૂપ બે બંધન, માયા આદિ શલ્ય કે ક્રોધાદિ કષાય રૂપે પ્રગટ થાય છે. તેથી એક અસંયમનું પ્રતિક્રમણ કરવાથી સર્વ દોષોનું પ્રતિક્રમણ થઈ જાય છે તેમ છતાં સામાન્ય કોટિના શિષ્યની બુદ્ધિમાં પાપપ્રવૃત્તિની અને આરાધના યોગ્ય સ્થાનોની સ્પષ્ટતા થાય, તેના માટે સૂત્રકારે એકથી તેત્રીસ બોલ સુધીની પ્રવૃત્તિનું કથન કર્યું છે. પ્રતિક્રમણ યોગ્ય સ્થાનનો સમાવેશ તેત્રીસ બોલમાં જ પૂર્ણ થતો નથી, તેથી સાધકે જ્ઞાત કે અજ્ઞાત અનંત અસંયમ સ્થાનોના સંકલ્પપૂર્વક પ્રતિક્રમણ કરવાનું હોય છે.

આરાધનાના ક્ષેત્રમાં પાપસ્થાનનું સેવન કરવું, તે પાપ છે, તે જ રીતે શક્તિ હોવા છતાં આરાધના

ન કરવી, તે પણ અતિચાર દોષ છે. તેથી જાણવા યોગ્ય સર્વ બોલને યથાર્થ રૂપે જાણ્યા ન હોય, ત્યાગ કરવા યોગ્ય બોલનો ત્યાગ કર્યો ન હોય કે આરાધના યોગ્ય બોલની આરાધના ન કરી હોય, તો તેનું પ્રતિક્રમણ કરી સાધક શુદ્ધ થાય છે.

**એકથી તેત્રીસ બોલમાં હેય-ઉપાદેય-જ્ઞેય :–**

| બોલ | હેય | ઉપાદેય | જ્ઞેય |
|---|---|---|---|
| ૧ અસંયમ | ✓ | × | ✓ |
| ૨ બંધન-રાગ, દ્વેષ | ✓ | × | ✓ |
| ૩ દંડ-મન, વચન, કાયા | ✓ | × | ✓ |
| ૩ ગુપ્તિ-મન, વચન, કાય | × | ✓ | ✓ |
| ૩ શલ્ય-માયા, નિદાન મિથ્યાત્વ | ✓ | × | ✓ |
| ૩ ગારવ-ૠદ્ધિ, રસ શાતા | ✓ | × | ✓ |
| ૩ વિરાધના-જ્ઞાન, દર્શન, ચારિત્ર | ✓ | × | ✓ |
| ૪ કષાય-ક્રોધ, માન, માયા, લોભ | ✓ | × | ✓ |
| ૪ સંજ્ઞા-આહાર, ભય, મૈથુન પરિગ્રહ | ✓ | × | ✓ |
| ૪ વિકથા-સ્ત્રી, ભક્ત, દેશ, રાજકથા | ✓ | × | ✓ |
| ૨ ધ્યાન-આર્ત, રૌદ્ર | ✓ | × | ✓ |
| ૨ ધ્યાન-ધર્મ, શુક્લ | × | ✓ | ✓ |
| ૫ ક્રિયા-કાયકી આદિ | ✓ | × | ✓ |
| ૫ કામગુણ-શબ્દ, રૂપ આદિ | ✓ | × | ✓ |
| ૫ મહાવ્રત-અહિંસા આદિ | × | ✓ | ✓ |
| ૫ સમિતિ-ઈર્યા, ભાષા આદિ | × | ✓ | ✓ |
| ૬ જીવનિકાય | × | × | ✓ |
| ૩ અશુભ લેશ્યા | ✓ | × | ✓ |
| ૩ શુભ લેશ્યા | × | ✓ | ✓ |
| ૭ ભય સ્થાન | ✓ | × | ✓ |
| ૮ મદ સ્થાન | ✓ | × | ✓ |
| ૯ બ્રહ્મચર્ય ગુપ્તિ | × | ✓ | ✓ |
| ૧૦ શ્રમણધર્મ | × | ✓ | ✓ |

| બોલ | હેય | ઉપાદેય | જ્ઞેય |
|---|---|---|---|
| ૧૧ ઉપાસક પ્રતિમા | × | ✓ | ✓ |
| ૧૨ ભિક્ષુ પ્રતિમા | × | ✓ | ✓ |
| ૧૩ ક્રિયા સ્થાન | ✓ | × | ✓ |
| ૧૪ ભૂતગ્રામ (જીવ સમૂહ) | × | × | ✓ |
| ૧૫ પરમાધામી દેવ | × | × | ✓ |
| ૧૬ સૂયગડાંગ સૂત્રના પ્રથમ શ્રુતસ્કંધના સોળ અધ્યયન | × | × | ✓ |
| ૧૭ અસંયમ સ્થાન | ✓ | × | ✓ |
| ૧૮ અબ્રહ્મચર્ય સ્થાન | ✓ | × | ✓ |
| ૧૯ જ્ઞાતા સૂત્રના અધ્યયન | × | × | ✓ |
| ૨૦ અસમાધિ સ્થાન | ✓ | × | ✓ |
| ૨૧ શબલ દોષ | ✓ | × | ✓ |
| ૨૨ પરીષહ | × | × | ✓ |
| ૨૩ સૂયગડાંગ સૂત્રના બંને શ્રુતસ્કંધના અધ્યયન | × | × | ✓ |
| ૨૪ દેવ | × | × | ✓ |
| ૨૫ પંચ મહાવ્રતની ભાવના | × | ✓ | ✓ |
| ૨૬ દશાશ્રુતસ્કંધ, વ્યવહાર અને બૃહદ્ કલ્પના અધ્યયન | × | ✓ | ✓ |
| ૨૭ અણગાર ગુણ | × | ✓ | ✓ |
| ૨૮ આચાર પ્રકલ્પ | × | × | ✓ |
| ૨૯ પાપ સૂત્ર | ✓ | × | ✓ |
| ૩૦ મહામોહનીય સ્થાન | ✓ | × | ✓ |
| ૩૧ સિદ્ધાદિ ગુણ | × | × | ✓ |
| ૩૨ યોગ સંગ્રહ | × | ✓ | ✓ |
| ૩૩ આશાતના | ✓ | × | ✓ |

## પાઠ–૯ : પાંચમું શ્રમણ સૂત્ર

**નિર્ગ્રંથ પ્રવચન પ્રતિજ્ઞા સૂત્ર :–**

**१** णमो चउवीसाए तित्थयराणं उसभाइ महावीर पज्जवसाणाणं ।

**શબ્દાર્થ :–** **णमो** – નમસ્કાર હોજો, **चउवीसाए** – ચોવીસ, **तित्थयराणं** – તીર્થંકરોને, **उसभाइ** – ઋષભ દેવથી પ્રારંભ કરીને, **महावीर** – મહાવીર સ્વામી, **पज्जवसाणाणं** – પર્યંતના.

**ભાવાર્થ :–** ભગવાન ઋષભદેવથી લઈને ભગવાન મહાવીર સ્વામી પર્યંતના ચોવીસ તીર્થંકર દેવોને નમસ્કાર કરું છું અને તેમની સેવા ભક્તિ કરું છું.

**વિવેચન :–**

પાંચમું શ્રમણસૂત્ર પ્રતિજ્ઞાસૂત્ર છે. પ્રતિક્રમણ આવશ્યકમાં વિવિધ દોષોની આલોચના અને પ્રતિક્રમણ કર્યા પછી સાધક નિર્ગ્રંથ પ્રવચનની મહત્તા, નિર્ગ્રંથ પ્રવચન પ્રતિ અતૂટ શ્રદ્ધા અને વિરાધનાથી નિવૃત્ત થઈને આરાધનામાં પ્રવૃત્ત થવા રૂપ આઠ બોલનો સંકલ્પ કરે છે.

તેના પ્રારંભમાં વર્તમાન ચોવીસીના ચોવીસ તીર્થંકરોને નમસ્કાર કરે છે.

**नमो चउवीसाए.....** સામાન્ય રીતે વ્યક્તિને જે વસ્તુની પ્રાપ્તિ કરવી હોય, તેનું અને તેના ઉપાસકોનું તે વારંવાર સ્મરણ કરે, તેનું શરણ અને સમર્પણ સ્વીકારે છે, જેમ ધનના ઈચ્છુકો ધનવાનોનું, વિદ્યાર્થીઓ વિદ્વાનોનું, રોગી ડોક્ટરોનું સ્મરણ કરે, તેનું શરણ અને સમર્પણ સ્વીકારે છે. તે જ રીતે આત્મવિશુદ્ધિની સાધના કરતાં સાધકો પૂર્ણ વિશુદ્ધિને પ્રાપ્ત થયેલા તીર્થંકરોનું સ્મરણ કરે, તેનું શરણ સ્વીકારીને તેમના ચરણોમાં જીવન સમર્પિત કરે છે.

ભરત અને ઐરવત ક્ષેત્રમાં એક અવસર્પિણી કાલના છ આરામાં ૨૪ તીર્થંકરો થાય, તે રીતે ઉત્સર્પિણી કાલના છ આરામાં પણ ૨૪ તીર્થંકરો થયા છે. આ રીતે અનંત કાલ ચક્રમાં, અનંત ઉત્સર્પિણી-અવસર્પિણીમાં અનંત ચોવીસીઓ-અનંત ચોવીસ-ચોવીસ તીર્થંકરો થઈ ગયા છે. પ્રસ્તુતમાં આપણા ભરત ક્ષેત્રમાં આ અવસર્પિણી કાલમાં થયેલા આપણા આસન્ન ઉપકારી ૨૪ તીર્થંકરોનું નામસ્મરણ છે.

તેમાં આદિ–પ્રથમ તીર્થંકર ઋષભદેવ સ્વામી અને ચોવીસમા વીર વર્ધમાન મહાવીર સ્વામી છે ૨૪ તીર્થંકરના નામનું કથન ચતુર્વિંશતિ સ્તવ લોગસ્સ સૂત્રમાં છે, અહીં પ્રથમ અને અંતિમ તીર્થંકરના નામનું કથન કર્યું છે. તેમાં મધ્યના બાવીસ તીર્થંકરનું ગ્રહણ થઈ જાય છે.

આ ૨૪ તીર્થંકરોને નમસ્કાર કરીને તેમની પર્યુપાસના–સેવા ભક્તિ કરું છું.

**નિર્ગ્રંથ પ્રવચનની મહત્તા :–**

**૨ इणमेव णिग्गंथं पावयणं सच्चं अणुतरं केवलियं पडिपुण्णं णेआउयं संसुद्धं सल्लकत्तणं सिद्धिमग्गं मुत्तिमग्गं णिज्जाणमग्गं णिव्वाणमग्गं अवितहमविसंधि सव्वदुक्खप्पहीणमग्गं ।**

**શબ્દાર્થ :–** **इणमेव** – આ જ **णिग्गंथं** – નિર્ગ્રંથ, **पावयणं** – પ્રવચન, **सच्चं** – સત્ય છે, **अणुतरं** – સર્વોત્તમ છે, **केवलियं** – સર્વજ્ઞ–પ્રરૂપિત અથવા અદ્વિતીય છે, **पडिपुण्णं** – પ્રતિપૂર્ણ છે, **णेआउयं** – ન્યાયયુક્ત છે, મોક્ષમાં લઈ જનાર છે, **संसुद्धं** – પૂર્ણ શુદ્ધ છે, **सल्ल** – શલ્યો ને, **कत्तणं** – કાપનાર છે, **सिद्धिमग्गं** – સિદ્ધિનો માર્ગ છે, **मुत्तिमग्गं** – મુક્તિનો માર્ગ છે, **णिज्जाणमग्गं** – સંસારમાંથી નીકળવાનો માર્ગ છે, મોક્ષનો માર્ગ છે, **णिव्वाणमग्गं** – નિર્વાણનો માર્ગ છે, પરમ શાંતિનું કારણ છે,

**अवितह** – યથાતથ્ય–યથાર્થ છે, **अविसंधि** – અવ્યવછિન્ન છે, સદા શાશ્વત છે, **सव्वदुक्खप्पहीणमग्गं** – બધા દુઃખોના ક્ષયનો માર્ગ છે.

**ભાવાર્થ :–** આ નિર્ગ્રંથ પ્રવચન જ સત્ય છે, અનુત્તર– સર્વોત્તમ છે, કેવલ– અદ્વિતીય છે અથવા કેવળ જ્ઞાનીઓ દ્વારા પ્રરૂપિત છે, મોક્ષ પ્રાપ્ય ગુણોથી પરિપૂર્ણ છે, ન્યાયયુક્ત અથવા મોક્ષ અપાવનાર છે, પૂર્ણ શુદ્ધ સર્વથા નિષ્કલંક છે, માયા આદિ શલ્યોનો નાશ કરનાર છે, સિદ્ધિ પ્રાપ્ત કરવાનો ઉપાય છે, કર્મ બંધનથી મુક્તિનું સાધન છે, સંસારમાંથી નીકળીને મોક્ષ સ્થાનને પામવાનો માર્ગ છે, શાંતિ રૂપ નિર્વાણનો માર્ગ છે, અવિતહ – મિથ્યાત્વ રહિત છે, અવિસન્ધિ – વિચ્છેદ રહિત અર્થાત્ સનાતન નિત્ય છે તથા પૂર્વાપર વિરોધથી રહિત છે, સર્વ દુઃખોનો ક્ષય કરવાનો માર્ગ છે.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રપાઠમાં પ્રયુક્ત વિશેષણો દ્વારા નિર્ગ્રંથ પ્રવચનની મહત્તા પ્રદર્શિત કરી છે.

**णिग्गथं पावयणं– निर्ग्रंथाः बाह्याभ्यन्तरग्रंथनिर्गताः साधवः** । ધન-ધાન્ય આદિ બાહ્ય પરિગ્રહ અને મિથ્યાત્વ, રાગ-દ્વેષ આદિ આભ્યંતર પરિગ્રહ રૂપ ગ્રંથીથી સર્વથા રહિત હોય, તે નિર્ગ્રંથ છે. અહીં નિર્ગ્રંથ શબ્દથી અરિહંત ભગવાનનું સૂચન થાય છે. વ્યવહારમાં સાધુઓ માટે નિર્ગ્રંથ શબ્દનો પ્રયોગ થાય છે. સાધુ રાગ-દ્વેષ આદિ આભ્યંતર ગ્રંથીથી સર્વથા મુક્ત નથી પરંતુ તેઓ રાગ-દ્વેષ રૂપ ગ્રંથીના સર્વનાશ માટે જ સાધના કરતા હોવાથી તેઓ પણ નિર્ગ્રંથ કહેવાય છે અને બાહ્ય અને આભ્યંતર ગ્રંથીથી સર્વથા મુક્ત અરિહંત ભગવાન છે, તેથી તેઓ નિશ્ચયથી નિર્ગ્રંથ કહેવાય છે.

**निर्गंथानामिदं नैग्रंथ्यं प्रावचनमिति** – આચાર્ય હરિભદ્ર. નિર્ગ્રંથોનું અર્થાત્ અરિહંતોનું પ્રવચન, નૈર્ગ્રંથ્ય પ્રાવચન છે. **पावयण**ના બે સંસ્કૃત રૂપાંતર છે– પ્રવચન અને પ્રાવચન. જેમાં જીવાદિ પદાર્થો તથા જ્ઞાનાદિ રત્નત્રયની સાધનાનું યથાર્થ રૂપથી નિરૂપણ કરવામાં આવ્યું હોય, તે સામાયિકથી લઈને ચૌદમા બિંદુસાર પૂર્વ સુધીનું આગમ સાહિત્ય, નિર્ગ્રંથ પ્રવચન કહેવાય છે અને જેમાં જીવાદિ તત્ત્વોનું ચોક્કસ વિધિપૂર્વક નિરૂપણ કરવામાં આવ્યું હોય, તે પ્રાવચન કહેવાય છે.

પ્રાવચન અથવા પ્રવચનનો અર્થ 'શ્રુતરૂપ શાસ્ત્ર' થાય છે. નિર્ગ્રંથ પ્રવચન શબ્દનો પ્રયોગ જિન શાસન અર્થમાં પણ થાય છે અને જિન શાસન એટલે જિન ધર્મ. ધર્મ કેવળ શાસ્ત્રરૂપ નથી, પરંતુ ધર્મ જ્ઞાન, દર્શન, ચારિત્ર તથા તપરૂપ છે. ધર્મ મોક્ષનો માર્ગ છે, આત્માને શુદ્ધ સ્વભાવમાં સ્થિર થવાની સમગ્ર સાધના છે. શ્રી ઉત્તરાધ્યયન સૂત્રમાં કહ્યું છે કે

**णाणं च दंसणं चेव, चरित्तं च तवो तहा ।**
**एस मग्गोति पण्णतो, जिणेहिं वर-दंसिहिं** ॥ २८/१/

જિનેશ્વરોએ જ્ઞાન, દર્શન, ચારિત્ર અને તપને જ મોક્ષનો માર્ગ કહ્યો છે.

તેમજ પ્રસ્તુત સૂત્રના **'इत्थं ठिआ जीवा सिज्झंति, बुज्झंति, मुच्चंति......'** આદિ પાઠ દ્વારા પણ સિદ્ધ થાય છે કે નિર્ગ્રંથ પ્રવચન રૂપ ધર્મમાં સ્થિત થવાથી જીવ સિદ્ધ, બુદ્ધ, મુક્ત થાય છે– **तं धम्मं सद्दहामि, पत्तिआमि''**માં **'तत्'** શબ્દ પૂર્વ પરામર્શક હોવાથી પૂર્વ ઉલ્લેખ તરફ સંકેત કરે છે અર્થાત્ પૂર્વોક્ત વિશેષણોથી વિશિષ્ટ પ્રાવચનને જ ધર્મ કહ્યો છે અને તેની હું શ્રદ્ધા કરું છું. આચાર્ય હરિભદ્ર સૂરિ ટીકામાં પણ અહીં એવો જ ઉલ્લેખ કરે છે– **य एष नैग्रंथ-प्रावचन लक्षणो धर्म उक्त, तं धर्म**

**श्रद्धमहे.......।** આ નિર્ગ્રંથ પ્રવચનરૂપ ધર્મની હું શ્રદ્ધા કરું છું.

સંક્ષેપમાં નિર્ગ્રંથ પ્રવચન એટલે જીવને બાહ્ય-આભ્યંતર ગ્રંથીથી મુક્ત કરાવનાર સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ ચારિત્રરૂપ જિનધર્મ તથા તત્સંબંધિત શાસ્ત્રો.

**सच्चं સત્ય :–** ધર્મને માટે પ્રથમ વિશેષણ સત્ય છે. સત્ય જ ધર્મ થઈ શકે છે. જે અસત્ય છે, અવિશ્વસનીય છે, તે ધર્મ નથી. **सदभ्यो हितं सच्चं सद्भूतं वा सच्चं ।** ભવ્ય આત્માઓ માટે હિતકારી હોય તથા સદ્ભૂત હોય તે સત્ય છે. જૈન ધર્મ વૈજ્ઞાનિક ધર્મ છે. તેના પ્રત્યેક સિદ્ધાંત પદાર્થ-વિજ્ઞાનની કસોટી પર પાર ઉતરે છે. અહિંસાવાદ, અનેકાંતવાદ અને કર્મવાદ વગેરે સંપૂર્ણતઃ પ્રમાણિક સિદ્ધાંત છે. જે સિદ્ધાંત સત્યના સુદઢ પાયા પર સ્થિત હોય, તે જ ત્રણેય કાળમાં સત્ય હોય છે અને શાશ્વતપણે રહી શકે છે. ત્રણેય કાળમાં કોઈ તેને મિથ્યા કરી શકતું નથી. નિર્ગ્રંથ પ્રવચન ત્રૈકાલિક સત્ય છે.

**अणुत्तरं–नास्योत्तरं विद्यते इत्युनुत्तरं ।** જેનાથી ઉત્તમ અન્ય કાંઈ ન હોય, તે અનુત્તર કહેવાય છે. નિર્ગ્રંથ પ્રવચન લોકના સમસ્ત પદાર્થોનું યથાર્થ રૂપે પ્રતિપાદન કરે છે, તે ત્રૈકાલિક સત્ય છે, તેથી અનુત્તર છે.

**केवलियं :–** સર્વ શ્રેષ્ઠ છે અથવા કેવળી પ્રરૂપિત છે. તેનું સંસ્કૃત રૂપાંતર બે રીતે થઈ શકે છે– કેવલ અને કૈવલિક. કેવળનો અર્થ અદ્વિતીય છે, સમ્યગ્ દર્શન આદિ તત્ત્વ અદ્વિતીય છે, સર્વશ્રેષ્ઠ છે.

કૈવલિક એટલે કેવળ જ્ઞાનીઓ દ્વારા પ્રરૂપિત– પ્રતિપાદિત. છદ્મસ્થ મનુષ્ય ભૂલ કરી શકે, તેમના વચન અસત્ય હોય શકે પરંતુ જે કેવળજ્ઞાની છે, સર્વજ્ઞ છે, સર્વદષ્ટા છે– ત્રિકાળદર્શી છે, તેઓના વચન કોઈપણ પ્રકારે અસત્ય હોતા નથી. નિર્ગ્રંથ પ્રવચન કેવળ જ્ઞાની દ્વારા પ્રતિપાદિત હોવાથી તે પૂર્ણ સત્ય, ત્રિકાલાબાધિત અને અનુત્તર છે.

**पडिपुण्णं–પ્રતિપૂર્ણ :– प्रतिपूर्णमपवर्गप्रापकैगुणैर्भृतमित्यर्थः ।** નિર્ગ્રંથ પ્રવચન જીવની પ્રતિપૂર્ણ એવી મુક્ત અવસ્થાને પ્રાપ્ત કરાવવામાં સમર્થ હોવાથી તે પ્રતિપૂર્ણ છે. જૈન ધર્મ એક પ્રતિપૂર્ણ ધર્મ છે. તે કોઈ પણ પ્રકારે ખંડિત નથી.

**णेयाउयं :– 'णे आउयं'**નું સંસ્કૃત રૂપ **नैयायिक** થાય છે. (૧) વ્યાખ્યાકારના કથનાનુસાર **नयनशील मोक्षगमकमित्यर्थः** નિર્ગ્રંથ પ્રવચન નયનશીલ અર્થાત્ ગમનશીલ છે, જીવને મોક્ષ તરફ લઈ જાય છે, તેથી નિર્ગ્રંથ પ્રવચન નૈયાયિક કહેવાય છે.

(૨) **निश्चित आयो लाभो न्यायो मुक्तिरित्यर्थः स प्रयोजनमस्येति नैयायिकः ।** નિશ્ચિત આય = લાભ ન્યાય છે અને એવો ન્યાય એકમાત્ર મોક્ષ જ છે. મોક્ષ પ્રયોજન છે જેનું, તે સમ્યગ્દર્શન આદિ નૈયાયિક કહેવાય છે.

(૩) આચાર્ય જિનદાસ નૈયાયિકનો અર્થ ન્યાયથી અબાધિત કરે છે. **'न्यायेन चरति नैयायिकं, न्यायाबाधितमित्यर्थः'** સમ્યગ્દર્શન આદિ જૈનધર્મ સર્વથા ન્યાયસંગત છે. વીતરાગ અને સર્વજ્ઞ કથિત હોવાથી તેમાં અન્યાયની આંશિક પણ સંભાવના નથી. આ રીતે નિર્ગ્રંથ પ્રવચન મોક્ષ તરફ લઈ જનાર, મોક્ષનો લાભ પ્રાપ્ત કરાવનાર, અબાધિત અને ન્યાયયુક્ત છે.

**संसुद्धं– सामस्त्येन शुद्धं संसुद्धं ।** સર્વ પ્રકારે શુદ્ધ હોય, તે સંશુદ્ધ છે. નિર્ગ્રંથ પ્રવચન વીતરાગ સર્વજ્ઞ દ્વારા પ્રતિપાદિત છે, તેમાં જગતના સર્વ જીવોનું હિત સમાયેલું છે, તેથી નિર્ગ્રંથ પ્રવચન પૂર્ણ પવિત્ર અને નિર્દોષ હોવાથી સંશુદ્ધ છે.

**सल्लकत्तणं- શલ્ય કર્તન :–** શલ્ય એટલે કંટક. તેના બે ભેદ છે– દ્રવ્યશલ્ય અને ભાવ શલ્ય. પ્રસ્તુતમાં માયા, નિદાન અને મિથ્યાત્વ, આ ત્રણ ભાવ શલ્યનું ગ્રહણ થાય છે. ત્રણ ભાવ શલ્ય સાધનામાં બાધક છે, સાધકની પ્રગતિને રોકે છે, તેથી તે શલ્યરૂપ છે.

ઉક્ત શલ્યોને કાપવાની શક્તિ એકમાત્ર ધર્મમાં જ છે. સમ્યગ્દર્શન મિથ્યાત્વ શલ્યને કાપે છે, સરળતા માયાને કાપે છે અને નિર્લોભતા નિદાન શલ્યને કાપે છે, તેથી જ ધર્મને શલ્યકર્તક કહે છે.

**सिद्धि मग्गं–સિદ્ધિ માર્ગ :– सेधनं सिद्धिः हितार्थ प्राप्ति ।** સિદ્ધિ એટલે હિતાર્થની પ્રાપ્તિ અથવા **सिद्धिः स्वात्मोपलब्धि ।** આત્મ સ્વરૂપની ઉપલબ્ધિ, તે સિદ્ધિ છે અને આત્મસ્વરૂપની ઉપલબ્ધિ જ સર્વશ્રેષ્ઠ હિતાર્થ છે.

માર્ગ એટલે ઉપાય. સિદ્ધિમાર્ગ એટલે આત્મસ્વરૂપની ઉપલબ્ધિનો માર્ગ-ઉપાય. સમ્યગ્ દર્શનાદિ રત્નત્રય રૂપ નિર્ગ્રંથ પ્રવચન આત્મસ્વરૂપની ઉપલબ્ધિનો એકમાત્ર અમોઘ ઉપાય છે.

**मुत्तिमग्गं–મુક્તિ માર્ગ :– मुक्तिः अहितार्थकर्मविच्युतिः तस्या मार्गो मुक्तिमार्गः ।** આત્માને માટે અહિતકારી કર્મોની વિચ્યુતિ–નાશને મુક્તિ કહે છે. શુદ્ધ ધર્મની આરાધનાથી આત્મા કર્મબંધનથી મુક્ત થાય છે, તેથી તે મુક્તિમાર્ગ છે.

**णियाणमग्गं–નિર્યાણ માર્ગ :– निरुपमं यानं निर्यानं ।** યાન એટલે સ્થાન, નિરુપમ-સર્વશ્રેષ્ઠ સ્થાન નિર્યાણ કહેવાય છે. સર્વશ્રેષ્ઠ સ્થાન મોક્ષ છે અને નિર્ગ્રંથ પ્રવચન સર્વશ્રેષ્ઠ સ્થાનની પ્રાપ્તિમાં કારણભૂત હોવાથી તે નિર્યાણ માર્ગ છે.

ચૂર્ણિકાર નિર્યાણનો અર્થ 'સંસારમાંથી નિર્ગમન' કરે છે. **निर्याण संसारात्पलायनं ।** સમ્યગ્ દર્શનાદિ ધર્મ જ અનંતકાળથી ભટકતા ભવ્ય જીવોને સંસારમાંથી બહાર કાઢે છે. સમ્યગ્ દર્શનાદિ ધર્મ સંસારમાંથી બહાર નીકળવાનો માર્ગ હોવાથી, તે નિર્યાણ માર્ગ કહેવાય છે.

**णिव्वाणमग्गं–નિર્વાણ માર્ગ :– निर्वृत्ति निर्वाणं–सकलकर्मक्षयजमात्यन्तिकं सुखमित्यर्थः।** આચાર્ય હરિભદ્ર. (૧) સર્વ કર્મોનો ક્ષય થવાથી આત્માને આત્યંતિક અનંત આધ્યાત્મિક સુખ પ્રાપ્ત થાય છે તે નિર્વાણ કહેવાય છે.

(૨) **निव्वाणं निव्वती आत्म स्वास्थ्यमित्यर्थः ।** આત્મસ્વાસ્થ્યને નિર્વાણ કહે છે. આત્મા કર્મરોગથી મુક્ત થઈને જ્યારે પોતાના સ્વરૂપમાં સ્થિત થાય છે, પર પરિણતિથી હટીને સદાયને માટે સ્વપરિણતિમાં સ્થિર થાય છે, ત્યારે તે સ્વસ્થ કહેવાય છે. આ આત્મિક સ્વાસ્થ્ય જ નિર્વાણ કહેવાય છે.

**अवितहं–અવિતથ :–** વિતથ એટલે અસત્ય, જે વિતથ ન હોય તે અવિતથ અર્થાત્ સત્ય છે. **अवितथं सत्यम्।**

સૂત્રકારે નિર્ગ્રંથ પ્રવચન માટે પહેલા **सच्चं** વિશેષણનો પ્રયોગ કર્યો છે અર્થાત્ નિર્ગ્રંથ પ્રવચન સત્ય છે, તે અવિતથ–અસત્ય નથી.

પ્રથમ **सच्चं** (સત્ય શબ્દ) સત્યનો વિધેયાત્મક ઉલ્લેખ કરે છે અને અવિતથ શબ્દ નિષેધાત્મક રીતે સત્ય તરફ સંકેત કરે છે. સત્ય છે, તેનો અર્થ એ પણ થઈ શકે કે કંઈક અંશે સત્ય હોય, પરંતુ જ્યારે એમ કહેવામાં આવે કે તે અવિતથ છે, અસત્ય નથી, ત્યારે અસત્યનો સર્વથા પરિહાર થઈ જાય છે, પૂર્ણ અને યથાર્થ સત્યનું સ્પષ્ટીકરણ થઈ જાય છે. જિનશાસન સત્ય છે, અસત્ય નથી. બીજા વિશેષણ દ્વારા પ્રથમ વિશેષણનું સમર્થન થાય છે.

**अविसंधि–** અવિસંધિ– સંધિથી રહિત. સંધિ એટલે વચ્ચેનું અંતર. જિનશાસન અનંત કાળથી નિરંતર અવ્યવછિન્નપણે ચાલ્યું આવે છે. ભરતાદિ ક્ષેત્રમાં કાલવિશેષમાં શાસનનો વિચ્છેદ થાય છે, પરંતુ મહાવિદેહ ક્ષેત્રમાં તો જિનશાસન સદા સર્વદા અવ્યવછિન્ન છે. જિનધર્મ આત્માનો ધર્મ છે. તે ત્રણ કાળ અને ત્રણ લોકમાં શાશ્વત છે તેમજ સમ્યક્ત્વ ધર્મની અવિચ્છિન્નતા ત્રણે લોકમાં ચારે ગતિના જીવોમાં છે અને ચારિત્ર ધર્મની અવ્યવછિન્નતા મહાવિદેહ ક્ષેત્રની અપેક્ષાએ સિદ્ધ થઈ જાય છે.

**सव्व दुक्ख पहीण मग्गं–સર્વ દુઃખ પ્રહીણ–માર્ગ :–** નિર્ગ્રંથ પ્રવચનનું અંતિમ વિશેષણ ' સર્વદુઃખ પ્રહીણમાર્ગ' છે. ઉક્ત વિશેષણ ધર્મના મહિમાને પ્રગટ કરે છે. સંસારના પ્રત્યેક પ્રાણી દુઃખથી વ્યાકુળ છે, કલેશથી સંતપ્ત છે. તે સુખ ઈચ્છે છે, આનંદ ઈચ્છે છે પરંતુ તેની સુખની પરિભાષા જ ભ્રામક હોય છે. સામાન્ય જીવો ઈચ્છાપૂર્તિમાં કે અનુકૂળતાની પ્રાપ્તિમાં સુખ માને છે. ઈચ્છા અનંત છે, અનંત ઈચ્છાની પૂર્તિ કદાપિ શક્ય નથી. આ ત્રૈકાલિક સત્યને સમજીને વ્યક્તિ જ્યારે પોતાની ઈચ્છાનો સર્વથા અંત કરે છે, ત્યારે જ તે સર્વ દુઃખોથી મુક્ત થાય છે. ઈચ્છાઓનો સર્વથા અભાવ અને તેના ફળ સ્વરૂપે દુઃખોનો સર્વથા અભાવ મોક્ષમાં જ થઈ શકે છે. તે સમ્યગ્દર્શનાદિ રત્નત્રયરૂપ ધર્મની સાધનાથી પ્રાપ્ત કરી શકાય છે. આ રીતે નિર્ગ્રંથ પ્રવચન રૂપ ધર્મની આરાધનાથી સર્વ દુઃખોનો નાશ થાય છે તેથી તે સર્વ દુઃખ પ્રહીણ માર્ગ કહેવાય છે.

### નિર્ગ્રંથ પ્રવચનનું ફળ :–

**३ इत्थं ठिया जीवा सिज्झंति बुज्झंति मुच्चंति परिणिव्वायंति सव्वदुक्खाणं अंतं करेंति ।**

**શબ્દાર્થ :–** **इत्थं** – આ નિર્ગ્રંથ પ્રવચનમાં, **ठिया** – સ્થિત થયેલા, **जीवा** – જીવો, **सिज्झंति** – સિદ્ધ થાય છે, **बुज्झंति** – બુદ્ધ થાય છે, **मुच्चंति** – મુક્ત થાય છે, **परिणिव्वायंति** – નિર્વાણને પ્રાપ્ત થાય છે, **सव्वदुक्खाणं** – સર્વ દુઃખોનો, **अंतं** – અંત, ક્ષય, **करेंति** – કરે છે.

**ભાવાર્થ :–** આ નિર્ગ્રન્થ પ્રવચનમાં સ્થિત થનારા અર્થાત્ તદ્નુસાર આચરણ કરનારા ભવ્ય જીવો સિદ્ધ થાય છે, બુદ્ધ-સર્વજ્ઞ થાય છે, મુક્ત થાય છે, પરિનિર્વાણ-પૂર્ણ આત્મશાંતિને પ્રાપ્ત કરે છે, સમસ્ત દુઃખોનો સદાને માટે અંત કરે છે.

### વિવેચન :–

પૂર્વ સૂત્રમાં **सच्चं** થી **सव्वदुक्खपहीणमग्गं** સુધીના વિશેષણો દ્વારા નિર્ગ્રંથ પ્રવચનની મહત્તા પ્રદર્શિત કરી છે અને પ્રસ્તુત સૂત્રમાં **सिज्झंति** આદિ વિશેષણો દ્વારા નિર્ગ્રંથ પ્રવચનના આરાધકોને પ્રાપ્ત થતાં મહત્તમ ફળનું નિદર્શન છે.

**सिज्झंति :–** ધર્મની આરાધના કરનારા જ સિદ્ધ થાય છે. **सिज्झंति– सिद्धा भवन्ति, परिनिष्ठितार्था भवन्तिः** । સાધનાની પૂર્ણાહૂતિ અથવા આત્માના અનંત ગુણોનો પૂર્ણ વિકાસ થઈ જાય, તેને જ સિદ્ધિ કહે છે.

આ પૂર્ણતા પોતાની સાધના દ્વારા જ પ્રાપ્ત થાય છે, કોઈની કૃપાથી નહીં. જૈન દર્શન વ્યક્તિના સ્વતંત્ર પુરુષાર્થને જ મહત્વ આપે છે. તેથી જ **इत्थं ठिआ जीवा सिज्झंति...** શબ્દ પ્રયોગ છે.

**बुज्झंति :–** બુદ્ધ થાય છે. પૂર્ણ જ્ઞાનને પ્રાપ્ત કરે છે. આધ્યાત્મિક વિકાસ ક્રમ અનુસાર જીવને તેરમા

ગુણસ્થાને અનંતજ્ઞાન, અનંત દર્શન આદિ પ્રાપ્ત થાય છે અને ચૌદમા ગુણસ્થાન પછી તે સિદ્ધ થાય છે. આ રીતે જીવ પહેલા બુદ્ધ થાય છે ત્યાર પછી સિદ્ધ થાય છે. તેમ છતાં સૂત્રકારે પહેલા સિદ્ધિ અને ત્યાર પછી બુદ્ધત્વનું કથન કર્યું છે. તેનું કારણ એ છે કે વૈશેષિક દર્શનની માન્યતા અનુસાર મોક્ષમાં આત્માનું અસ્તિત્વ રહે છે, પરંતુ બુદ્ધિ આદિ નવ ગુણોનો અર્થાત્ જ્ઞાનનો સર્વથા અભાવ થઈ જાય છે. જ્ઞાન આત્માનો એક વિશેષ ગુણ છે અને મુક્ત અવસ્થામાં કોઈ પણ વિશેષ ગુણ રહેતા નથી. જૈનદર્શનાનુસાર આત્મા સ્વયં જ્ઞાનસ્વરૂપ છે, સિદ્ધ અવસ્થામાં પણ તે અનંતજ્ઞાન સ્વરૂપ રહે છે. જ્ઞાનાદિ અનંત આત્મ ગુણોનો નાશ થતો નથી. જીવ સિદ્ધ થાય પછી પણ અનંતકાલ પર્યંત તે બુદ્ધ સ્વરૂપ-જ્ઞાનસ્વરૂપ રહે છે. તે સૂચિત કરવા સૂત્રકારે **सिज्झंति** પછી **बुज्झंति** ક્રિયાપદનો પ્રયોગ કર્યો છે.

**मुच्चंति– मुच्चंति त्ति मुच्यन्ते भवोपग्राहिकर्मणा ।** જીવને ભવબંધનમાં જકડી રાખનારા કર્મોથી સર્વથા છૂટી જવું, સર્વ કર્મોનો આત્યંતિક નાશ થવો, કર્મસંગથી, જડ દ્રવ્યના સંગથી સર્વથા મુક્ત થવું, તે મુક્તિ છે.

કર્મરૂપી બીજનો આત્યંતિક નાશ થઈ જવાથી તે શુદ્ધ થયેલો આત્મા અનંતકાલ પર્યંત પોતાના શુદ્ધ સ્વરૂપમાં સ્થિત રહે છે. તે પુનઃ જન્મ ધારણ કરતો નથી અને આ રીતે સાધક સર્વ પ્રથમ પોતાની સાધનાને સિદ્ધ કરે છે અર્થાત્ તે કૃતકૃત્ય થાય છે. તેની સાધનાની સિદ્ધિના ફલસ્વરૂપે અનંત જ્ઞાન આદિ ગુણોને પ્રાપ્ત કરે છે અર્થાત્ બુદ્ધ થાય છે બુદ્ધ થયેલો આત્મા કર્મ પુદ્‌ગલોથી સર્વથા મુક્ત થાય છે.

**परिणिव्वायंति :– परि समन्तात् निर्वान्ति इति परिनिर्वाणः ।** ઘાતિ અને અઘાતિ કર્મોનો સર્વથા અંત થઈ જવો, તે પરિનિર્વાણ છે. જ્યારે આત્મા સર્વ કર્મોથી મુક્ત થાય છે ત્યારે સર્વ બાધક કારણોનો, સર્વ આવરણોનો નાશ થવાથી અનંત આત્મસુખને પ્રાપ્ત કરે છે.

મોક્ષમાં દુઃખનો અભાવ છે પરંતુ સુખનો અભાવ નથી. મોક્ષમાં પુદ્‌ગલ સંબંધી કર્મજન્ય સાંસારિક સુખ નથી પરંતુ આત્મસાપેક્ષ અનંત આધ્યાત્મિક સુખનો અભાવ કદી થતો નથી. તે જ મોક્ષની વિશેષતા છે, તે જ તેનું મહત્ત્વ છે. **परिणिव्वायंति** શબ્દપ્રયોગ દ્વારા સ્પષ્ટ કરવામાં આવ્યું છે કે જૈનધર્મનું નિર્વાણ અનંત સુખ સ્વરૂપ છે અને તે સુખ કદાપિ દુઃખથી મિશ્રિત થતું નથી. આચાર્ય જિનદાસ **परिणिव्वायंति**ની વ્યાખ્યા કરતાં કહે છે કે **परिनिव्वुया भवन्ति परमसुहिणो भवंतीत्यःर्थ ।** મોક્ષને પામેલો આત્મા પરમ સુખી થઈ જાય છે.

**सव्वदुक्खाणमंतं करेंति :– सर्व दुःखानां शरीरमानसभेदानां अन्तं विनाशं कुर्वन्ति ।** ધર્મારાધક સાધક મોક્ષ પ્રાપ્ત કરી શારીરિક તથા માનસિક સર્વ દુઃખોનો અંત કરે છે.

બધા શુભાશુભ કર્મોનો તથા કર્મજન્ય શુભાશુભ ભાવોનો અંત કરે છે. કર્મનો અંત થવાથી સાંસારિક સુખ, દુઃખ, જન્મ, મરણ આદિ કર્મજન્ય કોઈ પણ ભાવોની શક્યતા રહેતી નથી. મોક્ષ, આત્માની નિર્દ્વંદ્વ અવસ્થા છે.

આત્મા સ્વયં પોતાના રાગ-દ્વેષાદિ પરિણામો દ્વારા કર્મબંધનથી બંધાય છે અને પોતાની સમજણથી, સમ્યક પુરુષાર્થથી કર્મ બંધનનો, કર્મજન્ય સર્વ સુખ-દુઃખનો અંત કરે છે, તે સૂચિત કરવા **सव्व दुक्खाणमंतं करेन्ति** વિશેષણનો પ્રયોગ છે.

સંક્ષેપમાં નિર્ગ્રંથ પ્રવચનની આરાધનાથી આત્મા સાધનાને સિદ્ધ કરે છે, કેવળજ્ઞાન સ્વરૂપ બુદ્ધ થાય છે. સર્વ કર્મોથી મુક્ત થાય છે, કર્મજન્ય ભાવોથી સર્વથા મુક્ત થઈને અનંત સુખસ્વરૂપ પરિનિર્વાણને

પ્રાપ્ત કરે છે. શારીરિક-માનસિક સર્વ દુઃખોનો અંત કરીને પરમ સુખને પ્રાપ્ત કરે છે, **सिज्झंति** આદિ પ્રત્યેક વિશેષણો મોક્ષની મહત્તાને પ્રદર્શિત કરે છે.

**સાધકની શ્રદ્ધા :–**

**૪ तं धम्मं सद्दहामि पत्तिआमि रोएमि फासेमि पालेमि अणुपालेमि ।**

**શબ્દાર્થ :– तं** –તે, **धम्मं** – ધર્મની, **सद्दहामि** – શ્રદ્ધા કરું છું, **पत्तिआमि** – પ્રતીતિ કરું છું, **रोएमि** – રુચિ કરું છું, **फासेमि** – સ્પર્શના કરું છું, **पालेमि** – પાલન કરું છું, **अणुपालेमि** – વિશેષ રૂપથી નિરંતર પાલન કરું છું.

**ભાવાર્થ :–** હું નિર્ગ્રન્થ પ્રવચન રૂપ ધર્મની શ્રદ્ધા કરું છું, પ્રતીતિ કરું છું અર્થાત્ સ્વીકાર કરું છું, રુચિ કરું છું, સ્પર્શના કરું છું, પાલન કરું છું, વિશેષ રૂપથી નિરંતર પાલન કરું છું.

**વિવેચન :–**

સાધક નિર્ગ્રંથ પ્રવચનની મહત્તા અને તેના આરાધકોને પ્રાપ્ત થતાં અનુત્તર-અનુપમ ફળને સમજીને, સ્વીકારીને પ્રસ્તુત સૂત્રમાં સ્વયંની દઢ ધર્મ શ્રદ્ધા અને તેના પાલનની ભાવના પ્રગટ કરે છે.

**सद्दहामि, पत्तिआमि रोएमि–** હું નિર્ગ્રંથ પ્રવચન રૂપ શ્રદ્ધા કરું છું, પ્રતીતિ કરું છું, રુચિ કરું છું.

આ શુદ્ધ અને પવિત્ર ધર્મ જ મને અનંતકાલીન સંસાર પરિભ્રમણથી, આધિ-વ્યાધિ અને ઉપાધિથી મુક્ત કરાવી અનંત સુખ પ્રાપ્ત કરાવનાર છે. સંસારના કોઈ પણ પદાર્થો અનંત સુખ પ્રાપ્ત કરાવવા માટે સમર્થ નથી. આ પ્રકારની માનસિક દઢતાનો ભાવ તે શ્રદ્ધા છે.

શ્રદ્ધાની દઢતાથી જ સાધક પ્રતીતિ-અનુભૂતિ તરફ જાય છે. સાધક જ્યારે અનુભૂતિના ક્ષેત્રમાં પહોંચી જાય, ત્યાર પછી તેને નિર્ગ્રંથ ધર્મ પ્રતિ પ્રીતિ અને રુચિનો ભાવ સહજ રીતે પ્રગટ થાય છે.

પ્રીતિ એટલે ધર્મ પ્રતિ આકર્ષણ થવું અને રુચિ એટલે તે ધર્મના પાલન માટે વિશેષ આકર્ષણપૂર્વક ઉત્સુકતા થવી.

પ્રીતિ એટલે પદાર્થ પ્રતિ પ્રેમપૂર્વકનું આકર્ષણ થવું અને રુચિ એટલે **अभिलाषातिरेकेण आसेवनाभिमुखता ।** અભિરુચિ અર્થાત્ તેના સેવન માટે ઉત્સુકતા થવી, જેમ કોઈ મનુષ્યને દહીં અત્યંત પ્રિય છે પરંતુ જ્વરાદિ બિમારીમાં તેને દહીં રુચિકર લાગતું નથી. તે મનુષ્યને દહીં પર પ્રીતિ હોવા છતાં હંમેશાં રુચિ રહેતી નથી. સામાન્ય પ્રેમાકર્ષણને પ્રીતિ અને વિશેષ પ્રેમાકર્ષણને રુચિ કહે છે. રુચિ થયા પછી તેને તે પદાર્થ ક્યારે ય અરુચિકર લાગતો નથી, તેથી સાધક કહે છે કે નિર્ગ્રંથ પ્રવચન પ્રતિ હું શ્રદ્ધા કરું છું, પ્રતીતિ કરું છું અને રુચિ કરું છું. ગમે તે પરિસ્થિતિમાં મારી ધર્મરુચિ અખંડ રહેવાની છે, શ્રદ્ધા, પ્રતીતિ અને રુચિ પછી જ તેની સ્પર્શના થાય છે.

**फासेमि, पालेमि अणुपालेमि–** ધર્મ આત્માનો સ્વભાવ છે. ધર્મ કેવળ શબ્દાત્મક કે શ્રદ્ધાત્મક જ નથી પરંતુ ધર્મનું આચરણ શુદ્ધિનો વિષય છે, તેથી સાધક શ્રદ્ધા, પ્રીતિ અને રુચિથી આગળ વધીને કહે છે કે હું ધર્મનો સ્પર્શ કરું છું અર્થાત્ તેનો આચરણ રૂપે સ્વીકાર કરું છું. કેવળ સ્પર્શ જ નહીં, હું પ્રત્યેક સ્થિતિમાં ધર્મનું પાલન કરું છું, સ્વીકૃત આચારની રક્ષા કરું છું, એક-બે વાર જ નહીં હું ધર્મનું નિત્ય-નિરંતર પાલન કરું છું, વારંવાર પાલન કરું છું, જીવનની દરેક ક્ષણમાં પાલન કરું છું.

આવશ્યક ચૂર્ણિમાં આચાર્ય જિનદાસ સૂરિએ '**अणुपालेमि**' નો બીજો અર્થ પણ આપ્યો છે **अहवा पुव्व पुरिसेहिं पालितं अहं पि अणुपालेमि ।** પૂર્વકાલીન સત્પુરુષો દ્વારા પાલિત ધર્મનું હું તે જ રીતે અનુપાલન કરું છું. આ રીતે **अणुपालेमि** શબ્દ દ્વારા પરંપરા અનુસાર ચાલવા માટે પૂર્ણ દઢતા અભિવ્યક્ત થાય છે.

**સાધકની પ્રતિજ્ઞા :–**

**૫ तं धम्मं सद्दहंतो पत्तियंतो रोएंतो फासंतो पालंतो अणुपालंतो तस्स धम्मस्स (केवलीपण्णत्तस्स) अब्भुट्ठिओमि आराहणाए, विरओमि विराहणाए, असंजमं परियाणामि-संजमं उवसंपज्जामि, अबंभं परियाणामि-बंभं उवसंपज्जामि, अकप्पं परियाणामि-कप्पं उवसंपज्जामि, अण्णाणं परियाणामि-णाणं उवसंपज्जामि, अकिरियं परियाणामि-किरियं उवसंपज्जामि, मिच्छतं परियाणामि-सम्मत्तं उवसंपज्जामि, अबोहिं परियाणामि-बोहिं उवसंपज्जामि, अमग्गं परियाणामि-मग्गं उवसंपज्जामि, जं संभरामि, जं च ण संभरामि, जं पडिक्कमामि जं च ण पडिक्कमामि, तस्स सव्वस्स देवसियस्स अइयारस्स पडिक्कमामि ।**

**શબ્દાર્થ :–** **तं** – તે, **धम्मं** – ધર્મની, **सद्दहंतो** – શ્રદ્ધા કરતા, **पत्तियंतो** – પ્રતીતિ કરતા, **रोएंतो** – રુચિ કરતા, **फासंतो** – સ્પર્શના કરતા, **पालंतो** – પાલન કરતા, **अणुपालंतो** – વારંવાર પાલન કરતા, **तस्स** – એ, **धम्मस्स** – ધર્મની, **आराहणाए** – આરાધનામાં, **अब्भुट्ठिओमि** – ઉપસ્થિત થાઉં છું, **विराहणाए** – વિરાધનાથી, **विरओमि** – નિવૃત્ત થાઉં છું, **असंजमं** – અસંયમને, **परियाणामि** – જાણીને ત્યાગ કરું છું, **संजमं** – સંયમનો, **उवसंपज्जामि** – સ્વીકાર કરું છું, **अबंभं** – અબ્રહ્મચર્યનો, **बंभं** – બ્રહ્મચર્યનો **अकप्पं** – અકૃત્યનો, **कप्पं** – કૃત્યનો, **अण्णाणं** – અજ્ઞાનનો, **णाणं** – જ્ઞાનનો, **अकिरियं** – અક્રિયાનો, **किरियं** – ક્રિયાનો, **मिच्छत्तं** – મિથ્યાત્વનો, **सम्मत्तं** – સમ્યક્ત્વનો, **अबोहिं** – અબોધિનો, **बोहिं** – બોધિનો, **अमग्गं** – ઉન્માર્ગનો ખોટા માર્ગનો, **मग्गं** – સન્માર્ગનો, **जं** – જે, **संभरामि** – સ્મરણમાં છે, **च** – અને, **जं** – જે, **ण** – નથી, **संभरामि** – સ્મરણમાં, **जं** – જેનું, **पडिक्कमामि** – પ્રતિક્રમણ કરું છું, **तस्स** – તે, **सव्वस्स** – બધા, **देवसियस्स** – દિવસ સંબંધી અતિચારનું.

**ભાવાર્થ :–** હું પ્રસ્તુત જિનધર્મની શ્રદ્ધા કરતો, પ્રતીતિ કરતો, રુચિ કરતો, સ્પર્શના -આચરણ કરતો, પાલન – રક્ષણ કરતો, વિશેષરૂપે નિરંતર પાલન કરતો ધર્મની આરાધના કરવામાં પૂર્ણ રૂપથી ઉદ્યમવંત થાઉં છું અને ધર્મની વિરાધનાથી પૂર્ણરૂપે નિવૃત્ત થાઉં છું– અસંયમને જાણીને તેનો ત્યાગ કરું છું અને સંયમનો સ્વીકાર કરું છું, અબ્રહ્મચર્યને જાણીને તેનો ત્યાગ કરું છું અને બ્રહ્મચર્યનો સ્વીકાર કરું છું. અકલ્પ -અકૃત્યને જાણીને તેનો ત્યાગ કરું છું, કલ્પ-કૃત્યનો સ્વીકાર કરું છું, અજ્ઞાનને જાણી તેનો ત્યાગ કરું છું જ્ઞાનનો સ્વીકાર કરું છું, અક્રિયા-નાસ્તિકવાદને જાણીને તેનો ત્યાગ કરું છું અને ક્રિયા-સમ્યક્વાદનો સ્વીકાર કરું છું, મિથ્યાત્વને જાણીને તેનો ત્યાગ કરું છું અને સમ્યક્ત્વનો સ્વીકાર કરું છું, અબોધિ– મિથ્યાત્વના કાર્યોને જાણીને તેનો ત્યાગ કરું છું અને બોધિ-સમ્યક્ત્વના કાર્યોનો સ્વીકાર કરું છું, હિંસા આદિ ઉન્માર્ગને જાણીને તેનો ત્યાગ કરું છું અને અહિંસા આદિ માર્ગનો સ્વીકાર કરું છું.

જે દોષ મારી સ્મૃતિમાં છે અને જે દોષ સ્મૃતિમાં નથી, જેનું પ્રતિક્રમણ કરી લીધુ છે અને જેનું

પ્રતિક્રમણ કરી શક્યો નથી, તે બધા દિવસ સંબંધી અતિચાર દોષોનું પ્રતિક્રમણ કરું છું.

**વિવેચન :-**

પ્રસ્તુતમાં શ્રદ્ધાવાન સાધકની આરાધનાની પ્રતિજ્ઞાનું નિરૂપણ છે.

**अब्भुट्ठिओमि :–** આ શબ્દ અત્યંત મહત્ત્વપૂર્ણ છે. સાધક પ્રતિજ્ઞા કરે છે કે "હું ધર્મની શ્રદ્ધા, પ્રીતિ, રુચિ સ્પર્શના, પાલન તથા અનુપાલના કરતાં-કરતાં ધર્મની આરાધનામાં પૂર્ણ રૂપથી અભ્યુત્થિત-ઉપસ્થિત થાઉં છું અને ધર્મની વિરાધનાથી નિવૃત્ત થાઉં છું." **"अभ्युत्थितोऽस्मि–सन्नद्धोऽस्मि"** આ શબ્દો દ્વારા સાધકના ધર્મારાધના માટે અખંડ સત્સાહસનો ભાવ પ્રગટ થાય છે.

જેને ધર્મ પ્રત્યે શ્રદ્ધા, પ્રતીતિ અને અભિરુચિ છે. જે ધર્મનું પાલન કરવા ઇચ્છે છે, તે નિષ્ક્રિય રહેતા નથી. તે સાધક કર્તવ્યનાં ક્ષેત્રમાં કાર્યશીલ બની જાય છે અને અંતરનાદ કરે છે કે **अब्भुट्ठिओमि आराहणाए** હું ધર્મારાધનના ક્ષેત્રમાં દઢતા સાથે ઉપસ્થિત થાઉં છું.

**विरओमि विराहणाए–** વિરાધનાથી વિરત-નિવૃત્ત થાઉં છું. આરાધનાના ક્ષેત્રમાં સમ્યગ્દર્શન આદિની આરાધનાનું જેટલું મહત્ત્વ છે તેનાથી વિશેષ મહત્વ વિરાધનાથી નિવૃત્ત થવાનું છે. વિરાધનાથી નિવૃત્ત થયા વિના આરાધના સફળ થતી નથી. કોઈ પણ જલસ્થાનને સાફ કરવા માટે સહુ પ્રથમ આવતા જલ પ્રવાહને રોકવો અત્યંત જરૂરી છે. તે જ રીતે આત્મશુદ્ધિ માટે પુરુષાર્થ કરતાં સાધકને વિરાધનાથી, કર્મબંધના કારણોથી વિરત-નિવૃત્ત થવું અત્યંત જરૂરી છે, તેથી જ સાધક આરાધના માટે ઉપસ્થિત થવાની ઘોષણાની સાથે જ વિરાધનાથી વિરત થવાની પણ ઘોષણા કરે છે. ત્યાર પછી સાધક આરાધના યોગ્ય આઠ બોલનો સ્વીકાર કરે છે.

(૧) **असंजमं परिआणामि–संजमं उजसंपज्जामि–** અસંયમને જાણીને તેનો ત્યાગ કરું છું અને સંયમનો સ્વીકાર કરું છું.

**परिआणामि–प्रतिजानामि इति ज्ञपरिज्ञया विज्ञाय प्रत्याख्यान परिज्ञया प्रत्याख्यामि इत्यर्थः ।** આગમ સાહિત્યમાં બે પ્રકારની પરિજ્ઞાનો ઉલ્લેખ છે. (૧) જ્ઞપરિજ્ઞા અને (૨) પ્રત્યાખ્યાન પરિજ્ઞા. જ્ઞપરિજ્ઞા એટલે વસ્તુ સ્વરૂપને તથા તેના દોષાત્મક અંશને યથાર્થ રૂપે જાણવો. પ્રત્યાખ્યાન પરિજ્ઞા એટલે તેના દોષાત્મક અંશનો ત્યાગ કરવો, તેના પ્રત્યાખ્યાન કરવા. જ્ઞાનપૂર્વકનો ત્યાગ-પ્રત્યાખ્યાન જ સુપ્રત્યાખ્યાન કહેવાય છે અને સુપ્રત્યાખ્યાન જ આરાધનાનું અંગ બની શકે છે, તેથી આરાધનાના આઠ બોલના સ્વીકાર કરતા પહેલાં વિરાધના યોગ્ય આઠે બોલના ત્યાગ માટે **परिआणामि** શબ્દ પ્રયોગ છે.

સત્તર પ્રકારના અસંયમને, તેનાથી થતાં દોષોને, તેના દુષ્પરિણામોને યથાર્થ રૂપે જાણીને સાધક સર્વ પ્રકારના અસંયમભાવોનો ત્યાગ કરે છે. જ્ઞાન અને સમજણપૂર્વકનો ત્યાગ સ્વૈચ્છિક ત્યાગ હોવાથી દીર્ઘકાલ સુધી કે જીવન પર્યંત ટકી શકે છે. સાધક અસંયમનો ત્યાગ કરીને સંયમના સર્વ અનુષ્ઠાનોનો સ્વીકાર કરે છે.

(૨) **अबंभं परिआणामि–बंभं उवसंपज्जामि–** અબ્રહ્મચર્ય-મૈથુન રૂપ પ્રવૃત્તિને યથાર્થ રૂપે જાણીને તેનો ત્યાગ કરું છું. બ્રહ્મચર્યનો સ્વીકાર કરું છું. સાધકોની સાધનાની શુદ્ધિ માટે પાંચે મહાવ્રતોમાં બ્રહ્મચર્ય વ્રતની પ્રધાનતા છે. બ્રહ્મચર્યની શુદ્ધિથી શેષ વ્રતોનું પાલન સરળતાથી થાય છે. અબ્રહ્મ-મૈથુન

પ્રવૃત્તિ હિંસા આદિ અનેક પાપનું સેવન કરાવે છે, તેથી સૂત્રકારે અસંયમના ત્યાગ પછી અબ્રહ્મરૂપ મૂળ ગુણ અસંયમના ત્યાગ અને બ્રહ્મચર્ય રૂપ મૂળગુણ સંયમના સ્વીકારનું કથન કર્યું છે.

(૩) **अकप्पं परिआणामि–कप्पं उवसंपज्जामि–** અકલ્પનો ત્યાગ કરું છું અને કલ્પનો સ્વીકાર કરું છું. કરણ સિત્તરી અને ચરણ સિત્તરી રૂપ સાધુ જીવનનો આચાર અને વ્યવહાર, કલ્પ કહેવાય છે.

**ચરણ સિત્તરી–** જે નિયમોનું નિરંતર પાલન થાય, તેને ચરણ કહે છે. તેના ૭૦ ભેદ છે. પાંચ મહાવ્રત + ૧૦ યતિધર્મ + ૧૭ સંયમ + ૧૦ વૈયાવચ્ચ + ૯ બ્રહ્મચર્યગુપ્તિ + ૩ જ્ઞાન, દર્શન, ચારિત્રની આરાધના + ૧૨ પ્રકારનો તપ + ૪ કષાય નિગ્રહ = ૭૦ પ્રકારના નિયમોને, સાધુના આચારને ચરણ સિત્તરી કહે છે.

**કરણ સિત્તરી–** જે નિયમોનું પાલન નિરંતર થતું નથી પરંતુ પ્રયોજનવશ પાલન થાય, તેને કરણ કહે છે. તેના ૭૦ ભેદ છે. અશનં, પાણં, ખાઈમં અને સાઈમં આ ચારે પ્રકારના આહારની વિશુદ્ધિ અર્થાત્ ૪ પ્રકારે પિંડ વિશુદ્ધિ + ૫ સમિતિ + ૧૨ ભાવના + ૧૨ ભિક્ષુની પ્રતિમા + ૫ ઈન્દ્રિય નિરોધ + ૨૫ પ્રકારની પ્રતિલેખના + ૩ ગુપ્તિ + દ્રવ્ય, ક્ષેત્ર, કાલ અને ભાવથી ૪ પ્રકારનો અભિગ્રહ = ૭૦ પ્રકારના સાધ્વાચાર કરણસિત્તરી કહેવાય છે.

ચરણ સિત્તરી અને કરણ સિત્તરીનું પાલન કરવું, તે સાધુનો કલ્પ–આચાર છે અને તેનાથી વિપરીત એવા અકલ્પ – અનાચારને યથાર્થરૂપે જાણીને તેનો ત્યાગ કરું છું અને કલ્પ – આચારનો સ્વીકાર કરું છું અથવા **अबंभग्गहणेण मूलगुणा भणंति... अकप्पग्गहणेण उत्तरगुण त्ति ।** આવશ્યક ચૂર્ણિ. અબ્રહ્મના ગ્રહણથી સર્વ મૂળગુણોનું અને અકલ્પના ગ્રહણથી સર્વ ઉત્તર ગુણોનું ગ્રહણ થાય છે. અકલ્પ- એટલે સર્વ પ્રકારના ઉત્તરગુણ રૂપ અસંયમનો ત્યાગ કરીને, કલ્પ એટલે સર્વ પ્રકારના ઉત્તરગુણ જન્ય સંયમ ભાવનો સ્વીકાર કરું છું.

(૪) **अण्णाणं परिआणामि–णाणं उवसंपज्जामि–** અજ્ઞાનનો વિવેકપૂર્વક ત્યાગ કરું છું, જ્ઞાનનો સ્વીકાર કરું છું. અહીં અજ્ઞાનનો અર્થ જ્ઞાનાવરણીય કર્મના ઉદયજન્ય જ્ઞાનના અભાવનું ગ્રહણ થતું નથી કારણ કે અભાવ રૂપ અજ્ઞાનનો ત્યાગ થઈ શકતો નથી. પ્રસ્તુતમાં મિથ્યાત્વના ઉદયથી મિથ્યા રૂપે પરિણત થયેલું મિથ્યાજ્ઞાન અર્થાત્ અજ્ઞાનનું ગ્રહણ થાય છે.

આરાધના માટે સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન અનિવાર્ય છે, તેથી અજ્ઞાનનો-મિથ્યાજ્ઞાનનો વિવેકપૂર્વક ત્યાગ કરીને સમ્યગ્જ્ઞાનના સ્વીકારનું કથન છે.

(૫) **अकिरियं परिआणामि किरियं उवसंपज्जामि–** અક્રિયાનો વિવેકપૂર્વક ત્યાગ કરું છું, ક્રિયાનો સ્વીકાર કરું છું.

**अप्पसत्था किरिया अकिरिया, इतरा किरिया इति ।** અપ્રશસ્ત-અયોગ્ય ક્રિયાને અક્રિયા અને તેનાથી ઈતર અર્થાત્ પ્રશસ્ત ક્રિયાને ક્રિયા કહે છે. અથવા **अक्रिया–नास्तिवादः क्रिया–सम्यग्वादः।** પુણ્ય-પાપ આદિ કોઈ પણ ક્રિયાના અસ્તિત્વને ન સ્વીકારનારા નાસ્તિકો અક્રિયાવાદી છે અને ક્રિયાનો સ્વીકાર કરનારા આસ્તિકો-સમ્યગ્વાદી-ક્રિયાવાદી છે. અક્રિયાનો અર્થાત્ અપ્રશસ્ત ક્રિયાનો અથવા અક્રિયાવાદનો-નાસ્તિકવાદનો વિવેકપૂર્વક ત્યાગ કરું છું અને પ્રશસ્ત ક્રિયાનો સમ્યગ્વાદનો સ્વીકાર કરું છું.

(૬) **मिच्छत्तं परिआणामि सम्मत्तं उवसंपज्जामि –** મિથ્યાત્વનો વિવેકપૂર્વક ત્યાગ કરું છું. સમ્યક્ત્વનો સ્વીકાર કરું છું. અઢાર પ્રકારના પાપસ્થાનમાં અઢારમું પાપસ્થાન મિથ્યાત્વ છે. મિથ્યાત્વ જ શેષ સર્વ

પાપોનું પોષણ અને સંવર્ધન કરે છે, અનાદિ સંસાર પરિભ્રમણનું સર્જન કરે છે, સર્વ દુઃખોને જન્મ આપે છે, તેથી સર્વ પાપોના બીજભૂત મિથ્યાત્વનો ત્યાગ કરીને આરાધનાના બીજભૂત સમ્યક્ત્વનો સ્વીકાર કરે છે.

(૭) **अबोहि परिआणामि बोहि उवसंपज्जामि–** અબોધિનો વિવેકપૂર્વક ત્યાગ કરું છું. બોધિનો સ્વીકાર કરું છું, **अबोधिः मिथ्यात्वकार्य बोधिस्तुसम्यक्त्वस्येति** । મિથ્યાત્વના કારણે થતાં પરિણામ વિશેષ અબોધિ છે અને સમ્યક્ત્વના કારણે થતાં પરિણામ વિશેષ બોધિ છે.

મિથ્યાત્વના પરિણામે થતી જીવની પ્રવૃત્તિ અબોધિ છે. જીવની શ્રદ્ધામાં, સમજણમાં યથાર્થતા ન હોય, ત્યારે તે અશ્રદ્ધાના પરિણામો વિવિધ પ્રકારના વિપરીત વિચાર અને આચાર રૂપે પ્રગટ થાય છે. જેમ કે જિન પ્રરૂપિત ધર્મના અવર્ણવાદ કરવા, જીવ માત્ર પ્રતિ મૈત્રી ભાવ ન રાખવો, વિષયો પ્રતિ આસક્તિ રાખવી, અસત્યનો આગ્રહ રાખવો વગેરે મિથ્યાત્વજન્ય પ્રત્યેક વિચાર અને આચારનો ત્યાગ કરીને તેનાથી વિપરીત સત્યનો આગ્રહ, જિનધર્મના ગુણાનુવાદ વગેરે સમ્યક્ત્વજન્ય વિચાર અને આચારનો સ્વીકાર કરું છું. ધર્મશ્રદ્ધા દઢતમ થતાં અબોધિ-મિથ્યાત્વજન્ય આચાર-વિચારો સહજ રીતે છૂટી જાય અને બોધિ-સમ્યક્ત્વજન્ય આચાર-વિચારનો સ્વીકાર થઈ જાય છે.

(૮) **अमग्गं परिआणामि मग्गं उवसंपज्जामि–** અમાર્ગનો વિવેકપૂર્વક ત્યાગ કરું છું અને માર્ગનો સ્વીકાર કરું છું. **अमार्गो मिथ्यात्वादिः मार्गस्तु सम्यग्दर्शनादिरिति** । મિથ્યાત્વ, અવ્રત, પ્રમાદ, કષાય અને યોગ રૂપ કર્મબંધનનો કે સંસાર પરિભ્રમણનો માર્ગ, તે અમાર્ગ છે અને સમ્યક્ત્વ, વ્રત, અપ્રમાદ, અકષાય અને અયોગ રૂપ મોક્ષ માર્ગ, તે માર્ગ છે.

**जं संभरामि जं च ण संभरामि–** જે દોષો મારી સ્મૃતિમાં છે અથવા સ્મૃતિમાં નથી. આત્મશુદ્ધિ માટે પાપ–દોષોનું પ્રતિક્રમણ કરવા માટે ગુરુ સમક્ષ ઉપસ્થિત થયેલો સાધક કોઈ પણ દોષોને છૂપાવ્યા વિના એક-એક દોષોની આલોચના કરે છે. તેમ છતાં છદ્મસ્થદશાના કારણે કોઈ દોષો સ્મૃતિમાં રહ્યા ન હોય, તો તેની પણ આલોચના અને પ્રતિક્રમણ કરવાની સાધકની પૂર્ણ ભાવના પ્રસ્તુત શબ્દો દ્વારા પ્રગટ થાય છે. **सोही उज्जुयभूयस्स** । સરળ વ્યક્તિની જ શુદ્ધિ થાય છે. આગમોક્ત સૂત્રને સ્વીકારીને સાધક માયા– કપટનો સંપૂર્ણતઃ ત્યાગ કરીને બાળકની જેમ અત્યંત સરળ બનીને ગુરુ સમક્ષ પોતાના ભાવો પ્રગટ કરે છે.

**जं पडिक्कमामि जं च ण पडिक्कमामि–** જે દોષોનું ગુરુની સમક્ષ પ્રતિક્રમણ કર્યું છે અને જે દોષોનું પ્રતિક્રમણ હજી કર્યું નથી તે સર્વ સૂક્ષ્મ કે સ્થૂલ, પ્રગટ કે અપ્રગટ સર્વ દોષોનું હું પ્રતિક્રમણ કરું છું.

આ રીતે સાધક સર્વ દોષોનું શુદ્ધ ભાવથી પ્રતિક્રમણ કરીને આરાધનાની દઢતમ પ્રતિજ્ઞા કરે છે.

### સાધકનો ગુણ વૈભવ :–

**૬ समणोऽहं संजय विरय पडिहय पच्चक्खाय पावकम्मो अणियाणो दिट्ठि संपण्णो मायामोसो विवज्जिओ ।**

**શબ્દાર્થ :– समणोऽहं** – હું શ્રમણ છું, **संजय** – સંયમી છું, **विरय** –સંસારથી વિરક્ત થયો છું, **पडिहय** – નાશ, **पच्चक्खाय** – ત્યાગ, **पावकम्मो** – પાપકર્મોનો, **अणियाणो** – નિયાણા રહિત, **दिट्ठि** – સમ્યગ્ દષ્ટિ, **संपण्णो** – સંપન્ન, **माया** – માયા સહિત, **मोसो** – મૃષાવાદથી, **विवज्जिओ** – સર્વથા રહિત છું.

**ભાવાર્થ :–** હું સાધુ છું, સંયમી છું, સાવદ્ય વ્યાપારોથી તથા સંસારથી નિવૃત્ત છું, પાપકર્મોનો નાશ કરનારો છું, પાપકર્મોના પ્રત્યાખ્યાન-ત્યાગ કરનારો છું, નિદાન-શલ્યથી રહિત અર્થાત્ આસક્તિથી રહિત છું, સમ્યગ્દર્શનયુક્ત છું, માયા સહિત મૃષાવાદનો પરિહાર કરનારો છું.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્ર આત્મ સમુત્કીર્તનપરક છે. તેમાં સાધુનો ગુણવૈભવ પ્રદર્શિત થાય છે. હું સાધુ છું, સંયત છું, વિરત છું, પ્રતિહત–પ્રત્યાખ્યાત પાપકર્મા છું, નિદાન રહિત છું, દષ્ટિસમ્પન્ન છું અને માયામૃષાવિવર્જિત છું. હું આટલો ઊંચો અને મહાન સાધક છું, તો હું પાપકર્મનું આચરણ કેમ કરી શકું ? આ પ્રકારનું આત્માભિમાન, સાધકને ધર્માચરણ માટે પ્રબળ પ્રેરણા આપે છે.

**समणोऽहं**– 'હું શ્રમણ છું. શ્રમણ શબ્દમાં સાધના પ્રત્યે નિરંતર જાગરુકતા, સાવધાનતા અને પ્રયત્નશીલતાનો ભાવ છે. "હું શ્રમણ છું" અર્થાત્ સાધના માટે કઠોર શ્રમ કરનાર છું. મારે જે કંઈ મેળવવું છે, તે મારા શ્રમ અર્થાત્ પુરુષાર્થ દ્વારા જ મેળવવાનું છે, તેથી હું સંયમને માટે પ્રતિક્ષણ શ્રમ કરું છું– ભૂતકાળમાં કરતો હતો–વર્તમાનમાં કરું છું અને ભવિષ્યમાં પણ કરતો રહીશ. આ ત્રૈકાલિક આધ્યાત્મિક શ્રમ–ભાવના **समणोऽहं** શબ્દમાં ધ્વનિત થાય છે.

**संजय**– હું **સંયત** અર્થાત્ સંયમમાં સમ્યક્ પ્રયત્ન કરનારો છું. અહિંસા, સત્ય વગેરે કર્તવ્યોમાં સાધકને હંમેશાં પ્રયત્નશીલ રહેવું, તે સંયમની સાધનાનું ભાવનાત્મક સ્વરૂપ છે.

**विरय–विरत**– સર્વ સાવદ્ય યોગોથી વિરતિ-નિવૃત્તિ કરનારો, જે સંયમની સાધના કરવા ઈચ્છે છે, તેણે અસદાચરણ રૂપ સમસ્ત સાવદ્ય યોગથી નિવૃત્ત થવું જરૂરી છે. આ સાધનાનું નિષેધાત્મકરૂપ છે. અસંયમમાં નિવૃત્તિ અને સંયમમાં પ્રવૃત્તિ કરવાથી જ સાધનાનું વાસ્તવિક રૂપ સ્પષ્ટ થાય છે.

**पडिहय–पच्च्क्खाय पावक्कम्मे**– પ્રતિહત પ્રત્યાખ્યાન પાપકર્મ. ભૂતકાળમાં કરેલા પાપકર્મોની નિંદા અને ગર્હા દ્વારા નાશ કરનારા અને વર્તમાન તથા ભવિષ્યમાં થનારા પાપકર્મોના પ્રત્યાખ્યાન કરનારા. જે સાધક ભૂત, ભવિષ્ય અને વર્તમાનની પાપ-કાલિમાને ધોઈને સાફ કરે છે, તે જ સફળતાને પામે છે. ભૂતકાલીન પાપોનું પ્રતિક્રમણ, વર્તમાનકાલીન પાપોની અકરણતા અને ભવિષ્યમાં થનારા પાપના પ્રત્યાખ્યાન કરીને પાપકર્મો પર ત્રિકાલવિજય પ્રાપ્ત કરવો, તે જ સાધનાનું રહસ્ય છે.

**अणियाणो**– નિદાન રહિત. નિદાન એટલે પૌદ્ગલિક સુખની આસક્તિ અથવા ભોગોની આકાંક્ષા. અનિદાન એટલે અનાસક્ત ભાવ. કોઈ પણ પ્રકારની આકાંક્ષા વિના જ આરાધના કરનાર સાધક નિદાન રહિત છે.

ભોગોની આકાંક્ષા સહિત આરાધના કરનાર સાધક સાધનાનું અવમૂલ્યાંકન કરે છે. નિદાન કરનાર વ્યક્તિના પુણ્ય પ્રમાણે તેનું નિદાન સફળ થાય, તેની ભોગાકાંક્ષા પૂર્ણ થાય પરંતુ નિદાન કરનાર સાધકના પુણ્યનો જથ્થો એક જ ભવમાં પરિસમાપ્ત થતાં તે જીવ અધોગતિને પામે છે, તેથી સાધક પોતાના લક્ષ્ય પ્રતિ સતત જાગૃત રહીને અંતરનાદ કરે છે કે હું નિદાન રહિત છું. આ લોક કે પરલોકના કોઈ પણ ભૌતિક સુખની મને આકાંક્ષા નથી. મારું લક્ષ્ય એક માત્ર આત્મશુદ્ધિ જ છે.

**दिट्ठीसंपन्नो**–દષ્ટિ સમ્પન્નતા "સમ્યગ્દર્શન રૂપ શુદ્ધ દષ્ટિવાળા." સાધકને માટે શુદ્ધ દષ્ટિ હોવી જરૂરી છે. જો સમ્યગ્દર્શન ન હોય, શુદ્ધ દષ્ટિ ન હોય તો હિતાહિતનો વિવેક કે ધર્માધર્મનું સ્વરૂપદર્શન થઈ શકતું નથી. સમ્યગ્દર્શન જ નિર્મળ દષ્ટિ છે, તેના દ્વારા સંસારના અને મોક્ષના સ્વરૂપને યથાર્થ રીતે જાણી

શકાય છે. **दिट्ठी सम्पन्नो सव्वगुण मूलभूतगुणयुक्तः ।** ચૂર્ણિ. સમ્યગ્દર્શન સર્વ ગુણોમાં મૂળભૂત ગુણ છે. જ્યાં સુધી સમ્યગ્દર્શનનો પ્રકાશ વિદ્યમાન છે, ત્યાં સુધી સાધકને પથ ભ્રષ્ટ થવાનો કોઈ ભય રહેતો નથી, તેથી જ સાધુ જ્યારે કહે છે કે હું દષ્ટિસંપન્ન છું અર્થાત્ "હું મિથ્યાદષ્ટિ નથી, સમ્યગ્દષ્ટિ છું. હું સત્યને તથા અસત્યને, બંધન અને મુક્તિના માર્ગને યથાર્થપણે સમજું છું.

**मायामोसो विवज्जिओ માયા-મૃષા-વિવર્જિત–** 'માયામૃષાથી રહિત' માયામૃષા અઢાર પાપસ્થાનમાં સત્તરમું પાપસ્થાન છે, ત્રણ શલ્યમાં પ્રથમ શલ્ય છે. સાધકના જીવનમાં માયામૃષાવાદ નામના પાપનો પ્રવેશ થાય, ત્યારે તે ભૂતકાલીન પાપોનું પ્રતિક્રમણ કરી શકતો નથી અને વર્તમાનકાલીન તથા ભવિષ્યકાલીન પાપની પરંપરાને અટકાવી શકતો નથી પરંતુ તે પરંપરાને વધારે છે. માયામૃષાવાદ સાધકની આત્મશુદ્ધિની સાધનામાં બાધક બને છે. જે માયામૃષાવાદનો ત્યાગ કરે છે, તે જ સાધુપણાને પામે છે.

આ રીતે **समणोऽहं** થી **माया मोसो विवज्जिओ** સુધીના પાઠમાં સાધુના આંતર ગુણોનો વૈભવ પ્રદર્શિત થાય છે. જે જિનાજ્ઞાના આરાધક સાધુ છે તે સાધનાનો નિરંતર શ્રમ કરે છે, પાપપ્રવૃત્તિથી વિરત છે, પાપકર્મ પર ત્રૈકાલિક વિજય પ્રાપ્ત કરનાર છે. નિદાન રહિત, દષ્ટિ સંપન્ન અને માયામૃષાવાદનો ત્યાગ કરનાર હોય છે.

**સમકાલીન સાધકોને નમસ્કાર :–**

**૭ अड्ढाइज्जेसु दीव समुद्देसु पण्णरससु कम्मभूमिसु जावंति केइ साहू रयहरण गुच्छग पडिग्गह धारा पंच महव्वय धारा । अट्ठारसहस्ससीलंग(रह) धरा अक्खय आयार चरित्ता ते सव्वे सिरसा मणसा मत्थएण वंदामि ।**

**શબ્દાર્થ :–** **अड्ढाइज्जेसु** – અઢી, **दीव** – દ્વીપ, **समुद्देसु** – સમુદ્રોમાં, **पण्णरससु** – કર્મભૂમિમાં **जावंति** – જેટલા, **केइ** – કોઈ, **साहू** – સાધુ છે, **रयहरण** – રજોહરણ, **गोच्छग** – ગુચ્છો, **पडिग्गह्** – પાત્રાના, **धरा** – ધારક છે, **पंच** – પાંચ, **महव्वय** – મહાવ્રતના, **धरा** – ધારક છે, **अट्ठारसहस्स** – અઢાર હજાર, **सीलंग(रह) धरा** – શીલના ધારક છે, **अक्खय** – અક્ષત–પરિપૂર્ણ, **आयार** – આચાર રૂપ, **चरित्ता** – ચારિત્રના ધારક છે, **ते** – તે **सव्वे** – બધાને, **सिरसा** – મસ્તક નમાવીને, **मणसा** – મનથી, **मत्थएण** – મસ્તકથી, **वंदामि** – વંદન કરું છું.

**ભાવાર્થ :–** અઢીદ્વીપ અને સમુદ્રના પરિમાણવાળા મનુષ્ય ક્ષેત્રના પંદર કર્મ ભૂમિમાં જે રજોહરણ, ગુચ્છો અને પાત્રાને ધારણ કરનારા તથા પાંચ મહાવ્રત, અઢારહજાર શીલ – સદાચારના અંગોને ધારણ કરનારા અને અક્ષય આચારના પાલક ત્યાગી સાધુ છે, તે બધાને મસ્તક નમાવીને, મનથી–અંતઃકરણ પૂર્વક મસ્તકથી વંદના કરું છું.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રમાં સમકાલીન સર્વ સાધકો પ્રતિ નમસ્કારનો ભાવ પ્રદર્શિત કર્યો છે.

પ્રતિજ્ઞા સૂત્રના પ્રારંભમાં મોક્ષ માર્ગના પ્રણેતા, શાસનપતિ ધર્મ તીર્થંકરોને નમસ્કાર કર્યા હતા. તે નમસ્કારમાં ગુણ પ્રત્યે બહુમાન હતું, સમ્યગ્દર્શનનો-શ્રદ્ધાનો શુદ્ધ ભાવ હતો, કૃતજ્ઞતાની અભિવ્યક્તિ હતી અને પ્રસ્તુત નમસ્કાર સંયમની આરાધના કરી રહેલા, બંધન-મુક્તિ માટે પ્રયત્નશીલ સર્વ સાધકોની સાધનાની સુકૃત અનુમોદના રૂપ છે.

સિદ્ધ કક્ષાની સર્વજ્ઞ વ્યક્તિ પ્રતિ નમસ્કારનો ભાવ સહજ રીતે આવે છે, પરંતુ સામાન્ય સાધકો પ્રતિ નમસ્કારનો ભાવ લાવવા માટે અહંકારનો ત્યાગ કરવો જરૂરી છે.

દેશ કે વેષના, નાના કે મોટાના કોઈ પણ ભેદભાવ વિના મનુષ્ય ક્ષેત્રમાં વિચરતા, સાધુ વેષને ધારણ કરીને પંચ મહાવ્રતનું પાલન કરતા, ૧૮૦૦૦ શીલાંગ આચારનું પાલન કરનાર, આત્મવિશુદ્ધિ માટે નિરંતર શ્રમ કરનાર સર્વ સાધકોને નમસ્કાર છે.

આ જૈન દર્શનની વિશાળતા છે. તેમાં ગુણપૂજાની જ વિશેષતા છે.

**अड्ढाइज्जेसु दीव समुद्देसु.....** અઢી દ્વીપ-સમુદ્રમાં પંદર કર્મભૂમિના ક્ષેત્રમાં. તિરછા લોકમાં અસંખ્ય દ્વીપ સમુદ્ર છે. તેમાં મધ્યમાં જંબૂદ્વીપ, તેને ફરતો લવણ સમુદ્ર, તેને ફરતો ધાતકીખંડ, તેને ફરતો કાલોદધિ સમુદ્ર અને તેને ફરતો અર્ધ પુષ્કર દ્વીપ છે. આ અઢીદ્વીપ અને બે સમુદ્ર પ્રમાણ ક્ષેત્રને મનુષ્ય ક્ષેત્ર કહે છે. તે મનુષ્ય ક્ષેત્રમાં જ મનુષ્યો હોય છે. ત્યાર પછીના દ્વીપ સમુદ્રોમાં મનુષ્યો હોતા નથી.

મનુષ્ય ક્ષેત્રમાં પંદર કર્મભૂમિના ક્ષેત્રો, ત્રીસ અકર્મભૂમિના ક્ષેત્રો અને છપ્પન અંતરદ્વીપક્ષેત્રો, કુલ ૧૦૧ ક્ષેત્રો છે. આ ૧૦૧ ક્ષેત્રોમાંથી અકર્મભૂમિ અને અંતરદ્વીપ, યુગલિક ક્ષેત્ર છે. ત્યાં સાધના યોગ્ય વાતાવરણ ન હોવાથી સાધુ-સાધ્વી કે શ્રાવક-શ્રાવિકા રૂપ ચતુર્વિધ સંઘ નથી. શેષ પંદર કર્મભૂમિના ક્ષેત્રોમાં જ જિનશાસન પ્રવર્તે છે. તેથી સૂત્રકારે અઢીદ્વીપના પંદર કર્મભૂમિના ક્ષેત્રમાં વિચરતા સાધુ-સાધ્વીનું કથન કર્યું છે.

**रयहरण गुच्छग पडिग्गहधरा–** પ્રસ્તુત શબ્દોમાં સાધુના વેષનું કથન છે. જીવદયાના ઉપકરણ રૂપ રજોહરણ અને ગુચ્છો તથા આહાર માટે પાત્રને ધારણ કરનાર. રજોહરણ અને પાત્ર સાધુના આવશ્યક ઉપકરણો છે.

**पंचमहव्वयधारा....** પ્રસ્તુત શબ્દ પ્રયોગ ભાવ સાધુતાને સૂચિત કરે છે. અહિંસા, સત્ય, અચૌર્ય, બ્રહ્મચર્ય અને અપરિગ્રહ, આ પંચ મહાવ્રતનું જીવન પર્યંત ત્રણ કરણ અને ત્રણ યોગથી પાલન કરે છે, તે જ સાધુ છે. પંચ મહાવ્રતનું પાલન કરવું, તે સાધુ જીવનનું અનિવાર્ય અંગ છે.

**अट्ठारसहस्स सीलंगरहधारा–** ૧૮૦૦૦ શીલને ધારણ કરનારા. પ્રસ્તુતમાં 'શીલ'નો અર્થ 'આચાર' છે. ભેદાનુભેદની અપેક્ષાએ આચારના અઢાર હજાર પ્રકાર થાય છે. આચાર્ય હરિભદ્ર આ સંબંધમાં એક પ્રાચીન ગાથા ઉદ્ધૃત કરે છે.

**जोए करणे सन्ना, इन्दिय भोमाइ समण-धम्मे य !**
**सीलंग-सहस्साणं, अट्ठारसगस्स निप्फती ॥**

ત્રણ યોગ, ત્રણ કરણ, ચાર સંજ્ઞા, પાંચ ઇન્દ્રિયવિજય, પૃથ્વી આદિ દશ પ્રકારના જીવ-અજીવને દશ પ્રકારના શ્રમણધર્મ સાથે ગુણતાં ૧૮૦૦૦ શીલાંગ-આચારના ભેદ થાય છે.

ક્ષમા, નિર્લોભતા, સરળતા, મૃદુતા, લાઘવ, સત્ય, સંયમ, તપ, ત્યાગ અને બ્રહ્મચર્ય– આ દશ પ્રકારના સાધુ ધર્મ છે. દશવિધ સાધુ ધર્મના ધારક મુનિ પૃથ્વીકાય આદિ પાંચ સ્થાવર, બેઇન્દ્રિય, તેઇન્દ્રિય, ચૌરેન્દ્રિય, પંચેન્દ્રિય(આ ચાર ત્રસ) અને એક અજીવ આ દશની વિરાધના કરતાં નથી.

દશવિધ સાધુ ધર્મને પૃથ્વીકાય આદિ દશની અવિરાધનાથી ગુણતાં ૧૦ × ૧૦ = ૧૦૦ ભેદ થાય છે. પાંચ ઇન્દ્રિયોને વશમાં રાખીને જ માનવ પૃથ્વીકાય આદિ દશની વિરાધનાનો ત્યાગ કરે છે, તેથી સો ને પાંચ ઇન્દ્રિયોના વિષયથી ગુણતાં ૧૦૦ × ૫ = ૫૦૦ ભેદ થાય છે. આહાર, ભય, મૈથુન અને પરિગ્રહ,

આ ચાર સંજ્ઞાઓના નિરોધથી પૂર્વોક્ત પાંચસો ભેદને ગુણતાં ૫૦૦ × ૪ = ૨૦૦૦ ભેદ થાય છે. ધર્મનું પાલન ત્રણ કરણ અને ત્રણ યોગથી થાય છે તેથી બે હજારને–કૃત, કારિતાદિ ત્રણ કરણથી ગુણતા ૨૦૦૦ × ૩ = ૬૦૦૦ અને મન, વચન અને કાયા, આ ત્રણ યોગ ત્રય સાથે ગુણતાં ૬૦૦૦ × ૩ = ૧૮૦૦૦ શીલના ભેદ થાય છે.

સંક્ષેપમાં સાધુ દશવિધ શ્રમણધર્મનું સંપૂર્ણ પાલન કરવા માટે પાંચે ઇન્દ્રિયો અને ચાર સંજ્ઞાઓને જીતીને, ત્રણ કરણ અને ત્રણ યોગથી દશ પ્રકારના જીવ-અજીવમાં યતનાપૂર્વક વ્યવહાર કરે છે. સાધુના ૧૮૦૦૦ આચારને જોતાં સ્પષ્ટ થાય છે. સાધ્વાચારમાં અહિંસા ધર્મની આરાધના જ મુખ્ય છે.

**अक्खय आयारचरित्ता–** અક્ષય અર્થાત્ પરિપૂર્ણ આચારનું પાલન કરનારા. પૂર્ણપણે પાલન કરનારા સાધુના અણગાર ધર્મમાં કોઈપણ પ્રકારના આગાર-છૂટછાટ હોતી નથી તે ઉપરોક્ત શબ્દ દ્વારા સૂચિત થાય છે.

**सिरसा, मणसा मत्थएण वंदामि– शिरसा, मनसा, मस्तकेन :–** માથાથી, મનથી અને મસ્તક નમાવીને વંદના કરું છું. **सिरसा इति कायजोगेण, मत्थएण वंदामिति एस एव वइजोगो ।** માથાથી વંદન કરવાનો અભિપ્રાય છે– શરીરથી વંદન કરવા. મન અંતઃકરણ છે, તે શબ્દ દ્વારા માનસિક વંદનાનું સૂચન છે અને **मत्थएण वंदामि** મસ્તક ઝુકાવીને વંદન કરું છું, આ વાચિક વંદનાનું રૂપ છે. આ રીતે માનસિક, વાચિક એને કાયિક ત્રિવિધ વંદનાનું કથન છે.

## પાઠ–૧૦ : ક્ષમાપના સૂત્ર

**ખામેમિ સવ્વે જીવા... :–**

**१** खामेमि सव्वे जीवा, सव्वे जीवा वि खमंतु मे ।
मित्तीमे सव्व भूएसू, वेरं मज्झं ण केणइ ॥१॥
एवमहं आलोइय, णिंदिय गरिहिय दुगंछियं सम्मं ।
तिविहेण पडिक्कंतो, वंदामि जिणे चउव्वीसं ॥२॥

**શબ્દાર્થ :– खामेमि** – હું ક્ષમા કરું છું, **सव्वे जीवा** – સર્વ જીવોને, સમસ્ત ચરાચર પ્રાણીઓને, **सव्वे जीवावि** – સર્વ જીવો પણ મને, **खमंतु** – ક્ષમા કરે, હું તેઓની ક્ષમાયાચના કરું છું, **मे** – મારી, **सव्वभूए सु** – સર્વ પ્રાણીમાત્ર પ્રત્યે, **मित्ती** – મિત્રતા છે, **केणइ** – કોઈની સાથે પણ, **मज्झं** – મારે, **वेरं णं** – શત્રુતા નથી.

**एवम्** – આ રીતે, **अहं** – હું, **सम्मं** – સમ્યક પ્રકારે, **आलोइय** – આલોચના કરીને, **णिंदिय** – પાપની આત્મસાક્ષીએ નિંદા કરીને, **गरिहिय** – ગુરુ સમક્ષ ગર્હા કરીને, **दुगंछियं** – પાપની જુગુપ્સા કરીને, **तिविहेण** – ત્રણ કરણ, ત્રણ યોગથી, **पडिक्कंतो** – પ્રતિક્રમણ કરીને, **चउवीसं जिणे** – ચોવીસ તીર્થંકરોને, **वंदामि** – વંદન કરું છું.

**વિવેચન :–**

ચોથા પ્રતિક્રમણ આવશ્યકનું અંતિમ સૂત્ર ક્ષમાપના છે.

પાપ દોષોનું પ્રતિક્રમણ કરીને શુદ્ધ આત્મ-સ્વભાવમાં સ્થિત થવા માટે પુરુષાર્થશીલ સાધક જગતના સર્વ જીવો સાથે ક્ષમાયાચના કરે છે.

ક્ષમા એટલે મન, વચન, કાયાના યોગની પ્રવૃત્તિથી જગતના સૂક્ષ્મ કે સ્થૂલ કોઈ પણ જીવો પ્રતિ દુર્વ્યવહાર થયો હોય, તો તજ્જન્ય પોતાના દોષનો દોષરૂપે સ્વીકાર કરીને તેના માટે પશ્ચાતાપનો ભાવ પ્રગટ કરવો, તે ક્ષમા યાચના છે અને જગતના કોઈ જીવો દ્વારા પોતાની સાથે દુર્વ્યવહાર થયો હોય, તો તે જીવોના દુર્વ્યવહારને અંતરથી ભૂલીને તે જીવો સાથે મિત્રતાનો વ્યવહાર કરવો, તે 'ક્ષમા પ્રદાન' છે. અથવા ક્ષમા એટલે સહનશીલતા. અન્ય દ્વારા થયેલી પ્રતિકૂળતાને પ્રતિકાર કર્યા વિના સમભાવે સહન કરવી, તેના પ્રતિ વેર–વિરોધનો ભાવ રાખ્યા વિના મિત્રતાનો ભાવ કેળવવો, તે ક્ષમા છે.

આ રીતે સમભાવમાં સ્થિત થવા માટે ક્ષમાનું આદાન-પ્રદાન બંને અત્યંત જરૂરી છે, તેથી જ સાધક કહે છે કે હું કોઈ પણ પ્રકારના ભેદભાવ વિના જગતના સર્વ જીવોની ક્ષમાયચાના કરું છું, જગતના સર્વ જીવો મને ક્ષમાપ્રદાન કરે, મારા દોષોને ભૂલીને મને માફ કરે અને જગતના સર્વ જીવોને હું પણ ક્ષમાપ્રદાન કરું છું. આ રીતે ક્ષમાના આદાન-પ્રદાનથી સમસ્ત જીવસૃષ્ટિ સાથે શત્રુતાનો ભાવ નાશ પામે અને મિત્રતાનો ભાવ પ્રગટ થાય છે.

જેને જગતના સમસ્ત જીવો પ્રતિ મિત્રતાનો ભાવ પ્રગટ થાય, તે જ વીતરાગતાને પામી શકે છે અને જે વીતરાગતાને પામે છે તે જ સર્વજ્ઞતાને પામી સિદ્ધ ગતિને પામે છે.

આ રીતે આત્મવિશુદ્ધિ માટે ક્ષમા અનિવાર્ય ગુણ છે. તેથી દશવિધ યતિધર્મમાં તેનું પ્રથમ સ્થાન છે. ક્ષમાગુણ અન્ય અનેક ગુણોને પ્રગટ કરે છે. તેથી સાધક પ્રતિક્રમણના અંતે સર્વ જીવો સાથે ક્ષમાનું આદાન–પ્રદાન કરીને, સર્વ પાપદોષની શુદ્ધ ભાવે આલોચના, નિંદા, ગર્હા, જુગુપ્સા કરીને અંતે તીર્થંકરોને નમસ્કાર કરે છે.

આ પ્રતિક્રમણ આવશ્યકનું અંતિમ મંગલ છે.

**॥ આવશ્યક-૪ સંપૂર્ણ ॥**

# પાંચમો આવશ્યક

## પ્રાક્કથન

છ આવશ્યકમાંથી પાંચમા આવશ્યકનું નામ કાર્યોત્સર્ગ છે. **કાયોત્સર્ગ** – કાય + ઉત્સર્ગ. કાયાનો અર્થાત્ શરીરનો ત્યાગ. જ્યાં સુધી આયુષ્ય હોય, ત્યાં સુધી શરીરનો ત્યાગ શક્ય નથી, તેથી અહીં ઉત્સર્ગનો અર્થ શરીરના મમત્વનો ત્યાગ, કરવામાં આવે છે.

સામાન્ય રીતે સંસાર પરિભ્રમણ કરી રહેલા જીવ માત્રને પોતાના શરીર પર અધિકતમ મમત્વ ભાવ હોય છે. શરીરનું મમત્વ, અન્ય અનેક સ્થાનમાં મમત્વનું સર્જન કરે છે. તેનાથી જ સંસાર પરિભ્રમણ વૃદ્ધિ પામે છે, તેથીસાધકની સમગ્ર સાધના દેહભાવથી પર થઈને આત્મ ભાવમાં સ્થિર થવા માટેની હોય છે. તે લક્ષ્યની સિદ્ધિ માટે કાયોત્સર્ગ એક મહત્તમ સાધન છે. સાધક કાર્યોત્સર્ગની સાધના દ્વારા દેહ ભાવથી પર થવા માટે વારંવાર પ્રયોગ કરે છે. કાયાની આસક્તિના ત્યાગની સાથે વચન યોગની પ્રવૃત્તિનો નિરોધ કરી મૌન સાધના અને અશુભમનોયોગને રોકી શુભમનોયોગમાં એકાગ્રતા કેળવવા પુરુષાર્થ કરે છે, તે જ તેનું પ્રયોજન છે. સંક્ષેપમાં ત્રણે યોગની યૌગિક પ્રવૃત્તિથી મુક્ત થઈને ઉપયોગ સ્વરૂપ આત્મભાવમાં સ્થિર થવા પુરુષાર્થશીલ થવું, તે જ **કાયોત્સર્ગ** છે.

શ્રી અનુયોગદ્વાર સૂત્રમાં કાયોત્સર્ગને વ્રણચિકિત્સા કહ્યું છે. શરીરમાં પડેલા ઘાવ દ્રવ્યવ્રણ છે અને મૂળગુણ તથા ઉત્તરગુણ રૂપ ચારિત્રમાં અતિચારના સેવનથી ઘાવ પડે, તે ભાવ વ્રણ છે. કાયોત્સર્ગ ભાવવ્રણની ચિકિત્સા માટે ઔષધનું–મલમનું કાર્ય કરે છે. કાયોત્સર્ગ પ્રાયશ્ચિતની પ્રક્રિયા છે, આભ્યંતર તપ છે, તેની સાધનાથી અતિચારોની શુદ્ધિ થાય છે, સાધક ગમનાગમન, પ્રતિલેખન, પરિષ્ઠાપન, સ્વાધ્યાય, ગોચરી આદિ પ્રત્યેક આવશ્યક કાર્યો કર્યા પછી કાયોત્સર્ગ કરીને તે તે ક્રિયાઓમાં લાગેલા દોષોનું શુદ્ધિકરણ કરે છે, તેથી જ તેનું વ્રણચિકિત્સા નામ સાર્થક છે. ચોથા પ્રતિક્રમણ આવશ્યક પછી શેષ રહેલા દોષોનું શુદ્ધિકરણ કાર્યોત્સર્ગ દ્વારા કરે છે, તેથી પાંચમો આવશ્યક કાયોત્સર્ગ છે.

**કાર્યોત્સર્ગનું ફળ–** કાયોત્સર્ગથી અતીતકાલીન અને વર્તમાનકાલીન પાપનીપ્રાયશ્ચિત દ્વારા વિશુદ્ધિ થાય છે. પ્રાયશ્ચિતથી વિશુદ્ધ થયેલા જીવો ભાર ઉતરી જવાથી સ્વસ્થ અને સુખી બનેલા ભારવાહકની જેમ સ્વસ્થ અને શાંત ચિત્તવાળો થઈ જાય છે તથા તે પ્રશસ્ત ધ્યાનમાં મગ્ન થઈને સુખપૂર્વક સંયમમાં વિચરણ કરે છે.

આવશ્યક નિર્યુક્તિમાં કાયોત્સર્ગથી થતાં લાભો આ પ્રમાણે બતાવ્યા છે–

**देहमइ जड्ड सुद्धी सुहदुक्खतितिक्खया अणुप्पेहा ।**
**झायइ य सुहं झाणं एयग्गो काउसग्गंमि ॥१४६२॥**

કાયોત્સર્ગમાં સ્થિર થનાર સાધકની (૧) દેહની જડતા નાશ પામે (૨) મતિની શુદ્ધિ થાય (૩) સુખ-દુઃખને સહન કરવાની શક્તિ પ્રગટ થાય (૪) સૂક્ષ્મ ચિંતનશક્તિ વધે અને (૫) શુભ ધ્યાનમાં એકાગ્ર બનવાની શક્તિ કેળવાતી જાય છે.

**કાયોત્સર્ગનો વિષય–** પ્રતિક્રમણમાં થતાં કાર્યોત્સર્ગના મુખ્ય બે વિષય છે. (૧) અતિચાર ચિંતન (૨) તપ

ચિંતન.

ગોચરી, પ્રતિલેખન, પરિષ્ઠાપન કે સ્વાધ્યાયાદિ આવશ્યક ક્રિયાઓ પછી તે ક્રિયાઓના અતિચારોના ચિંતન માટે કાયોત્સર્ગ થાય, તે અતિચાર ચિંતનરૂપ છે અને રાઈ પ્રતિક્રમણમાં અંતિમ કાર્યોત્સર્ગ તપચિંતન રૂપ હોય છે. **किं तवं पडिवज्जामि, एवं तत्थ विचिन्तए** । શ્રી ઉત્તરા. ૨૬/૫૧.

સાધુ કાયોત્સર્ગમાં આજે ક્યા તપનો સ્વીકાર કરવો, તેની ચિંતવના કરે. તે ઉપરાંત ક્યારેક તીર્થંકરોની નામ સ્તુતિ, ગુણસ્તુતિ રૂપ લોગસ્સ આદિનો કાર્યોત્સર્ગ પણ કરે છે.

આ રીતે સાધકના પોતાના લક્ષ્ય પૂર્વક આ આભ્યંતર તપની સાધના કરે છે.

**तस्स उत्तरी करणेणं...** પાઠ કાયોત્સર્ગનું પ્રતિજ્ઞા સૂત્ર છે. પાંચમા આવશ્યકના આ પાઠમાં કાયોત્સર્ગનું પ્રયોજન, કાયોત્સર્ગના આગાર, તેની કાલ મર્યાદા અને પ્રતિજ્ઞા વિધિનું સ્પષ્ટીકરણ છે. હારિભદ્રીય વૃત્તિને અનુસરતા પ્રસ્તુત પાંચમા આવશ્યકમાં પ્રમાણે (૧) **करेमि भंते** (૨) **इच्छामि ठामि काउस्सगं** સંક્ષિપ્ત પ્રતિક્રમણ સૂત્ર (૩) **तस्स उत्तरी** કાયોત્સર્ગ પ્રતિજ્ઞા સૂત્ર અને (૪) **चतुर्विंशति स्तव–लोगस्स**, આ ચાર પાઠનો સમાવેશ કર્યો છે.

❖❖❖❖❖

# પાંચમો આવશ્યક

## કાયોત્સર્ગ

## પાઠ–૧ : સામાયિક સૂત્ર (કરેમિ ભંતે)

१ करेमि भंते ! सामाइयं सावज्जं जोगं पच्चक्खामि जावज्जीवाए तिविहं तिविहेणं मणेणं वायाए काएणं ण करेमि ण कारवेमि करतंपि अण्णं ण समणुजाणामि तस्स भंते पडिक्कमामि णिंदामि गरिहामि अप्पाणं वोसिरामि ।

## પાઠ–૨ : સંક્ષિપ્ત પ્રતિક્રમણ(ઈચ્છામિ ઠામિ કાઉસગ્ગં)

१ इच्छामि पडिक्कमिउं(ठामि काउस्सग्गं) जो मे देवसिओ अइयारो कओ, काइओ, वाइओ, माणसिओ– उस्सुत्तो, उम्मग्गो, अकप्पो, अकरणिज्जो, दुज्झाओ, दुव्विचिंतिओ, अणायारो, अणिच्छियव्वो, असमण पाउग्गो, णाणे तह दंसणे चरित्ते सुए सामाइए; तिण्हं गुत्तीणं, चउण्हं कसायाणं, पंचण्हं महव्वयाणं, छण्हं जीवणिकायाणं, सत्तण्हं पिंडेसणाणं, अट्ठण्हं पवयणमाउणं, णवण्हं बंभचेरगुत्तीणं, दसविहे समणधम्मे समणाणं जोगाणं, जं खंडियं जं विराहियं तस्स मिच्छा मि दुक्कडं!

## પાઠ–૩ : કાયોત્સર્ગ પ્રતિજ્ઞા સૂત્ર

**કાયોત્સર્ગ પ્રયોજન :–**

१ तस्स उत्तरीकरणेणं पायच्छित्तकरणेणं विसोहीकरणेणं विसल्लीकरणेणं पावाणंकम्माणं णिग्घायणट्ठाए, ठामि काउस्सग्गं ।।

**શબ્દાર્થ :– तस्स** – તેની, દૂષિત આત્માની, **उत्तरीकरणेणं** – વિશેષ શુદ્ધિ માટે, ઉત્કૃષ્ટતા માટે, **पायच्छित्तकरणेणं** – પ્રાયશ્ચિત કરવા માટે, **विसोहीकरणेणं** – આત્માની વિશુદ્ધિ-નિર્મળતા માટે, **विसल्लीकरणेणं** – શલ્યથી રહિત થવા માટે, **पावाणंकम्माणं** – પાપકર્મોના, **णिग्घायणट्ठाए** – વિનાશ માટે, **काउसग्गं** – કાયોત્સર્ગ અર્થાત્ શરીરની ક્રિયાનો ત્યાગ, **ठामि** – કરું છું.

**ભાવાર્થ :–** તેની (દૂષિત આત્માની) વિશેષ શુદ્ધિ કરવા માટે, પ્રાયશ્ચિત કરવા માટે, આત્માની વિશુદ્ધિ કરવા માટે, શલ્યથી રહિત બનવા માટે અને પાપકર્મોનો નાશ કરવા માટે કાયોત્સર્ગમાં સ્થિત થાઉં છું.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રમાં કાયોત્સર્ગના પ્રયોજનને સ્પષ્ટ કર્યું છે.

પ્રયોજનની સ્પષ્ટતા થવાથી તેની સાધકનો ઉત્સાહ આરાધનામાં વધે છે. કાયોત્સર્ગનું પ્રયોજન સર્વ પાપકર્મોનો નાશ કરવાનું તે જ છે. પ્રયોજન સિદ્ધિ માટે સૂત્રકાર ચાર કરણનું કથન કરે છે.

**तस्स उत्तरी करणेणं–** તેનું ઉત્તરકરણ અર્થાત્ ઉત્તર ક્રિયા દ્વારા વિશેષ શુદ્ધિ કરવા માટે. આવશ્યક નિર્યુક્તિમાં ઉત્તરીકરણનો અર્થ આ પ્રમાણે સમજાવ્યો છે–

**खंडिय विराहियाणं, मूलगुणाणं सउत्तरगुणाणं ।**
**उत्तरकरणं कीरइ, जह सगड रहंग गेहाणं ॥१५०७॥**

જેમ ગાડું, પૈડું અને ધરી તૂટી જતા તેનું પુનઃ સંસ્કરણ-સમારકામ કરવામાં આવે છે, તેમ મૂલગુણ અને ઉત્તરગુણોની ખંડના કે વિરાધના થઈ હોય, તેનું પુનઃ સંસ્કરણ કરવું, શુદ્ધિ કરવી, તેને ઉત્તરકરણ કહે છે. આલોચના અને પ્રતિક્રમણ દ્વારા કંઈક શુદ્ધ થયેલા આત્માની વિશેષ શુદ્ધિ માટે કાયોત્સર્ગ કરવાનો છે. અહીં **तस्स** શબ્દ પાપથી પાછા ફરેલા પોતાના આત્મા માટે પ્રયુક્ત થયો છે.

કોઈ પણ પદાર્થને શુદ્ધ બનાવવા તેમાં ત્રણ પ્રકારના સંસ્કાર કરવા પડે છે. (૧) દોષમાર્જન સંસ્કાર (૨) હીનાંગ પૂર્તિ સંસ્કાર (૩) અતિશયધાયક સંસ્કાર. જેમ મલિન વસ્ત્રને સાફ કરવા માટે ધોબી તે વસ્ત્રોને ઉકળતા પાણીમાં સાબુ-સોડા નાંખી ભઠ્ઠી પર ચઢાવી તેના મેલને અલગ કરે છે. તે **દોષ માર્જન સંસ્કાર** છે. ત્યાર પછી તે વસ્ત્રને સ્વચ્છ પાણીથી સાફ કરી તડકામાં સૂકવે, તે **હીનાંગપૂર્તિ સંસ્કાર** છે અને સ્વચ્છ થયેલા વસ્ત્ર પર વિશેષ ચમક લાવવા ઈસ્ત્રી કરે, તે **અતિશયધાયક સંસ્કાર** છે.

તે જ રીતે આત્મ શુદ્ધિ માટે પણ આત્માને ત્રણ સંસ્કારથી સંસ્કારિત કરવો પડે છે. સહુ પ્રથમ આલોચના અને પ્રતિક્રમણ દ્વારા દોષોનું માર્જન-શુદ્ધિકરણ થાય, તે દોષમાર્જન સંસ્કાર છે. ત્યાર પછી શેષ રહેલા દોષોની શુદ્ધિ માટે કાયોત્સર્ગ કરવો, તે હીનાંગપૂર્તિ સંસ્કાર છે અને અંતે વિશુદ્ધ થયેલા આત્માને વિશેષ સંસ્કારિત કરવા પ્રત્યાખ્યાનનો સ્વીકાર કરવો, તે અતિશયધાયક સંસ્કાર છે. ચોથા પ્રતિક્રમણ આવશ્યકની પ્રક્રિયા દોષમાર્જન રૂપ, પાંચમા આવશ્યકમાં કાયોત્સર્ગની સાધના હીનાંગપૂર્તિરૂપ અને છટ્ઠો પ્રત્યાખ્યાન આવશ્યક અતિશયધાયક સંસ્કાર રૂપ છે.

(૧) ઉત્તર ક્રિયા શબ્દપ્રયોગ પછીની ક્રિયા માટે પ્રયુક્ત થાય છે. કાયોત્સર્ગની આરાધના પ્રતિક્રમણ પછી થતી હોવાથી તે પ્રતિક્રમણની ઉત્તરક્રિયા કહેવાય છે. (૨) ઉત્તર-ઉત્તમ, ઉન્નત. જે ક્રિયા દ્વારા આત્મા ઉન્નત બને, ઉચ્ચ અવસ્થાને પામે, તે ઉત્તર ક્રિયા છે. કાયોત્સર્ગ આત્મવિશુદ્ધિનું ઉત્તમ સાધન હોવાથી તે ઉત્તર ક્રિયા કહેવાય છે.

**पायच्छित्त करणेणं**– પ્રાયશ્ચિત્ત રૂપ કરણ વડે. પૂર્વકૃત પાપનો સ્વીકાર કરીને તેનો પશ્ચાત્તાપ કરવો. જેના દ્વારા જીવની અધિકાધિક શુદ્ધિ થાય, તે પ્રાયશ્ચિત્ત છે અથવા પાપનું છેદન કરે, તે પ્રાયશ્ચિત્ત.

શ્રી ઠાણાંગ સૂત્રમાં દશ પ્રકારના પ્રાયશ્ચિતનું કથન છે, યથા– આલોચના, પ્રતિક્રમણ, તદુભય, વિવેક, વ્યુત્સર્ગ, તપ, છેદ, પરિહાર અને ઉપસ્થાપન. તેમાં વ્યુત્સર્ગ-કાયોત્સર્ગ એક પ્રાયશ્ચિત્તની પ્રક્રિયા છે. પ્રતિક્રમણમાં મુખ્ય બે પ્રકારના કાયોત્સર્ગ હોય છે. (૧) અતિચાર ચિંતન રૂપ (૨) તપ ચિંતન અથવા ક્ષમાપના ચિંતન રૂપ. પ્રતિક્રમણના પ્રારંભના કાયોત્સર્ગમાં દિવસ સંબંધી અતિચારોનું ચિંતન કરે છે. **देवसियं च अइयारं चिन्तिज्जा अणुपुव्वसो...** ઉત્તરા. ૨૬/૪૦.

કાયોત્સર્ગમાં અતિચાર–દોષોનું ચિંતન કરીને, તે દોષનો દોષ રૂપે સ્વીકાર કરીને તેનો પશ્ચાતાપ કરે છે. પશ્ચાતાપથી તે પાપનો નાશ થાય છે.

**विसोही करणेणं**– વિશુદ્ધ કરણ વડે. આત્મભાવોની વિશુદ્ધિથી અશુભ ભાવોનો નાશ પામે છે.

**विसल्ली करणेणं**– શલ્ય રહિત થવા રૂપ કરણ વડે. સાધકની સાધનામાં કંટકની જેમ ખૂંચે, સાધનામાં બાધક બને, તેવા માયા, નિદાન અને મિથ્યાત્વ, આ ત્રણ ભાવશલ્ય છે. આત્મશુદ્ધિ માટે શલ્ય રહિત થવું પણ અત્યંત જરૂરી છે કારણ કે માયા-કપટનો ભાવ વ્રતને અસત્યથી મિશ્રિત કરે છે, નિદાન કરનારનું વ્રત વીતરાગતાને પ્રાપ્ત કરાવી શકતું નથી અને મિથ્યાત્વીનું વ્રત કેવળ દ્રવ્યક્રિયારૂપ જ રહે છે. આ રીતે ત્રણે શલ્ય વ્રતની આરાધનાને નિષ્ફળ બનાવે છે, તેથી શલ્ય રહિત બનવું, તે વ્રત ધારણ કરવાની પ્રથમ શરત છે. કાયોત્સર્ગમાં પાપનું પ્રાયશ્ચિત્ત થતું હોવાથી, કાર્યોત્સર્ગમાં માયા આદિ શલ્યનો પણ નાશ થઈ જાય છે, તેથી કાયોત્સર્ગ તે શલ્ય રહિત બનવાની પ્રક્રિયા છે.

પાપ કર્મોનો પૂર્ણતઃ નાશ કરવો, તે જ કાયોત્સર્ગનું પ્રયોજન છે. તે પ્રયોજનની સિદ્ધિ માટે પૂર્વોક્ત ચાર કરણ સાધનભૂત છે.

**पावाणं कम्माणं** – ૧૮ પાપસ્થાન અને આઠ કર્મો. પાપસ્થાન કર્મબંધના કારણભૂત છે અને કર્મબંધ તેનું કાર્ય છે કાર્યોત્સર્ગ કર્મ અને કર્મોના કારણો બંનેનો સંપૂર્ણ નાશ કરે છે.

**णिग्घायणट्ठाए**– પાપ કર્મોનો નિર્ઘાત–નાશ કરવા માટે. સામાન્ય રીતે નાશ કરવો તે ઘાત અને ઉત્કૃષ્ટતાથી ઘાત કરવો તેને નિર્ઘાતન કહે છે. કોઈપણ વસ્તુનો આત્યંતિક નાશ થાય, તે નિર્ઘાતન છે. પાપકર્મનો આત્યંતિક નાશ થાય અર્થાત્ તે નિર્બીજ થાય, પુનઃ તે પાપ થવાનું કોઈ કારણ ન રહે તે સ્થિતિને નિર્ઘાતન કહે છે. (૧) ઉત્તર ક્રિયા રૂપ કરણ, (૨) પ્રાયશ્ચિત્ત કરણ, (૩) ભાવવિશુદ્ધિ કરણ અને (૪) નિઃશલ્ય કરણ, આ ચાર કરણની આરાધનાથી પાપ કર્મોનો સંપૂર્ણ નાશ કરવા માટે હું કાયોત્સર્ગમાં સ્થિત થાઉં છું.

**કાયોત્સર્ગના આગાર :-**

**૨ उससिएणं, णीससिएणं, खासिएणं, छीएणं, जंभाइएणं, उड्डुएणं, वायणिसग्गेणं, भमलीए, पित्तमुच्छाए, सुहुमेहिं अंगसंचालेहिं, सुहुमेहिं खेल संचालेहिं, सुहुमेहिं दिट्ठि संचालेहिं, एवमाइएहिं आगारेहिं, अभग्गो, अविराहिओ, हुज्ज मे काउस्सग्गो ।**

**શબ્દાર્થ :–** **अण्णत्थ** – આગળ કહેવામાં આવેલા આગારો સિવાય કાયોત્સર્ગમાં શેષ કાય વ્યાપારોનો ત્યાગ કરું છું, **उससिएणं** – ઊંચો શ્વાસ લેવાથી, **णीससिएणं** – નીચો શ્વાસ મૂકવાથી, **खासिएणं** – ખાંસીથી, **छीएणं** – છીંકથી, **जंभाइएणं** – બગાસું આવવાથી, **उड्डुएणं** – ઓડકાર આવવાથી, **वायणिसग्गेणं** – અધોવાયુ છૂટવાથી, **भमलीए** – ચક્કર આવવાથી, **पित्तमुच्छाए** – પિત્તવિકારના કારણે મૂર્છા આવી જવાથી, **सुहुमेहिं** – સૂક્ષ્મ, **अंगसंचालेहिं** – અંગના સંચારથી, **खेलसंचालेहिं** – કફના સંચારથી, **दिट्ठिसंचालेहिं** – દષ્ટિ, નેત્રના સંચારથી, **एवमाइएहिं** – ઇત્યાદિ, **आगारेहिं** = આગારોથી, અપવાદોથી, **मे** – મારો, **काउस्सग्गो** – કાયોત્સર્ગ, **अभग्गो** – અભગ્ન(ભાંગે નહિ), **अविराहिओ** – અવિરાધિત–અખંડિત, **हुज्ज** – છે.

**ભાવાર્થ :–** (મારો કાયોત્સર્ગથી નિમ્નોક્ત આગારો) ઉચ્છ્વાસ-ઊંચો શ્વાસ લેવાથી, નીચો શ્વાસ મૂકવાથી, ખાંસી, છીંક, બગાસું, ઓડકાર આવવાથી, અપાન વાયુ છૂટવાથી, ચક્કર, પિત્તવિકારજન્ય

મૂર્ચ્છા આવવાથી, સૂક્ષ્મરૂપે અંગોના હલવાથી, સૂક્ષ્મરૂપે કફ નીકળવાથી, સૂક્ષ્મ રૂપે દષ્ટિમાં સંચાર થવાથી શરીરમાં હલન-ચલન થાય, તો મારો કાયોત્સર્ગ અભગ્ન(અખંડિત) અને અવિરાધિત રહે છે.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રોમાં કાયોત્સર્ગના આગારનું નિરૂપણ છે. કાયોત્સર્ગમાં કાયિક ચેષ્ટાનો સંપૂર્ણ ત્યાગ હોય છે, પરંતુ શરીરની કેટલીક સહજ ક્રિયાઓને કે તેના વેગને રોકી શકાતો નથી. તે ક્રિયાઓથી શરીરમાં સૂક્ષ્મ સંચાર થાય છે. તેનાથી કાયોત્સર્ગનો ભંગ ન થાય, તે માટે કાયોત્સર્ગની પ્રતિજ્ઞાનો સ્વીકાર કરતાં પહેલાં સાધક તેના આગાર-છૂટનો સ્વીકાર કરે છે.

**આગાર(છૂટ)–** કાયોત્સર્ગમાં બાર આગાર છે–(૧) શ્વાસ લેવો, (૨) શ્વાસ છોડવો, (૩) ખાંસી-ઉધરસ, (૪) છીંક, (૫) બગાસું,(૬) ઓડકાર, (૭) વાયુનું અધોગમન, (૮) ચક્કર, (૯) મૂર્ચ્છા, (૧૦) હૃદયના ધબકાર આદિ સૂક્ષ્મ અંગ સંચાર, (૧૧) સૂક્ષ્મ કફનો સંચાર, (૧૨) આંખના પલકારા આદિ સૂક્ષ્મ દષ્ટિનો સંચાર, આ બાર સ્વાભાવિક ક્રિયાઓના વેગને રોકી શકાતો નથી અને પ્રયત્નપૂર્વક જો તેના વેગને રોકવામાં આવે, તો માનસિક સ્થિરતા ખંડિત થાય છે, તેથી સાધક ત્રણે યોગની સ્થિરતા રૂપ કાયોત્સર્ગ માટે ઉપરોક્ત બાર પ્રકારના આગાર–છૂટ રાખે છે.

**एवमाइएहिं आगारेहिं.....** ઉપરોક્ત બાર પ્રકારના આગાર તથા પ્રસ્તુત પ્રસંગમાં ઇત્યાદિ શબ્દથી વ્યાખ્યાકારો અન્ય ચાર પ્રકારના આગારનું કથન કરે છે.

**अगणीओ छिंदिज्ज य बोहियखोभाइ दीहडक्को वा ।**
**आगारेहिं अभग्गो उस्सग्गो एगमाईहिं ॥१५१६॥** આવશ્યક નિર્યુક્તિ

(૧) અચાનક અગ્નિનો સ્પર્શ થાય, (૨) કોઈ શરીરનું છેદન કરે, (૩) મનુષ્યોનું અપહરણ કરનાર ચોર કે રાજા અંતરાય કરે, (૪) સર્પ આદિ ઝેરી જંતુનો ઉપસર્ગ આવે, આ ચાર કારણથી શરીરમાં હલનચલન થાય, તો કાયોત્સર્ગ **अविराहिओ**– અખંડિત રહે છે, કાયોત્સર્ગનો ભંગ થતો નથી.

**કાયોત્સર્ગની કાલમર્યાદા અને પ્રતિજ્ઞા :–**

**૩** *जाव* **अरिहंताणं भगवंताणं णमुक्कारेणं ण पारेमि ताव कायं ठाणेणं, मोणेणं, झाणेणं, अप्पाणं वोसिरामि ।**

**શબ્દાર્થ :– जाव** – જ્યાં સુધી, **अरिहंताणं** – અરિહંત, **भगवंताणं** – ભગવંતોને, **णमुक्कारेणं** – નમસ્કાર કરીને એટલે પ્રગટ રૂપે નમો અરિહંતાણં બોલીને, **ण पारेमि** – કાયોત્સર્ગ ન પાળું, **ताव** – ત્યાં સુધી **कायं** – મારા શરીરને, **ठाणेणं** – એક સ્થાન પર સ્થિર રહી, **मोणेणं** – મૌન રહી, **झाणेणं** – ધ્યાનસ્થ રહી, **अप्पाणं** – પોતાના, કષાયાત્મા અને યોગાત્માને **वोसिरामि** – વોસિરાવું છું, ત્યાગ કરું છું.

**ભાવાર્થ :–** જ્યાં સુધી અરિહંત ભગવાનને નમસ્કાર કરીને, અર્થાત્ 'નમો અરિહંતાણં ' બોલીને કાયોત્સર્ગ પૂર્ણ ન કરું, ત્યાં સુધી એક સ્થાન પર સ્થિર રહી, મૌન રહી, ધર્મ ધ્યાનમાં ચિત્તની એકાગ્રતા કરી પોતાના(મારા) શરીરને પાપાચારોથી વોસિરાવું છું– અલગ કરું છું.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રમાં કાયોત્સર્ગની કાલમર્યાદા અને તેની પ્રતિજ્ઞાનું પ્રતિપાદન છે.

**કાલમર્યાદા– जाव अरिहंताणं भगवंताणं णमुक्कारेणं ण पारेमि ।** જ્યાં સુધી અરિહંત ભગવાનને નમસ્કાર કરીને કાયોત્સર્ગ ન પાળું, ત્યાં સુધીની કાયોત્સર્ગની કાલ મર્યાદા છે.

સાધકે અતિચાર ચિંતન કે તપચિંતન, આ બેમાંથી જે લક્ષે કાયોત્સર્ગ કર્યો છે. તે લક્ષ પૂર્ણ થયા પછી પ્રગટ પણે 'નમો અરિહંતાણં' બોલીને જ કાયોત્સર્ગ પૂર્ણ કરવો જોઈએ છે. કોઈ પણ સાધનાના પ્રારંભમાં અને અંતમાં પરમેષ્ઠી ભગવાનને કરેલા વંદન મહાફળદાયક છે, તેથી જ કાયોત્સર્ગની પૂર્ણાહૂતિ 'નમો અરિહંતાણં'થી થાય છે.

**પ્રતિજ્ઞા– कायं ठाणेणं** – એક સ્થાન પર કાયાને સ્થિર રાખીશ. **मोणेणं**– મૌન રહીશ અને **झाणेणं** મનને અશુભ ધ્યાનથી મુક્ત કરીને શુભ ધ્યાનમાં એકાગ્ર બનાવીશ. **अप्पाणं वोसिरामि**– સાવદ્યકારી મારા આત્માનો ત્યાગ કરું છું. કષાયાત્મા અને યોગાત્માનો ત્યાગ કરીને ઉપયોગાત્મામાં સ્થિર થાઉં છું.

કાયોત્સર્ગમાં ત્રણે યોગની પ્રવૃત્તિનો નિરોધ થવાથી ક્રમશઃ કાયગુપ્તિ, વચનગુપ્તિ અને મનોગુપ્તિની સાધના થાય છે. ગુપ્તિ સંવરની સાધના છે. આ રીતે કાયોત્સર્ગ, તે સંવરની સાધના છે. કાયોત્સર્ગના કાલ દરમ્યાન પાપનું પ્રાયશ્ચિત થાય, ધ્યાનથી પૂર્વકૃત કર્મોની નિર્જરા થાય છે, આ રીતે સંવર અને નિર્જરાથી પરંપરાએ સર્વ કર્મોનો ક્ષય થાય અને મોક્ષની પ્રાપ્તિ થાય છે. કાયોત્સર્ગ એક આભ્યંતર તપ છે. મોક્ષ સાધનાનું આવશ્યક અંગ છે.

**કાયોત્સર્ગ વિધિ :–** તે વિષયને આવશ્યક નિર્યુક્તિમાં સ્પષ્ટ કર્યો છે.

**संवरियासवदारा, अव्वाबाहे अकंटए देसे ।**
**काऊण थिरं ठाणं, ठिओ निसन्नो निवन्नो वा ॥१४६५॥**

આશ્રવ દ્વારોનો સંવર કરીને અવ્યાબાધ તથા અકંટક દેશમાં (ઉપદ્રવ રહિત સ્થાનમાં) જઈને ઊભેલી, બેઠેલી કે સૂતેલી સ્થિતિમાં, આસન સ્થિર કરીને કાયોત્સર્ગ કરવો.

સામાન્ય રીતે કાયોત્સર્ગ ઊભા ઊભા અર્થાત્ જિનમુદ્રામાં સ્થિત થઈને કરવાનો હોય છે પરંતુ શારીરિક અસ્વસ્થતાના કારણે કે અંતિમ આરાધના સમયે ઊભા રહેવાની ક્ષમતા ન હોય, તો બેઠેલી કે સૂતેલી સ્થિતિમાં કાયોત્સર્ગ કરી શકાય છે.

બેઠા બેઠા કાયોત્સર્ગ કરવો હોય, તેણે પદ્માસન કે પર્યંકાસન સુખાસન(પલાંઠી) જેવા સહજ આસનને ગ્રહણ કરવું અને સૂતા સૂતા કાયોત્સર્ગ કરવો હોય, તેણે દંડાસન કે શવાસન જેવા સ્થિરાસનને ગ્રહણ કરવું.

કાયોત્સર્ગ કરનાર સાધકે કાયોત્સર્ગની પૂર્વ તૈયારી રૂપે અઢારે પાપસ્થાનરૂપ આશ્રવ દ્વારનો નિરોધ કરવો અને કાયોત્સર્ગમાં બાધા કે સ્ખલના ન થાય તેવા અવ્યાબાધ અને નિષ્કંટક શાંત અને પવિત્ર ક્ષેત્રમાં જઈને કાયોત્સર્ગ કરવો.

**કાયોત્સર્ગના પ્રકાર :–** આવશ્યક ચૂર્ણિમાં કાયોત્સર્ગના બે ભેદ કર્યા છે. **सो पुण काउस्सग्गो दव्वतो भावतो य भवति, दव्वतो कायचेट्ठानिरोहो, भावतो काउस्सग्गो झाणं ॥** ચૂર્ણિ. કાયોત્સર્ગના બે પ્રકાર છે. દ્રવ્ય કાયોત્સર્ગ અને ભાવ કાયોત્સર્ગ. શારીરિક ચેષ્ટાઓનો ત્યાગ કરીને કાયોત્સર્ગની મુદ્રામાં સ્થિત થવું, તે **દ્રવ્યકાયોત્સર્ગ** છે. આર્ત, રૌદ્રરૂપ અશુભ ધ્યાનનો ત્યાગ કરીને શુભ ધ્યાનમાં એકાગ્ર થવું, તે **ભાવ કાયોત્સર્ગ** છે. શ્રી ઉત્તરાધ્યયન સૂત્રમાં કાયોત્સર્ગને **सव्वदुक्खविमोक्खणं** સર્વ દુઃખોથી મુક્ત કરાવનાર કહ્યો છે. આ પ્રકારનું સામર્થ્ય ભાવકાયોત્સર્ગમાં જ હોય શકે છે, તેથી ભાવ કાયોત્સર્ગ જ

આભ્યંતર તપ રૂપે સાધનાનું અંગ બની શકે છે.

કેટલાક આચાર્યોએ કાયોત્સર્ગના દ્રવ્ય અને ભાવસ્વરૂપને સમજાવવા માટે કાયોત્સર્ગના ચાર પ્રકારનું નિરૂપણ કર્યું છે.

**(૧) ઉત્થિત–ઉત્થિત :–** કાયોત્સર્ગ માટે ઊભો રહેનાર સાધક જ્યારે દ્રવ્યની સાથે ભાવથી ઊભો રહે છે, આર્ત રૌદ્ર ધ્યાનનો ત્યાગ કરી ધર્મધ્યાન તથા શુક્લ ધ્યાનમાં રમણ કરે છે, ત્યારે ઉત્થિત ઉત્થિત કાયોત્સર્ગ થાય છે. આ કાયોત્સર્ગ સર્વોત્કૃષ્ટ છે. તેમાં પ્રમાદમાં સુપ્ત આત્મા જાગૃત થઈને કર્મો સાથે યુદ્ધ કરવા માટે તૈયાર થઈ જાય છે.

**(૨) ઉત્થિત–નિવિષ્ટ :–** જ્યારે અયોગ્ય સાધક દ્રવ્યથી ઊભો રહે છે પરંતુ ભાવોથી સુપ્ત હોય ત્યારે ઉત્થિત–નિવિષ્ટ કાયોત્સર્ગ થાય છે. તેમાં શરીર તો ઊભું છે પરંતુ આત્મા બેઠેલો રહે છે.

**(૩) ઉપવિષ્ટ–ઉત્થિત :–** અશક્ત તથા વૃદ્ધ સાધક ઊભા ન રહી શકે, પરંતુ તેની ભાવશુદ્ધિ હોય, શુભ ધ્યાનમાં એકાગ્ર હોય ત્યારે ઉપવિષ્ટ ઉત્થિત કાયોત્સર્ગ થાય છે. શરીર બેઠેલું છે પણ આત્મા ઉત્થિત છે.

**(૪) ઉપવિષ્ટ–નિવિષ્ટ :–** જ્યારે આળસુ અને કર્તવ્યશૂન્ય સાધક શરીરથી પણ બેસી રહે છે અને ભાવથી અશુભ ધ્યાનમાં જ મગ્ન હોય. ત્યારે ઉપવિષ્ટ-નિવિષ્ટ કાયોત્સર્ગ થાય છે. આ કાયોત્સર્ગ નથી, કાયોત્સર્ગનો દેખાવ માત્ર છે.

ઉપર્યુક્ત કાયોત્સર્ગ ચતુષ્ટયમાંથી સાધના માટે પહેલો અને ત્રીજો કાયોત્સર્ગ જ ઉપાદેય છે. આ બે કાયોત્સર્ગ જ વાસ્તવિકરૂપમાં કાયોત્સર્ગ છે. તેના દ્વારા જ જન્મ-મરણનું બંધન દૂર થાય છે અને આત્મા પોતાના શુદ્ધ સ્વરૂપમાં પહોંચી વાસ્તવિક આધ્યાત્મિક આનંદની અનુભૂતિ પ્રાપ્ત કરે છે.

**કાયોત્સર્ગના ઓગણીસ દોષ :–** કાયોત્સર્ગ આભ્યંતર તપ છે, દેહાધ્યાસને છોડવા માટેનો ઉત્તમ પ્રયોગ છે. તે પ્રયોગને સંપૂર્ણ સફળ બનાવવા માટે તેની સાધના યથાર્થ રૂપે, નિર્દોષપણે થવી જરૂર છે. નિર્યુક્તિકારે કાયોત્સર્ગના ૧૯ દોષોનું નિરૂપણ કર્યું છે.

**घोडग लयाइं खंभे कुड्डे माले अ सवरि बहु नियले ।**
**लंबुत्तर थण उद्धि संजय खलि (णे य) वायसकविट्ठे ॥१५४६॥**
**सीसुकंपिय सूई अंगुलिभयुहा या वारुणी पेहा ॥**

(૧) ઘોટક દોષ– ઘોડાની જેમ એક પગને વાળીને ઊભા રહેવું. (૨) લતા દોષ– પવનથી પ્રકંપિત લતાની જેમ કાંપવુ. (૩) સ્તંભ કુડ્ય દોષ– થાંભલો કે દિવાલનો સહારો લેવો. (૪) માળ દોષ– માલ અર્થાત્ ઉપરની તરફ મસ્તકને સહારો આપી, ઊભા રહેવું. (૫) શબરી દોષ– બંને હાથ ગુહ્ય સ્થાન પર રાખીને ઊભા રહેવું. (૬) વધૂ દોષ– કુલ-વધૂની જેમ મસ્તક ઝુકાવી ઊભા રહેવું. (૭) નિગડ દોષ– બેડી પહેરેલા પુરુષની જેમ બંને પગ ફેલાવીને અથવા ભેગા કરીને ઊભા રહેવું. (૮) લમ્બોતર દોષ– અવિધિથી ચોલપટ્ટાને નાભિની ઉપર અને નીચે ઘૂંટણ સુધી લંબાવીને ઉભા રહેવું. (૯) સ્તન દોષ– મચ્છર આદીના ભયથી અથવા અજ્ઞાનતાવશ છાતીનો ભાગ ઢાંકીને કાયોત્સર્ગ કરવો. (૧૦) ઊર્ધ્વિકા દોષ– એડી ભેગી કરી અને પંજાને ફેલાવી ઊભા રહેવું અથવા અંગુઠા ભેગા કરી, એડી ફેલાવી ઊભા રહેવું. (૧૧) સંયતી દોષ– સાધ્વીની જેમ(સ્ત્રીની જેમ) કપડાથી આખું શરીર ઢાંકીને કાયોત્સર્ગ કરવો. (૧૨) ખલીન દોષ– લગામની જેમ રજોહરણને આગળ રાખી ઊભા રહેવું અથવા લગામથી પીડિત ઘોડાની જેમ મસ્તક ઉપર નીચે હલાવવું. (૧૩) વાયસ દોષ– કાગડાની જેમ ચંચળ ચિત્તથી ચારે બાજુ દષ્ટિ ફેરવવી. (૧૪)

કપિત્થ દોષ– ષટ્પદિકા(ભ્રમરાદિ)ના ભયથી ચોલપટ્ટાને કપિત્થની જેમ ગોળાકાર બનાવીને– ગોટો વાળીને સાથળની વચ્ચે દબાવી ઊભા રહેવું અથવા મુઠ્ઠી બાંધી ઊભા રહેવું. (૧૫) શીર્ષોત્કમ્પિત દોષ– માથુ ધુણાવતા ઉભા રહેવું. (૧૬) મૂક દોષ– મૂક અથવા મુંગા માણસની જેમ 'હું હું' આદિ અવ્યક્ત શબ્દ કરવા. (૧૭) અંગુલિકા ભ્રૂ દોષ– પાઠની ગણતરી કરવા આંગળી હલાવવી તથા જમીન પર લીટી કરવી આદિ અન્ય રીતે સંકેત કરવો. (૧૮) વારુણી દોષ– શરાબમાંથી બુડ-બુડ શબ્દ નીકળે છે તેવી જ રીતે અવ્યક્ત શબ્દો કહેવા અથવા દારૂડીયાની જેમ ડોલવું. (૧૯) પ્રેક્ષા દોષ– પાઠનું ચિંતન કરતાં વાંદરાની જેમ હોઠ હલાવવા.

યોગશાસ્ત્રના તૃતીય પ્રકાશમાં શ્રી હેમચંદ્રાચાર્યે કાયોત્સર્ગના ૨૧ દોષ બતાવ્યા છે. તેમના મત અનુસાર ત્રીજા અને સત્તરમા દોષના બે-બે ભેદ કરીને અર્થાત્ સ્તંભ દોષ, કુડ્ય દોષ, અંગુલી દોષ અને ભ્રૂદોષ, આ ચાર, દોષની ગણના કરીને ૨૧ દોષો કહ્યા છે.

## પાઠ–૪ : ચતુર્વિંશતિસ્તવ–લોગસ્સસૂત્ર

१
लोगस्स उज्जोयगरे, धम्मतित्थयरे जिणे ।
अरिहंते कित्तइस्सं, चउवीसं पि केवली ॥१॥

उसभमजियं च वंदे, संभवमभिणंदणं च सुमइं च ।
पउमप्पहं सुपासं, जिणं च चंदप्पहं वंदे ॥२॥

सुविहिं च पुप्फदंतं, सीयल-सिज्जंस-वासुपुज्जं च ।
विमलमणंत च जिणं, धम्मं संति च वंदामि ॥३॥

कुंथुं अरं च मल्लिं, वंदे मुणिसुव्वयं णमिजिणं च ।
वंदामि रिट्ठणेमिं, पासं तह वद्धमाणं च ॥४॥

एवं मए अभिथुआ, विहूयरयमला पहीणजरमरणा ।
चउवीसं पि जिणवरा, तित्थयरा मे पसीयंतु ॥५॥

कित्तिय-वंदिय-महिया, जे ए लोगस्स उत्तमा सिद्धा ।
आरुग्ग-बोहि लाभं, समाहि-वरमुत्तमं दिंतु ॥६॥

चंदेसु णिम्मलयरा, आइच्चेसु अहियं पयासयरा ।
सागरवरगंभीरा, सिद्धा सिद्धिं मम दिसंतु ॥७॥

**ભાવાર્થ :–** કોઈ પણ કાયોત્સર્ગની પૂર્ણાહૂતિ પછી પ્રગટ રૂપે ચોવીશ તીર્થંકરોની સ્તુતિ રૂપ લોગસ્સનો પાઠ બોલાય છે. પૂર્ણ પુરુષને નમસ્કાર કરવાથી શ્રદ્ધા દઢ બને અને દર્શનની વિશુદ્ધિ થાય છે.

**॥ આવશ્યક–૫ સંપૂર્ણ ॥**

# છઠ્ઠો આવશ્યક

## પ્રાક્કથન

છઠ્ઠા આવશ્યકનું નામ 'પ્રત્યાખ્યાન' છે.

ચોથા પ્રતિક્રમણ અને પાંચમા કાયોત્સર્ગ આવશ્યક દ્વારા પૂર્વકૃત કર્મોનો નાશ થાય છે, ત્યાર પછી ભવિષ્યકાલીન આવતા કર્મોનો નિરોધ કરવા માટે છઠ્ઠો પ્રત્યાખ્યાન આવશ્યક છે.

**પ્રત્યાખ્યાન**– પાપ પ્રવૃત્તિના ત્યાગ માટે સમ્યગ્જ્ઞાન પૂર્વકના દઢસંકલ્પને પ્રત્યાખ્યાન કહે છે. શ્રી ભગવતી સૂત્રમાં પ્રત્યાખ્યાનના ભેદ-પ્રભેદનું વિસ્તૃત વર્ણન કર્યું છે.

પ્રત્યાખ્યાનના મૂળ બે ભેદ છે. (૧) મૂળગુણ પ્રત્યાખ્યાન (૨) ઉત્તરગુણ પ્રત્યાખ્યાન.

**મૂળગુણ પ્રત્યાખ્યાન :**– અહિંસાદિ મુખ્ય પાંચ વ્રતના પચ્ચક્ખાણને મૂળગુણ પ્રત્યાખ્યાન કહે છે. તેમાં પાંચ સ્થૂલ વ્રત કે પાંચ અણુવ્રત દેશતઃ મૂળગુણ પ્રત્યાખ્યાન છે અને પાંચ મહાવ્રત સર્વતઃ મૂળગુણ પ્રત્યાખ્યાન છે.

**ઉત્તરગુણ પ્રત્યાખ્યાન :**– મૂળ ગુણની પુષ્ટિ માટે જે પ્રત્યાખ્યાન કરાય તેને ઉત્તર ગુણ પ્રત્યાખ્યાન કહે છે. તેના પણ બે ભેદ છે. દેશતઃ ઉત્તરગુણ પ્રત્યાખ્યાન અને સર્વતઃ ઉત્તરગુણ પ્રત્યાખ્યાન.

**દેશતઃ ઉત્તરગુણ પ્રત્યાખ્યાન :**– દિશા પરિમાણ વ્રત, ઉવભોગ પરિભોગ પરિમાણવ્રત, અનર્થદંડ વેરમણ વ્રત; તે ત્રણ ગુણવ્રત અને સામાયિક, દેશાવગાસિક, પૌષધોપવાસ, અતિથિ સંવિભાગ વ્રત તે ચાર શિક્ષાવ્રત, આ સાતે વ્રત દેશતઃ ઉત્તર ગુણ પ્રત્યાખ્યાન છે.

**સર્વતઃ ઉત્તરગુણ પ્રત્યાખ્યાન :**– તેના દશ ભેદ છે. યથા–

**(૧) અનાગત**– ભવિષ્યમાં જે પ્રત્યાખ્યાન કરવાના હોય તેને ભવિષ્યમાં આવતી બાધાને જોઈને પહેલાં કરી લેવા. **(૨) અતિક્રાંત**– ભૂતકાલમાં પ્રત્યાખ્યાન કરવાના હતા, તે સેવા આદિ કોઈ કારણે થઈ શક્યા ન હોય તો તેને પછી કરવા. **(૩) કોટિ સહિત**– એક પ્રત્યાખ્યાનની સમાપ્તિ તથા બીજા પ્રત્યાખ્યાનની આદિ એક દિવસે થાય તે રીતે કડિબદ્ધ પ્રત્યાખ્યાન કરવા. **(૪) નિયંત્રિત**– જે દિવસે જે પ્રત્યાખ્યાન કર્યા હોય તેને રોગાદિ બાધા આવે છતાં તે દિવસે જ પૂર્ણ કરવા. **(૫) સાગાર**– આગાર–છૂટ સહિતના પ્રત્યાખ્યાન. **(૬) અનાગાર**– આગાર રહિતના પ્રત્યાખ્યાન. **(૭) પરિમાણ**– દત્તી, દ્રવ્ય આદિની મર્યાદા. **(૮) નિરવશેષ**– ચારે પ્રકારના આહારના મર્યાદિત સમય માટે સર્વથા પચ્ચક્ખાણ. **(૯) સંકેત**– અંગૂઠી, મુટ્ઠી, નમસ્કાર મંત્ર આદિ કોઈ પણ સંકેત પૂર્વકના પ્રત્યાખ્યાન. **(૧૦) અદ્ધાપ્રત્યાખ્યાન**– પોરસી, બેપોરસી વગેરે સમયની નિશ્ચિતતા સહિતના પ્રત્યાખ્યાન.

પ્રસ્તુત છઠ્ઠા આવશ્યકમાં અદ્ધાપ્રત્યાખ્યાનના દશ ભેદનું કથન કર્યું છે. સાધક પોતાની ઈચ્છા અને શક્તિ અનુસાર કોઈ પણ પ્રત્યાખ્યાનનો સ્વીકાર કરે છે. શ્રી અનુયોગદ્વાર સૂત્રમાં છઠ્ઠા આવશ્યકનું નામ 'ગુણધારણા' છે. કોઈ પણ પ્રત્યાખ્યાનના સ્વીકારથી મૂળગુણ અને ઉત્તરગુણની ધારણા, સ્થિરતા, દઢતા થતી હોવાથી, તેનું સાર્થક નામ ગુણધારણા છે.

❖❖❖❖❖

# છઠ્ઠો આવશ્યક

## પ્રત્યાખ્યાન

## પાઠ–૧ : નવકારશી પ્રત્યાખ્યાન

**૧** **उग्गए सूरे णमुक्कारसहियं पच्चक्खामि चउव्विहं पि आहारं–असणं पाणं खाइमं साइमं अण्णत्थणाभोगेणं सहसागारेणं वोसिरामि ।**

**ભાવાર્થ :–** સૂર્ય ઉદય થયા પછી(બે ઘડી દિવસ ચડે) જ્યાં સુધી નમસ્કારમંત્રનું ઉચ્ચારણ ન કરું ત્યાં સુધી નમસ્કારસહિત પ્રત્યાખ્યાન ગ્રહણ કરું છું. અનાભોગ– અત્યંત વિસ્મૃતિ અને સહસાકાર- શીઘ્રતા(અચાનક) આ બે આગાર સિવાય અશન, પાણી, મેવો અને મુખવાસ આદિ ચારે ય પ્રકારના આહારને વોસિરાવું છું અર્થાત્ તેનો ત્યાગ કરું છું.

**વિવેચન :–**

આ નવકારશી-નમસ્કાર સહિત પ્રત્યાખ્યાનનું સૂત્ર છે. તેમાં પ્રત્યાખ્યાનની કાલ મર્યાદા, પ્રત્યાખ્યાનના વિષયનું કથન છે.

આ પ્રત્યાખ્યાનનું બીજું નામ નમસ્કારિકા છે. તેનું પ્રચલિત નામ નવકારશી પ્રત્યાખ્યાન છે.

**કાલમર્યાદા–** સૂર્યોદય પછી એક મુહૂર્ત પછી પ્રત્યાખ્યાન પૂર્તિ સ્વરૂપ નમસ્કારમંત્ર બોલીએ ત્યાં સુધીના પ્રત્યાખ્યાન છે.

ઉપરોક્ત પ્રત્યાખ્યાન સૂત્રમાં કાલવાચી મુહૂર્તાદિ શબ્દનો ઉલ્લેખ નથી પરંતુ શ્રી ભગવતી સૂત્ર શતક ૭/૨માં સર્વતઃ ઉત્તરગુણ પ્રત્યાખ્યાનના પ્રકારમાં એક અદ્ધા પ્રત્યાખ્યાનનું કથન છે. અદ્ધા-કાલ મર્યાદાથી સંબંધિત નવકારશી, પોરસી આદિ પ્રત્યાખ્યાનને અદ્ધા પ્રત્યાખ્યાન કહે છે. આ રીતે નવકારશી પ્રત્યાખ્યાનના પાઠમાં કાલવાચી કોઈ પણ શબ્દનો પ્રયોગ ન હોવા છતાં તે પ્રત્યાખ્યાન કાલ મર્યાદાથી સંબંધિત છે તે સ્પષ્ટ થઈ જાય છે અને પોરસી પ્રત્યાખ્યાનમાં સૂર્યોદય પછી એક પ્રહર પર્યંત ચારે આહારનો ત્યાગ હોય છે. નવકારશી પચ્ચક્ખાણનું કથન તેની પહેલા હોવાથી તેની કાલમર્યાદા પોરસી પ્રત્યાખ્યાનથી અલ્પ હોય છે. પરંપરાથી તેની કાલમર્યાદા એક મુહૂર્તની નિશ્ચિત થઈ છે.

આ રીતે તેમાં સૂર્યોદય પછી એક મુહૂર્તનો કાલ વ્યતીત થવો અત્યંત જરૂરી છે. તે કાલ વ્યતીત થયા પહેલા કોઈ નમસ્કારમંત્રનું ઉચ્ચારણ કરીને પ્રત્યાખ્યાન પૂર્ણ કરે, તો તેના પ્રત્યાખ્યાનનો ભંગ થાય છે. નવકારશી પ્રત્યાખ્યાનની પૂર્ણતામાં નમસ્કાર મંત્રનું ઉચ્ચારણ મહત્વપૂર્ણ છે, પરંતુ તેનાથી વિશેષ મહત્વ સૂર્યોદય પછી એક મુહૂર્તનો કાલ વ્યતીત થાય, તે છે.

આ રીતે સિદ્ધ થાય છે કે એક મુહૂર્તનો કાલ અને નમસ્કાર મંત્રનું ઉચ્ચારણ બંને આવશ્યક શરતો

પૂર્ણ ન થાય, ત્યાં સુધીની કાલ મર્યાદા આ પ્રત્યાખ્યાનની છે. આ પ્રત્યાખ્યાન નવકાર મંત્ર બોલીને પૂર્ણ કરાતું હોવાથી તેનું 'નવકારશી' નામ પ્રચલિત થયું છે.

**પ્રત્યાખ્યાનનો વિષય–** નવકારશી પ્રત્યાખ્યાનમાં ચારે આહારના પ્રત્યાખ્યાન કરવામાં આવે છે.

**असणं– अश् भोजने** ધાતુ પરથી અશન શબ્દ બને છે. ક્ષુધા શાંત થાય, તેવા ભોજન યોગ્ય દાળ, ભાત, શાક, રોટલી આદિ સર્વ ખાદ્ય પદાર્થોનો સમાવેશ અશનમાં થાય છે.

**पाणं– पा पाने इत्यस्य पीयत इति पानम् ।** જેનું પાન કરી શકાય તેવા પેય પદાર્થોનો સમાવેશ **पाणं**માં થાય છે. તૃષા શાંત થાય, તેવા પાણી, સરબત, છાસ, જ્યુસ વગેરે પ્રવાહી રૂપ પદાર્થો **पाणं** કહેવાય છે. પરંતુ પ્રચલિત પરંપરા અનુસાર **पानं** શબ્દથી કેવળ પાણીનું જ ગ્રહણ થાય છે. જેમ કે ઉપવાસના પચ્ચક્ખાણમાં ત્રણ આહારનો ત્યાગ હોય છે. કેવળ **पानं** નો ત્યાગ નથી. તેથી ઉપવાસમાં કેવળ પાણીનો જ ઉપયોગ થાય છે. અન્ય પ્રવાહી દ્રવ્યનો ઉપયોગ થતો નથી. સરબત વગેરે પ્રવાહી પદાર્થો પેય છે, પરંતુ તેમાં મિશ્રિત અન્ય દ્રવ્યોથી તૃષા અને ક્ષુધા બંને શાંત થાય, તેથી તેનો સમાવેશ અશનમાં પણ થાય છે.

**खाइमं–** ખાદિમ. **खाद्यते इति खादिमं–फलादि ।** કેળાં, સફરજન આદિ લીલા ફળો તથા બદામ, કાજુ, કીસમીસ આદિ સૂકા ફળોને 'ખાદિમ' કહે છે.

**साइमं–** સ્વાદિમ. **स्वाद्यते इति स्वादिमं गुडताम्बूलपूगफलादि ।** જેનું આસ્વાદન માત્ર કરાય અર્થાત્ જે પદાર્થોથી ક્ષુધા કે તૃષા શાંત થતી નથી પરંતુ મુખને આસ્વાદિત કરે છે, તેવા એલચી, સોપારી, પાન વગેરે મુખવાસ રૂપ પદાર્થોને **સાઈમ** કહે છે.

**પ્રત્યાખ્યાનના આગાર–** આગારનો અર્થ છે– અપવાદ. કોઈ વિશેષ સ્થિતિમાં ત્યાગ કરેલી વસ્તુનું સેવન કરવું પડે તો પ્રત્યાખ્યાનનો ભંગ થતો નથી.

પ્રત્યાખ્યાન ગ્રહણ કરનાર સાધક છદ્મસ્થ છે, તે શ્રદ્ધાથી પ્રત્યાખ્યાનનું પૂર્ણપણે પાલન કરવાની દઢતમ ભાવનાથી પ્રત્યાખ્યાનનો સ્વીકાર કરે છે. તેમ છતાં છદ્મસ્થપણાના કારણે કોઈ વિશેષ પરિસ્થિતિમાં પ્રતિજ્ઞાનું પાલન કરી ન શકે. તેવી પરિસ્થિતિમાં તેની પ્રતિજ્ઞાનો સર્વથા ભંગ ન થાય, તે માટે આચાર્યોએ દીર્ઘ દષ્ટિથી વિચારીને આગાર–અપવાદ કે છૂટનું વિધાન કર્યું છે. પ્રત્યાખ્યાન ગ્રહણ કરતી વખતે જ સાધક તેવી છૂટ રાખે છે, જેથી તેના પ્રત્યાખ્યાનનો સર્વથા ભંગ થતો નથી.

નવકારશી પચ્ચક્ખાણમાં કેવળ બે આગાર છે– અનાભોગ અને સહસાકાર.

(૧) અનાભોગનો– અત્યંત વિસ્મૃતિ. પ્રત્યાખ્યાન સ્વીકાર કર્યાની વાત સર્વથા ભૂલાઈ જાય અને તેવા સમયે ભૂલથી કંઈક ખાઈ-પી લેવાય તો તે અનાભોગ આગાર છે.

જ્યાં સુધી ખબર ન પડે, ત્યાં સુધી વ્રતભંગ ન થાય પરંતુ ખબર પડયા પછી અર્થાત્ વ્રતની સ્મૃતિ થયા પછી પણ જો મુખમાં નાખેલો કોળિયો થૂંકે નહીં, આગળ ખાવાનું બંધ ન કરે તો વ્રત ભંગ થાય છે, માટે સાધકનું કર્તવ્ય છે કે ખબર પડે કે તરત જ ભોજન બંધ કરી દે અને જે કંઈ મોઢામાં લેવાઈ ગયું છે તે બધું યતના સાથે થૂંકી દે.

(૨) સહસાકાર– અચાનક. વરસાદ વરસવાથી અથવા દહીં વગેરે વલોવતા સમયે અચાનક પાણી કે

છાશનો છાંટો મોઢામાં ઉડી જાય, તે 'સહસાકાર' છે.

બીજાને પ્રત્યાખ્યાન કરાવવાના હોય તો પાઠમાં 'પચ્ચક્ખાઈ' અને 'વોસિરેહ' શબ્દ બોલવો જોઈએ. જો સ્વયંને જ પચ્ચક્ખાણ ગ્રહણ કરવા હોય તો ઉલ્લેખ કર્યા મુજબ 'પચ્ચક્ખામિ' અને 'વોસિરામિ' કહેવું જોઈએ. આગળના પાઠોમાં પણ આ પરિવર્તન ધ્યાનમાં રાખવું જોઈએ.

આ પાઠથી સાંકેતિક અર્થાત્ સંકેતપૂર્વક થતા પ્રત્યાખ્યાન પણ થાય છે. ગંઠીસહિયં અને મુટ્ઠીસહિયંના પ્રત્યાખ્યાન આ જ પાઠથી કરવા જોઈએ. ત્યાં **नमुक्कार सहियं**ના સ્થાને કેવળ **गंठिसहियं** અથવા **मुट्ठिसहियं** શબ્દ બોલવા જોઈએ. **गंठिसहियं** અને **मुट्ठिसहियं**નો ભાવ એ છે કે જ્યાં સુધી ગાંઠ અથવા મુટ્ઠી વગેરે ન ખોલું ત્યાં સુધી ચારે ય આહારનો ત્યાગ કરું છું.

**गंठिसहियं**, **मुट्ठिसहियं** આદિ સાંકેતિક પ્રત્યાખ્યાનમાં પણ પૂર્વોક્ત બે આગાર જ હોય છે. સાંકેતિક પ્રત્યાખ્યાનના સંકેતાનુસાર ઈચ્છિત સમયે તેની સમાપ્તિ થઈ શકે છે. આ સાંકેતિક પ્રત્યાખ્યાન સૂર્યોદય સિવાય અન્ય સમયમાં પણ કરી શકાય છે, તેથી જ્યારે અન્ય સમયે આ પ્રત્યાખ્યાન કરવામાં આવે ત્યારે **उग्गए सूरे** આ પાઠ ન બોલવો જોઈએ.

## પાઠ–૨ : પોરસી પ્રત્યાખ્યાન

**१ उग्गए सूरे पोरिसिं पच्चक्खामि; चउव्विहं पि आहारं असणं, पाणं, खाइमं, साइमं अण्णत्थणाभोगेणं, सहसागारेणं, पच्छण्णकालेणं, दिसामोहेणं, साहुवयणेणं, सव्वसमाहिवत्तियागारेणं, वोसिरामि ।**

**ભાવાર્થ :–** પોરસીના પચ્ચક્ખાણ કરું છું. સૂર્યોદય પછી એક પ્રહર પર્યંત અનાભોગ, સહસાકાર, પ્રચ્છન્નકાળ, દિશામોહ, સાધુવચન અને સર્વસમાધિ પ્રત્યયાકાર, આ(છ) આગારો સિવાય આહાર, પાણી, મેવો, મુખવાસ, આ ચારે ય આહારનો ત્યાગ કરું છું.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રમાં પોરસી પ્રત્યાખ્યાનની કાલમર્યાદા, તેનો વિષય તથા તેના આગારનું કથન છે.

**કાલમર્યાદા–** સૂર્યોદયથી લઈને એક પ્રહર દિવસ ચડે ત્યાં સુધી ચારે ય આહારનો ત્યાગ કરવો, તે પોરસી પ્રત્યાખ્યાન છે. પોરસીનો શાબ્દિક અર્થ છે– 'પુરુષ પ્રમાણ છાયા' એક પ્રહર દિવસ ચડે ત્યારે મનુષ્યની છાયા પોતાના શરીર પ્રમાણે લાંબી થાય છે. આ ભાવ લઈને પોરસી શબ્દ પ્રહર-પરિમિત કાલવિશેષના અર્થમાં લાક્ષણિક રીતે રુઢ થયો છે.

**પ્રત્યાખ્યાનનો વિષય–** નવકારશી પ્રત્યાખ્યાનની જેમ અશન, પાન, ખાદિમ અને સ્વાદિમ, આ ચારે પ્રકારના આહારનો ત્યાગ કરવો, તે તેનો વિષય છે. ક્યારેક કોઈ પરિસ્થિતિવશ પાણીની છૂટ સાથે તિવિહાર પોરસી પણ કરી શકે છે અને કોઈ વૃદ્ધાચાર્યના અભિપ્રાયે શ્રાવકો અશનં અને ખાઈમં, આ બે આહારના પચ્ચક્ખાણ પૂર્વક દુવિહાર પોરસી પણ કરી શકે છે. પોરસી પ્રત્યાખ્યાનમાં છ પ્રકારના આગાર છે.

**પ્રત્યાખ્યાનના આગાર :–** (૧) અનાભોગ– પ્રત્યાખ્યાનની વિસ્મૃતિ થઈ જાય અને ભોજન કરી લેવાય તો, (૨) સહસાકાર– અકસ્માત્ વરસાદ આદિ આવવાથી અચાનક પાણીના છાંટા મોંમાં જાય તો,

(૩) પ્રચ્છન્નકાળ– વાદળ અથવા આંધિના કારણે સૂર્ય ઢંકાઈ જવાથી પોરસી પૂર્ણ થઈ જવાની ભ્રાંતિ થાય, (૪) દિશામોહ– પૂર્વ દિશાને પશ્ચિમ દિશા સમજી પોરસી ન આવ્યા છતાં સૂર્ય ઉપર આવવાની ભ્રાંતિથી અશનાદિ વાપરી લેવાય તો, (૫) સાધુ વચન– પોરસી આવી ગઈ એવું કોઈ આપ્ત પુરુષ કહે અને પોરસી આવ્યા પહેલા જ પોરસી પાળી લેવાય તો, (૬) સર્વસમાધિપ્રત્યયાકાર– કોઈ આકસ્મિક શૂળ આદિ તીવ્ર રોગની ઉપશાંતિ માટે ઔષધિ વગેરે ગ્રહણ કરવા પડે તો.

**પ્રચ્છન્ન કાળ :– દિશામોહ** અને **સાધુવચન** આ ત્રણે ય આગારનો અભિપ્રાય છે કે– ભ્રાંતિના કારણે પોરસી પૂરી ન થવા છતાં પોરસી પૂરી થયેલી સમજી ભોજન કરી લેવામાં આવે તો કોઈ દોષ નથી. જો ભોજન કરવા સમયે ખબર પડી જાય કે હજુ પોરસી પૂર્ણ નથી થઈ તો તે સમયે ભોજન છોડી દેવું જોઈએ. જો ખબર પડી ગયા પછી પણ ભોજન કરતા રહીએ તો પ્રત્યાખ્યાન ભંગનો દોષ લાગે છે.

**સર્વ સમાધિ પ્રત્યયાકાર–** સર્વ પ્રકારે સમાધિભાવની પુષ્ટિ માટે. સ્વીકૃત પોરસી પચ્ચક્ખાણમાં અચાનક તીવ્ર શૂલાદિ પીડા ઉત્પન્ન થાય, ત્યારે આર્ત-રૌદ્ર ધ્યાનને દૂર કરવા અને સર્વ પ્રકારે સમાધિભાવ પ્રાપ્ત કરવા, જે આગાર કે અપવાદનું સેવન કરાય, તે 'સર્વસમાધિપ્રત્યયાકાર' છે.

આ આગાર અત્યંત મહત્વપૂર્ણ છે. સાધકની સમગ્ર સાધના સમાધિ ભાવની પ્રાપ્તિ માટે જ છે, પરંતુ સાધના જ અસમાધિનું નિમિત્ત બને, તો તેમાં સાધકે વિવેક રાખવો અત્યંત જરૂરી છે. પોરસી પચ્ચક્ખાણ કર્યા પછી અચાનક કોઈ શૂળ આદિ તીવ્રતમ રોગ ઉત્પન્ન થાય, ત્યારે સાધકે પોતાની પ્રતિજ્ઞામાં સમભાવપૂર્વક દઢ રહેવાનો પ્રયત્ન કરવો જોઈએ. પરંતુ ક્યારેક ક્ષમતાના અભાવે સાધકને આર્તધ્યાન કે રૌદ્રધ્યાનના પરિણામો થવા લાગે તે સમયે સાધક કદાચ પ્રતિજ્ઞા ભંગ ન કરે, તો પણ પરિણામોની મલિનતાથી તેની પ્રતિજ્ઞા પૂર્ણપણે સફળ થતી નથી, તેથી આચાર્યોએ કોઈ ગંભીર પરિસ્થિતિમાં સમાધિભંગ થવાના પ્રસંગે ઔષધોપચાર નિમિત્તે ત્યાગ કરેલી કોઈ પણ વસ્તુનું સેવન કરવું પડે, તો તેનો આગાર કહ્યો છે અને તેને જ 'સર્વસમાધિપ્રત્યયાકાર' કહે છે. આગાર સેવનથી પ્રત્યાખ્યાનમાં અતિચાર દોષ જરૂર લાગે છે, પરંતુ પ્રત્યાખ્યાનનો સર્વથા ભંગ થતો નથી.

સ્વીકૃત વ્રતમાં આગારોનું સેવન કરવું, તે **વિચારોની શિથિલતાના પોષણ માટે નથી પરંતુ દુર્ધ્યાન રૂપ મલિન પરિણામોની નિવૃત્તિ માટે છે...**

ઉપરોક્ત આગારના કથનથી સ્પષ્ટ થાય છે કે કોઈ પણ અનુષ્ઠાનોની આરાધનામાં સમાધિભાવની અખંડતા અત્યંત જરૂરી છે.

પોરસીની જેમ સાર્ધ પોરસીના પ્રત્યાખ્યાન પણ હોય છે. તેમાં સૂર્યોદય પછી દોઢ પ્રહર સુધી ચારે પ્રકારના આહારનો ત્યાગ કરવાનો હોય છે. તેથી, સાર્ધ પોરસીના પ્રત્યાખ્યાન કરવા હોય ત્યારે **पोरसि** ની જગ્યાએ **साढ पोरिसिं** પાઠ કહેવો જોઈએ.

## પાઠ–૩ : પૂર્વાર્ધ પ્રત્યાખ્યાન–બે પોરસી પ્રત્યાખ્યાન

**१ उग्गए सूरे, पुरिमड्ढं पच्चक्खामि, चउव्विहं पि आहारं–असणं, पाणं, खाइमं, साइमं। अण्णत्थणाभोगेणं, सहसागारेणं, पच्छण्णकालेणं, दिसामोहेणं, साहुवयणेणं, महत्तरागारेणं, सव्वसमाहिवत्तियागारेणं, वोसिरामि ।**

**ભાવાર્થ :–** સૂર્યોદયથી લઈને દિવસના પૂર્વાર્ધ સુધી અર્થાત્ બે પ્રહર સુધી અનાભોગ, સહસાકાર, પ્રચ્છન્નકાલ, દિશામોહ, સાધુવચન, મહત્તરાકાર અને સર્વસમાધિપ્રત્યયાકાર, આ (સાત) આગારો સહિત અશન, પાણી, મેવા, મુખવાસ, આ ચારે ય આહારના પચ્ચક્ખાણ કરું છું.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રમાં બે પોરસી પ્રત્યાખ્યાનની કાલ મર્યાદા, તેનો વિષય તથા તેના આગારનું પ્રતિપાદન છે.

**કાલમર્યાદા તથા વિષય–** સૂર્યોદયથી લઈને દિવસના પૂર્વભાગ સુધી અર્થાત્ બે પ્રહર સુધી ચારે આહારનો ત્યાગ કરવામાં આવે છે.

**આગાર :–** બે પોરસી પ્રત્યાખ્યાનમા સાત આગાર રાખવામાં આવે છે. અનાભોગ, સહસાકાર આદિ છ આગાર પોરસી પ્રમાણે જ છે અને સાતમો આગાર 'મહત્તરાકાર' છે.

**મહત્તરાકાર :–** વિશેષ નિર્જરા વગેરેને લક્ષમાં રાખી રોગી વગેરેની સેવા માટે અથવા શ્રમણસંઘના કોઈ મહત્વપૂર્ણ કાર્ય માટે ગુરુદેવ વગેરે મહત્તર પુરુષની આજ્ઞા થવાથી નિશ્ચિત સમય પહેલા જ પચ્ચક્ખાણ પાળી લેવા. આચાર્ય સિદ્ધસેન દિવાકર સૂરિ તેનું સ્પષ્ટીકરણ કરતાં કહે છે કે–

પ્રત્યાખ્યાન પાલનથી થતી નિર્જરાની અપેક્ષાએ વિશેષ નિર્જરાના લાભ માટે, ગ્લાન સાધુ આદિની સેવા કે શાસન સેવાના અન્ય કોઈ પણ કાર્ય બીજાથી થઈ શકે તેમ ન હોય ત્યારે પોતાના વ્રતમાં ગુર્વાદિકોની આજ્ઞાથી છૂટ લેવી, તે ‘મહત્તરાકાર’ છે.

સ્વયંની સાધના પરિપક્વ બનાવવી, તે પ્રત્યેક સાધકનું કર્તવ્ય છે તેની સાથે જ સહવર્તી અન્ય સાધકોની સાધનામાં કે તેના સમાધિભાવમાં સહાયક બનવું, તે પણ સાધકનું વિશિષ્ટ કર્તવ્ય છે, તે ‘મહત્તરાકાર’ નામના આગારથી સ્પષ્ટ થાય છે.

સહવર્તી ગ્લાન, તપસ્વી કે વૃદ્ધ સાધુને અચાનક અન્યની સેવાની આવશ્યકતા હોય, અન્ય સાધુઓ તથાપ્રકારની સેવામાં સક્ષમ ન હોય અને સ્વયં તપસ્યા સહિત સેવા કરી શકે તેમ ન હોય, ત્યારે સાધકે પોતાની પ્રતિજ્ઞામાં આગારનું સેવન કરીને પણ ગ્લાનાદિની સેવાને વિશેષ મહત્વ આપવું જોઈએ, કારણ કે બે પોરસી, ઉપવાસ આદિ પચ્ચક્ખાણ બાહ્ય તપ છે અને સેવા–વૈયાવચ્ચ આભ્યંતર તપ છે. આભ્યંતર તપની સાધનાથી વિશેષતમ નિર્જરા થાય છે. આ રીતે શાસન સેવાના મહત્તમ કાર્ય માટે પણ આ આગાર–છૂટ છે. નવકારશી અને પોરસી પ્રત્યાખ્યાનમાં મહત્તરાકાર આગાર નથી કારણ કે તેનો કાળ અલ્પ છે, તેથી પચ્ચક્ખાણ પૂર્ણ કર્યા પછી પણ નિર્દિષ્ટ સેવા કાર્ય કરી શકાય છે.

પૂર્વાર્ધ પ્રત્યાખ્યાનની જેમ અપાર્દ્ધ પ્રત્યાખ્યાન હોય છે. અપાર્દ્ધ પ્રત્યાખ્યાન એટલે સૂર્યોદય પછી ત્રણ પ્રહર સુધી ચારે પ્રકારના આહાર ગ્રહણનો ત્યાગ કરવો. અપાર્દ્ધ પ્રત્યાખ્યાનમાં **पुरिमड्ढं** ના સ્થાને **अवड्ढं** શબ્દ બોલવો જોઈએ. શેષ પાઠ બંને પ્રત્યાખ્યાનના સમાન છે.

## પાઠ–૪ : એકાસણું–પ્રત્યાખ્યાન

**१ एगासणं पच्चक्खामि तिविहं पि आहारं असणं, खाइमं, साइमं, (चउव्विहं**

**पि आहारं असणं, पाणं, खाइमं, साइमं) अण्णत्थणाभोगेणं, सहसागारेणं, सागारियागारेणं, आउंटणपसारणेणं, गुरुअब्भुट्ठाणेणं, पारिट्ठावणियागारेणं, महत्तरागारेणं, सव्वसमाहिवत्तियागारेणं वोसिरामि ।**

**ભાવાર્થ :–** એકાસણા તપનો સ્વીકાર કરું છું. એકાસને ભોજન કરવા સિવાય અનાભોગ, સહસાકાર, સાગારિકાકાર, આકુંચનપ્રસારણ, ગુર્વભ્યુત્થાન, પારિષ્ઠાપનિકાકાર, મહત્તરાકાર, સર્વસમાધિપ્રત્યયાકાર, આ(આઠ) આગાર સહિત અશન, મેવા અને મુખવાસ, આ ત્રણે ય આહારોના (અશન, પાન, મેવા, મુખવાસ ચારે ય આહારના) પચ્ચક્ખાણ કરું છું.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રમાં એકાસન તપનું સ્વરૂપ તથા તેના આગારનું કથન છે.

દિવસમાં એકવાર ભોજન કરવું, તે એકાસણાનું તપ છે. 'એગાસણ' પ્રાકૃત શબ્દ છે, જેનું સંસ્કૃત રૂપાંતર બે પ્રકારે થાય છે– 'એકાશન' અને 'એકાસન. એકાશન -એકવાર ભોજન કરવું અને એકાસન- એક આસન પર બેસીને ભોજન કરવું. ' એગાસણ' માં બંને અર્થ ગ્રાહ્ય છે.

એક +અશન અર્થાત્ દિવસમાં એકવાર ભોજન કરવું, તેમાં દિવસમાં કયા સમયે ભોજન કરવું. તેનો મૂળપાઠમાં ઉલ્લેખ નથી. પ્રાચીન પરંપરા છે કે પ્રાયઃ એક પ્રહર વ્યતીત થયા પછી ભોજન કરવું કારણ કે તે પ્રમાણે કરવાથી એકાસણાની સાથે પોરસીતપનો પણ લાભ મળે છે.

એકવાર ભોજન કર્યા પછી તે પોતાની ઈચ્છા અને અનુકૂળતા પ્રમાણે ત્રણ અથવા ચાર આહારના પચ્ચક્ખાણ કરે છે. જે ત્રણ આહારના પચ્ચક્ખાણ કરે છે, તે સૂર્યાસ્ત સુધી અચેત પાણી વાપરી શકે છે અને જે ચારે આહારના પચ્ચક્ખાણ કરે છે, તે ભોજન અને પાણી એકવારમાં જ લઈ લે છે, ત્યારપછી પાણી પણ વાપરતા નથી.

એકાસણાના પ્રત્યાખ્યાન સાધુ અને શ્રાવક બંનેને માટે એક સમાન છે. એકાસણાના પ્રત્યાખ્યાન સૂત્રમાં સચેત કે અચેત આહાર લેવો, તેવું કોઈ સ્પષ્ટીકરણ નથી. તેમ છતાં શ્રાવકોએ એકવાર ભોજન કરવાની સાથે અચેત આહાર-પાણી વાપરવાનો વિવેક રાખવો લાભપ્રદ છે.

એકાસણામાં આઠ આગાર હોય છે. તેમાંથી અનાભોગ, સહસાકાર, મહત્તરાકાર અને સર્વસમાધિપ્રત્યયાકાર, આ ચાર આગારનું સ્પષ્ટીકરણ પૂર્વવત્ જાણવું, બાકીના ચારનું સ્પષ્ટીકરણ આ પ્રમાણે છે–**(૧) સાગારિકાકાર –** આ આગાર માત્ર સાધુ-સાધ્વી માટે જ છે. સાગારિક એટલે આગાર-ઘર સહિત હોય, તેવા ગૃહસ્થ. સાધુ આહાર કરવા બેસી ગયા પછી અચાનક કોઈ ગૃહસ્થ દર્શનાદિ માટે આવે તો ગૃહસ્થની સામે ભોજન કરવું, તે સાધુ–સાધ્વી માટે નિષિદ્ધ છે, તેથી એકાસણામાં આ આગારથી સાધુ-સાધ્વી ત્યાંથી ઊઠીને બીજી જગ્યાએ બેસી શકે છે. આચાર્ય જિનદાસે આવશ્યક ચૂર્ણિમાં લખ્યું છે કે આગંતુક ગૃહસ્થ જો તરત જ ચાલ્યા જવાના હોય તો થોડીવાર રાહ જોવી જોઈએ, અચાનક ઉઠીને ન જવું જોઈએ. જો ગૃહસ્થ બેસવાના હોય, તરત જવાના ન હોય તો, અલગ એકાંતમાં જઈને ભોજન કરી લેવું જોઈએ. દીર્ઘકાલ સુધી પ્રતીક્ષા કરતાં રહેવાથી સ્વાધ્યાય વગેરેમાં ક્ષતિ થાય છે.

ક્યારેક સર્પ, અગ્નિ વગેરેનો અચાનક ઉપદ્રવ થાય, તો પણ અન્ય જગ્યાએ જઈ ભોજન કરી શકાય છે. આ પ્રકારની છૂટ પણ સાગારિક નામના આગારથી જ લઈ શકાય છે.

પ્રવચન સારોદ્ધાર વૃત્તિમાં આ આગારનું અર્થઘટન ગૃહસ્થ માટે પણ કર્યું છે. કોઈ લોભી, ક્રૂર, વગેરે વ્યક્તિઓ કે જેની સામે ભોજન કરવું ઉચિત નથી તેવી વ્યક્તિઓનું ગ્રહણ 'સાગારિક'માં થાય છે, તેવી વ્યક્તિ અચાનક આવી જાય, તો ભોજન માટે એક જગ્યાએથી ઊઠીને બીજી જગ્યાએ જઈ શકાય છે.

**(૨) આકુંચનપ્રસારણં**– ભોજન સમયે વિશિષ્ટ કારણસર હાથ, પગ વગેરે અંગોને સંકોચવા કે ફેલાવવા. ઉપલક્ષણથી શરીરને આગળ-પાછળ, કરવું પડે, તો તેની છૂટ હોય છે.

**(૩) ગુર્વભ્યુત્થાન–** ગુરુજન(સાધુ-સાધ્વી) આવે તો તેઓનો સત્કાર કરવા માટે ઉભા થવું.

સામાન્ય રીતે એકાસણામાં ઊભા થવાનું વિધાન નથી. આસન પરિવર્તન થવાથી વ્રત ભંગનો દોષ લાગે છે પરંતુ ગુરુજનોના સત્કાર માટે ઉઠવામાં કોઈ દોષ નથી, તેનાથી વ્રતભંગ થતું નથી, પરંતુ વિનય ધર્મની આરાધના થાય છે. આ આગાર સાધુ અને ગૃહસ્થ બંને માટે છે.

**(૪) પારિષ્ઠાપનિકાકાર–** અન્યને સાધુને આહાર પરઠવો પડે તેમ હોય તો વાપરવાની છૂટ હોય છે. આ આગાર ગૃહસ્થ માટે નથી માત્ર સાધુ માટે જ છે. જૈન મુનિઓ તે પોતાની આવશ્યકતા પ્રમાણે જ આહાર લાવે છે, સાધુઓ વધારે આહાર લાવતા નથી તેમ છતાં ક્યારેક ભ્રાંતિવશ વધારે આહાર આવી જાય તોપણ યથાશક્ય આહાર સ્વયં વાપરી લે પરંતુ અધિક આહારથી સ્વાસ્થ્યની હાનિ થાય, ક્યારેક ગ્રહણ કરેલો આહાર ખાવા યોગ્ય ન હોય, તો સાધુ અત્યંત અનિવાર્ય સંયોગમાં તે આહાર પરઠી શકે છે.

આહાર પરઠતાં પહેલા સહવર્તી અન્ય સાધુઓને તે આહાર માટે નિમંત્રણ કરે, તેમાં કોઈ તપસ્વી સાધુ પણ ગુર્વાજ્ઞાથી તે આહારને વાપરી શકે છે. ગૃહસ્થને ત્યાંથી લાવેલો આહાર પરઠી દેવો, તે આહારનો બગાડ છે. ગૃહસ્થનો વિશ્વાસઘાત છે વગેરે અનેક પ્રકારે દોષજનક હોવાથી સાધુ યથાશક્ય આહારને પરઠે નહીં જો અન્ય સહવર્તી સાધુઓ પણ તે આહાર વાપરી શકે તેમ ન હોય, ત્યારે જ સાધુ યતના અને વિવેકપૂર્વક પરઠે. જો કોઈ સાધુને એકાસણું હોય અને અન્ય સાધુને આહાર પરઠવો પડે તેવી સ્થિતિ હોય તો સાધુ એકાસણું થઈ ગયા પછી પરઠવા યોગ્ય આહારને વાપરી શકે છે અને તે પરિષ્ઠાપનિકા આગાર કહેવાય છે.

શ્રાવક માટે **पारिट्ठावणियागार** હોતો નથી, તેથી તેણે એકાસણાના પ્રત્યાખ્યાન લેતા સમયે **पारिट्ठावणियागार** બોલવું ન જોઈએ. ગૃહસ્થના ઘરમાં ઘણા બધા લોકો માટે ભોજન તૈયાર થાય છે અને તેમાંથી ભોજન વધે તો તે રાખવામાં આવે છે, પરઠવામાં આવતું નથી અને તેનો અન્ય સમયે યોગ્ય ઉપયોગ પણ થઈ શકે છે.

વર્તમાન પરંપરામાં એકાસણાની જેમ જ બેઆસણાના પણ પ્રત્યાખ્યાન થાય છે. તેના પ્રત્યાખ્યાન પણ આ જ પાઠથી કરી શકાય છે. બેઆસણાના પચ્ચક્ખાણ સમયે મૂળપાઠમાં 'એગાસણં'ની જગ્યાએ 'બિયાસણં' બોલવું જોઈએ.

એકાસણા અને બિયાસણામાં ભોજન સમયે યથેચ્છ ચારે ય આહાર લઈ શકાય છે, પરંતુ ભોજન પછી માત્ર અચિત પાણી દિવસે લઈ શકાય છે. રાત્રિમાં ચૌવિહાર પચ્ચક્ખાણ આવશ્યક હોય છે.

## પાઠ–૫ : એકઠાણું–પ્રત્યાખ્યાન

**१** **एक्कासणं एगट्ठाणं पच्चक्खामि चउव्विहं पि आहारं असणं पाणं खाइमं साइमं अण्णत्थणाभोगेणं, सहसागारेणं, सागारियागारेणं, गुरुअब्भुट्ठाणेणं, पारिट्ठावणियागारेणं, महत्तरागारेणं, सव्वसमाहिवत्तियागारेणं वोसिरामि ।**

**ભાવાર્થ :–** એકાશન રૂપ એકસ્થાન વ્રતને ગ્રહણ કરું છું, અનાભોગ, સહસાકાર, સાગારિકાકાર, ગુર્વભ્યુત્થાન, પારિષ્ઠાપનિકાકાર, મહત્તરાકાર અને સર્વ સમાધિપ્રત્યયાકાર આ (સાત) ઉક્ત સાત આગાર સહિત અશન, પાણી, ફળ, મેવા અને મુખવાસ, આ ચારે ય આહારના પચ્ચક્ખાણ કરું છું.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રમાં એકટ્ઠાણું-એકસ્થાન પ્રત્યાખ્યાનનું સ્વરૂપ તથા તેના આગારનું પ્રતિપાદન છે. એકસ્થાનાન્તર્ગત 'સ્થાન' શબ્દ 'સ્થિતિ' વાચક છે. એક જ સ્થિતિમાં બેસીને એકવાર ભોજન કરવું. 'જમણો હાથ અને મોઢા સિવાય બીજા અંગો હલાવ્યા વિના દિવસમાં એક જ વાર, એક જ આસન પર બેસી ભોજન કરવું.' અર્થાત્ ભોજન શરૂ કરવા સમયે જે સ્થિતિ હોય, જે અંગ વિન્યાસ હોય, જે આસન હોય, તે જ સ્થિતિ અને આસનમાં બેસીને ભોજન પૂર્ણ કરવું.

એકસ્થાનની વિધિ એકાસણા જેવી હોય છે. કેવળ હાથ, પગ વગેરેના આકુંચન-પ્રસારણનો આગાર રહેતો નથી. એકાસાણામાં આઠ આગાર હોય, એકઠાણામાં સાત આગાર હોય છે. **आउंटणं पसारणा नत्थि, सेसं जहा एक्कासणाए** –આવશ્યક વૃતિ. આ એકસ્થાન તપમાં ભોજન સાથે જ પાણીનું સેવન પણ ત્યારે જ પૂર્ણ થઈ જાય છે. એકવારના ભોજન પછી ચારે પ્રકારના આહારનો ત્યાગ હોય છે.

## પાઠ–૬ : આયંબિલ–પ્રત્યાખ્યાન

**१** **आयंबिलं पच्चक्खामि(चउव्विहं पि आहारं असणं पाणं खाइमं साइमं, અથવા तिविहं पि आहारं असणं खाइमं साइमं) अण्णत्थणाभोगेणं, सहसारागेणं, लेवालेवेणं, उक्खित्तविवेगेणं, गिहित्थसंसट्ठेणं पारिट्ठावणियागारेणं, महत्तरागारेणं, सव्वसमाहिवत्तियागारेणं वोसिरामि ।**

**ભાવાર્થ :–** આજના દિવસે આયંબિલ તપનો સ્વીકાર કરું છું. અનાભોગ, સહસાકાર, લેપાલેપ, ઉત્ક્ષિપ્ત વિવેક, ગૃહસ્થ સંસૃષ્ટ, પારિષ્ઠાપનિકાગાર, મહત્તરાગાર, સર્વસમાધિ પ્રત્યયાકાર, આ(આઠ) આગાર સિવાય અનાચામ્લ આહારનો ત્યાગ કરું છું.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રમાં આચામ્લ–આયંબિલ તપ અને તેના આગારનું નિરુપણ છે.

**આયંબિલ તપ :–** આ તપમાં દિવસમાં એકવાર રુક્ષ, નીરસ તથા વિગય રહિત આહાર જ ગ્રહણ કરવામાં આવે છે. તેમાં દૂધ, દહીં, ઘી, તેલ, ગોળ, સાકર, મીઠાઈ તથા પકવાન વગેરે કોઈપણ પ્રકારના

સ્વાદિષ્ટ ભોજનનો નિષેધ હોય છે, તેથી પ્રાચીન આચાર ગ્રંથોમાં ભાત, અડદ અથવા સત્તુ વગેરેમાંથી કોઈ એક પદાર્થ દ્વારા જ આયંબિલ કરવાનો ઉલ્લેખ પ્રાપ્ત થાય છે.

વ્યાખ્યાકારના કથનાનુસાર **आयामः अवशायनं आम्लं- चतुर्थरसः, ताभ्या निवृतं आयामाम्लम् इदं चोपाधिभेदात् त्रिविधं भवति, ओदनः, कुल्माषाः सत्कवश्चैव ।** પાંચ પ્રકારના રસમાંથી ચોથા આમ્લ–ખાટા રસ રહિત ઉપલક્ષણથી સર્વ પ્રકારના સ્વાદિષ્ટ ભોજનનો ત્યાગ કરીને ઓદન, અડદ આદિ કોઈ પણ નીરસ ભોજન એક વાર કરવું, તે આયંબિલ તપ છે.

એકાસણા અને એકસ્થાનની અપેક્ષાએ આયંબિલનું મહત્વ વિશેષ છે. એકાસણા અને એકસ્થાનમાં તો એકવારના ભોજનમાં ઇચ્છાનુસાર ષટ્રસપૂર્ણ ભોજન પણ લઈ શકાય છે, પરંતુ આયંબિલમાં એકવાર ભોજનમાં કેવળ બાફેલા અડદ, ભાત આદિ નીરસ આહાર જ લઈ શકાય છે. આયંબિલ તપમાં રસેન્દ્રિય વિજયની મુખ્યતા છે.

નિર્યુક્તિ અને વ્યાખ્યાગ્રંથોમાં આયંબિલ પ્રત્યાખ્યાન સૂત્રમાં ઉપરોક્ત પાઠ જ પ્રાપ્ત થાય છે. પરંતુ કેટલી હસ્તલિખિત અને મુદ્રિત પ્રતોમાં **आयंबिलं पच्चक्खामि** પછી ચારે આહારના ત્યાગ રૂપ **असणं, पाणं, खाइमं, साइमं** તથા ત્રણ આહારના ત્યાગ રૂપ **असणं, खाइमं, साइमं** પાઠ ઉપલબ્ધ છે. અર્થાત્ એકવારના નીરસ ભોજન પછી સાધક પોતાની ઈચ્છાનુસાર ત્રણ કે ચાર આહારના પચ્ચક્ખાણ લઈ શકે છે. જો ચારે આહારના પચ્ચક્ખાણ કરે, તો વિગય રહિત નિરસ ભોજન-પાણી બંને એકવારમાં ગ્રહણ થઈ જાય છે અને ત્રણ આહારના પચ્ચક્ખાણ કરે, તો એકવારના નીરસ ભોજન પછી સૂર્યાસ્ત સુધી અચેત પાણી વાપરી શકાય છે. સાધક પોતાની ઈચ્છા અને અનુકૂળતા પ્રમાણે પચ્ચક્ખાણ ગ્રહણ કરે છે. વર્તમાન પરંપરામાં આયંબિલ પ્રત્યાખ્યાન સૂત્રમાં ત્રણ આહારના ત્યાગ રૂપ **असणं, खाइमं, साइमं** શબ્દોનું ઉચ્ચારણ થાય છે.

આયંબિલના પચ્ચક્ખાણમાં આઠ આગાર કહ્યા છે. તે આઠમાંથી અનાભોગ, સહસાકાર, પરિષ્ઠાપનિકાકાર, મહત્તરાકાર અને સર્વસમાધિપ્રત્યયાકાર, આ પાંચ આગારનું સ્પષ્ટીકરણ પૂર્વવત્ જાણવું. ત્રણ આગારનું સ્પષ્ટીકરણ આ પ્રમાણે છે–

**(૧) લેપાલેપ–** આ આગાર દાતાથી સંબંધિત છે. દાતા જે વાસણથી આયંબિલનો આહાર વહોરાવવા ઈચ્છે તે વાસણ અથવા તેના હાથ ઘી-ગોળ આદિ પદાર્થથી ખરડાયેલા હોય અને તેને તત્કાલ લૂછીને ભિક્ષા આપે તો પણ તેમાં કિંચિત લેપ રહેવાની શક્યતા હોય છે, તેના માટે આ આગાર છે. ઉક્ત પ્રકારે આયંબિલનો આહાર, ભાત, અડદ આદિ ગ્રહણ કરાય તો આયંબિલ વ્રતનો ભંગ થતો નથી.

'લેપાલેપ' શબ્દમાં લેપ અને અલેપ બંનેનો સમાવેશ થાય છે. લેપ એટલે પહેલાથી ઘી આદિથી લેપાયેલું અને અલેપ એટલે પછી તેને લૂછીને અલિપ્ત કરી દીધું હોય. લૂંછવા છતાં તેમાં તેનો અંશ રહી ગયો હોય છે. તત્સંબંધી આગાર છે.

**(૨) ઉત્ક્ષિપ્ત વિવેક–** ચોખા તથા રોટલી વગેરે આયંબિલમાં ગ્રહણ કરવા યોગ્ય ખાદ્ય પદાર્થ પર ગોળ તથા સાકર વગેરે વિગય પહેલેથી જ રાખેલા હોય, આચામ્લવ્રતધારી મુનિને જો કોઈ વિગય પદાર્થને ઉપાડીને રોટલી વગેરે દેવા ઈચ્છે તો ગ્રહણ કરી શકાય છે. ઉત્ક્ષિપ્તનો અર્થ છે ઉપાડવું અને વિવેકનો અર્થ ઉપાડયા પછી તેનો સ્વાદ વગેરે રહે નહીં તેવા પદાર્થો લેવા. સંક્ષેપમાં આયંબિલમાં ગ્રાહ્ય વસ્તુની સાથે જો

ગોળ વગેરે વિગયરૂપ અગ્રાહ્ય દ્રવ્યનો સ્પર્શ થાય અને તેનો નામમાત્ર લેપ લાગેલો રહે, ગ્રાહ્ય પદાર્થોમાં ગોળ આદિ પદાર્થો એકમેક થયા ન હોય, તો તેને કાઢીને આહાર ગ્રહણ કરવામાં વ્રતભંગ થતો નથી. જેમ કે– ખાખરાની ઉપર રહેલા સાકરના ટુકડા ઉપાડીને ગૃહસ્થ ખાખરા આપે, તો તે ગ્રહણ કરી શકાય છે.

**(૩) ગૃહસ્થ સંસૃષ્ટ–** ગૃહસ્થના હાથ કે કડછી ઘી ગોળ આદિથી ખરડાયેલા હોય અને તેનાથી જ વહોરાવે, તો તે ગૃહસ્થ સંસૃષ્ટ કહેવાય. ઉપરોકત વિવેચન પ્રમાણે લેપાલેપ, ઉત્ક્ષિપ્તવિવેક, ગૃહસ્થ સંસૃષ્ટ આ ત્રણે આગાર સાધુ માટે જ છે, ગૃહસ્થ માટે આ આગારની જરૂર નથી તેમ છતાં શ્રમણભૂત શ્રાવકને માટે પણ આ આગાર લાગુ પડે છે. સાધુનુ જીવન પરાશ્રિત અને શુદ્ધ ગવેષણાવાળું છે તેને માટે આ આગારો આવશ્યક થાય છે.

## પાઠ–૭ : અભક્તાર્થ–ઉપવાસ પ્રત્યાખ્યાન

**૧ उग्गए सूरे, अभत्तट्ठं पच्चक्खामि, चउव्विहं पि आहारं-असणं, पाणं, खाइमं, साइमं । अण्णत्थणाभोगेणं, सहसागारेणं, पारिट्ठावणियागारेणं, महत्तरागारेणं, सव्वसमाहिवत्तियागारेणं, वोसिरमि ।**

**ભાવાર્થ :–** (બીજા દિવસના) સૂર્યોદય સુધી અભક્તાર્થ – ઉપવાસ ગ્રહણ કરું છું અનાભોગ, સહસાકાર, પારિષ્ઠાપનિકાકાર, મહત્તરાકાર, સર્વસમાધિ પ્રત્યયાકાર આ (પાંચ) આગારો સહિત અશન, પાણી, મેવા, મુખવાસ, આ ચારે ય આહારનો ત્યાગ કરું છું.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રમાં ઉપવાસ તપનું સ્વરૂપ, તેની કાલમાર્યાદા તથા તેના આગારનું પ્રતિપાદન છે.

**ઉપવાસ–** ભક્ત – ભોજન, અર્થ – પ્રયોજન, અ – નહીં. આ ત્રણે ય પદનો સંયુક્ત અર્થ છે– ભોજનનું પ્રયોજન જેમાં નથી તેવું વ્રત અર્થાત્ ઉપવાસ.

આગમ ગ્રંથોમાં એક ઉપવાસ માટે **चउत्थभत्तं**, બે ઉપવાસ માટે **छट्ठभत्तं**, ત્રણ ઉપવાસ માટે **अट्ठमभत्तं** પાઠ પ્રાપ્ત થાય છે. કેટલાક વિદ્વાનો દિવસના બે ભક્તના હિસાબે ઉપવાસના દિવસના બે અને પૂર્વ–પશ્ચાત્‌ના દિવસના એક-એક એમ ચાર ભક્ત(ચાર ભોજન)ના ત્યાગનું કથન કરે છે, પણ તેમ અર્થ કરવો ઉચિત નથી કારણ કે શ્રી અંતગડદશાંગ આદિ સૂત્રોમાં ત્રીસ દિવસના ઉપવાસમાં 'સઠ્ઠિભત્તં' પાઠ પ્રાપ્ત થાય છે. **चउत्थभत्तं** વગેરે શબ્દપ્રયોગ કેવળ પ્રાચીન રુઢ સંજ્ઞાઓ જ છે.

ચૌવિહાર અને તિવિહારના રૂપમાં ઉપવાસના બે પ્રકાર થાય છે. ચૌવિહાર ઉપવાસનો પાઠ મૂળ સૂત્રમાં આપ્યો છે. સૂર્યોદયથી લઈને બીજા દિવસે સૂર્યોદય સુધી ચારે ય આહારનો ત્યાગ કરવો, તે **ચૌવિહાર ઉપવાસ** કહેવાય છે. તિવિહાર ઉપવાસ કરવો હોય તો પાણીનો આગાર રાખી શેષ ત્રણે ય આહારનો ત્યાગ કરવો જોઈએ. **તિવિહાર ઉપવાસ**ની પ્રતિજ્ઞામાં **'तिविहं पि आहारं–असणं, खाइमं, साइमं'** પાઠ કહેવો જોઈએ.

આ રીતે ઉપવાસની કાલમર્યાદા એક દિવસના સૂર્યોદયથી બીજા દિવસના સૂર્યોદય સુધીની છે.

**આગાર–** ઉપવાસમાં અનાભોગ, સહસાકાર, પરિષ્ઠાપનિકાકાર, મહત્તરાકાર, સર્વસમાધિ પ્રત્યયાકાર,

આ પાંચ આગાર છે. તેનું સ્પષ્ટીકરણ પૂર્વવત્ જાણવું.

પંડિત પ્રવર સુખલાલજીએ પંચપ્રતિક્રમણ સૂત્રમાં પારિષ્ઠાપનિકાગાર વિષયમાં લખ્યું છે કે સાધુને પરઠવાનો પ્રસંગ આવે, ત્યારે પચ્ચક્ખાણ હોવા છતાં આગારની પરિસ્થિતિમાં ચૌવિહારા ઉપવાસમાં પાણી, તિવિહારા ઉપવાસમાં અન્ન અને પાણી તથા આયંબિલમાં વિગય, અન્ન અને પાણી લઈ શકે છે.

તિવિહારા ઉપવાસમાં પાણી લઈ શકાય છે. તેથી તેના પ્રત્યાખ્યાનમાં જળ સંબંધી છ આગારનું પણ કથન કરવું જોઈએ '**पाणस्स लेवाडेण वा, अलेवाडेण वा, अच्छेण वा, बहलेण वा, ससित्थेण वा, असित्थेण वा वोसिरामि ।**' આવશ્યક વૃત્તિ

ઉક્ત જળ સંબંધી આગારોનો ભાવાર્થ આ મુજબ છે– (૧) લેપકૃત– દાળ, ભાત વગેરે ધોયેલું પાણી તથા આંબલી, ખજૂર, દ્રાક્ષ વગેરેનું પાણી, જે પાણીનો લેપ પાત્રમાં લાગે છે. (૨) અલેપકૃત– છાશની પરાશ વગેરેનું પાણી અલેપકૃત કહેવાય છે, જેનો લેપ પાત્રામાં ન લાગે, તે અલેપકૃત પાણી છે. (૩) અચ્છ– સ્વચ્છ. ગરમ કરેલું સ્વચ્છ પાણી જ 'અચ્છ' શબ્દથી ગ્રાહ્ય છે. આચાર્ય સિદ્ધસેન સૂરિ તેનો અર્થ ઉષ્ણોદકાદિ કરે છે. (૪) બહલ– બાફેલા તલ, ભાત અને જવ આદિનું ચીકાસયુક્ત પાણી બહલ કહેવાય છે. બહલના સ્થાને કેટલાક આચાર્ય બહુલેપ શબ્દનો પ્રયોગ પણ કરે છે. (૫) સસિક્થ– લોટ વગેરેથી લેપાયેલા હાથ તથા પાત્રનું ધોવણ જેમાં સિક્થ અર્થાત્ લોટ વગેરેના કણ પણ હોય, તે પાણી. (૬) અસિક્થ– લોટ વગેરેથી લિપ્ત હાથ તથા પાત્ર વગેરેનું ધોવણ જે ગાળેલું હોય, જેમાં લોટના કણ ન હોય તે પાણી, આ છ એ પ્રકારના પાણી તિવિહારા ઉપવાસમાં લઈ શકાય છે.

## પાઠ–૮ : દિવસ ચરિમ પ્રત્યાખ્યાન

**१ दिवसचरिमं पच्चक्खामि, चउव्विहं पि आहारं–असणं, पाणं, खाइमं, साइमं । अण्णत्थणाभोगेणं, सहसागारेणं, महत्तरागारेणं, सव्व समाहिवत्तियागारेणं वोसिरामि ।**

**ભાવાર્થ :–** દિવસ ચરિમનું વ્રત ગ્રહણ કરું છું. અનાભોગ, સહસાગાર, મહત્તરાગાર અને સર્વસમાધિ પ્રત્યયાકાર આગાર, આ (ચાર) આગાર સહિત અશન, પાણી, મેવા, મુખવાસ, આ ચારે ય આહારનો ત્યાગ કરું છું.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રમાં દિવસ ચરિમ પ્રત્યાખ્યાનનું સ્વરૂપ તથા તેના આગારનું કથન છે.

ચરમ – અંતિમ ભાગ. તેના બે ભેદ છે– (૧) દિવસનો અંતિમ ભાગ (૨) ભવચરિમ અર્થાત્ આયુષ્યનો અંતિમ ભાગ.

દિવસના અંતે જે પ્રત્યાખ્યાન કરવામાં આવે તેને દિવસચરિમ પ્રત્યાખ્યાન કહે છે. સૂર્યાસ્ત થાય ત્યારપછી બીજા દિવસે સૂર્યોદય થાય, ત્યાં સુધી ચાર આહારનો ત્યાગ કરવો, તે દિવસ ચરિમ પ્રત્યાખ્યાન છે. સાધક પોતાની અનુકૂળતા પ્રમાણે સાંજે દિવસ હોય, ત્યાં જ આહાર-પાણીથી નિવૃત થઈ જાય ત્યારે આ પ્રત્યાખ્યાનને ધારણ કરે છે. દિવસ ચરિમ પ્રત્યાખ્યાન એકાસણા વગેરેમાં પણ ગ્રહણ કરી શકાય છે.

ત્યાર પછી તે સાધક પાણીનો ત્યાગ કરે છે. એકાસણામાં એકવારના ભોજન પછી ભોજનનો ત્યાગ હોય છે પરંતુ એકાસણામાં આઠ આગાર છે અને દિવસ ચરિમ પ્રત્યાખ્યાનમાં ચાર જ આગાર છે. આ રીતે એકાસણાના પચ્ચક્ખાણ કર્યા હોય, તો પણ દિવસ ચરિમ પચ્ચક્ખાણ કરવાથી આગારનો સંક્ષેપ થવાથી એકાસણાથી વિશેષ લાભ થાય છે.

આયુષ્યની અંતિમ ઘડીઓમાં યાવજ્જીવન માટે ત્રણ કે ચાર આહારનો ત્યાગ કરીને સંથારાની આરાધના કરવી, તે **ભવચરિમ** પ્રત્યાખ્યાન છે.

દિવસ ચરિમ અને ભવચરિમ, બંને પ્રકારના પ્રત્યાખ્યાનમાં ત્રણ અથવા ચાર આહારના પ્રત્યાખ્યાન કરી શકાય છે. તેમાં અનાભોગ-અજાણતાં, સહસાકાર-અચાનક, મહત્તરાગાર-વડિલોના કહેવાથી અને સર્વ સમાધિ પ્રત્યયાકાર-સર્વ પ્રકારે સમાધિભાવ જાળવી રાખવા માટે, આ ચાર આગાર હોય છે.

## પાઠ–૯ : અભિગ્રહ સૂત્ર

**१ अभिग्गहं पच्चक्खामि चउव्विहं पि आहारं असणं, पाणं, खाइमं, साइमं। अण्णत्थणाभोगेणं, सहसागारेणं, महत्तरागारेणं, सव्व समाहिवत्तियागारेणं वोसिरामि।**

**ભાવાર્થ :–** અભિગ્રહનું વ્રત ગ્રહણ કરું છું. અનાભોગ, સહસાકાર, મહત્તરાકાર અને સર્વ સમાધિ પ્રત્યયાકાર આ(ચાર) આગાર સહિત અભિગ્રહપૂર્તિ ન થાય ત્યાં સુધી(સંકલ્પિત સમય સુધી) અશન, પાણી, મેવા, મુખવાસ, ચારે ય આહારનો ત્યાગ કરું છું.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રમાં અભિગ્રહ પ્રત્યાખ્યાનનું સ્વરૂપ તથા તેના આગારનું પ્રતિપાદન છે.

ઉપવાસ વગેરે તપ પછી અથવા કોઈ પણ તપ વિના પોતાના મનમાં નિશ્ચિત પ્રતિજ્ઞા કે સંકલ્પ કરવો કે સંકલ્પ સિદ્ધ થયા પછી જ આહાર ગ્રહણ કરીશ, અન્યથા ઉપવાસ, છઠ્ઠ-અઠ્ઠમ વગેરે સંકલ્પિત દિવસો સુધી આહાર ગ્રહણ કરીશ નહીં. આ પ્રકારની પ્રતિજ્ઞાને અભિગ્રહ કહે છે. સાધક પોતાની શક્તિ અનુસાર સંકલ્પિત સમય સુધીના પ્રત્યાખ્યાન કરે છે. સંકલ્પિત સમય પછી અભિગ્રહ પૂર્ણ ન થાય તોપણ આહાર(પારણું) કરી શકે છે અને સંકલ્પિત સમય પહેલાં જ અભિગ્રહ પૂર્ણ થઈ જાય તો તે ત્યારે જ આહાર ગ્રહણ કરી શકે છે– જેમ કે કોઈએ અભિગ્રહ કર્યો કે મને હાથી પોતાની સૂંઢથી કંઈક વહોરાવે તો હું આહાર ગ્રહણ કરીશ અન્યથા માસખમણ કરીશ. આ અભિગ્રહ કર્યા પછી જો બીજે જ દિવસે કોઈ હાથી સામે મળી જાય અને પોતાની સૂંઢ લાંબી કરીને કોઈ પદાર્થ આપે તો તે સાધુ તુરંત જ તે વસ્તુ ગ્રહણ કરીને પારણું કરી શકે, પછી તેને માસખમણ કરવાની આવશ્યકતા નથી. જો તેવો સંયોગ પ્રાપ્ત ન થાય, તો તે સાધુ પોતાના સંકલ્પ પ્રમાણે માસખમણ કરીને પછી પારણું કરે છે.

અભિગ્રહ પ્રત્યાખ્યાનમાં અભિગ્રહ પૂર્ણ થયા પહેલાં પોતાના અભિગ્રહને કોઈની સમક્ષ પ્રકટ ન કરવો જોઈએ. અભિગ્રહ પ્રત્યાખ્યાન ધીર, ગંભીર અને શૂરવીર સાધક જ કરી શકે છે. અભિગ્રહ પૂર્ણ ન થાય, ત્યાં સુધી સમભાવપૂર્વક ધીરજ રાખવી અત્યંત જરૂરી છે. અભિગ્રહપૂર્તિ માટે ચિત્ત ચંચળ બની જાય કે આર્તધ્યાનના મલિન પરિણામો આવી જાય, તો પ્રત્યાખ્યાન સફળ થતાં નથી, તેથી પ્રત્યેક સાધકે બીજાની દેખાદેખીને

છોડીને પોતાની ક્ષમતાનો વાસ્તવિકપણે વિચાર કરીને જ અભિગ્રહ પ્રત્યાખ્યાન કરવા જોઈએ.

અભિગ્રહના પ્રત્યાખ્યાનમાં અનાભોગ આદિ ચાર આગાર છે. તેનું સ્વરૂપ પૂર્વવત્ જાણવું.

## પાઠ–૧૦ : નિર્વિકૃતિક પ્રત્યાખ્યાન

**૧ णिव्विगइयं पच्चक्खामि, अण्णत्थणाभोगेणं, सहसागारेणं, लेवालेवेणं, गिहत्थसंसट्ठेणं, उक्खित्तविवेगेणं, पडुच्चमक्खिएणं, परिट्ठावणियागारेणं, महत्तरागारेण, सव्वसमाहिवत्तियागारेणं वोसिरामि ।**

**ભાવાર્થ :–** વિગયના પચ્ચક્ખાણ કરું છું. અર્થાત્ વિગય રહિત આહાર ગ્રહણ કરવાનું તપ અંગીકાર કરું છું. તેમાં અનાભોગ, સહસાકાર, લેપાલેપ, ગૃહસ્થસંસૃષ્ટ, ઉત્ક્ષિપ્તવિવેક, પ્રતીત્યમુક્ષિત, પારિષ્ઠા-પનિકાગાર, મહત્તરાકાર, સર્વસમાધિ પ્રત્યયાકાર આ (નવ) આગારો સહિત વિગયોનો પરિત્યાગ કરું છું.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રમાં નિર્વિકૃતિક તપનું સ્વરૂપ તથા તેના આગારોનું નિરુપણ છે.

**णिव्विगइयं**ના બે સંસ્કૃત રૂપાંતર થાય છે. **નિર્વિકૃતિક**–નિર્વિકૃતિ અને **નિર્વિગત્તિક**–નિર્વિગતિ ઘી, તેલ આદિ પદાર્થો વિકાર-વિકૃતિનું નિમિત્ત હોવાથી વિકૃતિ કહેવાય છે. ઘી આદિથી યુક્ત ગરિષ્ટ આહાર વિગતિ-દુર્ગતિનું કારણ હોવાથી, તે વિગતિ કહેવાય છે. વિકૃતિરૂપ અથવા વિગતિરૂપ ઘી, તેલ આદિ વિગયના ત્યાગને **निव्विगइयं** નિર્વિકૃતિક પ્રત્યાખ્યાન કહે છે.

તેમાં ઘી, તેલ, દૂધ, દહીં ગોળ અને સાકર આદિ સર્વે વિગયોનો ત્યાગ હોય છે. વિગયોનો જ ત્યાગ હોવાથી મહાવિગયોનો ત્યાગ તો સહજ થઈ જાય છે. આ તપમાં વિગય સિવાયના પદાર્થોના પ્રત્યાખ્યાન નથી. તેમ છતાં આ વિશિષ્ટ તપ રૂપ પ્રત્યાખ્યાન છે, તેથી તેમાં ફળ-મેવા અને મુખવાસનો ત્યાગ હોય છે.

નિર્વિકૃતિક તપના નવ આગાર છે. તેમાંથી અનાભોગ, સહસાકાર, લેપાલેપ, ગૃહસ્થ સંસૃષ્ટ, ઉત્ક્ષિતવિવેક, પારિષ્ઠાપનિક, મહત્તરાગાર અને સર્વસમાધિ પ્રત્યયાકાર, આ આઠ આગારોનું વર્ણન પૂર્વવત્ જાણવું. **પ્રતીત્યમ્રક્ષિત** – ચોપડેલું. પ્રતીત્ય મ્રક્ષિત એટલે સારી રીતે ચોપડેલું ન હોય, નામમાત્ર જ ચોપડેલું હોય તેવા પદાર્થો. ગૃહસ્થે જે પદાર્થમાં પહેલાથી જ અત્યલ્પ વિગય મિશ્રિત કર્યું હોય, જેમ કે– કેટલાક લોકો રોટલી માટે લોટ બાંધીને તેના ઉપર ઘી ચોપડીને રાખી મૂકે અને થોડીવાર પછી રોટલી કરે છે. કેટલાક લોકો ભાતનું ઓસામણ કાઢીને તરત જ તેમાં નામમાત્ર ઘી નાંખી દે છે. આવા પદાર્થો ગ્રહણ કરવા, તે પ્રતીત્ય મ્રક્ષિત આગાર છે. સાધુ-સાધ્વી નિર્દોષ આહારની ગવેષણા કરતા હોય ત્યારે તેને સહજ આવા પદાર્થ મળે તો તેના દ્વારા નિર્વિકૃતિક તપ કરી શકે છે.

**ઉત્ક્ષિપ્ત વિવેક–** ગૃહસ્થે વિગય રહિત ગ્રાહ્ય પદાર્થો પર વિગય રાખેલું હોય, તો વિવેકપૂર્વક તે વિગયને દૂર કરીને તે પદાર્થ લઈ શકાય છે.

વિગયના બે પ્રકાર છે. ઘી, તેલ આદિ પ્રવાહીરૂપ વિગય છે અને ગોળ આદિ અપ્રવાહી રૂપ વિગય છે. ઉત્ક્ષિપ્ત વિવેકમાં ઘી, તેલ આદિ પ્રવાહીરૂપ વિગયનો આગાર નથી પરંતુ ગોળ, સાકર વગેરે અપ્રવાહીરૂપ વિગયનો આગાર હોય છે.

## દશ પ્રત્યાખ્યાનમાં આગાર :–

| આગાર | નવકારશી | પોરસી | બે પોરસી | એકાસણુ | એકઠાણું | આયંબિલ | ઉપવાસ | દિવસ ચરિમ | નિર્વિકૃતિક | અભિગ્રહ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| (૧) અનાભોગ | ✓ | ✓ | ✓ | ✓ | ✓ | ✓ | ✓ | ✓ | ✓ | ✓ |
| (૨) સહસાકાર | ✓ | ✓ | ✓ | ✓ | ✓ | ✓ | ✓ | ✓ | ✓ | ✓ |
| (૩) પ્રચ્છન્ન કાલ | × | ✓ | ✓ | × | × | × | × | × | × | × |
| (૪) દિશામોહ | × | ✓ | ✓ | × | × | × | × | × | × | × |
| (૫) સાધુ વચન | × | ✓ | ✓ | × | × | × | × | × | × | × |
| (૬) મહત્તરાગાર | × | × | ✓ | ✓ | ✓ | ✓ | ✓ | ✓ | ✓ | ✓ |
| (૭) સાગારિકાગાર | × | × | × | ✓ | ✓ | × | × | × | × | × |
| (૮) આકુચન–પ્રસારણ | × | × | × | ✓ | × | × | × | × | × | × |
| (૯) ગુર્વભ્યુત્થાન | × | × | × | ✓ | ✓ | × | × | × | × | × |
| (૧૦) પરિષ્ઠાપનાકાર | × | × | × | ✓ | ✓ | ✓ | ✓ | × | ✓ | × |
| (૧૧) સર્વ સમાધિ પ્રત્યયાકાર | × | ✓ | ✓ | ✓ | ✓ | ✓ | ✓ | ✓ | ✓ | ✓ |
| (૧૨) લેપાલેપ | × | × | × | × | × | ✓ | × | × | ✓ | × |
| (૧૩) ઉત્ક્ષિપ્તવિવેક | × | × | × | × | × | ✓ | × | × | ✓ | × |
| (૧૪) ગૃહસ્થ સંસૃષ્ટ | × | × | × | × | × | ✓ | × | × | ✓ | × |
| (૧૫) પ્રતીત્યમ્રક્ષિત | × | × | × | × | × | × | × | × | ✓ | × |
| કુલ | ૨ | ૬ | ૭ | ૮ | ૭ | ૮ | ૫ | ૪ | ૯ | ૪ |

**પ્રત્યાખ્યાન શુદ્ધિ :–**

આ દશે પ્રકારના પ્રત્યાખ્યાનની પૂર્ણ શુદ્ધિ માટે નિર્યુક્તિ અને વ્યાખ્યાગ્રંથમાં છ પ્રકારની શુદ્ધિનું કથન કર્યું છે.

**૨** **सा पुन सद्दहण जाणणा य विनयानुभासणा चेव ।**
**अनुपालना विसोही भावविसोही भवे छट्ठा ॥निर्युक्ति–१५८५**

**ભાવાર્થ :–** (૧) શ્રદ્ધા શુદ્ધિ, (૨) જ્ઞાનશુદ્ધિ, (૩) વિનય શુદ્ધિ, (૪) અનુભાષણ શુદ્ધિ, (૫) અનુપાલન શુદ્ધિ અને (૬) ભાવ વિશુદ્ધિ.

**(૧) શ્રદ્ધાશુદ્ધિ–** પ્રત્યાખ્યાનનો ઉપદેશ સર્વજ્ઞકથિત છે, તે નિર્જરાનું કારણ છે તેવી શ્રદ્ધાપૂર્વક પ્રત્યાખ્યાનનો સ્વીકાર કરવો, તે શ્રદ્ધાશુદ્ધિ છે.

**(૨) જ્ઞાનશુદ્ધિ–** પ્રત્યાખ્યાનનું સ્વરૂપ, તેની કાલ મર્યાદા, તેના આગાર વગેરે વિષયોનું યથાર્થ જ્ઞાન પ્રાપ્ત કર્યા પછી જ પ્રત્યાખ્યાનનો સ્વીકાર કરવો, તે જ્ઞાનશુદ્ધિ છે. જ્ઞાનપૂર્વકના પ્રત્યાખ્યાન જ સુપ્રત્યાખ્યાન કહેવાય છે અને તે જ સફળ થાય છે.

**(૩) વિનયશુદ્ધિ–** ગુર્વાદિકોને વિધિપૂર્વક વંદન કરીને, મન, વચન, કાયાના અશુભ યોગનો નિગ્રહ કરીને આદરપૂર્વક પ્રત્યાખ્યાનનો સ્વીકાર કરવો, તે વિનયશુદ્ધિ છે.

**(૪) અનુભાષણશુદ્ધિ–** પ્રત્યાખ્યાન સૂત્રનું ઉચ્ચારણ સ્વર-વ્યંજનની શુદ્ધિ પૂર્વક કરવું તથા પ્રત્યાખ્યાનના સ્વીકાર સમયે ગુરુ **वोसिरेह** શબ્દનું ઉચ્ચારણ કરે, ત્યારે તુરંત જ સ્વયં **वोसिरामि** શબ્દનું ઉચ્ચારણ કરવું, તે અનુભાષણશુદ્ધિ છે.

**(૫) અનુપાલનશુદ્ધિ–** સ્વીકૃત પ્રત્યાખ્યાનનું વિકટ પરિસ્થિતિમાં પણ યથાર્થ રીતે પાલન કરવું, જેમ કે સાધુને માટે આધાકર્મી આહારનો નિષેધ છે, તો ગામમાં કે જંગલમાં તે નિયમનું સમાન ભાવે પાલન કરવું, તેમાં છૂટ ન લેવી, તે અનુપાલનશુદ્ધિ છે.

**(૬) ભાવશુદ્ધિ–** જે શ્રદ્ધાથી અને ભાવવિશુદ્ધિથી પ્રત્યાખ્યાનનો સ્વીકાર કર્યો હોય, તેવી જ ભાવવિશુદ્ધિ અંત સમય સુધી રાખવી. રાગ-દ્વેષ, અભિમાન આદિ મલિન ભાવો પ્રત્યાખ્યાનને દૂષિત બનાવે છે. તેમ જાણીને ભાવશુદ્ધિ રાખવી.

પ્રત્યાખ્યાનની પૂર્ણતઃ સફળતા માટે ઉપરોક્ત છ પ્રકારની શુદ્ધિ આવશ્યક છે.

સાધક છ પ્રકારની શુદ્ધિ સહિત પ્રત્યાખ્યાનનું પાલન કરે, તોપણ મર્યાદિત કાલના પ્રત્યાખ્યાન પૂર્ણ થતાં, તેમાં લાગેલા અતિચારોની આલોચના કરવી જરૂરી છે. તેના માટે પૂર્વાચાર્યોએ પ્રત્યાખ્યાન પારવા(પૂર્ણ કરવા) સંબંધી સૂત્રનું કથન કર્યું છે.

**પ્રત્યાખ્યાન પાળવા સંબંધી સૂત્ર–**

**३** **उग्गएसूरे नमुक्कार सहियं..... पच्चक्खाणं कयं । तं पच्चक्खाणं सम्मं काएण फासियं, पालियं, तीरियं, किट्टियं, सोहियं, आराहियं । जं च न आराहियं तस्स मिच्छामि दुक्कडम् ।**

**ભાવાર્થ :–** સૂર્યોદય સુધી નમસ્કાર કરવા પૂર્વક પૂર્ણ કરવાના જે પ્રત્યાખ્યાન કર્યા હતા, તે પ્રત્યાખ્યાન (મન, વચન) શરીર દ્વારા સમ્યક્ રૂપે સ્પૃષ્ટ, પાલિત, શોધિત, કીર્તિત અને આરાધિત કરવા છતાં તેની સમ્યક્ રૂપે આરાધના ન થઈ હોય, તો તત્સંબંધી મારું દુષ્કૃત્ય મિથ્યા થાઓ.

**વિવેચન :–**

આ પ્રત્યાખ્યાન સમાપ્તિ સૂત્ર છે. કોઈ પણ પ્રત્યાખ્યાનની સમાપ્તિ પ્રસ્તુત સૂત્ર દ્વારા કરવી જોઈએ. ઉપરોક્ત પાઠમાં **उग्गए सूरे नमोक्कार सहियं** શબ્દ પ્રયોગ નવકારશી પ્રત્યાખ્યાનનો સૂચક છે. પોરસી આદિ જે પ્રત્યાખ્યાનની સમાપ્તિ કરવી હોય, તે શબ્દનો પ્રયોગ કરવો જોઈએ.

જેમ કે પોરસી પચ્ચક્ખાણની સમાપ્તિ કરવી હોય, તો **पोरुसी पच्चक्खाणं कयं** પાઠ બોલવો.

પ્રત્યાખ્યાન પાલનના છ અંગ છે.

(૧) **फासियं**– સ્પૃષ્ટ અથવા સ્પર્શિત. **फासियं नाम जं अंतरा न खंडेति** । –આવશ્યક ચૂર્ણિ. સ્વીકૃત પ્રત્યાખ્યાનનું વચ્ચે ખંડન કર્યા વિના શુદ્ધ ભાવથી અખંડપણે પાલન કરવું, તે સ્પર્શના છે.

(૨) **पालियं**– પાલિત. પ્રત્યાખ્યાનને વારંવાર સ્મૃતિમાં લાવી સાવધાનીપૂર્વક તેની સતત રક્ષા કરવી. તેમાં અતિચાર–દોષનું સેવન ન થાય, તેની સાવધાની રાખવી અને નિર્દોષપણે પાલન કરવું

(૩) **सोहियं**– શોધિત. કોઈ દોષનું સેવન થઈ જાય, તો તુરંત જ તેની શુદ્ધિ કરવી.

(૪) **तीरियं**– તીરિત– સ્વીકૃત પ્રત્યાખ્યાનની કાલમર્યાદા પૂર્ણ થાય ત્યારે જ પ્રત્યાખ્યાનની સમાપ્તિ કરવી.

(૫) **किट्टियं**– કીર્તિત. પ્રત્યાખ્યાનનો મહિમા પ્રદર્શિત કરવો. મનમાં પ્રત્યાખ્યાન પ્રતિ બહુમાન આદરભાવ થવો; પ્રત્યાખ્યાનની સમાપ્તિ પહેલા ઉત્કીર્તનપૂર્વક કહેવું કે મેં અમુક પ્રત્યાખ્યાનનો સ્વીકાર કર્યો હતો. સમ્યક પ્રકારે પૂર્ણ થાય છે.

(૬) **आराहियं**– આરાધિત. સર્વ દોષોનો ત્યાગ કરીને ઉપરોક્ત સર્વ અંગથી પ્રત્યાખ્યાનની આરાધના કરવી. ચૂર્ણિકારે **आराहियं** ના સ્થાને **अणुपालियं** નું કથન કર્યું છે. **अणुपालियं नाम अनुस्मृत्य तीर्थंकरवचनं प्रत्याख्यानं पालियव्वं** । તીર્થંકરોના વચનોનું વારંવાર સ્મરણ કરીને પ્રત્યાખ્યાનનું પાલન કરવું.

**जं च ण आराहियं** :– ઉપરોક્ત છ અંગ દ્વારા પ્રત્યાખ્યાનની આરાધના કરવી જોઈએ તેમ છતાં ક્યારેક છદ્મસ્થપણાના કારણે યથાર્થ રીતે આરાધના ન થઈ હોય, તો તેની આલોચના કરીને પ્રત્યાખ્યાન સંબંધી અતિચારોનું પ્રતિક્રમણ કરી વિશુદ્ધ બની શકાય છે.

❖❖❖❖❖

# અંતિમ મંગલ

## પ્રાક્કથન

**नमोत्थुणं** નો પાઠ આવશ્યક સૂત્રના અંતિમ મંગલ રૂપે પ્રસિદ્ધ છે. તેમાં સિદ્ધ ભગવંતોની તેમજ અરિહંત ભગવંતોની ગુણ સ્તુતિ છે. સિદ્ધ ભગવાન તેમજ તીર્થંકરોના વિશિષ્ટ ગુણો દ્વારા તીર્થંકરોનું સ્વરૂપ, તેમનું વિશિષ્ટ વ્યક્તિત્ત્વ,જગત સાથે તેમનો પવિત્ર સંબંધ તેમજ તેમના શાશ્વત સ્થાન રૂપ સિદ્ધપદનું પ્રતિપાદન છે.

શ્રી ઉત્તરાધ્યયન સૂત્રમાં સાધુ સમાચારી નામના છવ્વીસમા અધ્યયનમાં દેવસી અને રાઈ પ્રતિક્રમણની સમાપ્તિમાં જિનેશ્વરોની સ્તુતિનું કથન છે. **थुइ मगलं काऊण** ૨૬/૪૩ **कुज्जा सिद्धाण संथवं** ૨૩/૫૨. તેમાં જિનેશ્વરની સ્તુતિ રૂપ **नमोत्थुणं**નો પાઠ બોલવાની પરંપરા છે.

તીર્થંકરોની સ્તુતિ અને ગુણગ્રામ કરતાં ક્રોડો કર્મોનો નાશ થાય છે અને જો તેમાં ઉત્કૃષ્ટ રસ ઉત્પન્ન થાય, તો જીવ જિનનામકર્મનો બંધ કરે છે, સાધકનું અંતર પવિત્ર અને નિર્મળ થાય છે, ભક્તિના અપૂર્વ ઉલ્લાસથી કેટલાય દોષોનું દહન થઈ જાય છે.

શ્રી ઉત્તરાધ્યયન સૂત્રમાં જિનસ્તુતિનું ફળ પ્રદર્શિત કર્યું છે.

**थय थुइमंगलेणं भंते जीवे किं जणयइ ? थय थुइ मंगलेणं नाणदंसणचरित्तबोहिलाभं जणयइ । नाणदंसणचरित्तबोहिलाभ संपन्ने य णं जीवे अन्तकिरियं कप्पविमाणो ववत्तिगं आराहणं आराहइ ।** સ્તવ-સ્તુતિથી જ્ઞાન-દર્શન-ચારિત્ર રૂપ બોધિનો લાભ થાય. તે બોધિલાભને પ્રાપ્ત થયેલો જીવ અંતક્રિયા અર્થાત્ મોક્ષપ્રાપ્તિ કરે છે અને કર્મો શેષ રહી જાય, તો વૈમાનિક દેવોમાં ઉત્પન્ન થવા યોગ્ય આરાધના કરે છે.

આ રીતે ભક્તિ માર્ગના માધ્યમથી સાધક પૂર્ણતા સુધી પહોંચી શકે છે.

❖❖❖❖❖

# અતિમ મંગલ : નમોત્થુણં સૂત્ર

**સ્તવ સ્તુતિ મંગલઃ-**

**૧ णमोत्थुणं अरिहंताणं भगवंताणं आइगराणं तित्थयराणं सयंसंबुद्धाणं पुरिसुत्तमाणं पुरिस-सीहाणं पुरिस-वर-पुंडरियाणं पुरिसवर-गंधहत्थीणं लोगुत्तमाणं लोगणाहाणं लोगहियाणं लोगपईवाणं लोगपज्जोयगराणं अभयदयाणं चक्खुदयाणं मग्गदयाणं सरणदयाणं जीवदयाणं बोहिदयाणं धम्मदयाणं धम्मदेसयाणं धम्म णायगाणं धम्मसारहीणं धम्मवर चाउरंतचक्कवट्टीणं दीवोत्ताणं सरण गइ पइट्ठाणं अप्पडिहय वर णाण-दंसण-धराणं वियट्टछउमाणं जिणाणं-जावयाणं तिण्णाणं तारयाणं बुद्धाणं-बोहयाणं मुत्ताणं-मोयगाणं सव्वण्णूणं सव्वदरिसीणं सिव-मयल-मरुय-मणंत-मक्खय-मव्वाबाह-मपुणरावित्ति सिद्धिगइ णामधेयं ठाणं संपत्ताणं णमो जिणाणं जियभयाणं ।**

**શબ્દાર્થ :– णमोत्थुणं** – નમસ્કાર હો, **अरिहंताणं** – અરિહંત, **भगवंताणं** – ભગવાનોને, **आइगराणं** – ધર્મની આદિ કરનાર, **तित्थयराणं** – ધર્મતીર્થની સ્થાપના કરનાર, **सयं-संबुद्धाणं** – સ્વયં સંબુદ્ધ, **पुरिसुत्तमाणं** – પુરુષોમાં ઉત્તમ, **पुरिस-सीहाणं** – પુરુષોમાં સિંહ સમાન, **पुरिस-वर-पुंडरियाणं** – પુરુષોમાં શ્રેષ્ઠ કમળ સમાન, **पुरिस-वर-गंधहत्थीणं** – પુરુષોમાં શ્રેષ્ઠ ગંધહસ્તી સમાન, **लोगुत्तमाणं** – લોકને વિષે ઉત્તમ, **लोगणाहाणं** – લોકના નાથ, **लोगहियाणं** – લોકના હિતકારી, **लोगपइवाणं** – લોકમાં દીપક સમાન, **लोगपज्जोयगराणं** – લોકમાં ઉદ્યોત કરનાર, **अभयदयाणं** – અભય દાનદાતા, **चक्खुदयाणं** – શ્રુતજ્ઞાન રૂપ ચક્ષુ દાતા, **मग्गदयाणं** – ધર્મમાર્ગના દાતા, **सरणदयाणं** – શરણ દાતા, **जीवदयाणं** – સંયમ જીવનના દાતા, **बोहिदयाणं** – સમ્યક્ત્વના દાતા, **धम्मदयाणं** – ધર્મના દાતા, **धम्मदेसयाणं** – ધર્મના ઉપદેશક, **धम्म णायगाणं** – ધર્મના નાયક,ધર્મના અગ્રેસર, **धम्मसारहीणं** – ધર્મ રથના સારથિ, **धम्मवर** – ધર્મને વિષે શ્રેષ્ઠ, **चाउरंतचक्कवट्टीणं** – ચાર ગતિનો અંત કરનાર ચક્રવર્તી, **दीवोत्ताणं** – દ્વીપની જેમ આધારભૂત, ત્રાણરૂપ, રક્ષણ આપનાર, **सरण** – શરણ રૂપ, **गइ** – ગતિરૂપ, **पइट्ठाणं** – પ્રતિષ્ઠા રૂપ, આધારરૂપ, **अप्पडिहय** – અસ્ખલિત, અપ્રતિહત, **वर** – શ્રેષ્ઠ, **णाण–दंसण धराणं** – જ્ઞાન દર્શનને ધારણ કરનાર, **वियट्टछउमाणं** – છદ્મ અવસ્થા રહિત;ઘાતિકર્મ રહિત, **जिणाणं** – રાગદ્વેષના વિજેતા, **जावयाणं** – અન્યને રાગ–દ્વેષનો વિજય કરાવનારા, **तिण्णाणं** – સ્વયં સંસાર સાગરથી તીર્ણ, **तारयाणं** – અન્યને તારનાર, **बुद्धाणं** – સ્વયં બોધ પામેલા, **बोहयाणं** – અન્યને બોધ પમાડનારા, **मुत्ताणं** – સ્વયં મુક્ત, **मोयगाणं** – અન્યને મુક્ત કરનારા, **सव्वण्णूणं** – સર્વજ્ઞ, **सव्वदरिसीणं** – સર્વદર્શી, **सिवं** – ઉપદ્રવ રહિત, **अयलं** – નિશ્ચલ, સ્થિર, **अरुयं** – રોગ રહિત, **अणंतं** – અંત રહિત, અનંત, **अक्खयं** – અક્ષય, **अव्वाबाहं** – બાધા રહિત, પીડા રહિત, **अपुणरावित्ति** = પુનરાગમથી રહિત(એવા), **सिद्धिगइ** – સિદ્ધગતિ, **णामधेयं** – નામક, નામના, **ठाणं** – સ્થાનને, **संपत्ताणं** – પ્રાપ્ત(સિદ્ધ ભગવાનને), **णमो** – નમસ્કાર હો, **जिणाणं** – જિનેશ્વર દેવને, **जियभयाणं** – ભયને જીતનાર.

**ભાવાર્થ :–** અરિહંત ભગવાનને નમસ્કાર હો. (શ્રી અરિહંત ભગવાન કેવા છે ?) તેઓ શ્રી–

ધર્મની આદિ કરનારા, ધર્મતીર્થની સ્થાપના કરનારા, સ્વયં સંબુદ્ધ-સ્વયં સમ્યક પ્રકારે પ્રબુદ્ધ થયેલા, સર્વ પુરુષોમાં શ્રેષ્ઠ, પુરુષોમાં સિંહ સમાન, પુરુષોમાં પુંડરીક કમળ સમાન, પુરુષોમાં શ્રેષ્ઠ ગંધહસ્તી સમાન છે.

તેઓ લોકમાં ઉત્તમ, લોકના નાથ, લોકના હિતકર્તા, લોકમાં દીપક સમાન, લોકમાં ઉદ્યોત કરનારા, અભયના દાતા, જ્ઞાનરૂપી નેત્રના દાતા, ધર્મ(અથવા મોક્ષ) માર્ગના દાતા, શરણ દાતા, સંયમ જીવનના દાતા, સમ્યક્ત્વ-બોધિ બીજના દાતા, ધર્મના દાતા, ધર્મના ઉપદેશક, ધર્મના નેતા તથા ધર્મ રથના સારથિ-સંચાલક છે.

ચાર ગતિનો અંત કરનાર શ્રેષ્ઠ ધર્મ ચક્રવર્તી છે. સંસાર સમુદ્રમાં ડૂબતા જીવોને દ્વીપ સમાન આધારભૂત છે, ત્રાણ રૂપ છે, શરણરૂપ છે, સુસ્થિતિ પ્રાપ્ત કરાવનારા છે, અપ્રતિહત અને શ્રેષ્ઠ જ્ઞાન-દર્શનના ધારક છે, છદ્મસ્થપણાથી રહિત અર્થાત્ જ્ઞાનાવરણીય આદિ ઘાતિકર્મ અથવા પ્રમાદથી રહિત છે.

સ્વયં રાગદ્વેષને જીતનારા અને અન્યને જીતાડનારા છે, સ્વયં સંસાર સાગરને તરી ગયેલા અને અન્યને તારનારા છે, સ્વયં બોધ પામેલા છે, અન્ય જીવોને બોધ પમાડનારા છે; સ્વયં કર્મથી મુક્ત છે અને અન્ય જીવોને પણ મુક્તિ પમાડનારા છે.

સર્વજ્ઞ છે, સર્વદર્શી છે તથા કલ્યાણરૂપ(ઉપદ્રવરહિત) અચળ, સ્થિર, રોગ રહિત, અંત રહિત-અનંત, ક્ષયરહિત-અક્ષય, બાધા-પીડા રહિત, પુનરાગમન રહિત-જન્મ મરણથી રહિત, એવી સિદ્ધગતિ નામના સ્થાનને પ્રાપ્ત થયેલા, ભયને જીતનારા, રાગ–દ્વેષને જિતનારા જિનેશ્વરોને નમસ્કાર હો.

**વિવેચન :–**

આ સ્તુતિપાઠ શ્રી આવશ્યક સૂત્રનું અંતિમ મંગલ છે. સૂત્રકારે નમસ્કાર મહામંત્રથી આદિ મંગલ, ચતુર્વિંશતિ સ્તવ-લોગસ્સ સૂત્રથી મધ્ય મંગલ અને પ્રસ્તુત નમોત્થુણં સૂત્રથી શાસ્ત્રનું અંતિમ મંગલ કર્યું છે. આ રીતે આ શાસ્ત્રના આદિ, મધ્ય અને અંત, એમ ત્રણે સ્થાને સૂત્રકારે મંગલાચરણ દ્વારા ભક્તિ પ્રવાહને પ્રવાહિત કર્યો છે.

નમોત્થુણંમાં તીર્થંકર ભગવાનની ગુણ સ્તુતિ છે. તીર્થંકર ભગવાન રાગદ્વેષ ઉપર સંપૂર્ણ વિજય પ્રાપ્ત કરી સમભાવ સ્વરૂપ આત્મ સમાધિના સર્વોચ્ચ શિખરને પામેલા મહાપુરુષ છે, તેથી તેમની સ્તુતિ, આત્મસાધનાની સફળતા માટે સાધકને અધિકાધિક આત્મશક્તિ અર્પે છે, અધ્યાત્મ ભાવનામાં કે આત્મ બળમાં વૃદ્ધિ કરે છે. આ સૂત્રનો પ્રત્યેક શબ્દ પ્રભુના ગુણોને પ્રગટ કરે છે.

**णमोत्थुणं :–** 'નમોત્થુણં' આ એક મહાન પ્રભાવશાળી સ્તોત્ર છે, બીજા સાધારણ સ્તુતિપાઠો કરતાં તેની વિશેષતા છે. ધર્મનો કે સ્તુતિનો પ્રારંભ નમસ્કારથી થાય છે, તેથી જ સૂત્રકારે **णमोत्थुणं** નમસ્કાર હો. શબ્દથી સ્તુતિનો પ્રારંભ કર્યો છે.

**अरिहंताणं :–** રાગ-દ્વેષ રૂપ અંતરંગ શત્રુઓનો કે ચાર ઘાતિ કર્મોનો સંપૂર્ણ નાશ કરીને, પોતાના આત્મસામર્થ્ય રૂપ યોગ્યતા તથા કેવળજ્ઞાન, કેવળદર્શન, ક્ષાયિક સમકિત અને અનંત આત્મિક શક્તિ

પ્રગટ કર્યા છે, તેવા ત્રૈલોક્ય પૂજનીય વીતરાગી સર્વજ્ઞ પુરુષ અરિહંત છે. અરિહંત શબ્દના વિસ્તૃત વિવેચન માટે જુઓ નમસ્કાર સૂત્ર.

**भगवंताणं**– ભગવાનને. ભારતવર્ષના દાર્શનિક અને ધાર્મિક સાહિત્યમાં ભગવાન ઉચ્ચ કોટિનો ભાવપૂર્ણ શબ્દ છે. તેમાં એક વિશિષ્ટ ભાવ છૂપાયેલો છે. 'ભગવાન્' શબ્દ 'ભગ' શબ્દથી બન્યો છે. ભગ સહિત હોય, તે ભગવાન કહેવાય છે.

ભગ શબ્દના છ અર્થ થાય છે– (૧) ઐશ્વર્ય-પ્રતાપ (૨) વીર્ય-શક્તિ અથવા ઉત્સાહ (૩) યશ કીર્તિ (૪) શ્રી શોભા (૫) ધર્મ-સદાચાર અને (૬) પ્રયત્ન-કર્તવ્યની પૂર્તિ માટે થતો અદમ્ય પુરુષાર્થ.

**एश्वर्यस्य समग्रस्य, वीर्यस्य यशसः श्रियः ।**
**धर्मस्याऽथ प्रयत्नस्य, षण्णां भग इतीङ्गना ॥**

જે મહાન આત્મામાં પૂર્ણ ઐશ્વર્ય, પૂર્ણ વીર્ય, પૂર્ણ યશ, પૂર્ણ શ્રી, પૂર્ણ ધર્મ અને પૂર્ણ પ્રયત્ન હોય છે તે ભગવાન કહેવાય છે. તીર્થંકર મહાપ્રભુમાં ઉક્ત છએ ગુણો પૂર્ણ રૂપે વિદ્યમાન હોય છે તેથી તે ભગવાન્ કહેવાય છે.

જે સાધક સાધના કરતાં-કરતાં વીતરાગતાના પદ ઉપર પહોંચી જાય છે ત્યારે તે ભગવાન્ બની જાય છે. જૈન ધર્મ ઈશ્વર અવતારને સ્વીકારતો નથી. કોઈપણ વ્યક્તિ સ્વપુરુષાર્થથી જ પોતાના ભગવદ્ ભાવને પ્રગટ કરી શકે છે.

જૈન દર્શનની દૃષ્ટિએ ભગવાન્ પૂર્ણ વિકાસ પામેલા શુદ્ધ આત્મા છે. તેમના ચરણોમાં સ્વર્ગના ઈન્દ્રો પોતાનું મસ્તક ઝુકાવે છે, તેમને પોતાના આરાધ્યદેવ માને છે; ત્રણ લોકનું સંપૂર્ણ ઐશ્વર્ય તેમના ચરણોમાં ઉપસ્થિત થાય છે. તેમના પ્રતાપ આગળ કોટિ-કોટિ સૂર્યના પ્રતાપ અને પ્રકાશ ફીકા પડી જાય છે.

**आइगराणं** :– અરિહંત ભગવાન્ આદિકર કહેવાય છે. આદિકર એટલે ધર્મની આદિ કરનારા. ધર્મ અનાદિ છે, જ્યારથી આ સંસાર છે, ત્યારથી ધર્મ પણ છે અને તેનું ફળ મોક્ષ પણ છે. જો સંસાર અનાદિ છે, તો ધર્મ પણ અનાદિ છે.

અરિહંત ભગવાનને આદિકર કહેવાના બે કારણ છે. (૧) દરેક અરિહંત ભગવાન ધર્મનું નિર્માણ કરતા નથી પરંતુ ધર્મની વ્યવસ્થાનું, ધર્મની મર્યાદાનું નિર્માણ કરે છે. પોતપોતાના યુગમાં ધર્મમાં આવેલી વિકૃતિ, મિથ્યાચાર કે અધર્મનું પોષણ થઈ રહ્યું હોય, તેની વિશુદ્ધિ કરી અરિહંત દેવ પુનઃ ધર્મની મર્યાદાનું વિધાન કરે છે, પોતાના યુગમાં ધર્મની મર્યાદાની આદિ કરે છે, તેથી અરિહંત દેવ આદિકર કહેવાય છે. (૨) અરિહંત ભગવાન શ્રુતધર્મની આદિ કરનાર છે, અર્થાત્ શ્રુતધર્મનું નિર્માણ કરનાર છે. જૈન સાહિત્યમાં આચારાંગ આદિ આગમ ગ્રંથોને શ્રુતધર્મ કહે છે. તીર્થંકર ભગવાન પૂર્વના તીર્થંકર રચિત ધર્મશાસ્ત્રો અનુસાર પોતાની સાધના કરતા નથી. તે સ્વયં સાધનાની સિદ્ધિ પછી સ્વાત્માનુભવ દ્વારા જ સાધના-માર્ગને પ્રગટ કરે છે તેથી પ્રત્યેક તીર્થંકરો શ્રુતધર્મના આદિકર કહેવાય છે.

દ્વાદશાંગીમાં બારમુ અંગસૂત્ર–શ્રી દૃષ્ટિવાદ સૂત્ર તીર્થંકરો, તેના શિષ્ય ગણધર અને તેના શિષ્યોની પરંપરા સુધી જ અર્થાત્ ત્રણ પેઢી સુધી જ રહે છે ત્યાર પછી તેનો વિચ્છેદ થાય છે. ત્યાર પછી જ્યારે બીજા તીર્થંકર થાય, ત્યારે તેમની ત્રિપદીના શ્રવણથી તે તીર્થંકરોના ગણધરો નવી દ્વાદશાંગીની રચના કરે, તેમાં દૃષ્ટિવાદ સૂત્રની રચના નવી થાય છે. તે અપેક્ષાએ પણ દરેક તીર્થંકરો આદિકર કહેવાય છે.

**तित्थयराणं तीर्थंકર :–** તીર્થના નિર્માતા તીર્થંકર કહેવાય છે. સંસારરૂપી સમુદ્ર જેનાથી તરી શકાય તે ધર્મ તીર્થ કહેવાય છે અને ધર્મ-તીર્થની સ્થાપના કરવાથી ભગવાન મહાવીર વગેરે તીર્થંકર કહેવાય છે.

જેમ ઘોર ભયંકર સમુદ્રને સામાન્ય માનવી તરી શકતો નથી, પરંતુ તેને તરવા માટે ઘાટ-તીર્થનું નિર્માણ થાય, તો સામાન્ય મનુષ્યો પણ તેને સરળતાથી તરી શકે છે. તે જ રીતે સામાન્ય મનુષ્યો સંસાર રૂપ સમુદ્રને સરળતાથી પાર કરી શકે, તે માટે પ્રભુએ સાધુ-સાધ્વી, શ્રાવક-શ્રાવિકા, આ ચતુર્વિધ સંઘ રૂપ ચાર તીર્થની સ્થાપના કરી છે. વિવિધ શ્રેણીના સાધકો માટે વિવિધ અનુષ્ઠાનો રૂપ વિવિધ યોજનાઓ નિશ્ચિત કરી છે, સાધક પોતાની ક્ષમતા પ્રમાણે કોઈ પણ સાધનાને અપનાવીને સંસાર સાગરને તરી શકે છે અથવા તીર્થ એટલે પુલ. પુલ ઉપર થઈને રોગી, નિરોગી, નાના-મોટા પ્રત્યેક જીવો નિશ્ચિંતપણે સામા કિનારે પહોંચી શકે છે. તે જ રીતે ચતુર્વિધ સંઘરૂપી પુલ નિશ્ચિતપણે મોક્ષરૂપી સામા કિનારે પહોંચાડે છે.

આ રીતે તીર્થંકરો ચાર તીર્થના સંસ્થાપક હોવાથી તીર્થંકર કહેવાય છે. તીર્થંકરો કેવળજ્ઞાનની પ્રાપ્તિ થયા પછી પ્રથમ સમવસરણમાં બાર પ્રકારની પરિષદમાં ઉપદેશ આપે છે. પ્રભુના ઉપદેશથી પ્રભાવિત થઈને કેટલાક મનુષ્યો સાધુવ્રતનો અને કેટલાક શ્રાવક વ્રતનો સ્વીકાર કરે છે. આ રીતે પ્રભુના તીર્થંકર નામ કર્મના વિપાકોદયે સાધુ-સાધ્વી, શ્રાવક-શ્રાવિકા રૂપ ચતુર્વિધ સંઘની સ્થાપના થાય છે અને પરમાત્મા તીર્થંકર કહેવાય છે.

**सयंसंबुद्धाणं સ્વયં સંબુદ્ધ :–** તીર્થંકર ભગવાન સ્વયં સંબુદ્ધ અર્થાત્ સ્વયં બોધ પામનારા હોય છે. તીર્થંકરોએ પૂર્વના ત્રીજા ભવમાં જિનનામકર્મનો બંધ નિકાચિત કર્યો હોય, ત્યારથી જ તેમના આત્માએ તથાપ્રકારની યોગ્યતા પ્રાપ્ત કરી લીધી હોય છે, તેથી જ તેઓ ત્રણ જ્ઞાન સહિત જન્મ ધારણ કરે છે, તેઓને વૈરાગ્ય માટે કોઈના ઉપદેશ કે અન્ય કોઈ પણ નિમિત્તની આવશ્યકતા નથી. તેઓને પથ પ્રદર્શન માટે કોઈ ગુરુ કે શાસ્ત્રોની જરૂર નથી.

તેઓ સ્વયં પથદર્શક છે, સ્વયં પથના યાત્રી છે; તેઓ પોતાનો માર્ગ સ્વયં શોધે છે. સ્વયં પોતાની કેડી કંડારીને દઢ શ્રદ્ધાથી તે કેડીએ ચાલે છે. આ રીતે તેઓ સ્વયં સંબુદ્ધ છે.

**पुरिसुत्तमाणं પુરુષોત્તમ :–** તીર્થંકર ભગવાન પુરુષોત્તમ અર્થાત્ પુરુષોમાં શ્રેષ્ઠ છે. ભગવાનના બાહ્ય અને આભ્યંતર બંન્ને પ્રકારના ગુણો અલૌકિક અને અસાધારણ હોય છે. ભગવાનનું રૂપ ત્રિભુવન મોહક હોય છે ! તેમનું તેજ સૂર્યના તેજને હતપ્રભ બનાવે છે ! ભગવાનના દિવ્ય શરીરમાં ૧૦૦૮ ઉત્તમ લક્ષણ હોય છે, તે જ તેમની મહત્તાનું સૂચન કરે છે.

ભગવાનના વજ્રઋષભનારાચ સંહનન અને સમચતુરસ્ર સંસ્થાનનું સૌંદર્ય અનોખું હોય છે. તેમના પરમ ઔદારિક શરીર સમક્ષ દેવોના દેદીપ્યમાન વૈક્રિય શરીર પણ તુચ્છ અને નગણ્ય દેખાય છે.

તીર્થંકર દેવ અનંત અનંત જ્ઞાન, અનંત દર્શન આદિ અનંત આત્મ ગુણોની અનુભૂતિ કરી રહ્યા હોય છે આ રીતે તીર્થંકર દેવ પોતાના યુગમાં સંસારી પુરુષોમાં ઉત્તમોત્તમ હોય છે.

**पुरिससिहाणं પુરુષસિંહ :–** તીર્થંકર દેવ પુરુષોમાં સિંહ સમાન છે. સિંહ એક અજ્ઞાની અને હિંસક પશુ છે. ભગવાન દયા અને ક્ષમાના ભંડાર છે. પરમાત્માને આપેલી આ ઉપમા સર્વ દેશીય નથી, પરંતુ એક દેશીય છે. અહીં સિંહની વીરતા અને પરાક્રમ સાથે પ્રભુની તુલના કરી છે.

જે રીતે સિંહ પોતાના બળ અને પરાક્રમથી નિર્ભય રહે છે. અન્ય કોઈ પણ પશુ તેના જેવી વીરતા

દર્શાવી શકતું નથી તે પ્રમાણે તીર્થંકર દેવ પણ સંસારમાં નિર્ભય રહે છે, કોઈ પણ સંસારી વ્યક્તિ તેમનાં આત્મબળ, તપ, ત્યાગ આદિ વીરતાનો પરાભવ કરી શકતા નથી.

તે ઉપરાંત સંસારના મનુષ્યોની વૃત્તિના બે પ્રકાર છે. (૧) સિંહવૃત્તિ અને (૨) શ્વાનવૃત્તિ. શ્વાનવૃત્તિવાળા મનુષ્યો નિમિત્તને જ દોષિત માને છે અને સિંહવૃત્તિવાળા મનુષ્યો નિમિત્તને દોષ આપ્યા વિના પોતાના ઉપાદાનને શુદ્ધ કરે છે. તીર્થંકરાદિ મહાપુરુષો પોતાના સુખ-દુ:ખમાં અન્ય કોઈ પણ નિમિત્તને દોષ આપ્યા વિના પોતાના વિકારોને દોષિત માની તેનાથી મુક્ત થવાનો પ્રયત્ન કરે છે, તેથી તીર્થંકર પુરુષસિંહ છે, પુરુષોમાં સિંહની વૃત્તિ રાખનારા છે.

**पुरिसवर पुंडरियाणं પુરુષવર પુંડરિક :–** તીર્થંકર ભગવાન પુરુષોમાં શ્રેષ્ઠ પુંડરિક કમળ સમાન હોય છે. બીજા કમળોની અપેક્ષાએ પુંડરીક-શ્વેત કમળ સૌન્દર્ય અને સુગંધમાં ઉત્કૃષ્ટ હોય છે. દૂરદૂરથી ભ્રમરો સુગંધથી આકર્ષિત બની ત્યાં આવે છે અને કમળ કોઈ પણ જાતના સ્વાર્થભાવ વિના અહર્નિશ વિશ્વને પોતાની સુગંધ અર્પણ કરતું રહે છે.

તીર્થંકર દેવ પણ માનવરૂપી સરોવરમાં સર્વશ્રેષ્ઠ કમળ સમાન છે. તેમના આધ્યાત્મિક જીવનની સુગંધ અનંત હોય છે. તેઓ અહિંસા, સત્યાદિ સદ્ગુણોની સુગંધ સર્વત્ર ફેલાવે છે. પુંડરિકની સુગંધનું અસ્તિત્વ અલ્પકાલીન હોય છે, પરંતુ તીર્થંકર દેવોના જીવનની સુગંધ તો હજારો લાખો વર્ષો સુધી રહે છે. પુંડરીકની શ્વેતતાની જેમ ભગવાનનું જીવન પણ વીતરાગતા કારણે પૂર્ણત: નિર્મળ-શ્વેત હોય છે. તેમાં કષાયની મલિનતા હોતી નથી. પુંડરિકની નિ:સ્વાર્થતાની જેમ ભગવાન પણ નિ:સ્વાર્થ ભાવથી સમગ્ર જીવસૃષ્ટિનું કલ્યાણ કરે છે, તેમને કોઈ પણ પ્રકારની સાંસારિક વાસના હોતી નથી.

કમળ પાસે ભ્રમરો આવે છે તેમ તીર્થંકર દેવના આધ્યાત્મિક જીવનની સુગંધથી પ્રભાવિત બની ત્રણ લોકના પ્રાણી તેમનાં ચરણોમાં ઉપસ્થિત થાય છે. જેમ પાણીથી ભરેલાં સરોવરમાં કમળ પાણીથી અલિપ્ત રહે છે. તેમ પ્રભુ સંસારની વાસનાઓથી પૂર્ણત: નિર્લેપ રહે છે.

ઉપરોક્ત વૃત્તિ અને પ્રવૃત્તિ કમળમાં અજ્ઞાનપણે જ થાય છે, પરંતુ ભગવાનના જીવનમાં પૂર્ણ જ્ઞાનાવસ્થામાં જ નિષ્કામ કરુણાભાવથી ઉપરોક્ત પ્રવૃત્તિ થાય છે, તેથી પુંડરિક કમળથી પરમાત્માની વિશેષતા છે.

**पुरिसवरगंधहत्थीणं પુરુષવર ગંધ હસ્તી :–** ભગવાન પુરુષોમાં શ્રેષ્ઠ ગંધહસ્તી સમાન છે. સિંહની ઉપમા વીરતાને સૂચિત કરે છે અને પુંડરીકની ઉપમા શ્રેષ્ઠ ગંધને સૂચિત કરે છે, પરંતુ ગંધહસ્તીની ઉપમા સુગંધ અને વીરતા બન્નેને એકસાથે સૂચિત કરે છે.

ગંધહસ્તી એક મહાન વિલક્ષણ હસ્તી હોય છે. તેના ગંડસ્થળમાંથી સદૈવ સુગંધિત મદ ઝરતો રહે છે અને તેના ઉપર ભ્રમર સમૂહ ગુંજારવ કરે છે. ગંધહસ્તીની ગંધ એટલી તીવ્ર હોય છે કે યુદ્ધભૂમિમાં જતાં જ તેની સુગંધમાત્રથી અન્ય હજારો હાથીઓ ત્રાસીને નાસવા લાગે છે, તેની સમક્ષ ઊભા રહી શકતા નથી. આ ગંધહસ્તી જ્યાં રહે છે તે પ્રદેશમાં અતિવૃષ્ટિ કે અનાવૃષ્ટિ આદિ ઉપદ્રવો થતા નથી, હંમેશાં સુકાળ રહે છે.

તીર્થંકર ભગવાન પણ માનવજાતિમાં ગંધહસ્તી સમાન છે. ભગવાનના પ્રતાપ તથા તેજ સમક્ષ અત્યાચાર, ભયંકર વૈર-વિરોધ, અજ્ઞાન અને પાખંડ આદિ ટકી શકતા નથી. ભગવાન ગંધહસ્તીની સમાન વિશ્વ માટે મંગળકારી છે. જે દેશમાં ભગવાનનું પદાર્પણ થાય છે, ત્યાં ભગવાનના પરમ પુણ્યપ્રભાવે

અતિવૃષ્ટિ, અનાવૃષ્ટિ, મહામારી આદિ કોઈ પણ જાતનો ઉપદ્રવ થતો નથી. જો પૂર્વે ઉપદ્રવ હોય, તો ભગવાનના આગમનથી તે સર્વ ઉપદ્રવો શાંત થઈ જાય છે. ભગવાનના ૩૪ અતિશયોમાંથી આ એક અતિશય છે.

**लोगुत्तमाणं**– લોકમાં ઉત્તમ. તીર્થંકરો પોતાના રૂપથી, ગુણથી, શક્તિથી ત્રણે લોકમાં ઉત્તમ છે. પ્રભુનું પરમ ઔદારિક શરીર દેવલોકના દિવ્ય શરીરથી અનંત ગુણ વિશિષ્ટ છે. તીર્થંકરોની ટચલી આંગળીનું બળ પણ દેવોથી અધિક છે અને પ્રભુના આત્મામાં અનંત આત્મગુણો પ્રગટ થયેલા છે. તેમજ ચોત્રીસ અતિશય સંપન્ન તથા વાણીના પાંત્રીસ ગુણયુક્ત હોવાથી પ્રભુ લોકમાં ઉત્તમ છે.

**लोगणाहाणं**– લોકના નાથ. ત્રણે લોકના જીવોના નાયક હોવાથી પ્રભુ લોકના નાથ કહેવાય છે. અપ્રાપ્તની પ્રાપ્તિ અને પ્રાપ્તના સંરક્ષણ રૂપ યોગક્ષેમના કરનારા હોય, તે નાથ કહેવાય છે, તીર્થંકરો અપ્રાપ્ત સમ્યગ્દર્શન આદિની પ્રાપ્તિ અને પ્રાપ્ત રત્નત્રયના સંરક્ષણ માટે કારણરૂપ હોવાથી ભવી જીવોના નાથ છે.

**लोगहियाणं**– લોકનું હિત કરનારા. પ્રભુના આચાર અને વિચાર તથા અનેકાંતમય ઉપદેશ જગતના સૂક્ષ્મ અને સ્થૂલ સર્વ જીવોને હિતકારી છે, તેથી તીર્થંકરો સમસ્ત લોકનું હિત કરનારા છે.

**लोगपइवाणं લોકપ્રદીપ :–** તીર્થંકર ભગવાન લોકમાં પ્રકાશ કરનાર અનુપમ દીપક છે. જ્યારે સંસારમાં અજ્ઞાન–તિમિર નિગૂઢ રીતે ફેલાઈ જાય છે, સત્યધર્મનો માર્ગ પ્રાયઃ વિલુપ્ત થઈ જાય છે ત્યારે તીર્થંકર ભગવાન વિશ્વમાં પોતાના કેવળજ્ઞાનનો પ્રકાશ ફેલાવે છે અને જનતાના મિથ્યાત્વ અંધકારનો નાશ કરી તેને સન્માર્ગ પર સ્થાપિત કરે છે. દીપકનો પ્રકાશ મર્યાદિત છે, ધૂમસહિત છે, વાયુનો વેગ તેને બુઝાવી શકે છે, તીર્થંકર પ્રભુરૂપી ત્રણે લોક અને ત્રણે કાળને પ્રકાશિત કરતા જ્ઞાનદીપકના પ્રકાશને વાયુ બુઝાવી શકતો નથી. પ્રભુને સૂર્ય, ચંદ્રની ઉપમા નહિ આપતાં, દીપકની ઉપમા આપી છે કારણ કે સૂર્ય, ચંદ્ર પ્રકાશ આપે છે, પરંતુ કોઈને પોતાની સમાન પ્રકાશમય બનાવતા નથી, જ્યારે નાનો દીપક પોતાના સંસર્ગમાં આવતા હજારો દીપકોને પ્રદીપ્ત કરી પોતાની સમાન પ્રકાશમાન દીપક બનાવે છે.

તે પ્રમાણે તીર્થંકર દેવ પોતાના સંસર્ગમાં આવતા અન્ય સાધકોને સાધનાપથ પ્રદર્શિત કરી તેમને પોતાની સમાન બનાવે છે. આ રીતે પરમાત્મા અનુપમ દીપક સમાન છે.

**लोग पज्जोयगराणं**– લોકમાં પ્રદ્યોત-પ્રકાશ કરનારા. પ્રભુ કેવળજ્ઞાન રૂપી પ્રકાશ દ્વારા લોકાલોકના સમસ્ત ભાવોને પ્રકાશિત કરનારા છે.

**अभयदयाणं અભયદાતા :–** ભયનો અભાવ, તે અભય છે. શ્રી સ્થાનાંગ સૂત્રમાં સાત પ્રકારના ભયનું કથન છે. (૧) ઇહલોક ભય, (૨) પરલોક ભય, (૩) આદાન-ધન સંપત્તિ લૂંટાઈ જવાનો ભય, (૪) અકસ્માત ભય, (૫) વેદના ભય– શરીરના રોગ આદિનો ભય અથવા આજીવિકાભય, (૬) મરણ ભય, (૭) અપજશભય. તીર્થંકરો આ સાતે પ્રકારના ભયથી મુક્ત કરીને જીવોને અભય બનાવે છે.

સંસારના સર્વ દાનમાં અભયદાન શ્રેષ્ઠ છે. **दाणाणं सेट्ठं अभयपयाणं** । સૂત્રકૃત્તાંગ સૂત્ર. પ્રાણીને મારવામાં આવે ત્યારે તે ભયભીત બની જાય છે. પ્રાણીને ન મારવા, તેની હિંસા ન કરવી તે તેને અભય આપવા તુલ્ય છે. આ રીતે અહિંસાની આરાધના તે અભયદાનની સાધના છે. તીર્થંકરોના અંતરનો અનંત કરુણા ભાવ અભયદાનમાં જ પૂર્ણ રૂપે પ્રતિબિંબિત થાય છે. તીર્થંકર ભગવાન કોઈ પણ પ્રકારના

ભેદભાવ વિના શત્રુ-મિત્ર, રાજા-રંક, રાગી કે દ્વેષી સહુને અભયદાન આપે છે. સંસારના મિથ્યાત્વ વનમાં ભટકતા જીવ સમૂહને સત્યમાર્ગ પર લાવી નિરાકુળ બનાવવા, તેમને અભયદાન આપવું તે જ તીર્થંકર દેવોનું મહાન કાર્ય છે.

**चक्खुदयाणं ચક્ષુદાતા :–** જ્યારે જીવોમાં સત્યાસત્યનો વિવેક લુપ્ત થઈ જાય છે ત્યારે તીર્થંકર પ્રભુ જીવોને જ્ઞાન નેત્ર અર્પણ કરે છે, અજ્ઞાનનો પડદો દૂર કરે છે. તે કામ-ક્રોધ આદિ વિકારોથી દુષિત, અજ્ઞાની અંધ પુરુષ પરમાત્મા પાસેથી જ્ઞાનનેત્ર મેળવી પ્રસન્ન થાય છે. તે જીવો જ્ઞાનરૂપ નેત્ર દ્વારા સન્માર્ગને પામી પોતાના જીવનનું પરિવર્તન કરે છે, તેથી પ્રભુ ચક્ષુદાતા છે, ચંડકૌશિક સર્પ જેવા જન્મજન્માંતરના અંધ જીવો પ્રભુ દ્વારા જ્ઞાન રૂપ નેત્રને પામી, ઉન્માર્ગનો ત્યાગ કરી, સન્માર્ગને પામી ગયા છે.

**मग्गदयाणं–** માર્ગના દાતા. સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યક ચારિત્ર રૂપ મોક્ષમાર્ગ અથવા વિશિષ્ટ ગુણ પ્રાપ્તિના કારણભૂત ક્ષયોપશમ ભાવ રૂપ માર્ગના દાતા. તીર્થંકરો મોક્ષમાર્ગને અથવા ઉન્માર્ગે જતાં જીવોને સન્માર્ગનું દર્શન કરાવી આત્મગુણોના પ્રગટીકરણનો માર્ગ બતાવે છે, તેથી માર્ગના દાતા છે.

**सरणदयाणं–** શરણદાતા. કર્મશત્રુઓથી દુઃખી પ્રાણીઓને શરણ-આશ્રય દેનારા. આ સંસારમાં જીવો પોત–પોતાના કર્મોથી દુઃખી થાય છે. તે જીવોને કોઈ પણ પદાર્થ કે અન્ય જીવો શરણ રૂપ આશ્રય રૂપ થઈ શકતા નથી કારણ કે પ્રત્યેક જીવ સ્વયં અશરણરૂપ છે. તીર્થંકરો સાધના દ્વારા સ્વયં સ્વસ્થતાને પ્રાપ્ત કરીને સર્વ જીવોને માટે શરણરૂપ બની ગયા છે. તેમનું શરણ સ્વીકારીને જીવો સ્વયં સ્વસ્થ થાય છે.

**जीवदयाणं–** જીવનદાતા. તીર્થંકરો ષડ્જીવનિકાયના જીવો પર દયા રાખે છે, તેથી તેઓ જીવનદાતા છે અથવા સંયમરૂપ જીવન દેનારા છે.

**बोहिदयाणं–** બોધિ પ્રદાતા. જિન પ્રણિત ધર્મની પ્રાપ્તિને બોધિ કહે છે અથવા સમ્યગ્દર્શનને બોધિ કહે છે. તીર્થંકરો ભવી જીવોની બોધિ-સમ્યગ્દર્શનની પ્રાપ્તિમાં નિમિત્ત બને છે, તેથી તેઓ બોધિપ્રદાતા કહેવાય છે.

**धम्मदयाणं–** તીર્થંકરો આત્મસ્વભાવ રૂપ ધર્મ તથા શ્રુત અને ચારિત્ર રૂપ ધર્મના દાતા છે. તેઓ દુર્ગતિમાં પડતા જીવોને ધર્મ દ્વારા ધારી રાખે છે, તેથી તેઓ ધર્મદાતા છે.

**धम्मदेसियाणं–** ધર્મના ઉપદેશક. કેવળજ્ઞાનની પ્રાપ્તિ પછી તીર્થંકરો ધર્મનો ઉપદેશ આપે છે. પ્રભુના ઉપદેશ શ્રવણથી કેટલાય જીવો બોધિબીજને પામે છે. કેટલા ય જીવો શ્રુત-ચારિત્રરૂપ ધર્મને પામે છે, તેથી તીર્થંકરો બોધિદાતા, ધર્મદાતા કે ધર્મના ઉપદેશક કહેવાય છે.

**धम्मणायगाणं–** ધર્મના નાયક, ધર્મના પ્રવર્તક. પ્રભુ પોતાના ઉપદેશમાં દુઃખમુક્તિ માટે આગાર અને અણગાર ધર્મનું પ્રવર્તન કરે છે, તેથી તેઓ ધર્મના નાયક છે.

**धम्मसारहीणं–** ધર્મસારથિ. જેમ સારથિ રથમાં બેઠેલી વ્યક્તિને સુયોગ્ય દિશા સૂચન કરીને રથ દ્વારા ગંતવ્ય સ્થાને પહોંચાડે છે. તેમ તીર્થંકરો સાધકોને સુયોગ્ય દિશાસૂચન કરી ધર્મરૂપી રથ દ્વારા મોક્ષ સ્થાન સુધી પહોંચાડે છે.

**धम्मवर चाउरंतचक्कवट्टीणं ધર્મવર ચતુરંત ચક્રવર્તી :–** તીર્થંકર ભગવાન ધર્મના શ્રેષ્ઠ ચક્રવર્તી અને ચાર ગતિનો અંત કરનારા છે. જ્યારે દેશમાં સર્વત્ર અરાજકતા છવાઈ જાય છે અને દેશના નાનાં-નાનાં રાજ્યો જૂદા થઈ જાય, દેશની એકતા નષ્ટ થઈ જાય ત્યારે ચક્રવર્તી પુનઃ રાજનીતિની વ્યવસ્થા કરે છે, સંપૂર્ણ વિખેરાયેલી દેશની શક્તિને એકત્રિત કરે છે. તેઓ પૂર્વ, પશ્ચિમ અને દક્ષિણ એ ત્રણ દિશાઓમાં

સમુદ્ર પર્યંત અને ઉત્તરમાં ચુલહેમવંત પર્વત પર્યંત પોતાનું અખંડ સામ્રાજ્ય સ્થાપિત કરે છે, તેથી તેઓ ચતુરંત ચક્રવર્તી કહેવાય છે.

તીર્થંકર ભગવાન નરક, તિર્યંચ આદિ ચારે ગતિઓનો અંત કરી, કેવળજ્ઞાનને પ્રાપ્ત કરી સંપૂર્ણ વિશ્વ ઉપર અહિંસા અને સત્ય આદિનું ધર્મરાજ્ય સ્થાપિત કરે છે. જ્ઞાન, દર્શન, ચારિત્ર, તપ અથવા દાન, શીલ, તપ અને ભાવરૂપ ચતુર્વિધ ધર્મની સાધના સ્વયં પૂર્ણ કરે છે અને જગતને પણ તે ધર્મનો ઉપદેશ આપે છે ભિન્ન-ભિન્ન મતજન્ય દુરાગ્રહને કારણે ફેલાયેલી ધાર્મિક અરાજકતાનો અંત કરી તીર્થંકરો અખંડ ધર્મરાજ્યની સ્થાપના કરે છે, તેથી તેઓ ધર્મચતુરંત ચક્રવર્તી કહેવાય છે.

તીર્થંકરો ધર્મચક્રવર્તી છે. તેઓ સાધનાના બળથી કામ-ક્રોધાદિ અંતરંગ શત્રુઓનો નાશ કરે છે. તત્પશ્ચાત્ જીવો માટે ધર્મતીર્થની સ્થાપના કરી અખંડ આધ્યાત્મિક શાંતિનું સામ્રાજ્ય સ્થાપિત કરે છે. તીર્થંકર સમગ્ર જીવ સૃષ્ટિના હૃદયના સમ્રાટ બને છે, તેના પરિણામે તેઓ સંસારમાં પારસ્પરિક પ્રેમ અને સહાનુભૂતિ, ત્યાગ અને વૈરાગ્યનું વિશ્વહિતકારી શાસન ચલાવે છે. તીર્થંકર ભગવાનનું શાસન તો ચક્રવર્તીઓ ઉપર પણ હોય છે, તેથી તીર્થંકર ભગવાન ચક્રવર્તીઓના પણ ચક્રવર્તી છે.

**दीवोताणं सरणगइ पइट्ठाणं**– તીર્થંકરો સંસાર સમુદ્રમાં ડૂબતા જીવો માટે આધાર રૂપ હોવાથી દ્વીપ સમાન છે, કર્મોથી સંતપ્ત ભવી જીવોની રક્ષા કરવામાં કુશળ હોવાથી ત્રાણરૂપ અને શરણ પ્રદાતા હોવાથી શરણાગતિના સ્થાનરૂપ છે.

**अप्पडिहय-वर-णाण-दंसणधराणं**– અપ્રતિહત– શ્રેષ્ઠ જ્ઞાન-દર્શનના ધારક. મતિ, શ્રુત આદિ ક્ષાયોપશમિક જ્ઞાન અપૂર્ણ છે. તેની કાલમર્યાદા પ્રમાણે જ તે રહે છે. કેવળજ્ઞાન અખંડ, અનંત અને પૂર્ણજ્ઞાન છે, તેની સ્થિતિ સાદિ અનંતકાલની છે. પ્રગટ થયા પછી તેનો નાશ થતો નથી કે અન્ય દ્વારા પરાભૂત થતું નથી, તેથી તે અપ્રતિહત છે. વર એટલે સર્વ જ્ઞાનોમાં શ્રેષ્ઠ છે. તીર્થંકરો અપ્રતિહત શ્રેષ્ઠ કેવળ જ્ઞાન-દર્શનના ધારક છે.

**वियट्टछउमाणं વ્યાવૃત્તચ્છદ્મ :**– તીર્થંકર દેવ વ્યાવૃત્તચ્છદ્મ અર્થાત્ છદ્મરહિત કહેવાય છે. છદ્મના બે અર્થ છે– આવરણ અને છળ. (૧) જ્ઞાનાવરણીય આદિ ચાર ઘનઘાતી કર્મો આત્માની જ્ઞાન, દર્શનાદિ મૂળ શક્તિઓને ઢાંકે છે, વેષ્ટિત કરે છે, છાદન કરે છે, તેથી તે છદ્મ કહેવાય છે. તીર્થંકરો જ્ઞાનાવરણીય આદિ ચાર ઘાતી કર્મોથી પૂર્ણતઃ પૃથક્ થઈ જાય છે, તેથી તેઓ કેવળ જ્ઞાની બની ગયા છે તે 'વ્યાવૃત્તચ્છદ્મ' કહેવાય છે. (૨) છદ્મ એટલે છળ કપટ. વીતરાગ અવસ્થાની પ્રાપ્તિ પછી જ તીર્થંકરપણું પ્રગટ થાય છે, તેથી તીર્થંકરો છળકપટથી સર્વથા રહિત હોય છે. તેમનું જીવન બહાર અને અંદર સર્વત્ર સરળ, સમતોલ અને સમભાવ યુક્ત હોય છે. તેમના જીવનમાં છળ-કપટની કોઈ સંભાવના નથી.

અપ્રતિહત જ્ઞાન-દર્શનના ધારક અને વ્યાવૃત્ત છદ્મ, આ બંને ગુણો અન્ય અનંત ગુણોને જન્મ આપે છે. અરિહંતાણં ભગવંતાણંથી લઈને સરણ ગઈ પઈટ્ઠાણં સુધીના સર્વ ગુણોનું કારણ આ બે ગુણો જ છે, તેથી આ બે ગુણો જ પ્રભુના ઉત્કૃષ્ટ ગુણગાન માટે પર્યાપ્ત છે.

**जिणाणं..... मोयगाणं** સ્વયં રાગ દ્વેષના વિજેતા અને અન્યને રાગ-દ્વેષના વિજયનો માર્ગ બતાવનારા, સ્વયં સંસાર સમુદ્રથી તીર્ણ અને અન્યને તારનારા, સ્વયં બોધ પામેલા અને અન્યને બોધ પમાડનારા, સ્વયં ઘાતિકર્મોથી મુક્ત અને અન્યને મુક્ત કરનારા.

તીર્થંકરો સંયમનો સ્વીકાર કર્યા પછી રાગ-દ્વેષ પર વિજય પ્રાપ્ત કરવાની સાધના કરે છે, સ્વયં

સાધના દ્વારા રાગ–દ્વેષના વિજેતા બનીને જિનપદને પામે છે, જિનપદની પ્રાપ્તિની સાથે જ જન્મ-મરણના બીજભૂત મોહનીય આદિ ચાર ઘાતિ કર્મોનો નાશ કર્યો હોવાથી સંસાર સાગરથી તીર્ણ થાય છે, સ્વયં કેવળજ્ઞાનરૂપ પૂર્ણ બોધને પામે છે અને ઘાતિ કર્મોથી મુક્ત થાય છે.

આ રીતે તીર્થંકરની સ્વયંની સાધના સિદ્ધ થાય છે. ત્યાર પછી તેઓ સદેહે તીર્થંકર પણે વિચરે છે. પૂર્વના ત્રીજા ભવમાં 'સવ્વે જીવ કરું શાસન રસી'ની પ્રબળતમ કરૂણાભાવનાથી નિકાચિતકરેલા તીર્થંકર નામ કર્મના ઉદયે જગજ્જીવોને કર્મબંધથી મુક્ત કરવા માટે ચતુર્વિધ સંઘની સ્થાપના કરે છે અને ભવી જીવોને બંધન મુક્તિનો માર્ગ બતાવે છે. તેથી તીર્થંકરો જગજ્જીવોને રાગ-દ્વેષના વિજયનો, સંસાર સાગર તરવાનો, બોધ પ્રાપ્તિનો અને કર્મમુક્ત થવાનો માર્ગ બતાવે છે. અનેક જીવો તે માર્ગે ચાલીને મુક્ત થયા છે, થાય છે અને થશે. આ રીતે તીર્થંકરો નિજસમફલદાયક છે. આ તીર્થંકરોની વિશિષ્ટતા છે.

જૈન દર્શનની દષ્ટિએ પ્રત્યેક આત્મા પરમાત્માતુલ્ય છે. તે જીવ પરમાત્માના પ્રદર્શિત માર્ગે ચાલી. પરમાત્માની ભક્તિ કરતાં–કરતાં અંતે પરમાત્મપદને પામી શકે છે. **जावयाणं, तारयाणं** આદિ ચાર વિશેષણોથી તે વાત સ્પષ્ટ થાય છે.

**सव्वणूणं सव्वदरिसीणं**– સર્વજ્ઞ, સર્વદર્શી. જગતના સર્વ દ્રવ્યો અને સર્વ પર્યાયોને વિશેષ રૂપે અને સામાન્ય રૂપે જાણનારા. તીર્થંકરો કેવળજ્ઞાન દ્વારા લોકાલોકના ત્રૈકાલિક ભાવોને વિશેષ રૂપે જાણતા હોવાથી સર્વજ્ઞ અને લોકાલોકના ત્રૈકાલિક ભાવોને સામાન્ય રૂપે જોતા હોવાથી સર્વદર્શી છે.

**सिवमयल.....** પૂર્વોક્ત વિશેષણો દ્વારા તીર્થંકરોની વિશિષ્ટતાનું દર્શન કરાવ્યા પછી સૂત્રકાર તીર્થંકરો જે સ્થાન પ્રાપ્ત કરવાના છે તે સિદ્ધસ્થાનનું સ્વરૂપ સ્પષ્ટ કરે છે.

**सिव**–શિવ. સિદ્ધપદ સર્વ પ્રકારના ઉપદ્રવોથી પૂર્ણપણે રહિત હોવાથી શિવ-કલ્યાણકારક છે.

**अयल**– અચલ. સિદ્ધ પદની પ્રાપ્તિ પછી તે શુદ્ધાત્મામાં સ્વાભાવિક કે પ્રાયોગિક કોઈ પણ પ્રકારની ચલન ક્રિયા નથી. તે સ્થાન અચલ છે, ત્યાંથી ચલિત થવાનું નથી.

**अरुय**– અરુજ. જ્યાં કોઈ પણ પ્રકારનો રોગ નથી તે અરુજ કહેવાય છે. સિદ્ધોને શરીર કે મન ન હોવાથી આધિ, વ્યાધિ કે ઉપાધિ રૂપ રોગ નથી. તે ઉપરાંત જન્મ-મરણ રૂપ આધ્યાત્મિક રોગ પણ હોતો નથી. આ રીતે તે સ્થાન રોગરહિત છે.

**अणंत**– તે સ્થાનમાં અનંતકાલ પર્યંત સ્થિત થવાનું હોવાથી સિદ્ધ પદ અનંત છે.

**अक्खय**– અક્ષય. સિદ્ધ પદ અવિનાશી છે, તેનો નાશ થતો ન હોવાથી, તે અક્ષય છે.

**अव्वाबाह**– અવ્યાબાધ. જ્યાં શારીરિક કે સાંયોગિક પીડા રૂપ દ્રવ્યપીડા કે રાગ-દ્વેષાદિ વૈભાવિક ભાવ રૂપ પીડા હોતી નથી. તે અવ્યાબાધ કહેવાય છે, સિદ્ધપદ અવ્યાબાધ છે.

**अपुणरावित्ति**– અપુનરાવૃત્તિ. જે સ્થાનમાં ગયા પછી પાછું આવવાનું નથી. તે અપુનરાવૃત્તિ કહેવાય છે. સિદ્ધ પદની સ્થિતિ સાદિ અનંતકાલની છે. ત્યાંથી પુનઃ સંસારમાં અવતાર ધારણ કરવાનો નથી, તેથી સિદ્ધપદ અપુનરાવૃત્ત છે.

**सिद्धिगइणामधेयं**– કલ્યાણકારી, અચલ, અક્ષય, અનંત, અવ્યાબાધ અને અપુનરાવૃત્તિ સ્વરૂપ સિદ્ધગતિ એવા નામવાળા.

**ठाणं संपत्ताणं....** (સિદ્ધગતિ નામવાળા) તે સ્થાનને પ્રાપ્ત થયેલા, સર્વ પ્રકારના ભય રહિત જિનેશ્વરોને નમસ્કાર હો.

આ રીતે તીર્થંકરોના એક એક ગુણોના સ્મરણથી સાધક પોતાનું લક્ષ્ય દઢ કરે છે. તીર્થંકરોના ગુણસ્તવનથી તીર્થંકરોનું અથવા શુદ્ધાત્માનું સ્વરૂપ સ્પષ્ટ થાય છે અને તેનાથી અન્યદાર્શનિકોની પરમાત્મા વિષયક માન્યતાથી જૈનદર્શનની વિશિષ્ટતા સહજ રીતે પ્રગટ થાય છે.

પ્રત્યેક જીવ પરમાત્માપદને પામી શકે છે. આ પ્રકારની સમજણથી સાધકનો સાધનાનો પુરુષાર્થ વધુ વેગવંતો બને છે.

**બીજું नमोत्थुणं** – શ્રી આવશ્યક સૂત્રમાં **नमोत्थुणं** નો **ठाणं संपत्ताणं नमो जिणाणं जियभयाणं...** સુધીનો પાઠ પ્રાપ્ત થાય છે. તેમાં બીજા કે ત્રીજા **नमोत्थुणं**નો ઉલ્લેખ નથી પરંતુ શ્રી ભગવતી સૂત્ર, શ્રી જ્ઞાતા સૂત્ર, ઔપપાતિક સૂત્ર, રાજ પ્રશ્નીય સૂત્ર, અંતગડસૂત્ર વગેરે આગમોમાં પ્રભુનું પદાર્પણ થાય, ત્યારે પ્રભુને નમોત્થુણંના પાઠથી વંદન કરેલા છે અને આ રીતે અનેક આગમોમાં **नमोत्थुणं** ના પાઠનો ઉલ્લેખ ઉપલબ્ધ છે.

શ્રી અંતગડ સૂત્રમાં સુદર્શન શેઠે યક્ષના ઉપસર્ગ પ્રસંગે સાગારી સંથારો કર્યો છે ત્યારે પ્રથમ નમોત્થુણં શ્રી ભૂતકાળમાં થઈ ગયેલા અરિહંતો, જે વર્તમાને સિદ્ધ પદને પામેલા છે, તેવા સિદ્ધ ભગવાનને કર્યું છે અને બીજું નમોત્થુણં **समणस्स भगवओ महावीरस्स आइगरस्स जाव संपाविउकामस्स**, આ પાઠ બોલીને પ્રભુ મહાવીર સ્વામીને વંદન કર્યા છે. **आइगराणं** થી પ્રારંભ કરીને **सव्वदरिसीणं** સુધીના વિશેષણો અરિહંત અને સિદ્ધને સમાન રીતે લાગુ પડે છે. અંતિમ વિશેષણ **ठाणं संपताणं**– કલ્યાણકારી વગેરે વિશેષણથી યુક્ત સિદ્ધગતિ નામના સ્થાનને **संपताणं**– પ્રાપ્ત થયેલા. આ વિશેષણ સિદ્ધ ભગવાનનું છે. સિદ્ધ ભગવાન તે સ્થાનને પ્રાપ્ત થયેલા છે, તેથી જ્યારે અરિહંત ભગવાનની સ્તુતિ કરવી હોય, ત્યારે **ठाणं संपताणं** ના સ્થાને **ठाणं संपाविउकामस्स** શબ્દ બોલવો. તે સ્થાનને પ્રાપ્ત કરવાના કામી છે તેવા અરિહંત ભગવાનને નમસ્કાર હો. આ પ્રમાણે અર્થ થાય છે.

અરિહંત ભગવાન હજુ મોક્ષમાં ગયા નથી, અઘાતી કર્મક્ષય કરશે ત્યારે મોક્ષ પધારશે; તેથી તેઓ મોક્ષ જવાની કામના રાખે છે. કામનાનો અર્થ અહીં વાસના કે આસક્તિ નથી. તીર્થંકર પ્રભુ મોક્ષ માટે પણ આસક્તિ રાખતા નથી. તેઓ વીતરાગી છે, તેથી અહીં કામનાનો અર્થ ધ્યેય, લક્ષ્ય, ઉદ્દેશ્ય આદિ ગ્રહણ થાય છે.

**ત્રીજું नमोत्थुणं**–પોતાના ધર્મગુરુ ધમાચાર્યને કરવાનું હોય છે. તેનો વર્તમાનમાં પ્રચલિત પાઠ આ પ્રમાણે છે– શ્રી રાજપ્રશ્નીય સૂત્રમાં પરદેશીરાજા પોતાના ગુરુ કેશીકુમાર શ્રમણને વંદન કરે છે ત્યારે પ્રથમ **नमोत्थुणं** થી **ठाणं संपत्ताणं** સુધીના પાઠ દ્વારા સિદ્ધ ભગવાનને કરે છે. ત્યાર પછી **नमोत्थुणं केसिकुमार समणस्स मम धम्मायरियस्स धम्मोवदेसगस्स वंदामि णं भगवं ते तत्थगयं इहगए पासउ मे... भगवं तत्थगए इहगयं ति कट्टु वंदइ णम्मंसइ ।** આ પ્રકારના પાઠથી પોતાના ધર્મગુરુને વંદન કર્યા છે.

શ્રી જ્ઞાતાસૂત્ર કથિત અર્હન્નક શ્રાવકે સમુદ્રમાં સાગારી સંથારો કર્યો ત્યારે પ્રથમ નમોત્થુણં શ્રી સિદ્ધ ભગવાનને કર્યું છે. તેમાં બીજા કે ત્રીજા નમોત્થુણંનો ઉલ્લેખ નથી કારણ કે ત્યારે મલ્લિનાથ ભગવાન તીર્થંકરપદને પામ્યા ન હતા.

શ્રી ઔપપાતિક સૂત્રમાં કોણિક રાજાએ પ્રભુ મહાવીરને કરેલા પરોક્ષ વંદન કર્યા છે તે પાઠ છે. તેમાં નમોત્થુણં.....ઠાણં સંપતાણં પાઠ દ્વારા પ્રથમ સિદ્ધ ભગવાનને વંદન કર્યા છે, ત્યાર પછી **नमोत्थुणं समणो भगवओ महावीरस्स, आइगरस्स जाव ठाण संपाविउकामस्स, मम धम्मायरियस्स धम्मोवदेसगस्स वंदामि णं भगवं ते .....** આ પાઠ દ્વારા બીજું નમોત્થુણં અરિહંતપણે સદેહે બિરાજમાન શ્રમણ ભગવાન મહાવીરને કર્યું છે. ભગવાન મહાવીર જ કોણિક રાજાના ધર્મગુરુ હતા તેથી તેમણે છેલ્લે **मम धम्मायरिस्स.....** શબ્દનો પ્રયોગ કર્યો છે.

સર્વ આગમ પાઠોને જોતા સ્પષ્ટ થાય છે કે ત્રણે નમોત્થુણંના પાઠ આગમ સમ્મત છે. પ્રથમ નમોત્થુણં શ્રી સિદ્ધ ભગવાનને માટે છે. બીજું નમોત્થુણં શ્રી અરિહંત ભગવાનોને માટે છે, પરંતુ જ્યારે તે અરિહંતો સદેહે વિચરતા હોય ત્યારે જ તે પાઠથી વંદન થાય છે અને ત્રીજું નમોત્થુણં ધર્મગુરુ, ધર્માચાર્યને માટે છે.

વર્તમાને પ્રચલિત પરંપરા અનુસાર દરેક વિધિમાં ત્રણે નમોત્થુણં બોલાય છે.

**दीवोताणं सरणगइ पइट्ठाणं :–** આવશ્યક આદિ આગમોની પ્રાચીન પ્રતિઓમાં **णमोत्थुणं**ના પાઠમાં **दीवो ताणं, सरणं गइ पइठा** શબ્દો મળતા નથી, આધુનિક પ્રતિઓમાં આ શબ્દો ઉપલબ્ધ છે.

**नमोत्थुणं**માં પ્રત્યેક શબ્દો છઠ્ઠી વિભક્તિમાં છે. વ્યાકરણની દષ્ટિએ નમસ્કાર અર્થમાં ચતુર્થી અને ષષ્ઠી વિભક્તિ વપરાય છે તેથી આધુનિક પ્રતોમાં તેને **दीवो-ताणं-सरणगइ पइट्ठाणं** એ પ્રમાણે સમસ્ત શબ્દોને છઠ્ઠી વિભક્તિનો પ્રત્યય લગાડીને બોલાય છે.

**नमोत्थुणंના નામો :–**

**(૧) નમોત્થુણં સૂત્ર–** શ્રી અનુયોગદ્વાર સૂત્રના આધારે પ્રારંભના પદના આધારે નામ નિશ્ચિત થાય, તે આદાનનામ છે. તે પ્રમાણે **नमोत्थुणं**ના પ્રથમ શબ્દના આધારે તેનું નામ **નમોત્થુણં** સૂત્ર નિશ્ચિત થયું છે.

**(૨) પ્રણિપાત સૂત્ર–** પ્રકૃષ્ટ ભાવે થતાં નમસ્કારને પ્રણિપાત કહે છે. આ સૂત્રમાં અરિહંત અને સિદ્ધ ભગવાનને પ્રકૃષ્ટ ભાવે નમસ્કાર કરેલા છે, તેથી તેનું નામ પ્રણિપાત સૂત્ર છે.

**(૩) શક્રસ્તવ–** તીર્થંકરના પાંચ કલ્યાણકોના પ્રસંગે ૬૪ ઈન્દ્રો આવે છે. તેમાં પ્રથમ દેવલોકના ઈન્દ્ર-શક્રેન્દ્ર, આ પાઠથી પ્રભુની સ્તુતિ કરે છે, તેથી તેનું નામ શક્રસ્તવ છે.

**આસન :–** રાજપ્રશ્નીય સૂત્ર આદિ આગમોમાં જ્યાં દેવો કે રાજાઓ તીર્થંકર ભગવાનને વંદન કરે છે, ત્યારે ત્યાં જમણો ઢીંચણ ભૂમિ ઉપર સ્થાપી ડાબો ઢીંચણ ઊભો રાખી, બંને હાથ અંજલિ-બદ્ધ કરી મસ્તકે લગાવે છે. આ પ્રકારના આસન પર સ્થિત થઈને નમોત્થુણંનો પાઠ બોલાય છે. આજની પ્રચલિત પદ્ધતિ આ ઉલ્લેખાનુસાર છે. વંદન માટે આ આસન નમ્રતા અને વિનય ભાવનાનું સૂચક મનાય છે.

પ્રતિક્રમણ સૂત્રના ટીકાકાર આચાર્ય નમિસૂરિશ્રી પંચાગ પ્રણિપાત નમસ્કાર આસન અને આચાર્ય હરિભદ્રસૂરિ અને આચાર્ય હેમચંદ્રસૂરિ નમોત્થુણંના આસનરૂપે યોગ મુદ્રાનું કથન કરે છે. ઉપાંગ રાજપ્રશ્રીય ના સૂત્રાનુસારી આસન જ વધુ ઉચિત જણાય છે.

**॥ આવશ્યક–૬ સંપૂર્ણ ॥**

**॥ આવશ્યક સૂત્ર સંપૂર્ણ ॥**

# હારિભદ્રિય આવશ્યક વૃત્તિ અનુસાર

## શ્રાવક વ્રત

શ્રી આવશ્યક સૂત્રમાં સૂત્રકારે **करेमि भंते, इच्छामि ठामि काउस्सग्गं** ઈત્યાદિ સૂત્ર પાઠનું કથન સાધુના મહાવ્રતની અપેક્ષાએ કર્યું છે. શ્રાવક વ્રતનું કે તેના અતિચારોનું કથન નથી. પરંતુ વ્યાખ્યાકારે છઠ્ઠા પ્રત્યાખ્યાન આવશ્યકમાં પ્રત્યાખ્યાનના ભેદ-પ્રભેદ તથા શ્રાવક વ્રતનું તથા તેના અતિચારોનું નિરૂપણ કર્યું છે.

**तं दुविहं सुअ नोसुअ सुयं दुहा पुव्वमेव नोपुव्वं ।**
**पुव्वसुय नवमपुव्वं नोपुव्वसुयं इमं चेव ॥१॥**

**नो सुअपच्चक्खाणं मूलगुणे चेव उत्तरगुणे य ।**
**मूले सव्वं देसं इत्तरियं आवकहियं च ॥२॥**

ભાવ પ્રત્યાખ્યાનના બે પ્રકાર છે– શ્રુતપ્રત્યાખ્યાન અને નોશ્રુતપ્રત્યાખ્યાન. શ્રુતપ્રત્યાખ્યાનના બે પ્રકાર છે– પૂર્વશ્રુત અને નોપૂર્વશ્રુત. નવમું પ્રત્યાખ્યાનપૂર્વ, પૂર્વશ્રુત પ્રત્યાખ્યાન છે. નોપૂર્વશ્રુત પ્રત્યાખ્યાનના બે ભેદ છે– મૂળગુણ પ્રત્યાખ્યાન અને ઉત્તરગુણ પ્રત્યાખ્યાન. મૂળગુણ પ્રત્યાખ્યાનના બે ભેદ છે– સર્વતઃ મૂળગુણપ્રત્યાખ્યાન અને દેશતઃ મૂળગુણ પ્રત્યાખ્યાન. સર્વતઃ મૂળગુણ પ્રત્યાખ્યાન યાવજ્જીવન માટે હોય અને દેશતઃ મૂળગુણ પ્રત્યાખ્યાન ઈત્વરિક-અલ્પકાલીન હોય છે. ઉત્તરગુણ પ્રત્યાખ્યાનમાં પણ સર્વતઃ ઉત્તરગુણ પ્રત્યાખ્યાન અને દેશતઃ ઉત્તરગુણ પ્રત્યાખ્યાન આ બે ભેદ છે.

**સર્વતઃ મૂળગુણ પ્રત્યાખ્યાન :–** અહિંસા, સત્ય, અચૌર્ય, બ્રહ્મચર્ય અને અપરિગ્રહ, સાધુના આ પંચ મહાવ્રત સર્વતઃ મૂળગુણ પ્રત્યાખ્યાન છે. મહાવ્રતનું પાલન ત્રણ કરણ અને ત્રણ યોગ, તેમ નવ કોટિએ જીવન પર્યંત થાય છે. તેમાં અન્ય કોઈ વિકલ્પ નથી.

**સર્વતઃ ઉત્તરગુણ પ્રત્યાખ્યાન :–** પાંચ સમિતિ, ત્રણ ગુપ્તિ, કરણ સિત્તરિ, ચરણ સિત્તરિ વગેરે સાધુના નિયમોપનિયમનું પાલન કરવું, તે સર્વતઃ ઉત્તરગુણ પ્રત્યાખ્યાન છે. તે ઉપરાંત નવકારશી, પોરસી આદિ દશ પચ્ચક્ખાણનો સમાવેશ પણ સર્વતઃ ઉત્તરગુણ પ્રત્યાખ્યાનમાં જ થાય છે. સૂત્રકારે છઠ્ઠા પ્રત્યાખ્યાન આવશ્યકમાં દશ પચ્ચક્ખાણનું કથન કર્યું છે.

**દેશતઃ મૂળગુણ પ્રત્યાખ્યાન :–** અહિંસા આદિ શ્રાવકના પાંચ અણુવ્રત દેશતઃ મૂળગુણ પ્રત્યાખ્યાન છે. તે ઈત્વરિક-અલ્પકાલિક હોય છે. તેમાં એક, બે, ત્રણ કરણ-કોટિની અપેક્ષાએ ૪૯ ભંગ-વિકલ્પ છે. શ્રાવક કોઈ પણ વિકલ્પથી પ્રત્યાખ્યાનનો સ્વીકાર કરી શકે છે.

**દેશતઃ ઉત્તરગુણ પ્રત્યાખ્યાન :–** ત્રણ ગુણવ્રત અને ચાર શિક્ષાવ્રત, આ સાત વ્રત દેશતઃ ઉત્તરગુણ પ્રત્યાખ્યાન છે.

આ રીતે પ્રત્યાખ્યાનના ભેદ–પ્રભેદ પછી શ્રાવકવ્રતનું પ્રતિપાદન છે.

**सावयधम्मस्स विहिं वुच्छामि धीरपुरिसपन्नत्तं ।**
**तं चरिऊण सुविहिया गिहिणो वि सुहाइं पावंति ॥१५५६॥** આવશ્યક નિર્યુક્તિ.

**અર્થ–** ધીર પુરુષોએ પ્રતિપાદિત કરેલા શ્રાવકધર્મની વિધિ હું કહીશ. તેનું સમ્યક પ્રકારે આચરણ કરીને ગૃહસ્થો સુખ પામે છે.

**શ્રાવક– श्रृणोति धर्मसम्बधामसौ श्रावक उच्यते ।** ધર્મ સંબંધી તત્ત્વનું શ્રવણ કરે છે. તે શ્રાવક છે. વ્યાખ્યાકારોએ શ્રાવકના બે ભેદ કહ્યા છે– **૧. સાભિગ્રહા–** અભિગ્રહ એટલે પ્રતિજ્ઞા. વ્રતનો સ્વીકાર કરે, સમ્યગ્દર્શન સહિત દેશતઃ મૂળગુણ અને ઉત્તરગુણ રૂપ બાર વ્રતનું પાલન કરે છે, તે સાભિગ્રહા શ્રાવક છે, જેમ કે આનંદ, કામદેવ આદિ. **૨. નિરભિગ્રહા–** વ્રતને પ્રત્યાખ્યાનનો સ્વીકાર કર્યો ન હોય, તેવા કેવળ સમ્યગ્દર્શનના ધારક, નિરભિગ્રહા શ્રાવક છે, જેમ કે– શ્રેણિક રાજા, કૃષ્ણ વાસુદેવ વગેરે.

પ્રસ્તુતમાં વ્યાખ્યાકારોના કથાનાનુસાર સમ્યગ્દર્શન સહિત શ્રાવકના બાર વ્રતની પ્રતિજ્ઞા તથા તેના અતિચારોનું કથન કર્યું છે.

**સમ્યક્ત્વ :–**

**१ तत्थ समणोवासओ पुव्वामेव मिच्छत्ताओ पडिक्कमइ, सम्मत्तं उवसंपज्जइ, णो से कप्पइ अज्जप्पभिई अण्णउत्थिए वा अण्णउत्थिय देवयाणि वा अण्णउत्थियपरिग्गहियाणि अरिहंतचेइयाणि वा वंदित्तए वा णमंसित्तए वा पुव्विं अणालत्तएणं आलवित्तए वा संलवित्तए वा तेसिं असणं वा पाणं वा खाइमं वा साइमं वा दाउं वा अणुप्पयाउं वा, णण्णत्थ रायाभिओगेणं गणाभिओगेणं बलाभिओगेणं देवयाभिओगेणं गुरुणिग्गहेणं वित्तीकंतारेणं । से य सम्मत्ते पसत्थसमत्तमोहणियकम्माणुवेयणोवसमखयसमुत्थे पसमसंवेगाइलिंगे सुहे आयपरिणामे पण्णत्ते। सम्मत्तस्स समणोवासएणं इमे पंच अइयारा जाणियव्वा ण समायरियव्वा, तं जहा- संका, कंखा, वितिगिच्छा, परपासंडपसंसा, परपासंडसंथवो ।**

**ભાવાર્થ :–** શ્રાવકો સર્વ પ્રથમ મિથ્યાત્વનું પ્રતિક્રમણ કરે અને સમ્યક્ત્વનો સ્વીકાર કરે છે. શ્રાવકોને વ્રત સ્વીકારથી જ અન્યતીર્થિકો, અન્ય ધર્મના સંન્યાસીઓ, તેના દેવો, તેના પરિગૃહિત ચૈત્ય, તે ધર્મમાં સ્વીકારેલી મૂર્તિઓને વંદન નમસ્કાર કરવા, તેના બોલાવ્યા વિના તેની સાથે આલાપ–સંલાપ કરવો, ખાદ્ય પદાર્થો, ફળ, મેવા કે મુખવાસ રૂપ ચારે પ્રકારનો આહાર ધર્મ બુદ્ધિએ એકવાર કે વારંવાર આપવો વગેરે પ્રવૃત્તિઓનો નિષેધ થઈ જાય છે. શ્રાવકો માટે ઉપરોક્ત પ્રવૃત્તિ કલ્પનીય નથી પરંતુ તેમાં (૧) રાજા, (૨) ગણ એટલે જન સમુદાય અથવા ગણતંત્રીય શાસન, (૩) બળ– સેના અથવા બળવાન પુરુષ, (૪) દેવ, (૫) ગુરુ, માતા-પિતા આદિ વડિલોનો આદેશ અથવા આગ્રહ તથા (૬) પોતાની આજીવિકા માટે અથવા કોઈ સંકટગ્રસ્ત પરિસ્થિતિ આવે, તો તેનો આગાર–છૂટ છે.

સમ્યક્ત્વ મોહનીય કર્મના વેદનથી અથવા ઉપશમ કે ક્ષયથી પ્રગટ થતાં સમ્યગ્દર્શનના પાંચ

પ્રશસ્ત આત્મ પરિણામ રૂપ લિંગ-લક્ષણ છે. તે આ પ્રમાણે છે– સમ, સંવેગ, નિર્વેદ, અનુકંપા અને આસ્થા.

શ્રાવકોએ સમ્યક્દર્શનના પાંચ અતિચાર જાણવા જોઈએ પરંતુ તેનું આચારણ કરવું ન જોઈએ. તે પાંચ અતિચાર આ પ્રમાણે છે– શંકા, કંખા, વિતિગિચ્છા, પરપાસંડ પ્રશંસા અને પરપાસંડ સંથવો.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રમાં સમ્યક્ત્વ સ્વીકારની વિધિ, તેના આગાર, સમ્યક્ત્વના પાંચ લક્ષણ તથા પાંચ અતિચારનું કથન છે.

**સમ્યક્ત્વ– तत्त्वार्थ श्रद्धानं सम्यग्दर्शनम् ।** નવ તત્ત્વોની યથાર્થ શ્રદ્ધા અથવા અરિહંત દેવ, નિર્ગ્રંથ ગુરુ અને કેવલી પ્રરૂપિત ધર્મની શ્રદ્ધા, તે સમ્યગ્દર્શન છે અથવા વસ્તુતત્ત્વના યથાર્થ દર્શનને સમ્યગ્દર્શન કહે છે.

સમ્યગ્દર્શન તે સાધનાનું પ્રથમ સોપાન છે. સમ્યગ્ દર્શનના પ્રભાવે જ જ્ઞાન અને ચારિત્ર સમ્યક રૂપે પરિણત થાય છે, તેથી શ્રાવક બાર વ્રતનો સ્વીકાર કરતાં પહેલા પોતાના સમ્યગ્દર્શનને નિર્મળ બનાવવા માટે પ્રતિજ્ઞા ગ્રહણ કરે છે.

**પ્રતિજ્ઞા–** હું જીવન પર્યંત વીતરાગી સર્વજ્ઞ અરિહંત પરમાત્માને દેવ, પંચ મહાવ્રતધારી નિર્ગ્રંથ મુનિવરને ગુરુ અને કેવળી પ્રરૂપિત ધર્મનો ધર્મ તરીકે સ્વીકાર કરું છું. મારી શ્રદ્ધાની દઢતા માટે હું અન્યતિર્થિકો, તેના સંન્યાસીઓ, તેના ચૈત્યો-મંદિરો વગેરેમાં જઈશ નહીં, તેમને વંદન-નમસ્કાર કરીશ નહીં, ધર્મબુદ્ધિથી તે સંન્યાસીઓને આહાર–પાણી આપીશ નહીં.

અન્યતીર્થિકોના સંન્યાસીઓ આરંભ-સમારંભના સંપૂર્ણ ત્યાગી નથી. તેમને ધર્મબુદ્ધિથી આહારદાન કરવાથી આરંભ-સમારંભની અનુમોદનાનો દોષ લાગે છે. તે ઉપરાંત તેમના વ્રત-નિયમમાં ધર્મબુદ્ધિ થતાં ક્રમશઃ જિનધર્મની શ્રદ્ધા ચલિત થાય છે.

અન્યતીર્થિકોનો કે તેમના સંન્યાસીઓનો પરિચય શ્રાવક જીવનમાં હિતાવહ નથી તેથી સૂત્રકારે તેનો નિષેધ કર્યો છે. તે સંન્યાસીઓને અનુકંપાબુદ્ધિથી આહાર-દાનનો નિષેધ નથી. તીર્થંકરો પણ સંયમ સ્વીકાર કરતાં પહેલા એક વર્ષ સાંવત્સરિક દાન કરે છે. તેમાં કોઈ પણ પ્રકારના ભેદભાવ વિના દાન આપે છે.

**આગાર–** શ્રાવકોના વ્રતો અણુવ્રત છે, તેના ગૃહસ્થ જીવનના વ્યવહારમાં કોઈ પણ પ્રકારે વિસંવાદ ન થાય, પરસ્પરના વ્યવહારમાં સમાધિભંગ ન થાય, તે માટે શ્રાવક વ્રતોમાં આગાર હોય છે. સમ્યક્ત્વ વ્રતમાં છ પ્રકારના આગાર છે. (૧) રાજાની આજ્ઞાથી, (૨) સંઘ-સમાજના દબાણથી, (૩) બળવાન વ્યક્તિ કે સૈન્યના ભયથી, (૪) દેવતાના ભયથી કે દબાણથી, (૫) ગુરુ કે વડિલોના આદેશથી, (૬) આજીવિકા- નોકરીમાં માલિકની આજ્ઞાથી અથવા કોઈ વિકટ પરિસ્થિતિમાં ઉપરોક્ત પ્રતિજ્ઞામાં કોઈ છૂટ લેવી પડે, તો વ્રત ભંગ થતું નથી.

**અતિચાર–**

વ્રત ધારણ કરવાં કઠિન છે, તેથી પણ વ્રતનું દૃઢતાથી પાલન કરવું તે વિશેષ કઠિન છે. વ્રતના

યથાર્થ પાલન માટે વ્યક્તિએ ક્ષણે ક્ષણે જાગ્રત રહેવું પડે છે. બાધક પરિસ્થિતિમાં પણ વ્રત પાલનમાં અવિચલ રહેવાનું હોય છે. સ્વીકારેલા વ્રતમાં સ્થિરતા રહે, ઉપાસકના ભાવોમાં ન્યૂનતા ન આવે તેના માટે જૈન સાધના પદ્ધતિમાં અતિચાર વર્જનરૂપ સુંદર ઉપાયનું સૂચન કર્યું છે.

અતિચાર એટલે વ્રતમાં સ્ખલના અથવા આંશિક મલિનતા આવવી. અતિચારોની સીમા જ્યારે આગળ વધી જાય ત્યારે અતિચાર અનાચારમાં પણ પરિવર્તિત થઈ જાય છે. અનાચારનો અર્થ છે લીધેલા વ્રતનું ખંડિત થવું. તેથી ઉપાસકોએ અતિચારોનું યથાવત્ સ્વરૂપ સમજીને જાગૃતિ અને આત્મબળ સાથે તેનો ત્યાગ કરવો. વ્રતને સુરક્ષિત અને સુશોભિત રાખવા માટે અતિચારને છોડવા અતિ આવશ્યક છે.

આ રીતે અતિચારો **जाणियव्वा**– જાણવા યોગ્ય છે પરંતુ **ण समायरियव्वा** આચરવા યોગ્ય નથી. સમ્યક્ત્વના પાંચ અતિચાર આ પ્રમાણે છે–

**(૧) શંકા–** દેવ, ગુરુ કે ધર્મના સ્વરૂપ, વચનો તથા તેમના આચરણ વિષયક શંકા થવી. અરિહંત અને સિદ્ધ અનંતકાલ સુધી કેવળજ્ઞાની જ રહે, તે ફરી ક્યારેય પૃથ્વી પર અવતાર ધારણ ન કરે, વગેરે વિષયોમાં શ્રદ્ધા ન થવી, અરિહંત કથિત સ્વર્ગ, નરક, બંધ, મોક્ષ, પુણ્ય-પાપ વગેરે અપ્રત્યક્ષ પદાર્થોમાં અથવા કંદમૂળના અનંત જીવો વગેરે શ્રદ્ધાગમ્ય વિષયોમાં શંકા થવી. તે શંકા નામનો અતિચાર છે.

ક્યારેક પોતાના વિશ્વાસને દઢ કરવા જિજ્ઞાસામૂલક સંશય થાય તેમાં કોઈ દોષ નથી જેમ કે ગૌતમ સ્વામીએ પોતાની શ્રદ્ધાની દઢતા માટે ભગવાન મહાવીરસ્વામીને હજારો પ્રશ્નો પૂછ્યા છે. ત્યારે ગૌતમ સ્વામીના મનમાં સંશય ઉત્પન્ન થવાનો ઉલ્લેખ શાસ્ત્રોમાં અનેક સ્થાને મળે છે પરંતુ પ્રભુએ ગૌતમ સ્વામીને દઢ શ્રદ્ધાવાન કહ્યા છે કારણ કે પ્રશ્નનું સમાધાન થતાં ગૌતમ સ્વામીની શ્રદ્ધા દઢતમ થતી હતી.

આ રીતે જિજ્ઞાસા મૂલક સંશય થવો તે દોષ નથી પરંતુ અશ્રદ્ધામૂલક શંકા, સમ્યક્ત્વનો અતિચાર છે. શંકા થવાથી શ્રદ્ધા ચલિત થાય છે. શ્રદ્ધા ચલિત થતાં શ્રાવક ચારિત્ર માર્ગમાં સ્થિર થતાં નથી.

**કાંક્ષા :–** સામાન્ય રીતે કાંક્ષાનો અર્થ ઇચ્છા થાય છે. અન્ય વસ્તુ પ્રાપ્તિની ઇચ્છા. પ્રસ્તુતમાં તેનો અર્થ છે બહારનો દેખાવ, આડંબર અથવા બીજા પ્રલોભનથી પ્રભાવિત થઈને અન્ય મતની ઇચ્છા કરવી. સમ્યક્ત્વીએ બહારના પ્રદર્શનથી પ્રભાવિત થવું ન જોઈએ.

**વિચિકિત્સા :–** ધર્મકરણીના ફળનો સંદેહ થવો. મનુષ્યનું મન ઘણું ચંચળ છે. મનમાં અનેક પ્રકારના સંકલ્પ-વિકલ્પ ઉત્પન્ન થયા જ કરે છે. કયારેક શ્રાવકના મનમાં પ્રશ્ન પણ ઊઠે છે કે તે ધર્મના જે અનુષ્ઠાનોનું, તપ વગેરેનું આચરણ કરે છે, તેનું ફળ હશે કે નહીં ? આ પ્રકારનો સંદેહ તે વિચિકિત્સા છે. મનમાં આ પ્રકારના સંદેહાત્મક ભાવ થતાં જ મનુષ્યના કાર્યની ગતિમાં સહજ શિથિલતા આવે છે, નિરાશા વધવા લાગે છે. આ પ્રકારની મનઃસ્થિતિ કાર્યસિદ્ધિમાં બાધક છે. સમ્યક્ત્વીએ તેનાથી દૂર રહેવું જોઈએ.

**પરપાષંડ પ્રશંસા :–** અન્ય મતાવલંબીઓની પ્રશંસા કરવી. ભગવાન મહાવીર સ્વામીના સમયમાં અને સદીઓ સુધી 'પાષંડી-પાંખડી' શબ્દ અન્ય મતના વ્રતધારી અનુયાયી માટે પ્રયુક્ત થતો હતો. આજે લુચ્ચા અને ધુતારાને પાખંડી કહેવાય છે.

પરપાષંડ પ્રશંસા સમ્યક્ત્વનો ચોથો અતિચાર છે. જેનો અભિપ્રાય છે અન્ય મતાવલંબીની પ્રશંસા

કરવી. સમ્યક્ત્વીને અન્ય મતાવલંબીના પ્રશંસક થવું ન જોઈએ. અહીં પ્રયુક્ત પ્રશંસા વ્યાવહારિક શિષ્ટાચારના અર્થમાં નથી, તાત્ત્વિક અર્થમાં છે. અન્ય મતાવલંબીના પ્રશંસક થવાનો અર્થ અર્થાત્ તેના ધાર્મિક સિદ્ધાંતોનું સન્માન કરવું. અન્ય મતના સિદ્ધાંતો, ધર્મગ્રંથો અથવા ધર્મપ્રવર્તકોની અતિશય પ્રશંસા, અન્યને માટે 'કાંક્ષા' દોષનું નિમિત્ત બને છે અને પોતાની શ્રદ્ધામાં શિથિલતા થાય છે, તેથી સમજી-વિચારીને, પોતે કરેલા આર્હત્ ધર્મના વિશ્વાસ પર દઢ રહેવું જોઈએ. આવા પ્રશંસા આદિ કાર્યોથી વિશ્વાસની દઢતાનો નાશ થાય છે. આ રીતે પારપાસંડ પ્રશંસાનો ત્યાગ, તે આસ્થાની પુષ્ટિનો એક મહત્ત્વનો ઉપાય છે. સમ્યક્ત્વને સુરક્ષિત અને સ્વસ્થ રાખવાની પરહેજી છે.

**પરપાષંડ સંસ્તવ :–** સંસ્તવનો અર્થ ઘનિષ્ઠ સંપર્ક અથવા નિકટતાપૂર્ણ પરિચય છે. પરમતાવલંબી-પાખંડીઓની સાથે ધાર્મિક દૃષ્ટિએ ગાઢ પરિચય અથવા સંપર્ક શ્રાવક માટે ઉપાદેય નથી. તેના ગાઢ પરિચયથી આસ્થામાં વિચલિતપણું ઉત્પન્ન થવાની આશંકા રહે છે.

શ્રદ્ધાવાન શ્રાવકે સમ્યક્ત્વના પાંચ અતિચારોને યથાર્થ રીતે જાણીને તેનો ત્યાગ કરવો જોઈએ.

**સ્થૂલ પ્રાણાતિપાત વિરમણ વ્રત :–**

**૨ थूलगपाणाइवायं समणोवासओ पच्चक्खाइ, से पाणाइवाए दुविहे पण्णत्ते, तं जहा– संकप्पओ अ आरंभओ अ । तत्थ समणोवासओ संकप्पओ जावज्जीवाए पच्चक्खाइ, णो आरंभओ । थूलगपाणाइवायवेरमणस्स समणोवासएणं इमे पंच अइयारा जाणियव्वा, (ण समायरियव्वा) तं जहा– बंधे, वहे, छविच्छेए, अइभारे, भत्तपाणवुच्छेए ।**

**ભાવાર્થ :–** શ્રમણોપાસક સ્થૂલ પ્રાણાતિપાતના પચ્ચક્ખાણ કરે છે. પ્રાણાતિપાત–હિંસાના બે પ્રકાર આ પ્રમાણે છે– સંકલ્પી હિંસા અને આરંભી હિંસા. તેમાંથી શ્રમણોપાસક સંકલ્પી હિંસાના યાવજજીવન પર્યંત પચ્ચક્ખાણ કરે છે, આરંભી હિંસાના પચ્ચક્ખાણ કરતા નથી. સ્થૂલ પ્રાણાતિપાત વિરમણ વ્રતના પાંચ અતિચારો શ્રાવકોએ જાણવા યોગ્ય છે પરંતુ આચરવા યોગ્ય નથી. તે આ પ્રમાણે છે– બંધ, વધ, છવિચ્છેદ, અતિભાર અને ભક્તપાણવ્યુચ્છેદ.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રમાં શ્રાવકોના બાર વ્રતમાંથી પહેલા સ્થૂલ પ્રાણાતિપાત વેરમણવ્રતની પ્રતિજ્ઞા તથા તેના અતિચારોનું નિરૂપણ છે.

શ્રાવકના બાર વ્રતમાં પ્રથમ પાંચ અણુવ્રતમાં પ્રથમ અહિંસાવ્રત છે. અહિંસા આધ્યાત્મિક જીવનની આધારશિલા છે. સર્વવ્રતોનું પાલન અહિંસાની આરાધનાને જ પુષ્ટ કરે છે. ભગવાન મહાવીર સ્વામીએ અહિંસાને 'ભગવતી' કહી છે. અહિંસાવ્રતના સ્વીકાર વિના સાધક આધ્યાત્મિક વિકાસ કરી શકતા નથી. આ રીતે અહિંસાના પ્રાધાન્યને સ્વીકારીને મહાવ્રત અને અણુવ્રતમાં તેનું સ્થાન પ્રથમ છે.

**પ્રાણાતિપાત–** પ્રાણ + અતિપાત – પ્રાણનો અતિપાત એટલે નાશ કરવો, તેને પ્રાણાતિપાત અથવા

હિંસા કહે છે. સંસારી જીવોની જીવંત શક્તિ જેના દ્વારા પ્રવાહિત થાય, જીવ જેના માધ્યમથી જીવે છે, તે **પ્રાણ** છે. પાંચ ઇન્દ્રિયના પાંચ પ્રાણ, મન બલ પ્રાણ, વચન બલ પ્રાણ, કાયબલ પ્રાણ, શ્વાસોચ્છ્વાસ અને આયુષ્ય બલ પ્રાણ, આ દશ પ્રાણમાંથી જે જીવોને જેટલા પ્રાણ પ્રાપ્ત થયા હોય તે પ્રાપ્ત પ્રાણનો નાશ કરવો, તેને પ્રાણાતિપાત અથવા હિંસા કહે છે. જીવાત્મા અજર, અમર, અનાદિ, અનંત છે, તેનો નાશ થતો નથી, તેથી સૂત્રકારે જીવાતિપાત શબ્દ પ્રયોગ ન કરતાં પ્રાણાતિપાત શબ્દ પ્રયોગ કર્યો છે.

વ્યવહાર અને નિશ્ચયથી પ્રાણાતિપાત વેરમણ વ્રતના બે પ્રકાર છે. જીવોની હિંસાથી નિવૃત્ત થવું, તે વ્યવહારથી પ્રાણાતિપાત વેરમણ વ્રત છે અને આત્મગુણોના ઘાતક રાગ-દ્વેષ રૂપ મલિન આત્મપરિણામોનો ત્યાગ કરવો, તે નિશ્ચય અહિંસા છે. સાધક નિશ્ચય અહિંસાના લક્ષે વ્યવહારથી પ્રાણાતિપાત વેરમણ વ્રતનો સ્વીકાર કરે છે.

શ્રાવકને ગૃહસ્થ જીવનના વ્યવહાર સાથે વ્રતનું પાલન કરવાનું હોવાથી તેઓ સર્વ પ્રકારે હિંસાનો ત્યાગ કરી શકતા નથી, તે **थूलाओ पाणाइवायाओ वेरमणं**–સ્થૂલહિંસાથી વિરત થાય છે, સ્થૂલ હિંસાનો ત્યાગ કરે છે.

**પ્રતિજ્ઞા–** અહિંસાની આરાધના માટે શ્રાવક પ્રતિજ્ઞા કરે છે કે હું સ્વયં મન, વચન, કાયાથી કોઈ પણ નિરપરાધી અને નિર્દોષ ત્રસ જીવોની સંકલ્પપૂર્વક–જાણી જોઈને હિંસા કરીશ નહીં, બીજા પાસે કરાવીશ નહીં અને પૃથ્વી આદિ સ્થાવર જીવોની હિંસાની મર્યાદા કરીશ.

શ્રાવકોના સ્થૂલપ્રાણાતિપાત વિરમણવ્રતમાં શ્રાવકોનો ત્યાગ સાધુની અપેક્ષાએ અત્યંત અલ્પ હોય છે. પરંપરાનુસાર કહેવાય છે કે સાધુની દયા કલ્પનાથી વીસ વસાની(ભાગની) હોય, જ્યારે શ્રાવકોની દયા ફક્ત સવા વસાની(ભાગની) જ હોય છે. અસત્ કલ્પનાથી અહિંસા(દયા)ના વીસ ભાગની ગણના કરીએ, તો શ્રાવકોને સવા વસા દયા થાય છે, સંસારી જીવોના મુખ્ય બે પ્રકાર છે– ત્રસ અને સ્થાવર. શ્રાવકો ત્રસ જીવોની હિંસાનો ત્યાગ કરે છે. સ્થાવર જીવોની હિંસાનો ત્યાગ કરી શકતા નથી, તેથી વીસ ભાગમાંથી દશ ભાગની છૂટ અને દશ ભાગના પચ્ચક્ખાણ થાય. ત્રસ જીવોની હિંસાના બે પ્રકાર છે– સંકલ્પીહિંસા અને આરંભી હિંસા. આ બંને પ્રકારની હિંસામાંથી શ્રાવકોને સંકલ્પી હિંસાના પચ્ચક્ખાણ છે. આરંભી હિંસાની છૂટ હોય, તેથી દશ ભાગમાંથી પાંચ ભાગના પચ્ચક્ખાણ થાય. સંકલ્પી હિંસા પણ બે પ્રકાર છે– સાપરાધી જીવોની હિંસા અને નિરપરાધી જીવોની હિંસા. શ્રાવકોને નિરપરાધી જીવોની હિંસાના પચ્ચક્ખાણ હોય, સાપરાધી જીવોની હિંસાની છૂટ હોય છે, તેથી પાંચ ભાગમાંથી અઢી ભાગના પચ્ચક્ખાણ થાય. નિરપરાધી જીવોની હિંસાના બે પ્રકાર છે. સાપેક્ષહિંસા અને નિરપેક્ષ હિંસા. શ્રાવકને સાપેક્ષ હિંસાના પચ્ચક્ખાણ હોતા નથી. પરંતુ નિરપેક્ષ જીવોની હિંસાના પચ્ચક્ખાણ હોય છે, તેથી અઢી ભાગમાંથી સવા ભાગના જ પચ્ચક્ખાણ થાય છે.

સંક્ષેપમાં શ્રાવકોને નિરપરાધી ત્રસ જીવોની સંકલ્પપૂર્વક નિરપેક્ષ હિંસાના જ પચ્ચક્ખાણ હોય છે.

આ રીતે સાધુને હિંસાનો ત્યાગ વીસ વસા–ભાગ પ્રમાણ હોય, જ્યારે શ્રાવકો પોતાની પ્રતિજ્ઞામાં છૂટ રાખતાં-રાખતાં સાધુની અપેક્ષાએ સવા વસા–ભાગનો જ ત્યાગ કરી શકે છે, તેથી શ્રાવકની દયા સવા વસાની જ કહેવાય છે.

**શ્રાવકોને સવા વસા(ભાગ)નો હિંસા–ત્યાગ :–**




**ત્રસ–સ્થાવર હિંસા :–** ત્રસ જીવોની હિંસા, સ્થૂલ હિંસા છે. શ્રાવકો સ્થાવર જીવોની હિંસાનો ત્યાગ કરી શકતા નથી. તેથી સ્થાવર જીવોની હિંસાની મર્યાદા કરીને ત્રસ જીવોની હિંસાનો ત્યાગ કરે છે. સ્થૂલહિંસાના બે પ્રકાર છે. (૧) સંકલ્પી હિંસા અને (૨) આરંભી હિંસા.

**સંકલ્પી હિંસા–** સંકલ્પ કે ઇરાદાપૂર્વક જીવોને મારી નાંખવાની બુદ્ધિથી હિંસા કરવી, તે સંકલ્પી હિંસા છે. જેમ કે– માંસ, લોહી, ચામડાં કે હાડકાં આદિને માટે, ક્યારેક કેવળ શોખથી, કુતૂહલ વૃત્તિથી, ક્યારેક આવેશથી અથવા તે જીવના ભયથી કે ઘૃણાથી જીવોને ઇરાદાપૂર્વક મારી નાંખવા.

**આરંભી હિંસા–** ગૃહસ્થ જીવનના આવશ્યક કાર્ય કરતાં જે હિંસા થાય, તે આરંભી હિંસા છે. જેમ કે ખેતર ખેડતાં કીડી, મંકોડા આદિ કોઈ જીવો મરી જાય, વાહનો ચલાવતાં જીવહિંસા થાય, રસોઈ આદિ બનાવતાં કુંથવા આદિ જીવો મરી જાય, તે સર્વ આરંભી હિંસા છે. શ્રાવકો સંકલ્પી હિંસાનો ત્યાગ કરે છે અને આરંભી હિંસાનો ત્યાગ કરતા નથી.

**નિરપરાધી હિંસા–** જે જીવોએ કોઈ પણ પ્રકારનો અપરાધ કર્યો નથી, આપણા વ્યવહારમાં બાધક બનતા નથી, તેવા જીવોની હિંસાને નિરપરાધી હિંસા કહે છે. શ્રાવકોને નિરપરાધી જીવોની હિંસાનો સંપૂર્ણ ત્યાગ હોય છે.

**સાપરાધી હિંસા–** જે જીવોએ કોઈ પણ પ્રકારનો અપરાધ કર્યો હોય, આપણા શરીરમાં પીડા પહોંચાડતા હોય, વ્યવહારમાં બાધક બનતા હોય, તેવા જીવોની હિંસાને સાપરાધી હિંસા કહે છે, જેમ કે રાજ્ય વ્યવસ્થા

માટે ગુનેગારને દંડ આપવો. શ્રાવકોને સાપરાધી જીવોની કે શરીરમાં પીડા પહોંચાડતાં જીવોની હિંસાનો આગાર-છૂટ હોય છે.

**સાક્ષેપહિંસા–** દ્વેષબુદ્ધિ કે કષાયના ભાવ વિના કોઈ વિશેષ પ્રયોજનથી જીવહિંસા થાય, તે સાપેક્ષહિંસા છે.જેમ કે ગાય, ભેંસ આદિ પશુઓને તેની સુરક્ષા માટે ખીલે બાંધવા, બાળકને ન ગમે છતાં કડવું ઔષધ પીવડાવવું વગેરે પ્રવૃત્તિઓની શ્રાવકોને છૂટ હોય છે.

**નિરપેક્ષ હિંસા–** કોઈ પણ પ્રકારના પ્રયોજન વિના જીવહિંસા થાય, તે નિરપેક્ષ હિંસા છે, જેમ કે હાલતા જાય અને વૃક્ષના પાન તોડતા જાય.

સંક્ષેપમાં શ્રાવકો સ્થૂલ પ્રાણાતિપાત વેરમણવ્રતના પચ્ચક્ખાણમાં (૧) સૂક્ષ્મહિંસા– સ્થાવર જીવોની હિંસા (૨) આરંભી– અજાણતા થતી હિંસાનો (૩) સાપરાધી જીવોની હિંસાનો અને (૪) પ્રાણીઓના હિત સુરક્ષાદિ માટે થતી સાપેક્ષ હિંસાનો ત્યાગ હોતો નથી. શ્રાવકોને ત્રસ જીવોની હિંસાના ત્યાગમાં સંકલ્પી હિંસા, નિરપરાધી અને નિરપેક્ષ જીવોની હિંસાનો જ ત્યાગ હોય છે.

**કોટિ–** પાપના પ્રવાહને, કર્મના આશ્રવને રોકવા માટે ગ્રહણ કરાતાં પચ્ચક્ખાણની વિવિધ પદ્ધતિને કોટિ કહે છે. પાપ કરવાના ત્રણ સાધન રૂપ ત્રણ યોગ અને પાપ કરવાની ત્રણ પદ્ધતિ રૂપ ત્રણ કરણના સંયોગે કોટિના નવ પ્રકાર થાય છે.

**કરણ અને યોગ :–** કરવું, કરાવવું, અનુમોદન કરવું, આ ત્રણ કરણ છે અર્થાત્ હિંસાદિ પાપ કાર્ય સ્વયં કરવાં, હિંસા માટે અન્યને આદેશ આપવો અને હિંસા કરનારનું અનુમોદન કરવું અર્થાત્ હિંસાના કાર્યને સારું માનવું.

મન, વચન, કાયા આ ત્રણ યોગ છે અર્થાત્ કાર્ય કરવાના આ ત્રણ સાધન છે. આ ત્રણ યોગોથી કરવા, કરાવવા અને અનુમોદવાની ક્રિયા થાય છે.

**મનથી :–** (૧) પાપ કાર્ય કરવાનો સ્વયં સંકલ્પ કરવો (૨) મનમાં જ પોતાને આધીન વ્યક્તિને પાપ કાર્ય કરવા માટે પ્રેરણા કરવી.(આદેશ દેવો) (૩) મનમાં જ કોઈનાં કરેલાં પાપ કાર્યો સારાં માનવાં, પાપ કાર્ય થતાં જોઈને અથવા સાંભળીને મનમાં ખુશખુશ થવું. મંત્રના સ્મરણ દ્વારા મનથી હિંસાની પ્રવૃત્તિ સ્વયં કરી શકાય છે અને મંત્ર દ્વારા બીજા પાસે પણ કરાવી શકાય છે.

**વચનથી :–** (૧) પાપકાર્ય નો સંકલ્પ અને નિર્ણય વચનથી પ્રગટ કરવો, મંત્રોચ્ચારણ વગેરે દ્વારા કોઈની હિંસા કરવી. (૨) હિંસા વગેરે કાર્યોનો વચનથી આદેશ દેવો, પ્રેરણા કરવી (૩) હિંસાનાં કાર્ય કરનારને વચનથી ધન્યવાદ આપવા પ્રશંસા કરવી.

**કાયાથી :–** (૧) શરીરથી પોતે જ હિંસા કરવી. (૨) શરીર અથવા હાથ વડે ઇશારો કરી અન્યને હિંસાની પ્રેરણા કરવી. (૩) હિંસાનાં કામો કરનારનું શાબાશી આપીને, વાંસો થાબડીને કે ભેટીને અનુમોદન કરવું.

આ રીતે મન, વચન, કાયાથી પાપ પ્રવૃત્તિ કરવી, કરાવવી કે અનુમોદના કરવી, તેથી ૩ × ૩ = ૯ કોટિ થાય છે.

શ્રાવકો પોતાની ઇચ્છા, અનુકૂળતા અને ક્ષમતાનો વિચાર કરીને વ્રતનો સ્વીકાર કરે છે. શ્રી ભગવતી સૂત્ર શતક–૮/૫માં શ્રાવક વ્રત ગ્રહણ કરવાના ૪૯ ભંગ કહ્યા છે. આવશ્યક સૂત્રના વ્યાખ્યાગ્રંથોમાં પણ ૪૯ ભંગનું કથન છે.

નવ કોટિના વિવિધ પ્રકારના જોડાણથી નવ વિકલ્પ અને શ્રાવકના ૪૯ ભંગ થાય છે.

**એક કરણ એક યોગથી(આંક ૧૧નો) ભંગ-૯ :–** [આંક ૧૧ માં પ્રથમ અંક-૧ કરણનો અને પછીનો અંક-૧ યોગનો બોધક છે. આ રીતે પ્રત્યેક સ્થાને સમજવું જોઈએ.] (૧) કરું નહીં, મનથી, (૨) કરું નહીં, વચનથી, (૩) કરું નહીં, કાયાથી, (૪) કરાવું નહીં, મનથી, (૫) કરાવું નહીં, વચનથીઘ (૬) કરાવું નહીં, કાયાથી, (૭) અનુમોદન કરું નહીં, મનથી, (૮) અનુમોદન કરું નહીં, વચનથી, (૯) અનુમોદન કરું નહીં, કાયાથી.

**એક કરણ-બે યોગથી (આંક-૧૨નો) ભંગ ૯ :–** (૧૦) કરું નહીં, મન-વચનથી, (૧૧) કરું નહીં, મન-કાયાથી, (૧૨) કરું નહીં, વચન-કાયાથી, (૧૩) કરાવું નહીં, મન-વચનથી, (૧૪) કરાવું નહીં, મન-કાયાથી, (૧૫) કરાવું નહીં, વચન-કાયાથી, (૧૬) અનુમોદન કરું નહીં, મન-વચનથી, (૧૭) અનુમોદન કરું નહીં, મન-કાયાથી, (૧૮) અનુમોદન કરું નહીં, વચન-કાયાથી.

**એક કરણ-ત્રણ યોગથી(આંક-૧૩નો) ભંગ ૩ :–** (૧૯) કરું નહીં, મન-વચન-કાયાથી, (૨૦) કરાવું નહીં, મન-વચન-કાયાથી, (૨૧) અનુમોદન કરું નહીં, મન-વચન-કાયાથી.

**બે કરણ-એક યોગથી (આંક-૨૧નો) ભંગ ૯ :–** (૨૨) કરું નહીં-કરાવું નહીં, મનથી, (૨૩) કરું નહીં-કરાવું નહીં, વચનથી, (૨૪) કરું નહીં-કરાવું નહીં, કાયાથી, (૨૫) કરું નહીં-અનુમોદન કરું નહીં, મનથી, (૨૬) કરું નહીં-અનુમોદન કરું નહીં, વચનથી, (૨૭) કરું નહીં-અનુમોદન કરું નહીં, કાયાથી, (૨૮) કરાવું નહીં-અનુમોદન કરું નહીં, મનથી, (૨૯) કરાવું નહીં-અનુમોદન કરું નહીં, વચનથી, (૩૦) કરાવું નહીં-અનુમોદન કરું નહીં, કાયાથી.

**બે કરણ-બે યોગથી (આંક-૨૨નો) ભંગ ૯ :–** (૩૧) કરું નહીં-કરાવું નહીં, મન-વચનથી, (૩૨) કરું નહીં-કરાવું નહીં, મન-કાયાથી, (૩૩) કરું નહીં-કરાવું નહીં, વચન-કાયાથી, (૩૪) કરું નહીં-અનુમોદન કરું નહીં, મન-વચનથી, (૩૫) કરું નહીં-અનુમોદન કરું નહીં, મન-કાયાથી, (૩૬) કરું નહીં-અનુમોદન કરું નહીં, વચન-કાયાથી, (૩૭) કરાવું નહીં-અનુમોદન કરું નહીં, મન-વચનથી, (૩૮) કરાવું નહીં-અનુમોદન કરું નહીં, મન-કાયાથી, (૩૯) કરાવું નહીં-અનુમોદન કરું નહીં, વચન-કાયાથી.

**બે કરણ-ત્રણ યોગથી (આંક-૨૩નો) ભંગ ૩ :–** (૪૦) કરું નહીં-કરાવું નહીં, મન-વચન-કાયાથી, (૪૧) કરું નહીં-અનુમોદન કરું નહીં, મન-વચન-કાયાથી, (૪૨) કરાવું નહીં-અનુમોદન કરું નહીં, મન-વચન-કાયાથી

**ત્રણ કરણ-એક યોગથી (આંક-૩૧નો) ભંગ ૩ :–** (૪૩) કરું નહીં-કરાવું નહીં-અનુમોદન કરું નહીં, મનથી, (૪૪) કરું નહીં-કરાવું નહીં-અનુમોદન કરું નહીં, વચનથી, (૪૫) કરું નહીં-કરાવું નહીં-અનુમોદન કરું નહીં, કાયાથી.

**ત્રણ કરણ-બે યોગથી (આંક-૩૨નો) ભંગ ૩ :–** (૪૬) કરું નહીં-કરાવું નહીં-અનુમોદન કરું નહીં, મન-વચનથી, (૪૭) કરું નહીં-કરાવું નહીં-અનુમોદન કરું નહીં, મન-કાયાથી, (૪૮) કરું નહીં-કરાવું નહીં-અનુમોદન કરું નહીં, વચન-કાયાથી.

**ત્રણ કરણ-ત્રણ યોગથી (આંક-૩૩નો) ભંગ ૧ :–** (૪૯) કરું નહીં-કરાવું નહીં-અનુમોદન કરું નહીં, મન-વચન-કાયાથી. આ રીતે ૪૯ વિકલ્પોમાંથી શ્રાવક પોતાની ઈચ્છા અને અનુકૂળતા પ્રમાણે કોઈ પણ વિકલ્પથી પચ્ચક્ખાણ ગ્રહણ કરી શકે છે.

પ્રસ્તુત પ્રતિજ્ઞાસૂત્રમાં શ્રાવકવ્રતમાં કરણ-કોટિનો ઉલ્લેખ નથી પરંતુ પ્રાયઃ શ્રાવકો અહિંસાદિ વ્રતનો સ્વીકાર બેકરણ × ત્રણ યોગ = છ કોટિથી કરે છે. શ્રાવકો અનુમોદનાના પચ્ચક્ખાણ કરતા નથી.

**પાંચ અતિચાર :–**

**(૧) બંધ :–** ત્રસ જીવોને ગાઢ બંધનથી બાંધવા. પશુ, દાસ, બાળક, નોકર વગેરેને કષ્ટ થાય, તે રીતે બાંધવાં. કષાયવશ અથવા અવિવેકથી શ્રાવકને આ અતિચાર લાગે છે.

**(૨) વધ :–** સામાન્ય રીતે વધનો અર્થ કોઇને જાનથી મારી નાંખવો, તેવો થાય પરંતુ અહીં વધ આ અર્થમાં પ્રયુક્ત નથી કારણકે કોઈને જાનથી મારી નાંખવાથી અહિંસાવ્રત સર્વથા ખંડિત જ થઈ જાય છે. તે તો અનાચાર છે. અહીં વધ–ઘાતક પ્રહારના અર્થમાં પ્રયુક્ત છે. વ્યક્તિના અંગ કે ઉપાંગને નુકશાન થાય, તેવા પ્રહારને વધ કહ્યો છે.

**(૩) છવિચ્છેદ :–** ક્રોધાવેશમાં પ્રાણીના અંગ–ઉપાંગને કાપવા, છેદવા, મનોરંજન માટે કૂતરા વગેરે પાળેલા પશુઓનું પૂંછડું, કાન આદિ કાપી નાંખવા વગેરે ક્રિયાનો સમાવેશ પણ આ અતિચારમાં થાય છે.

**(૪) અતિભાર :–** પશુ, નોકર આદિ પાસેથી તેની શક્તિ ઉપરાંત કામ લેવું. આજની ભાષામાં નોકર, મજૂર, અધિકૃત કર્મચારી પાસે તેની શક્તિ ઉપરાંતનું કામ લેવું અને પગાર ઓછો આપવો.

**(૫) ભક્તપાન વ્યવચ્છેદ :–** ખાનપાનમાં અંતરાય કરવી. પોતાને આશ્રિત પશુને સમયે ચારો તેમજ પાણી ન દેવા, ભૂખ્યા અને તરસ્યા રાખવા. દાસ-દાસી, નોકર, ચાકર આદિને ખાવા-પીવામાં અંતરાય કરવી. આજના યુગની ભાષામાં પોતાના નોકર ચાકરોને સમયસર પગાર ન દેવો, પગારમાં પણ કાપ મૂકવો, કોઈની આજીવિકામાં બાધા નાંખવી, સેવક વગેરે આશ્રિત વર્ગ પાસેથી ખૂબ કામ લેવું પરંતુ તેના બદલામાં પર્યાપ્ત ભોજન અને પગાર ન આપવો વગેરે પ્રવૃત્તિ આ અતિચારમાં આવી જાય છે. આ પ્રકારની પ્રવૃત્તિ સામાજિક જીવનમાં પણ અન્યાયજન્ય છે, વ્રતધારીની હીલના અને ધર્મની બદનામી થાય તેવી છે, તેથી આ વ્રતના આરાધકોમાં અનુકંપાભાવની પુષ્ટિ(વૃદ્ધિ) હોવી અત્યાવશ્યક છે.

આજે સામાજિક સ્થિતિ બદલાઈ ગઈ છે. નિર્દયતા, ક્રૂરતા, અત્યાચાર વગેરે પ્રવૃત્તિ વિવિધરૂપે પ્રતીત થાય છે માટે શ્રાવકે પોતાની દૈનિક જીવનચર્યાને સૂક્ષ્મતાથી જોઈ-તપાસીને અતિચારના મૂળ ભાવને ગ્રહણ કરવા જોઈએ અને નિર્દયતાપૂર્ણ કાર્યને છોડી દેવાં જોઈએ.

**(૨) સ્થૂલ મૃષાવાદ વિરમણવ્રત :–**

**૩ थूलगमुसावायं समणोवासओ पच्चक्खाइ, से य मुसावाए पंचविहे पण्णत्ते, तं जहा– कण्णालीए गवालीए भोमालीए णासावहारे कूडसक्खिज्जे । थूलग-मुसावायवेरमणस्स समणोवासएणं इमे पंच अइयारा जाणियव्वा(ण समायरियव्वा) तं जहा– सहस्सब्भक्खाणे, रहस्सब्भक्खाणे, सदारमंतभेए, मोसुवएसे, कूडलेहकरणे।**

**ભાવાર્થ :–** શ્રાવક સ્થૂલ મૃષાવાદના પચ્ચક્ખાણ કરે છે. સ્થૂલ મૃષાવાદના પાંચ પ્રકાર છે, આ પ્રમાણે છે– (૧) વરકન્યા સંબંધી, (૨) પશુ સંબંધી, (૩) ભૂમિ સંબંધી, (૪) થાપણ સંબંધી, (૫) ખોટી સાક્ષી આપવા સંબંધી, આ પાંચ પ્રકારના સ્થૂલ મૃષાવાદનો શ્રાવકો ત્યાગ કરે છે. સ્થૂલ મૃષાવાદ વિરમણવ્રતના પાંચ અતિચારના શ્રાવકોએ જાણવા યોગ્ય છે પરંતુ આચરવા યોગ્ય નથી. તે પાંચ અતિચારો આ પ્રમાણે

છે– (૧) સહસા અભ્યાખ્યાન, (૨) રહસાભ્યાખ્યાન, (૩) સ્વદાર મંત્ર ભેદ, (૪) મૃષોપદેશ, (૫) કૂટલેખકરણ.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રમાં શ્રાવકના સ્થૂલ મૃષાવાદ વિરમણ વ્રતની પ્રતિજ્ઞા તથા તેના પાંચ અતિચારોનું પ્રતિપાદન છે.

**મૃષાવાદ–** અસત્ય બોલવું. અસત્ય બોલવાની સાથે અસત્ય વિચારણા તથા અસત્ય આચરણનો સમાવેશ પણ મૃષાવાદમાં થાય છે.

મૃષાવાદ વેરમણ વ્રતના બે પ્રકાર છે– વ્યવહારથી અને નિશ્ચયથી. (૧) અસત્ય વચન વ્યવહાર કે અસત્ય આચરણ આદિનો ત્યાગ કરવો, તે વ્યવહારથી મૃષાવાદ વેરમણ વ્રત છે અને (૨) આત્મતત્ત્વની સ્વતંત્રતા, પર પદાર્થોના સંબંધોની વાસ્તવિકતાને તે જ રૂપે જાણીને યથાર્થ શ્રદ્ધા, પ્રરૂપણા કરવી, તે નિશ્ચયથી મૃષાવાદ વેરમણવ્રત છે.

પ્રસ્તુતમાં સૂત્રકારે વ્યવહારથી સ્થૂલ મૃષાવાદ વેરમણ વ્રતનું કથન કર્યું છે.

**સ્થૂલમૃષા :–** મોટું જૂઠ– અકારણ કોઈને દંડિત થવું પડે, નુકશાની થાય, રાજ્ય તરફથી મોટો અપરાધ ગણીને સજા આપવામાં આવે, લોકોમાં નિંદા થાય, કુળ, જાતિ અથવા ધર્મ કલંકિત થાય, આ પ્રકારના અસત્ય વચનનું ઉચ્ચારણ થાય તે મોટું જૂઠ કહેવાય છે. તેમજ જે વચન બોલવાથી કોઈના પ્રાણ સંકટમાં આવી જાય તેવું જૂઠ પણ સ્થૂલમૃષામાં આવે છે. શ્રાવકને માટે પાંચ પ્રકારના સ્થૂલ અસત્ય કહ્યા છે– (૧) વર કન્યાના રૂપ, ગુણ સંબંધી અર્થાત્ મનુષ્ય સંબંધી મોટું જૂઠ (૨) પશુ સંબંધી(૩) ભૂમિ-સંપત્તિ સંબંધી(૪) થાપણ સંબંધી–કોઈએ પૂર્ણ વિશ્વાસથી પોતાની કિંમતી વસ્તુ કોઈની પાસે રાખી હોય તે સંબંધી વિશ્વાસઘાત કરી જૂઠ બોલવું (૫) પૂર્ણ અસત્યના પક્ષમાં સાક્ષી આપવી જેથી સાચી વ્યક્તિ દંડાઈને નુકશાની પ્રાપ્ત કરે છે. આ રીતે પાંચ પ્રકારના સ્થૂલ મૃષાવાદનો શ્રાવકોને ત્યાગ કરવાનો હોય છે.

**અવશેષમૃષા :–** સ્થૂલમૃષાવાદનો ત્યાગ કરવા છતાં શ્રાવક ગૃહસ્થ જીવનમાં કેટલાક અસત્યનો ત્યાગ કરી શકતા નથી. તે અવશેષ મૃષા છે. સાધુની જેમ શ્રાવક માટે વચન સમિતિનું વિધાન પણ નથી.શ્રાવક પણ ભિન્ન ભિન્ન વય અને સ્વભાવવાળા હોય છે. તેના માટે ભૂલથી, આદતથી, હાસ્ય વિનોદથી, ભય સંજ્ઞાથી, પોતાના પ્રાણની રક્ષા અથવા સંપત્તિની રક્ષા માટે, સ્વજન પરિજન વગેરેની સુરક્ષા માટે અથવા વ્યાપારમાં અસત્ય વચનનું ઉચ્ચારણ થઈ જાય તો તેનો આ વ્રતમાં આગાર હોય છે અર્થાત્ આ પ્રકારના અસત્ય સ્થૂલ મૃષાવાદથી અતિરિક્ત સમજવા જોઈએ, તેનો શ્રાવકને ત્યાગ હોતો નથી.

**સહસા અભ્યાખ્યાન :–** સહસાનો અર્થ એકાએક છે. કોઈ વાત વિચાર્યા વગર ભાવાવેશમાં આવી જલદી કહી દેવી. ત્યાં આ શબ્દનો પ્રયોગ થાય છે. આ પ્રકારના આચરણમાં વિવેકને બદલે ભાવાવેશ કામ કરે છે. સહસા અભ્યાખ્યાન એટલે કોઈ પર એકાએક વિચાર્યા વગર દોષારોપણ કરવું. જો આ દોષારોપણ દુર્ભાવના, દુર્વિચાર અને સંકલેશપૂર્વક થાય તો તે અતિચાર નહીં પરંતુ અનાચાર થઈ જાય છે. ત્યાં શ્રાવકનું વ્રત ખંડિત થાય છે. સહસા વિચાર્યા વિના આ પ્રકારે કાર્ય કરવું તે કંઈક હલકાપણું છે, તેથી તે અતિચાર છે.

**રહસ્ય અભ્યાખ્યાન :–** રહસ્નો અર્થ એકાંત છે. તેનાથી રહસ્ય શબ્દ બન્યો છે. રહસ્ય એટલે એકાંતની વાત અથવા ગુપ્ત વાત છે. રહસ્ય અભ્યાખ્યાનનો અભિપ્રાય 'કોઈની ગુપ્ત વાતને અચાનક પ્રગટ કરી

દેવી' તે છે. સાધક માટે આ કરણીય નથી. રહસ્ય અભ્યાખ્યાનનો બીજો એક અર્થ પણ કરાય છે. તે આ પ્રમાણે છે– કોઈ ઉપર ગુપ્તરૂપે ષડ્યંત્ર વગેરે કરવાનું દોષારોપણ કરવું. જેમ કે કોઈ વ્યક્તિ એકાંતમાં બેસીને પરસ્પર વાર્તાલાપ કરે છે. તેને જોઈને મનમાં શંકિત થઈને એકાએક તેના ઉપર આરોપ મૂકે કે તે અમુક ષડ્યંત્ર કરી રહ્યા છે. આ પ્રકારના આચરણનો પણ આ અતિચારમાં સમાવેશ થાય છે. જ્યાં સુધી સહસા, અચાનક, વિચાર્યા વગર આવું કરવામાં આવે છે ત્યાં સુધી તો અતિચાર છે પણ જો મનમાં દુર્ભાવનાપૂર્વક, સમજી વિચારીને આરોપ મૂકવામાં આવે તો તે અનાચાર છે અને તેનાથી વ્રત ખંડિત થાય છે.

**સ્વદાર મંત્રભેદ :–** વ્યક્તિગત સંબંધોમાં પતિ અને પત્નીનો સંબંધ સર્વથી ઘનિષ્ઠ સંબંધ છે. તેની પોતાની ગુપ્તમંત્રણાઓ, વિચારણાઓ વગેરે પણ હોય છે. જો પતિ પોતાની પત્નીની કોઈ ગુપ્ત વાતને પ્રગટ કરે તો તે સ્વદાર મંત્રભેદ અતિચાર છે. વ્યાવહારિક દૃષ્ટિએ પણ આવું કરવું ઉચિત નથી. જેની વાત પ્રગટ થાય છે તેને પોતાની ગુપ્તતા ખુલ્લી પડવાથી દુ:ખ થાય છે, પોતાની દુર્બળતા પ્રગટ થવાથી તે લજ્જિત થાય છે.

**મૃષોપદેશ :–** ખોટી ફરિયાદ કરવી અથવા ખોટો ઉપદેશ દેવો, જેનાં સત્ય, અસત્ય, હિતકારક, અહિતકારક વગેરે હોવાના વિષયમાં વ્યક્તિને સ્વયં જ્ઞાન નથી પરંતુ તે વાસ્તવમાં અસત્ય છે. તેની તે મૃષોપદેશ બીજાને સલાહ આપે, તેવો ઉપદેશ આપે તો તે મૃષોપદેશ અતિચાર છે.

જે વ્યક્તિ કોઈ કાર્યને અહિતકારી જાણવા છતાં બીજાને તેવું કરવાની પ્રેરણા કરે, ઉપદેશ આપે, તો તે અનાચાર છે. તેમાં વ્રત ખંડિત થઈ જાય છે કારણકે ત્યાં પ્રેરણાદાતાના ઉપદેશનો હેતુ સર્વથા અશુદ્ધ છે.

સંક્ષેપમાં બીજાને ફસાવવા માટે ઈરાદાપૂર્વક ખોટી સલાહ આપવી, તે અનાચાર છે પરંતુ અજાણતા ખોટી સલાહ આપવી, તે જ મૃષોપદેશ નામનો અતિચાર છે.

**કૂટલેખકરણ :–** ખોટા લેખ અથવા દસ્તાવેજ લખવા, ખોટા હસ્તાક્ષર કરવા વગેરે જો સાધક અસાવધાનીથી, અજ્ઞાનવશ અથવા અનિચ્છાપૂર્વક આવું કરે તો તે અતિચાર છે અને જો કોઈ જાણીબૂઝી બીજાને દગો દેવા માટે ખોટા દસ્તાવેજ તૈયાર કરે, ખોટી મહોર અથવા છાપ લગાવે, ખોટા હસ્તાક્ષર કરે તો તે અનાચાર છે અને તેનાથી વ્રત ખંડિત થઈ જાય છે.

### (૩) સ્થૂલ અદત્તાદાન વિરમણવ્રત :-

**૪ थूलगअदत्तादाणं समणोवासओ पच्चक्खाइ, से अदिण्णादाणे दुविहे पण्णत्ते, तं जहा– सचित्तादत्तादाणे अचित्तादत्तादाणे अ । थूलादत्तादाणवेरमणस्स समणोवासएणं इमे पंच अइयारा जाणियव्वा, ण समायरियव्वा तं जहा– तेणाहडे, तक्करपओगे, विरुद्धरज्जाइक्कमणे, कूडतुलकूडमाणे, तप्पडिरुवगववहारे ।**

**ભાવાર્થ :–** શ્રાવક સ્થૂલ અદત્તાદાનના પચ્ચક્ખાણ કરે છે. અદત્તાદાનના બે પ્રકાર છે– (૧) સચિત અદત્તાદાન અને (૨) અચિત અદત્તાદાન. શ્રાવકોએ સ્થૂલ અદત્તાદાન વિરમણ વ્રતના પાંચ અતિચાર જાણવા યોગ્ય છે પરંતુ આચરવા યોગ્ય નથી. તે પાંચ અતિચાર આ પ્રમાણે છે– (૧) સ્તેનાહૃત (૨) તસ્કર પ્રયોગ (૩) વિરુદ્ધ રાજ્યાતિક્રમ (૪) કૂટમાન (૫) તત્પ્રતિરૂપ વ્યવહાર.

**વિવેચન :-**

પ્રસ્તુત સૂત્રમાં શ્રાવકના ત્રીજા સ્થૂલ અદત્તાદાન વિરમણ વ્રતની પ્રતિજ્ઞા તથા તેના પાંચ અતિચારનું

કથન છે. **અદત્તાદાન–** અ+દત્ત+આદાન. અન્યના આપ્યા વિના વસ્તુ ગ્રહણ કરવી, તેને અદત્તાદાન અથવા ચોરી કહે છે. જે વસ્તુ જેની માલિકીમાં હોય, તેની આજ્ઞા વિના તે વસ્તુ, સંપત્તિ આદિ લઈ લેવા. અન્ય વ્યક્તિના અધિકાર લઈ લેવા, બળાત્કારથી દબાણ કરવું વગેરે પ્રવૃત્તિઓનો સમાવેશ પણ ચોરીમાં થાય છે. શ્રી આચારાંગ સૂત્રમાં અન્ય જીવોના પ્રાણનું હરણ કરવું, તે જીવોને મારી નાંખવાને પણ ચોરી કહી છે.

વ્યવહાર અને નિશ્ચયથી અદત્તાદાન વેરમણ વ્રતના બે પ્રકાર છે– પરકીય વસ્તુને માલિકની આજ્ઞા વિના લેવી નહીં, તે વ્યવહારથી અદત્તાદાન વેરમણ છે અને પાંચ ઇન્દ્રિયના વિષયો, આઠ કર્મવર્ગણા વગેરે પર પદાર્થોને પર જાણીને તેને ગ્રહણ ન કરવા, ભોગનો ત્યાગ કરવો, તે નિશ્ચયથી અદત્તાદાન વેરમણ છે. પ્રસ્તુતમાં વ્યવહારથી સ્થૂલ અદત્તાદાન વેરમણ વ્રતનું કથન છે.

સૂત્રકારે અદત્તાદાનના સચેતવસ્તુ અને અચેત વસ્તુ, આ બે પ્રકાર કહ્યા છે. શ્રાવક આ બંને પ્રકારની વસ્તુની સ્થૂલ ચોરીનો ત્યાગ કરે છે.

**સ્થૂલ અદત્ત (મોટી ચોરી) :–** (૧) દિવાલ અથવા દરવાજા તોડીને ચોરી કરવી(૨) પેટી, પટારા ખોલીને તેમાંથી સામાન લઈ લેવો (૩) તાળાં તોડીને અથવા અન્ય ચાવીથી ખોલીને ચોરી કરવી(૪) બળજબરી કરીને કોઈને લૂંટી લેવા અથવા વિશ્વાસઘાત કરી ખિસ્સા કાપવા (૫) અન્યની માલિકીની કિંમતી વસ્તુ પડેલી જોઈને ચોરીની ભાવનાથી લઈ લેવી. આ પાંચ પ્રકારની ચોરીનો શ્રાવક ત્યાગ કરે છે.

**અવશેષ અદત્ત ચોરી :–** ચોરીના ભાવ વિના પરિચિત અથવા અપરિચિત વ્યક્તિની અલ્પ મૂલ્યવાળી વસ્તુ તેને પૂછ્યા વિના લેવી-દેવી અથવા ઉપયોગમાં લેવી, જેમ કે પરસ્પર એકબીજાની પેન, નોટ આદિ વસ્તુઓ પૂછ્યા વિના લેવી. વેપારમાં પણ જેને પરસ્પર વિશ્વાસ હોય તેની વસ્તુ તેને પૂછ્યા વિના લેવી-દેવી. વ્યાપાર અથવા વ્યવહારની સૂક્ષ્મતમ પ્રવૃત્તિઓ જેનો ઉપરોકત પાંચ મોટી ચોરીમાં સમાવેશ થતો નથી. તેવી પ્રવૃત્તિઓને સ્થૂલ અદત્ત સિવાય અવશેષમાં સમજવું.

આ અવશેષ હિંસા, અસત્ય, અદત્તના સેવનથી યથાયોગ્ય પાપ સેવન અને કર્મ બંધ તો થાય જ છે પરંતુ ગૃહસ્થ જીવનની અનેક પરિસ્થિતિઓને કારણે તેની અવશેષમાં ગણના કરી છે. શ્રાવકોએ તેનો પણ વિવેકપૂર્વક ત્યાગ કરવાનું લક્ષ્ય રાખવું જોઈએ.

**પાંચ અતિચાર :–**

**(૧) સ્તેનાહૃત :–** સ્તેનનો અર્થ ચોર થાય છે.આહૃતનો અર્થ લાવેલી અર્થાત્ ચોર દ્વારા ચોરીને લાવેલી વસ્તુ. ચોરાઉં વસ્તુ લેવી, ખરીદવી અને રાખવી. ચોર બજારનો માલ લેવો.

**(૨) તસ્કર પ્રયોગ :–** પોતાના વ્યાપારનાં કાર્યોમાં ચોરનો ઉપયોગ કરવો અર્થાત્ ચોરને મદદ કરવી.

**(૩) વિરુદ્ધ રાજ્યાતિક્રમ :–** વિરોધવશ પોતાના દેશથી અન્ય દેશના શાસક દ્વારા પ્રવેશ-નિષેધની, નિર્ધારિત સીમાનું ઉલ્લંઘન કરવું, બીજા રાજ્યોમાં પ્રવેશ કરવો. તેનો અન્ય અર્થ પણ છે કે રાજ્યવિરુદ્ધ કામ કરવું. રાજ્યના કાયદા કાનૂનથી વિરુદ્ધ દાણચોરી વગેરે પ્રવૃત્તિ આ અતિચારની અંતર્ગત છે.

**(૪) કૂટતોલા કૂટમાન :–** તોળવામાં અને માપવામાં ખોટા તોલમાપનો પ્રયોગ એટલે દેવામાં ઓછું તોળવું અથવા માપવું.

**(૫) તત્પ્રતિરૂપ વ્યવહાર :–** વેપારમાં અનૈતિકતા અને અસત્ય આચરણ કરવું, જેમકે સારી વસ્તુ બતાવી ખરાબ વસ્તુ આપવી, સારી વસ્તુમાં ખરાબ વસ્તુ મેળવી દેવી,નકલીને અસલી બતાવવી વગેરે.

આ પાંચે અતિચારના સેવનમાં ચોરીની અનુમોદના થાય છે, તેથી શ્રાવકોએ આ અતિચારનો ત્યાગ કરવો જરૂરી છે. તે ઉપરાંત (૧) અત્યાચારી રાજા કે નેતા પોતાની પ્રજાના રાજનૈતિક, સામાજિક, ધાર્મિક અધિકારોનું અપહરણ કરે છે. (૨) પોતાને ધર્મનિષ્ઠ માનનાર સંકીર્ણ હૃદયવાળા સમૃદ્ધશાળી મનુષ્યો ભ્રાંતિવશ પોતાની નીચલી કક્ષાના મનુષ્યોના અધિકારો લઈ લે છે. (૩) લોભી જમીનદારો ગરીબ ખેડૂતોને ચૂસે છે. (૪) લોભી શેઠ કે શાહુકાર મોટા વ્યાજ લઈને ગરીબોની માલ મિલકત પચાવી પાડે છે. (૫) ન્યાયધીશ આદિ અધિકારી ગણ લાંચ લઈને પોતાનું કાર્ય કરે છે. (૬) લોભી વૈદ્ય કે ડોક્ટરો ધન પ્રાપ્તિનું એક માત્ર ધ્યેય રાખીને રોગીના ઉપચાર કરે છે.

ઉપરોક્ત પ્રવૃત્તિથી કોઈ પણ વ્યક્તિના ધન, વસ્તુ, સમય કે શ્રમનું અપહરણ કરવું, તે સ્થૂલ ચોરી છે, તેથી શ્રાવકોએ અદત્તાદાન વિરમણ વ્રતની નિર્મળતા માટે તથાપ્રકારની પ્રવૃત્તિનો ત્યાગ કરવો જોઈએ.

### (૪) સ્થૂલ મૈથુન વિરમણ વ્રત–

**૫ परदारगमणं समणोवासओ पच्चक्खाइ सदारसंतोसं वा पडिवज्जइ, से य परदारगमणे दुविहे पण्णत्ते, तं जहा– ओरालिय– परदारगमणे, वेउव्वियपरदारगमणे। सदारसंतोसस्स समणोवासएणं इमे पंच अइयारा जाणियव्वा (ण समायरियव्वा), तं जहा– अपरिगहियागमणे, इत्तरियपरिगहियागमणे, अणंगकीडा, परविवाह- करणे, कामभोगतिव्वाभिलासे ।**

**ભાવાર્થ :–** શ્રાવક પરસ્ત્રીગમનના પચ્ચક્ખાણ કરે છે અને સ્વદારા– સ્વપત્નીમાં સંતોષ રાખે છે. પરસ્ત્રીગમન બે પ્રકારે થાય છે, તે આ પ્રમાણે છે– (૧) ઔદારિક શરીરી પરસ્ત્રીગમન અને (૨) વૈક્રિય શરીરી પરસ્ત્રીગમન. શ્રાવકોએ સ્વદારાસંતોષ વ્રતના પાંચ અતિચાર જાણવા યોગ્ય છે પરંતુ આચરણ કરવા યોગ્ય નથી. તે પાંચ અતિચાર આ પ્રમાણે છે– (૧) અપરિગૃહીતા ગમન, (૨) ઈત્વરિક પરિગૃહીતાગમન, (૩) અનંગક્રીડા, (૪) પરવિવાહકરણ, (૫) કામભોગ તીવ્રાભિલાષા.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રમાં ચોથા સ્થૂલ મૈથુન– અબ્રહ્મચર્ય વિરમણ વ્રતની પ્રતિજ્ઞા અને તેના અતિચારોનું નિરૂપણ છે.

**બ્રહ્મચર્ય–** બ્રહ્મ એટલે આત્મા, ચર્ય એટલે રમણ કરવું, આત્મ સ્વરૂપમાં રમણ કરવું, તે બ્રહ્મચર્ય છે. બ્રહ્મચર્ય વ્રત સર્વ વ્રતોમાં શ્રેષ્ઠ છે. બ્રહ્મચર્ય એક મહાન આધ્યાત્મિક શક્તિ છે. બ્રહ્મચર્ય પાલનથી વીર્યની રક્ષા થાય છે. તેનાથી શારીરિક સ્વસ્થતા, માનસિક શાંતિ અને સમાધિ પ્રાપ્ત થાય છે. પરંતુ સર્વ મનુષ્યો બ્રહ્મચર્ય વ્રતનું પૂર્ણપણે પાલન કરી શકતા નથી, શ્રાવકો સંપૂર્ણ બ્રહ્મચર્યના આદર્શને લક્ષ્યમાં રાખીને આદર્શ દાંપત્ય જીવન ગુજારે છે. સ્થૂલ અબ્રહ્મચર્ય વિરમણ વ્રતમાં શ્રાવક પોતાની પરણિત સ્ત્રીમાં સંતોષ રાખી પરસ્ત્રી ગમનનો સંપૂર્ણ ત્યાગ કરે છે, પરસ્ત્રીગમન બે પ્રકારે છે– (૧) ઔદારિક શરીરી–મનુષ્ય સ્ત્રીઓ અને તિર્યંચ સ્ત્રીઓ સાથે અને (૨) વૈક્રિય શરીરી– દેવીઓ સાથે અબ્રહ્મનો ત્યાગ કરે છે. શ્રાવકો આ બંને પ્રકારના પરસ્ત્રી ગમનનો મન, વચન, કાયાથી ત્યાગ કરે છે. ઉપલક્ષણથી શ્રાવિકાઓ

બંને પ્રકારના પરપુરુષનો ત્યાગ કરીને પોતાના પરણિત પુરુષમાં સંતોષ રાખે છે.

**પાંચ અતિચાર–**

**(૧) ઈત્વરિક પરિગૃહિતા ગમન :–** અલ્પવયસ્કા–નાની ઉંમરવાળી સ્ત્રી અથવા નાની ઉંમરની પત્નીની સાથે સહવાસ કરવો.

**(૨) અપરિગૃહિતા ગમન :–** લગ્ન ન થયેલી પોતાની વાગ્દત્તા સ્ત્રી સાથે સગાઈ કરેલી પત્ની સાથે સહવાસ કરવો.

**(૩) અનંગક્રીડા :–** કામાવેશવશ, અસ્વાભાવિક કામક્રીડા કરવી, તેની અંતર્ગત સ્વજાતીય સંભોગ, અપ્રાકૃતિક મૈથુન, કૃત્રિમ કામ ઉપકરણોથી વિષય–વાસના શાંત કરવી વગેરે સમાવિષ્ટ છે. ચારિત્રની દૃષ્ટિએ આ પ્રકારનું આચરણ અત્યંત તુચ્છ છે. તેનાથી કુત્સિત કામ અને વ્યભિચારને પોષણ મળે છે.

**(૪) પરવિવાહ કરણ :–** બીજાના લગ્ન કરાવવા. જૈન ધર્મ અનુસાર સાધકનું લક્ષ્ય બ્રહ્મચર્યસાધના છે. લગ્ન આધ્યાત્મિક દૃષ્ટિએ જીવનની દુર્બળતા છે પરંતુ દરેક વ્યક્તિ સંપૂર્ણપણે બ્રહ્મચારી રહી શકતી નથી. શ્રાવક પોતાના ગૃહસ્થ જીવનમાં અબ્રહ્મચર્ય ભાવથી ઉત્તરોત્તર મુક્ત થતાં જાય અને એક દિવસ એવો આવે કે તે સંપૂર્ણપણે બ્રહ્મચર્યના આરાધક બને છે, આ રીતે ગૃહસ્થે અબ્રહ્મચર્યના ભાવોની પોષક પ્રવૃત્તિઓથી હંમેશાં દૂર રહેવું જોઈએ. બીજાના લગ્ન કરાવવા, સગાઈ કરાવવી વગેરે પ્રવૃત્તિ, અબ્રહ્મચર્યના ભાવોની પોષક પ્રવૃત્તિ છે. પોતાના પરિવારના પુત્ર-પુત્રીના લગ્નમાં શ્રાવકને સક્રિય રહેવું પડે, પણ બીજાના લગ્ન કરાવવામાં ઉત્સુક અને પ્રયત્નશીલ રહેવું ન જોઈએ, તેમ કરવું તે આ વ્રતનો ચોથો અતિચાર છે. કોઈ કોઈ આચાર્યોએ તો પોતાના બીજીવારના લગ્નને પણ આ અતિચાર જ માન્યો છે.

**(૫) કામભોગ તીવ્રાભિલાષ :–** કામભોગની તીવ્રતમ આકાંક્ષા રાખવી. નિયંત્રિત અને વ્યવસ્થિત કામસેવન પણ માનવની આત્મ દુર્બળતાના કારણે જ થાય છે, પરંતુ તે આવશ્યકતાની પૂર્તિ સુધી વ્રત દૂષિત થતું નથી, તે કામની તીવ્રઅભિલાષા અથવા ભયંકર વાસનાથી ગ્રસિત થાય તો તેના વ્રતનું ઉલ્લંઘન અને મર્યાદાભંગ થાય છે. અન્ય અતિચાર પણ અનાચારમાં પરિણમી શકે છે.

તીવ્ર વૈષયિક વાસનાવશ કામોદ્દીપક, વાજીકરણ ઔષધિ, માદક દ્રવ્ય વગેરેનું સેવન આ વ્રતનો પાંચમો અતિચાર છે. જેનાથી સાધકે સર્વથા દૂર રહેવું જોઈએ. અહીં શ્રાવિકાઓ માટે સમસ્ત અતિચાર પુરુષની અપેક્ષાએ સમજવા જોઈએ.

**સ્થૂલ ઈચ્છા પરિમાણ વ્રત :–**

**६ अपरिमियपरिग्गहं समणोवासओ पच्चक्खाइ इच्छापरिमाणं उवसंपज्जइ, से परिग्गहे दुविहे पण्णत्ते, तं जहा– सचित्तपरिग्गहे अचित्तपरिग्गहे । इच्छापरिमाणस्स समणोवासएणं इमे पंच अइयारा जाणियव्वा, ण समायरिव्वा तं जहा– धणधाण्णपमाणाइक्कमे, खित्तवत्थुपमाणाइक्कमे, हिरण्णसुवण्ण-पमाणाइक्कमे, दुपयचउप्पयपमाणाइक्कमे, कुवियपमाणाइक्कमे।**

**ભાવાર્થ :–** શ્રાવક અપરિમિત પરિગ્રહના પચ્ચક્ખાણ કરે અને ઈચ્છાનું પરિમાણ–મર્યાદા કરે છે. પરિગ્રહના બે પ્રકાર આ પ્રમાણે છે– (૧) સચેત પરિગ્રહ (૨) અચેત પરિગ્રહ. શ્રાવકોએ પાંચમા ઈચ્છા

પરિમાણ વ્રતના પાંચ અતિચાર જાણવા યોગ્ય છે પરંતુ આચરવા યોગ્ય નથી. તે પાંચ અતિચાર આ પ્રમાણે છે– (૧) ધન-ધાન્ય પ્રમાણાતિક્રમ (૨) ક્ષેત્ર-વાસ્તુ પ્રમાણાતિક્રમ (૩) હિરણ્ય-સુવર્ણ પ્રમાણાતિક્રમ (૪) દ્વિપદ-ચતુષ્પદ પ્રમાણાતિક્રમ (૫) કુપ્ય-ઘરવખરીની ચીજોનું પ્રમાણાતિક્રમ.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રમાં પાંચમા ઈચ્છા પરિમાણ વ્રતની પ્રતિજ્ઞા અને તેના પાંચ અતિચારનું કથન છે.

**પરિગ્રહ– परि समन्तात् ग्रह्यते इति परिग्रह:** જે જીવને ચારે બાજુથી જકડી રાખે, તે પરિગ્રહ છે. શ્રી દશવૈકાલિક સૂત્રમાં **मुच्छा परिग्गहो वुत्तो** । મૂર્ચ્છાભાવને પરિગ્રહ કહ્યો છે. મૂર્ચ્છા– આસક્તિ પૂર્વકની ઈચ્છા સંગ્રહવૃત્તિને જન્મ આપે છે. અમર્યાદિત પરિગ્રહ મહાપાપનું કારણ છે. પરિગ્રહની પ્રાપ્તિમાં, તેના સંરક્ષણમાં અનેક પાપસ્થાનનો આશ્રય લેવો પડે છે. યથા– વસ્તુની પ્રાપ્તિ માટે મહારંભ– મહાસમારંભ કરે, અસત્યનું આચરણ કરે, લોકોને છેતરે, રાજ્યના કર ન ભરે, અનેક છલપ્રપંચો કરે છે. તેના સંરક્ષણ માટે પણ અસત્યનું આચરણ, કર ચોરી વગેરે અનેક પાપોનું સેવન થાય છે. આ રીતે અમર્યાદિત પરિગ્રહ અનર્થોનું કારણ છે.

શ્રાવકો ગૃહસ્થ જીવન વ્યવહારમાં પરિગ્રહનો સંપૂર્ણ ત્યાગ કરીને નિષ્પરિગ્રહી બની શકતા નથી પરંતુ પરિગ્રહ દુઃખમૂલક છે તેવી સ્પષ્ટ સમજણ અને શ્રદ્ધા સાથે જીવન વ્યવહારમાં આવશ્યક વસ્તુઓની છૂટ રાખી અવશેષ પદાર્થોનો ત્યાગ કરે છે. આ રીતે અમર્યાદિત પરિગ્રહવૃત્તિને મર્યાદિત કરવા માટે પરિગ્રહ પરિમાણ વ્રતનો સ્વીકાર કરે છે. પરિગ્રહની મર્યાદામાં ઈચ્છાની મર્યાદા થતી હોવાથી શાસ્ત્રકારે તેને ઈચ્છાપરિમાણવ્રત કહ્યું છે. પરિગ્રહના બે પ્રકાર છે. (૧) સચેત પદાર્થો અને (૨) અચેત પદાર્થો. શ્રાવકો નવ પ્રકારે બાહ્ય પરિગ્રહની મર્યાદા કરે છે.

**(૧–૨) ધન–ધાન્યની મર્યાદા–** વ્યાખ્યાકારે ધનના ચાર પ્રકાર કહ્યા છે– (૧) **ગણિમ–** જે વસ્તુ ગણીને લેવાય. તે, રોકડ નાણું, સોપારી, શ્રીફળ વગેરે (૨) **ધરિમ–** જે વસ્તુ તોળીને લેવાય તે, ગોળ, સાકર વગેરે. (૩) **મેય–** જે વસ્તુ માપીને કે ભરીને લેવાય તે, ઘી, તેલ, કાપડ વગેરે. (૪) **પરિછેદ્ય–** જે વસ્તુ કસીને કે છેદીને લેવાય તે, સુવર્ણ, રત્ન વગેરે.

**ધાન્ય–** શ્રી પ્રજ્ઞાપના સૂત્રમાં ધાન્યના બે પ્રકાર કહ્યા છે– (૧) લાસા અને (૨) કઠોળ. **લાસાધાન્ય**ના બાર પ્રકાર છે– (૧) ઘઉં, (૨) જવ, (૩) જુવાર (૪) બાજરી, (૫) ડાંગર, (૬) વરી, (૭) બંટી, (૮) બાવટો, (૯) કાંગ, (૧૦) ચિણ્યો ઝીણો, (૧૧) કોદરા અને (૧૨) મકાઈ. **કઠોળ ધાન્યના** બાર પ્રકાર છે– (૧) મગ, (૨) મઠ, (૩) અડદ, (૪) તુવેર, (૫) ઝાલર, (૬) વટાણા, (૭) ચોળા, (૮) ચણા, (૯) રાગી-નાગલી, (૧૦) કળથી (૧૧) મસૂર અને (૧૨) અળસી. આ રીતે બંને પ્રકારના ધાન્યો મળીને ધાન્યની ચોવીસ જાતિ થાય છે.

શ્રાવકો પોતાની આવશ્યકતા પ્રમાણે ધન-ધાન્યની મર્યાદા કરે અર્થાત્ તેટલા પ્રમાણમાં ધન-ધાન્ય પોતાની માલિકીમાં રાખવા અને તેનો ઉપયોગ કરવો, તે ઉપરાંતના ધન-ધાન્યનો ત્યાગ કરવો.

**(૩–૪) ક્ષેત્ર–વાસ્તુની મર્યાદા–** વ્યાખ્યાકારે ક્ષેત્ર અને વાસ્તુની વ્યાખ્યા આ પ્રમાણે આપી છે. **क्षेत्र, तच्च सेतुकेतुभेदाद् द्विभेदं** । ધાન્યની ઉત્પત્તિને યોગ્ય ભૂમિને ક્ષેત્ર કહે છે. તેના સેતુ અને કેતુ રૂપ બે ભેદ છે. નહેર, કૂવા આદિ કૃત્રિમ સાધનોથી સિંચિત થતી ભૂમિને **સેતુ** અને કેવળ વરસાદના પ્રાકૃતિક જળથી

સિંચિત થતી ભૂમિને **કેતુ** કહે છે અને જે ભૂમિ કુદરતી અને કૃત્રિમ બંને પ્રકારના જળથી સિંચિત થતી હોય, તેને **સેતુકેતુ** કહે છે.

વાસ્તુ એટલે અગાર એટલે ઘર. તેના ત્રણ પ્રકાર છે. (૧) ખાત ગૃહ (૨) ઉચ્છ્રિત ગૃહ અને (૩) ખાતોચ્છ્રિત ગૃહ. ભૂમિગૃહ–ભોંયરું આદિ ભૂમિની અંદરના ઘરને **ખાતગૃહ,** પાયો ખોદીને ભૂમિની ઉપર બનાવેલા મહેલ, મકાન આદિને **ઉચ્છ્રિતગૃહ** અને ભોંયરા સહિતના મહેલ કે મકાનાદિને ખાતોચ્છ્રિતગૃહ કહે છે.

પરંપરા અનુસાર ખેતર, વાડી કે ખાલી પ્લોટ દરેક ખુલ્લી જમીનનો સમાવેશ ક્ષેત્રમાં અને બાંધેલી દુકાન, મકાન, ગોડાઉન વગેરે દરેકનો સમાવેશ વાસ્તુમાં થાય છે. શ્રાવક પોતાની ઈચ્છા પ્રમાણે ક્ષેત્ર–વાસ્તુની મર્યાદા કરે છે.

(૫–૬) **હિરણ્ય–સુવર્ણ મર્યાદા–** હિરણ્ય–ચાંદી અને સુવર્ણની મર્યાદા કરવી. પોતાની મર્યાદા પ્રમાણે સોનું અને ચાંદી પોતાની પાસે રાખે, તે ઉપરાંતના સોના, ચાંદીમાં પોતાનો માલિકી ભાવ છોડી દે, તેનો ત્યાગ કરે.

(૭–૮) **દ્વિપદ–ચતુષ્પદ પ્રાણી મર્યાદા–** દાસ, દાસી, નોકર, ચાકર, રસોઈયા તથા પોપટ, મેના વગેરે પક્ષીઓનો સમાવેશ દ્વિપદમાં થાય અને ગાય, ભેંસ, કૂતરા, ઘેટાં, બકરા, હાથી, ઘોડા વગેરે પશુઓનો સમાવેશ ચતુષ્પદમાં થાય છે. શ્રાવકો પોતાના જીવન વ્યવહાર પ્રમાણે દ્વિપદ અને ચતુષ્પદ પ્રાણીઓની મર્યાદા કરે છે.

(૯) **કુવિય–ઘરવખરીની ચીજવસ્તુની મર્યાદા–** સોના, રૂપા સિવાયની સર્વ ધાતુઓ અર્થાત્ તાંબા, પિત્તળ આદિના વાસણો, આસન, શયન, વસ્ત્ર, કંબલ આદિ ઘરવખરીની પ્રત્યેક ચીજવસ્તુનો સમાવેશ કુવિયમાં થાય છે.

આ નવ પ્રકારના બાહ્ય પરિગ્રહમાંથી ધાન્ય, દ્વિપદ, ચતુષ્પદ પ્રાણી આદિ સચેત પરિગ્રહ છે અને તે સિવાયનો અચેત પરિગ્રહ છે.

**આભ્યંતર પરિગ્રહના** ચૌદ પ્રકાર છે– મિથ્યાત્વ, ક્રોધ, માન, માયા, લોભ, હાસ્ય, રતિ, અરતિ, ભય, શોક, જુગુપ્સા, સ્ત્રીવેદ, પુરુષવેદ અને નપુંસકવેદ.

વ્યવહાર અને નિશ્ચયથી પરિગ્રહ પરિમાણ વ્રતના બે પ્રકાર છે. (૧) બાહ્ય નવ પ્રકારના પરિગ્રહનો ત્યાગ કરવો, તે વ્યવહારથી પરિગ્રહ પરિમાણ વ્રત છે અને (૨) ચૌદ પ્રકારના આભ્યંતર પરિગ્રહનો, મૂર્ચ્છાભાવનો ત્યાગ કરવો, તે નિશ્ચયથી પરિગ્રહ પરિમાણ વ્રત છે. પ્રસ્તુત ઈચ્છા પરિમાણ વ્રતમાં શ્રાવક નવ પ્રકારના બાહ્ય પરિગ્રહની મર્યાદા કરે છે.

ઉપરોક્ત સ્વીકૃત મર્યાદાનું અજાણપણે ઉલ્લંઘન કરવું, તે અતિચાર છે. તેના પાંચ પ્રકાર છે.

**ક્ષેત્ર વાસ્તુ પ્રમાણાતિક્રમ–** તે પાંચે અતિચાર ભાવાર્થથી સ્પષ્ટ છે. મર્યાદાનું ઉલ્લંઘન જ્યારે અજાણતાં થાય, ત્યાં સુધી જ તે અતિચાર છે. મર્યાદાનું ઉલ્લંઘન જ્યારે બુદ્ધિપૂર્વક–જાણી જોઈને થાય, તે અનાચાર દોષ છે. ક્યારેક શ્રાવકોને ક્ષેત્ર, વસ્તુ, ધન, ધાન્ય આદિ કોઈ પણ પરિગ્રહનો અનાયાસે અધિકતમ લાભ થઈ જાય, તો તેમાં દોષ નથી પરંતુ શ્રાવકોએ પોતાની મર્યાદા પ્રમાણે વસ્તુ રાખીને શેષ સંપત્તિનો ત્યાગ કે દાન કરવું જોઈએ, તે પ્રમાણે કરવાથી શ્રાવકનું વ્રત અખંડ રહે છે.

**(૬) દિશા પરિમાણ વ્રત :–**

**૭** **दिसिवए तिविहे पण्णत्ते–उड्ढदिसिवए अहोदिसिवए तिरियदिसिवए । दिसिवयस्स समणोवासएणं इमे पंच अइयारा जाणियव्वा, (ण समायरियव्वा) तं जहा– उड्ढदिसिपमाणाइक्कमे, अहोदिसिपमाणाइक्कमे, तिरियदिसिपमाणाइक्कमे, खित्तवुड्ढी, सइअंतरद्धा ।**

**ભાવાર્થ :–** દિશાવ્રતના ત્રણ પ્રકાર છે, યથા– ઊર્ધ્વદિશાવ્રત, અધોદિશાવ્રત અને તિર્યગ્દિશાવ્રત. શ્રાવકોએ દિશા પરિમાણવ્રતના પાંચ અતિચાર જાણવા યોગ્ય છે પરંતુ આચરવા યોગ્ય નથી. તે પાંચ અતિચારો આ પ્રમાણે છે– (૧) ઊર્ધ્વ દિશા પ્રમાણાતિક્રમ, (૨) અધોદિશા પ્રમાણાતિક્રમ, (૩) તિર્યગ્દિશા પ્રમાણાતિક્રમ, (૪) ક્ષેત્રવૃદ્ધિ, (૫) સ્મૃત્યંતર્ધાન.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રમાં ત્રણ ગુણવ્રતમાંથી પ્રથમ દિશાપરિણામ નામના ગુણવ્રતની પ્રતિજ્ઞા તથા તેના પાંચ અતિચારોનું કથન છે.

શ્રાવકોને માટે પાંચ અણુવ્રતો મૂળગુણ છે અને ત્યાર પછીના ત્રણ ગુણવ્રત અને ચાર શિક્ષાવ્રત, આ સાત વ્રત ઉત્તરગુણ છે.

**ગુણવ્રત–** મૂળ ગુણમાં ગુણવૃદ્ધિ કરે અથવા સમસ્ત જીવ સમૂહની રક્ષા કરવા રૂપ ગુણ વૃદ્ધિ કરે, તેને ગુણવ્રત કહે છે. દિશા પરિમાણ, ઉવભોગ-પરિભોગ પરિમાણ અને અનર્થદંડ વિરમણ, આ ત્રણે વ્રતોના પાલનથી અહિંસા આદિ પાંચ અણુવ્રતની પુષ્ટિ થતી હોવાથી, તેને ગુણવ્રત કહે છે.

**દિશાવ્રત–** દિશા સંબંધી વ્રત અથવા પૂર્વાદિ દિશામાં ગમનાદિ ક્રિયાની મર્યાદા કરીને તેની બહારના ક્ષેત્રમાં ન જવું, તે દિશાવ્રત છે.

ઊર્ધ્વદિશા સંબંધી મર્યાદા, તે ઊર્ધ્વદિશાવ્રત, અધોદિશા સંબંધી મર્યાદા, તે અધોદિશાવ્રત અને તિર્યગ્દિશા–પૂર્વ, પશ્ચિમ, ઉત્તર અને દક્ષિણદિશા સંબંધી મર્યાદા, તે તિર્યગ્દિશાવ્રત છે.

દિશાવ્રતમાં કર્મક્ષેત્રની અર્થાત્ સાંસારિક પ્રવૃત્તિઓ માટેની સીમા–મર્યાદા કરવાની હોય છે. તે મર્યાદિત ક્ષેત્રની બહારના ક્ષેત્રમાં થતાં હિંસા, અસત્ય, ચોરી આદિ સર્વ પાપસ્થાનોનો પૂર્ણતઃ ત્યાગ કરવા માટે દિશાવ્રતની અગત્યતા છે. ગૃહસ્થ જીવનને સંયમિત અને સાત્ત્વિક બનાવવા માટે જેમ પરિગ્રહ પરિમાણ આવશ્યક છે. તેમ દિશાનું પરિમાણ પણ જરૂરી છે. જો શ્રાવકે દિશાની મર્યાદા ન કરી હોય, તો તેને ગમે તે ક્ષેત્રમાં જઈને પાપકારી પ્રવૃત્તિ કરવાની ઇચ્છા થાય છે. દિશાની મર્યાદાથી શ્રાવકની વૃત્તિ સંક્ષિપ્ત થાય અને મર્યાદિત ક્ષેત્રમાં જ પોતાના જીવન વ્યવહાર ચલાવે છે.

સાધુ પંચ મહાવ્રતધારી અને સર્વસાવદ્ય વ્યાપારના ત્યાગી હોય છે, સાધુ ગમે તે ક્ષેત્રમાં જાય, ત્યાં નિરવદ્ય પ્રવૃત્તિ જ કરે છે, તેથી સાધુજીવનમાં દિશા પરિમાણની આવશ્યકતા નથી. ગૃહસ્થો અણુવ્રતધારી હોવાથી તેના વ્રતની શુદ્ધિ માટે દિશાવ્રત સહાયક બને છે. શ્રાવકો જાગૃતિપૂર્વક મર્યાદિત દિશાઓમાં જ સમગ્ર જીવન વ્યવહાર કરે છે, તેમ છતાં અજાણતાં આ મર્યાદાનું ઊલ્લંઘન થઈ જાય, તો તે અતિચારરૂપ છે.

**પાંચ અતિચાર :–**

**(૧) ઊર્ધ્વદિશા પ્રમાણાતિક્રમ–** ઊર્ધ્વદિશા–ઉપર-ઊંચે જવાની મર્યાદાનું ઊલ્લંઘન કરવું,

**(૨) અધોદિશા પ્રમાણાતિક્રમ–** અધોદિશા– નીચે તરફ કૂવા, ખાણ વગેરેમાં જવાની મર્યાદાનું ઉલ્લંઘન કરવું.

**(૩) તિર્યગ્દિશા પ્રમાણાતિક્રમ–** પૂર્વ, પશ્ચિમ, ઉત્તર, દક્ષિણ દિશાની મર્યાદાનું ઉલ્લંઘન કરવું.

**(૪) ક્ષેત્ર વૃદ્ધિ–** પોતાના કાર્યની સિદ્ધિ માટે એક ક્ષેત્રની મર્યાદા ઘટાડીને બીજા ક્ષેત્રની મર્યાદા વધારવી. જેમ કે શ્રાવકે દરેક દિશામાં ૧૦૦-૧૦૦ કિ.મી. તેમ ૪૦૦ કિ.મી.ના ક્ષેત્રમાં જવાની મર્યાદા કરી હોય. ત્યાર પછી તેને તિર્યગ્દિદશામાં ૧૦૦ કિ.મી.થી બહારક્ષેત્રમાં જવાની જરૂર હોય, તો ઊર્ધ્વ દિશામાં ૧૦૦ કિ.મી.ની મર્યાદા ઘટાડીને ૫૦ કિ.મી. કરી લે અને તિર્યગ્દિશામાં ૧૦૦ કિ.મી.ની મર્યાદા વધારીને ૧૫૦ કિ.મી. કરે, તે ક્ષેત્રવૃદ્ધિ નામનો અતિચાર છે.

**(૫) સ્મૃત્યંતર્ધાન–** સ્વીકૃત મર્યાદાને ભૂલી જવી અથવા સ્વીકૃત મર્યાદાની ઉપેક્ષા કરીને કોઈ ગણના કર્યા વિના જ ગમનાગમન કરવું, તે સ્મૃત્યંર્ધાન છે.

આ પ્રવૃત્તિ અજાણતાં થાય, તો અતિચાર રૂપ છે અને જાણી જોઈને થાય, તો તે અનાચાર રૂપ બની જાય છે.

**(૭) ઉવભોગ–પરિભોગ પરિમાણ વ્રત–**

**૮ उवभोगपरिभोगवए दुविहे पण्णत्ते, तं जहा- भोअणओ कम्मओ अ । भोअणओ समणोवासएणं इमे पंच अइयारा जाणियव्वा, (ण समायरियव्वा) तं जहा- सचित्ताहारे, सचित्तपडिबद्धाहारे, अप्पउलिओसहिभक्खणया, दुप्पउलि-ओसहिभक्खणया, तुच्छोसहिभक्खणया । कम्मओ णं समणोवासएणं इमाइं पण्णरस कम्मादाणाइं जाणियव्वाइं, (ण समायरियव्वाइं) तं जहा- इंगालकम्मे, वणकम्मे, साडीकम्मे, भाडीकम्मे, फोडीकम्मे, दंतवाणिज्जे, लक्खवाणिज्जे, रसवाणिज्जे, केसवाणिज्जे, विसवाणिज्जे, जंतपीलणकम्मे, णिल्लंछणकम्मे, दवग्गिदावणया, सरदहतलायसोसणया, असईजणपोसणया ।**

**ભાવાર્થ :–** ઉવભોગ–પરિભોગ પરિમાણ વ્રતના બે પ્રકાર છે– (૧) ભોજન સંબંધી અને (૨) કર્મ સંબંધી.શ્રાવકોએ ભોજન સંબંધી પાંચ અતિચાર જાણવા યોગ્ય છે પરંતુ આચરવા યોગ્ય નથી. તે પાંચ અતિચારો આ પ્રમાણે છે– (૧) સચેત આહાર, (૨) સચેત પ્રતિબદ્ધ આહાર, (૩) અપકવ ઔષધિ ભક્ષણ (૪) દુષ્પકવ ઔષધિ ભક્ષણ, (૫) તુચ્છ ઔષધિ ભક્ષણ.

શ્રાવકોએ કર્મ સંબંધી પંદર કર્માદાન જાણવા યોગ્ય છે પરંતુ તે આચરવા યોગ્ય નથી. તે પંદર કર્માદાન આ પ્રમાણે છે– (૧) અંગાર કર્મ, (૨) વનકર્મ (૩) શકટ કર્મ (૪) ભાડી કર્મ (૫) સ્ફોટન કર્મ (૬) દંતવાણિજ્ય, (૭) લાક્ષા વાણિજ્ય, (૮) રસ વાણિજ્ય, (૯) વિષ વાણિજ્ય, (૧૦) કેશ વાણિજ્ય, (૧૧) યંત્ર પીડન કર્મ, (૧૨) નિલંછન કર્મ, (૧૩) દાવાગ્નિદાપન, (૧૪) સરદહ તડાગ શોષણ, (૧૫) અસતીજન પોષણ.

**વિવેચન :-**

પ્રસ્તુત સૂત્રમાં શ્રાવકના સાતમા વ્રત અથવા બીજા ગુણવ્રત સંબંધી મર્યાદા અને તેના અતિચારોનું પ્રતિપાદન છે.

સંસારી જીવ માત્રનું જીવન વિષયભોગથી ભરેલું છે, તેથી ગૃહસ્થપણામાં ભોગનો સંપૂર્ણ ત્યાગ શક્ય નથી. જીવની ભોગની અમર્યાદિત ઇચ્છા અનાદિકાલીન છે. તે ઇચ્છાપૂર્તિ માટે તેને હિંસા આદિ અનેક પાપપ્રવૃત્તિનું સેવન કરવું પડે છે. અમર્યાદિત ઇચ્છા અને આસક્તિ અનેક અનર્થોનું સર્જન કરે છે, તેથી સાતમા વ્રતમાં ભોગાસક્તિને સીમિત કરવા માટે (૧) ભોગોપભોગ યોગ્ય વસ્તુઓની મર્યાદા (૨) સચિત્ત– અચિત્ત આહારનો વિવેક અને (૩) મહારંભજન્ય વ્યાપારોનો ત્યાગ કરવાનું વિધાન છે.

**ઉવભોગ–પરિભોગ :–** ઉપ શબ્દ **सकृदर्थे वर्तते, सकृद्‌भोग उपभोग–अशनपानादि अथवा अन्तर्भोगः उपभोगः आहारादि** । વૃત્તિ. ઉપભોગ શબ્દમાં **उप्** ઉપસર્ગ **सकृद्–** એકવારના અર્થમાં છે. એકવાર ભોગવી શકાય, તેવા અશન, પાણી આદિ ચારે પ્રકારનો આહાર **ઉપભોગ** છે અથવા અન્તર્ભોગ – જે પદાર્થો શરીરમાં પરિણત થઈ જાય, સંપૂર્ણ રીતે ભોગવાય જાય, તેવા આહાર, પાણી આદિ પદાર્થોને ઉપભોગ કહે છે.

પરિભોગ શબ્દમાં **परि** ઉપસર્ગ આવૃત્તિ–પુનરાવર્તન અર્થમાં છે. વારંવાર ભોગવી શકાય, જે પદાર્થો શરીરરૂપે પરિણત ન થાય, સંપૂર્ણ રીતે ભોગવાય ન જાય, તેવા વસ્ત્ર, અલંકારાદિ પરિભોગ છે અથવા વસ્ત્રાદિ બહિર્ભોગ પરિભોગ છે.

**(૧) ઉપભોગ–પરિભોગ સંબંધી મર્યાદા–** પ્રસ્તુત પ્રસંગમાં શાસ્ત્રકારે ઉપભોગ-પરિભોગ યોગ્ય મર્યાદાના બોલનું કથન કર્યું નથી. શ્રી ઉપાસકદશાંગસૂત્રમાં આનંદ શ્રાવકના વ્રત સ્વીકારના વર્ણનમાં આનંદ શ્રાવકે સાતમા વ્રતમાં બાવીસ બોલની મર્યાદા કરી છે. (શ્રી ઉપાસકદશાંગસૂત્ર અધ્યયન–૧, સૂત્ર–૨૫ થી ૪૫) વર્તમાન પ્રચલિત પરંપરા અનુસાર શ્રાવક ૨૬ બોલની મર્યાદા કરે છે.

(૧) **उल्लयणाविही–** અંગ લૂંછવા માટેના ટુવાલની જાત તથા સંખ્યાની મર્યાદા. (૨) **दंतणविही–** દાતણની જાત તથા પ્રમાણની મર્યાદા. (૩) **फलविही–** સ્નાન કરતા પહેલા મસ્તક આદિ પર લેપ કરવા માટે ઉપયોગમાં લેવાતાં આંબળા વગેરે ફળની મર્યાદા.

શ્રી ઉપાસકદશાંગ સૂત્રમાં **फलविही** નો અર્થ ફળ કર્યો છે. અહીં **फलविही** ની આગળના અને પાછળના બોલ સ્નાન સંબંધી વસ્તુઓની મર્યાદા માટે જ છે. તેમજ અઢારમા બોલ **माहुरयविही** માં મધુર ફળની મર્યાદાનું કથન છે, તેથી અહીં **फलविही**નો ઉપરોક્ત અર્થ પ્રસંગોચિત છે.

(૪) **अब्भगणविही–** મર્દન–માલિશ કરવા માટે શતપાક આદિ તેલની જાતિ તથા તેની પ્રમાણની મર્યાદા. (૫) **उवट्टणविही–** ઉદ્વર્તન–શરીર પર ચોળવા માટેની સુગંધિત પીઠીની જાતિ તથા પ્રમાણની મર્યાદા. (૬) **मज्जणविही–** સ્નાન માટેના પાણીનું પ્રમાણ. (૭) **वत्थविही–** વસ્ત્રની જાતિ તથા પ્રમાણ. (૮) **विलेवणविही–** વિલેપન–તિલક માટે કુમકુમ, ચંદન તથા અન્ય લેપ માટેનું પ્રમાણ. (૯) **पुप्फविही–** માળા વગેરેના ઉપયોગ માટે ફૂલના પ્રકાર તથા પ્રમાણ. (૧૦) **आभरणविही–** આભૂષણોના પ્રકાર તથા પ્રમાણ. (૧૧) **धूवणविही–** લોબાન વગેરેના ધૂપના પ્રકાર તથા પ્રમાણ. (૧૨) **पेज्जविही–** પેય પદાર્થો–ચા, દૂધ, રાબ, કાંજી, ઓસામણ વગેરેના પ્રકાર તથા પ્રમાણ. (૧૩) **भक्खणविही–** મીઠાઈના

પ્રકાર અને પ્રમાણ. (૧૪) **ओदणविही**– ઓદન–ચોખાની જાત અને પ્રમાણ. (૧૫) **सूव्वविही**– ચણા, મગ, અડદ, તુવેર વગેરે દાળના પ્રકાર અને પ્રમાણ. (૧૬) **विगइविही**– ઘી, તેલ, દૂધ, દહીં, ગોળ, ખાંડ વગેરે વિગયના પ્રકાર અને પ્રમાણ. (૧૭) **सागविही**– શાકભાજીના પ્રકાર અને પ્રમાણ. (૧૮) **माहुरयविही**– કેળા, ચીકુ, સફરજન વગેરે મધુરફળના પ્રકાર અને પ્રમાણ. (૧૯) **जेमणविही**– ભોજનની મર્યાદા અથવા દહીંવડા વગેરે તળેલા પદાર્થોની મર્યાદા. (૨૦) **पाणियविही**– પીવાના પાણીની મર્યાદા. (૨૧) **मुहवासविही**– પાન, સોપારી વગેરે મુખવાસની મર્યાદા. (૨૨) **वाहणविही**– મોટર, સાઈકલ, સ્કૂટર વગેરે વાહનોની મર્યાદા. (૨૩) **उवाणहविही**– ઉપાનહ–બુટ, ચંપલ, મોજા આદિ પગરખાની મર્યાદા. (૨૪) **सयणविही**– સૂવા માટે શય્યા, ખાટલા, પલંગ, ગાદી, તકિયા વગેરેની મર્યાદા. (૨૫) **सचित्तविही**– સચિત્ત વસ્તુઓની મર્યાદા. (૨૬) **दव्वविही**– આખા દિવસમાં અથવા ભોજન સમયે પાંચ, દશ આદિ સંખ્યાની ગણનાપૂર્વક દ્રવ્યની મર્યાદા.

આ રીતે ૨૬ બોલની મર્યાદામાં શ્રાવકની દૈનિક જરૂરિયાતની સર્વ વસ્તુની મર્યાદા થઈ જાય છે, તે ઉપરાંત શ્રાવકો પોતાની વપરાશની અન્ય વસ્તુઓ હોય, તો તેની મર્યાદા કરે છે.

**ભોજન સંબંધી વિવેક–** શ્રાવકોએ નિરવદ્ય– અહિંસક અચેત પદાર્થોનો ભોજનમાં ઉપયોગ કરવો જોઈએ. અનંતકાયિક વનસ્પતિ, બહુબીજક પદાર્થો, મદ્ય, માંસ અદિનો સર્વથા ત્યાગ કરવો જોઈએ. તેમજ રાત્રિભોજન પણ મહાહિંસાનું કારણ હોવાથી શ્રાવકોને રાત્રિભોજનનો ત્યાગ પણ આવશ્યક છે.

શ્રાવકોના આચાર, વિચાર, ખાન-પાન, રહેણીકરણી આદિ સમગ્ર વ્યવહાર સાધકોને યોગ્ય યથાશક્ય અહિંસક હોવા જરૂરી છે, શ્રાવકોએ પોતાની આવશ્યકતાની પૂર્તિ માટે અહિંસાની આરાધનાને હંમેશાં લક્ષ્યમાં રાખવી જરૂરી છે, તેથી સૂત્રકારે સાતમા વ્રતમાં ભોજન સંબંધી વિવેકનું કથન કર્યું છે.

**ભોજન સંબંધી પાંચ અતિચાર–**

**(૧) સચિત્ત આહાર :–** સચિત્ત–જીવ સહિતના પદાર્થો સજીવ છે. કાચા શાકભાજી, અસંસ્કારિત અન્ન, પાણી વગેરે સચિત પદાર્થો છે. તેનો આહાર તે સચિત આહાર છે.

શ્રમણોપાસક સચેત વસ્તુઓના સર્વથા ત્યાગી હોતા નથી. તે પોતાની શક્તિ પ્રમાણે સચેત વસ્તુઓનો ત્યાગ કરે છે અને અમુક સચિત દ્રવ્યની મર્યાદા કરે અર્થાત્ અમુકની છૂટ રાખે છે. જેની તેણે મર્યાદા કરી છે તેનું અસાવધાનીથી ઉલ્લંઘન થઈ જાય તો તે સચિત આહાર નામનો અતિચાર છે. જો જાણી જોઈને મર્યાદાનું ઉલ્લંઘન કરે તો તે અનાચાર કહેવાય છે.

**(૨) સચિત્ત પ્રતિબદ્ધ આહાર :–** સચિત્ત વસ્તુની સાથે લાગેલી અચિત્ત વસ્તુને ખાવી તે સચિત્ત પ્રતિબદ્ધ આહાર છે. દા.ત. ગુંદ અચિત્ત છે પણ વૃક્ષ સાથે સંલગ્ન હોય ત્યાં સુધી તે સચિત્ત પ્રતિબદ્ધ છે. જે વ્યક્તિએ સચિત્ત વસ્તુઓની મર્યાદા કરી હોય અને જો તે સચિત્ત પ્રતિબદ્ધનું (સચિત્ત સંલગ્નનું) સેવન કરે તો તેની મર્યાદાનું ઉલ્લંઘન થઈ જાય છે અને તેને આ અતિચારનો દોષ લાગે છે.

**(૩) અપકવ ઔષધિ ભક્ષણ :–** પૂરી નહીં પકાવેલી અર્થાત્ જે પૂર્ણ રૂપે અચિત્ત થઈ નથી તેવી વનસ્પતિ, ફળ, ધાન્ય વગેરેનો આહાર કરવો, તરતના વઘારેલા ખારિયા, કાચા સંભારા વગેરે.

**(૪) દુષ્પકવ ઔષધિ ભક્ષણ :–** જે ધાન્ય, ફળ વગેરે ઘણા લાંબા સમયે પરિપકવ થાય, તેવા હોય, તેને પાકી ગયા છે એમ જાણી અપકવ અવસ્થામાં તેનું સેવન કરવું અથવા અયોગ્ય રીતથી, અતિ હિંસાથી

પકાવેલા પદાર્થોનું સેવન કરવું. જેમકે છીલકા સહિત સેકેલા ડોડા, ઉપરની ફળી સહિત પકાવેલા વટાણા, ડૂંડા સહિત પકવીને તૈયાર કરેલો ઘઉંનો પોંક વગેરે. આ રીતે પકાવેલા પદાર્થોમાં ત્રસ જીવોની હિંસા પણ થઈ શકે છે.

**(૫) તુચ્છ ઔષધિ ભક્ષણ :–** જે ફળ, ફૂલ, ઔષધિમાં ખાવા યોગ્ય ભાગ ઓછો હોય, ફેંકવા યોગ્ય ભાગ વધારે હોય, જેમકે શેરડી, સીતાફળ વગેરેનું સેવન કરવું. તેનો બીજો અર્થ એ પણ છે કે જે પદાર્થના આહારમાં વધારે હિંસા થાય. જેમ કે– ખસખસના દાણા અથવા કંદમૂળ, અનંતકાય વગેરે તથા જે વસ્તુઓ તુચ્છ છે તેવી બીડી, સીગારેટ, તમાકુ, ભાંગ વગેરેનો ઉપયોગ કરવો. તે તુચ્છૌષધિભક્ષણ કહેવાય છે.

**પંદર કર્માદાન :–**

કર્મ અને આદાન આ બે શબ્દોથી 'કર્માદાન' શબ્દ બનેલો છે. આદાન એટલે ગ્રહણ કરવું કર્મોના ગ્રહણને કર્માદાન કહે છે. જે પ્રવૃત્તિના સેવનથી જ્ઞાનાવરણ આદિ કર્મનો પ્રબળ બંધ થાય છે, જેમાં ઘણી હિંસા થાય, તે કર્માદાન છે. શ્રાવક માટે તે વર્જિત છે. આ કર્મ સંબંધિત અતિચાર છે. શ્રાવકને તેના ત્યાગની પ્રેરણા આપવામાં આવી છે. પંદર કર્માદાનનું વિશ્લેષણ આ રીતે છે–

**(૧) અંગાર કર્મ :–** અંગારનો અર્થ કોલસા છે. અંગાર કર્મનો મુખ્ય અર્થ કોલસા બનાવવાનો ધંધો થાય છે, જે કામમાં અગ્નિ અને કોલસાનો વધારે ઉપયોગ થાય તે વ્યાપાર પણ તેમાં આવે છે. જેમ કે ઈંટની ભઠ્ઠી, ચૂનાની ભઠ્ઠી, સીમેન્ટના કારખાના વગેરે કાર્યોમાં અગ્નિકાયના જીવોની ઘોર હિંસા થાય છે.

**(૨) વન કર્મ :–** જે વ્યાપારનો સીધો સંબંધ વન સાથે હોય, તે વ્યાપારનો સમાવેશ વનકર્મમાં થાય છે, જેમ કે જંગલ કાપીને સાફ કરવું, જંગલનાં વૃક્ષ કાપી લાકડાં વેંચવાં, જંગલ કાપવાનો ઈજારો રાખવો, લીલી વનસ્પતિનું છેદન-ભેદન વગેરે કાર્યો ઘોર હિંસાનાં કાર્યો છે. આજીવિકા માટે વન ઉત્પાદન, સંવર્ધન કરીને વૃક્ષને કાપવાં, કપાવવા તે વન કર્મ છે.

**(૩) શકટ કર્મ :–** શકટનો અર્થ ગાડી છે. સવારી અથવા માલ લઈ જવા, લાવવા માટે વપરાતા સર્વ વાહનો શકટ કર્મમાં સમાવિષ્ટ થાય છે. આવા વાહનો તથા તેના મશીનો તૈયાર કરવા, વેંચવા વગેરે પ્રવૃત્તિનો સમાવેશ શકટ કર્મ થાય છે. આજની પરિસ્થિતિમાં રેલગાડી, મોટર, સ્કૂટર, સાઈકલ, ટ્રક, ટ્રેક્ટર વગેરે બનાવવાનાં કારખાનાં તે શકટ કર્મ છે.

**(૪) ભાડી કર્મ :–** ભાડીનો અર્થ ભાડું છે. બળદ, ઘોડાં, ઊંટ, ભેંસ, ગધેડાં વગેરેને ભાડે આપવાનો વ્યાપાર કરવો, ટ્રક, મોટર, સાઈકલ, રીક્ષા આદિ વાહન ચલાવી તેને ભાડે આપવાનો વ્યાપાર કરવો.

**(૫) સ્ફોટન કર્મ :–** સ્ફોટન એટલે ફોડવું, તોડવું, ખોદવું, ખાણ ખોદવી, પથ્થર તોડવા, કૂવા, તળાવ તથા વાવડી વગેરે ખોદવાના ધંધા સ્ફોટન કર્મમાં આવે છે.

**(૬) દંત વાણિજ્ય :–** હાથીદાંતનો વ્યાપાર કરવો અને ત્રસ જીવોનાં શરીરાવયવોનો વ્યાપાર કરવો, જેમકે– હાડકાં, ચામડાં, રેશમ, કસ્તૂરી, શંખ, ઊન વગેરે વ્યાપારનો સમાવેશ દંતવાણિજ્યમાં થાય છે.

**(૭) લાક્ષા વાણિજ્ય :–** લાખનો વ્યાપાર. જે વસ્તુના વ્યાપારમાં ત્રસ જીવોની હિંસા થાય અથવા જેમાં સડો કરવો પડે તેવા કેમિકલ્સનો વ્યાપાર, સોડા, સાબુ, મીઠું, ખાર, રંગ વગેરેનો વ્યાપાર કરવો.— *[અભિધાન રાજેન્દ્ર કોષ ભા. ૬, પૃ. ૫૯૭]*

**(૮) રસ વાણિજ્ય :–** મદિરા વગેરે માદક રસનો વ્યાપાર. રસ શબ્દ સામાન્ય રીતે શેરડી અને ફળોના રસ માટે પણ પ્રયુક્ત છે પરંતુ અહીં તે અર્થ નથી.

મધ, માંસ, ચરબી, માખણ, દૂધ, દહીં, ઘી, તેલ, ખાંડ, ગોળ વગેરેનો વ્યાપાર પણ રસ વાણિજ્યમાં છે.

**(૯) વિષ વાણિજ્ય :–** વિવિધ પ્રકારના વિષ(ઝેર) નો વ્યાપાર. તલવાર, છરા, બંદૂક, ધનુષ્ય, બાણ, ડી.ડી.ટી. પાઉડર વગેરે હિંસક વસ્તુઓનો વ્યાપાર પણ વિષ વાણિજ્યમાં આવી જાય છે.

**(૧૦) કેશ વાણિજ્ય :–** અહીં વપરાયેલો 'કેશ' શબ્દ લાક્ષણિક છે. કેશ વાણિજ્યનો અર્થ દાસ, દાસી, ગાય, ભેંસ, બકરી, ઘેટાં, ઊંટ, ઘોડાં, વગેરે જીવિત પ્રાણીઓના ક્રય–વિક્રયનો વ્યાપાર છે. કેટલાક આચાર્યો ચમરી ગાયના પૂંછડાના વાળના વ્યાપારનું કથન કરે છે. તેના ચામર બને છે પરંતુ મોરપંખ તથા તેના વ્યાપારને કેશવાણિજ્યમાં સમાવિષ્ટ કર્યો નથી. ચમરી ગાયના વાળ પ્રાપ્ત કરવા તથા મોરપંખ પ્રાપ્ત કરવામાં ભેદ એટલો જ છે કે ચમરી ગાયને મારી નાંખવામાં આવે છે. જ્યારે મોરપંખ તથા ઊન માટે મોરને અને ઘેટાંને મારી નખાતા નથી.

**(૧૧) યંત્ર પીડન કર્મ :–** તલ, સરસવ, મગફળી વગેરેનું ઘાણી દ્વારા તેલ કાઢવાનો ધંધો, તેમજ ચરખા, મિલ, પ્રેસ વગેરેના વ્યાપાર કરવા.

**(૧૨) નિલંછણ કર્મ :–** બળદ, પાડા વગેરેને નપુંસક બનાવવાનો ધંધો કરવો. અંગોપાંગનું છેદન કરવું.

**(૧૩) દાવગ્નિ દાપન :–** વનમાં આગ લગાડવાનો ધંધો કરવો. આ આગ અત્યંત ભયાનક અને બેકાબૂ હોય છે. તેનાથી જંગલના ઘણા ત્રસ તથા સ્થાવર જીવો મરી જાય છે.

**(૧૪) સરદહ તડાગ શોષણ :–** સરોવર, તળાવ વગેરે પાણીનાં સ્થાનોને સુકવી દેવાં.

**(૧૫) અસતીજન પોષણ :–** વ્યભિચાર માટે વેશ્યા વગેરેનું પોષણ કરવું. શ્રાવક માટે વાસ્તવમાં આ નિંદનીય કાર્ય છે. આવાં કાર્યોથી સમાજમાં દુરાચાર ફેલાય છે. વ્યભિચારને પોષણ મળે છે. શોખથી હિંસક પશુઓનું પાલન કરવું તેનો પણ આ કર્માદાનમાં સમાવેશ થાય છે. શિકાર માટે શિકારી કૂતરા વગેરે પાળવાં, ઉંદર માટે બિલાડી પાળવી આ સર્વ કાર્યો અસતીજન પોષણમાં અંતર્ગત થાય છે.

**(૮) અનર્થદંડ વિરમણ વ્રત :-**

**९ अणत्थदंडे चउव्विहे पण्णत्ते, तं जहा- अवज्झाणारिए पमत्तायरिए हिंसप्पयाणे पावकम्मोवएसे । अणत्थदंडवेरमणस्स समणोवासएणं इमे पंच अइयारा जाणियव्वा, (ण समायरियव्वा) तं जहा- कंदप्पे, कुक्कुइए, मोहरिए, संजुत्ताहिगरणे, उवभोगपरिभोगाइरेगे ।**

**ભાવાર્થ :–** અનર્થાદંડના ચાર પ્રકાર છે. તે આ પ્રમાણે છે– (૧) અપધ્યાન, (૨) પ્રમાદાચરણ (૩) હિંસપ્રદાન (૪) પાપકર્મોપદેશ. શ્રાવકોએ અનર્થાદંડ વેરમણ વ્રતના પાંચ અતિચાર જાણવા યોગ્ય છે, પરંતુ આચારવા યોગ્ય નથી. તે પાંચ અતિચારો આ પ્રમાણે છે. (૧) કંદર્પ (૨) કૌત્કુચ્ય (૩) મૌખર્ય (૪) સંયુક્તાધિકરણ (૫) ઉવભોગપરિભોગાતિરેક.

**વિવેચન :-**

પ્રસ્તુત સૂત્રમાં શ્રાવકના બાર વ્રતમાંથી આઠમા વ્રત અને ત્રીજા ગુણવ્રતની પ્રતિજ્ઞા તથા તેના અતિચારોનું કથન છે.

**અનર્થદંડ– अर्थदण्डात् विपरीतोऽनर्थदण्डः प्रयोजन निरपेक्षः ।** અર્થ દંડથી વિપરીત અર્થાત્ પ્રયોજન વિના, નિરર્થક થતી હિંસાદિને અનર્થદંડ કહે છે. જેના વડે જીવો દંડ પામે અર્થાત્ હિંસા થાય, તેને દંડ કહે છે. શ્રી સ્થાનાગં સૂત્રમાં દંડના બે પ્રકાર કહ્યા છે– અર્થદંડ અને અનર્થદંડ. શ્રાવકો ગૃહસ્થ જીવનના વ્યવહારમાં કોઈ પણ પ્રયોજનથી આરંભ-સમારંભ કરે, જીવહિંસા કરે, તે અર્થદંડ છે.જેમ કે રસોઈ બનાવવા માટે અગ્નિનો આરંભ કરવો, તે અર્થદંડ છે. કોઈ પણ પ્રકારના પ્રયોજન વિના નિષ્કારણ જીવોની હિંસા થાય, તે અનર્થદંડ છે. જેમ કે– કોઈ પણ પ્રયોજન વિના લાઈટ ચાલુ-બંધ કરીને અગ્નિનો આરંભ કરવો, તે અનર્થદંડ છે.

શ્રાવકો અર્થદંડનો ત્યાગ કરી શકતા નથી પરંતુ અનર્થદંડનો ત્યાગ કરે, તોપણ કેટલાય હિંસા આદિ પાપસ્થાનોથી, કર્મબંધથી બચી જાય છે, તેથી શ્રાવકના વ્રતમાં અનર્થદંડ વેરમણ વ્રતની ત્રીજા ગુણવ્રત રૂપે ગણના કરી છે. સૂત્રકારે ચાર પ્રકારના અનર્થદંડનું કથન કર્યું છે.

**(૧) अवज्झाणाचरिए :–** અપધ્યાનાચરિત. ચાર ધ્યાનમાંથી આર્તધ્યાન અને રૌદ્રધ્યાન, આ બંને અપ્રશસ્તધ્યાન અપધ્યાન છે.

**આર્તધ્યાન–** દુઃખ અથવા પીડા નિમિત્તે થતી ચિત્તની એકાગ્રતાને આર્તધ્યાન કહે છે. તેના ચાર પ્રકાર છે. **૧. અનિષ્ટ વિયોગ** માટે સતત ચિંતન કરવું. પ્રતિકૂળ વસ્તુ, વ્યક્તિ કે પરિસ્થિતિનો સંયોગ થાય, ત્યારે તેને દૂર કરવા સતત વિચારણા કરવી. **૨. ઈષ્ટ સંયોગ** માટે સતત ચિંતન કરવું, અનુકૂળ વસ્તુ, વ્યક્તિ કે પરિસ્થિતિની સતત ઈચ્છા કરવી, તેની પ્રાપ્તિની ઝંખનાથી સતત તેની જ વિચારણા કરવી. **૩. રોગ ચિંતા–** અશાતાના ઉદયમાં રોગથી મુક્ત થવા માટે સતત વિચારણા કરવી. **૪. નિદાન–** ભૌતિક સુખની તીવ્રતમ ઈચ્છા થવી, ધર્મક્રિયાના ફળ સ્વરૂપે ચક્રવર્તીના સુખ આદિની ઈચ્છા કરવી.

જીવને પ્રાપ્ત થયેલા પ્રત્યેક સંયોગો જીવના કર્મને આધીન છે. તેમાં પોતાની ઈચ્છાનુસાર પરિવર્તન કદાપિ શક્ય નથી, તેમ છતાં અનિષ્ટ વિયોગ, ઈષ્ટસંયોગ આદિ ઉપરોક્ત ચારે પ્રકારે ચિત્તને એકાગ્ર બનાવવું તે સર્વથા નિરર્થક છે, તેથી તે અનર્થદંડ છે.

**રૌદ્રધ્યાન–** આર્તધ્યાનની તીવ્રતા, તે રૌદ્રધ્યાન છે. તેના પણ ચાર પ્રકાર છે. (૧) હિંસાનુબંધી (૨) મૃષાનુબંધી (૩) સ્તેયાનુબંધી અને (૪) સંરક્ષણાનુબંધી. ક્રોધ આદિના આવેશથી અન્યની હિંસા માટેના ક્રૂર પરિણામો હિંસાનુબંધી રૌદ્રધ્યાન છે. તે જ અસત્ય આચરણ માટે, ચોરી માટે કે પોતાના પરિગ્રહના સંરક્ષણ માટે તીવ્રતમ આસક્તિ ભાવ પૂર્વકના પ્રયત્નો કરવા, તે રૌદ્રધ્યાન છે. રૌદ્રધ્યાન પણ અનર્થદંડનું કારણ છે.

**પ્રમાદાચરણ–** પોતાના ધર્મ, કર્તવ્ય અથવા ફરજ પ્રતિ અજાગૃતપણું, તે પ્રમાદ છે. પ્રમાદી વ્યક્તિ પોતાનો અમૂલ્ય સમય રંગ-રાગમાં, ભોગ-વિલાસમાં નિંદા-કૂથલીમાં વ્યતીત કરે છે. પૂર્વાચાર્યો પ્રમાદાચરણની વિસ્તૃત વ્યાખ્યા કરીને તેની વિવિધ પ્રવૃત્તિઓનું કથન કરે છે.

કુતૂહલથી ગીત સાંભળવા, નૃત્ય, નાટક જોવા, કામશાસ્ત્રમાં આસક્તિભાવ રાખવો, કામવૃત્તિને ઉત્તેજિત કરનારા શાસ્ત્રોનું, પુસ્તકોનું વાંચન, જુગાર, મદ્યપાન, જલક્રીડા, હિંચકા ખાવા, હાસ્ય કલાઓ કરવી, કરાવવી, સ્ત્રી-પુરુષકથા, ભોજનકથા, રાજ્યકથા કરવી, પ્રયોજન વિના આળસથી દીર્ઘકાલ સુધી સુંવાળી શય્યા પર સૂવું, રસાસ્વાદની પૂર્તિ માટે સમય-શક્તિનો વ્યય કરવો, અયતનાથી સ્નાન, ઉબટન, વિલેપન આદિ કરવા, નિષ્પ્રયોજન ઘોંઘાટ કરવો, પરોઢિયે મોટા અવાજે બોલવું, ખડખડાટ હસવું. વગેરે

પ્રવૃત્તિ સીધી કે આડકતરી રીતે પાપપ્રવૃત્તિનું નિમિત્ત બને છે, તેથી તે અનર્થદંડ છે.

**હિંસ્રપ્રદાન :–** હિંસાનાં કાર્યોમાં સાક્ષાત્ સહયોગ આપવો. જેમ કે– ચોર, ડાકુ તથા શિકારી વગેરેને હથિયાર દેવા, આશ્રય દેવો તથા બીજી રીતે સહાય કરવી. કોઈપણ અવિવેકી વ્યક્તિને શસ્ત્રો આપવા. આ પ્રકારનાં આચરણથી હિંસાને પ્રોત્સાહન અને મદદ મળે છે, તેથી તે હિંસ્રપ્રદાન અનર્થદંડ છે.

**પાપકર્મોપદેશ :–** બીજાને પાપકાર્યોમાં પ્રવૃત્ત થવાની પ્રેરણા, ઉપદેશ અથવા સલાહ દેવી, જેમકે કોઈ શિકારીને બતાવવું કે અમુક સ્થાન પર શિકાર યોગ્ય પશુ-પક્ષી ઘણાં છે. બીજી વ્યક્તિને અન્ય વ્યક્તિ હેરાન કરે તે માટે ઉત્તેજિત કરવા, પશુપક્ષીને પીડિત કરવાં માટે લોકોને ખરાબ પ્રેરણા કરવી, આ સર્વનો પાપકર્મોપદેશમાં સમાવેશ થાય છે. સંસાર વ્યવહારનાં નાનાં મોટાં કોઈપણ કાર્યોની આવશ્યક ફરજ કે જરૂરિયાત વિના પ્રેરણા દેવી, તે પણ પાપકર્મોપદેશ અનર્થદંડ છે.

અનર્થદંડમાં સમાવિષ્ટ આ ચાર પ્રકારનાં દુષ્કાર્યનો પ્રત્યેક ધર્મનિષ્ઠ, શિષ્ટ અને સભ્ય નાગરિકે ત્યાગ કરવો જોઈએ. આધ્યાત્મિક પ્રગતિની સાથે ઉત્તમ અને નૈતિક નાગરિક-જીવનની દૃષ્ટિએ પણ આ અતિ આવશ્યક છે.

**અનર્થદંડથી દૂર રહેવા માટે શ્રાવકોએ નિમ્નોક્ત સાવધાની રાખવી જોઈએ :**(૧) અશુભ ચિંતનને વિવેકથી રોકી દેવું અને સમભાવ, શાંતિ, સંતોષના વિચારોથી આત્માને સંસ્કારિત અને જાગૃત રાખવો. (૨) સાંસારિક કર્તવ્યો, વ્યવહારો, વેપારની પ્રવૃત્તિઓ અને ઘરની પ્રવૃત્તિઓમાં પૂર્ણ વિવેકયુક્ત આચરણોનું લક્ષ્ય અને અભ્યાસ રાખવો. નિરર્થક અથવા અનાવશ્યક પ્રવૃત્તિઓથી તથા કેવળ મનોરંજન અથવા લોકપ્રવાહને વશ થઈ કરવામાં આવતી પ્રવૃત્તિઓથી પણ વૈરાગ્ય અને વિવેકપૂર્વક દૂર રહેવાનો પ્રયત્ન કરવો. (૩) શસ્ત્ર સંગ્રહ–શસ્ત્ર વિતરણ, શસ્ત્ર પ્રયોગની પ્રેરણા કે દલાલી ન કરવી. (૪) પોતાની આવશ્યક લાગણી અથવા જવાબદારી જ્યાં હોય તે સિવાય કોઈના પણ સંસારી કામો, વ્યાપાર અથવા અન્ય વ્યવહારોમાં રસ ન લેવો. (૫) આરંભ, સમારંભથી બનેલાં વિશિષ્ટ દર્શનીય સ્થળોની અતિશય પ્રશંસા ન કરવી. કોઈ ચીજની પ્રશંસા કરવામાં ભાવ અને ભાષાનો વિવેક રાખવો.

સંક્ષેપમાં ગૃહસ્થ જીવનની અતિ આવશ્યક પ્રવૃત્તિ સિવાય કોઈપણ અનાવશ્યક ચિંતન, ભાષણ અથવા પ્રવૃત્તિ કરવી નહીં અને મન, વચન, કાયાથી સાવધાન અને સજાગ રહેવું.

શ્રાવક માટે આ અનર્થદંડ વિરમણ વ્રતની આરાધના આત્માને અંતર્મુખી બનાવે છે. તેમાં સજાગ રહેવાથી જીવ ક્રમશઃ આત્મવિકાસ કરતો જાય છે. ધાર્મિક સંસ્કારોથી સુસંસ્કારિત તેનું વ્યાવહારિક જીવન અન્ય માટે પણ આદર્શ અને પ્રેરણાભૂત બને છે, તેથી પ્રત્યેક વ્રતધારી શ્રાવકે આ વ્રતના મહત્ત્વને સમજી તેની આરાધના કરવી જોઈએ.

**પાંચ અતિચાર–** અનર્થકારી પ્રવૃત્તિઓને પ્રોત્સાહન મળે તેવી પ્રવૃત્તિઓ અનર્થદંડ વેરમણવ્રતના અતિચાર રૂપ છે. તે પ્રવૃત્તિના ત્યાગથી અનર્થદંડ વેરમણવ્રત સફળ થાય છે.

**(૧) કંદર્પ–** કંદર્પનો અર્થ કામવિકાર છે. કામવિકારને ઉત્તેજિત કરે, તેવા તમામ વચન પ્રયોગો, અશ્લીલ મશ્કરી, અશ્લીલ દશ્યોનું દર્શન વગેરે સર્વ પ્રવૃત્તિઓનો સમાવેશ કંદર્પ નામના અતિચારમાં થાય છે. શ્રાવકો સંયમિત વ્યવહાર કરે, તેમ છતાં ક્યારેક કોઈ પણ નિમિત્તથી વિષયવર્ધક શબ્દપ્રયોગાદિ થઈ જાય, તે અતિચાર છે.

**(૨) કૌત્કુચ્ય–** વિદૂષકની જેમ કુચેષ્ટાઓ કરવી. લોકોને હાસ્ય ઉત્પન્ન થાય તેવી નેત્રાદિના વિકારપૂર્વક ચેષ્ટાઓ કરવી, તુચ્છતાદર્શક ચેનચાળા કરવા.

**(૩) મૌખર્ય–** વાચાળતા. ઉચિત-અનુચિતના વિચાર વિના બોલવું, ઠંડા પહોરના ગપ્પા મારવા, નિરર્થક વાતો કરવી. આ પ્રકારની પ્રવૃત્તિમાં સમયની બરબાદી છે, તેમજ તેમાં પરનિંદા, પાપકર્મોપદેશ વગેરે પાપપ્રવૃત્તિની શક્યતા છે, અનર્થકારી કર્મબંધ છે.

**(૪) સંયુક્તાધિકરણ–** આવશ્યકતા વિના હિંસક સાધનો ભેગા કરવા, તૈયાર રાખવા. જેમ કે ચાકુ, છરી વગેરે શસ્ત્રોને સજીને તૈયાર રાખવા, બંદુકમાં ગોળી ભરી રાખવી. વગેરે, તૈયાર શસ્ત્રોથી પાપપ્રવૃત્તિઓ તુરંત થઈ જાય છે. અધિકરણોને પૃથક્ પૃથક્ રાખવાથી અને જરૂર પડે ત્યારે જ ભેગા કરવાથી હિંસ્રપ્રદાનથી બચી શકાય છે અને પાપપ્રવૃત્તિના પ્રારંભમાં સમય વ્યતીત થાય છે, તેથી શ્રાવકોએ હિંસક સાધનોને જરૂર વિના તૈયાર રાખવા નહીં.

**(૫) ઉવભોગપરિભોગાતિરેક–** ઉવભોગ-પરિભોગના સાધનો આવશ્યકતાથી અધિક રાખવા, તે સાધનોમાં અત્યંત મૂર્ચ્છાભાવ રાખવો. ઉપરોક્ત પાંચે પ્રવૃત્તિ શ્રાવકોના વ્યવહારમાં હોતી નથી પરંતુ અજાણતા તે પ્રવૃત્તિનું સેવન થયું હોય, તો તેની આલોચના કરીને તેનાથી નિવૃત્ત થવાનું હોય છે.

**(૯) સામાયિક વ્રત :-**

**૧૦ सामाइयं णाम सावज्जजोगपरिवज्जणं णिरवज्जजोगपडिसेवणं च ।**

**सामाइयस्स समणोवासएणं इमे पंच अइयारा जाणियव्वा, (ण समायरियव्वा) तं जहा- मणदुप्पणिहाणे, वइदुप्पणिहाणे, कायदुप्पणिहाणे, सामाइयस्स सइअकरणया, सामाइयस्स अणवट्ठियस्स करणया ।**

**ભાવાર્થ :–** સમભાવની પ્રાપ્તિ માટે સાવદ્યયોગનો પરિત્યાગ અને નિરવદ્યયોગનું સેવન કરવું, તેને સામાયિક કહે છે. સામાયિક વ્રતના પાંચ અતિચાર શ્રાવકોએ જાણવા યોગ્ય છે, પરંતુ આચરવા યોગ્ય નથી. તે પાંચ અતિચાર આ પ્રમાણે છે, મનદુષ્પ્રણિધાન, વચન દુષ્પ્રણિધાન, કાય દુષ્પ્રણિધાન, સામાયિક સ્મૃતિ અકરણતા અને સામાયિક અનવસ્થિત કરણતા.

**વિવેચન :-**

પ્રસ્તુત સૂત્રમાં શ્રાવકના બાર વ્રતમાંથી નવમા વ્રતનું તથા પ્રથમ શિક્ષા વ્રતનું સ્વરૂપ અને તેના પાંચ અતિચારનું કથન છે.

**શિક્ષાવ્રત–** શિક્ષા એટલે શિક્ષણ અથવા તાલિમ. આત્માને સમભાવમાં રહેવા રૂપ વિશેષ પ્રકારની શિક્ષાથી (તાલીમથી) શિક્ષિત કરે તેને શિક્ષાવ્રત કહે છે. શિક્ષાના બે પ્રકાર છે– ગ્રહણશિક્ષા અને આસેવન શિક્ષા. ગ્રહણ શિક્ષા જ્ઞાનપ્રાપ્તિ રૂપ છે. સૂત્રનો અભ્યાસ કરવો, તેના અર્થ જાણવા, તેનું ચિંતન-મનન કે પુનરાવર્તન કરવું, તે **ગ્રહણશિક્ષા** છે. આસેવન શિક્ષા અભ્યાસ રૂપ છે. સૂત્રમાં બતાવેલી ક્રિયાનો અભ્યાસ કરવો, ઉત્તરોત્તર ક્રિયાની શુદ્ધિ કરવી, તે **આસેવનશિક્ષા** છે.

સામાયિકવ્રત, દેશાવગાસિકવ્રત, પૌષધ વ્રત અને અતિથિ સંવિભાગવ્રત, આ ચારે વ્રતોનું પાલન આત્માને બંને પ્રકારની શિક્ષાથી શિક્ષિત કરે છે, તેથી તે શિક્ષાવ્રત કહેવાય છે.

**સામાયિકવ્રત–** સામાયિક– સમભાવ. સમભાવને સિદ્ધ કરનારી સાધનાને સામાયિકવ્રત કહે છે. રાગ

દ્વેષ–વર્ધક સંસારી સર્વ પ્રપંચોથી, સાવદ્યકારી-પાપકારી પ્રવૃત્તિઓથી નિવૃત્ત થઈને નિરવદ્યયોગ– સ્વાધ્યાય, ધ્યાન આદિ સમભાવની પોષક પ્રવૃત્તિનો સ્વીકાર કરવો, જગજ્જીવો સાથે મૈત્રીભાવ રાખવો, તે સામાયિકવ્રત છે. શ્રાવકોની એક સામાયિક બે ઘડીની હોય છે.

બે ઘડીના કાલ દરમ્યાન શ્રાવક સમભાવમાં સ્થિત થવા સંપૂર્ણતઃ પ્રયત્નશીલ હોય, તેમ છતાં ચિત્ત ચંચળ બની જાય કે મન, વચન કે કાયા દ્વારા પાપપ્રવૃત્તિનું આંશિક પણ સેવન થઈ જાય, તો સામાયિક વ્રત દુઃષિત બને છે, તેની શુદ્ધિ માટે સૂત્રકારે સામાયિક વ્રતના પાંચ અતિચારોનું કથન કર્યું છે.

**સામાયિક વ્રતના અતિચાર– (૧) મન દુષ્પ્રણિધાન–** અહીં પ્રણિધાનનો અર્થ ધ્યાન અથવા ચિંતન છે. દુષિત ચિંતન મનદુષ્પણિધાન કહેવાય છે. સામાયિકમાં ઓઘસંજ્ઞાથી કે અજાણપણે રાગ, દ્વેષ, કલેશ, મમત્વભાવ, સાંસારિક પ્રપંચોની, ઘરની સમસ્યાઓની વિચારણામાં મગ્ન બની જવું, તે મનદુષ્પ્રણિધાન છે.

**(૨) વચન દુષ્પ્રણિધાન–** સામાયિકમાં વચનનો દુરુપયોગ કરવો અર્થાત્ કર્કશ, કઠોર, માર્મિક, હિંસક, અપ્રિય આદિ વચનો બોલવા, યોગ્ય વાણીનો પ્રયોગ ન કરવો અથવા મિથ્યાભાષણ કરવું, તે વચનદુષ્પ્રણિધાન છે.

**(૩) કાયદુષ્પ્રણિધાન–** કાયાની ચંચળતાથી હાથ, પગ લાંબા ટૂંકા કરવા, આળસ મરડવી, વારંવાર આસન બદલાવવું, પ્રયોજન વિના ઊભા થવું વગેરે કાયિક દોષોના સેવનને કાયદુષ્પણિધાન કહે છે.

**(૪) સામાયિક સ્મૃતિ અકરણતા :–** સામાયિક આખા જીવનનો વિષય છે, જીવનની સાધના છે. તેના અભ્યાસ માટે ૪૮ મિનિટનો સમય નિશ્ચિત કર્યો છે. જ્યારે સાધક સામાયિકમાં હોય ત્યારે તેણે પૂરેપૂરું સાવધાન અને જાગૃત રહેવું જોઈએ. તેમ જ એ પણ ભૂલવું ન જોઈએ કે હું સામાયિકમાં સ્થિત છું અર્થાત્ સામાયિકને અનુરૂપ મન, વચન, કાયાની પ્રવૃત્તિઓ કરવી જોઈએ. સામાયિકમાં હોવા છતા સામાયિકની સ્થિતિને ભૂલી જવી, સામાયિકનો સમય પૂર્ણ થયા પહેલા જ સામાયિક પાળી લેવી, તે સામાયિકનો અતિચાર છે. તેના મૂળમાં પ્રમાદ, અજાગૃતપણું તથા અસાવધાની છે.

**(૫) સામાયિક અનવસ્થિત કરણતા :–** અવસ્થિત– યથોચિત રૂપમાં સ્થિત રહેવું, તેમ ન કરવું તે અનવસ્થિતતા છે. સામાયિકમાં અનવસ્થિત-અવ્યવસ્થિત રહેવું. કયારેક સામાયિક કરવી, કયારેક ન કરવી, કયારેક સામાયિકના સમય પહેલાં ઊભા થઈ જવું, સામાયિકનો સમય વેઠની જેમ પૂર્ણ કરવો વગેરે પ્રવૃત્તિ વ્યક્તિના અવ્યવસ્થિત તેમજ અસ્થિર જીવનની સૂચક છે. આવી વ્યક્તિ સામાયિકની સાધનામાં અસ્થિર અને અસફળ રહે છે. પોતાના લૌકિક જીવનમાં પણ વિકાસ કરી શકતી નથી.

**(૧૦) દેશાવગાસિકવ્રત :-**

**११ दिसिव्वयगहियस्स दिसापरिमाणस्स पइदिणं परिमाणकरणं देसावगासियं। देसावगासियस्स समणोवासएणं इमे पंच अइयारा जाणियव्वा, (ण समायरियव्वा) तं जहा– आणवणप्पओगे, पेसवणप्पओगे, सद्दाणुवाए, रुवाणुवाए, बहियापुग्गल-पक्खेवे ।**

**ભાવાર્થ :–** દિશાવ્રતમાં ગ્રહણ કરેલી દિશાની મર્યાદાને પ્રતિદિન સીમિત કરવી, તે દેશાવગાસિક વ્રત છે. શ્રાવકોએ દેશાવગાસિક વ્રતના પાંચ અતિચાર જાણવા યોગ્ય છે, પરંતુ આચરવા યોગ્ય નથી. તે પાંચ અતિચારો આ પ્રમાણે છે– આનયન પ્રયોગ, પ્રેષ્ય પ્રયોગ, શબ્દાનુપાત, રૂપાનુપાત, બહિઃપુદ્ગલ પ્રક્ષેપ.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રમાં શ્રાવકના બાર વ્રતમાંથી દશમાં વ્રતનું અને ચાર શિક્ષાવ્રતમાંથી બીજા શિક્ષાવ્રતનું સ્વરૂપ તથા તેના પાંચ અતિચારોનું નિરૂપણ છે.

દેશ અને અવકાશ આ બે શબ્દો મળીને દેશાવગાસિક શબ્દ બન્યો છે. **दिग्व्रते गृहीतं यद्दिक् परिमाणं तस्यैकदेशो देशः तत्रावकाशः गमनाद्यवस्थानं देशावकाशः तेन निवृतं देशावकाशिकम्।** છઠ્ઠા વ્રતમાં જે દિશાનું ક્ષેત્ર પરિમાણ નિશ્ચિત કર્યું છે, તેના એક દેશમાં, એક વિભાગમાં અવકાશ એટલે ગમનાદિ પ્રવૃત્તિ કરવી અને તે સિવાયના ક્ષેત્રમાં ગમનાદિ દરેક પ્રવૃત્તિના પ્રત્યાખ્યાન કરવા, તે દેશાવગાસિક વ્રત છે. છઠ્ઠા દિશાવ્રતમાં દિશા સંબંધી મર્યાદા જીવન પર્યંત કરવામાં આવે છે. તે મર્યાદાને એક દિવસ-રાત માટે કે ન્યૂનાધિક સમય માટે ઘટાડવી, તે દેશાવગાસિક વ્રત છે. અવકાશનો અર્થ નિવૃત્તિ પણ થાય છે. તેથી જ બીજા વ્રતોમાં પણ આ રીતે દરરોજ અથવા અમુક સમય માટે જે સંક્ષેપ કરવો તથા પ્રતિદિન ચૌદ નિયમ ધારણ કરવા, તે પણ આ વ્રતમાં સમાવિષ્ટ થાય છે.

તેના અતિચારોની વિશેષ સ્પષ્ટતા આ રીતે છે. જેમ– એક વ્યક્તિ ચોવીસ કલાક માટે મર્યાદા કરે કે આ એક મકાનની બહાર રહેલા પદાર્થોનો ઉપભોગ કરીશ નહીં, બહારનું કામ કરીશ નહીં, મર્યાદિત ભૂમિની બહાર જઈને પાંચ આશ્રવનું સેવન કરીશ નહીં. આ પ્રકારની મર્યાદા કર્યા પછી જો તે નિયત ક્ષેત્રથી બહારના ક્ષેત્રની કાર્યવાહી સંકેતથી અથવા બીજી વ્યક્તિ દ્વારા કરાવે, તો તે પહેલાં કરેલી મર્યાદાનું ઉલ્લંઘન કરે છે. આ દેશાવગાસિક વ્રતના અતિચાર છે. તે પાંચ અતિચારો આ પ્રમાણે છે–

**(૧) આનયન પ્રયોગ–** જેટલા ક્ષેત્રની મર્યાદા કરી છે, તે મર્યાદિત ક્ષેત્રથી બહારની વસ્તુઓ બીજી વ્યક્તિ પાસે મંગાવવી. **(૨) પ્રેષ્ય પ્રયોગ–** મર્યાદિત ક્ષેત્રથી બહારનાં ક્ષેત્રનાં કાર્ય કરવા માટે સેવક(નોકર), પરિવારના સભ્યને મોકલવા. **(૩) શબ્દાનુપાત–** મર્યાદિત ક્ષેત્રથી બહારનું કાર્ય કરવાનો પ્રસંગ આવે તો છીંક ખાઈને, ઉધરસ ખાઈને અથવા કોઈને બોલાવીને, પાડોશીને સંકેત કરીને કામ કરાવવું. **(૪) રૂપાનુપાત–** મર્યાદિત ક્ષેત્રથી બહારનાં કામ માટે મોઢાથી કાંઈ બોલ્યા વગર પોતાનું રૂપ બતાવીને મુખદર્શન કરાવીને દષ્ટિથી સંકેત કરી, કામ કરાવવું. **(૫) બહિઃપુદ્‌ગલ પ્રક્ષેપ–** મર્યાદિત ક્ષેત્રથી બહારનાં કામ કરાવવા માટે કાંકરા વગેરે ફેંકીને બીજાને ઈશારો કરવો.

આ કાર્ય કરવાથી વ્રતના શબ્દાત્મક પ્રતિપાલનમાં બાધા આવતી નથી પણ વ્રતનો મૂળભૂત હેતુ નષ્ટ થાય છે. સાધનાનો અભ્યાસ દૃઢ થતો નથી માટે તેનું વર્જન અત્યંત આવશ્યક છે. દિશા સહિત દ્રવ્યાદિ અનેક બોલોની મર્યાદા કરવી તે પણ આ વ્રતનો વિષય છે. જેને પ્રચલન ભાષામાં ૧૪ નિયમ કહે છે. જે પ્રતિદિન ધારણ કરાય છે.

લૌકિક એષણા, આરંભ વગેરેને મર્યાદિત કરી જીવનને ઉત્તરોત્તર આત્મનિરત બનાવવામાં દેશાવગાસિક વ્રત ઘણું અગત્યનું છે. જૈન દર્શનનું અંતિમ લક્ષ સંપૂર્ણપણે આત્મકેન્દ્રિત થવાનું છે. એક સાથે સમસ્ત ભૌતિક ભાવોની આસક્તિ છોડીને આત્મભાવોમાં સ્થિર થવું તે સામાન્યજન માટે શકય નથી, તેથી ક્રમશઃ એષણા, કામના અને ઈચ્છાનું નિયંત્રણ કરતાં-કરતાં અંતિમ લક્ષ્યને સિદ્ધ કરી શકે છે. આ અભ્યાસમાં આ વ્રત અત્યંત જરૂરી છે.

**(૧૧) પૌષધવ્રત :–**

**१२ पोसहोववासे चउव्विहे पण्णत्ते, तं जहा– आहारपोसहे, सरीरसक्कारपोसहे,**

**बंभचेरपोसहे, अव्वावारपोसहे । पोसहोववासस्स समणोवासएणं इमे पंच अइयारा जाणियव्वा,(ण समायरियव्वा) तं जहा– अप्पडिलेहिय-दुप्पडिलेहिय सिज्जा-संथारए, अप्पमज्जिय-दुप्पमज्जिय सिज्जासंथारए, अप्पडिलेहियदुप्पडिलेहिय-उच्चारपासवणभूमीओ, अप्पमज्जिय–दुप्पमज्जिय उच्चारपासवणभूमीओ, पोसहोववास्स सम्मं अणणुपालणया ।**

**ભાવાર્થ :–** પૌષધોપવાસના ચાર પ્રકાર છે– (૧) આહાર પૌષધ (૨) શરીર પૌષધ (૩) બ્રહ્મચર્ય પૌષધ અને (૪) અવ્યાપાર પૌષધ. શ્રાવકોએ પૌષધોપવાસ વ્રતના પાંચ અતિચાર જાણવા યોગ્ય છે, આચરવા યોગ્ય નથી. તે પાંચ અતિચાર આ પ્રમાણે છે– (૧) અપ્રતિલેખિત– દુષ્પ્રતિલેખિત શય્યા સંસ્તારક (૨) અપ્રમાર્જિત-દુષ્પ્રમાર્જિત, શય્યા સંસ્તારક, (૩) અપ્રતિલેખિત–દુષ્પ્રતિલેખિત ઉચ્ચાર પ્રસ્રવણ ભૂમિ (૪) અપ્રમાર્જિત–દુષ્પ્રમાર્જિત ઉચ્ચાર પ્રસ્રવણ ભૂમિ (૫) પૌષધોપવાસ સમ્યક અનુપાલન.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રમાં શ્રાવકના બાર વ્રતમાંથી અગિયારમા વ્રતના અને ચાર શિક્ષાવ્રતમાંથી ત્રીજા શિક્ષાવ્રતના પ્રકાર તથા અતિચારોનું પ્રતિપાદન છે.

**પૌષધોપવાસ– पौषधे उपवसनं पौषधोपवासः ।** પૌષધમાં ઉપવશન–રહેવું તે પૌષધોપવાસ કહેવાય છે.

પૌષધોપવાસમાં પૌષધ અને ઉપવાસ આ બે શબ્દ છે. પૌષધનો અર્થ ધર્મનું પોષણ અથવા પુષ્ટિ કરનારી ક્રિયા વિશેષ છે. ઉપવાસ શબ્દ 'ઉપ' ઉપસર્ગ અને વાસ શબ્દથી બન્યો છે. 'ઉપ' નો અર્થ સમીપે અને વાસનો અર્થ છે નિવાસ કરવો. ઉપવાસનો શબ્દનો અર્થ આત્મા અથવા આત્મગુણોની સમીપે વાસ કરવો, તે છે. આત્મગુણોનું સામીપ્ય અથવા સાનિધ્ય સાધવામાં કેટલાક સમય માટે બહિર્મુખતા નાશ પામે છે. બહિર્મુખતામાં સહુથી વધારે મહત્વપૂર્ણ સ્થાન ભોજનનું છે, તેથી સૂર્યોદયથી બીજા દિવસના સૂર્યોદય સુધી ચોવીસ કલાક માટે અશન, પાણી, ખાદિમ, સ્વાદિમ આદિ ચારે આહારનો ત્યાગ કરવો, તે ઉપવાસ છે. પૌષધ અને ઉપવાસરૂપ સમ્મિલિત સાધનાનો અર્થ એ છે કે એક અહોરાત્ર માટે ગૃહસ્થપણાના સર્વ સંબંધોને છોડીને, પ્રાયઃ સાધુવત્ થઈને, એક નિશ્ચિત સ્થાનમાં રહીને, ઉપવાસ સહિત આત્મગુણોની પોષક પ્રવૃત્તિઓ કરવી, તે **પૌષધોપવાસ** છે. પૌષધ કરનાર શ્રાવક સૂવું, બેસવું, વડીનીત, લઘુનીત વગેરે દરેક ક્રિયા માટે પણ નિર્વદ્ય સ્થાન નિશ્ચિત કરી લે છે. સાધુની જેમ આવશ્યક ઉપકરણનો પણ યતના અથવા સાવધાનીથી ઉપયોગ કરે છે.

સૂત્રકારે પૌષધના ચાર પ્રકાર કહ્યા છે, યથા– **(૧) आहार पोसहे–** આહાર પૌષધ. અશન–ભોજન, પાણી, મેવા–મીઠાઈ તથા મુખવાસ, આ ચારે પ્રકારના આહારનો એક અહોરાત્ર પર્યંત ત્યાગ કરવો, તે આહાર પૌષધ છે.

વ્યાખ્યાકારે આહાર પૌષધના બે પ્રકાર કહ્યા છે. **आहार पौषधो दुविधो देसे सव्वे य ।** (૧) દેશથી આહારનો ત્યાગ કરવો. વિગય વગેરેનો ત્યાગ કરીને આયંબિલતપ કે એકાસણું કરવું અથવા પાણીની છૂટ રાખી ત્રણ આહારનો ત્યાગ કરી તિવિહાર ઉપવાસ કરવો, તે દેશથી આહારપૌષધ છે (૨) ચારે આહારનો સંપૂર્ણ ત્યાગ કરવો, તે સર્વથી આહારપૌષધ છે.

**(२) सरीरसक्कारपोसहे**– શરીર સત્કાર પૌષધ. શરીર સ્નાન, ઉદ્વર્તન, વિલેપન, આભૂષણો વગેરેનો ત્યાગ કરવો. શરીરની શોભા વિભૂષાનો ત્યાગ કરવો. તેના પણ દેશથી અને સર્વથી બે ભેદ છે. (૧) અમુક આભૂષણો આદિનો ત્યાગ કરવો, તે દેશથી શરીર સત્કાર પૌષધ અને (૨) સંપૂર્ણતઃ શોભા વિભૂષા, સ્નાનાદિ દેહલક્ષી સર્વ પ્રવૃત્તિનો ત્યાગ કરવો, તે સર્વથી શરીર સત્કાર પૌષધ છે.

**(३) बंभचेरपोसहे**– બ્રહ્મચર્ય પૌષધ. તેના બે ભેદ છે– (૧) એક અહોરાત્ર પર્યંત અબ્રહ્મચર્યનો સંપૂર્ણતઃ ત્યાગ કરવો અર્થાત્ સંપૂર્ણપણે બ્રહ્મચર્યનું પાલન કરવું, તે સર્વથી બ્રહ્મચર્ય પૌષધ છે અને (૨) કંઈક આગાર સહિત અર્થાત્ દિવસે કે રાત્રે બ્રહ્મચર્યનું પાલન કરવું, ત્યાગ કરવો, તે દેશથી બ્રહ્મચર્ય પૌષધવ્રત છે.

**(४) अव्वारपोसहे**– અવ્યાપાર પૌષધ. તેના પણ બે ભેદ છે– (૧) એક અહોરાત્ર પર્યંત સમગ્ર સાવદ્ય વ્યાપારોનો, શસ્ત્ર પ્રયોગનો સર્વથા ત્યાગ કરવો, તે સર્વથી અવ્યાપાર પૌષધ છે. (૨) અમુક વ્યાપારનો ત્યાગ કરવો અને અમુક વ્યાપારનો ત્યાગ ન કરવો, તે દેશથી અવ્યાપાર પૌષધ છે.

શ્રાવકો પોતાની ઈચ્છા અને અનુકૂળતા પ્રમાણે વ્રતનો સ્વીકાર કરી શકે છે. શ્રાવક વ્રતના અનેક વિકલ્પો છે, ઉપરોક્ત ચાર પ્રકારના પૌષધમાંથી શ્રાવક ક્યારેક એક, બે, ત્રણ પ્રકારના પૌષધ પણ ધારણ કરી શકે છે. ક્યારેક સ્વયં ઉપવાસ કરીને આહાર પૌષધ કરે, પરંતુ ઘરના સભ્યો માટે તે સાવદ્ય પ્રવૃત્તિ કરીને ભોજન તૈયાર કરે છે, તેથી અવ્યાપાર પૌષધ થતો નથી. ક્યારેક શ્રાવક આહાર પૌષધ ન કરી શકે પરંતુ શરીર સત્કાર પૌષધ, બ્રહ્મચર્ય પૌષધ અને અવ્યાપાર પૌષધ કરે છે. વર્તમાને દયા વ્રતમાં પણ આહાર પૌષધ સિવાયના શેષ ત્રણે પૌષધ થાય છે.

શ્રી ભગવતી સૂત્ર શતક–૧૨/૧માં શંખ અને પુષ્કલી શ્રાવકના કથાનકથી આહાર સહિતનો તથા ચારે આહારના ત્યાગપૂર્વકનો, આ બંને પ્રકારના પૌષધ સિદ્ધ થાય છે.

પ્રચલિત પરંપરા અનુસાર ચારે પ્રકારના પૌષધ સાથે થાય, તેને જ પરિપૂર્ણ પૌષધ કહે છે.

પૌષધોપવાસની આરાધના શ્રાવક ગમે ત્યારે કરી શકે છે. તેમ છતાં શ્રાવકોની આરાધના માટે બીજ, પાંચમ, આઠમ, અગિયારસ, ચૌદશ, પાખી વગેરે પર્વતિથિઓ નિશ્ચિત કરી છે. તેમાં પણ આઠમ, ચૌદશ અને પાખી, આ ત્રણ તિથિની મહત્તા છે. આગમોમાં શ્રાવકોને મહિનામાં છ પૌષધ કરવાનું વિધાન છે.

**પૌષધવ્રતના અતિચાર :–**

**(૧) અપ્રતિલેખિત–દુષ્પ્રતિલેખિત શય્યા સંસ્તારક :–** શય્યા–પૌષધ કરવાનું સ્થાન અને સંસ્તારક જેના પર સૂઈ શકાય તેવા ચટાઈ વગેરે પાથરવાનાં ઉપકરણ. તે જોયા વગર વાપરવા અથવા અયોગ્ય રીતે જોયેલા સ્થાન અને પાથરવાનાં ઉપકરણોનો ઉપયોગ કરવો.

**(૨) અપ્રમાર્જિત–દુષ્પ્રમાર્જિત શય્યા સંસ્તારક :–** પોંજ્યા વિનાનું અથવા અયોગ્ય રીતે પોંજેલું સ્થાન અને પાથરવાનાં ઉપકરણોનો ઉપયોગ કરવો.

**(૩) અપ્રતિલેખિત–દુષ્પ્રતિલેખિત ઉચ્ચાર પ્રસ્રવણભૂમિ :–** જોયા વિનાના અથવા અયોગ્ય રીતે જોયેલા વડીનીત, લઘુનીત ત્યાગનાં સ્થાનનો ઉપયોગ કરવો.

**(૪) અપ્રમાર્જિત–દુષ્પ્રમાર્જિત ઉચ્ચાર પ્રસ્રવણભૂમિ :–** પોંજ્યા વિનાના તથા અયોગ્ય રીતે પોંજેલા લઘુનીત, વડીનીતના ત્યાગનાં સ્થાનનો ઉપયોગ કરવો.

**(૫) પૌષધોપવાસ સમ્યક અનનુપાલન :–** પૌષધ ઉપવાસનું સમ્યક પ્રકારે અથવા યથાવિધિ પાલન

ન કરવું. પૌષધ વ્રતમાં આત્મગુણોનું પોષણ થાય, તેવી પ્રવૃત્તિ ન કરી હોય.

**(૧૨) અતિથિ સંવિભાગવ્રત :–**

**૧૩ अतिहिसंविभागो णाम णायागयाणं कप्पणिज्जाणं अण्णपाणाईणं दव्वाणं देसकालसद्धा-सक्कारकमजुअं पराए भत्तीए आयाणुग्गहबुद्धीए संजयाणं दाणं। अतिहिसंविभागस्स समणोवासएणं इमे पंच अइयारा जाणियव्वा, (ण समायरियव्वा) तं जहा– सच्चित्तणिक्खेवणया, सच्चित्तपिहणया, कालाइक्कमे, परववएसे, मच्छरिया य ।**

**ભાવાર્થ :–** શ્રાવકો ન્યાયપૂર્વક પ્રાપ્ત કરેલા, સાધુને કલ્પનીય પ્રાસુક અને એષણીય અશન, પાન, વસ્ત્ર, પાત્ર, ઔષધ આદિ દ્રવ્ય; દેશ, કાલ, શ્રદ્ધા, સત્કાર બહુમાનના ભાવ સહિત, ઉત્કૃષ્ટ ભક્તિભાવપૂર્વક, આત્મકલ્યાણની બુદ્ધિથી પંચમહાવ્રતધારી સંયમી મુનિરાજને દાન આપે, તે અતિથિ સંવિભાગવ્રત કહેવાય છે.

અતિથિ સંવિભાગવ્રતના પાંચ અતિચાર શ્રાવકોને જાણવા યોગ્ય છે, પરંતુ આચરવા યોગ્ય નથી. તે પાંચ અતિચાર આ પ્રમાણે છે– (૧) સચિત્તનિક્ષેપણતા, (૨) સચિત્તપિધાન, (૩) કાલાતિક્રમ, (૪) પરવ્યપદેશ (૫) મત્સરતા.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રમાં અતિથિ સંવિભાગ વ્રતનું સ્વરૂપ તથા તેના પાંચ અતિચારનું કથન છે.

**અતિથિ સંવિભાગ–** જેના આગમનનો દિવસ કે તિથિ નિશ્ચિત નથી, તે અતિથિ છે. પ્રસ્તુતમાં અતિથિ શબ્દપ્રયોગ પંચમહાવ્રતધારી નિર્ગ્રંથ મુનિરાજ માટે છે. નિર્ગ્રંથ મુનિરાજને ગૃહસ્થને ઘેર ગોચરી જવા માટે કોઈવાર કે તિથિ નિશ્ચિત હોતા નથી, તેથી તેમના માટે અતિથિ શબ્દપ્રયોગ યથાર્થ છે. સંવિભાગમાં સમ્ + વિભાગ શબ્દ છે. તેમાં સમ્ એટલે સંગતતા કે નિર્દોષતા. વિભાગ એટલે વિશિષ્ટ ભાગ. પોતાના માટે તૈયાર કરેલા ભોજન આદિમાંથી કેટલોક ભોગ સાધુચર્યાના નિયમાનુસાર સાધુને આપવો, તેને અતિથિ સંવિભાગ કહે છે.

સૂત્રકારે સાધુને વહોરાવવા યોગ્ય દ્રવ્ય માટે બે વિશેષણનો પ્રયોગ કર્યો છે.

**णायगयाणं–न्यायेनागतानाम्–प्राप्तानाम्–** શ્રાવક જે વસ્તુ સાધુને આપે છે, તે વસ્તુ તેને ન્યાયપૂર્વક પ્રાપ્ત થયેલી હોય, તે જરૂરી છે. અન્યાય કે અનીતિપૂર્વક મેળવેલી વસ્તુનું દાન આપવું, તે યોગ્ય નથી.

**कप्पणिज्जाणं–** કલ્પનીય. પ્રાસુક–જીવ રહિત, અચેત અને નિર્દોષ અર્થાત્ સોળ ઉદ્‌ગમના, સોળ ઉત્પાદનના અને દશ એષણાના દોષ રહિત પદાર્થો સાધુને કલ્પનીય છે.(ભોજનના દોષોના વિસ્તૃત વર્ણન માટે જુઓ–શ્રી દશવૈકાલિક સૂત્ર પરિશિષ્ટ)

આ રીતે શ્રાવકો ન્યાયપૂર્વક પ્રાપ્ત થયેલા, કલ્પનીય અશન, પાણી આદિ ચારે પ્રકારના આહાર, વસ્ત્ર, પાત્ર, ઔષધ આદિ દ્રવ્યો સાધુની આવશ્યકતાનુસાર સાધુને વિવેકપૂર્વક આપે છે.

પ્રચલિત પરંપરા અનુસાર બારમા વ્રતમાં સાધુને વહોરાવવા યોગ્ય ચૌદ પ્રકારના દાનનું કથન છે. **असणं-पाणं-खाइमं-साइमं, वत्थ-पडिग्गह-कंबल, पायपुंछणेणं, पडिहारिएणं, पीढ-फलग-सिज्जासंथारएणं, ओसहभेसज्जेणं पडिलाभेमाणे विहरामि** ।(૧) ભોજન, (૨) પાણી, (૩)

મેવા–મીઠાઈ, (૪) મુખવાસ, (૫) વસ્ત્ર, (૬) પાત્ર, (૭) કંબલ, (૮) રજોહરણ (આ આઠ પદાર્થો સાધુને આપ્યા પછી પાછા લેવાતા નથી) ત્યારપછીના પદાર્થો પાઢીહારા–પ્રાતિહારિકરૂપે અર્થાત્ સાધુની આવશ્યકતા પૂર્ણ થયા પછી તે ગૃહસ્થને પાછા આપી શકાય છે. (૯) પાટ, બાજોઠ, (૧૦) પાટિયું, (૧૧) શય્યા–સ્થાન, (૧૧) તૃણાદિ સંસ્તારક, (૧૨) ઔષધ ,(૧૪) ભેસજ– એકથી અધિક દ્રવ્યોના મિશ્રણથી બનેલી દવા. આ ચૌદ પ્રકારના પદાર્થો શ્રાવકો વિવેકપૂર્વક સાધુને વહોરાવે છે, શ્રાવકોના વિવેકને પ્રદર્શિત કરવા સૂત્રકારે **देस-काल-सद्धा...** શબ્દ પ્રયોગ કર્યો છે.

**देसकालसद्धा......देश–** ક્ષેત્ર વિશેષ. સાધુને ક્ષેત્રાનુસાર જે પદાર્થોની આવશ્યકતા હોય, તેનો વિચાર કરે. જેમ કે અત્યંત ઠંડા પ્રદેશમાં ગરમ પદાર્થો, ગરમ વસ્ત્રો આદિ આપવા છે. **કાલ–** સુભિક્ષકાળ, દુષ્કાળ વગેરે. દુષ્કાળના સમયે અન્ય સ્થાનેથી ભોજન આદિ સામગ્રી સુલભ નથી, તે સમયે શ્રાવકોએ વિવેક રાખવો. **શ્રદ્ધા–** ચિત્ત વિશુદ્ધિ તથા સંયમ માર્ગની શ્રદ્ધાથી, **સત્કાર–** ઊભા થઈને બહુમાનપૂર્વક આપવું, **ક્રમયુક્ત–** ક્રમશઃ શ્રેષ્ઠ વસ્તુને સર્વ પ્રથમ વહોરાવવી, સામાન્ય વસ્તુ પછી આપવી અથવા સાધુની આવશ્યકતાના ક્રમ પ્રમાણે વહોરાવવું. **ઉત્કૃષ્ટ ભક્તિથી–** પોતાને સંયમ માર્ગની અનુમોદનાનો મહાલાભ મળે છે, તેવા ઉત્કૃષ્ટ ભાવ અને ભક્તિથી. **આત્મકલ્યાણની બુદ્ધિથી–** સાધુને દાન આપવાથી પોતાને સુપાત્રદાનનો, સંયમ માર્ગની અનુમોદનાનો લાભ થશે. તેવી ઉચ્ચતમ ભાવનાથી મૂળગુણ અને ઉત્તરગુણ સંપન્ન સંયમી મુનિરાજને દાન આપવું જોઈએ.

શાસ્ત્રકારોએ સુપાત્રદાનનો મહિમા પ્રદર્શિત કર્યો છે. સુપાત્રદાન, તે ગૃહસ્થોનું આવશ્યક કર્તવ્ય છે. તેનાથી શ્રાવકમાં ઉદારતાનો ગુણ પ્રગટે છે અને સંયમની અનુમોદનાનો લાભ મળે છે. શ્રી ભગવતી સૂત્રમાં સુપાત્રદાનના ફળનું કથન છે કે સાધુ ભગવંતોને સુઝતા નિર્દોષ પદાર્થો વહોરાવનાર અનંત કર્મોની નિર્જરા કરે છે. (શતક–૮/૬)

**અતિથિ સંવિભાગ વ્રતના અતિચાર :–**

આ વ્રતના પાંચ અતિચાર છે. તેની પાછળની ભાવના એ જ છે કે શ્રમણોપાસકની દાનવૃત્તિ હંમેશાં ઉત્સાહિત બની રહે. તેમાં ન્યૂનતા ન આવી જાય તેમજ મુનિનું ચારિત્ર નિર્મલ અને નિર્દોષ રહે. તેના અતિચારોનું સ્પષ્ટીકરણ આ પ્રમાણે છે– **(૧) સચિત્ત નિક્ષેપણતા–** વિવેકના અભાવથી, અચિત્ત–નિર્જીવ સંયમીને લેવા યોગ્ય પદાર્થોને, સચિત્ત –સજીવ ધાન્યાદિની ઉપર રાખી દેવા. જેમ કે સચેત પાણીના માટલા પર દૂધનું તપેલું રાખવું.

**(૨) સચિત્ત પિધાન :–** વિવેકના અભાવમાં સચિત્ત વસ્તુથી અચિત્ત વસ્તુને ઢાંકી દેવી. જેમ કે– તૈયાર થયેલા શાકની તપેલી પર લીલોતરી મૂકવી, લાડવા ઉપર ખસખસ નાંખવી.

**(૩) કાલાતિક્રમ :–** કાળ અથવા સમયનું ઉલ્લંઘન કરવું. કોઈપણ સમયે-ગોચરીની વેળા ન હોય ત્યારે ભાવના કરવી અથવા વસ્તુની કાલમર્યાદા પૂર્ણ થાય, બગડી જાય ત્યારપછી વહોરાવવી.

**(૪) પરવ્યપદેશ :–** વિવેક, જાગૃતિ અને સ્મૃતિના અભાવમાં પોતાને હાથે ન વહોરાવવું અને અન્યને વ્યપદેશ-નિર્દેશ કરવો કે આ વસ્તુ વહોરાવો.

**(૫) મત્સરિતા :** મત્સર એટલે અભિમાનથી અથવા કષાયથી આહાર વગેરે દેવા. તેના વિવિધ અર્થો થાય છે. (૧) કોઈ અન્યને દાન દેતાં જોઈને તેનાં મનમાં અહંકાર ભાવ જાગૃત થાય કે હું પણ તેનાથી કંઈ ઓછો નથી. હું પણ આપી શકું તેમ છું. તેમ દાનની ભાવનાથી નહીં પરંતુ અહંકારની ભાવનાથી દાન

આપવું. (૨) મત્સરિતા એટલે કૃપણતા અથવા કંજૂસાઈ. દાન દેવામાં કંજૂસાઈ કરવી. (૩) મત્સરિતા એટલે ક્રોધ. ક્રોધપૂર્વક ભિક્ષા આપવી. ક્રોધ, માન, માયાદિ કષાયભાવ સહિત દાન આપવું તે મત્સરિતા છે. દાન આપ્યા પછી ગુસ્સો કે ઘમંડ કરવો તેનો સમાવેશ પણ આ અતિચારમાં થાય છે.

સંક્ષેપમાં કષાયોને વશ થઈને અજ્ઞાન અને અવિવેકથી આશાતનાપૂર્વક વહોરાવવું તે મત્સરતા દોષ છે. શ્રાવકોએ આ બધા અતિચારોને ટાળીને જ વિવેકભાવથી દાન આપવું જોઈએ.

શ્રાવકના બાર વ્રતમાંથી અગિયાર વ્રતના પચ્ચક્ખાણ કરણ-કોટિ સહિતના છે. બારમા વ્રતમાં કરણ-કોટિ નથી કારણ કે બારમું વ્રત પચ્ચક્ખાણ સ્વરૂપ નથી. શ્રાવક પ્રતિદિન સુપાત્રદાનની ભાવના રાખે અને જ્યારે સુપાત્રદાનનો યોગ મળે ત્યારે વિવેકપૂર્વક નિર્દોષ પદાર્થો વહોરાવે.

**ઉપસંહાર :–**

**१४ इत्थं पुण समणोवासगधम्मे पंचाणुव्वयाइं तिण्णि गुणव्वयाइं आवकहियाइं, चत्तारि सिक्खावयाइं इत्तरियाइं । एयस्स पुणो समणोवासगधम्मस्स मूलवत्थुं सम्मत्तं, तं जहा– तं णिसग्गेण वा अभिगमेण वा पंच अइयारविसुद्धं अणुव्वय-गुणव्वयाइं च अभिग्गहाअण्णेवि पडिमादओ विसेसकरणजोगा ।**

**ભાવાર્થ :–** આ રીતે શ્રાવકધર્મમાં પાંચ અણુવ્રત અને ત્રણ ગુણવ્રત યાવત્કથિત છે અને ચાર શિક્ષાવ્રત ઈત્વરિક-અલ્પકાલિક છે. આ શ્રાવક ધર્મમાં સમ્યક્ત્વ મૂળ વસ્તુભૂત છે. તે નિસર્ગ અને અધિગમથી ઉત્પન્ન થાય છે. પાંચ અતિચારોથી વિશુદ્ધ સમ્યક્ત્વ તથા અણુવ્રત અને ગુણવ્રતનું પાલન કરતા શ્રાવક વિશેષશુદ્ધિ માટે અન્ય અભિગ્રહો તથા શ્રાવકની પડિમાનો સ્વીકાર કરે છે.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્ર શ્રાવકધર્મના ઉપસંહાર રૂપ છે.

બાર વ્રતમાંથી પાંચ અણુવ્રત અને ત્રણ ગુણવ્રતનો સ્વીકાર શ્રાવક એક સાથે યાવજ્જીવન માટે છે પરંતુ શિક્ષાવ્રતનો અભ્યાસ પ્રતિદિન કરવાનો હોય છે. શ્રાવક સામાયિક, પૌષધ આદિ વ્રતોની આરાધના કરે, ત્યારે જ તેનો સ્વીકાર કરે છે, તેથી શિક્ષાવ્રત યાવજ્જીવન માટે નથી પરંતુ અલ્પકાલીન છે.

**मूलवत्थुं सम्मत्तं.....** શ્રાવકધર્મમાં સમ્યક્ત્વ મૂળભૂત છે. દઢતમ શ્રદ્ધા વિના દેશવિરતિ કે સર્વવિરતિ ચારિત્રની પ્રાપ્તિ થતી નથી. સમ્યક્ત્વના મૂળથી જ ચારિત્રવૃક્ષ પલ્લવિત થાય છે. અનંતાનુબંધી ક્રોધ, માન, માયા, લોભ તથા સમ્યક્ત્વ મોહનીય, મિશ્ર મોહનીય અને મિથ્યાત્વ મોહનીય, આ સાત પ્રકૃતિના ઉપશમ, ક્ષય કે ક્ષયોપશમથી સમ્યગ્દર્શન પ્રગટ થાય છે. તેમ છતાં નિમિત્તની અપેક્ષાએ તેના બે ભેદ છે.

**(૧) નિસર્ગજ–** સ્વભાવથી. અન્યના ઉપદેશ વગેરે કોઈ પણ નિમિત્ત વિના જાતિસ્મરણાદિ જ્ઞાનથી સમ્યગ્દર્શન થાય, તે નિસર્ગજ સમ્યગ્દર્શન છે. **(૨) અધિગમજ–** અધિગમ-અન્ય વ્યક્તિના ઉપદેશથી કે શાસ્ત્ર વાંચન આદિ બાહ્ય કોઈ પણ નિમિત્તથી સમ્યગ્દર્શન થાય, તે અધિગમજ સમ્યગ્દર્શન છે.

બંને પ્રકારના સમ્યગ્દર્શનના પાંચ લક્ષણ છે, યથા– શમ, સંવેગ, નિર્વેદ, અનુકંપા અને આસ્થા–શ્રદ્ધા. શ્રાવકો દઢ શ્રદ્ધા સાથે બાર વ્રતનું પાલન કરે છે તે ઉપરાંત પોતાના સામર્થ્ય અનુસાર વિશિષ્ટ તપસાધના, અભિગ્રહો તથા શ્રાવકની અગિયાર પડિમાની પણ આરાધના કરે છે.

શ્રાવકના વ્રત સોનાની લગડી જેવા છે. શ્રાવકો પોત-પોતાની શક્તિ અનુસાર એક, બે, ત્રણ વ્રત પણ ધારણ કરી શકે છે અર્થાત્ સાધુના પંચ મહાવ્રતની જેમ શ્રાવકોને એક સાથે બારે વ્રતનો સ્વીકાર કરવો જ જોઈએ, તેવું એકાંતે નથી. ઉત્કૃષ્ટ આરાધક શ્રાવક સમકિત સહિત બાર વ્રત તથા શ્રાવકની પડિમા વગેરે અભિગ્રહ ધારણ કરે છે.

**સંલેખના :–**

**૧૫ अपच्छिमा मारणंतिया संलेहणाझुसणाराहणया । इमीसे समणोवासएणं इमे पंच अइयारा जाणियव्वा, (ण समायरियव्वा) तं जहा– इहलोगासंसप्पओगे, परलोगासंसप्पओगे, जीवियासंसप्पओगे, मरणासंसप्पओगे, कामभोगासंसप्पओगे ।**

**ભાવાર્થ :–** શ્રાવકો અપશ્ચિમ–અંતિમ મારણાંતિક સંલેખનાનું પ્રીતિપૂર્વક અનુસરણ કરે છે. તેના પાંચ અતિચારો શ્રાવકોને જાણવા યોગ્ય છે પરંતુ આચરવા યોગ્ય નથી. તે પાંચ અતિચારો આ પ્રમાણે છે– (૧) ઈહલોક આશંસા પ્રયોગ,(૨) પરલોક આશંસા પ્રયોગ, (૩) જીવિત આશંસા પ્રયોગ, (૪) મરણ આશંસા પ્રયોગ, (૫) કામભોગ આશંસા પ્રયોગ.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રમાં શ્રાવકની અંતિમ આરાધનાનું સ્વરૂપ તથા તેના પાંચ અતિચારનું કથન છે.

**अपच्छिम मारणंतिय :–** અપશ્ચિમ્ અર્થાત્ અંતિમ, મૃત્યુ પર્યંત ચાલતી આરાધના. જીવનની અંતિમ સાધના. શ્રાવક ધર્માંરાધનાના લક્ષે શરીરનું પાલન-પોષણ કરે છે. જ્યાં સુધી શરીર સાધનામાં સહાયક બને છે. ત્યાં સુધી પૂર્ણ ઉત્સાહથી સાધના કરે અને જ્યારે શરીર ક્ષીણ થઈ જાય, રોગોથી ઘેરાઈ જાય, સાધનામાં સહાયક બની ન શકે, ત્યારે સાધક આત્મ સાધનાના લક્ષે શરીર સંરક્ષણનો ભાવ છોડી દે છે, ચારે પ્રકારના આહારનો ત્યાગ કરીને એકાંત સ્થાનમાં આત્મચિંતન માટે વિશિષ્ટ અનુષ્ઠાનનો સ્વીકાર કરે છે. આ વ્રતને **સંલેખના** કહે છે. સંલેખના એટલે શરીર અને કષાયોને કૃશ કરવાની સાધના. સંલેખના સાથે ઝૂષણા અને આરાધના આ બે શબ્દો સંયુક્ત છે. ઝૂષણાનો અર્થ પ્રીતિપૂર્વક સેવન કરવું, આરાધના એટલે સ્વીકૃત વ્રતનું યોગ્ય રીતે અનુસરણ કરવું, જીવનમાં ઉતારવું. સંલેખના વ્રતનું પ્રીતિપૂર્વક અનુસરણ કરવું. સંલેખના જીવનની અંતિમ સાધના છે.

આ વ્રતમાં સાધક ચારે આહારનો, ઈહલૌકિક અને પારલૌકિક સર્વ પ્રકારની કામનાઓનો, જીવન કે મૃત્યુની આશા કે અપેક્ષાનો સંપૂર્ણપણે જીવન પર્યંત ત્યાગ કરીને એકાંતે આત્મભાવમાં સ્થિર થવા પુરુષાર્થશીલ બની જાય છે. સહજ ભાવે મૃત્યુ આવે, ત્યારે તેનો સાહજિક રીતે સ્વીકાર કરે છે. આધ્યાત્મિક દષ્ટિથી આ પવિત્ર, ઉન્નત અને પ્રશસ્ત મનઃસ્થિતિ છે. આ પ્રકારના મૃત્યુને શાસ્ત્રકારો પંડિતમરણ કહે છે.

પંડિતમરણમાં દેહાસક્તિનો ત્યાગ થાય છે, દેહાસક્તિનો ત્યાગ થતાં જ શરીરથી સંબંધિત સ્વજનો, ભૌતિક પદાર્થોનું મમત્ત્વ પણ છૂટી જાય છે. એક જન્મના પંડિતમરણથી અનંત કર્મોનો ક્ષય થાય છે, તેથી શ્રાવકના ત્રણ મનોરથમાં પંડિતમરણની ભાવના શ્રાવકના મનોરથ રૂપ છે.

**સંથારાની વિધિ :–** જીવન પર્યંત શ્રાવકના બાર વ્રતની આરાધના કરનાર સાધક જ્યારે આત્મવિશુદ્ધિના

લક્ષે જીવનની અંતિમ આરાધનારૂપ સંથારો કરવાની ઈચ્છા કરે, ત્યારે સર્વ પ્રથમ અરિહંત અને સિદ્ધ ભગવાનને તથા પોતાના ધર્મગુરુ ધર્માચાર્યને નમસ્કાર કરે, ત્યારપછી પૂર્વે સ્વીકારેલા વ્રતની આલોચના કરીને તજ્જન્ય દોષોનું ગુરુ સમક્ષ પ્રાયશ્ચિત્ત ગ્રહણ કરે, ત્યારપછી અઢાર પાપસ્થાન, ચારે પ્રકારનો આહાર તથા પોતાના શરીરના મમત્ત્વભાવનો, આ રીતે ૧૮ + ૪ + ૧ = ૨૩ બોલના જીવન પર્યંત પચ્ચક્ખાણ કરે છે. અર્થાત્ તેનો ત્યાગ કરે છે. આ રીતે પચ્ચક્ખાણનો સ્વીકાર કર્યા પછી સર્વ જીવો સાથે મૈત્રી ભાવ, અનુકૂળતા કે પ્રતિકૂળતામાં રાગ–દ્વેષનો ત્યાગ કરીને સમભાવ, ઉપસર્ગ કે પરીષહમાં સંતાપ કર્યા વિના આત્મભાવ કેળવીને જીવન કે મૃત્યુની આકાંક્ષાથી પૂર્ણપણે દૂર રહીને સર્વ પ્રકારના ભૌતિક ભાવોની આસક્તિથી મુક્ત થઈને સમાધિ ભાવમાં સ્થિર થાય છે.

**સંલેખનાના અતિચારો :–**

આ વ્રતના અતિચારના પ્રતિક્રમણ પાછળ એ જ ભાવના છે કે સાધકની આ પવિત્રવૃત્તિ વ્યાઘાત ન પામે. અતિચારોનું સ્પષ્ટીકરણ આ પ્રકારે છે–

**(૧) ઈહલોક આશંસા પ્રયોગ :–** આ લોક સંબંધી ભોગ અથવા સુખની કામના કરવી કે હું મરીને સમૃદ્ધિશાળી, સુખસંપન્ન રાજા બનું.

**(૨) પરલોક આશંસા પ્રયોગ :–** પરલોક સંબંધી ભોગ અથવા સુખની ઈચ્છા કરવી. સ્વર્ગમાં પ્રાપ્ત થતાં ભોગોની કામના કરવી કે હું મરીને સ્વર્ગ પ્રાપ્ત કરું તથા ત્યાંનાં અનુપમ સુખ ભોગવું.

**(૩) જીવિત આશંસા પ્રયોગ :–** પ્રશસ્તિ, પ્રશંસા, યશકીર્તિ વગેરેના લોભથી અથવા મોતના ભયથી વધુ જીવવાની ઈચ્છા કરવી.

**(૪) મરણ આશંસા પ્રયોગ :–** તપશ્ચર્યાને કારણે થનારી ભૂખતરસ તથા બીજી શારીરિક પ્રતિકૂળ તાઓને કષ્ટ માનીને શીઘ્ર મરવાની ઈચ્છા કરવી.

**(૫) કામભોગ આશંસા પ્રયોગ :–** આ લોક સંબંધી તથા પરલોક સંબંધી શબ્દ, રૂપ, રસ, ગંધ તથા સ્પર્શ મૂલક ઈન્દ્રિય સુખોને ભોગવવાની ઈચ્છા કરવી. અમુક ભોગ્ય પદાર્થ મને પ્રાપ્ત થાય. એવી ભાવના રાખવી. પ્રથમ અને દ્વિતીય અતિચારમાં સામાન્ય સુખની કામના છે અને પાંચમા અતિચારમાં ભોગ સુખની તીવ્ર કામના છે.

આ અંતિમ સાધનાકાળમાં ઉપર્યુકત વિચારો મનમાં આવવા સર્વથા અયોગ્ય છે. તેનાથી આંતરિક પવિત્રતા બાધિત થાય છે. જે પવિત્ર અને મહાન લક્ષ્યપૂર્વક સાધક સાધના પથ પર આરૂઢ થયા છે તે લક્ષ્યની સિદ્ધિ થતી નથી, તેથી જ સાધકે આ સ્થિતિમાં અત્યંત જાગૃત રહેવું જોઈએ.

આ રીતે ત્યાગ, તિતિક્ષા અને અધ્યાત્મની ઉચ્ચભાવના સાથે સ્વયં મૃત્યુને સ્વીકારવું. જૈન શાસ્ત્રોએ આવા મૃત્યુને મહોત્સવ કહ્યો છે. આ અંતિમ સંલેખના-સંથારો આત્મહત્યા નથી.

આત્મહત્યા તો ક્રોધ, દુઃખ, શોક, મોહ વગેરે ઉગ્ર માનસિક આવેગથી થાય છે. જીવન જ્યારે નીરસ લાગે ત્યારે વ્યક્તિ આત્મહત્યા કરે છે. સંલેખનાપૂર્વક આમરણ અનશન તે આત્માનો ઘાત નથી પરંતુ તેનો વિકાસ અને ઉત્થાન છે. જ્યાં કામ, ક્રોધ, રાગ, દ્વેષ, મોહ વગેર મલિન ભાવોનો આંશિક પણ અવકાશ નથી. આ રીતે જોતાં અનશન અને આત્મહત્યાના ઉદ્દેશમાં આકાશ પાતાળનું અંતર છે.

❖❖❖❖❖

પરિશિષ્ટ-૧ :

# સામાયિક સૂત્ર

**પાઠ-૧ : નમસ્કાર મંત્ર :**

નમો અરિહંતાણં, નમો સિદ્ધાણં, નમો આયરિયાણં, નમો ઉવજ્ઝાયાણં, નમો લોએસવ્વસાહૂણં,

**પાઠ-૨ : ગુરુવંદન સૂત્ર :**

તિક્ખુત્તો આયાહિણં પયાહિણં વંદામિ નમંસામિ સક્કારેમિ સમ્માણેમિ કલ્લાણં મંગલં દેવયં ચેઈયં પજ્જુવાસામિ .

**પાઠ-૩ : ગમનાગમન પ્રતિક્રમણ સૂત્ર :**

ઈચ્છામિ પડિક્કમિઉં ઈરિયાવહિયાએ વિરાહણાએ ગમણાગમણે પાણક્કમણે બીયક્કમણે હરિયક્કમણે ઓસા ઉત્તિંગ પણગ દગ મટ્ટી મક્કડા સંતાણા સંકમણે જે મે જીવા વિરાહિયા એગિંદિયા બેઈંદિયા તેઈંદિયા ચઉરિંદિયા પંચિંદિયા અભિહયા વત્તિયા લેસિયા સંઘાઈયા સંઘટ્ટિયા પરિયાવિયા કિલામિયા ઉદ્દવિયા ઠાણાઓ ઠાણં સંકામિયા જીવિયાઓ વવરોવિયા તસ્સ મિચ્છામિ દુક્કડં .

**પાઠ-૪ : કાયોત્સર્ગ પ્રતિજ્ઞા સૂત્ર :**

તસ્સ ઉત્તરીકરણેણં પાયચ્છિત્તકરણેણં વિસોહીકરણેણં વિસલ્લીકરણેણં પાવાણંકમ્માણં નિગ્ઘાયણટ્ઠાએ ઠામિ કાઉસગ્ગં. અણત્થ ઊસસિએણં નિસસિએણં ખાસિએણં, છીએણં જંભાઈએણં ઉડુએણં વાયનિસગ્ગેણં ભમલીએ પિત્તમુચ્છાએ સુહુમેહિંઅંગસંચાલેહિં સુહુમેહિંખેલસંચાલેહિં સુહુમેહિં દિટ્ઠિસંચાલેહિં એવમાઈ એહિં આગારેહિં અભગ્ગો અવિરાહિઓ હુજ્જ મે કાઉસગ્ગો જાવ અરિહંતાણં-ભગવંતાણં નમોક્કારેણં ન પારેમિ તાવ કાયં ઠાણેણં મોણેણં ઝાણેણં અપ્પાણં વોસિરામિ.

**પાઠ-૫ : ચોવીસ તીર્થંકર સ્તુતિ :**

લોગસ્સ ઉજ્જોયગરે, ધમ્મતિથ્યરે જિણે; અરિહંતે કિત્તઈસ્સં, ચઉવીસં પિ કેવલી. ઉસભમજિયં ચ વંદે, સંભવ મભિનંદણં ચ સુમઈ ચ; પઉમપ્પહં સુપાસં, જિણં ચ ચંદપ્પહં વંદે. સુવિહિં ચ પુપ્ફદંતં, સીયલ-સિજ્જંસ-વાસુપુજ્જં ચ; વિમલમણંત ચ જિણં, ધમ્મં સંતિં ચ વંદામિ. કુંથુ અરં ચ મલ્લિં, વંદે મુણિસુવ્વયં નમિજિણં ચ; વંદામિ રિટ્ઠનેમિં, પાસં તહ વદ્ધમાણં ચ. એવં મએ અભિથુઆ, વિહુય રય-મલા પહીણ જર-મરણા; ચઉવીસં પિ જિણવરા, તિત્થયરા મે પસીયંતુ. કિત્તિય વંદિય મહિયા, જે એ લોગસ્સ ઉત્તમા સિદ્ધા; આરુગ્ગ બોહિલાભં, સમાહિ વર મુત્તમં દિંતુ. ચંદેસુ નિમ્મલયરા, આઈચ્ચેસુ અહિયં પયાસયરા; સાગર વર ગંભીરા, સિદ્ધા સિદ્ધિં મમ દિસંતુ.

**પાઠ-૬ : સામાયિક પ્રતિજ્ઞા સૂત્ર :**

દ્રવ્ય થકી સાવજ્જ જોગ સેવવાના પચ્ચક્ખાણ,
ક્ષેત્ર થકી આખા લોક પ્રમાણે,
કાળ થકી બે ઘડી ઉપરાંત ન પાળું ત્યાં સુધી
ભાવ થકી છ કોટિએ પચ્ચક્ખાણ.

કરેમિ ભંતે ! સામાઈયં સાવજ્જં જોગં પચ્ચક્ખામિ જાવ નિયમં પજ્જુવાસામિ દુવિહં તિવિહેણં ન કરેમિ ન કારવેમિ મણસા વયસા કાયસા તસ્સ ભંતે ! પડિક્કમામિ નિંદામિ ગરિહામિ અપ્પાણં વોસિરામિ.

### પાઠ–૭ : નમોત્થુણં સૂત્ર (શક્રસ્તવ) : (શ્રી સિદ્ધ ભગવંતોને કરું છું)

નમોત્થુણં અરિહંણાણં ભગવંતાણં આઈગરાણં તિત્થયરાણં સયં–સંબુદ્ધાણં પુરિસુત્તમાણં પુરિસસિંહાણં પુરિસવરપુંડરિયાણં પુરિસવરગંધહત્થીણં લોગુત્તમાણં લોગનાહાણં લોગહિયાણં લોગ-પઈવાણં લોગપજ્જોયગરાણં અભયદયાણં ચક્ખુદયાણં મગ્ગદયાણં સરણદયાણં જીવદયાણં બોહિદયાણં ધમ્મદયાણં ધમ્મદેસયાણં ધમ્મનાયગાણં ધમ્મસારહીણં ધમ્મવરચાઉરંત ચક્કટ્ટીણં દીવોતાણં સરણગઈપઈટ્ટાણં અપ્પડિહય વર નાણ દંસણ ધરાણં વિયટ્ટ છઉમાણં જિણાણં જાવયાણં તિન્નાણં તારયાણં બુદ્ધાણં બોહયાણં મુત્તાણં મોયગાણં સવ્વણ્ણૂણં સવ્વદરિસીણં સિવ મયલ મરુય મણંત મક્ખય મવ્વાબાહ મપુણરાવિત્તિ સિદ્ધિગઈ ણામધેયં ઠાણં સંપત્તાણં ણમો જિણાણં જિય ભયાણં .

### બીજું નમોત્થુણં (શ્રી અરિહંત ભગવંતોને કરું છું):-

નમોત્થુણં અરિહંણાણં જાવ... સિદ્ધિ ગઈ નામધેયં (સુધી બોલવું પછી...) ઠાણં સંપાવિઉ કામાણં નમોજિણાણં જિયભયાણં .

### ત્રીજું નમોત્થુણં :-

ત્રીજું નમોત્થુણં મારા(તમારા) ધર્મ ગુરુ, ધર્માચાર્ય, ધર્મોપદેશક, સમ્યક્ત્વરૂપી બોધિબીજનાં દાતાર, જિનશાસનના શણગાર એવી અનેક શુભ ઉપમાએ કરી બિરાજમાન જે જે સાધુ-સાધ્વીઓ વીતરાગ દેવની આજ્ઞામાં જ્યાં જ્યાં વિચરતાં હોય, ત્યાં ત્યાં તેઓને મારી(તમારી) સમય સમયની વંદના હજો.

### પાઠ–૮ : સામાયિક સમાપ્તિ સૂત્ર :

દ્રવ્ય થકી સાવજ્જ જોગ સેવવાનાં પચ્ચક્ખાણ ક્ષેત્ર થકી આખા લોક પ્રમાણે કાળ થકી બે ઘડી ઉપરાંત ન પારું ત્યાં સુધી ભાવ થકી છ કોટિએ પચ્ચક્ખાણ કર્યાં હતા તે પૂરા થતાં પારું છું.

એવા નવમા સામાયિક વ્રતના પંચ અઈયારા જાણિયવ્વા ન સમાયરિયવ્વા તં જહા તે આલોઉં– મણદુપ્પણિહાણે વયદુપ્પણિહાણે કાયદુપ્પણિહાણે સામાઈયસ્સ સઈ અકરણયા સમાઈયસ્સ અણવટ્ઠિયસ્સ કરણયા તસ્સ મિચ્છામિ દુક્કમ.

સામાઈયં સમ્મં કાએણં ન ફાસિયં ન પાલિયં ન તીરિયં ન કિટ્ટિયં ન સોહિયં ન આરાહિયં આણાએ અણુપાલિયં ન ભવઈ તસ્સ મિચ્છામિ દુક્કડમ્.

સામાયિકમાં દશ મનના, દશ વચનના બાર કાયાના આ બત્રીસ દોષમાંથી કોઈ દોષ લાગ્યો હોય તો તસ્સ મિચ્છામિ દુક્કડમ્.

સામાયિકમાં સ્ત્રીકથા, (બહેનોએ 'પુરુષકથા' બોલવું) ભત્તકથા, દેશકથા, રાજકથા, આ ચાર વિકથામાંથી કોઈ કથા કરી હોય તસ્સ મિચ્છામિ દુક્કડમ્.

સામાયિકમાં આહારસંજ્ઞા, ભયસંજ્ઞા, મૈથુનસંજ્ઞા, પરિગ્રહસંજ્ઞા, આ ચાર સંજ્ઞામાંથી કોઈ સંજ્ઞાનું

સેવન કર્યું હોય તો તસ્સ મિચ્છામિ દુક્કડમ્.

સામાયિકમાં અતિક્રમ, વ્યતિક્રમ, અતિચાર, અનાચાર જાણતાં-અજાણતાં, મન, વચન, કાયાએ કરી કોઈ દોષ લાગ્યો હોય તો તસ્સ મિચ્છામિ દુક્કડમ્.

સામાયિક વ્રત વિધિએ લીધું, વિધિએ પાળ્યું, વિધિએ કરતાં અવિધિએ થયું હોય તો તસ્સ મિચ્છામિ દુક્કડમ્.

સામાયિકમાં કાનો, માત્રા, મીંડું, પદ, અક્ષર, ગાથા, સૂત્ર ઓછું, અધિક, વિપરીત ભણાયું હોય તો અરિહંત અનંત સિદ્ધ કેવલી ભગવાનની સાક્ષીએ તસ્સ મિચ્છામિ દુક્કડમ્.

**॥ સામાયિક સૂત્ર સમાપ્ત ॥**

પરિશિષ્ટ–૨

# સામાયિક એક પરિશીલન

જીવના અનાદિકાલીન ભવભ્રમણનું મૂળ કારણ રાગ-દ્વેષ આદિ વિષમભાવો છે. તે વિષમભાવો જ જીવનમાં અનેક પ્રકારનાં દુઃખનું સર્જન કરે છે તેથી દુઃખ મુક્તિ માટે વિષમ ભાવોનો ત્યાગ કરીને સમભાવમાં સ્થિત થવું, તે જ એકમાત્ર ઉપાય છે, તેથી તીર્થંકરો સંયમ સ્વીકાર કરતી વખતે યાવજ્જીવનની સામાયિકનો સ્વીકાર કરે છે. ત્રિકરણ અને ત્રિયોગે સર્વ પ્રકારની પાપપ્રવૃત્તિનો ત્યાગ કરીને સમભાવમાં સ્થિત થવા પુરુષાર્થ કરે છે. સાધના કાલમાં અનુકૂળ કે પ્રતિકૂળ ઉપસર્ગો અને પરીષહોને સમભાવથી સહન કરે છે. આ રીતે સમભાવને જ પુષ્ટ કરતાં જ્યારે વિષમભાવોનો, રાગ-દ્વેષનો સંપૂર્ણ નાશ અને અખંડ સમભાવને પ્રાપ્ત કરે છે, ત્યારે તેઓ વીતરાગ દશાને વરી જાય છે. આ રીતે સાધનાનો પ્રારંભ સામાયિકથી થાય છે અને તેની પૂર્ણતા પણ અખંડ સામાયિકમાં જ છે, તેથી તીર્થંકરો ચતુર્વિધસંઘને સામાયિકનો ઉપદેશ આપે છે.

મોક્ષપ્રાપ્તિનાં અમોઘ સાધન રૂપ સામાયિકનું સ્વરૂપ, તેના લક્ષણો, અધિકારી, તેની વિધિ, દોષો વગેરે વિષયોનો વિસ્તૃત બોધ સાધક જીવનમાં અનિવાર્ય બની જાય છે.

**સામાયિકનું સ્વરૂપ :–** જિજ્ઞાસુઓના અંતરમાં એક પ્રશ્ન સહજ રીતે થાય છે કે સાધક જીવનની અત્યંત ઉપયોગી સાધના સામાયિક છે, તો સામાયિક શું છે ? શું તે કોઈ વસ્તુ છે, કોઈ વિધિ-વિધાન છે કે કોઈ ચોક્કસ પ્રકારની પરિસ્થિતિ છે ? મહાપુરુષોએ મનોમંથનથી પણ આગળ વધીને અનુભૂતિના સ્તરે પહોંચી તેનો ઉત્તર આપ્યો છે. શ્રી ભગવતી સૂત્રમાં કહ્યું છે કે **आया सामाइए, आया सामाइयस्स अट्ठे ।** –શતક–૧/૯. આત્મા સામાયિક છે અને આત્મા જ સામાયિકનો અર્થ છે. શ્રી ભગવતી સૂત્રનો પાઠ ઘણો સંક્ષિપ્ત છે પરંતુ તેમાં ચિંતનની વિશાળ સામગ્રી ભરેલી છે.

(૧) રાગ-દ્વેષ, વેર-ઝેર, ક્રોધાદિ કષાયોથી મુક્ત સમભાવની પરિણતિ, તે જ આત્માનું શુદ્ધ સ્વરૂપ છે. આત્માનું શુદ્ધ સ્વરૂપ તે જ સામાયિક છે અને શુદ્ધ સ્વરૂપને પ્રાપ્ત કરવું, તે સામાયિકનો અર્થ (ફળ) છે.

(૨) પ્રભુ મહાવીરે આત્મા માટે 'સમય' શબ્દનો પ્રયોગ કર્યો છે. **समये भवं सामायिकं ।** આત્માના શુદ્ધ સ્વરૂપમાં સ્થિર થવું, તે **સામાયિક** છે. તે ઉપરાંત કાલ દ્રવ્ય માટે પણ 'સમય' શબ્દનો પ્રયોગ થાય છે. આ જગતની દશ્યમાન પ્રત્યેક ચીજ-વસ્તુ ક્ષણિક છે, પરિવર્તનશીલ છે પરંતુ સમય સ્વયં અપરિવર્તનશીલ અને શાશ્વત છે. વ્યવહારમાં ભૂત, વર્તમાન અને ભવિષ્યકાલ રૂપ કાલના ત્રણ ભેદ થાય છે. ભૂતકાલ વિનષ્ટ છે, ભવિષ્યકાલ અનુત્પન્ન છે, એક સમય રૂપ વર્તનમાનકાલ જ વાસ્તવિક છે. કાલદ્રવ્યનો અવિભાજ્ય અંશ, સમય છે, તે અત્યંત સૂક્ષ્મ છે. તેને પામવો, તેનો અનુભવ કરવો, તે સામાયિક છે. જે સમયે આપણે ભૂતકાલના સ્મરણો અને ભવિષ્યની કલ્પનાથી પૂર્ણપણે મુક્ત થઈએ છીએ ત્યારે જ વર્તમાનમાં જીવી શકીએ છીએ. ભૂતકાલના સ્મરણો અને ભવિષ્યની કલ્પનામાં અનેક સંકલ્પ-વિકલ્પો, રાગ-દ્વેષ, વ્યાકુળતા, આર્તધ્યાન અને કર્મબંધન છે. તેથી કેવળ વર્તમાન સમયમાં જ રહેવું તે **સામાયિક** છે.

(૩) સમ્ ઉપસર્ગપૂર્વક ગત્યર્થક **इण्** ધાતુથી 'સમય' શબ્દ બને છે. **सम** – એકીભાવપૂર્વક,

**अय–** ગમન. એકીભાવપૂર્વક અર્થાત્ સર્વાંશે બાહ્ય-ભૌતિક ભાવોથી પાછા ફરીને આત્મભાવો તરફ ગમન કરવું, તે 'સમય' છે અને સમયનો ભાવ, તે સામાયિક છે.

(૪) સમ = સમભાવ, આય-લાભ. જે ક્રિયા દ્વારા સમભાવનો લાભ થાય, તે સામાયિક છે.

સંક્ષેપમાં બાહ્ય દષ્ટિનો ત્યાગ કરીને અંતર્દષ્ટિને અપનાવીને મનને આત્મનિરીક્ષણમાં જોડવું, વિષમભાવનો ત્યાગ કરીને સમભાવમાં સ્થિર થવું, પૌદ્ગલિક પદાર્થોનું મમત્ત્વ છોડી આત્મસ્વરૂપમાં રમણ કરવું, તે સામાયિકનો ઉચ્ચ આદર્શ છે. સમસ્ત ધર્મ ક્રિયાઓ માટે સામાયિક આધારભૂત છે.

**સામાયિકનો રૂઢાર્થ–** એકાંત સ્થાનમાં શુદ્ધ આસન પાથરી, શુદ્ધ વસ્ત્ર પરિધાન કરી, બે ઘડી–૪૮ મિનિટ પર્યંત 'કરેમિ ભંતે'નામના પ્રતિજ્ઞા પાઠના ઉચ્ચારણ પૂર્વક સર્વ સાવદ્યયોગોનો ત્યાગ કરી, સ્વાધ્યાય, ધ્યાન, જપ, ધર્મકથા આદિ ધાર્મિક ક્રિયાઓમાં સમય વ્યતીત કરવો, તેનું નામ સામાયિક છે.

**સામાયિકના લક્ષણો–** સામાયિકના લક્ષણોમાં 'સમતા' જ મુખ્ય છે અને સમતા ભાવ તે આત્માના પરિણામ રૂપ હોવાથી અન્ય લોકો જાણી શકતા નથી. તેમ છતાં જે વ્યક્તિની આત્મપરિણતિ સમભાવયુક્ત થાય, તે વ્યક્તિનો જીવન વ્યવહાર પણ પરિવર્તન પામે છે, તેના આધારે આચાર્યોએ સામાયિકના મુખ્ય ચાર લક્ષણોનું કથન કર્યું છે.

**समता सर्वभूतेषु संयमः शुभभावना ।**
**आर्तरौद्र परित्यागस्तद्धि सामायिकं व्रतम् ॥**

(૧) સર્વ જીવો પ્રતિ સમભાવ (૨) પાંચે ઇન્દ્રિયોનો સંયમ (૩) મૈત્રી આદિ ચાર ભાવના (૪) આર્ત–રૌદ્ર ધ્યાનનો ત્યાગ કરી ધર્મ ધ્યાનનું ચિંતન કરવું, તે સામાયિક છે.

**(૧) સર્વ જીવો પ્રતિ સમભાવ–** સમતા તે મનની એક એવી સ્થિતિસ્થાપક દશા છે કે તે કોઈ પણ વસ્તુ કે વ્યક્તિના સંયોગમાં, ઇષ્ટ કે અનિષ્ટ સંયોગમાં વિષમ ભાવોને ધારણ ન કરતાં સમસ્થિતિને ધારણ કરે છે. વેર–ઝેર, રાગ–દ્વેષ આદિ દ્વંદ્વો તેના અંતર મનને વિકૃત બનાવી શકતા નથી. તેની આત્મવત્ સર્વ ભૂતેષુની ભાવના દઢતમ બનતી જાય છે. તેનો મૈત્રીભાવ જગજ્જીવોમાં વિસ્તૃત બનતો જાય છે.

સાધક જેમ જેમ અંતરના અતલ ઊંડાણમાં પ્રવેશ કરે છે. સમભાવ રૂપ પોતાના શુદ્ધ સ્વરૂપમાં સ્થિર થતો જાય છે. તેમ તેમ તેના વૈભાવિક ભાવો દૂર થાય છે. તે સ્વયં અલૌકિક આનંદની અનુભૂતિ કરે છે.

શ્રી સૂયગડાંગ સૂત્ર, અનુયોગ દ્વાર સૂત્ર તથા આવશ્યક નિર્યુક્તિમાં સર્વ જીવો પ્રતિ સમભાવને સામાયિક કહે છે.

**जो समो सव्वभूएसु तसेसुथावरेसु य ।**
**तस्स सामाइयं होइ इअं केवलिभासियं ॥**

ત્રસ અને સ્થાવર જીવો પર જે સમભાવ રાખે છે તેની શુદ્ધ સામાયિક છે. તેમ કેવળી ભગવંતે કહ્યું છે.

**(૨) સંયમ–** જેના જીવનમાં સર્વ જીવો પ્રતિ સમભાવ કે મૈત્રીભાવ પ્રગટ થાય છે, તેનું જીવન સહજ રીતે સંયમિત બની જાય છે. જીવ હિંસા વિના કામભોગોની પ્રાપ્તિ શક્ય નથી. સમભાવમાં સ્થિર થવા માટે પુરુષાર્થશીલ સાધક પાંચે ઈન્દ્રિયોના વિષયોના આકર્ષણને છોડીને પોતાનું જીવન સમ્યક પ્રકારે સંયમિત અને નિયંત્રિત કરે છે. વિષય ભોગનું સેવન, તેનું ચિંતન-મનન કે વિષયોનું દર્શન જીવના પરિણામોને વિષમ બનાવે છે. વિષયોની પ્રાપ્તિ કે તેનો ભોગ જીવનને વ્યાકુળ અને આતુર બનાવે છે. સંયમ સમભાવને

પ્રગટાવે છે અથવા સમભાવી આત્માનું જીવન સંયમી હોય છે. સંયમ અને સમભાવનો અન્યોન્યાશ્રય સંબંધ છે.

**(૩) શુભભાવના–** જે વ્યક્તિ સમભાવમાં સ્થિત થાય છે તેના અંતરમાં પ્રાયઃ અશુભભાવો વિલીન થતાં જાય છે, શુભ ભાવો વિકાસ પામે છે તેથી તેના અંતરમાં સમ્યક્ત્વના સહચારી મૈત્રી, પ્રમોદ, કરૂણા અને માધ્યસ્થ, આ ચાર ભાવના પ્રગટ થાય છે.

**सत्वेषु मैत्री गुणिषु प्रमोदं, क्लिष्टेषु जीवेषु कृपापरत्वम् ।**
**माध्यस्थ भावं विपरीत वृत्तो, सदा ममात्मा विदधातु देवा ॥**

**મૈત્રી ભાવના–** સંસારના સમસ્ત પ્રાણીઓ પ્રતિ નિઃસ્વાર્થ પ્રેમ, વાત્સલ્ય તથા અનુકંપા ભાવ રાખવો. આત્મવત્ સર્વભૂતેષુ તથા **आत्मनः प्रतिकूलानि परेषां न समाचरेत् ।** પોતાને પ્રતિકૂળ આચરણ બીજા પ્રતિ ન આચરવું, તે આદર્શને અનુસરીને સર્વ જીવો સાથે વ્યવહાર કરવો, તે મૈત્રી ભાવના છે.

સામાયિકની સાધના તે વિશ્વમૈત્રીની સાધના છે. આજ સુધી તેણે પોતાના સુખ માટે અન્ય જીવોની હિંસા કરી હતી પરંતુ હવે તેને અનુભૂતિ થઈ કે સુખની પ્રાપ્તિ અન્ય જીવોના ઘાતથી નહીં પરંતુ સમભાવમાં સ્થિત થવાથી થાય છે. તે ઉપરાંત અન્ય જીવો પણ મારી જેમ સુખના કામી અને દુઃખના દ્વેષી છે. આ રીતે સાધક વિષમ ભાવથી મુક્ત થઈ સ્વભાવમાં સ્થિત થાય છે અને જગજ્જીવો સાથે પરમ મૈત્રીભાવ સાધે છે. સર્વ જીવો સાથે મૈત્રીભાવ તે અખંડ સમભાવની જ ફલશ્રુતિ છે.

**પ્રમોદ ભાવના–** ગુણીજનોને, સજ્જનોને તથા ધર્માત્માઓને જોઈને હૃદયમાં સદ્ભાવ ઉત્પન્ન થવો, પ્રસન્નતાની અનુભૂતિ કરવી, તે પ્રમોદ ભાવના છે. સાધક જ્યારે સમભાવની સાધનામાં આગળ વધે છે ત્યારે સાધના ક્ષેત્રમાં પોતાનાથી અધિક ગુણવાન વ્યક્તિ પ્રતિ તથા અખંડ સમભાવને પ્રાપ્ત થયેલા દેવાધિદેવ પ્રતિ તેને સહજ રીતે અહોભાવ, સદ્ભાવ પ્રગટ થાય છે, તેથી જ દેવ-ગુરુના ચરણોમાં પ્રસન્નતાથી ઝૂકી જાય છે.

**કરુણા ભાવના–** દુઃખી કે પીડિત જીવોને જોઈને દયાર્દ્ર બની જવું, તે જીવોનું દુઃખ દૂર કરવા યથાશક્તિ પ્રયત્ન કરવો, પોતાના અંગત સ્વાર્થનું બલિદાન આપી અન્ય જીવોના સુખ માટે કરુણાશીલ બની જવું તે કરુણા ભાવના છે.

સામાયિકમાં સ્થિત સાધકના અંતરમાં જગજ્જીવો વિષમ ભાવની વ્યાકુળતાથી દૂર થાય અને સમભાવની શાંતિને અનુભવે તેવી, નિષ્કામ કરુણા ભાવના નિરંતર વહેવા લાગે છે, તેથી તેનો વ્યવહાર સર્વ જીવો પ્રતિ દયાયુક્ત બની જાય છે.

**માધ્યસ્થ ભાવના–** પોતાની માન્યતાથી વિરુદ્ધ વ્યક્તિ પ્રતિ દ્વેષ ભાવ ન રાખવો પરંતુ તેના પ્રતિ ઉદાસીન કે તટસ્થ રહેવું, તે માધ્યસ્થ ભાવના છે.

સાધકને સર્વ જીવો પ્રતિ મૈત્રીભાવ, ગુણીજનો પ્રતિ પ્રમોદભાવ, દુઃખીજનો પ્રતિ કરુણાભાવ હોવા છતાં ક્યારેક કર્માધીન જીવોનો વ્યવહાર સાધક પ્રતિ વિપરીત હોય ત્યારે તેના પ્રતિ જો દ્વેષભાવ થાય, તો તેની સમભાવની સાધના ખંડિત થાય છે. આવા પ્રસંગોમાં તેના પ્રતિ માધ્યસ્થભાવ સહાયક બને છે. માધ્યસ્થવૃત્તિ કેળવ્યા વિના આધ્યાત્મિક વિકાસ શક્ય નથી.

**(૪) આર્ત–રૌદ્ર ધ્યાનનો ત્યાગ–** સામાયિકમાં સ્થિત સાધકના અંતરમાંથી અશુભ ભાવો વિલીન થાય, તે જ રીતે દુઃખ કે પીડા નિમિત્તે થતાં આર્તધ્યાન કે અત્યંત ક્રૂર પરિણામ રૂપી રૌદ્ર ધ્યાનના ભાવો

પણ રહેતા નથી. સાધકે બંને અશુભ ધ્યાનનું સ્વરૂપ સમજીને તેનો ત્યાગ કરવો જોઈએ.

**આર્તધ્યાનના ચાર પ્રકાર :–** आर्त શબ્દ अर्ति શબ્દમાંથી નિષ્પન્ન થાય છે. अर्ति નો અર્થ પીડા, બાધા, કલેશ કે દુઃખ છે. પીડાના કારણે મનમાં અનેક પ્રકારના સંકલ્પ-વિકલ્પો ઉત્પન્ન થાય છે, તે આર્તધ્યાન કહેવાય છે. **દુઃખોત્પત્તિના ચાર કારણો છે–** તેથી આર્તધ્યાનના પણ ચાર પ્રકાર છે–

**(૧) અનિષ્ટ સંયોગજન્ય આર્તધ્યાન :–** પોતાની પ્રકૃતિથી પ્રતિકૂળ અનિષ્ટ-અપ્રિય વસ્તુઓનો સંયોગ થવાથી મનુષ્યના મનમાં અત્યધિક દુઃખ ઉત્પન્ન થાય છે. દુર્બળ હૃદયવાળો મનુષ્ય આવી પડેલા દુઃખ સંકટથી આકુળ-વ્યાકુળ થઈ જાય છે અને તે દુઃખને દૂર કરવા સતત વિચારણા કરે છે, તે અનિષ્ટ સંયોગજન્ય આર્તધ્યાન છે.

**(૨) ઈષ્ટ વિયોગજન્ય આર્તધ્યાન :–** ધન, સંપત્તિ, ઐશ્વર્ય, સ્ત્રી, પુરુષ, પુત્ર, પરિવાર, મિત્ર આદિ ઈષ્ટ–પ્રિય વસ્તુઓનો વિયોગ થવાથી મનુષ્યના મનમાં પીડા, ભ્રમ, શોક, મોહ આદિ દુર્ભાવો ઉત્પન્ન થાય છે અને તે પ્રિયવસ્તુની પુનઃ પ્રાપ્તિ માટે સતત ચિંતન કરે, તે ઈષ્ટ વિયોગજન્ય આર્તધ્યાન છે.

**(૩) પ્રતિકૂળ વેદનાજન્ય આર્તધ્યાન :–** શરીરમાં રોગાદિની પ્રતિકૂળ વેદનામાં મન ચંચલ, હૃદય સંક્ષુબ્ધ અને આત્મા અશાંત બની જાય છે અને તે વેદના દૂર કરવા માટે સતત વિચારણા થાય, તે પ્રતિકૂળ વેદના જન્ય આર્તધ્યાન છે.

**(૪) નિદાન આર્તધ્યાન :–** કામભોગની ઉત્કૃષ્ટ લાલસા રાખવી. તેની પ્રાપ્તિ માટે વિકલ્પો કરવા. તે નિદાન આર્તધ્યાન છે.

**રૌદ્ર–ધ્યાનના ચાર પ્રકાર :–** રૌદ્ર શબ્દ રુદ્ર શબ્દમાંથી નિષ્પન્ન થાય છે. રુદ્રનો અર્થ ક્રૂર અથવા ભયંકર છે. જે મનુષ્યો ક્રૂર હોય, તેમનું હૃદય પત્થર જેવું કઠોર હોય છે. વિચાર ક્રૂર અને ભયંકર હોય તેની ક્રૂર અને ઘાતક વિચારણા, તે રૌદ્ર ધ્યાન છે. તેના ચાર પ્રકાર આ પ્રમાણે છે–

**(૧) હિંસાનંદ :–** અન્ય જીવોને મારવામાં, પીડા આપવામાં કે હાનિ પહોંચાડવામાં આનંદ અનુભવવો તે હિંસાનંદ રૌદ્ર ધ્યાન છે. તે પ્રવૃત્તિથી હિંસાની પરંપરા ચાલતી હોવાથી, તે હિંસાનુબંધી પણ કહેવાય છે તે રીતે ચારે ભેદ સમજી લેવા.

**(૨) મૃષાનંદ :–** નિષ્પ્રયોજન ખોટું બોલવામાં, બીજાની છેતરપીંડી કરવામાં, ભોળા લોકોને ભૂલ ખવડાવવમાં, બીજાને ઉતારી પાડી પોતાની ડંફાસ મારવામાં, ખોટી કલ્પનાઓના ઘોડા દોડાવવામાં, સત્યધર્મની નિંદા અને અસત્યાચરણની વાતો કરવામાં તલ્લીન રહે છે, તે મૃષાનંદ રૌદ્ર ધ્યાન છે.

**(૩) ચૌર્યાનંદ :–** ચોરી છૂપીથી બીજા કોઈની ચીજ હાથવગી કરી લેવી, ચાલાકીથી ચોરી કરવામાં પોતાની હોશિંયારી માને અને તે જ પ્રવૃત્તિમાં તલ્લીન રહે તે ચૌર્યાનંદ રૌદ્ર ધ્યાન છે.

**(૪) પરિગ્રહાનંદ :–** પ્રાપ્ત પરિગ્રહના સંરક્ષણમાં અને અપ્રાપ્ત વસ્તુની પ્રાપ્તિ કરવામાં એકાગ્ર બની જવું તે પરિગ્રહાનંદ રૌદ્ર ધ્યાન છે.

આ રીતે આર્ત-રૌદ્ર ધ્યાનનો ત્યાગ કરીને ધર્મધ્યાનમાં ચિત્તને તલ્લીન બનાવવું, તે સામાયિક છે. અશુભ ધ્યાન અને તજ્જન્ય ચિત્તની એકાગ્રતા દૂર થતાં સહજ રીતે તેનું ચિત્ત શુભધ્યાનમાં કે ધર્મધ્યાનમાં એકાગ્ર બને છે. અહિંસા, સંયમ અને તપરૂપ ધર્મની આરાધના દ્વારા શુદ્ધ આત્મધર્મમાં સ્થિત થવાના લક્ષે તેનો સમગ્ર પુરુષાર્થ હોય છે.

સંક્ષેપમાં જેને સર્વ જીવો પ્રતિ સમભાવ, સંયમભાવ હોય, જેનું ચિત્ત મૈત્રી આદિ શુભ ભાવનાથી

ભાવિત હોય તથા આર્ત-રૌદ્ર ધ્યાનને ત્યાગીને ધર્મધ્યાનમાં તલ્લીન હોય, આ ચાર લક્ષણ સંપન્ન સાધક સામાયિકના આરાધક છે, તેમ સ્પષ્ટ થાય છે.

**સામાયિકના પ્રકાર :–** સામાયિક આત્માની શુદ્ધ પરિણતિ છે, તેથી તેના પ્રકાર થઈ શકતા નથી પરંતુ તેના **અધિકારીની અપેક્ષાએ** આવશ્યક નિર્યુક્તિમાં તેના ત્રણ પ્રકાર કહ્યા છે.

**समाइयं च तिविहं सम्मत्त सुयं तहा चरित्तं च ।**
**दुविहं चेव चरित्तं अगारमनगारियं चेव ॥७९६॥**

સામાયિકના ત્રણ ભેદ છે. (૧) સમ્યક્ત્વ સામાયિક, (૨) શ્રુત સામાયિક, (૩) ચારિત્ર સામાયિક. ચારિત્ર સામાયિકના બે ભેદ છે– (૧) આગાર– ગૃહસ્થોની સામાયિક અને (૨) અણગાર–સાધુઓની સામાયિક.

**(૧) સમ્યક્ત્વ સામાયિક–** જિનવચનમાં દઢતમ શ્રદ્ધા રાખવી, તે સમ્યક્ત્વ સામાયિક છે. મોક્ષ માર્ગનો પ્રારંભ સમ્યગ્દર્શનથી જ થાય છે. સર્વ પાપકારી પ્રવૃત્તિથી મુક્ત થવા માટે, સમજણ પૂર્વક સમભાવમાં સ્થિર થવા માટે સમ્યગ્દર્શનનું મહત્ત્વ છે, તેથી સૂત્રકાર સમ્યગ્દર્શનને સામાયિક કહે છે અથવા આત્મસ્વરૂપની અનુભૂતિ, તે નિશ્ચય સમ્યગ્દર્શન છે અને તે સમભાવરૂપ હોવાથી, સમ્યગ્દર્શન, તે સામાયિક છે.

**(૨) શ્રુત સામાયિક–** કેવલી પ્રરૂપિત આગમોનું અધ્યયન કરવું, શ્રુતજ્ઞાનને પ્રાપ્ત કરવું, તે શ્રુત સમાયિક છે. આચરણની શુદ્ધિ માટે ચારિત્રના પાલન માટે તેમજ સમભાવમાં સ્થિરતા કેળવવા માટે શ્રુતજ્ઞાન જરૂરી છે. સમભાવની સિદ્ધિમાં શ્રુતજ્ઞાન સાધનભૂત છે, તેથી શ્રુતને પણ સામાયિક કહે છે.

**(૩) ચારિત્ર સામાયિક–**

**सामाइयं नाम सावज्जजोग परिवज्जणं ।**
**निरवज्ज जोग पडिसेवणं च ॥** –આવશ્યક ચૂર્ણિ

સાવદ્યયોગના ત્યાગ પૂર્વક નિરવદ્યયોગનું સેવન, સમભાવ સહિતનું આચરણ, તે ચારિત્ર સામાયિક છે. તેના બે ભેદ છે– **(૧) આગાર સામાયિક–** ગૃહસ્થોના સંબંધોનો પૂર્ણપણે ત્યાગ કર્યા વિના, મર્યાદિત કાલ માટે પાપસ્થાનની અનુમોદનાના આગાર સહિત થતી સામાયિકની આરાધના, તે આગાર અર્થાત્ ગૃહસ્થોની સામાયિક છે. તેમાં પાપસ્થાનનો ત્યાગ સર્વાંશે થતો નથી તેમજ યાવજ્જીવન માટે થતો નથી. પરંતુ એક દેશથી થાય છે, તેથી તેને દેશવિરતિ ચારિત્ર પણ કહે છે. **(૨) અણગાર સામાયિક–** ગૃહસ્થના સંબંધોનો સંપૂર્ણપણે ત્યાગ કરીને, યાવજ્જીવન માટે કોઈ પણ પ્રકારના આગાર વિના થતી સામાયિકની આરાધના, તે અણગાર અર્થાત્ સાધુઓની સામાયિક છે. તેમાં સર્વાંશે પાપસ્થાનનો ત્યાગ થતો હોવાથી તેને સર્વવિરતિ ચારિત્ર કહે છે.

સાધનાના ક્ષેત્રમાં પ્રવેશ કરતા સાધક સહુ પ્રથમ સમ્યક્ત્વ સામાયિક–દઢ શ્રદ્ધાને પામે છે, ત્યાર પછી શ્રુત સામાયિક-સમ્યગ્જ્ઞાન પ્રાપ્ત કરે છે અને ત્યાર પછી પોતાની ક્ષમતા પ્રમાણે આગાર સામાયિક અથવા અણગાર સામાયિકને પામે છે.

શ્રી સ્થાનાંગ સૂત્રના બીજા સ્થાને કેવળ ચારિત્રની અપેક્ષાએ સામાયિકના બે પ્રકાર કહ્યા છે. (૧) આગાર સામાયિક અને (૨) અણગાર સામાયિક.

**નિક્ષેપની અપેક્ષાએ સામાયિકના પ્રકાર :–**

નામ, સ્થાપના આદિ નિક્ષેપની અપેક્ષાએ સામાયિકના છ પ્રકાર થાય છે.

**સામાયિકના છ ભેદ :–** (૧) નામ, (૨) સ્થાપના, (૩) દ્રવ્ય, (૪) ક્ષેત્ર, (૫) કાળ અને (૬) ભાવ સામાયિક.

**(૧) નામ સામાયિક :–** શુભ નામ કે અશુભ નામ સાંભળી તેમાં રાગદ્વેષ ન કરવો, તે નામ સામાયિક છે. સામાયિકધારી આત્મા સ્તુતિ કે નિંદાના શબ્દો સાંભળીને એમ વિચારે કે શુભ કે અશુભ નામના પ્રયોગથી મારે શું ? આત્મા તો શબ્દાતીત છે. મારે વ્યર્થ રાગદ્વેષના સંકલ્પ શા માટે કરવા જોઈએ અથવા કોઈ જીવ કે અજીવ પદાર્થોનું 'સામાયિક' એવું નામકરણ કરવામાં આવે તો તે નામ સામાયિક છે.

**(૨) સ્થાપના સામાયિક :–** કોઈપણ સ્થાપિત પદાર્થના સ્વરૂપ કે કુરૂપ જોઈ રાગદ્વેષ ન કરવા તે સ્થાપના સામાયિક છે અથવા કોઈ પદાર્થમાં સામાયિકની સ્થાપના કરે, તે સ્થાપના સામાયિક છે.

**(૩) દ્રવ્ય–સામાયિક :–** સોનું કે માટી સર્વે પદાર્થોમાં સમભાવ રાખવો તે દ્રવ્ય સામાયિક છે. હીરો અને કાંકરો બંને જડ પદાર્થની દષ્ટિથી સમાન છે, તે સર્વ પદાર્થો મારાથી સર્વથા ભિન્ન છે, તેથી તેમાં રાગ કે દ્વેષ કરવા યોગ્ય નથી.

**(૪) ક્ષેત્ર સામાયિક :–** સુંદર બાગ કે કંટકાકીર્ણ ભૂમિ, તે બંનેમાં સમભાવ રાખવો તે ક્ષેત્ર સામાયિક છે. સામાયિકધારી આત્મા એમ વિચાર કરે કે ગમે તેવું ક્ષેત્ર હોય તે પરક્ષેત્ર છે. મારું ક્ષેત્ર તો કેવળ અસંખ્યાત પ્રદેશી આત્મા જ છે, તેથી હું તેમાં રાગદ્વેષ કરું તે અનુચિત છે.

**(૫) કાળ સામાયિક :–** વર્ષા, ઠંડી, ગરમી, અનુકૂળ-પ્રતિકૂળ પવન આદિ સર્વ કાલમાં સમભાવ રાખવો તે કાળ સામયિક છે.

**(૬) ભાવ સામાયિક :–** સમસ્ત જીવો સાથે મૈત્રીભાવ ધારણ કરવો, કોઈ સાથે વૈર-વિરોધ ન રાખવા, તે ભાવ સામાયિક છે. આ ભાવ સામાયિક જ વાસ્તવિક ઉત્તમ સામાયિક છે. પૂર્વોક્ત સામાયિકનો અંતર્ભાવ ભાવ સામાયિકમાં થઈ જાય છે.

**દ્રવ્ય અને ભાવની અપેક્ષાએ** સામાયિકના બે પ્રકાર છે.

**(૧) દ્રવ્ય સામાયિક–** શુદ્ધ વસ્ત્ર પરિધાન કરી, પવિત્ર સ્થાનમાં આસન પાથરી, મુહપત્તિ બાંધી, ગુચ્છો રાખી, સામાયિકની વિધિ અનુસાર પાઠનું ઉચ્ચારણ કરીને સામાયિક ગ્રહણ કરવી, તે દ્રવ્ય સામાયિક છે. ભાવ વિનાની આરાધના પણ દ્રવ્ય સામાયિક છે.

**(૨) ભાવ સામાયિક–** યથાશક્તિ રાગ-દ્વેષનો ત્યાગ કરી, સમભાવની અનુભૂતિ કરવી, તે ભાવ સામાયિક છે. બાહ્ય દષ્ટિનો ત્યાગ કરી અંતર્દષ્ટિ દ્વારા આત્મ નિરીક્ષણમાં મનને જોડી વિષમ ભાવોનો ત્યાગ કરીને સમભાવમાં સ્થિર થવું, પૌદ્ગલિક પદાર્થોનું યથાર્થ સ્વરૂપ સમજીને મમત્વ ભાવ દૂર કરીને આત્મ સ્વરૂપમાં રમણ કરવું, તે ભાવ સામાયિક છે.

આ રીતે દ્રવ્ય સામાયિક અને ભાવ સામાયિકનું સ્વરૂપ જોતાં સ્પષ્ટ થાય છે કે ભાવ સામાયિકની સાધના જ સાધનાનું અંગ બની શકે છે, ભાવ સામાયિક જ દોષોનું દહન કરીને અનંત ગુણોને પ્રગટ કરી શકે છે. તેમ છતાં દ્રવ્ય સામાયિક પણ એક મહત્ત્વપૂર્ણ સાધના છે, દ્રવ્યનો સાર ભાવ દ્વારા જ અભિવ્યક્ત થાય છે. ભાવશૂન્ય ક્રિયા અંતે નિષ્ફળ જાય છે.

ભાવશૂન્ય ક્રિયા કેવળ માટી ઉપર રૂપિયાની છાપ પાડવા તુલ્ય છે. તે રૂપિયો કદાચ બાળકોમાં રૂપિયાનું સ્થાન પ્રાપ્ત કરે છતાં બજારમાં તેની કોઈ કિંમત નથી.

કેટલાક નિશ્ચયવાદીઓ ભાવવિશુદ્ધિને મહત્વ આપી દ્રવ્ય સામાયિકનો છેદ કરે છે. તેમના કથન

મુજબ સમભાવની સાધના જ મોક્ષપ્રાપ્તિનું અંગ છે માટે કોઈ પણ વિધિ-વિધાન રૂપ દ્રવ્ય સામાયિકની આવશ્યકતા નથી. આ પ્રકારની એકાંતિક માન્યતા યથોચિત નથી. દ્રવ્ય વિનાની કેવળ ભાવ સામાયિક પણ રૂપિયાની છાપ વિનાની કેવળ ચાંદી જેવી છે. તેનું મૂલ્ય હોવા છતાં તેના પર રૂપિયાની છાપ ન હોવાથી તે સમસ્ત જનસમાજમાં ગતિ પામતી નથી.

જો તે જ ચાંદી પર રૂપિયાની છાપ પડી જાય, તો તેનો ચમત્કાર અનોખો હોય છે. તે જ રીતે સાધનામાં ભાવવિશુદ્ધિનું જ મહત્વ હોવા છતાં, જો તેના પર દ્રવ્યક્રિયાની છાપ પડી જાય, તો તેનો ચમત્કાર વધી જાય છે. ભાવ સહિતની દ્રવ્યક્રિયા સાધક જીવનમાં લાભનું કારણ બને છે તેની સાથે તે અન્યને પણ પ્રેરક બની શકે છે, તેથી જ તીર્થંકરોએ ભાવવિશુદ્ધિના મહત્ત્વની સાથે જ ઠેકઠેકાણે દ્રવ્યક્રિયાનું કથન કર્યું છે.

સામાયિક, તે શિક્ષાવ્રત છે. આચાર્ય શ્રી હરિભદ્ર સૂરિજીએ કહ્યું છે કે **साधुधर्माभ्यासः शिक्षाः ।** જેના દ્વારા શ્રેષ્ઠ ધર્મોનો યોગ્ય અભ્યાસ થાય, તેને શિક્ષા કહે છે. સામાયિક વ્રતની પૂર્ણતા માટે તેનો નિત્ય અભ્યાસ કરવો પડે છે. સમભાવની અનુભૂતિના લક્ષે સાધકે પૂર્ણ ઉલ્લાસ અને શ્રદ્ધા સાથે જાગૃતિપૂર્વક દ્રવ્યક્રિયાનો સતત પ્રયત્ન કરવો જ પડે છે. જાગૃતિ પૂર્વકના નિરંતર પુરુષાર્થથી અવશ્ય કાર્ય સિદ્ધ થાય છે.

**સામાયિકની સાધક પ્રવૃત્તિઓ**– સામાયિક વ્રતના સ્વીકાર માત્રથી કામ પૂર્ણ થતું નથી, વ્રતનું પૂર્ણપણે પાલન કરવું, તે સાધકનું લક્ષ્ય હોય છે. લક્ષ્યની સિદ્ધિ માટે સમભાવમાં બાધક બનતી અઢાર પ્રકારની પાપપ્રવૃત્તિનો સર્વથા ત્યાગ કરવો જરૂરી છે. તેના કરતાં સમભાવની સાધક પ્રવૃત્તિનો સ્વીકાર કરવો, તે વિશેષ અગત્યનું છે. જો સાધક દ્વારા સમભાવની પોષક પ્રવૃત્તિને સ્વીકારે નહીં, તો નવરું પડેલું મન આર્ત-રૌદ્રધ્યાનના વિષમ પરિણામોમાં રમ્યા કરે છે.

સાધકે સમભાવમાં સ્થિત થવા માટે કર્તા-ભોક્તા ભાવને છોડીને કેવળ જ્ઞાતા-દષ્ટાભાવ કેળવવા માટે પુરુષાર્થ કરવાનો છે. કર્તા-ભોક્તા ભાવ રાગ-દ્વેષને જન્મ આપે છે. સાધકે સામાયિકના કાલ દરમ્યાન સર્વ યૌગિક પ્રવૃત્તિનો ત્યાગ કરીને પોતાના ઉપયોગને જ્ઞાતા-દષ્ટા ભાવમાં સ્થિર કરવા ધ્યાનસ્થ બની જવું, તે સર્વ શ્રેષ્ઠ સાધના છે પરંતુ સામાન્ય સાધકો તે સાધના કરી શકતા નથી. અનાદિકાલથી કંઈક કરવા માટે જ ટેવાયેલું મન અકર્તાભાવને શીઘ્ર સ્વીકારતું નથી. મન, વચન કે કાયા અશુભ પ્રવૃત્તિમાં ચાલ્યા ન જાય, તે માટે આચાર્યોએ સામાયિકના કાલ દરમ્યાન કેટલીક શુભ સાધક પ્રવૃત્તિઓનું સૂચન કર્યું છે. (૧) વૈરાગ્યવર્ધક શાસ્ત્ર વાંચન કે શાસ્ત્ર શ્રવણ કરવું. (૨) મનને સ્વાધ્યાયમાં જોડવું. (૩) અનિત્ય આદિ બાર ભાવનાઓની અનુપ્રેક્ષા કરવી. (૪) મહા પુરુષોના જીવન ચરિત્ર આદિ ધર્મકથાનું શ્રવણ, વાંચન કરવું. (૫) ઈષ્ટ મંત્રના જાપ કરવા.

**સામાયિકની બાધક પ્રવૃત્તિ :–** જે પ્રવૃત્તિ સમભાવની સિદ્ધિમાં સહાયક બનતી ન હોય, તે સર્વ પ્રવૃત્તિઓ સામાયિકને માટે બાધક બને છે. સાધકે તેનો ત્યાગ કરવો જરૂરી છે. સર્વ પાપકારી પ્રવૃત્તિઓ સમભાવમાં બાધક બને છે. (૧) મન યોગની શુદ્ધિ માટે અશુભ ધ્યાન, ખોટા સંકલ્પ-વિકલ્પો, સાંસારિક વિચારણાઓનો ત્યાગ (૨) વચનયોગની શુદ્ધિ માટે નિંદા-કુથલી, અટ્ટહાસ્ય, ચારે પ્રકારની વિકથાનો ત્યાગ (૩) કાયયોગની શુદ્ધિ માટે કાયાની ચંચળતાનો ત્યાગ, પગ લાંબા-ટૂંકા કરવા, આળસ મરડવી, બગાસા ખાવા, ટચાકા ફોડવા વગેરે કાયિક પ્રમાદ પોષક પ્રવૃત્તિનો ત્યાગ કરવો.

આ રીતે મન, વચન, કાયાને પાપપ્રવૃત્તિથી દૂર રાખવા, ભવાંતરોના રાગ-દ્વેષના, વિષમભાવોના દઢતમ સંસ્કારોનો નાશ કરવા જાગૃતિપૂર્વક પુરુષાર્થ કરવો.

**સામાયિકની શુદ્ધિ :–** સામાયિક, એક પવિત્ર સાધના છે. તેનું મૂલ્યાંકન તેની સંખ્યાના આધારે થતું

નથી પરંતુ તેની ગુણવત્તાના આધારે થાય છે. સામાયિક વ્રતની ગુણવત્તા વધારવા માટે તેમાં ચાર પ્રકારની શુદ્ધિ કરવી આવશ્યક છે– (૧) દ્રવ્ય શુદ્ધિ, (૨) ક્ષેત્ર શુદ્ધિ, (૩) કાળ શુદ્ધિ અને (૪) ભાવ શુદ્ધિ.

**દ્રવ્ય શુદ્ધિ**– સામાયિક કરવા માટે આસન, વસ્ત્ર, રજોહરણ, પૂંજણી, માળા, મુખવસ્ત્રિકા આદિ ઉપકરણોની શુદ્ધિ, તે દ્રવ્ય શુદ્ધિ છે. તે સાધનો શુદ્ધ અર્થાત્ અલ્પ આરંભથી બનેલા અહિંસક તેમજ વિકારોત્પાદક ન હોય અને સંયમની અભિવૃદ્ધિમાં સહાયક અને ઉપયોગી હોવા જરૂરી છે. પોતાના વસ્ત્રોથી પોતાને કે બીજાને રાગ-દ્વેષ ઉત્પન્ન ન થાય તે માટે રંગબેરંગી કે ઉદ્‌ભટ વેશ ધારણ ન કરવો જોઈએ. શક્ય હોય, ત્યાં સુધી સાધકે શ્વેત અને સાદા મર્યાદાયુક્ત વસ્ત્ર પરિધાન કરવા જોઈએ.

આસન, ગુચ્છો, રજોહરણ વગેરે ઉપકરણો સહેલાઈથી પ્રતિલેખન થઈ શકે તેવા અને ધર્મના પ્રતિક રૂપ મુહપતિ સ્વચ્છ અને વ્યવસ્થિત હોવી જરૂરી છે. જપ સાધના માટે સુતર આદિની યોગ્ય માળા, વૈરાગ્યવર્ધક, આત્મભાવ પોષક સ્વાધ્યાયને યોગ્ય પુસ્તકો વગેરે બાહ્ય સાધનો સાધકની ભાવવિશુદ્ધિમાં સહાયક બને છે. સાધકે વિવેકપૂર્વક દ્રવ્યશુદ્ધિ રાખવી જોઈએ કે જેથી સ્વયંને લાભ થાય અને અન્ય લોકોને ધર્મક્રિયાની પ્રતીતિ તેમજ શ્રદ્ધા થાય છે.

**ક્ષેત્ર શુદ્ધિ :**– સાધક જે સ્થાને બેસી સામાયિક આદિ ધર્મ ક્રિયા કરે છે, તે ક્ષેત્ર કહેવાય છે. તે સ્થાન શુદ્ધ પવિત્ર હોવું જરૂરી છે. જે સ્થાને બેસવાથી ધાર્મિક વિચારધારા તૂટી જાય, ચિત્તમાં ચંચળતા આવે, અધિક સ્ત્રી-પુરુષ કે પશુ આદિનું આવાગમન હોય, તેમનું રહેઠાણ હોય, છોકરા-છોકરીઓ કોલાહલ કરતા હોય, રમતા હોય, ઠઠ્ઠા-મશ્કરી કરતાં હોય, કલેશ-કંકાસનું વાતાવરણ હોય, આ પ્રકારનું ક્ષેત્ર સામાયિકની આરાધના માટે યોગ્ય નથી, પરંતુ સામાયિકની આરાધના માટે મનને શાંત કરે, સંકલ્પ-વિકલ્પોથી મુક્ત કરાવી જીવને અંતરમુખ બનાવે, તેવું પવિત્ર અને નિર્મળ સ્થાન હોવું જરૂરી છે.

શક્ય હોય ત્યાં સુધી તો ઘર કરતાં ઉપાશ્રય જ સામાયિક કરવાનું વધારે ઉત્તમ ક્ષેત્ર કહેવાય. ઉપાશ્રયનું વાતાવરણ ગૃહસ્થ જીવનની જંજાળોથી બિલકુલ અળગું તેમજ નિરાળું હોય છે. ધર્મારાધના કરતાં સહધર્મી અન્ય સાધકોના પરિચયથી તેમજ ગુરુજનોના સત્સંગથી પોતાની જૈન સંસ્કૃતિની મહત્તાનું ભાન પણ થાય છે અને આરાધનાની નિત્ય નવીન પ્રેરણા મળતી રહે છે.

**કાળશુદ્ધિ :**– કાળનો અર્થ સમય છે. સમયની શુદ્ધિ કરવી, તે કાલશુદ્ધિ છે. યોગ્ય સમયનો વિચાર કરી સામાયિક કરવામાં આવે, તો જ સામાયિક નિર્વિઘ્ને સ્થિરતા પૂર્વક પૂર્ણ થાય છે. અયોગ્ય સમયે સામાયિક કરવાથી સામાયિકમાં મન શાંત રહેતું નથી. અનેક પ્રકારના સંકલ્પ-વિકલ્પોના પ્રવાહમાં મન તણાઈ જાય છે અને અંતે સામાયિકનું ધ્યેય સિદ્ધ થતું નથી.

સાધક સ્વયં જે ક્ષેત્રમાં હોય, પોતાની જે જવાબદારીઓ હોય, તેને પૂર્ણ કરીને ત્યાર પછી વિવેક પૂર્વક ઉચિત સમયે સામાયિકની આરાધના કરવી જોઈએ. કાલ સંબંધી વિવેક પોતાની ચિત્તસમાધિમાં સહાયક બને છે અને આસપાસની વ્યક્તિઓની પણ શાંતિ-સમાધિ અને ધર્મશ્રદ્ધામાં વૃદ્ધિ કરે છે.

સામાન્ય રીતે પ્રાતઃકાલ અથવા બ્રહ્મમુહૂર્ત, તે સામાયિકની આરાધના માટે શ્રેષ્ઠકાલ ગણી શકાય છે કારણ કે તે સમયે બાહ્ય જગતનું, દુન્યવી જનસમાજનું વાતાવરણ શાંત હોય, તેથી પરિણામની ધારા અખંડ બની રહે છે. તે સમયે અન્ય સાધકો પણ પોતાની સાધનામાં લીન હોવાથી સમગ્ર વાતાવરણ સાધનામય હોવાથી પોતાની સાધનાને પુષ્ટિ મળે છે, તેમ છતાં જે સમયે સાધકનું મન શાંતિ અનુભવે, તે સમય તેના માટે સામાયિકનો સમય કહેવાય છે.

**ભાવશુદ્ધિ :–** મન, વચન અને શરીરની શુદ્ધિ રાખવી, તે ભાવશુદ્ધિ છે.

**મન શુદ્ધિ :–** મન અત્યંત ચંચળ છે તેને નિયંત્રણમાં રાખવું અત્યંત કઠિન છે છતાં મનોવિજય માટે જપ-તપ, જ્ઞાન-ધ્યાન, સત્સાહિત્યનું અવલોકન, ચિંતન-મનન પરમ આવશ્યક છે. તેના માધ્યમથી મનને જીતી શકાય છે.

જીવનવિકાસનો આધાર મનની સ્થિરતા પર છે. વિષયોમાં ખેંચાયેલું, રાગ-દ્વેષના વિચારોમાં ગૂંચવાયેલું મન કર્મબંધનું કારણ છે, પરંતુ તે જ મન રાગ-દ્વેષની વિચારધારાને છોડીને સ્વાધ્યાય, જપ, ધ્યાન આદિ અનુષ્ઠાનોમાં જોડાઈને ધીરે ધીરે એકાગ્ર બની જાય છે, ત્યારે તે સાધનામાં સહાયક બને છે. સાધકે સાવધાનીપૂર્વક મનના દશ દોષોથી દૂર રહી મનશુદ્ધિ માટે પુરુષાર્થ કરવો જોઈએ.

**વચન શુદ્ધિ :–** સામાયિકના કાલ દરમ્યાન વચનગુપ્તિ-મૌન રાખવું જરૂરી છે. જો તે ન બની શકે તો વચન સમિતિનું પાલન કરવું અત્યંત જરૂરી છે. સામાયિક વ્રતમાં કર્કશકારી, કઠોરકારી, સાવદ્યકારી, હિંસાકારી, પાપકારી, કષાયોથી યુક્ત, નિષેધકારી, ખોટી પ્રશંસાકારી તથા દીન-હીન વચનો ઉપયોગ ન કરવો જોઈએ. ભાષા વ્યક્તિના અંતર્ભાવોને પ્રગટ કરે છે, તેથી સમભાવમાં સ્થિત થનાર સાધકે ભાષાના ગુણ-દોષનો વિચાર કરીને હિત, મિત અને પરિમિત ભાષા જ બોલવી જોઈએ.

**કાય શુદ્ધિ :–** કાય શુદ્ધિ એટલે કાયિક સંયમ. મનુષ્યની કાયિક ચેષ્ટાઓ મનુષ્યની વૃત્તિને પ્રગટ કરે છે. જો કાયિક વ્યાપાર અન્ય જીવોને પીડાકારી ન હોય, અસભ્યતાપૂર્વકનો કે હાસ્યાસ્પદ ન હોય, તો જ સમભાવની ધારા અખંડ બની શકે છે. આ રીતે મન, વચન અને કાયાની શુદ્ધિ રાખવા મન, વચન, કાયાના દોષોને જાણીને તેનાથી દૂર રહેવું જોઈએ.

**સમાયિકના ૩૨ દોષ : મનના દશ દોષ :–**

**अविवेकजसो कित्ती, लाभत्थी गव्व-भय-नियाणत्थी ।**
**संसय-रोस-अविणओ, अबहुमाणए दोसो भाणियव्वा ॥**

(૧) અવિવેક દોષ, (૨) યશઃકીર્તિ દોષ, (૩) લાભાર્થ દોષ, (૪) ગર્વ દોષ, (૫) ભય દોષ, (૬) નિદાન દોષ, (૭) સંશય દોષ, (૮) રોષ દોષ, (૯) અવિનય દોષ, (૧૦) અબહુમાન દોષ, આ મનના દશ દોષો છે.

**(૧) અવિવેક દોષ :–** સામાયિક કરતી વખતે કાર્યના ઔચિત્ય-અનૌચિત્યનો વિવેક ન રાખવો, સમય-અસમયનો ખ્યાલ ન રાખવો, તે અવિવેક દોષ છે તથા સામાયિકના સ્વરૂપને બરાબર ન સમજવું અને તે પ્રમાણે આચરણ ન કરવું તે પણ અવિવેક દોષ છે.

**(૨) યશઃકીર્તિ દોષ :–** યશ અને કીર્તિની, કામનાથી સામાયિક વ્રતની આરાધના કરવી.

**(૩) લાભાર્થ દોષ :–** ધન સંપત્તિ વ્યાપાર આદિની વૃદ્ધિ માટે અથવા આવા લાભના અનેક પ્રકારના વિચારોથી સામાયિક કરવી તે.

**(૪) ગર્વ દોષ :–** હું ઘણી સામાયિક કરું છું, મારા જેટલી સામાયિક બીજું કોણ કરી શકે ? હું જ ખરો કુલીન છું, ધર્માત્મા છું, આ રીતે અભિમાન કરવું, તે ગર્વ દોષ છે.

**(૫) ભય દોષ :–** હું જૈન કુળમાં ખાનદાન કુટુંબનો હોવા છતાં જો સામાયિક નહિ કરું તો લોકો મને કેવો કહેશે ? આ પ્રકારની લોક નિંદાના ભયથી સામાયિક કરવી અથવા કોઈ રાજકીય અપરાધના કારણે મળનાર રાજદંડથી અથવા લેણદાર આદિથી બચવા માટે સામાયિક કરીને બેસી જવું, એ ભય દોષ છે.

**(૬) નિદાન દોષ :–** સામયિક દ્વારા કોઈ ભૌતિક ફળની ઇચ્છા રાખવી. અમુક પદાર્થ અથવા સાંસારિક

સુખની પ્રાપ્તિ માટે સામાયિકનું ફળ વેચી નાંખવું, તે નિદાન દોષ છે.

**(૭) સંશય દોષ :–** સામાયિકના ફળ વિષયક સંશય રાખવો કે આ સામાયિક વ્રત કરું છું તેનું ફળ મને પ્રાપ્ત થશે કે નહિ અથવા આટલા સમયથી સામાયિક કરું છું છતાં તેનું ફળ કાંઈ મળ્યું નથી, તેવી વિચારણા કરવી, તે સંશય દોષ છે.

**(૮) રોષ દોષ :–** સામાયિકમાં ક્રોધ, માન, માયા, લોભની પ્રવૃત્તિ કરવી, લડાઈ ઝગડા કરવા, રોષ કરવો, તે રોષ દોષ છે.

**(૯) અવિનય દોષ :–** સામાયિક પ્રતિ આદર ભાવ ન રાખવો, સામાયિકમાં દેવ, ગુરુ તથા ધર્મનો અવિનય કરવો, તેઓની અવહેલના કરવી, તે અવિનય દોષ છે.

**(૧૦) અબહુમાન દોષ :–** ભક્તિ ભાવથી ઉત્સાહિત થઈ સામાયિક ન કરવી. દબાણથી કે આવી પડેલી આફત સમજી સામાયિક કરવી અબહુમાન દોષ છે.

**વચનના દશ દોષ :–**

**कुवयणं सहसाकरे सछंद-संखेय-कलहं च ।**
**विगहा-विहासोऽसुद्धं, निरवेक्खो मुणमुणा दोसा दस ॥**

(૧) કુવચન (૨) સહસાકાર (૩) સ્વચ્છંદ (૪) સંક્ષેપ (૫) કલહ (૬) વિકથા (૭) હાસ્ય (૮) અશુદ્ધ (૯) નિરેપક્ષ (૧૦) મુમ્મન, આ વચનના દશ દોષો છે.

**(૧) કુવચન દોષ :–** સામાયિકમાં કુત્સિત, બીભત્સ તેમજ ખરાબ વચનો બોલવા, તે કુવચન દોષ છે.

**(૨) સહસાકાર દોષ :–** જલદી, વિચાર્યા વિના, મનમાં ફાવે તેમ, હાનિકર તેમજ અસત્ય વચનો બોલવા, તે સહસાકાર દોષ છે.

**(૩) સ્વચ્છંદ દોષ :–** સામાયિકમાં સ્વચ્છંદ વૃત્તિનું પોષણ થાય, તેવા કામવર્ધક ખરાબ ગીતો ગાવા, ખરાબ વાતો કરવી, વગેરે પ્રવૃત્તિઓ કરવી તે સ્વચ્છંદ દોષ છે.

**(૪) સંક્ષેપ દોષ :–** સામાયિકમાં પાઠને જેમ-તેમ બોલવા, ટૂંકા કરીને બોલવા તે સંક્ષેપ દોષ છે.

**(૫) કલહ દોષ :–** સામાયિકમાં કલેશ-કંકાસ ઉત્પન્ન થાય તેવા કટુવચન બોલવા, તે કલહ દોષ છે.

**(૬) વિકથા દોષ :–** સામાયિકમાં પ્રયોજન વગર નિરર્થક વાતો કરવી, મનોરંજનની દષ્ટિએ સ્ત્રી સંબંધી, ભોજન સંબંધી, રાજ્ય અને દેશ સંબંધી વાતો કરવી, તે વિકથા દોષ છે.

**(૭) હાસ્ય દોષ :–** સામાયિકમાં હાસ્ય મશ્કરી કરવી, વ્યંગ્યપૂર્ણ શબ્દો કહેવા તે હાસ્ય દોષ છે.

**(૮) અશુદ્ધ દોષ :–** શુદ્ધિનો ખ્યાલ રાખ્યા વિના સામાયિકના પાઠો બોલવા અથવા વાતને ખોટી રીતે રજૂ કરવી તે અશુદ્ધ દોષ છે.

**(૯) નિરપેક્ષ દોષ :–** સામાયિકમાં શાસ્ત્રોની ઉપેક્ષા કરી વાક્યો બોલવા, અસાવધાનીથી માન–મર્યાદા વિના વચનો બોલવા, તે નિરપેક્ષ દોષ છે.

**(૧૦) મુમ્મન દોષ :–** મનમાં ગણગણવું, સ્પષ્ટ ઉચ્ચારણો ન કરવા, બીજાને સમજાય એ રીતે સૂત્ર પાઠ આદિનું ઉચ્ચારણ ન કરવું, તે મુમ્મન(મુણમુણ) દોષ છે.

**કાયાના બાર દોષો :–**

**कुआसणं चलासणं चलादिट्ठी, सावज्जकिरियाऽऽलंबणाऽऽकुञ्चणं-पसारणं ।**

**आलस-मोडण-मल-त्विमासणं, निद्रा वेयावच्चति बारस कायदोसा ॥**

(૧) કુઆસન, (૨) ચલાસન, (૩) ચલદષ્ટિ, (૪) સાવદ્ય ક્રિયા, (૫) આલંબન, (૬) આકુંચન પ્રસારણ, (૭) આળસ, (૮) મોડન, (૯) મલ, (૧૦) વિમાસન, (૧૧) નિદ્રા, (૧૨) વૈયાવૃત્ય, આ કાયાના બાર દોષો છે.

**(૧) કુઆસન દોષ :–** સામાયિકમાં પગ ઉપર પગ ચડાવીને અભિમાનપૂર્વક બેસવું, ગુરુજનો સમક્ષ અવિનયપૂર્વકના આસન બેસવું, તે કુઆસન દોષ છે.

**(૨) ચલાસન દોષ :–** સામાયિકમાં સ્થિર આસનથી ન બેસતાં વારંવાર આસનથી ચલિત થવું, તે ચલાસન દોષ છે.

**(૩) ચલદષ્ટિ દોષ :–** સામાયિકમાં દષ્ટિની અસ્થિરતા રાખવી, નજરને ચારે બાજુ ફેરવવી તે ચલદષ્ટિ દોષ છે.

**(૪) સાવદ્ય ક્રિયા દોષ :–** સામાયિકમાં હિંસાકારી પ્રવૃત્તિ કરવી અને અન્યને પણ સંકેત કરવો, તે સાવદ્ય ક્રિયા દોષ છે.

**(૫) આલંબન દોષ :–** શારીરિક આવશ્યકતા ન હોવા છતાં ટેકો લેઈને બેસવું, આલંબન લઈને ઊભા રહેવું અને તેના દ્વારા આરામ કરવો, તે આલંબન દોષ છે.

**(૬) આકુંચન–પ્રસારણ દોષ :–** પ્રયોજન વગર સામાયિકમાં હાથ-પગ આદિ અવયવોને સંકોચવા તથા ફેલાવવા, તે આકુંચન પ્રસારણ દોષ છે.

**(૭) આળસ દોષ :–** સામાયિકમાં આળસ મરડવી, બગાસા ખાવા, તે આળસ દોષ છે.

**(૮) મોડન દોષ :–** અંગ મરડવા, હાથ-પગની આંગળીઓના ટચાકા ફોડવા ઈત્યાદિ ક્રિયા કરવી, તે મોડન દોષ છે.

**(૯) મલ દોષ :–** સામાયિકમાં બેસીને ધાર્મિક પ્રવૃત્તિની આરાધના કરવાને બદલે શરીર ઉપરથી મેલ ઉતારવો, તે મલ દોષ છે.

**(૧૦) વિમાસન દોષ :–** સામાયિકમાં લમણે હાથ મૂકી વિમાસણમાં કે મૂંઝવણમાં પડ્યા હોય તેમ શોકગ્રસ્ત અવસ્થામાં બેસવું, તે વિમાસણ દોષ છે.

**(૧૧) નિદ્રા દોષ :–** સામાયિકમાં બેસી પ્રમાદ કરવો, નિદ્રા લેવી, ઝોકા ખાવા તે નિદ્રા દોષ છે.

**(૧૨) વૈયાવૃત્ય દોષ :–** સામાયિકમાં પગ-માથું દબાવવા, શારીરિક સેવા કરાવવી, શરીરને પંપાળવું, તે વૈયાવૃત્ય દોષ છે. કેટલાક આચાર્ય ભગવંતો વૈયાવૃત્યના સ્થાને કંપન દોષ જણાવે છે અર્થાત્ સામાયિકમાં સ્વાધ્યાય આદિ કરતા શરીરને ડોલાવવું તે કંપન દોષ છે.

આ રીતે સામાયિકમાં દશ મનના, દશ વચનના અને બાર કાયાના કુલ બત્રીસ દોષો ટાળવા માટે સાધકે સાવધાન રહેવું જોઈએ. દોષ રહિત સાધનાથી જ અધ્યાત્મવિકાસ થાય છે.

**સામાયિકના અધિકારી :–** સાધનાનો અધિકારી યોગ્ય હોય તો જ સાધના સફળ બને છે.સારામાં સારી વસ્તુ પણ અનધિકારીના હાથમાં આવવાથી તે નિસ્તેજ બની જાય છે.

સામાયિક પાપ કર્મનો નાશ કરવા માટે અમોઘ ઔષધિ છે. તેના સેવનની સાથે તદ્નુકૂળ ન્યાયનીતિ પૂર્વકનો પુરુષાર્થ કરવો, વૈર વિરોધાદિ મનના વિકારોને શાંત રાખવા, કર્મોદયથી પ્રાપ્ત પોતાની અનુકૂળ

કે પ્રતિકૂળ સ્થિતિમાં પણ પ્રસન્ન ચિત્ત રહેવું, અધીર ન બનવું, અન્યની નિંદા કે અપમાન ન કરવા, સર્વ જીવોને પોતાના આત્મા સમાન પ્રિય સમજવા, ક્રોધ કે દંભથી કોઈને પીડા ન પહોંચાડવી, દીન-દુઃખીને જોઈ અનુકંપા લાવવી, તેઓને યથાશક્તિ સહાયતા કરવી, પોતાના સાથીની ઉન્નતિ જોઈને ખુશ થવું ઈત્યાદિ સુંદરમાં સુંદર પથ્યનું આચરણ કરવું અતિ આવશ્યક છે. આચાર્ય હરિભદ્રસૂરિજીએ સુપ્રસિદ્ધ ષોડશક ગ્રંથમાં સામાયિકના અધિકારીના લક્ષણો કહ્યા છે–

**औदार्य दाक्षिण्यं, पापजुगुप्सायं निर्मलो बोधः ।**
**लिङ्गानि धर्म सिद्धिः प्रायेण जन–प्रियत्वं च ॥**

**(૧) ઔદાર્ય–** ઉદારતા. સ્વાર્થવૃત્તિનો ત્યાગ કરી, પરમાર્થ વૃત્તિ કેળવી સર્વ જીવોને સુખી કરવાની ભાવના, તે ઔદાર્ય છે. **(૨) દાક્ષિણ્ય–** કુશળતા. પાપથી છૂટવાની ચતુરતા. **(૩) પાપજુગુપ્સા–** પાપ પ્રવૃત્તિ પ્રતિ ઘૃણાનો ભાવ, તે પાપજુગુપ્સા છે. જેને પાપ પ્રતિ જુગુપ્સા હોય, તે જ પાપનો ત્યાગ કરી શકે છે. **(૪) નિર્મલબોધ–** સામાયિક શું છે, તેની આરાધના કેવી રીતે કરાય, તેની મહત્તા શું છે ? વગેરે વિષયોની સ્પષ્ટતા હોવી જરૂરી છે. ઉપરોક્ત ચાર ગુણોના ધારક, વિવેકી વ્યક્તિ જ સામાયિકની સાધના માટે યોગ્ય ગણાય છે.

આ રીતે સમજી શકાય છે કે સામાયિકના કાલ દરમ્યાન સાધકે અઢાર પાપસ્થાનનો ત્યાગ કરવાનો હોય છે. જે વ્યક્તિને પાપનું આકર્ષણ છૂટી જાય, તે જ વ્યક્તિ સામાયિકની આરાધના કરી શકે છે. શ્રાવકના બાર વ્રતમાં સામાયિક, તે નવમું વ્રત છે. પ્રાયઃ આગળના આઠ વ્રતના પાલનથી જેનું જીવન કંઈક અંશે સંયમિત અને નિયમિત બનેલું હોય, તેનામાં જ સામાયિકની યોગ્યતા પ્રગટી શકે છે. જેમ ચૂલે ચઢાવેલા વાસણમાં રહેલા દૂધને ઊભરાવા ન દેવું હોય, તો માત્ર ઉપરથી પાણીના થોડા છાટાં દૂધને શાંત કરે તે સંભવિત નથી પણ તેની સાથે નીચે રહેલા અગ્નિને પણ શાંત કરવો પડે છે.

જીવનના સમગ્ર વ્યવહારમાં છળકપટ, અભિમાન આદિ દુર્ગુણની આગમાં સંતપ્ત વ્યક્તિ કદાચ એકાદ સામાયિક કરવા બેસે. તો સામાયિક રૂપી પાણીના છાંટાથી તેના હૃદયમાં શાંતિ થતી નથી. માનસિક શાંતિ માટે દુર્ગુણ રૂપી આગ દૂર કર્યા પછી સામાયિક રૂપી જળનો છંટકાવ થાય, તો જ તેનું ચિત્ત શાંતિનો, સમભાવનો આનંદ અનુભવી શકે છે.

સંક્ષેપમાં વિષયોથી પરાઙ્મુખ સંયમી સાધક જ સામાયિકની યોગ્યતા ધરાવે છે અને તે જ સમભાવના આનંદની અનુભૂતિ કરી શકે છે.

**સામાયિકનું આસન :–** સામાયિકમાં સ્થિરતાની ખાસ આવશ્યકતા છે. અસ્થિર આસન મનની દુર્બળતા અને ચંચળતાની નિશાની છે. યોગના આઠ અંગોમાં આસન ત્રીજું અંગ માનવામાં આવે છે. આસનથી શરીરમાં રક્તની શુદ્ધિ થાય છે અને તેથી સ્વાસ્થ્ય સારું રહેવાથી ઉચ્ચ વિચારોને બળ મળે છે. મન ઉપર દૃઢ આસનનો ઘણો પ્રભાવ પડે છે. શરીર ઉપરનું નિયંત્રણ મનને નિયંત્રિત બનાવી શકે છે, તેથી સામાયિકમાં સિદ્ધાસન અથવા પદ્માસન આદિ કોઈ એક આસને સ્થિરતાપૂર્વક બેસવું જોઈએ. મસ્તક અને કમ્મરને ઝુકાવીને બેસવું નહિ.

**સામાયિકમાં દિશાનું મહત્ત્વ :–** સામાયિક કરનારે પોતાનું મુખ પૂર્વ અથવા ઉત્તર દિશા તરફ રાખવું જોઈએ. શ્રી સ્થાનાંગ સૂત્રના બીજા સ્થાનમાં શાસ્ત્ર સ્વાધ્યાય, સામાયિક, પ્રતિક્રમણ આદિ કોઈ પણ ધાર્મિક અનુષ્ઠાનો માટે પૂર્વ તથા ઉત્તર દિશાનું વિધાન છે. જ્યારે ગુરુ સન્મુખ બિરાજમાન હોય, ત્યારે તેમની સન્મુખ બેસીને આરાધનાઓ કરવી જોઈએ. ગુરુનું મુખ તે શિષ્યને માટે પૂર્વ દિશા જ છે.

**પૂર્વ દિશા :–** અસ્ત થયેલો સૂર્ય પુનઃ પૂર્વ દિશામાં અભ્યુદયને પ્રાપ્ત કરે છે અને પોતાના દિવ્ય પ્રકાશથી સંસારને પ્રકાશિત કરે છે.

**ઉત્તર દિશા :–** ઉત્ અર્થાત્ ઉચ્ચતા ઊર્ધ્વતા, તર એટલે અધિક, એવો ભાવ. આ ઉત્તર દિશાથી ધ્વનિત થાય છે આ રીતે ઉત્તર એટલે ઊંચી ગતિ, ઊંચું જીવન, ઊંચો આદર્શ પ્રાપ્ત કરવાનો સંકેત ઉત્તર દિશાથી પ્રાપ્ત થાય છે.

ઉત્તર દિશાનું બીજું નામ ધ્રુવ દિશા પણ છે. પ્રસિદ્ધ ધ્રુવનો તારો જે પોતાના કેન્દ્ર ઉપર જ સ્થિર રહે છે, તે પણ ઉત્તર દિશામાં જ રહે છે સંક્ષેપમાં પૂર્વ દિશા આપણા માટે પ્રગતિની, ઉત્થાનની અને ઊર્ધ્વ ગતિની સંદેશાવાહિકા છે અને ઉત્તર દિશા સ્થિરતા, દઢતા, નિશ્ચયાત્મકતા અને અચળ આદર્શનો સંકેત કરે છે.

**સામાયિકની કાલમર્યાદા :–** સાધકનું ધ્યેય અખંડ સમભાવને પ્રાપ્ત કરવાનું જ હોય છે. સમભાવ આત્માનો ગુણ છે. તે ત્રિકાલ શાશ્વત છે તેથી તેના માટે સમય મર્યાદા હોતી નથી. સાધકે જીવન પર્યંત સમભાવમાં રહેવાનું છે. આ વાતને લક્ષમાં રાખીને નિર્ગ્રંથ મુનિઓ યાવજ્જીવનની સામાયિકનો સ્વીકાર કરે છે અને પોતાના સમગ્ર વ્યવહારને સમભાવ યુક્ત બનાવવાનો પ્રયત્ન કરે છે.

શ્રાવકો ગૃહસ્થ જીવનમાં હોવાથી યાવજ્જીવનની સામાયિક ગ્રહણ કરી શકતા નથી. તેના માટે પ્રશ્ન થાય કે શ્રાવકોની એક સામાયિકની કાલ મર્યાદા કેટલી હોય ? 'કરેમિ ભંતે' પ્રતિજ્ઞા પાઠમાં **जाव नियम** શબ્દ પ્રયોગ છે. તેમાં કોઈ ચોક્કસ કાલમર્યાદાનું કથન નથી, જો શ્રાવકોની સામાયિક માટે કાલમર્યાદા નિશ્ચિત ન હોય, તો શ્રાવકો પોતપોતાની ઈચ્છાનુસાર પાંચ, દશ, પંદર મિનિટની પણ સામાયિક કરી શકે છે અને આ રીતે થાય, તો તેમાં અવ્યવસ્થા થાય અને સામાયિક જેવી પવિત્ર અને અમૂલ્ય સાધના હાસ્યાસ્પદ બની જાય છે, તેથી દીર્ઘદષ્ટા પૂર્વાચાર્યોએ આ વિષય પર ગંભીર વિચારણા કરીને એક સામાયિકનું બે ઘડીનું કાલમાન નિશ્ચિત કર્યું છે.

**બે ઘડી–૪૮ મિનિટની મહત્તા–** વિશેષાવશ્યકભાષ્યમાં કથન છે કે એક વિચાર, એક સંકલ્પ, એક ભાવ કે એક ધ્યાન બે ઘડી–૪૮ મિનિટ પર્યંત સ્થિર રહી શકે છે, ત્યાર પછી તેમાં અવશ્ય પરિવર્તન આવે છે.

**अंतोमुहूत्तकालं चित्तस्सेगग्गया हवइ झाणं ।**

તે ઉપરાંત સાધકની કોઈ પણ સાધના માટે એક મુહૂર્તનો સમય કહ્યો છે. જેમ કે– આઠમા ગુણસ્થાનથી બારમા ગુણસ્થાનનો ક્ષપક શ્રેણીનો સમય એક મુહૂર્તનો છે. સમ્યગ્દર્શનની પ્રાપ્તિ માટે ત્રણે કરણનો સમય પણ અંતર્મુહૂર્તનો કહ્યો છે. આમ બે ઘડીની સ્થિરતા સાધના માટે અત્યંત ઉપયોગી છે, તેવા અનુભવ પરથી આચાર્યોએ સામાયિકની કાલમર્યાદા બે ઘડીની નિશ્ચિત કરી હોય, તેમ લાગે છે.

દશ પ્રકારના પચ્ચક્ખાણમાં નવકારશી પચ્ચક્ખાણના પાઠમાં નમસ્કારમંત્રના ઉચ્ચારણપૂર્વક પચ્ચક્ખાણ પૂર્ણ ન કરે ત્યાં સુધીની મર્યાદા હોય છે. તેમાં કાલમર્યાદા નિશ્ચિત નથી તેમ છતાં પરંપરા અનુસાર નવકારશી પચ્ચક્ખાણની કાલમર્યાદા સૂર્યોદય પછી બે ઘડીની નિશ્ચિત થઈ ગઈ છે. તે રીતે ગૃહસ્થોની એક સામાયિકની કાલ મર્યાદામાં પૂર્વાચાર્યોની પરંપરા, મનોસ્થિરતા અને સામાજિક વ્યવસ્થા માટે બે ઘડીની મહત્તા છે.

**સામાયિકના અતિચારો–** સાધક લક્ષ્યપૂર્વક સજગપણે સામાયિકની આરાધના કરે છે, તેમ છતાં અનાદિકાલીન સંસ્કારથી, કર્મના ઉદયને આધીન બનીને, સમભાવના બદલે વિષમ ભાવ આવી જાય કે પ્રમાદ થઈ જાય, તો દોષના સેવનથી વ્રત મલિન બને છે. તેની શુદ્ધિ માટે સૂત્રકારે સામાયિકના પાંચ

અતિચારનું કથન કર્યું છે.

પ્રત્યેક વ્રત ચાર પ્રકારે દૂષિત થાય છે– (૧) અતિક્રમથી (૨) વ્યતિક્રમથી (૩) અતિચારથી અને (૪) અનાચારથી.

(૧) મનની નિર્મળતા નષ્ટ કરી, મનમાં અકૃત્ય (પાપકર્મ) કરવાનો સંકલ્પ કરવો, તે **અતિક્રમ** છે. (૨) અકૃત્ય કરવાના સંકલ્પને કાર્યરૂપે પરિણત કરવા અને વ્રતનું ઉલ્લંઘન કરવા તૈયાર થવું, તે **વ્યતિક્રમ** છે. (૩) તેનાથી આગળ વધી વિષયો તરફ આકર્ષિત થઈને વ્રત ભંગ માટે સામગ્રી એકત્રિત કરવી અથવા પાપ કરવા પગલું ભરવું, તે **અતિચાર** છે. (૪) આસક્તિવશ વ્રતનો ભંગ કરી પાપનું સેવન કરવું, તે **અનાચાર** છે.

વ્રતનો આંશિક ભંગ અતિચાર છે અને સર્વથા ભંગ અનાચાર છે. ક્રમશઃ અતિચાર સુધીના દોષો વ્રતમાં મલિનતા લાવે છે, વ્રતને નષ્ટ કરતા નથી, તેથી તેની શુદ્ધિ આલોચના અને પ્રતિક્રમણ દ્વારા થાય છે, પરંતુ અનાચારના સેવનથી વ્રતનો ભંગ થાય છે, તેથી વ્રતને પુનઃ ઉપસ્થાપન કરવું પડે છે.

સામાયિક વ્રતમાં પાંચ અતિચાર છે. મનોદુષ્પ્રણિધાન, વચન દુષ્પ્રણિધાન, કાય દુષ્પ્રણિધાન, સામાયિક સ્મૃતિભ્રંશ, સામાયિક અનવસ્થિતતા (૧) સામાયિકના કાલ દરમ્યાન મનથી સાંસારિક કાર્ય માટે સંકલ્પ-વિકલ્પો કરવા, તે મનોદુષ્પ્રણિધાન છે. (૨) કટુ, નિષ્ઠુર અને અશ્લીલ વચન બોલવાં, નિરર્થક પ્રલાપ કરવા, કષાયની વૃદ્ધિ કરનારા સાવદ્ય વચન બોલવા, તે વચન દુષ્પ્રણિધાન છે. (૩) સામાયિકમાં શરીરની અસ્થિરતા શરીરની કુચેષ્ટાઓ, કારણ વિના શરીરનાં અંગોને લાંબા–ટૂંકા કરવા, અસાવધાનીથી જોયા વિના ચાલવું, તે કાયદુષ્પ્રણિધાન છે. (૪) સામાયિક વ્રતનું સ્મરણ ન રહેવું, સામાયિકનો સમય પૂર્ણ થયા પહેલા સામાયિક પાળી લેવી, તે સામાયિક સ્મૃતિ ભ્રંશ છે. (૫) સામાયિક અનવસ્થિતા– સામાયિકની આરાધના કોઈ પણ પ્રકારના ઉત્સાહ વિના, સમભાવની પ્રાપ્તિના લક્ષ વિના રૂઢ દ્રવ્ય ક્રિયારૂપે પૂરી કરવી, તે સામાયિક અનવસ્થિતતા છે.

તે ઉપરાંત સામાયિક વ્રત **ण फासियं** અંતરમાં સ્પર્શ્યું ન હોય, કેવળ દ્રવ્યક્રિયા જ થઈ હોય, **ण पालियं**– યથાવિધિ પાલન ન થયું હોય, **ण सोहियं**– શુદ્ધ રીતે દોષ રહિત પાલન થયું ન હોય, **ण तीरियं**– સમ્યક પ્રકારે પ્રતિજ્ઞાને પૂર્ણ ન કરી હોય, **ण किट्टियं**– સામાયિક વ્રતના મહિમાનું કીર્તન-ગુણગાન કર્યા ન હોય, મનમાં સામયિક વ્રત પ્રતિ આદર ભાવ થયો ન હોય, **ण आराहियं**– સમભાવની આરાધના ન કરી હોય, **आणाए अणुपालियं ण भवइ**– વીતરાગ દેવની આજ્ઞાની આરાધના ન થઈ હોય, તો તત્સંબંધી પાપદોષોની આલોચના, પ્રતિક્રમણ કરીને સાધક તેનાથી નિવૃત્ત થાય છે.

**સામાયિક ગ્રહણ કરવાની વિધિ :–**

શાંત તથા એકાંત સ્થાન પસંદ કરીને, ભૂમિ તથા પથરણું(આસન), ગુચ્છો, મુહપત્તિ આદિનું સારી રીતે પ્રમાર્જન કરી પથરણું પાથરવું. પુરુષોએ ગૃહસ્થોચિત ખમીસ આદિ વસ્ત્રો ઉતારી સામાયિક માટેનાં શુદ્ધ વસ્ત્રો(ચોલપટ્ટક તથા ઉતરીય ખેસ) પરિધાન કરવા. મુખવસ્ત્રિકા મોઢે બાંધવી,

સાધુ-સાધ્વી ઉપસ્થિત હોય તો તેમની સન્મુખ અને સાધુ-સાધ્વી ન હોય, તો પૂર્વ અથવા ઉત્તર દિશા તરફ મુખ રાખી પદ્માસન, સુખાસન આદિ આસને બેસીને અથવા જિનમુદ્રાથી ઊભા રહી બંને હાથ જોડવા. ત્યારબાદ નમુક્કાર સૂત્રથી તસ્સ ઉતરી સૂત્ર સુધીના પહેલા ચાર પાઠો બોલવા, ત્યારપછી ઈરિયાવહિયં સૂત્ર અને નમુક્કાર મંત્રનો કાયોત્સર્ગ કરવો અને કાયોત્સર્ગ પૂર્ણ થતાં 'નમો અરિહંતાણં'

પ્રગટપણે બોલવું.

ત્યારપછી લોગસ્સ સૂત્ર બોલવું. ગુરુ સન્મુખ હોય તો તેમને, ગુરુ બિરાજમાન ન હોય તો ઈશાનખૂણામાં શ્રી સીમંધર સ્વામીને સવિનય વંદન કરી તેમની પાસે સામાયિક વ્રતની આજ્ઞા લેવી. આજ્ઞા લીધા પછી 'કરેમિ ભંતે !'નું સૂત્ર બોલવું. તેમાં જાવ નિયમ શબ્દ છે ત્યાં બે ઘડી ચાર ઘડી, આદિ જેટલી ઘડીનું સામાયિક વ્રત લેવું હોય તેટલી ઘડી બોલી તે ઉપરાંત ન પાળું ત્યાં સુધીની સામાયિકની પ્રતિજ્ઞા કરવી.

ત્યારપછી જમણો ઢીંચણ ભૂમિ પર ટેકવી, ડાબો ઢીંચણ ઊભો રાખી તેના ઉપર અંજલિબદ્ધ બંને હાથ જોડી અંજલી મસ્તકે અડાડી ત્રણ નમોત્થુણં સૂત્ર બોલવા અને તત્પશ્ચાત્ ૪૮ મિનિટ સુધી સ્વાધ્યાય, ધર્મચર્ચા, આત્મધ્યાન આદિમાં સમય નિર્ગમન કરવો.

**સામાયિક પાળવાની વિધિ :–** સામાયિકની ગ્રહણ કરવાની વિધિ પ્રમાણે પાળવાની વિધિ જાણવી. તેમાં વિશેષતા એ છે કે સામાયિક પાળવાની આજ્ઞા લેવાની હોતી નથી, તેથી સામાયિક ગ્રહણ કરવામાં જ્યાં 'કરેમિ ભંતે'નો પાઠ બોલાય છે તેની જગ્યાએ 'સામાયિક પાળવાનો' આઠમો પાઠ બોલવો. નમોત્થુણં સૂત્ર બોલ્યા બાદ છેલ્લે ત્રણ વખત નમોક્કાર મંત્ર બોલવા.

**સામાયિકની મહત્તા :–** સામાયિકના સ્વરૂપ દર્શનથી જ તેની મહત્તા સહજ રીતે સમજી શકાય છે. સામાયિક, તે શુદ્ધ આત્મસ્થિતિ છે. અનાદિકાલીન આત્માની અશુદ્ધ–વિભાવ દશાના કારણે આધિ, વ્યાધિ અને ઉપાધિથી દુઃખી જીવોના સર્વ દુઃખોનો અંત કરવા માટે સામાયિક એ શ્રેષ્ઠ સાધના છે, તેથી જ તીર્થંકરો, ગણધરો અને પૂર્વાચાર્યોએ નિરપવાદપણે સાધનાના પ્રારંભમાં જ સામાયિક સાધનાનો સ્વીકાર કર્યો અને તેના દ્વારા આત્મશુદ્ધિ કરવા જગજ્જીવોને ઉપદેશ આપ્યો છે.

તીર્થંકરો સંયમ અંગીકાર કરતી વખતે અખંડ સામાયિકમાં રમણ કરનારા અનંત સિદ્ધ ભગવંતોને નમસ્કાર કરીને યાવજ્જીવનની સામાયિકનો સ્વીકાર કરે છે અને તેના પ્રભાવે જ તીર્થંકરોને મનઃપર્યવજ્ઞાન પ્રગટ થાય છે. સામાયિકની સાધના કરતાં-કરતાં, અનુકૂળ અને પ્રતિકૂળ ઉપસર્ગો, પરીષહોને સમભાવે સહન કરતાં–કરતાં અખંડ સામાયિકના ભાવોને અર્થાત્ વીતરાગદશાને પ્રાપ્ત કરે છે ત્યાર પછી જ ઘાતિ કર્મોનો પૂર્ણપણે ક્ષય થતાં કેવળજ્ઞાન-કેવળદર્શન પ્રગટ થાય છે. આ રીતે સાધનાનો પ્રારંભ સામાયિકથી જ થાય છે અને સાધનાની સિદ્ધિ પણ અખંડ સામાયિકમાં જ છે.

**चारित्रं स्थिरतारुपं, यतः सिद्धेष्वपीष्यते ।** જીવની સંપૂર્ણ શુદ્ધ દેહાતીત એવી સિદ્ધ દશામાં પણ સ્વરૂપ રમણતા રૂપ સામાયિક ચારિત્ર હોય છે કારણ કે તે જીવનો સ્વભાવ છે. ભૂતકાલમાં અનંત સિદ્ધ થયા, વર્તમાનમાં થાય છે અને ભવિષ્યમાં થશે, તે સર્વ સામાયિકની સાધનાથી જ થાય છે.

**जे के वि गया मोक्खं, जे वि य गच्छंति गमिस्संति ।**
**सव्वे सामाइय पभावेणं मुणेयव्वं ॥**

સામાયિક, તે સ્વરક્ષાથી સર્વ રક્ષા સુધી પહોંચાડનારો સેતુ છે. સામાયિકની સાધના દરમ્યાન સાધક સ્વયં રાગ-દ્વેષાદિ કષાયોથી મુક્ત થવાનો પ્રયત્ન કરે છે, તેથી તે પોતાના ભાવપ્રાણની હિંસાથી દૂર રહી સ્વરક્ષા કરે છે તે જ રીતે તે કાલ દરમ્યાન અન્ય સૂક્ષ્મ-સ્થૂલ કોઈ પણ જીવોની હિંસા કરતો નથી. આ રીતે સામાયિકની સાધના દ્વારા જગજ્જીવોની રક્ષા થાય છે. સાધકના અંતરમાં દયા, પરોપકાર, કરૂણા, ક્ષમા, ઉદારતા જેવા અનેક આત્મગુણોનો વિકાસ થાય છે. સામાયિક વિનાની સર્વ સાધના શૂન્ય છે, તેથી

જ પૂર્વાચાર્યોએ કહ્યું છે કે–

**तिव्वतवं तवमाणे जं न वि निट्ठवइ जम्मकोडीहिं ।**
**तं समभाविअ चित्तो खवेइ कम्मं खणद्धेण ॥**

કરોડો જન્મો સુધી નિરંતર ઉગ્ર તપ કરનાર તપસ્વી જે કર્મોને નષ્ટ કરી શકતા નથી, તે કર્મોને સમભાવપૂર્વક સામાયિક કરનાર સાધક માત્ર અડધી ક્ષણમાં જ નષ્ટ કરી નાંખે છે. આ રીતે સામાયિકની સાધના સાધકના શરીરને સ્વસ્થ, મનને શાંત અને આત્માને ઉજ્જવળ બનાવે છે. સમભાવ રૂપ આત્મપરિણામ જ સાધકની સાધનાનું સર્વસ્વ છે.

**સામાયિકથી થતાં લાભ :–** (૧) સામાયિકના કાલ દરમ્યાન સર્વ સાવદ્યયોગના પચ્ચક્‌ખાણ થઈ જવાથી સાધકને સમગ્ર લોકના અઢારે પાપસ્થાન સંબંધી આવતી રાવી અટકી જાય છે. (૨) સામાયિક સંવરની સાધના હોવાથી આત્મગુણોનો વિકાસ થાય છે. (૩) આઠે કર્મોના અશુભ બંધ અટકી જાય છે અને શુભ કર્મનો બંધ થાય છે. (૪) મૈત્રી આદિ ચારે ભાવનાની પુષ્ટિ થાય છે. (૫) શારીરિક અને માનસિક શાંતિ મળે છે. (૬) સામાયિકમાં બાર પ્રકારના તપની આરાધના થાય છે.

કોઈ પણ ભૌતિક પદાર્થોથી જેનું મૂલ્ય આંકી ન શકાય તેવી અમૂલ્ય સાધના સામાયિક છે. તેમ છતાં સામાન્ય મનુષ્યને સામાયિકનું મૂલ્ય સમજાય, તે માટે શાસ્ત્રોમાં વિવિધ પ્રકારે તેના મૂલ્યનું કથન કર્યું છે. પુણ્ય કુલક નામના ગ્રંથમાં કહ્યું છે કે એક શુદ્ધ સામાયિક કરનાર ૯૨,૫૯,૨૫,૯૨૫ (બાણુ કરોડ, ઓગણસાઠ લાખ, પચીશ હજાર, નવસો પચ્ચીસ) પલ્યોપમનું દેવાયુષ્ય બાંધે છે, તે જીવ નરકાદિ અશુભ ગતિના નદાવા કરે છે, તેથી ભગવાન મહાવીર સ્વામીએ શ્રેણિક રાજાને નરકગતિ નિવારણ માટે ચાર ઉપાયોનું કથન કર્યું, તેમાં એક પુણિયા શ્રાવકની સામાયિકનું ફળ લાવવાનું કહ્યું હતું. તેનાથી સ્પષ્ટ થાય છે કે સામાયિકની આરાધના નરક ગતિના બંધને અટકાવે છે. સંક્ષેપમાં સામાયિકની સાધનાથી આશ્રવ નિરોધ રૂપ સંવર, પૂર્વકૃત કર્મોની નિર્જરા અને પરંપરાએ મોક્ષની પ્રાપ્તિ થાય છે.

**સામાયિકમાં છ આવશ્યકનો સમાવેશ–** સાધનાના ક્ષેત્રમાં સામાયિક, તે સર્વ શ્રેષ્ઠ સાધના છે, તેમાં સર્વ સાધનાના અંગભૂત છ એ આવશ્યકનો સમાવેશ થાય છે.

**છ આવશ્યક :–** જૈન દર્શનમાં ધાર્મિક ક્રિયાઓમાં છ આવશ્યક મુખ્ય માનવામાં આવ્યા છે. આવશ્યકનો અર્થ છે– પ્રતિદિન અવશ્ય કરવા યોગ્ય આત્મવિશુદ્ધિ કરનારા ધાર્મિક અનુષ્ઠાનો. તે છ આવશ્યક આ પ્રમાણે છે– (૧) સામાયિક– સમભાવ, (૨) ચતુર્વિંશતિસ્તવ– ચોવીસ તીર્થંકર ભગવાનની સ્તુતિ, (૩) વંદન– ગુરુદેવને નમસ્કાર, (૪) પ્રતિક્રમણ–પાપાચરણથી દૂર થવું, (૫) કાયોત્સર્ગ– શરીરના મમત્વનો ત્યાગ કરી ધ્યાન કરવું, (૬) પ્રત્યાખ્યાન– તપ-ત્યાગ નિયમ ધારણ કરવા.

ઉક્ત છ એ છ આવશ્યકોનું પૂર્ણરૂપે આચરણ તો પ્રતિક્રમણ વખતે થાય છે પરંતુ સર્વપ્રથમ સામાયિક આવશ્યકમાં પણ બાકીના પાંચ આવશ્યકો સમાવિષ્ટ છે, તે આ પ્રમાણે છે– (૧) **करेमि सामाइयं** માં સામાયિક આવશ્યક, (૨)**भंते** માં ચતુર્વિંશતિસ્તવ, (૩)**तस्सभंते** માં ગુરુવંદના, (૪) **पडिक्कमामि** માં પ્રતિક્રમણ, (૫) **अप्पाणं वोसिरामि** માં કાયોત્સર્ગ, (૬) **सावज्जं जोगं पच्चक्खामि** માં પ્રત્યાખ્યાન આવશ્યકની ઝાંખી થાય છે. આ રીતે એક સામાયિકની સમ્યક પ્રકારની આરાધના દ્વારા પણ છ એ છ આવશ્યકોનું આચરણ કરીને જીવ પોતાનું આત્મકલ્યાણ કરી શકે છે.

❖❖❖❖❖

પરિશિષ્ટ–૩

# પ્રતિક્રમણ એક પરિશીલન

'પ્રતિક્રમણ' જૈન પરંપરાનો એક પારિભાષિક શબ્દ છે. તેનો શાબ્દિક અર્થ 'પાછા ફરવું' થાય છે. વ્યક્તિ પોતાની મર્યાદાનું અતિક્રમણ કે ઉલ્લંઘન કરીને, પોતાના સ્વભાવને છોડીને, વિભાવમાં પ્રવૃત્તિ કરીને પાપપ્રવૃત્તિનું સેવન કરે છે. તે પાપપ્રવૃત્તિના સેવનથી કર્મબંધ, જન્મ, જરા, મૃત્યુ, પુનઃ જન્મ વગેરે અનંતકાલીન દુઃખની પરંપરા ચાલે છે. સ્વયંને સ્વયંનું ભાન થાય ત્યારે તે પોતાના અતિક્રમણથી પાછો ફરી સ્વસ્થાનમાં સ્થિર થઈ સ્વસ્થતા અને શાંતિ-સમાધિનો અનુભવ કરે છે. આ રીતે જીવનો સર્વ દુઃખોથી મુક્ત થવાનો, શાશ્વત શાંતિ-સમાધિ પ્રાપ્ત કરવાનો માર્ગ એક માત્ર **પ્રતિક્રમણ** જ છે, તેથી સાધના ક્ષેત્રમાં આત્મવિશુદ્ધિ માટે પ્રતિક્રમણની મહત્તા સ્વીકારીને સાધકના આવશ્યક કૃત્યમાં પ્રતિક્રમણનો સમાવેશ કર્યો છે.

આચાર્ય હરિભદ્રસૂરિએ આવશ્યક સૂત્રની ટીકામાં પ્રતિક્રમણની વ્યાખ્યા કરતા ત્રણ મહત્વપૂર્ણ પ્રાચીન શ્લોક ઉદ્ધૃત કર્યા છે. યથા–

**स्वस्थानाद् यत्परस्थानं प्रमादस्य वशाद् गतः ।**
**तत्रैव क्रमणं भूयः प्रतिक्रमणमुच्यते ॥१॥**

પ્રમાદવશ શુભ યોગોથી ચ્યુત થઈને અશુભ યોગોને પ્રાપ્ત કર્યા પછી ફરીને શુભયોગોને પ્રાપ્ત થવું તે પ્રતિક્રમણ છે.

**क्षायोपशमिकाद् भावादौदयिकस्य वशं गतः ।**
**तत्रापि च स एवार्थः प्रतिकुलगमात्स्मृतः ॥२॥**

રાગ–દ્વેષ આદિ ઔદાયિક ભાવ સંસારનો માર્ગ છે અને સમતા, ક્ષમા, દયા, નમ્રતા આદિ ક્ષાયોપશમિક ભાવ મોક્ષ માર્ગ છે. ક્ષાયોપશમિક ભાવથી ઔદાયિક ભાવમાં પરિણત થયેલો સાધક પુનઃ ઔદાયિક ભાવથી ક્ષાયોપશમિક ભાવમાં પાછો કરે, તે પ્રતિક્રમણ કહેવાય છે.

**प्रति प्रति वर्तनं वा, शुभेषु योगेषु मोक्षफलदेषु ।**
**निःशल्यस्य यतेर्यत् तद्वा ज्ञेयं प्रतिक्रमणम् ॥३॥**

અશુભ યોગોથી નિવૃત્ત થઈને નિઃશલ્ય ભાવથી ઉત્તરોત્તર શુભ યોગોમાં પ્રવૃત્ત થવું, તે પ્રતિક્રમણ છે. સંક્ષેપમાં પ્રતિક્રમણ એટલે પાપથી પાછા ફરવું. પાપથી પાછા ફરવા માટે કટિબદ્ધ થયેલા સાધકે કાયમી શુદ્ધિ માટે સહુ પ્રથમ પાપ સેવનના કારણોને જાણીને તેનો ત્યાગ કરવો જરૂરી છે, કારણ નાશ થાય ત્યારે જ સાધકનું પ્રતિક્રમણ સાર્થક થાય છે.

**પાપ સેવનના કારણ :–** સાધના ક્ષેત્રમાં મિથ્યાત્વ, અવિરતિ, પ્રમાદ, કષાય અને અપ્રશસ્ત યોગ, આ પાંચ દોષ પાપનું સર્જન કરે છે. આ પાંચ પ્રકારના દોષ સેવનથી જ સાધક શુભ યોગને છોડીને અશુભયોગમાં કે ક્ષાયોપશિમક ભાવને છોડીને ઔદયિકભાવમાં પરિણત થઈને પાપપ્રવૃત્તિનું સેવન કરે છે, તેથી સાધકે પ્રતિદિન અંતર નિરીક્ષણ કરીને, આ પાંચે દોષોનું પ્રતિક્રમણ કરવું જરૂરી છે. મિથ્યાત્વનો ત્યાગ કરીને યથાર્થ સમજણ કે દઢતમ શ્રદ્ધારૂપ સમ્યક્ત્વનો, અવિરતિનો ત્યાગ કરીને વિરતિનો, પ્રમાદનો ત્યાગ કરીને અપ્રમત્ત ભાવનો, કષાયનો પરિહાર કરી ક્ષમા આદિ આત્મગુણોનો અને સંસારની વૃદ્ધિ

કરનારા અશુભ વ્યાપારોને છોડીને શુભ યોગોનો સ્વીકાર કરવો જોઈએ.

આચાર્ય ભદ્રબાહુ સ્વામીએ આવશ્યક નિર્યુક્તિમાં પ્રતિક્રમણના પ્રતિચરણ આદિ આઠ પર્યાયવાચી શબ્દોનું કથન કર્યું છે, જો કે આઠે ય પર્યાયવાચી શબ્દો શબ્દરૂપમાં પૃથક્-પૃથક્ છે પરંતુ ભાવની દૃષ્ટિથી પ્રાયઃ એક જ છે. તે સર્વ શબ્દો પ્રતિક્રમણના સ્વરૂપને જ સ્પષ્ટ કરે છે.

**पडिकमणं पडियरणा परिहरणा वारणा नियत्ती य ।**
**निन्दा गरिहा सोही पडिकमणं अट्ठहा होइ ॥१२३३॥**

**પ્રતિક્રમણ :–** પ્રતિક્રમણ શબ્દમાં પ્રતિ ઉપસર્ગ પૂર્વક **क्रमु** ધાતુ છે. પ્રતિ – પ્રતિકૂળ અને **क्रमु–क्रम्** ધાતુ પદનિક્ષેપ અર્થમાં છે, જે પ્રવૃત્તિથી સાધકે સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ ચારિત્ર રૂપ સ્વસ્થાનથી ચ્યુત થઈને પર સ્થાનમાં પદનિક્ષેપ કર્યો છે, ત્યાંથી પાછા ફરીને પુનઃ સ્વસ્થાનમાં પદનિક્ષેપ કરવો. સ્વસ્થાનમાં પાછા ફરવું, તે પ્રતિક્રમણ છે.

**(૨) પ્રતિચરણ** :– અહિંસા, સત્ય આદિ સંયમ ક્ષેત્રમાં સારી રીતે વિચરણ કરવું, અગ્રેસર થવું, તે પ્રતિચરણ કહેવાય છે અર્થાત્ અસંયમ ભાવથી દૂર થઈ સાવધાનીપૂર્વક સંયમ ભાવનું તથા નિર્દોષપણે પાલન કરવું તે પ્રતિચરણ છે.

**(૩) પરિહરણા :–** સર્વ પ્રકારના અશુભ યોગોનો, દુર્ધ્યાનનો, દુરાચરણનો ત્યાગ કરવો, તે પરિહરણા કહેવાય છે.

**(૪) વારણા :– आत्म निवारणा वारणा ।** વારણા – નિષેધ કરવો. વિષય ભોગની પ્રવૃત્તિમાં, વિભાવની પ્રવૃત્તિમાં જતાં આત્માને તે પ્રવૃત્તિમાં જતો રોકવો, તે વારણા છે.

**(૫) નિવૃત્તિ :–** અશુભ અર્થાત્ પાપાચરણરૂપ અકાર્યથી નિવૃત્ત થવું. તેને નિવૃત્તિ કહે છે.

**(૬) નિંદા :–** પોતાના આત્માની સાક્ષીએ પૂર્વના દુષ્કૃત્યોને ખરાબ સમજવા, તેના માટે પશ્ચાત્તાપ કરવો, તે નિંદા છે.

**(૭) ગર્હા :–** ગુરુદેવ તથા કોઈપણ અન્ય અનુભવી સાધકની સમક્ષ પોતાના પાપોને પ્રગટ કરવા, તે ગર્હા છે. બીજાની સમક્ષ પોતાની ભૂલને પ્રગટ કરવામાં માનહાનિ અને પ્રતિષ્ઠાભંગ થાય છે, તેથી જે સાધકના અંતરમાં પશ્ચાત્તાપનો પ્રબળ ભાવ હોય, પાપપ્રતિ અત્યંત ઘૃણા હોય અને આત્મવિશુદ્ધિનો દઢતમ સંકલ્પ હોય, તે જ વ્યક્તિ પોતાના પાપની ગર્હા કરી શકે છે. ગર્હા પાપપ્રક્ષાલનનું સર્વ શ્રેષ્ઠ સાધન છે.

**(૮) શુદ્ધિ :–** શુદ્ધિ એટલે મલિનતાનો નાશ કરી નિર્મળતાને પ્રાપ્ત કરવી. જે રીતે વસ્ત્ર ઉપર લાગેલા તેલ આદિના ડાઘાને સાબુ આદિથી ધોઈને સાફ કરાય છે તે જ રીતે આત્મા ઉપર લાગેલા દોષોને આલોચના, નિંદા, ગર્હા, તપશ્ચરણ આદિ ધર્મ સાધનાના સાબુથી ધોઈને સાફ કરાય છે. પ્રતિક્રમણ આત્મા ઉપર લાગેલા દોષ રૂપ ડાઘોને ધોઈ નાખવાની સાધના છે તેથી તેને શુદ્ધિ પણ કહેવાય છે. આ આઠે પર્યાયવાચી શબ્દોને જોતાં સ્પષ્ટ થાય છે કે તેમાં દરેકમાં પાપથી પાછા ફરવાની પ્રક્રિયાનું જ નિદર્શન છે.

**પ્રતિક્રમણનો વિષય :–**

આચાર્ય શ્રી ભદ્રબાહુ સ્વામીએ સૂક્ષ્મ ચિંતન અને ગંભીર વિચારણાપૂર્વક પ્રતિક્રમણના મુખ્ય ચાર વિષયોનું ઊંડાણથી ચિંતન કર્યું છે.

**पडिसिद्धाणं करणे, किच्चाणमकरणे पडिक्कमणं ।**

**असद्दहणे य तहा, विवरीयपरुवणाए य ॥** ગાથા– ૧૨૭૧(આવશ્યક નિર્યુક્તિ)

(૧) **पडिसिद्धाणं करणे**– નિષિદ્ધ કૃત્યનું આચરણ કર્યું હોય, સાધુ અને શ્રાવકોને હિંસા, અસત્ય, ચોરી આદિ પાપપ્રવૃત્તિના સેવનનો નિષધ છે, તેમ છતાં પ્રમાદાદિને વશ થઈને સાધુ કે શ્રાવકે હિંસાદિનું સેવન કર્યું હોય, તો તેનું પ્રતિક્રમણ કરવાનું છે.

(૨) **किच्चाणमकरणे**– કરણીય કૃત્યોનું આચરણ ન કર્યું હોય. પાપસેવનનો ત્યાગ જરૂરી છે, તે જ રીતે ક્ષમાદિ યતિધર્મ કે પ્રતિલેખન, પ્રમાર્જન આદિ શાસ્ત્રીય વિધાનો અનુસાર આચરણ કરવું, તે પણ તેટલું જ જરૂરી છે. શક્તિ હોવા છતાં કરવા યોગ્ય સત્કૃત્યની આરાધના ન કરવી, તે પણ એક પ્રકારનું પાપ છે. સાધકના દૈનિકકૃત્યોમાં કરણીય કૃત્યોમાં અંશ માત્ર પણ સ્ખલના થવી, તે પાપ છે, તેથી સાધકે તેનાથી પાછા ફરવું પડે છે.

(૩) **असद्हणे**– અશ્રદ્ધારૂપ ભાવ કર્યા હોય. આત્મા આદિ અમૂર્ત પદાર્થો, સ્વર્ગ, નરક આદિ અપ્રત્યક્ષ સ્થાનો વગેરે વિષયમાં શંકા–સંદેહ થાય, તો શ્રદ્ધાની શિથિલતાથી દોષ પરંપરાનું સર્જન થાય છે, તેથી સાધકે શ્રદ્ધાની શિથિલતાથી પાછા ફરવું પડે છે. આ માનસિક શુદ્ધિ રૂપ પ્રતિક્રમણ છે.

(૪) **विवरीयपरूवणा**– વિપરીત પ્રરૂપણા કરી હોય. પોતાની સ્વચ્છંદ બુદ્ધિથી જિનમાર્ગથી વિપરીત પ્રરૂપણા થાય, તો તેનાથી સ્વ–પર બંને સત્યમાર્ગથી ચલિત થાય છે, તેથી સાધકે વિપરીત પ્રરૂપણાથી પાછા ફરવું પડે છે. આ વાચિક શુદ્ધિ રૂપ પ્રતિક્રમણ છે.

આ ચારે વિષયોનું શુદ્ધ ભાવથી પ્રતિક્રમણ કરનાર સાધકની શ્રદ્ધા, પ્રરૂપણા અને સ્પર્શના રૂપ આરાધનાના ત્રણે માર્ગની શુદ્ધિ થાય છે. અશ્રદ્ધાના પ્રતિક્રમણથી શ્રદ્ધાની શુદ્ધિ, વિપરીત પ્રરૂપણાના પ્રતિક્રમણથી પ્રરૂપણાની શુદ્ધિ અને નિષિદ્ધ કૃત્યના સેવન અને કરણીય કૃત્યના અસેવનના પ્રતિક્રમણથી સ્પર્શનાની શુદ્ધિ થાય છે. આ રીતે શ્રદ્ધા, પ્રરૂપણા અને સ્પર્શનાની યથાર્થતાથી સાધકની સાધના ગતિશીલ બની જાય છે.

**પ્રતિક્રમણથી ત્રૈકાલિક શુદ્ધિ :–** ભૂતકાલના દોષોની શુદ્ધિ માટે પ્રતિક્રમણ થાય છે, તેવી એક માન્યતા પ્રચલિત છે, શ્રી ભદ્રબાહુ સ્વામીએ ત્રૈકાલિક શુદ્ધિ માટે પ્રતિક્રમણની ઉપયોગિતાને પ્રસિદ્ધ કરી છે. પ્રતિક્રમણ ભૂતકાલીન દોષોની આલોચના, નિંદા, ગર્હા અને પ્રતિક્રમણ દ્વારા શુદ્ધિ કરે છે, પ્રતિક્રમણ કરનાર સાધક વર્તમાનમાં સંવર ધર્મની આરાધના કરે છે, વર્તમાનમાં આવતા પાપોને રોકે છે, તે વર્તમાન કાલીન શુદ્ધિ છે અને સાધક તે પાપનું પુનરાવર્તન ન કરવા માટે પ્રતિજ્ઞાબદ્ધ થાય છે, તે તેની ભવિષ્યકાલીન શુદ્ધિ છે.

આ રીતે પ્રતિક્રમણથી ભૂતકાલીન ભૂલો તથા અશુભયોગથી નિવૃત્તિ થાય છે, વર્તમાનમાં શુભ યોગમાં પ્રવૃત્તિ થાય છે અને ભવિષ્યમાં પણ શુભ યોગની પ્રવૃત્તિ માટે દઢ સંકલ્પ થતો હોવાથી સાધકની ત્રૈકાલિક શુદ્ધિ થાય છે.

**પ્રતિક્રમણના પ્રકાર :–** શ્રી અનુયોગ દ્વાર સૂત્રમાં પ્રતિક્રમણના બે પ્રકાર કહ્યા છે. (૧) દ્રવ્ય પ્રતિક્રમણ અને ભાવ પ્રતિક્રમણ.

**(૧) દ્રવ્યપ્રતિક્રમણ– अणुवओगो दव्वं ।** પ્રતિક્રમણની ક્રિયા ઉપયોગ રહિત યંત્રવત્ વેઠની જેમ પૂર્ણ કરવી, તે દ્રવ્ય પ્રતિક્રમણ છે. તેમાં પોતાના પાપ દોષનું ચિંતન કે પાપ સેવનનો ખેદ થતો નથી, તેથી તે વ્યક્તિ પાપથી પાછી ફરી શકતી નથી. તે વ્યક્તિ તે જ દોષોનું વારંવાર પુનરાવર્તન કરે છે. તેથી

દ્રવ્યપ્રતિક્રમણ સાધનાનું અંગ કે આત્મવિશુદ્ધિનું કારણ બની શકતું નથી.

**(૨) ભાવપ્રતિક્રમણ :–** પ્રતિક્રમણની ક્રિયા જાગૃતિપૂર્વક કે ઉપયોગપૂર્વક થાય, તે ભાવ પ્રતિક્રમણ છે. **लोगोत्तरियं भावावस्सयं जण्णं इमं समणे वा समणी वा सावए वा साविया वा तच्चित्ते तम्मणे तल्लेसे तदज्झवसिए तत्तिव्वज्झवसाणे तदट्ठोवउत्ते तदप्पियकरणे तब्भावणाभाविए अण्णत्थ कत्थइ मणं अकरेमाणे उभओकालं आवस्सयं करेंति, से तं लोगत्तरियं भावावस्सयं।** [અનુયોગ દ્વાર સૂત્ર] સાધક સાવધાની પૂર્વક તે ક્રિયામાં દત્તચિત્ત બની, મનને એકાગ્ર કરી, અધ્યવસાયોને તે ક્રિયામાં તન્મય બનાવી, વચનને તે તે પાઠના ઉચ્ચારણમાં જોડી, કાયાને આવશ્યક ક્રિયામાં જ સંલગ્ન કરી, પોતાના દોષોના અંતરનિરીક્ષણ અને દોષ સેવનના ખેદપૂર્વક પ્રતિક્રમણની ક્રિયા કરે, તે ભાવપ્રતિક્રમણ છે. પાપના પશ્ચાતપથી જ સાધક તે ભૂલોનું પુનરાવર્તન કરતો નથી અને સાધકની ક્રમશઃ આત્મશુદ્ધિ થાય છે, તેથી ભાવ પ્રતિક્રમણ જ સાધનાનું સફળ સાધન અને આત્મશુદ્ધિનું કારણ બની શકે છે.

**કાળની અપેક્ષાએ પ્રતિક્રમણના પાંચ પ્રકાર :–**

કાલની અપેક્ષાએ પ્રતિક્રમણના પાંચ પ્રકાર થાય છે, દેવસી, રાઈ, પાખી, ચાતુર્માસિક અને સાંવત્સરિક.

(૧) દેવસી– પ્રતિદિન સાંજના સમયે દિવસના પાપોની આલોચના કરવી.

(૨) રાઈ– પ્રતિદિન પ્રાતઃકાલના સમયે રાત્રિના પાપોની આલોચના કરવી.

(૩) પાખી– મહિનામાં બે વાર અમાવાસ્યા અને પૂર્ણિમાના દિવસે પક્ષ-પંદર દિવસના પાપોની આલોચના કરવી.

(૪) ચાતુર્માસિક– ચાર મહિનાના અંતે અર્થાત્ કાર્તિકી પૂર્ણિમા, ફાગણ પૂર્ણિમા, અષાઢ પૂર્ણિમાના દિવસે ચાર મહિનામાં કરેલા પાપોની આલોચના કરવી.

(૫) સાંવત્સરિક– પ્રત્યેક વર્ષે અષાઢ પૂર્ણિમાથી પચાસમા દિવસે ભાદરવા સુદ પાંચમના દિવસે આખા વર્ષના પાપોની આલોચના કરવી.

ગૃહસ્થ રોજ પોતાના ઘરમાં ઝાડુ કાઢે છે તો પણ થોડી ઘણી ધૂળ તો રહી જ જાય છે. તે રજને કોઈ વિશેષ પર્વ આદિના દિવસ પહેલા સાફ કરવામાં આવે છે, તે જ પ્રમાણે પ્રતિદિન પ્રતિક્રમણ કરવા છતાં કોઈક ભૂલોનું પ્રમાર્જન કરવાનું બાકી રહી જાય તેના માટે પાખી પ્રતિક્રમણ કરાય છે. પખવાડિયામાં પણ જે ભૂલો રહી જાય તેના માટે ચાર્તુમાસિક પ્રતિક્રમણનું વિધાન છે. ચાર્તુમાસિક પ્રતિક્રમણથી પણ શેષ રહી ગયેલી અશુદ્ધિ સાંવત્સરિક ક્ષમાપના દિવસે પ્રતિક્રમણ કરીને દૂર કરાય છે.

સ્થાનાંગ સૂત્રના છઠ્ઠા સ્થાનમાં છ પ્રકારના પ્રતિક્રમણનું કથન છે.

**(૧) ઉચ્ચાર પ્રતિક્રમણ :–** ઉપયોગપૂર્વક વડીનીતનો ત્યાગ કર્યા પછી ઈરિયાવહિના કાર્યોત્સર્ગ દ્વારા પ્રતિક્રમણ કરવું, તે ઉચ્ચાર પ્રતિક્રમણ છે.

**(૨) પ્રશ્રવણ પ્રતિક્રમણ :–** ઉપયોગપૂર્વક લઘુનીતનો ત્યાગ કર્યા પછી ઈરિયાવહિના કાર્યોત્સર્ગ દ્વારા પ્રતિક્રમણ કરવું, તે પ્રશ્રવણ પ્રતિક્રમણ છે.

**(૩) ઇત્વર પ્રતિક્રમણ :–** દેવસિક તથા રાત્રિક આદિ સ્વલ્પકાલીન દોષોનું પ્રતિક્રમણ કરવું, તે ઇત્વર પ્રતિક્રમણ છે.

**(૪) યાવત્ કથિત પ્રતિક્રમણ :–** મહાવ્રત આદિના રૂપમાં યાવત્ જીવન માટે પાપથી નિવૃત્તિ કરવી તેને યાવત્ કથિત્ પ્રતિક્રમણ કહેવાય છે.

**(૫) યત્કિંચિન્મિથ્યા પ્રતિક્રમણ :–** સંયમમાં સાવધાન રહેવા છતાં પણ સાધુથી પ્રમાદવશ તથા આવશ્યક પ્રવૃતિવશ અસંયમરૂપ કોઈ આચરણ થઈ જાય તો તુરંત પોતાની ભૂલનો સ્વીકાર કરવો અને તે જ સમયે પશ્ચાત્તાપપૂર્વક **મિચ્છામિ દુક્કડમ્** દેવું તેને **યત્કિંચિન્મિથ્યા** પ્રતિક્રમણ કહે છે.

**(૬) સ્વપ્નાંતિક પ્રતિક્રમણ :–** સૂઈને ઉઠ્યા પછી કરાતાં પ્રતિક્રમણને સ્વપ્નાંતિક પ્રતિક્રમણ કહેવાય છે. અથવા વિકાર વાસનારૂપ કુસ્વપ્ન જોવાઈ ગયા હોય, તેનું પ્રતિક્રમણ કરવું, તેને સ્વપ્નાંતિક પ્રતિક્રમણ કહેવાય છે.

**કારણની અપેક્ષાએ પ્રતિક્રમણના પાંચ પ્રકાર :–** મિથ્યાત્વ, અવ્રત, પ્રમાદ, કષાય અને યોગ, આ પાંચ પાપસેવનના કારણ છે. તેનાથી ક્રમશઃ પાછા ફરવાથી તે તે પ્રતિક્રમણ થાય છે. તેની અપેક્ષાએ પ્રતિક્રમણના પાંચ પ્રકાર થાય છે– (૧) ચોથા ગુણસ્થાનકે સમ્યગ્દર્શનની પ્રાપ્તિ થતાં **મિથ્યાત્વનું પ્રતિક્રમણ** થાય, (૨) પાંચમા ગુણસ્થાનકે શ્રાવકના વ્રત ધારણ કરતા અને છટ્ઠા ગુણસ્થાનકે સાધુના વ્રત ધારણ કરતા **અવ્રતનું પ્રતિક્રમણ** થાય છે, (૩) સાતમા ગુણસ્થાનકે અપ્રમત્તાવસ્થાને પ્રાપ્ત થતાં **પ્રમાદનું પ્રતિક્રમણ** થાય છે (૪) અગિયારમા ગુણસ્થાન કે વીતરાગ દશાની અનુભૂતિ થતાં **કષાયનું પ્રતિક્રમણ** થાય છે અને (૫) ચૌદમા ગુણસ્થાનકે અયોગી અવસ્થા પ્રાપ્ત થતાં શુભ-અશુભ બંને પ્રકારના **યોગનું પ્રતિક્રમણ** થાય છે. આ રીતે પાંચે પ્રકારના પ્રતિક્રમણની પૂર્ણતાથી જીવ પોતાની પૂર્ણ શુદ્ધ સિદ્ધદશાને પ્રાપ્ત કરે છે.

આંશિક રૂપે આ પાંચે પ્રકારના પ્રતિક્રમણની આરાધના ગમે ત્યારે થઈ શકે છે. જેમ કે આંશિક રૂપે કષાયનો ત્યાગ કરનાર જીવ અગિયારમા ગુણસ્થાનની પૂર્વે પણ આંશિક કષાયનું પ્રતિક્રમણ કરે છે, યોગની અશુભ પ્રવૃત્તિનો ત્યાગ કરનાર સાધક સયોગી અવસ્થામાં પણ આંશિક રૂપે યોગનું પ્રતિક્રમણ કરે છે.

પ્રતિક્રમણ જૈન સાધનાનું પ્રાણતત્ત્વ છે, તેથી સાધકની દરેક આવશ્યક ક્રિયા પછી તે તે ક્રિયામાં લાગેલા દોષોનું પ્રતિક્રમણ કરવાની પદ્ધતિ છે. જેમ કે ગમનાગમન, સ્વાધ્યાય, પ્રતિલેખન, ગોચરી કે પરઠવાની ક્રિયા પછી સાધુ યથાયોગ્ય પાઠના ઉચ્ચારણ પૂર્વક તે તે ક્રિયાની શુદ્ધિ માટે દોષોની આલોચના માટે કાયોત્સર્ગ કરે છે. તે પ્રતિક્રમણ રૂપ જ છે. સાધુ એક સ્થાનથી સો હાથ દૂર સુધી જાય અને ત્યાં એક મુહૂર્ત સુધી બેસવું હોય, તો સાધુએ ત્યાં જઈને સહુ પ્રથમ ગમનાગમનનું પ્રતિક્રમણ કરવું પડે છે.

સાધુ સતત સાવધાનીપૂર્વક પ્રત્યેક ક્રિયા કરે છે તેમ છતાં ક્યારેક પ્રમાદવશ જાણતા કે અજાણતા અથવા સહસાકાર-અચાનક કોઈ પણ દોષનું સેવન થઈ જાય, ત્યારે સાધુએ તેનું 'મિચ્છામિ દુક્કડમ્' રૂપ પ્રતિક્રમણ કરવું જોઈએ. આ રીતે પ્રતિક્રમણની પ્રક્રિયાથી પ્રમાદ ભાવ દૂર થાય છે અને સાધક દોષ સેવન ન થાય તેના માટે અપ્રમત્ત બની જાય છે.

**પ્રતિક્રમણની મહત્તા :–** મનુષ્ય પોતાની ઉન્નતિ અને પ્રગતિ ઈચ્છે છે. સાધના-ક્ષેત્રમાં તે તપ કરે, જપ કરે, સંયમ પાળે કે કઠોર આચરણનું પાલન કરે છે. આ સાધના દ્વારા સર્વ બંધનોથી મુક્ત થવાની, સર્વ દુઃખોથી દૂર થવાની તેની તીવ્રતમ ઈચ્છા હોવા છતાં તેને સફળતા કેમ મળતી નથી ?

કોઈપણ ક્ષેત્રમાં ઉન્નતિ કરતાં પહેલાં પોતાની વર્તમાન અવસ્થાનું પૂરું જ્ઞાન પ્રાપ્ત કરવું અત્યંત આવશ્યક છે. કોઈ વ્યાપારી પોતાના વ્યાપારનો વિસ્તાર કરતો જ જાય પરંતુ ભૂતકાલીન વ્યાપારનો હિસાબ પૂર્ણ થયો ન હોય, તેમાં ગોટાળા હોય, તો તે વ્યાપારીનો વિકાસ કહેવાતો નથી. ભૂતકાલીન વ્યાપારના હિસાબો, લેવડ-દેવડ બધું જ પતી જાય અને ત્યાર પછી વ્યાપારનો વિસ્તાર થાય, તો તે તેનો

વાસ્તવિક વિકાસ કહેવાય છે. તે જ રીતે સાધક પોતાના ભૂતકાલીન પાપનું નિરીક્ષણ કરીને, તેની આલોચના પૂર્વક પ્રતિક્રમણ કરે ત્યાર પછી વર્તમાનમાં તપ-જપ, સંયમ, સ્વાધ્યાયાદિ અનુષ્ઠાનોની આરાધના કરે, તે આરાધનામાં પણ દોષ સેવન ન થાય, તે માટે જાગૃત રહે અને છતાં ક્યારેક દોષ સેવન થઈ જાય, તો તેનું પ્રતિક્રમણ કરે, તો જ તેની આરાધના સફળ બને છે.

પ્રતિક્રમણ જીવન રૂપી ખાતાવહીનું બારીક નિરીક્ષણ છે. સાધકે પ્રતિદિન સવારે અને સાંજે આત્મનિરીક્ષણ કરીને જોવાનું હોય છે કે તેણે શું મેળવ્યું અને શું ગુમાવ્યું ? અહિંસા, સત્ય અને સંયમની સાધનામાં તે ક્યાં સુધી આગળ વધ્યો છે ? ક્યાં ક્યાં ભૂલો કરી છે ? દશવૈકાલિક સૂત્રની ચૂલિકામાં કહ્યું છે કે– **किं मे कडं किं च मे किच्च सेसं** । હે સાધક ! તું પ્રતિદિન વિચાર કરજે કે મેં શું કર્યું છે અને આગળ શું કરવાનું બાકી છે ? આ પ્રકારની વિચારણાથી સાધક પાપનો પાપ રૂપે સ્વીકાર કરે છે. પાપને પાપ તરીકે, ભૂલને ભૂલ તરીકે સ્વીકાર કરવા માત્રથી પણ તે પાપ કે ભૂલનો રસ ઘટી જાય છે, સાધકને સ્વયં તે પાપ પ્રતિ ગ્લાનિ કે ખેદ થાય છે અને તે ખેદજનક પાપથી તે અવશ્ય નિવૃત્ત થાય છે.

આ રીતે પ્રતિક્રમણ આત્મનિરીક્ષણની પ્રજ્વલિત જ્યોતિ છે. તે જ્યોતિના તેજમાં જ સાધકની શુદ્ધિ થાય છે. પ્રતિક્રમણ સ્વયંની વાસ્તવિકતાનો બોધ છે. તે બોધથી જ ચારિત્રની શુદ્ધિ થાય છે.

પાપથી મુક્ત થવાની પ્રક્રિયા રૂપ આ પ્રતિક્રમણ આજકાલથી નહિ, હજારો લાખો વર્ષથી પણ નહિ પરંતુ અનાદિકાળથી ચાલ્યું આવે છે અને તેના દ્વારા કેટલા ય સાધકોએ પોતાનું જીવન સુધાર્યું છે, વાસનાઓ ઉપર વિજય પ્રાપ્ત કર્યો છે અને અંતે ભગવત્ પદ-સિદ્ધ પદ પ્રાપ્ત કર્યું છે.

**પ્રતિક્રમણ–ત્રીજું ઔષધ :–** આચાર્ય હરિભદ્રસૂરિ આદિ પૂર્વાચાર્યોએ પ્રતિક્રમણનું મહત્ત્વ સમજાવવા માટે એક કથાનો ઉલ્લેખ કર્યો છે.

પુરાણ યુગમાં ક્ષિતિપ્રતિષ્ઠ નામનું નગર હતું, તેમાં જિતશત્રુ રાજા રાજ્ય કરતા હતા. રાજાને પાછલી અવસ્થામાં એક પુત્રની પ્રાપ્તિ થઈ, તેથી તેને પુત્ર પર અત્યંત સ્નેહ હતો. પિતાને હંમેશાં તેના સ્વાસ્થ્યની જ ચિંતા રહેતી હતી. પુત્ર કદી પણ બીમાર ન પડે તેના ઉપચાર કરવા માટે પોતાના દેશના ત્રણ સુપ્રસિદ્ધ વૈદ્ય બોલાવ્યા અને તેમને કહ્યું કે કોઈ એવું ઔષધ બતાવો કે મારો પુત્ર સર્વદા નિરોગી રહે.

પોતપોતાની ઔષધિઓના ગુણદોષ બતાવતા **પહેલા વૈદ્યે કહ્યું :** મારી ઔષધિ સૌથી શ્રેષ્ઠ છે. જો શરીરમાં કોઈ પણ રોગ ઉત્પન્ન થયો હોય અને મારી ઔષધિ લેવામાં આવે તો રોગ શીઘ્ર નષ્ટ થઈ જાય છે પરંતુ જો કોઈ રોગ ન હોય અને ઔષધિ ખાવામાં આવે તો નવો રોગ ઉત્પન્ન થાય છે અને પછી તે રોગી મૃત્યુથી કદી પણ બચી શકતો નથી. **રાજાએ કહ્યું :** બસ, આપ કૃપા કરો. પોતાના હાથે મૃત્યુને આમંત્રણ કોણ આપે ?

**બીજા વૈદ્યે** કહ્યું : રાજન્ ! મારું ઔષધ વિશેષ લાભદાયી છે. જો કોઈ રોગી હશે તો મારું ઔષધ રોગને નષ્ટ કરી દેશે અને જો રોગ નહિ હોય તો ઔષધિ લેવાથી કોઈ લાભ કે નુકશાન થશે નહીં. **રાજાએ કહ્યું :** તમારી આ ઔષધિની પણ મારે આવશ્યકતા નથી.

**ત્રીજા વૈદ્યે કહ્યું :** મહારાજ ! આપણા રાજકુમાર માટે તો મારી ઔષધિ સર્વશ્રેષ્ઠ સિદ્ધ થશે. આપ રાજકુમારને મારી ઔષધિ પ્રતિદિન નિયમિત રીતે ખવડાવો. જો કોઈ રોગ હશે તો તે ઔષધિ રોગને તુરંત નષ્ટ કરશે અને જો કોઈ રોગ નહિ હોય તો પણ મારી ઔષધિ તો ફાયદો જ કરશે. ભવિષ્યમાં નવો રોગ પેદા થવા દેશે નહિ અને શરીરની કાંતિ, શક્તિ અને સ્વાસ્થ્યમાં નિત્ય અભિવૃદ્ધિ કરશે. રાજાએ

ત્રીજા વૈદ્યની ઔષધિ પસંદ કરી. રાજપુત્ર ઔષધિનું નિયમિત સેવન કરવા લાગ્યો તેથી તેના સ્વાસ્થ્ય, શક્તિ અને તેજસ્વીપણામાં વૃદ્ધિ થઈ.

પ્રતિક્રમણ ત્રીજા પ્રકારની ઔષધિ સમાન છે. દોષસેવન તે એક રોગ છે અને પ્રતિક્રમણ તેની ઔષધિ છે. પ્રતિક્રમણની આરાધનાથી દોષસેવન રૂપ રોગ અવશ્ય દૂર થાય છે અને દોષ સેવન રૂપ રોગ ન હોય, તેવા સાધકને પણ પ્રતિક્રમણ રૂપ ઔષધિ અવશ્ય લાભદાયી થાય છે. જેણે દોષસેવન કર્યું નથી, તેવા સાધક પણ ઉભયકાલ પ્રતિક્રમણ કરવાથી દોષોનું સેવન ન થાય, તે માટે જાગૃત બની જાય છે. તેનું ચારિત્ર શુદ્ધ, પવિત્ર અને નિર્મળ બને છે. પ્રતિક્રમણ કેવળ ભૂતકાલીન દોષોનો નાશ કરવા માટે જ નથી, પરંતુ ભવિષ્યકાલીન ભૂલો ઓછી કરવા અથવા ન કરવા માટે પણ છે. પ્રતિક્રમણના સમયની ભાવવિશુદ્ધિ, આત્મશુદ્ધિની તમન્ના સાધકના જીવનને શક્તિશાળી અને તેજસ્વી બનાવે છે.

પાપ થયું હોય કે ન થયું હોય, પરંતુ પ્રતિક્રમણ વખતે સામાયિક, ચતુર્વિંશતિસ્તવ, વંદન, કાયોત્સર્ગ અને પ્રત્યાખ્યાન આદિ આવશ્યકની સાધના થઈ જાય છે અને આ સાધના અત્યંત મહત્વપૂર્ણ છે, તેથી જ પ્રતિક્રમણ ત્રીજી ઔષધિ સમાન છે. પૂર્વકૃત પાપ હોય તો તે દૂર થાય અને જો પૂર્વકૃત પાપ ન હોય તો પણ સંયમની સાધના માટે બળ અને સ્ફૂર્તિ પ્રાપ્ત થાય છે. સંક્ષેપમાં કરેલી સાધનાનો કોઈ પણ અંશ કદી નિષ્ફળ જતો નથી.

**પ્રતિક્રમણથી પંચાચારની શુદ્ધિ :–** પ્રતિક્રમણના છ એ આવશ્યકની આરાધનાથી પંચાચારની શુદ્ધિ થાય છે. સામાયિકની આરાધનાથી ચારિત્રચારની, ચોવીસ તીર્થંકરોની સ્તુતિથી દર્શનાચારની, જ્ઞાનાદિ ગુણ સંપન્ન ગુરુને વંદન કરવાથી જ્ઞાનાદિ આચારોની, પ્રતિક્રમણ અને વ્રણ ચિકિત્સારૂપ કાયોત્સર્ગથી ચરિત્રાચારની તથા પચ્ચક્ખાણથી તપાચારની શુદ્ધિ થાય છે અને સામાયિકાદિ છ એ આવશ્યકોની વિધિપૂર્વક આરાધના કરવાથી વીર્યાચારની શુદ્ધિ થાય છે. પંચાચારની શુદ્ધિથી જ ચારિત્રની પુષ્ટિ થાય છે, તેથી જ પ્રતિક્રમણ તે ચારિત્રનો પ્રાણ છે. કોઈપણ તીર્થંકરના શાસનમાં દીક્ષા અંગીકાર કરનાર નવદીક્ષિત સાધુને સર્વ પ્રથમ આવશ્યક સૂત્રનું અધ્યયન કરાવ્યા પછી અગિયાર અંગનું અધ્યયન કરાવે છે. **सामाइयमाइयाइं एक्कारस अंगाइं अहिज्जइ ।**

**પ્રતિક્રમણ–મિચ્છામિ દુક્કડમ્ :–** જૈન ધર્મનું સમસ્ત સાધના સાહિત્ય મિચ્છામિ દુક્કડંની પ્રાધાન્યથી સભર છે. સાધક પોતાની ભૂલ માટે 'મિચ્છામિ દુક્કડમ્' કરે છે અને પાપમળને ધોઈને પવિત્ર બને છે. ભૂલ થયા પછી જો તે મિચ્છામિ દુક્કડમ્ કરે તો તે આરાધક મનાય છે અને અભિમાનવશ તે પોતાની ભૂલને સ્વીકારે નહીં અને 'મિચ્છામિ દુક્કડમ્' ન કરે, તો તે ધર્મનો વિરાધક છે.

મનમાં કોઈ પ્રત્યે દ્વેષ બુદ્ધિ થઈ હોય, તો શુદ્ધ હૃદયથી તેનું મિચ્છામિ દુક્કડમ્ કરવું જોઈએ. વિચારમાં મલિનતા પ્રવેશી હોય, વાણીમાં કટુતા આવી હોય, આચરણમાં કલુષતા આવી હોય, ખાવામાં, પીવામાં, જવા-આવવામાં, ઉઠવા-બેસવામાં, બોલવામાં, વિચારવામાં ભૂલ થઈ હોય તો સાધક મિચ્છામિ દુક્કડમ્નો આશ્રય લે છે. 'મિચ્છામિ દુક્કડમ્' કહેવું તે પ્રતિક્રમણ રૂપ પ્રાયશ્ચિત્ત છે– પ્રતિક્રમણ દ્વારા થતું પ્રાયશ્ચિત્ત સાધનાને પવિત્ર, નિર્મળ, સ્વચ્છ અને શુદ્ધ બનાવે છે.

'મિચ્છામિ દુક્કડમ્'ના કથન માત્રથી પાપ દૂર થતું નથી. શબ્દ સ્વયં પવિત્ર કે અપવિત્ર નથી. શબ્દો તો જડ છે, પરંતુ શબ્દની પાછળ રહેલો મનનો ભાવ જ મહાન સામર્થ્ય ધરાવે છે. વાણી મનનું પ્રતીક છે. મિચ્છામિ દુક્કડમ્ની પાછળ આંતરિક પાશ્ચાત્તાપનો ભાવ રહેલો છે. તે આત્મા ઉપર લાગેલા પાપમળને દૂર કરે છે, તેથી પરંપરાગત નિષ્પ્રાણ રૂઢિથી 'મિચ્છામિ દુક્કડમ્'નો પ્રયોગ ન કરતાં સાચા

મનથી પાપાચાર માટે પશ્ચાત્તાપ કરવો જોઈએ.

અપરાધ માટે તપશ્ચરણ કે અન્ય કોઈ દંડ આપવામાં આવે છે તે પણ મૂળમાં પશ્ચાત્તાપ જ છે. જો મનમાં પશ્ચાત્તાપ ન હોય અને બાહ્ય કઠોર પ્રાયશ્ચિત્ત લેવામાં આવે તો તે આત્મશુદ્ધિ કરી શકતું નથી. સાધકના અંતરમાં સ્વયં પ્રાયશ્ચિત્ત કરવાનો, પાપનું શોધન કરવાનો, આત્મશુદ્ધિ કરવાનો ઉલ્લાસ હોવો જોઈએ. ભાવવિશુદ્ધિ પૂર્વક કરેલું મિચ્છામિ દુક્કડમ્ પણ એક પ્રાયશ્ચિત્ત છે.

આજકાલ જૈનો રૂઢિવશ પ્રતિક્રમણ કરે છે, પરંતુ પુનઃ તે જ પાપ કર્યા કરે છે તેથી નિવૃત્ત થતા નથી. આ પ્રમાણે પાપ કરવું અને મિચ્છામિ દુક્કડમ્ લેવું, પુનઃ પાપ કરવું અને પુનઃ મિચ્છામિ દુક્કડમ લેવું, આ પ્રકારની યાંત્રિક પ્રક્રિયાથી આત્મશુદ્ધિ થતી નથી. જૈન ધર્મ આવી સાધનાને બાહ્ય સાધના કહે છે. ભૂલનો પશ્ચાત્તાપ કરતાં પુનઃ એ ભૂલ ન કરવાનો નિશ્ચય ન કરવામાં આવે તો મિચ્છામિ દુક્કડમ્ બોલવાનો કોઈ અર્થ નથી. ભાવ રહિત મિચ્છામિ દુક્કડમ્‌ને સમજાવવા માટે આવશ્યક ચૂર્ણિમાં કુંભારના ઘડા ફોડનાર શિષ્યનું ઉદાહરણ આપ્યું છે.

એકદા એક આચાર્ય કોઈ ગામમાં ગયા અને એક કુંભારના પાડોશમાં રહ્યા. આચાર્યનો એક નાનો શિષ્ય ઘણી ચંચળ પ્રકૃતિનો હતો. કુંભાર જેવો ચાક ઉપરથી ઘડો ઉતારી જમીન ઉપર મૂકે કે શિષ્ય કાંકરો મારી તેને ફોડી નાંખે. કુંભારે તેના તે કૃત્ય તરફ ધ્યાન ખેંચ્યું તો તે મિચ્છામિ દુક્કડમ્ કહેવા લાગ્યો, પરંતુ તેણે પુનઃ પુનઃ કાંકરા મારી ઘડા ફોડવાનું ચાલુ રાખ્યું અને તે પ્રમાણે દરેક વખતે મિચ્છામિ દુક્કડમ્ કહેવાનું પણ ચાલું રાખ્યું.

અંતે કુંભાર આવેશમાં આવી ગયો. તેણે એક કાંકરો ઉઠાવ્યો અને તેને શિષ્યના કાન સાથે રાખી બળપૂર્વક દબાવ્યો. પીડા થવાથી શિષ્ય ગભરાઈ ગયો અને બૂમ પાડવા લાગ્યો. તેણે કુંભારને કહ્યું પરંતુ કુંભાર કાંકરો દબાવતો જાય અને પુનઃ પુનઃ મિચ્છામિ દુક્કડમ્ બોલતો જાય ત્યારે શિષ્યને પોતાની ભૂલ સમજાણી અને પોતાની ભૂલ કબૂલ કરી તેનું પ્રાયશ્ચિત્ત કર્યું.

જ્યાં સુધી મનમાં પશ્ચાત્તાપ ન હોય ત્યાં સુધી આ કુંભારના જેવું મિચ્છામિ દુક્કડમ્ છે. તે આત્માને શુદ્ધ કરવાને બદલે અધિક અશુદ્ધ બનાવે છે. તે માર્ગ પાપના પ્રતિકારનો નથી પરંતુ પાપના પ્રચારનો છે. આચાર્ય ભદ્રબાહુ કહે છે કે–

**जं दुक्कडं ति मिच्छा, तं भुज्जो कारणं अपूरेतो ।**
**तिविहेण पडिक्कंतो, तस्स खलु दुक्कडम् मिच्छा ॥६८४॥**

જે સાધક ત્રિવિધ યોગથી પ્રતિક્રમણ કરે છે, જે પાપ માટે 'મિચ્છામિ દુક્કડમ્' કરે છે, તે પાપમાંથી જે પાપ ભવિષ્યમાં પુનઃ કરતો નથી, તેનું જ દુષ્કૃત્ય વસ્તુતઃ મિથ્યા અર્થાત્ નિષ્ફળ બને છે.

**जं दुक्कडं ति मिच्छा, तं चेव निसेवए पुणो पावं ।**
**पच्चक्ख-मुस्सावाई, मायानियडी पसंगो य ॥६८५॥**

જો સાધક એક વાર મિચ્છામિ દુક્કડમ્ લઈ પુનઃ તે પાપાચરણનું સેવન કરે તો તે પ્રત્યક્ષ જૂઠું બોલે છે, તે માયા-કપટનું સેવન કરીને દંભની જાળ ગૂંથે છે. સંયમ-યાત્રાના પથ પર પ્રગતિ કરતાં સાધક કોઈ ભૂલ કરે તો તેનો સાચા મનથી પશ્ચાત્તાપ કરી લેવો જોઈએ અને પુનઃ તે ભૂલનું પુનરાવર્તન ન થાય, તે માટે સતત સક્રિય પ્રયત્ન ચાલુ રાખવો જોઈએ. આ પ્રમાણે મન, વાણી અને કર્મથી મિચ્છામિ દુક્કડં કરવામાં આવે તો તે કદાપિ નિષ્ફળ જતું નથી. તે અવશ્ય પાપમળને ધોઈને આત્માને નિર્મળ બનાવે છે.

**પ્રતિક્રમણનો ઈતિહાસ :–** જૈન ધર્મની જેમ પ્રતિક્રમણની સાધના અનાદિકાલીન છે. જ્યારથી જૈન ધર્મ છે, જ્યારથી સાધુ અને શ્રાવકની સાધના છે, ત્યારથી તેની શુદ્ધિ માટે પ્રતિક્રમણ પણ છે. આ દષ્ટિથી પ્રતિક્રમણ અનાદિ છે. તીર્થંકરો તીર્થની સ્થાપના કરે, તે દિવસથી જ પ્રતિક્રમણની આવશ્યકતા પડે છે. તીર્થસ્થાપનાના દિવસે જ તીર્થંકરોના અર્થરૂપ ઉપદેશના આધારે ગણધર ભગવંતો દ્વાદશાંગી સહિત આવશ્યક સૂત્રની રચના કરે છે અને તે દિવસથી ગણધર સહિત સર્વ સાધુ-સાધ્વીઓ પ્રતિક્રમણની આરાધના કરે છે. આ રીતે આવશ્યક સૂત્ર ગણધર રચિત છે તે સહજ રીતે સિદ્ધ થઈ જાય છે, તેથી જ ચતુર્વિધ સંઘ શ્રદ્ધાપૂર્વક નિર્વિવાદપણે તેની આરાધના કરી રહ્યા છે.

વર્તમાન કાળચક્રમાં ચોવીસ તીર્થંકર થયા છે. તેમાં પ્રથમ અને અંતિમ તીર્થંકરના શાસનના લોકો કાળના જડ પ્રકૃતિના છે, તેઓ સતત જાગૃત રહેતા નથી, તેથી તેમને દોષ લાગે કે ન લાગે પરંતુ તેમને માટે નિયમિત રીતે પ્રતિક્રમણ કરવાનું વિધાન હોવાથી તેઓના માટે ધ્રુવ પ્રતિક્રમણ કલ્પ હોય છે.

પ્રથમ અને અંતિમ તીર્થંકરના સાધુઓ ગમનાગમન, ગોચરી, પ્રતિલેખન આદિ ક્રિયાઓ કરીને તેનું તુરંત પ્રતિક્રમણ કરે છે અને દિવસમાં ઉભયકાલ પણ અવશ્ય પ્રતિક્રમણ કરે છે. તે ઉપરાંત તેઓ દેવસી, રાત્રિક, પાખી, ચોમાસી અને સાંવત્સરિક, આ પાંચે પ્રતિક્રમણની આરાધના અવશ્ય કરે છે.

મધ્યના બાવીશ તીર્થંકરોના સમયમાં સાધકો સરળ, પ્રજ્ઞાવાન, વિવેકનિષ્ઠ અને જાગરૂક હોય છે, તેથી તેઓ જ્યારે દોષ લાગે ત્યારે જ પ્રતિક્રમણ કરે છે અને તેથી તેમના શાસનમાં અધ્રુવ પ્રતિક્રમણ કલ્પ હોય છે. શ્રી ભદ્રબાહુ સ્વામીએ પણ આવશ્યક નિર્યુક્તિમાં કહ્યું છે કે–

**सपडिक्कमाणो धम्मो, पुरिमस्स य पच्छिमस्स य जिणस्स ।**
**मज्झिमयाण जिणाणं, कारणजाए पडिक्कमणं ॥१२४४॥**

પ્રથમ અને અંતિમ તીર્થંકરના શાસનમાં પ્રતિક્રમણ સહિત પંચ મહાવ્રતરૂપ ધર્મ છે અને મધ્યના બાવીસ તીર્થંકરના શાસનમાં પાપરૂપ કારણ ઉપસ્થિત થાય, ત્યારે પ્રતિક્રમણ કરે છે.

મહાવિદેહ ક્ષેત્રમાં પરંપરાનુસાર હંમેશાં બાવીસ તીર્થંકરોના જેવું જ જિનશાસન વર્તે છે. ત્યાં પણ દોષ લાગે ત્યારે પ્રતિક્રમણ કરી લેવામાં આવે છે. ત્યાં ઉભયકાળ પ્રતિક્રમણ નથી, તેથી ત્યાં પણ અધ્રુવ પ્રતિક્રમણ કલ્પ હોય છે.

૨૪ તીર્થંકરોના શાસનમાં શ્રાવકોના પ્રતિક્રમણ સંબંધી કેવી સ્થિતિ હતી તે સપ્રમાણ સ્પષ્ટ નથી, પરંતુ એટલું કહી શકાય કે સાધુઓ પ્રમાણે શ્રાવકો પણ પોત પોતાના શાસનમાં યથાકાળ ધ્રુવ અને અધ્રુવ પ્રતિક્રમણ કરતા હશે.

**પ્રતિક્રમણનો સમય :–** દિવસની સમાપ્તિ થતાં દેવસી પ્રતિક્રમણ અને રાત્રિ પૂર્ણ થતાં પહેલાં રાત્રિક પ્રતિક્રમણ હોય છે. મહિનામાં બે વાર અર્થાત્ શુક્લ પક્ષ પૂર્ણ થતાં અને કૃષ્ણ પક્ષ પૂર્ણ થતાં, પાક્ષિક પ્રતિક્રમણ હોય છે. ચાતુર્માસિક પ્રતિક્રમણ વર્ષમાં ત્રણ વખત કરવાનું હોય છે, તે (૧) અષાઢી પૂર્ણિમાના દિવસે, (૨) કાર્તિક પૂર્ણિમાના દિવસે અને (૩) ફાગણ પૂર્ણિમાના દિવસે. સાંવત્સરિક પ્રતિક્રમણ વર્ષમાં એકવાર ભાદ્રાપદ શુક્લ પંચમીના દિવસે સંધ્યાકાળે કરવામાં આવે છે. પાખી-પાક્ષિક, ચાતુર્માસિક અને સાંવત્સરિક પ્રતિક્રમણ તે તે દિવસ પૂર્ણ થતાં સંધ્યાકાલે થાય છે.

ઉત્તરાધ્યયન સૂત્રના ૨૬મા અધ્યયન પ્રમાણે દેવસી પ્રતિક્રમણ સાંજે દિવસના ચોથા પહોરના ચોથા ભાગમાં અસ્વાધ્યાય કાલમાં શય્યાભૂમિ અને ઉચ્ચાર ભૂમિનું પ્રતિલેખન કર્યા બાદ પ્રારંભ કરવું

જોઈએ. તેની સમાપ્તિના સમય માટે આગમમાં કોઈ સ્પષ્ટ ઉલ્લેખ નથી. વર્તમાનકાલીન પરંપરા પ્રમાણે સૂર્યાસ્ત થતાં પ્રતિક્રમણની આજ્ઞા લેવામાં આવે છે. રાત્રિક પ્રતિક્રમણનો પ્રારંભ પ્રાતઃકાળે રાત્રિના ચોથા પહોરના ચોથા ભાગમાં કરવામાં આવે છે અને સૂર્યોદય સમયે પ્રત્યાખ્યાન નામનો છટ્ઠો આવશ્યક પૂર્ણ થાય છે.

**પ્રતિક્રમણની વિધિ :–** વર્તમાનકાલીન વ્યવહારોમાં પ્રતિક્રમણની વિધિ સંબંધિ વિભિન્ન ગચ્છોમાં ભિન્ન ભિન્ન પરંપરા પ્રચલિત છે, પરંતુ ઉત્તરાધ્યયન સૂત્રના સમાચારી નામના છવ્વીસમાં અધ્યયનમાં પ્રતિક્રમણ વિધિની એક સંક્ષિપ્ત રૂપરેખા આપી છે, તે આ પ્રમાણે છે–

**देवसियं च अईयाइं, चिन्तिज्जा अणुपुव्वसो ।**
**नाणे यं दंसणे चेव, चरित्तम्मि तहेव य ॥४०॥**

**पारियकाउस्सग्गो, वन्दिताण तओ गुरुं ।**
**देवसियं तु अईयारं, आलोएज्ज जहक्कम्मं ॥४१॥**

**पडिक्कमित्तु निस्सल्लो, वन्दिताण तओ गुरुं ।**
**काउस्सग्गं तओ कुज्जा, सव्व दुक्ख विमोक्खणं ॥४२॥**

**पारिय काउस्सग्गो, वन्दिताण तओ गुरु ।**
**थुइ मंगलं च काऊण, कालं तु संपडिलेहए ॥४३॥**

(૧) સર્વ પ્રથમ કાર્યોત્સર્ગમાં જ્ઞાન, દર્શન, ચારિત્ર સંબંધી અતિચારોનું ચિંતન કરવું જોઈએ. અતિચારના ચિંતન માટે આજે હિંદી, ગુજરાતી ભાષામાં અમુક પાઠ પ્રચલિત છે. પરંતુ પ્રાચીન કાલમાં કોઈ ચોક્કસ પાઠ હોય, તેમ જણાતું નથી કારણ કે પ્રત્યેક વ્યક્તિના દૈનિક કૃત્યો, પરિસ્થિતિ, તેની પ્રકૃતિ, પાપ સેવન વગેરે ભિન્ન-ભિન્ન હોય છે. આ ભિન્ન દોષોનું પ્રતિક્રમણ કોઈ નિશ્ચિત્ત કરેલા શબ્દોથી યથાર્થ રીતે થઈ શકતું નથી. સાધક સ્વયં કાયોત્સર્ગમાં સ્થિર થઈને આત્મનિરીક્ષણ કરીને દિવસના સર્વ કૃત્યોને સ્મૃતિપટ પર લાવીને તેમાં થયેલા દોષોનું ચિંતન કરે છે.

(૨) કાયોત્સર્ગ પૂર્ણ કરી ગુરુદેવના ચરણોમાં વંદન કરે અને તેમની સમક્ષ પૂર્વ ચિંતિત અતિચારોની આલોચના કરે (૩) આ પ્રમાણે પ્રતિક્રમણ કર્યા બાદ પ્રાયશ્ચિત સ્વરૂપ કાર્યોત્સર્ગ કરવો જોઈએ.ઉત્તરાધ્યયન સૂત્રમાં એ દર્શાવ્યું નથી કે કાર્યોત્સર્ગમાં શેનું ચિંતન કરવું ? કાયોત્સર્ગ પ્રાયશ્ચિત્ત સ્વરૂપ છે, કાયોત્સર્ગમાં સમભાવનું ચિંતન જ મુખ્ય છે, પરંતુ તેમાં **लोगस्स** બોલવાની પરંપરા ચાલે છે. (૪) કાર્યોત્સર્ગ પૂર્ણ કરીને ગુરુદેવને વંદન તથા સ્તવ-સ્તુતિ મંગલ અર્થાત્ **नमोत्थुणं** નો પાઠ બોલવો. આ દેવસી પ્રતિક્રમણની વિધિ છે. અહીં આવશ્યકના અંતમાં પ્રત્યાખ્યાનનું વિધાન નથી.

**राइयं च अईयारं चिन्तिज्ज अणुपुव्वसो ।**
**नाणंमि दंसणंमि य चरित्तंमि तवंमि य ॥४८॥**

**पारिय काउस्सग्गो, वन्दिताण तओ गुरुं ।**
**राइयं तु अईयारं, आलोएज्ज जहक्कम्मं ॥४९॥**

**पडिक्कमित्तु णिस्सल्लो, वन्दिताण तओ गुरुं ।**
**काउस्सग्गं तओ कुज्जा, सव्वदुक्ख विमोक्खणं ॥५०॥**

**किं तवं पडिवज्जमि एवं तत्थ विचिन्तए ।**

**काउस्सग्गं तु पारित्ता वंदई य तओ गुरु ॥५१॥**
**पारिय काउस्सग्गो, वन्दिताण तओ गुरुं ।**
**तवं संपडिवज्जेज्जा, कुज्जा सिद्धाण संथवं ॥५२॥**

રાત્રિક પ્રતિક્રમણનો ક્રમ નિમ્નોક્ત પ્રકારે છે– (૧) સર્વ પ્રથમ કાયોત્સર્ગમાં રાત્રિ સંબંધી જ્ઞાન, દર્શન, ચારિત્ર અને તપ સંબંધી અતિચારોનું ચિંતન કરવું. (૨) કાયોત્સર્ગ પૂર્ણ કરી ગુરુને વંદન કરી તેમની સમક્ષ પૂર્વચિંતિત અતિચારોની આલોચના કરવી. (૩) આ પ્રમાણે પ્રતિક્રમણ કર્યા પછી ગુરુને વંદન અને ત્યારબાદ પુનઃ કાયોત્સર્ગ કરવો. (૪) આ કાયોત્સર્ગમાં પોતાની વર્તમાન સ્થિતિને અનુકૂળ ગ્રહણ કરવા યોગ્ય તપરૂપ પ્રત્યાખ્યાનનો વિચાર કરવો. (૫) કાર્યોત્સર્ગ પૂર્ણ કર્યા પછી ગુરુને વંદન અને તેમની પાસે પ્રત્યાખ્યાનનો સ્વીકાર કરવો. (૬) અંતમાં સ્તવ-સ્તુતિ દ્વારા આવશ્યકની સમાપ્તિ કરવી.

શ્રી ઉત્તરાધ્યયન સૂત્રમાં દર્શાવેલી પ્રતિક્રમણ વિધિ અત્યંત સંક્ષિપ્ત છે. વર્તમાનની પરંપરા પ્રમાણે તેમાં ઘણા ફેરફાર થયા છે.

**પ્રતિક્રમણની ભાષા :–** આવશ્યક સૂત્રની ભાષા અર્ધ માગધી છે. આજકાલ લોકોની માન્યતા એવી છે કે પ્રતિક્રમણનો અનુવાદ લોક ભાષામાં થાય અને તે પ્રમાણે પ્રતિક્રમણ થાય, તો વિશેષ લાભનું કારણ બને છે, પરંતુ મૂળભૂત ભાષામાં એક પ્રકારની ગંભીરતા છૂપાયેલી છે. લોકભાષામાં થયેલો અનુવાદ સંપૂર્ણપણે મૂળ ભાવને પ્રગટ કરી શકતો નથી. તે ઉપરાંત સહુ પોત-પોતાની ભાષામાં અનુવાદ કરે, તો સાધનાના અંગભૂત ધાર્મિક અનુષ્ઠાનોની એકરૂપતાનો નાશ થાય છે. સામૂહિક સાધના માટે એક રૂપતા અત્યંત જરૂરી છે. પ્રતિક્રમણ સૂત્રને મૂળભૂત ભાષામાં જ સુરક્ષિત રાખવું, તે સંઘ અને શાસન માટે લાભદાયી છે. તેના ભાવાર્થ-વિવેચન વગેરે સ્પષ્ટ કરવા અત્યંત જરૂરી છે.

**પ્રતિક્રમણના અધિકારી–** જેને પાપ પ્રતિ પશ્ચાત્તાપ હોય, આત્મશુદ્ધિની ભાવના હોય, તેવી પાપભીરુ વ્યક્તિઓ પ્રતિક્રમણના અધિકારી છે. પ્રત્યેક સાધુને માટે ઉભયકાલીન પ્રતિક્રમણ અવશ્ય કરણીય છે, શ્રાવકોમાં વ્રતધારી સાધક પ્રતિદિન પ્રતિક્રમણ કરતાં પોતાના વ્રતોની શુદ્ધિ કરે છે અને વ્રતધારી ન હોય, તેવા શ્રાવકો પણ પ્રતિક્રમણના માધ્યમથી સામાયિક, ચતુર્વિંશતિસ્તવ, વંદના, કાયોત્સર્ગ, પ્રત્યાખ્યાન આદિ આવશ્યકની આરાધના કરે છે. પ્રતિક્રમણની અરાધનામાં પણ તેની શ્રદ્ધા અને પ્રરૂપણા સંબંધી દોષોની આલોચના કરે છે અને પ્રતિદિન પ્રતિક્રમણની આરાધના કરતાં તે પ્રતિક્રમણના મહત્ત્વને સ્વીકારી વ્રતધારી બની શકે છે. પ્રતિક્રમણના કાલ દરમ્યાન ભાવવિશુદ્ધિથી તે અનંત કર્મોની નિર્જરા કરે છે. આ રીતે વ્રતધારી હોય કે ન હોય, તેવા બંને પ્રકારના પાપભીરુ શ્રાવકો પ્રતિક્રમણના અધિકારી છે.

**પ્રતિક્રમણનું ફળ :– पडिक्कमेणं वय-छिद्दाणि पिहेइ, पिहियवयछिद्दे पुण जीवे णिरुद्धासवे असबलचरित्ते अट्ठसु पवयाणमायासु उवउत्ते अपुहत्ते सुप्पणिहिए भवइ ।** ઉત્તરા. અધ્ય. ૨૯/૧૩. પ્રતિક્રમણ કરનાર વ્યક્તિ પોતાના વ્રતના છિદ્રને ઢાંકે છે અર્થાત્ દોષોથી નિવૃત્ત થાય છે, દોષોથી નિવૃત્ત થયેલો સાધક આશ્રવનો નિરોધ કરે છે, શબલદોષોથી રહિત શુદ્ધ સંયમવાન બનીને અષ્ટ પ્રવચન માતાની આરાધનામાં સતત સાવધાન રહે છે, સંયમ યોગોમાં તલ્લીન, ઇન્દ્રિય વિજેતા બની, સમાધિયુક્ત થઈને સંયમમાર્ગમાં વિચરણ કરે છે.

❖❖❖❖❖

પરિશિષ્ટ–૪ :

# સાધુનું પ્રતિક્રમણ

નમો અરિહંતાણં, નમો સિદ્ધાણં, નમો આયરિયાણં, નમો ઉવજ્ઝાયાણં, નમો લોએ સવ્વ સાહૂણં. તિક્ખુત્તો, આયાહિણં, પયાહિણં, વંદામિ, નમંસ્સામિ, સક્કારેમિ, સમ્માણેમિ, કલ્લાણં, મંગલં, દેવયં, ચેઈયં, પજ્જુવાસ્સામિ .

**સ્વામીનાથ પાપનું આલોયણ અને પડિક્કમણાની આજ્ઞા**

**પહેલો આવશ્યક :–** ઈચ્છામિણં ભંતે ! તુબ્ભેહિં અબ્ભણુણ્ણાએ સમાણે દેવસિયં પડિક્કમણં ઠાએમિ દેવસિયં નાણ દંસણ ચરિત્ત તવ અઈયારં ચિંતવનાર્થં કરેમિ કાઉસગ્ગં.

ત્યાર પછી ક્રમશઃ નમસ્કાર મહામંત્ર અને 'કરેમિ ભંતે'

**ઈચ્છામિ ઠામિ કાઉસ્સગ્ગં – (સંક્ષિપ્ત પ્રતિક્રમણ સૂત્ર) :–**

ઈચ્છામિ પડિક્કમિઉં (ઠામિ કાઉસ્સગં) જો મે દેવસિઓ અઈયારો કઓ, કાઈઓ, વાઈઓ, માણસિઓ – ઉસ્સુત્તો, ઉમ્મગ્ગો, અકપ્પો, અકરણિજ્જો, દુજ્ઝાઓ, દુવ્વિચિંતિઓ, અણાયારો, અણિચ્છિયવ્વો, અસમણસ્સપાઉગ્ગો, ણાણે તહ દંસણે ચરિત્તે સુએ સામાઈએ; તિણ્હં ગુત્તીણં, ચઉણ્હં કસાયાણં, પંચણ્હં મહવ્વયાણં, છણ્હં જીવનિકાયાણં, સત્તણ્હં પિંડેસણાણં, અટ્ઠણ્હં પવયણમાયાએ, નવણ્હં બંભચેરગુત્તીણં, દસવિહે સમણધમ્મે સમણાણં જોગાણં, જં ખંડિયં જં વિરાહિયં તસ્સ મિચ્છામિ દુક્કડં !

તસ્સ ઉત્તરીકરણેણં નો પાઠ બોલીને કાઉસગ્ગ કરવો. કાઉસગ્ગમાં પાંચ મહાવ્રતની પચીસ ભાવના, પાંચ સમિતિ, ત્રણ ગુપ્તિના પાઠ બોલીને તેનું ચિંતન કરવું અને નવકાર મંત્ર બોલી પ્રગટપણે નમો અરિહંતાણં બોલીને કાઉસગ્ગ પાળવો. અહીં પ્રથમ આવશ્યક પૂર્ણ થાય છે.

**બીજો આવશ્યક :–** બીજા આવશ્યકની આજ્ઞા લઈને લોગસ્સ–ચતુર્વિંશતિ સ્તવનો પાઠ બોલવો.

**ત્રીજો આવશ્યક :–** ત્રીજા આવશ્યકની આજ્ઞા લઈને ગુરુ સમક્ષ બે વાર 'ઈચ્છામિ ખમાસમણો'ના પાઠથી ઉત્કૃષ્ટ વંદના કરવી.

**ચોથો આવશ્યક :–** ચોથો આવશ્યકની આજ્ઞા લઈને જ્ઞાનના અતિચારની આલોચના માટે દિવસ સંબંધી જ્ઞાન, દર્શન, ચારિત્ર, તપ સંબંધી...પાઠ બોલવો.

દર્શનના અતિચારની આલોચના માટે દંસણ સમકિત...પાઠ બોલવો. તે પાઠમાં 'સમણોવાસએણં' શબ્દના સ્થાને સાધુએ 'સમણાણં' શબ્દ બોલવો. ત્યારપછી પંચ મહાવ્રત બોલવા.

**પહેલું મહાવ્રત** સવ્વાઓ પાણાઈવાયાઓ વેરમણં– દ્રવ્ય થકી છકાય જીવની હિંસા કરવી નહીં, કરાવવી નહીં, કરતા પ્રત્યે અનુમોદન કરવું નહીં. ક્ષેત્ર થકી આખા લોક પ્રમાણે, કાળ થકી જાવજ્જીવ સુધી, ભાવ થકી ઉપયોગ સહિત ત્રણ કરણને ત્રણ જોગે કરી નવ નવ કોટિએ પચ્ચક્ખાણ. પહેલા મહાવ્રતની પાંચ ભાવના ભાવું છું. (૧) ઈરિયા ભાવના, (૨) મનભાવના, (૩) વચનભાવના, (૪) એષણા ભાવના, (૫) આયણભંડ મત્ત નિક્ખેવણયા ભાવના. પહેલા મહાવ્રતને વિષે ૮૧ તથા ૩૬ ભાંગે કરી પાંચ ભાવનાની ખંડના કરી હોય, આત્માને મલિન કરી અનંત સંસાર વધાર્યો હોય અને જાવજ્જીવના સંયમમાં કોઈપણ

પ્રકારે પાપ દોષ લાગ્યા હોય તો અરિહંત, સિદ્ધ, કેવળી, ગુરુ, આત્માની સાક્ષીએ તસ્સ મિચ્છામિ દુક્કડં.

**બીજું મહાવ્રત** સવ્વાઓ મુસાવાયઓ વેરમણં–દ્રવ્ય થકી અસત્ય બોલવું નહીં, બોલાવવું નહીં બોલતા પ્રત્યે અનુમોદન આપવું નહીં. ક્ષેત્ર થકી આખા લોક પ્રમાણે, કાળ થકી જાવજ્જીવ સુધી, ભાવ થકી ઉપયોગ સહિત ત્રણ કરણને ત્રણ જોગે કરી નવ નવ કોટીએ પચ્ચક્ખાણ. બીજા મહાવ્રતને વિષે પાંચ ભાવના ભાવું છું. (૧) વગર વિચાર્યું બોલવું નહીં, (૨) ક્રોધે કરી અસત્ય બોલવું નહીં, (૩) લોભે કરી અસત્ય બોલવું નહીં, (૪) ભયે કરી અસત્ય બોલવું નહીં. (૫) હાસ્યે કરી અસત્ય બોલવું નહીં. બીજા મહાવ્રતને વિષે ૩૬ ભાંગે કરી પાંચ ભાવનાની ખંડના કરી હોય, આત્માને મલિન કરીને અનંત સંસાર વધાર્યો હોય, જાવજ્જીવના સંયમમાં કોઈ પણ પ્રકારે પાપ દોષ લાગ્યા હોય તો અરિહંત, સિદ્ધ, કેવળી, ગુરુ, આત્માની સાક્ષીએ તસ્સ મિચ્છામિ દુક્કડં.

**ત્રીજું મહાવ્રત** સવ્વાઓ અદિન્નાદાણાઓ વેરમણં–દ્રવ્ય થકી સચેત અચેત અને મિશ્ર ત્રણ પ્રકારની ચોરી કરવી નહીં, કરાવવી નહીં, કરતા પ્રત્યે અનુમોદન કરવું નહીં, ક્ષેત્ર થકી આખા લોક પ્રમાણે, કાળ થકી જાવજ્જીવ સુધી, ભાવ થકી ઉપયોગ સહિત ત્રણ કરણને ત્રણ જોગે કરી નવ નવ કોટીએ પચ્ચક્ખાણ ત્રીજા મહાવ્રતની પાંચ ભાવના ભાવું છું. (૧) નિર્દોષ સ્થાનક યાચીને લેવું. (૨) અણયાચી વસ્તુ લેવી નહીં, (૩) સ્થાનક સમારવું નહીં. (૪) સાધુ(સાધ્વી) સાથે સમ વિભાગ કરવો. (૫) વડેરાના વિનય તથા વૈયાવચ્ચ કરવા. ત્રીજા મહાવ્રતને વિષે ૫૪ ભાંગે કરી પાંચ ભાવનાની ખંડના કરી હોય, આત્માને મલિન કરીને અનંત સંસાર વધાર્યો હોય અને જાવજ્જીવના સંયમમાં કોઈપણ પ્રકારે તો પાપ-દોષ લાગ્યા હોય, તો અરિહંત, સિદ્ધ, કેવળી, ગુરુ, આત્માની સાક્ષીએ તસ્સ મિચ્છામિ દુક્કડં.

**ચોથું મહાવ્રત** સવ્વાઓ મેહુણાઓ વેરમણં–દ્રવ્ય થકી દેવતા, મનુષ્ય, તિર્યંચ સંબંધી મૈથુન સેવવું નહીં, સેવરાવવું નહીં, સેવતા પ્રત્યે અનુમોદન આપવું નહીં, ક્ષેત્ર થકી આખા લોક પ્રમાણે, કાળ થકી જાવજ્જીવ સુધી, ભાવ થકી ઉપયોગ સહિત ત્રણ કરણને ત્રણ જોગે કરી નવ નવ કોટીએ પચ્ચક્ખાણ. ચોથા મહાવ્રતની પાંચ ભાવના ભાવું છું. (૧) સ્ત્રી(પુરુષ) પંડગ પશુ રહિત સ્થાનક ભોગવવું. (૨) સ્ત્રી(પુરુષ) સાથે વિષય બુદ્ધિએ કથા-વાર્તા કરવી નહીં (૩) સ્ત્રી(પુરુષ)ના અંગોપાંગ વિષય બુદ્ધિએ નીરખવા નહીં. (૪) પૂર્વના કામ ભોગ સંભારવા નહીં. (૫) દિન દિન પ્રત્યે સરસ આહાર કરવો નહીં. ચોથા મહાવ્રતને વિષે ૨૭ ભાંગે કરી પાંચ ભાવનાની ખંડના કરી હોય, આત્માને મલિન કરીને, અનંત સંસાર વધાર્યો હોય અને જાવજ્જીવના સંયમમાં કોઈપણ પ્રકારે પાપ દોષ લાગ્યો હોય તો અરિહંત, સિદ્ધ, કેવળી, ગુરુ, આત્માની સાક્ષીએ તસ્સ મિચ્છામિ દુક્કડં.

**પાંચમું મહાવ્રત** સવ્વાઓ પરિગ્ગહાઓ વેરમણં–દ્રવ્ય થકી સચેત, અચેત અને મિશ્ર ત્રણ પ્રકારનો પરિગ્રહ રાખવો નહીં, રખાવવો નહીં, રાખતા પ્રત્યે અનુમોદન આપવું નહીં, ક્ષેત્ર થકી આખા લોક પ્રમાણે કાળ થકી જાવજ્જીવ સુધી, ભાવ થકી ઉપયોગ સહિત ત્રણ કરણને ત્રણ જોગે કરી નવ નવ કોટીએ પચ્ચક્ખાણ. પાંચમા મહાવ્રતની પાંચ ભાવના ભાવું છું. (૧) શ્રોત્રેંદ્રિયનો નિગ્રહ કરવો, (૨) ચક્ષુરિંદ્રિયનો નિગ્રહ કરવો, (૩) ઘ્રાણેંદ્રિયનો નિગ્રહ કરવો, (૪) રસેંદ્રિયનો નિગ્રહ કરવો, (૫) સ્પર્શેંદ્રિયનો નિગ્રહ કરવો, પાંચમા મહાવ્રતને વિષે ૫૪ ભાંગે કરી પાંચ ભાવનાની ખંડના કરી હોય, આત્માને મલિન કરીને અનંત સંસાર વધાર્યો હોય અને જાવજ્જીવના સંયમમાં કોઈપણ પ્રકારે પાપ દોષ લાગ્યા હોય તો અરિહંત, સિદ્ધ, કેવળી, ગુરુ, આત્માની સાક્ષીએ તસ્સ મિચ્છામિ દુક્કડં.

**છઠ્ઠું વ્રત** સવ્વાઓ રાઈભોયણાઓ વેરમણં–દ્રવ્ય થકી અસણં, પાણં, ખાઈમં, સાઈમં, ચાર પ્રકારનું રાત્રિ ભોજન કરવું નહીં, કરાવવું નહીં, કરતા પ્રત્યે અનુમોદન આપવું નહીં, ક્ષેત્ર થકી આખા લોક પ્રમાણે, કાળ થકી જાવજ્જીવ સુધી, ભાવ થકી ઉપયોગ સહિત ત્રણ કરણને ત્રણ જોગે કરી નવ નવ કોટીએ પચ્ચક્ખાણ છટ્ઠા રાત્રિ ભોજનને વિષે ૩૬ ભાંગે કરી વિપરીત વર્તન કરી આત્માને મલિન કરીને અનંત સંસાર વધાર્યો હોય અને જાવજ્જીવના સંયમમાં પાપ દોષ લાગ્યા હોય તો અરિહંત, સિદ્ધ, કેવળી, ગુરુ, આત્માની સાક્ષીએ તસ્સ મિચ્છામિ દુક્કડં.

**પાંચ સમિતિ :–**

**પહેલી ઈરિયા સમિતિ–** દ્રવ્ય થકી છકાય જીવને જોઈ પોંજીને ચાલવું, ક્ષેત્ર થકી ધોંસર પ્રમાણે (સાડા ત્રણ હાથ) દષ્ટિ રાખી ચાલવું, કાળ થકી દિવસે જોઈને રાત્રિએ પોંજીને ચાલવું, ભાવ થકી ઉપયોગ સહિત પહેલી સમિતિને વિષે આજના દિવસ સંબંધી જાવજ્જીવના સંયમમાં પાપ દોષ લાગ્યા હોય તો અરિહંત, સિદ્ધ, કેવળી, ગુરુ, આત્માની સાક્ષીએ તસ્સ મિચ્છામિ દુક્કડં.

**બીજી ભાષા સમિતિ–** દ્રવ્ય થકી આઠ પ્રકારની ભાષા બોલવી નહીં. (૧) કર્કશકારી, (૨) કઠોરકારી, (૩) ભેદકારી, (૪) છેદકારી, (૫) વેરકારી, (૬) વિરોધકારી, (૭) સાવદ્યકારી, (૮) નિશ્ચયકારી, આ આઠ પ્રકારની ભાષા બોલવી નહીં, બોલાવવી નહીં, બોલતા પ્રત્યે અનુમોદન આપવું નહીં, ક્ષેત્ર થકી રસ્તે ચાલતા કારણ વિના બોલવું નહીં, કાળ થકી પહોર રાત્રિ વિત્યા પછી ગાઢે શબ્દે બોલવું નહીં, ભાવ થકી ઉપયોગ સહિત, બીજી ભાષા સમિતિને વિષે આજના દિવસ સંબંધી જાવજ્જીવના સંયમમાં પાપ દોષ લાગ્યા હોય તો અરિહંત, સિદ્ધ, કેવળી, ગુરુ, આત્માની સાક્ષીએ તસ્સ મિચ્છામિ દુક્કડં.

**ત્રીજી એષણા સમિતિ–** દ્રવ્ય થકી આહાર, સ્થાનક, વસ્ત્ર, પાત્ર, ગ્રહતાં, ગવેષતાં સોળ ઉદ્ગમનના દોષ, સોળ ઉપાયણાના દોષ, દસ એષણાના દોષ, પાંચ માંડલાના દોષ, બેંતાલીસ-સુડતાલીસ તથા છન્નુ દોષ રહિત આહાર પાણી લેવાં, ક્ષેત્ર થકી બે ગાઉ ઉપરાંત આહાર પાણી લઈ જઈ ભોગવવા નહીં, કાળ થકી પહેલાં પહોરના આહાર પાણી ચોથા પહોરે ભોગવવા નહીં, ભાવ થકી ઉપયોગ સહિત. ત્રીજી સમિતિને વિષે જાવજ્જીવના સંયમમાં પાપ દોષ લાગ્યા હોય તો અરિહંત, સિદ્ધ, કેવળી, ગુરુ, આત્માની સાક્ષીએ તસ્સ મિચ્છામિ દુક્કડં.

**ચોથી આયાણ ભંડ મત્ત નિક્ખેવણયા સમિતિ–** આયાણ– લેવું, ભંડ–ઉપકરણ, મત્ત– માત્રનું ભાજન, નિક્ખેવણ–મૂકવું. દ્રવ્ય થકી ભંડોપકરણ જતનાએ લેવા મૂકવા, વાપરવા; ક્ષેત્ર થકી જ્યાં-ત્યાં વિખણ–પિખણ મૂકવાં નહીં, કાળ થકી કાળે કાળે બે વખત પડિલેહણ કરવું, ભાવ થકી ઉપયોગ સહિત. ચોથી સમિતિને વિષે આજના દિવસ સંબંધી જાવજ્જીવના સંયમમાં પાપ દોષ લાગ્યા હોય તો અરિહંત, સિદ્ધ, કેવળી, ગુરુ, આત્માની સાક્ષીએ મિચ્છામિ દુક્કડં.

**પાંચમી ઉચ્ચાર પાસવણ ખેલ જલ્લ સિંઘાણ પારિઠાવણિયા સમિતિ–** ઉચ્ચાર-વડીનીત, પાસવણ- લઘુનીત, ખેલ-બળખો, જલ્લ-શરીરનો મેલ, સિંઘાણ-નાસિકાનો મેલ, પારિઠાવણિયા-પરઠવું. દ્રવ્ય થકી પરઠવા જતાં આવસ્સહિ કહેવું, આવતાં નિસીહી કહેવું, શક્રેન્દ્ર દેવની આજ્ઞા લેવી, નીચા નમીને પરઠવું, પરઠીને ત્રણવાર વોસિરેહ વોસિરેહ કહેવું, પરઠ્યા પછી આવીને ઈરિયા વહિયા પડિકમવા (ઈરિયા વહીનો કાઉસગ કરવો) ક્ષેત્ર થકી ગૃહસ્થને આંગણે પરઠવું નહીં, કાળ થકી દિવસે જોયેલી

જગ્યાએ રાત્રે પોંજીને પરઠવું, ભાવ થકી ઉપયોગ સહિત. પાંચમી સમિતિને વિષે જતા આવસ્સહિ ન કીધું હોય, આવતા નિસીહી ન કીધું હોય. શક્રેન્દ્ર દેવની આજ્ઞા ન લીધી હોય, નીચા નમીને પરઠ્યું ન હોય, પરઠીને ત્રણ વાર વોસિરેહ-વોસિરેહ ન કહ્યું હોય, આવ્યા પછી ઈરિયા વહિયા પડિકમ્યા ન હોય અને જાવજ્જીવના સંયમમાં પાપ દોષ લાગ્યા હોય તો અરિહંત સિદ્ધ, કેવળી, ગુરુ, આત્માની સાક્ષીએ તસ્સમિચ્છામિ દુક્કડં.

**ત્રણ ગુપ્તિ :–**

(૧) **મન ગુપ્તિ–** મનને માઠી રીતે પ્રવર્તાવ્યું હોય (૨) **વચન ગુપ્તિ–** વચનને માઠી રીતે પ્રવર્તાવ્યું હોય (૩) **કાય ગુપ્તિ–** કાયાને માઠી રીતે પ્રવર્તાવી હોય ને જાવજ્જીવના સંયમમાં પાપ દોષ લાગ્યો હોય તો અરિહંત સિદ્ધ, કેવળી, ગુરુ, આત્માની સાક્ષીએ તસ્સ મિચ્છામિ દુક્કડં.

પંચ મહાવ્રત, પાંચ સમિતિ, ત્રણ ગુપ્તિ આ આઠ પ્રવચન માતાને વિષે કોઈ અતિક્રમ, વ્યતિક્રમ, અતિચાર, અણાચાર જાણતા અજાણતા આજના દિવસ સંબંધી જાવજ્જીવના સંયમમાં મન વચન કાયાએ કરી પાપ દોષ લાગ્યા હોય તો અરિહંત, સિદ્ધ, કેવળી, ગુરુ, આત્માની સાક્ષીએ તસ્સમિચ્છામિ દુક્કડં.

અઢાર પાપસ્થાનક, પચીસ પ્રકારનું મિથ્યાત્વ, ચૌદ પ્રકારના સંમૂર્ચ્છિમ, ઇચ્છામિ ઠામિ કાઉસગ્ગં, નવકાર મંત્ર, કરેમિ ભંતે તથા ચતારિ મંગલંના પાઠ બોલવા ત્યારપછી ઇચ્છામિ ઠામિ સૂત્ર આલોઉં, ઈચ્છામિ પડિક્કમિઉં, પાંચ શ્રમણસૂત્ર અને પાંચ ખામણા બોલવા..

છટ્ઠા ખામણા ગુરુજીને ખમાવું, ગુરુણીને ખમાવું, ઉપકારી ભાઈ બેનોને ખમાવું, ચોરાશી લક્ષ જીવા યોનિના જીવને ખમાવું, જેમ ખમાવું તેમ સમતા ભાવે ખમાવું. સાત લાખ પૃથ્વીકાય, સાત લાખ અપ્કાય, સાત લાખ તેઉકાય, સાત લાખ વાયુકાય, દશ લાખ પ્રત્યેક વનસ્પતિકાય, ચૌદ લાખ સાધારણ વનસ્પતિ કાય, બે લાખ બેઈંદ્રિય, બે લાખ તેઈંદ્રિય, બે લાખ ચઉરિંદ્રિય, ચાર લાખ નારકી, ચાર લાખ દેવતા, ચાર લાખ તિર્યંચ પંચેન્દ્રિય, ચૌદ લાખ મનુષ્યની જાતિ એ ચોર્યાસી લાખ જીવાયોનિના જીવોને હાલતાં, ચાલતાં, ઉઠતાં, બેસતાં, છેદતાં, છેદાવતાં પાપ દોષ લાગ્યા હોય તો તસ્સ મિચ્છામિ દુક્કડં.

ખામેમિ સવ્વેજીવા– વગેરે કહેવું, ત્યારપછી બે વાર ઈચ્છામિ ખમાસમણોના પાઠથી ઉત્કૃષ્ટ વંદના કરવી. અહીં ચોથો આવશ્યક પૂર્ણ થાય છે.

**પાંચમો આવશ્યક :–** પાંચમા આવશ્યકની આજ્ઞા લઈને દેવસી(રાઈ) પ્રાયશ્ચિત્ત વિશુદ્ધનાર્થં કરેમિ કાઉસ્સગ્ગં... નમસ્કાર મંત્ર, કરેમિ ભંતે, ઈચ્છામિ ઠામિ કાઉસ્સગ્ગં અને તસ્સ ઉત્તરી કરણેણંનો પાઠ ક્રમશઃ બોલી ધર્મધ્યાનનો અથવા ચાર લોગસ્સનો કાઉસગ્ગ કરવો.

કાઉસ્સગ્ગ પૂર્ણ કરી પ્રગટપણે લોગસ્સ સૂત્ર બોલવું ત્યારપછી બે વાર ઉત્કૃષ્ટ વંદના કરીને પાંચમો આવશ્યક પૂર્ણ કરવો.

**છટ્ઠો આવશ્યક :–** ગુરુ સમક્ષ ચૌવિહારના પચ્ચક્ખાણ કરવા. અંતે ત્રણ નમોત્થુણં દ્વારા તીર્થંકરોની સ્તુતિ કરી પ્રતિક્રમણ પૂર્ણ કરવું.

❖❖❖❖❖

પરિશિષ્ટ–૫

# શ્રાવક–પ્રતિક્રમણ

**પ્રતિક્રમણ પ્રારંભ :–**

નમો અરિહંતાણં, નમો સિદ્ધાણં, નમો આયરિયાણં, નમો ઉવજ્ઝાયાણં, નમો લોએસવ્વસાહૂણં,

તિક્ખુત્તો આયાહિણં પયાહિણં વંદામિ નમંસામિ સક્કારેમિ સમ્માણેમિ કલ્લાણં મંગલં દેવયં ચેઈયં પજ્જુવાસામિ .

સ્વામીનાથ ! પાપનું આલોયણ અને પ્રતિક્રમણની આજ્ઞા.

**પહેલો આવશ્યક :–**

**પાઠ–૧ : પ્રતિક્રમણ સંકલ્પ સૂત્ર :–**

ઈચ્છામિ ણં ભંતે તુબ્ભેહિં અબ્ભણુણ્ણાએસમાણે દેવસિયં પડિક્કમણં ઠાએમિ દેવસિય જ્ઞાન દર્શન ચરિત્તાચરિત્તે તપ અતિચાર ચિંતવનાર્થં કરેમિ કાઉસગ્ગં.

નવકાર મંત્ર અને કરેમિ ભંતેનો પાઠ બોલવો.

**પાઠ–૨ : સંક્ષિપ્ત પ્રતિક્રમણ સૂત્ર :–**

ઈચ્છામિ ઠામિ કાઉસગ્ગં જો મે દેવસિઓ અઈયારો કઓ કાઈઓ વાઈઓ માણસિઓ ઉસ્સુત્તો ઉમ્મગ્ગો અકપ્પો અકરણિજ્જો દુજ્ઝાઓ દુવ્વિચિંતિઓ અણાયારો અણિચ્છિયવ્વો અસાવગપાઉગ્ગો નાણે તહ દંસણે ચરિત્તાચરિત્તે સુએ સામાઈએ તિણ્હં ગુત્તીણં ચઉણ્હં કસાયાણં પંચણ્હં મણુવ્વયાણં તિણ્હં ગુણવ્વયાણં ચઉણ્હં સિક્ખાવયાણં બારસ વિહસ્સ સાવગધમ્મસ્સ જં ખંડિયં જ વિરાહિયં તસ્સ મિચ્છામિદુક્કડં.

તસ્સ ઉત્તરીનો પાઠ બોલી ૯૯ અતિચારનો કાઉસગ્ગ કરવો. કાઉસગ્ગ પૂર્ણ થાય એટલે પ્રથમ આવશ્યક પૂર્ણ થાય છે.

**બીજો આવશ્યક :–**

લોગસ્સનો પાઠ બોલવો.

**ત્રીજો આવશ્યક :–**

**પાઠ–૩ : દ્વાદશાવર્ત ગુરુ વંદન સૂત્ર :–**

ઈચ્છામિ ખમાસમણો ! વંદિઉં જાવણિજ્જાએ નિસીહિયાએ અણુજાણહ મે મિ ઉગ્ગહં નિસીહિ અહોકાયં કાયસંફાસં ખમણિજ્જો ભે ! કિલામો અપ્પકિલંતાણં બહુસુભેણં ભે દિવસો વઈક્કંતો ? જત્તા ભે? જવણિજ્જં ચ ભે ? ખામેમિ ખમાસમણો દેવસિયં વઈક્કમં આવસ્સિયાએ પડિક્કમામિ ખમાસમણાણં દેવસિયાએ આસાયણાએ તિત્તીસણ્ણયરાએ જં કિંચિ મિચ્છાએ મણદુક્કડાએ વયદુક્કડાએ કાયદુક્કડાએ કોહાએ માણાએ માયાએ લોહાએ સવ્વકાલિયાએ સવ્વમિચ્છોવયરાએ સવ્વ ધમ્માઈક્કમણાએ

આસાયણાએ જો મે દેવસિઓ અઈયારો કઓ તસ્સ ખમાસમણો ! પડિક્કમામિ નિંદામિ ગરિહામિ અપ્પાણં વોસિરામિ.

સ્વામીનાથ ! સામાયિક એક, ચઉવિસંથો બે અને વંદના ત્રણ, આ ત્રણ આવશ્યક પૂરા થયાં, તેને વિષે વીતરાગ દેવની આજ્ઞામાં કાનો, માત્ર, મીંડુ, પદ, અક્ષર, ગાથા, સૂત્ર, ઓછું, અધિક, વિપરીત ભણાયું હોય તો, અરિહંત, અનંત સિદ્ધ ભગવાનની સાક્ષીએ તસ્સ મિચ્છામિ દુક્કડમ્.

**ચોથો આવશ્યક :–**

**પાઠ–૪ : જ્ઞાનના અતિચાર :–**

દિવસ સંબંધી જ્ઞાન, દર્શન, ચારિત્ર અને તપને વિષો જે અતિચાર લાગ્યા હોય, તે આલોઉં છું–

આગમે તિવિહે પણત્તે તં જહા– સુત્તાગમે અત્થાગમે તદુભયાગમે એહવા શ્રી જ્ઞાનને વિષે જે અતિચાર લાગ્યા હોય, તે આલોઉં છું– (૧) જં વાઈદ્ધં (૨) વચ્ચામેલિયં (૩) હીણક્ખરં (૪) અચ્ચક્ખરં (૫) પયહીણં (૬) વિણયહીણં (૭) જોગહીણં (૮) ઘોસહીણં (૯) સુટ્ઠુદિન્નં (૧૦) દુટ્ઠુપડિચ્છિયં (૧૧) અકાલે કઓ સજ્ઝાઓ (૧૨) કાલે ન કઓ સજ્ઝાઓ (૧૩) અસજ્ઝાઈએ સજ્ઝાઈયં (૧૪) સજ્ઝાઈએ ન સજ્ઝાઈયં.

એમ ભણતાં, ગણતાં ચિંતવતાં ચૌદ પ્રકારે કોઈ પાપ દોષ લાગ્યા હોય, તો અરિહંત, સિદ્ધ, કેવળી, ગુરુ આત્માની સાક્ષીએ તસ્સ મિચ્છામિ દુક્કડમ્.

**પાઠ–૫ : દર્શન સમ્યક્ત્વ :–**

દંસણ સમકિત પરમત્થ સંથવો વા સુદિટ્ઠ પરમત્થ સેવણા વા વિ વાવણ્ણ કુદંસણ વજ્જણા સમ્મત્ત સદહણા એવા સમકિતના સમણોવાસએણં સમ્મત્તસ્સ પંચ અઈયારા પેયાલા જાણિયવ્વા ન સમાયરિયવ્વા તં જહા તે આલોઉં– (૧) સંકા, (૨) કંખા, (૩) વિતિગિચ્છા, (૪) પરપાસંડ પસંસા, (૫) પરપાસંડ સંથવો.

એમ સમકિત રૂપ રત્નને વિષે મિથ્યાત્વરૂપ રજ, મેલ, દોષ લાગ્યો હોય, તો અરિહંત, સિદ્ધ, કેવળી, ગુરુ, આત્માની સાક્ષીએ તસ્સ મિચ્છામિ દુક્કડમ્.

**પાઠ–૬ : પહેલું અણુવ્રત :–**

પહેલું અણુવ્રત થૂલાઓ પાણાઈવાયાઓ વેરમણં ત્રસ જીવ બેઈંદિય તેઈંદિય ચઉરિંદિય પંચેંદિય જીવ જાણીપ્રીછી સ્વ સંબંધી શરીરમાં રહેલા પીડાકારી સઅપરાધી વિગલેન્દ્રિય વિના આકુટ્ટી હણવા નિમિત્તે હણવાના પચ્ચક્ખાણ તથા સૂક્ષ્મ એકેન્દ્રિય પણ હણવાના પચ્ચક્ખાણ જાવજ્જીવાઓ દુવિહં તિવિહેણં ન કરેમિ ન કારવેમિ મણસા વયસા કાયસા એવા પહેલા થૂલ પ્રાણાતિપાત વેરમણં વ્રતના પંચ અઈયારા પેયાલા જાણિયવ્વા ન સમાયરિયવ્વા તં જહા તે આલોઉં– (૧) બંધે, (૨) વહે, (૩) છવિચ્છેએ, (૪) અઈભારે, (૫) ભત્તપાણવોચ્છેએ.

એવા પહેલા વ્રતને વિષે આજના દિવસ સંબંધી જે કોઈ પાપ દોષ લાગ્યો હોય તો અરિહંત, સિદ્ધ, કેવળી, ગુરુ, આત્માની સાક્ષીએ તસ્સ મિચ્છામિ દુક્કડમ્.

**પાઠ–૭ : બીજું અણુવ્રત :–**

બીજું અણુવ્રત થૂલાઓ મુસાવાયાઓ વેરમણં કન્નાલિક ગોવાલિક ભોમાલિક થાપણમોસો મોટકી

કુડી સાખ ઈત્યાદિ મોટકું જૂઠું બોલવાનાં પચ્ચક્ખાણ જાવજ્જીવાએ દુવિહં તિવિહેણં ન કરેમિ ન કારવેમિ મણસા વયસા કાયસા એવા બીજા થૂલ મૃષાવાદ વેરમણં વ્રતના પંચ અઈયારા જાણિયવ્વા ન સમારિયવ્વા તં જહા તે આલોઉં– (૧) સહસાભક્ખાણે (૨) રહસાભક્ખાણે (૩) સદાર(સભર્તાર) મંતભ્એ (૪) મોસોવએસે (૫) કુડલેહકરણે .

એવા બીજા વ્રતને વિષે આજના દિવસ સંબંધી જે કોઈ પાપ દોષ લાગ્યો હોય તો અરિહંત, સિદ્ધ, કેવળી, ગુરુ, આત્માની સાક્ષીએ તસ્સ મિચ્છામિ દુક્કડમ્.

**પાઠ–૮ : ત્રીજું અણુવ્રત :–**

ત્રીજું અણુવ્રત થૂલાઓ અદિન્નદાણાઓ વેરમણં ખાતરખણી, ગાંઠડી છોડી, તાળું પર કુંચીએ કરી, પડી વસ્તુ ધણીયાતી જાણી.

ઈત્યાદિ મોટકું અદત્તાદાન લેવાનાં પચ્ચક્ખાણ, સગાસંબંધી તથા વ્યાપાર સંબંધી નભરમી વસ્તુ ઉપરાંત અદત્તાદાન લેવાનાં પચ્ચક્ખાણ જાવજ્જીવાએ દુવિહં તિવિહેણં ન કરેમિ ન કારવેમિ મણસા વયસા કાયસા એવા ત્રીજા થૂલ અદત્તાદાન વેરમણં વ્રતના પંચ અઈયારા જાણિયવ્વા ન સમાયરિયવ્વા તં જહા તે આલોઉં– (૧) તેનાહડે (૨) તક્કરપ્પઓગે (૩) વિરુદ્ધ રજ્જાઈક્કમે (૪) કૂડતોલે–કૂડમાણે (૫) તપ્પડિરૂવગ વવહારે .

એવા ત્રીજા વ્રતને વિષે આજના દિવસ સંબંધી જે કોઈ પાપ દોષ લાગ્યો હોય તો અરિહંત, સિદ્ધ, કેવળી, ગુરુ, આત્માની સાક્ષીએ તસ્સ મિચ્છામિ દુક્કડમ્.

**પાઠ–૯ : ચોથું અણુવ્રત :–**

ચોથું અણુવ્રત થૂલાઓ મેહુણાઓ વેરમણં સદાર(સભર્તાર) સંતોસિએ અવસેસ મેહુણવિહિંના પચ્ચક્ખાણ અને જે સ્ત્રી-પુરુષને મૂળ થકી કાયાએ કરી મેહુણ સેવવાના પચ્ચક્ખાણ હોય તેને દેવતા-મનુષ્ય-તિર્યંચ સંબંધી મેહુણ સેવવાના પચ્ચક્ખાણ, જાવજ્જીવાએ દેવતા સંબંધી દુવિહં તિવિહેણં ન કરેમિ ન કારવેમિ મણસા વયસા કાયસા મનુષ્ય તિર્યંચ સંબંધી એગવિહં એગવિહેણં ન કરેમિ કાયસા.

એવા ચોથા મૂલ મેહુણ વેરમણં વ્રતના પંચ અઈયારા જાણિયવ્વા, ન સમાયરિયવ્વા તં જહા, તે આલોઉં– (૧) ઈત્તરિય પરિગ્ગહિયાગમણે, (૨) અપરિગ્ગહિયાગમણે (૩) અનંગક્રીડા (૪) પરવિવાહ કરણે (૫) કામભોગેસુ તિવ્વાભિલાસા .

એવા ચોથા વ્રતને વિષે આજના દિવસ સંબંધી જે કોઈ પાપ દોષ લાગ્યો હોય તો અરિહંત, સિદ્ધ, કેવળી, ગુરુ, આત્માની સાક્ષીએ તસ્સ મિચ્છામિ દુક્કડમ્.

**પાઠ–૧૦ : પાંચમું અણુવ્રત :–**

પાંચમું અણુવ્રત થૂલાઓ પરિગ્ગહાઓ વેરમણં ખેત્ત-વત્થુનું યથાપરિમાણ, હિરણ્ણ-સુવણ્ણનું યથાપરિમાણ, ધન-ધાન્યનું યથાપરિમાણ, દુપદ-ચઉપ્પદનું યથાપરિમાણ, કુવિયનું યથાપરિમાણ. એ યથાપરિમાણ કીધું છે તે ઉપરાંત પોતાનો પરિગ્રહ કરી રાખવાનાં પચ્ચક્ખાણ.

જાવજ્જીવાએ એગવિહં તિવિહેણં .

ન કરેમિ મણસા વયસા કાયસા એવા પાંચમા થૂલ પરિગ્રહ પરિમાણ વેરમણં વ્રતના પંચ અઈયારા

જાણિયવ્વા ન સમાયરિયવ્વા તં જહા તે આલોઉં– (૧) ખેત્ત-વત્થુપ્પમાણાઈક્કમે, (૨) હિરણ્ણ-સુવણ્ણપ્પમાણાઈક્કમે, (૩) ધન-ધાન્યપ્પમાણાઈક્કમે, (૪) દુપદ-ચઉપ્પદપ્પમાણાઈક્કમે (૫) કુવિયપ્પમાણાઈક્કમે .

એવા પાંચમા વ્રતને વિષે આજના દિવસ સંબંધી જે કોઈ પાપ દોષ લાગ્યો હોય તો અરિહંત, સિદ્ધ, કેવળી, ગુરુ, આત્માની સાક્ષીએ તસ્સ મિચ્છામિ દુક્કડમ્.

## પાઠ–૧૧ : છઠ્ઠું દિશા પરિમાણ વ્રત(પહેલું ગુણ વ્રત) :–

છટ્ઠું દિસિ વ્રત ઉઢ્ઢ દિસિનું યથા પરિમાણ, અહો દિસિનું યથા પરિમાણ, તિરિય દિસિ નું પરિમાણ. એ યથાપરિમાણ કીધું છે તે ઉપરાંત સઈચ્છાએ કાયાએ જઈને પાંચ આશ્રવ સેવવાનાં પચ્ચક્ખાણ જાવજ્જીવાએ દુવિહં, તિવિહેણં ન કરેમિ, ન કારવેમિ મણસા-વયસા-કાયસા એવા છટ્ઠા દિસિ વેરમણં વ્રતના પંચ અઈયારા જાણિયવ્વા ન સમાયરિયવ્વા તં જહા, તે આલોઉં– (૧) ઉઢ્ઢદિસિપ્પમાણાઈક્કમે, (૨) અહો દિસિપ્પમાણાઈક્કમે, (૩) તિરિય દિસિપ્પમાણાઈક્કમે, (૪) ખેત વુઢ્ઢી (૫) સઈઅંતરદ્ધાએ .

એવા છટ્ઠા વ્રતને વિષે આજના દિવસે સંબંધી જે કોઈ પાપ દોષ લાગ્યો હોય તો અરિહંત, સિદ્ધ, કેવળી, ગુરુ, આત્માની સાક્ષીએ તસ્સ મિચ્છામિ દુક્કડમ્.

## પાઠ–૧૨ : સાતમું વ્રત(બીજું ગુણવ્રત) :–

સાતમું વ્રત ઉવભોગ પરિભોગવિહિં પચ્ચક્ખાયમાણે . (૧) પહેલે બોલે ઉલ્લણિયાવિહિં, (૨) દંતણવિહિં, (૩) ફલવિહિં, (૪) અબ્ભંગણવિહિં, (૫) ઉવ્વટ્ટણ વિહિં ,(૬) મજ્જણ વિહિં, (૭) વત્થ વિહિં, (૮) વિલેવણ વિહિં, (૯) પુપ્ફવિહિં, (૧૦) આભરણ વિહિં, (૧૧) ધૂપ વિહિં, (૧૨) પેજ્જ વિહિં, (૧૩) ભક્ખણ વિહિં, (૧૪) ઓદણ વિહિં, (૧૫) સૂપ વિહિં, (૧૬) વિગય વિહિં, (૧૭) સાગ વિહિં, (૧૮) માહુરય વિહિં, (૧૯) જેમણ વિહિં, (૨૦) પાણિય વિહિં, (૨૧) મુહવાસ વિહિં, (૨૨) વાહણ વિહિં, (૨૩) ઉવાણહ વિહિં, (૨૪) સયણ વિહિં, (૨૫) સચિત્ત વિહિં, (૨૬) દવ્વ વિહિં. ઈત્યાદિકનું યથા પરિમાણ કીધું છે તે ઉપરાંત ઉવભોગ પરિભોગ ભોગ નિમિત્તે ભોગવવાના પચ્ચક્ખાણ જાવજ્જીવાએ એગવિહં તિવિહેણં ન કરેમિ મણસા વયસા કાયસા એવા સાતમા ઉવભોગ-પરિભોગ. દુવિહે પણત્તે તં જહા ભોયણાઉ ય કમ્મઉ ય ભોયણાઉ સમણોવાસએણં પંચ અઈયારા જાણિયવ્વા ન સમાયરિયવ્વા, તં જહા, તે આલોઉં– (૧) સચિત્તાહારે, (૨) સચિત્ત પડિબદ્ધાહારે, (૩) અપ્પોલિઓસહિ ભક્ખણયા (૪) દુપ્પોલિઓસહિ ભક્ખણયા, (૫) તુચ્છોસહિ ભક્ખણયા, કમ્મઉણં સમણોવાસએણં પણ્ણરસ કમ્માદાણાઈ જાણિયવ્વાઈ, ન સમાયરિયવ્વાઈ તં જહા તે આલોઉં– (૧) ઈંગાલકમ્મે, (૨) વણકમ્મે, (૩) સાડીકમ્મે, (૪) ભાડીકમ્મે, (૫) ફોડીકમ્મે, (૬) દંતવાણિજ્જે, (૭) કેસ વાણિજ્જે, (૮) રસવાણિજ્જે, (૯) લક્ખવાણિજ્જે,(૧૦) વિસવાણિજ્જે, (૧૧) જંતપીલણકમ્મે, (૧૨) નિલ્લંછણ કમ્મે, (૧૩) દવગ્ગિદાવણયા (૧૪) સર દહ તલાગ પરિસોસણયા (૧૫) અસઈ જણ પોસણયા .

એવા સાતમા વ્રતને વિષે આજના દિવસ સંબંધી જે કોઈ પાપ દોષ લાગ્યો હોય તો અરિહંત, સિદ્ધ, કેવળી, ગુરુ, આત્માની સાક્ષીએ તસ્સ મિચ્છામિ દુક્કડમ્.

## પાઠ–૧૩ : આઠમું વ્રત(ત્રીજું ગુણવ્રત) :–

આઠમું વ્રત અનર્થદંડનું વેરમણં ચઉવ્વિહે અણત્થાદંડે પણત્તે તં જહા અવજ્ઝાણાચરિયં

પમાયાચરિયં, હિંસપ્પયાણં, પાવકમ્મોવએસં, એવા આઠમા અનર્થદંડ સેવવાના પચ્ચક્ખાણ જાવજ્જીવાએ દુવિહં તિવિહેણં ન કરેમિ ન કારવેમિ મણસા વયસા કાયસા એવા આઠમાં અનર્થદંડ વેરમણં વ્રતના પંચ અઈયારા જાણિયવ્વા ન સમાયરિયવ્વા તં જહા તે આલોઉં– (૧) કંદપ્પે,(૨) કુક્કુઈએ, (૩) મોહરિએ, (૪) સંજુત્તાહિગરણે, (૫) ઉવભોગ પરિભોગ અઈરત્તે .

એવા આઠમા વ્રતને વિષે આજના દિવસ સંબંધી જે કોઈ પાપ દોષ લાગ્યો હોય તો અરિહંત, સિદ્ધ, કેવળી, ગુરુ, આત્માની સાક્ષીએ તસ્સ મિચ્છામિ દુક્કડમ્.

### પાઠ–૧૪ : નવમું સામાયિક વ્રત(પહેલું શિક્ષા વ્રત) :–

નવમું સામાયિક વ્રત સાવજ્જં જોગં નું વેરમણં જાવ નિયમં પજ્જુવાસામિ .

દુવિહં, તિવિહેણં ન કરેમિ ન કારવેમિ મણસા વયસા કાયસા એવી મારી(તમારી) સદ્દહણા પ્રરૂપણાએ કરી સામાયિકનો અવસર આવે અને સામાયિક કરીએ તે વારે સ્પર્શનાએ કરી શુદ્ધ હોજો ! એવા નવમા સામાયિક વ્રતના પંચ અઈયારા જાણિયવ્વા ન સમાયરિયવ્વા તં જહા તે આલોઉં– (૧) મણ દુપ્પણિહાણે, (૨) વય દુપ્પણિહાણે, (૩) કાય દુપ્પણિહાણે, (૪) સામાઈયસ્સ સઈ અકરણયા, (૫) સામાઈયસ્સ અણવટ્ઠિયસ્સ કરણયા .

એવા નવમા વ્રતને વિષે આજના દિવસ સંબંધી જે કોઈ પાપ દોષ લાગ્યો હોય તો અરિહંત, સિદ્ધ, કેવળી, ગુરુ, આત્માની સાક્ષીએ તસ્સ મિચ્છામિ દુક્કડમ્.

### પાઠ–૧૫ : દશમું દેશાવગાસિક વ્રત (બીજું શિક્ષાવ્રત) :–

દશમું દેશાવગાસિક વ્રત દિન પ્રત્યે પ્રભાત થકી પ્રારંભીને પૂર્વાદિક છ દિશિ જેટલી ભૂમિકા મોકળી રાખી છે તે ઉપરાંત સઈચ્છાએ કાયાએ જઈને પાંચ આશ્રવ સેવવાનાં પચ્ચક્ખાણ, જાવ અહોરત્તં દુવિહં તિવિહેણં, ન કરેમિ ન કારવેમિ, મણસા વયસા કાયસા જેટલી ભૂમિકા મોકળી રાખી છે તે માંહે દ્રવ્યાદિકની જે મર્યાદા કીધી છે તે ઉપરાંત ઉવભોગ-પરિભોગ ભોગ-નિમિત્તે ભોગવવાનાં પચ્ચક્ખાણ, જાવ અહોરત્તં એગવિહં તિવિહેણં ન કરેમિ મણસા વયસા કાયસા એવા દશમા દેશાવગાસિક વ્રતના પંચ અઈયારા જાણિયવ્વા ન સમાયરિયવ્વા તં જહા તે આલોઉં– (૧) આણવણપ્પઓગે, (૨) પેસવણપ્પઓગે, (૩) સદ્દાણુવાએ, (૪) રૂવાણુવાએ, (૫) બહિયાપોગ્ગલપક્ખેવે.

એવા દસમા વ્રતને વિષે આજના દિવસ સંબંધી જે કોઈ પાપ દોષ લાગ્યો હોય તો અરિહંત, સિદ્ધ, કેવળી, ગુરુ, આત્માની સાક્ષીએ તસ્સ મિચ્છામિ દુક્કડમ્.

### પાઠ–૧૬ : અગિયારમું પૌષધ વ્રત(ત્રીજું શિક્ષાવ્રત) :–

અગિયારમું પરિપૂર્ણ પૌષધ વ્રત અસણં, પાણં, ખાઈમં સાઈમંના પચ્ચક્ખાણ; અબંભના પચ્ચક્ખાણ, મણિસોવન્નનાં પચ્ચક્ખાણ, માલાવણગ વિલેવણના પચ્ચક્ખાણ, સત્થ મુસલાદિક સાવજ્જ જોગનાં પચ્ચક્ખાણ, જાવ અહોરત્તં પજ્જુવાસામિ દુવિહં તિવિહેણં ન કરેમિ ન કારવેમિ મણસા વયસા કાયસા એવી મારી(તમારી) સદ્દહણા પ્રરૂપણાએ કરી પૌષધનો અવસર આવે અને પૌષધ કરું તે વારે સ્પર્શનાએ કરી શુદ્ધ હોજો ! એવા અગિયારમા પરિપૂર્ણ પૌષધ વ્રતના પંચ અઈયારા જાણિયવ્વા ન સમાયરિયવ્વા તં જહા તે આલોઉં– (૧) અપ્પડિલેહિય-દુપ્પલેહિય સિજ્જાસંથારએ, (૨) અપ્પમજ્જિય-

દુપ્પમજ્જિય સિજ્જા સંથારએ (૩) અપ્પડિલેહિય-દુપ્પડિલેહિય ઉચ્ચારપાસવણભૂમિ, (૪)અપ્પમજ્જિય-દુપ્પમજ્જિય ઉચ્ચારપાસવણભૂમિ (૫) પોસહસ્સ સમ્મં અણણુપાલણયા .

એવા અગિયારમા વ્રતને વિષે આજના દિવસ સંબંધી જે કોઈ પાપ દોષ લાગ્યો હોય તો અરિહંત, સિદ્ધ, કેવળી, ગુરુ, આત્માની સાક્ષીએ તસ્સ મિચ્છામિ દુક્કડમ્.

## પાઠ–૧૭ : બારમું અતિથિ સંવિભાગ વ્રત(ચોથું શિક્ષાવ્રત) :–

બારમું અતિથિ સંવિભાગ વ્રત સમણે નિગ્ગંથે ફાસુએણં એસણિજ્જેણં અસણં પાણં ખાઈમં સાઈમં વત્થ પડિગ્ગહ કંબલ પાયપુચ્છણેણં પાઢિયારૂ પીઢ ફલગ સિજ્જા સંથારએણં ઓસહ ભેસજ્જેણં પડિલાભેમાણે વિહરિસ્સામિ. એવી મારી(તમારી) સદ્દહણા પ્રરૂપણાએ કરી સુપાત્ર સાધુ-સાધ્વીની જોગવાઈ મળે અને નિર્દોષ આહાર પાણી વહોરાવું તે વારે સ્પર્શનાએ કરી શુદ્ધ હોજો ! એવા બારમા અતિથિ સંવિભાગ વ્રતના પંચ અઈયારા જાણિયવ્વા ન સમાયરિયવ્વા તં જહા તે આલોઉં– (૧) સચિત્ત નિક્ખેવણયા, (૨) સચિત્ત પેહણયા, (૩) કાલાઈક્કમે, (૪) પરોવએસે, (૫) મચ્છરિયાએ.

એવા બારમા વ્રતને વિષે આજના દિવસ સંબંધી જે કોઈ પાપ દોષ લાગ્યો હોય તો અરિહંત, સિદ્ધ, કેવળી, ગુરુ, આત્માની સાક્ષીએ તસ્સ મિચ્છામિ દુક્કડમ્.

## પાઠ–૧૮ : સંથારો – સંલેખના સૂત્ર :–

અપચ્છિમ મારણંતિય સંલેહણા પૌષધશાળા પોંજીને, ઉચ્ચાર-પાસવણ ભૂમિકા પડિલેહીને ગમણાગમણે પડિક્કમીને, દર્ભાદિક સંથારો સંથરીને દર્ભાદિક સંથારો દુરૂહીને પૂર્વ તથા ઉત્તર દિશિ પલ્યંકાદિ આસને બેસીને કરયલ સંપરિગ્ગહયં સિરસાવત્તં મત્થએ અંજલિ કટ્ટુ એવં વયાસી નમોત્થુણં અરિહંતાણં ભગવંતાણં જાવ સંપત્તાણં

એમ અનંતા સિદ્ધને નમસ્કાર કરીને વર્તમાન પોતાના ધર્મગુરુ-ધર્માચાર્યને નમસ્કાર કરીને પૂર્વે જે વ્રત આદર્યા છે; તે આલોવી પડિક્કમિ નિંદી નિઃશલ્ય થઈને સવ્વં પાણાઈવાયં પચ્ચક્ખામિ, સવ્વં મુસાવાયં પચ્ચક્ખામિ, સવ્વં અદિન્નદાણં પચ્ચક્ખામિ, સવ્વં મેહુણં પચ્ચક્ખામિ, સવ્વં પરિગ્ગહં પચ્ચક્ખામિ, સવ્વં કોહં પચ્ચક્ખામિ, જાવ મિચ્છા દંસણ સલ્લં અકરણિજ્જં જોગં પચ્ચક્ખામિ, જાવજ્જીવાએ તિવિહં તિવિહેણં ન કરેમિ ન કારવેમિ કરંતંપિ અન્નં ન સમણુજાણામિ મણસા, વયસા, કાયસા એમ અઢાર પાપસ્થાનક પચ્ચક્ખીને સવ્વં અસણં પાણં ખાઈમં સાઈમં ચઉવ્વિહં પિ આહારં પચ્ચક્ખામિ જાવજ્જીવાએ એમ ચારે આહાર પચ્ચક્ખીને જં પિ ય ઈમં શરીરં ઈટ્ઠં કંતં પિયં મણુણ્ણં મણામં ધિજ્જં વિસાસિયં સમયં અણુમયં બહુમયં ભંડ કરંડગ સમાણં રયણ કરંડગ ભૂયં મા ણં સીયં, મા ણં ઉણ્હં, મા ણં ખુહા, મા ણં પિવાસા, મા ણં બાલા, મા ણં ચોરા, મા ણં દંસા, મા ણં મસગા, મા ણં વાઈયં, પિત્તિયં, સંભિયં, સણ્ણિવાઈયં, વિવિહા રોગાયંકા, પરિસહોવસગ્ગા, ફાસાફુસંતુ, એયં પિ ય ણં ચરમેહિં ઉસ્સાસ નિસ્સાસેહિં વોસિરામિ ત્તિ કટ્ટુ એમ શરીર વોસિરાવીને કાલં અણવકંખમાણે વિહરિસ્સામિ

એવી સદ્દહણા પ્રરૂપણાએ કરી, અણસણનો અવસર આવે, અણસણ કરું તે વારે સ્પર્શનાએ કરી શુદ્ધ હોજો ! એવા અપચ્છિમ મારણંતિય સંલેહણા ઝૂસણા આરાહણાના પંચ અઈયારા, જાણિયવ્વા, ન સમાયરિયવ્વા તં જહા, તે આલોઉં– (૧) ઈહલોગા સંસપ્પઓગે, (૨) પરલોગા સંસપ્પઓગે, (૩)જીવિયા સંસપ્પઓગે, (૪) મરણા સંસપ્પઓગે, (૫) કામભોગા સંસપ્પઓગે, તસ્સ મિચ્છામિ દુક્કડં.

એમ સમકિતપૂર્વક બાર વ્રત સંલેખણા સહિત નવ્વાણું અતિચાર, તેને વિષે જ કોઈ અતિક્રમ, વ્યતિક્રમ, અતિચાર, અનાચાર જાણતાં, અજાણતાં, મન, વચન, કાયાએ કરી સેવ્યાં હોય, સેવરાવ્યા હોય, સેવતાં પ્રત્યે અનુમોદના કરી હોય તો; અરિહંત, અનંત સિદ્ધ ભગવાનની સાક્ષીએ તસ્સ મિચ્છામિ દુક્કડમ્.

**પાઠ–૧૯ : અઢાર પાપસ્થાનક સૂત્ર :–**

અઢાર પ્રકારના પાપસ્થાનક સંબંધી પાપ દોષ લાગ્યા હોય તે આલોઉં–

(૧) પ્રાણાતિપાત, (૨) મૃષાવાદ, (૩) અદત્તાદાન, (૪) મૈથુન, (૫) પરિગ્રહ, (૬) ક્રોધ, (૭) માન, (૮) માયા, (૯) લોભ, (૧૦) રાગ, (૧૧) દ્વેષ, (૧૨) કલહ, (૧૩) અભ્યાખ્યાન, (૧૪) પૈશુન્ય, (૧૫) પર–પરિવાદ, (૧૬) રઈ–અરઈ, (૧૭) માયા મોસો, (૧૮) મિચ્છા દંસણ સલ્લં .

એ અઢાર પ્રકારનાં પાપ સ્થાનક મારા જીવે(તમારા જીવે) સેવ્યા હોય, સેવરાવ્યા હોય, સેવતા પ્રત્યે અનુમોદના કરી હોય, તો અરિહંત, સિદ્ધ, કેવળી, ગુરુ, આત્માની સાક્ષીએ મિચ્છામિ દુક્કડમ્.

**પાઠ–૨૦ : પચ્ચીસ પ્રકારનાં મિથ્યાત્વ :–**

પચ્ચીસ પ્રકારનાં મિથ્યાત્વ સંબંધી પાપદોષ લાગ્યા હોય તે આલોઉં–

(૧) અભિગ્રહિક મિથ્યાત્વ, (૨) અનાભિગ્રહિક મિથ્યાત્વ, (૩) અભિનિવેશિક મિથ્યાત્વ, (૪) સાંશયિક મિથ્યાત્વ, (૫) અણાભોગ મિથ્યાત્વ, (૬) લૌકિક મિથ્યાત્વ, (૭) લોકોત્તર મિથ્યાત્વ, (૮) કુપ્રાવચન મિથ્યાત્વ, (૯) જીવને અજીવ શ્રદ્ધે તે મિથ્યાત્વ, (૧૦) અજીવને જીવ શ્રદ્ધે તે મિથ્યાત્વ, (૧૧) સાધુને કુસાધુ શ્રદ્ધે તે મિથ્યાત્વ, (૧૨) કુસાધુને સાધુ શ્રદ્ધે તે મિથ્યાત્વ, (૧૩) આઠ કર્મથી મુકાણા તેને નથી મુકાણા શ્રદ્ધે તે મિથ્યાત્વ, (૧૪) આઠ કર્મથી નથી મુકાણા તેને મુકાણા શ્રદ્ધે તે મિથ્યાત્વ, (૧૫) ધર્મને અધર્મ શ્રદ્ધે તે મિથ્યાત્વ, (૧૬) અધર્મને ધર્મ શ્રદ્ધે તે મિથ્યાત્વ, (૧૭) જિન માર્ગને અન્ય માર્ગ શ્રદ્ધે તે મિથ્યાત્વ, (૧૮) અન્ય માર્ગને જિન માર્ગ શ્રદ્ધે તે મિથ્યાત્વ, (૧૯) જિન માર્ગથી ઓછું પ્રરૂપે તે મિથ્યાત્વ (૨૦) જિન માર્ગથી અધિક પ્રરૂપે તે મિથ્યાત્વ, (૨૧) જિન માર્ગથી વિપરીત પ્રરૂપે તે મિથ્યાત્વ, (૨૨) અવિનય મિથ્યાત્વ, (૨૩) અકિરિયા મિથ્યાત્વ, (૨૪) અજ્ઞાન મિથ્યાત્વ, (૨૫) આશાતના મિથ્યાત્વ.

એ પચીસ પ્રકારનું મિથ્યાત્વ સેવ્યું હોય, સેવરાવ્યું હોય, સેવતા પ્રતિ અનુમોદના કરી હોય તો અરિહંત, સિદ્ધ, કેવળી, ગુરુ, આત્માની સાક્ષીએ મિચ્છામિ દુક્કડમ્.

**પાઠ–૨૧ : ચૌદ પ્રકારના સંમૂર્ચ્છિમ જીવ :–**

ચૌદ પ્રકારના સંમૂર્ચ્છિમ મનુષ્ય સંબંધી પાપદોષ લાગ્યા હોય તે આલોઉં– (૧) ઉચ્ચારેસુ વા, (૨) પાસવણેસુ વા, (૩) ખેલેસુ વા, (૪) સિંઘાણેસુ વા, (૫) વંતેસુ વા, (૬) પિત્તેસુ વા, (૭) પૂએસુ વા, (૮) સોણિએસુ વા, (૯) સુક્કેસુ વા, (૧૦) સુક્કપુગ્ગલપરિસાડેસુ વા, (૧૧) વિગય જીવ કલેવરેસુ વા, (૧૨) ઈત્થી પુરિસ સંજોગેસુ વા, (૧૩) નગર નિદ્ધમણેસુ વા, (૧૪) સવ્વેસુ ચેવ અસુઈટ્ઠાએસુ વા. એ ચૌદ પ્રકારના સંમૂર્ચ્છિમ મનુષ્યની વિરાધના કરી હોય તો તસ્સ મિચ્છામિ દુક્કડમ્.

ત્યારપછી ઈચ્છામિ ઠામિ કાઉસ્સગ્ગં, નવકાર મંત્ર અને કરેમિ ભંતેના પાઠ બોલવા.

**પાઠ–૨૨ : માંગલિક સૂત્ર :–**

ચત્તારિ મંગલં, અરિહંતા મંગલં, સિદ્ધા મંગલં, સાહૂ મંગલં, કેવલિ પણત્તો, ધમ્મો મંગલં, ચત્તારિ

લોગુત્તમા, અરિહંતા લોગુત્તમા, સિદ્ધા લોગુત્તમા, સાહૂ લોગુત્તમા, કેવલિપણત્તો ધમ્મો લોગુત્તમો, ચત્તારિ સરણં પવજ્જામિ, અરિહંતે સરણં પવજ્જામિ, સિદ્ધે સરણં પવજ્જામિ, સાહૂસરણં પવજ્જામિ, કેવલિપણત્તં ધમ્મં સરણં પવજ્જામિ.

ચાર શરણા, દુઃખ હરણા, અવર શરણ નહીં કોઈ,
જે ભવ્ય પ્રાણી આ દરે, અક્ષય અવિચળ પદ હોય,
અંગુઠે અમૃત વસે, લબ્ધિ તણા ભંડાર,
ગુરુ ગૌતમને સમરીએ, મનવાંછિત ફળ દાતાર,
ભાવે ભાવના ભાવીએ, ભાવે દીજે દાન,
ભાવે ધર્મ આરાધીએ, ભાવે કેવળજ્ઞાન.

ત્યારપછી ઈચ્છામિ ઠામિ સૂત્ર અને ઈચ્છામિ પડિક્કમિઉં....પાઠ બોલવા

## શ્રમણ સૂત્ર

### પાઠ–૨૩ : નિદ્રા દોષ પ્રતિક્રમણ સૂત્ર :–

ઈચ્છામિ પડિક્કમિઉં પગામસિજ્જાએ નિગામસિજ્જાએ સંથારા ઉવટ્ટણાએ પરિયટ્ટણાએ આઉટ્ટણ પસારણાએ છપ્પઈ સંઘટ્ટણાએ કુઈએ કક્કરાઈએ છીએ જંભાઈએ આમોસે સસરક્ખામોસે આઉલમાઉલાએ સોવણવત્તિયાએ ઈત્થી(પુરુષ) વિપ્પરિયાસિયાએ દિટ્ઠિ વિપ્પરિયાસિયાએ મણ વિપ્પરિયાસિયાએ પાણભોયણ વિપ્પરિયાસિયાએ. જો મે દેવસિઓ અઈયારો કઓ તસ્સ મિચ્છામિ દુક્કડં .

### પાઠ–૨૪ : ગોચર ચર્યા સૂત્ર :–

પડિક્કમામિ ગોયર ચરિયાએ ભિક્ખાયરિયાએ ઉગ્ઘાડ કવાડ-ઉગ્ઘાડણાએ સાણા-વચ્છા-દારા સંઘટ્ટણાએ મંડી પાહુડિયાએ બલિ પાહુડિયાએ ઠવણા પાહુડિયાએ સંકિએ સહસાગારે અણેસણાએ પાણભોયણાએ બીયભોયણાએ હરિયભોયણાએ પચ્છાકમ્મિયાએ પુરેકમ્મિયાએ અદિટ્ઠહડાએ દગસસટ્ઠહડાએ રયસંસટ્ઠહડાએ પારિસાડણિયાએ પારિટ્ઠાવણિયાએ ઓહાસણભિક્ખાએ જં ઉગ્ગમેણં ઉપ્પાયણેસણાએ અપરિસુદ્ધં પરિગ્ગહયં પરિભુત્તં વા જં ન પરિટ્ઠવિયં તસ્સ મિચ્છામિ દુક્કડમ્.

### પાઠ–૨૫ : ત્રીજું શ્રમણ સૂત્ર : કાલ પ્રતિલેખના પ્રતિક્રમણ :–

પડિક્કમામિ ચાઉક્કાલં સજ્ઝાયસ્સ અકરણયાએ ઉભઓકાલં ભંડોવગરણસ્સ અપ્પડિલેહણાએ દુપ્પડિલેહણાએ અપ્પમજ્જણાએ દુપ્પમજ્જણાએ અઈક્કમે વઈક્કમે અઈયારે અણાયારે જો મે દેવસિઓ અઈયારો કઓ તસ્સ મિચ્છામિ દુક્કડં .

### પાઠ–૨૬ : ચોથુ શ્રમણ સૂત્ર : (એકવિધાદિ અતિચાર પ્રતિક્રમણ) :–

પડિક્કમામિ એગવિહે અસંજમે પડિક્કમામિ દોહિં બંધણેહિં રાગ બંધણેણં દોસ બંધણેણં. પડિક્કમામિ તિહિં દંડેહિં મણ દંડેણં વય દંડેણં કાય દંડેણ. પડિક્કમામિ તિહિં ગુત્તીહિં મણ ગુત્તીએ વય ગુત્તીએ કાય ગુત્તીએ . પડિક્કમામિ તિહિં સલ્લેહિં માયા સલ્લેણં નિયાણ સલ્લેણં મિચ્છાદંસણસલ્લેણં .

પડિક્કમામિ તિહિં ગારવેહિં ઈઢ્ઢી ગારવેણં રસગારવેણં સાયાગારવેણં. પડિક્કમામિ તિહિં વિરાહણાહિં નાણ વિરાહણાએ દંસણ વિરાહણાએ ચરિત્ત વિરાહણાએ. પડિક્કમામિ ચઉહિં કસાએહિં કોહ કસાએણં માણ કસાએણં માયા કસાએણં લોહ કસાએણં પડિક્કમામિ ચઉહિં સણ્ણાહિં આહાર સણ્ણાએ ભય સણ્ણાએ મેહુણ સણ્ણાએ પરિગ્ગહ સણ્ણાહે. પડિક્કમામિ ચઉહિં વિકહાહિં ઈત્થી કહાએ ભત્તકહાએ દેસકહાએ રાયકહાએ. પડિક્કામિ ચઉહિં ઝાણેહિં અટ્ટેણં ઝાણેણં રુદ્દેણં ઝાણેણં ધમ્મેણંઝાણેણં સુક્કેણંઝાણેણં. પડિક્કમામિ પંચહિં કિરિયાહિં કાઈયાએ અહિગરણિયાએ પાઉસિયાએ પારિતાવણિયાએ પાણાઈવાય કિરિયાએ. પડિક્કમામિ પંચહિં કામગુણેહિં સદ્દેણં રૂવેણં ગંધેણં રસેણં ફાસેણં. પડિક્કમામિ પંચહિં મહવ્વએહિં સવ્વાઓ પાણાઈવાયાઓ વેરમણં સવ્વાઓ મુસાવાયાઓ વેરમણં સવ્વાઓ અદિણ્ણદાણાઓ વેરમણં સવ્વાઓ મેહુણાઓ વેરમણં સવ્વાઓ પરિગ્ગહાઓ વેરમણં. પડિક્કમામિ પંચહિં સમિઈહિં ઈરિયા સમિઈએ ભાસા સમિઈએ એસણા સમિઈએ આયાણ ભંડમત્ત નિકખેવણા સમિઈએ ઉચ્ચારપાસવણખેલ જલ્લ સિંઘાણ પારિટ્ઠાવણિયા સમિઈએ. પડિક્કમામિ છહિં જીવ નિકાએહિં પુઢવીકાએણં આઉકાએણં તેઉકાએણં વાઉકાએણં વણસ્સઈકાએણં તસ્સકાએણં. પડિક્કમામિ છહિં લેસાહિં કિણ્હલેસાએ નીલલેસાએ કાઉલેસાએ તેઉલેસાએ પઉમલેસાએ સુક્કલેસાએ. પડિક્કમામિ સત્તહિં ભયટ્ઠાણેહિં. અટ્ઠહિં મયટ્ઠાણેહિં. નવહિં બંભચેરગુત્તીહિં. દસવિહે સમણધમ્મે. એક્કારસહિં ઉવાસગપડિમાહિં. બારસહિં ભિક્ખુ પડિમાહિં. તેરસહિં કિરિયાઠાણેહિં. ચઉદ્દસહિં ભૂયગામેહિં પણ્ણરસહિં પરમાહમ્મિએહિં સોલસહિં ગાહાસોલસએહિં. સત્તરસવિહે અસંજમે. અટ્ઠારસવિહે અબંભે. એગૂણવીસાએ ણાયજ્ઝયણેહિં. વીસાએ અસમાહિઠાણેહિં. ઈક્કવીસાએ સબલેહિં. બાવીસાએ પરિસહેહિં. તેવીસાએ સૂયગડજ્ઝયણેહિં. ચઉવીસાએ દેવેહિં. પણવીસાએ ભાવણાહિં. છવ્વીસાએ દસા કપ્પ વવહારાણં ઉદ્દેસણ કાલેહિં. સત્તાવીસાએ અણગાર ગુણેહિં. અટ્ઠાવીસાએ આયારપ્પકપ્પેહિં. એગૂણતીસાએ પાવસુયપ્પસંગેહિ. તીસાએ મહામોહણીયયટ્ઠાણેહિં. એગતીસાએ સિદ્ધાઈ ગુણેહિં. બત્તીસાએ જોગ સંગહેહિં. તેત્તીસાએ આસાયણાહિં. અરિહંતાણં આસાયણાએ, સિદ્ધાણં આસાયણાએ, આયરિયાણં આસાયણાએ, ઉવજ્ઝાયાણં આસાયણાએ, સાહૂણં આસાયણાએ, સાવયાણં આસાયણાએ, સાવિયાણં આસાયણાએ, દેવાણં આસાયણાએ, દેવીણં આસાયણાએ, દેવીણં આસાયણાએ, ઈહલોગસ્સ આસાયણાએ, પરલોગસ્સ આસાયણાએ, કેવલિ પણ્ણત્તસ્સ ધમ્મસ્સ આસાયણાએ, સદેવ મણુય આસુરસ્સ લોગસ્સ આસાયણાએ, સવ્વપાણભૂયજીવસત્તાણં આસાયણાએ, કાલસ્સ આસાયણાએ, સુયસ્સ આસાયણાએ, સુયદેવાએ આસાયણાએ, વાયણારિયસ્સ આસાયણાએ, જં વાઈદ્ધં, વચ્ચામેલિયં હીણક્ખરં, અચ્ચક્ખરં, પયહીણં, વિણયહીણં, જોગહીણં, ઘોસહીણં, સુટ્ઠુદિણ્ણં, દુટ્ઠુ પડિચ્છિયં, અકાલે કઓ સજ્ઝાઓ, કાલે ન કઓ સજ્ઝાઓ, અસજ્ઝાઈએ સજ્ઝાઈયં, સજ્ઝાઈએ ન સજ્ઝાઈયં તસ્સ મિચ્છામિ દુક્કડં.

એમ એક બોલથી તેત્રીસ બોલ સુધી મારા જીવે(તમારા જીવે) જાણવા જોગ બોલ જાણ્યા ન હોય; આદરવા જોગ બોલ આદર્યા ન હોય અને છાંડવા જોગ બોલ છાંડયા ન હોય, તો અરિહંત, અનંત સિદ્ધ ભગવાનની સાક્ષીએ તસ્સ મિચ્છામિ દુક્કડમ્.

ધન્ય છે એ મહાપુરુષોને ! જેઓ જાણવા જોગ બોલ જાણતાં હશે, આદરવા જોગ આદરતા હશે અને છાંડવા જોગ છાંડતા હશે. તેમને મારી(તમારી) સમય સમયની વંદના હોજો.

### પાઠ–૨૭ : પાંચમું શ્રમણ સૂત્ર (પ્રતિજ્ઞા સૂત્ર) :–

તમો ચઉવીસાએ તિત્થયરાણં ઉસભાઈ મહાવીર પજ્જવસાણાણં. ઈણમેવ નિગ્ગંથં પાવયણં સચ્ચં

અણુત્તરં કેવલિયં પડિપુણ્ણ ણેઆઉયં સંસુદ્ધં સલ્લકત્તણં સિદ્ધિમગ્ગં મુત્તિમગ્ગં નિજ્જાણમગ્ગં નિવ્વાણમગ્ગં અવિતહમવિસંધિ સવ્વદુક્ખપહીણમગ્ગં. ઈત્થં ઠિઆ જીવા સિજ્ઝંતિ બુજ્ઝંતિ મુચ્ચંતિ પરિનિવ્વાયંતિ સવ્વ દુક્ખાણ મંતં કરંતિ. તં ધમ્મં સદ્દહામિ પત્તિઆમિ રોએમિ ફાસેમિ પાલેમિ અણુપાલેમિ. તં ધમ્મં સદ્દહંતો પત્તિઅંતો રોઅંતો ફાસંતો પાલંતો અણુપાલંતો . તસ્સ ધમ્મસ્સ કેવલી પણ્ણેત્તસ્સ અબ્ભુટ્ઠિઓમિ આરાહણાએ, વિરઓમિ વિરાહણાએ, અસંજમં પરિયાણામિ, સંજમં ઉવસંપજ્જામિ, અબંભં પરિયાણામિ, બંભં ઉસંપજ્જામિ, અકપ્પં પરિયાણામિ, કપ્પં ઉવસંપજ્જામિ, અણ્ણાણં પરિયાણામિ, ણાણં ઉવસંપજ્જામિ, અકિરિયં પરિયાણામિ, કિરિયં ઉવસંપજ્જામિ, મિચ્છત્તં પરિયાણામિ, સમ્મત્તં ઉવસંપજ્જામિ, અબોહિં પરિયાણામિ, બોહિં ઉવસંપજ્જામિ, અમગ્ગં પરિયાણામિ, મગ્ગં ઉવસંપજ્જામિ, જં સંભરામિ, જં ચ ન સંભરામિ, જં પડિક્કમામિ, જં ચ ન પડિક્કમામિ તસ્સ સવ્વસ્સ દેવસિયસ્સ અઈયારસ્સ પડિક્કમામિ. સમણોऽહં સંજય વિરય પડિહય પચ્ચક્ખાય પાવકમ્મો અનિયાણો દિટ્ઠિસંપન્ને માયામોસો વિવજ્જિઓ અઢ્ઢાઈજ્જેસુ દીવસમુદ્દેસુ પણ્ણરસ કમ્મભૂમિસુ જાવંત કેઈ સાહૂ રયહરણ ગુચ્છગ પડિગ્ગહધારા પંચ મહવ્વયધારા અટ્ઠારસ સહસ્સ સીલંગ રહધારા અક્ખય આયાર ચરિત્તા તે સવ્વે સિરસા મણસા મત્થએણં વંદામિ .

**પાઠ–૨૮ : પહેલા ખામણા :–**

(ખામણાની વિધિ : ભૂમિ ઉપર બંને ગોઠણ ઢાળી, બંને હાથની કોણીઓ નાભિએ અડાડીને રાખવી તથા બંને હાથ જોડી રાખી સ્થિર ચિત્તે ખામણા બોલવા)

પહેલા ખામણા પંચ મહાવિદેહ ક્ષેત્રને વિષે જયવંતા તીર્થંકર દેવ બિરાજે છે તેઓને કરું છું. તે સ્વામીના ગુણગ્રામ કરતાં જઘન્ય રસ ઉપજે તો કર્મની ક્રોડો ખપે અને ઉત્કૃષ્ટ રસ ઉપજે, તો આ જીવ તીર્થંકર નામ ગોત્ર ઉપાર્જે. હાલ બિરાજતા વીશ તીર્થંકરોના નામ કહું છું–

(૧) શ્રી સીમંધર સ્વામી, (૨) શ્રી જુગમંદિર સ્વામી, (૩) શ્રી બાહુ સ્વામી, (૪) શ્રી સુબાહુ સ્વામી, (૫) શ્રી સુજાતનાથ સ્વામી, (૬) શ્રી સ્વયં પ્રભ સ્વામી, (૭) શ્રી ઋષભાનન સ્વામી, (૮) શ્રી અનંતવીર્ય સ્વામી, (૯) શ્રી સૂરપ્રભ સ્વામી, (૧૦) શ્રી વિશાલપ્રભ સ્વામી, (૧૧) શ્રી વજ્રધર સ્વામી, (૧૨) શ્રી ચંદ્રાનન સ્વામી, (૧૩) શ્રી ચંદ્રબાહુ સ્વામી, (૧૪) શ્રી ભુજંગદેવ સ્વામી, (૧૫) શ્રી ઈશ્વર સ્વામી, (૧૬) શ્રી નેમપ્રભ સ્વામી, (૧૭) શ્રી વીરસેન સ્વામી, (૧૮) શ્રી મહાભદ્ર સ્વામી, (૧૯) શ્રી દેવજશ સ્વામી, (૨૦) શ્રી અજિતસેન સ્વામી.

એ જઘન્ય તીર્થંકર વીશ અને ઉત્કૃષ્ટ હોય તો ૧૬૦. તેઓને મારી(તમારી) સમય સમયની વંદના હોજો.

તે સ્વામીનાથ કેવા છે ? મારા તમારા મન મનની વાત જાણી દેખી રહ્યા છે, ઘટઘટની વાત જાણી દેખી રહ્યા છે. સમય સમયની વાત જાણી દેખી રહ્યા છે. ચૌદ રાજલોક અંજલિ જલ પ્રમાણે જાણી દેખી રહ્યા છે. તે સ્વામીને અનંત જ્ઞાન છે, અનંત દર્શન છે, અનંત ચારિત્ર છે, અનંત તપ છે, અનંત ધૈર્ય છે અનંત વીર્ય છે, એ ષટ્ ગુણે કરી સહિત છે. ચોત્રીશ અતિશયે કરી બિરાજમાન છે. પાંત્રીસ પ્રકારની સત્ય વચન વાણીના ગુણે કરી સહિત છે. એક હજારને અષ્ટ ઉત્તમ લક્ષણે કરી સહિત છે. અઢાર દોષ રહિત છે. બાર ગુણે કરી સહિત છે. ચાર કર્મ ઘનઘાતિ ક્ષય કર્યા છે. બાકીના ચાર કર્મ પાતળા પડ્યાં છે. મુક્તિ જવાના કામી થકા વિચરે છે. ભવ્ય જીવોના સંદેહ ભાંગે છે. સજોગી, સશરીરી, કેવલજ્ઞાની, કેવલદર્શની,

યથાખ્યાત ચારિત્રના ધરણહાર છે. ક્ષાયિક સમકિત, શુક્લ ધ્યાન, શુક્લ લેશ્યા, શુભ ધ્યાન, શુભ જોગ, ૬૪ ઈન્દ્રોના વંદનિક, પૂજનિક, અર્ચનિક છે. પંડિત વીર્ય આદિ અનંતગુણે કરી સહિત છે.

ધન્ય તે ગ્રામ નગર, રાયહાણી, પુર, પાટણ જ્યાં જ્યાં પ્રભુ દેશના દેતા થકા વિચારતા હશે, ત્યાં-ત્યાં રાઈસર, તલવર, માડંબિય, કોડુંબિય, શેઠ, સેનાપતિ, ગાથાપતિ, સ્વામીની દેશના સાંભળી કર્ણ પવિત્ર કરતા હશે તેમને ધન્ય છે, સ્વામીનાં દર્શન દેદાર કરી નેત્ર પવિત્ર કરતા હશે તેમને ધન્ય છે, અશનાદિક ચૌદ પ્રકારનું દાન દઈ કર પવિત્ર કરતા હશે તેમણે પણ ધન્ય છે.

ધન્ય સ્વામીનાથ ! આપશ્રી પંચ મહાવિદેહ ક્ષેત્રને વિષે બિરાજો છો. હું અપરાધી, દીન, કિંકર, ગુણહીન, અહીં બેઠો છું. આપના જ્ઞાન, દર્શન, ચારિત્ર, તપને વિષે અવિનય, આશાતના, અભક્તિ, અપરાધ થયો હોય, તો હાથ જોડી, માન મોડી, મસ્તક નમાવી ભુજ્જો ભુજ્જો કરી ખમાવું છું.

**પાઠ–૨૯ : બીજા ખામણા :–**

બીજા ખામણા અનંતા સિદ્ધ ભગવંતોને કરું છું. તે ભગવંતોના ગુણગ્રામ કરતા જઘન્ય રસ ઉપજે તો કર્મનો ક્રોડો ખપે અને ઉત્કૃષ્ટ રસ ઉપજે, તો આ જીવ તીર્થંકર નામ ગોત્ર ઉપાર્જે. આ ભરતક્ષેત્રને વિષે ચોવીસ તીર્થંકરો સિદ્ધ થયા. તેમનાં નામ કહું છું–

(૧) શ્રી ૠષભદેવ સ્વામી, (૨) શ્રી અજિતનાથ સ્વામી, (૩) શ્રી સંભવનાથ સ્વામી, (૪) અભિનંદન સ્વામી, (૫) શ્રી સુમતિનાથ સ્વામી, (૬) શ્રી પદ્મપ્રભુ સ્વામી, (૭) શ્રી સુપાર્શ્વનાથ સ્વામી, (૮) શ્રી ચંદ્રપ્રભુ સ્વામી, (૯) શ્રી સુવિધિનાથ સ્વામી, (૧૦) શ્રી શીતલનાથ સ્વામી, (૧૧) શ્રી શ્રેયાંસનાથ સ્વામી, (૧૨) શ્રી વાસુપૂજ્ય સ્વામી, (૧૩) શ્રી વિમલનાથ સ્વામી, (૧૪) શ્રી અનંતનાથ સ્વામી, (૧૫) શ્રી ધર્મનાથ સ્વામી, (૧૬) શ્રી શાંતિનાથ સ્વામી, (૧૭) શ્રી કુંથુનાથ સ્વામી, (૧૮) શ્રી અરનાથ સ્વામી, (૧૯) શ્રી મલ્લિનાથ સ્વામી, (૨૦) શ્રી મુનિસુવ્રત સ્વામી, (૨૧) શ્રી નમિનાથ સ્વામી, (૨૨) શ્રી નેમનાથ સ્વામી, (૨૩) શ્રી પાર્શ્વનાથ સ્વામી, (૨૪) શ્રી વીર વર્ધમાન મહાવીર સ્વામી.

એ એક ચોવીશી, અનંત ચોવીશી પંદર ભેદે સીઝી, બુઝી, આઠ કર્મ ક્ષય કરી મોક્ષે પધાર્યા છે, તેમને મારી તમારી સમય સમયની વંદના હોજો, આઠ કર્મનાં નામ (૧) જ્ઞાનાવરણીય, (૨) દર્શનાવરણીય, (૩) વેદનીય, (૪) મોહનીય, (૫) આયુષ્ય, (૬) નામ, (૭) ગોત્ર અને (૮) અંતરાય. એ આઠ કર્મ ક્ષય કરી, મુક્તશિલાએ પહોંચ્યા છે. તે મુક્તિશિલા ક્યાં છે ?

સમપૃથ્વીથી ૭૯૦ જોજન ઊંચપણે તારા મંડળ આવે છે. ત્યાંથી દશ જોજન ઊંચપણે સૂર્યનું વિમાન છે. ત્યાંથી ૮૦ જોજન ઊંચપણે ચંદ્રનું વિમાન છે. ત્યાંથી ચાર જોજન ઊંચપણે નક્ષત્રનાં વિમાન છે. ત્યાંથી ચાર જોજન ઊંચપણે બુધનો તારો છે. ત્યાંથી ત્રણ જોજન ઊંચપણે શુક્રનો તારો છે. ત્યાંથી ત્રણ જોજન ઊંચપણે બૃહસ્પતિ(ગુરુ)નો તારો છે. ત્યાંથી ત્રણ જોજન ઊંચપણે મંગળનો તારો છે, ત્યાંથી ત્રણ જોજન ઊંચપણે છેલ્લો શનિશ્ચરનો તારો છે, એમ નવસો જોજન સુધી જ્યોતિષ ચક્ર છે.

ત્યાંથી અસંખ્યાતા જોજનની ક્રોડા-ક્રોડી ઊંચપણે દેવલોક આવે છે. તેનાં નામઃ (પહેલું) સુધર્મ, (૨) ઈશાન, (૩) સનત્કુમાર, (૪) માહેન્દ્ર, (૫) બ્રહ્મલોક, (૬) લાંતક, (૭) મહાશુક્ર, (૮) સહસ્રાર, (૯) આણત, (૧૦) પ્રાણત, (૧૧) આરણ અને (૧૨) અચ્યુત. ત્યાંથી અસંખ્યાતા જોજનની ક્રોડા-ક્રોડી ઊંચપણે નવ ગ્રૈવેયક આવે છે. તેનાં નામ : (૧) ભદ્દે, (૨) સુભદ્દે, (૩) સુજાએ, (૪) સુમાણસે, (૫)

પ્રિયદંસણે, (૬) સુદંસણે, (૭) આમોહે, (૮) સુપડિબદ્ધે અને (૯) જસોધરે. તેમાં ત્રણ ત્રિક છે, પહેલી ત્રિકમાં ૧૧૧ વિમાન છે, બીજી ત્રિકમાં ૧૦૭ અને ત્રીજી ત્રિકમાં ૧૦૦ વિમાન છે. ત્યાંથી અસંખ્યાતા જોજનની ક્રોડા-ક્રોડી ઊંચપણે ચડીએ, ત્યારે પાંચ અનુત્તર વિમાન આવે છે. તેનાં નામ : (૧) વિજય, (૨) વિજયંત, (૩) જયંત, (૪) અપરાજિત અને (૫) સર્વાર્થસિદ્ધ.

આ સર્વાર્થસિદ્ધ મહાવિમાનની ધ્વજાથી બાર જોજન ઊંચપણે મુક્તિ શીલા છે, તે મુક્તિશિલા કેવી છે ? પિસ્તાલીશ (૪૫) લાખ જોજનની લાંબી-પહોળી છે. મધ્યે આઠ જોજનની જાડી છે. ઉતરતાં છેડે માખીની પાંખ કરતાં પણ અધિક પાતળી છે. ઉજળી, ગોખીર, શંખ, ચંદ્ર, અંકરત્ન, રૂપાનો પટ મોતીનો હાર અને ક્ષીર સાગરના પાણી થકી પણ અધિક ઉજળી છે.

એ સિદ્ધશિલાથી ઉપર એક જોજન, તેના છેલ્લા ગાઉના છઠ્ઠા ભાગને વિષે શ્રી સિદ્ધ ભગવંતજી નિરંજન, નિરાકાર બિરાજી રહ્યા છે. તે ભગવંતજી કેવા છે ? અવર્ણે, અગંધે, અરસે, અફાસે, અમૂર્તિ, અવિનાશી, ભૂખ નહિ, દુઃખ નહિ, રોગ નહિ, શોક નહિ, જન્મ નહિ, જરા નહિ, મરણ નહિ, કાયા નહિ, કર્મ નહિ, અનંત અનંત આત્મિક સુખની લહેરમાં બિરાજી રહ્યા છે.

ધન્ય સ્વામીનાથ ! આપશ્રી સિદ્ધ ક્ષેત્રને વિષે બિરાજો છો. હું અપરાધી, દીન, કિંકર, ગુણહીન અહીં બેઠો છું. આપના અનંત જ્ઞાન, દર્શન ઉપયોગ સંબંધી અવિનય, આશાતના, અભક્તિ, અપરાધ થયો હોય, તો હાથ જોડી, માન મોડી, મસ્તક નમાવી ભુજ્જો ભુજ્જો કરી ખમાવું છું.

**પાઠ–૩૦ : ત્રીજા ખામણા :–**

ત્રીજા ખામણા પંચ મહાવિદેહ ક્ષેત્રને વિષે બિરાજતા જયવંતા કેવલી ભગવંતોને કરું છું. તે સ્વામી જઘન્ય હોય, તો બે ક્રોડ કેવલી અને ઉત્કૃષ્ટ હોય તો નવ ક્રોડ કેવલી. એ સર્વને મારી (તમારી) સમય સમયની વંદના હોજો.

તે સ્વામી કેવા છે ? મારા તમારા મન મનની વાત જાણી દેખી રહ્યા છે. ઘટ ઘટની વાત જાણી દેખી રહ્યા છે. સમય સમયની વાત જાણી દેખી રહ્યા છે. ચૌદ રાજલોક અંજલિ જલ પ્રમાણે જાણી દેખી રહ્યા છે. તેમને અનંત જ્ઞાન છે. અનંત દર્શન છે. અનંત ચારિત્ર છે. અનંત તપ છે. અનંત ધૈર્ય છે. અનંત વીર્ય છે. એ ષટ્ ગુણે કરી સહિત છે. ચાર કર્મ ઘનઘાતી ક્ષય કર્યા છે. બાકીના ચાર કર્મ પાતળાં પાડ્યાં છે. મુક્તિ જવાના કામી થકા વિચરે છે. ભવ્ય જીવોના સંદેહ ભાંગે છે. સજોગી સશીરીરી, કેવલજ્ઞાની, કેવલદર્શની, યથાખ્યાત ચારિત્રના ધરણહાર છે. ક્ષાયિક સમકિત, શુક્લ ધ્યાન, શુક્લ લેશ્યા, શુભ ધ્યાન, શુભ જોગ, પંડિત વીર્ય આદિ અનંતગુણે કરી સહિત છે.

ધન્ય તે સ્વામી ! ગામ, નગર, રાયહાણી પુર, પાટણને વિષે જ્યાં જ્યાં દેશના દેતાં થકા વિચારતાં હશે, ત્યાં ત્યાં રાઈસર, તલવર, માડંબિય, કોડુંબિય, શેઠ, સેનાપતિ, ગાથાપતિ, સ્વામીની દેશના સાંભળ ી કર્ણ પવિત્ર કરતા હશે, તેમને ધન્ય છે, સ્વામીના દર્શન દેદાર કરી નેત્ર પવિત્ર કરતા હશે, તેમને ધન્ય છે, સ્વામીને અશનાદિક ચૌદ પ્રકારનું દાન દઈ કર પવિત્ર કરતા હશે, તેમને પણ ધન્ય છે.

ધન્ય સ્વામીનાથ ! આપશ્રી પંચ મહાવિદેહ ક્ષેત્રને વિષે બિરાજો છો, હું અપરાધી, દીન, કિંકર, ગુણહીન અહીં બેઠો છું. આપના જ્ઞાન, દર્શન, ચારિત્ર, તપને વિષે અવિનય, આશાતના, અભક્તિ, અપરાધ થયો હોય, તો હાથ જોડી, માન મોડી, મસ્તક નમાવી ભુજ્જો ભુજ્જો કરી ખમાવું છું.

**પાઠ–૩૧ : ચોથા ખામણા :–**

ચોથા ખામણા ગણધરજી, આચાર્યજી, ઉપાધ્યાયજીને કરું છું. ગણધરજી બાવન ગુણે કરી સહિત છે. આચાર્યજી છત્રીશ ગુણે કરી સહિત છે. ઉપાધ્યાયજી પચીશ ગુણે કરી સહિત છે. મારા તમારા ધર્મગુરુ, ધર્માચાર્ય, ધર્મ ઉપદેશના દાતાર, પંડિતરાજ, મુનિરાજ, ગીતાર્થ, બહુસૂત્રી, સૂત્ર સિદ્ધાંતના પારગામી, તરણતારણ તારણી નાવા સમાન, સફરી જહાજ સમાન, રત્નચિંતામણી સમાન, જિનશાસનના શણગાર, ધર્મના મુખી, ધર્મના નાયક, સંઘના મુખી, સંઘના નાયક, એવી અનેક શુભ ઉપમાએ કરી બિરાજમાન હતા પૂજ્ય શ્રી ડુંગરસિંહજી મહારાજ સાહેબ, પૂજ્ય શ્રી જશાજી મહારાજ સાહેબ, પૂજ્ય શ્રી પુરુષોત્તમજી મહારાજ સાહેબ, પૂજ્ય શ્રી પ્રાણલાલજી મહારાજ સાહેબ પૂજ્ય શ્રી રતિલાલજી મહારાજ સાહેબ આદિ લઈને ઘણા ગણધરજી, આચાર્યજી, ઉપાધ્યાયજી આલોવી, પડિક્કમી; નિન્દી નિઃશલ્ય થઈને પ્રાયઃ દેવલોકે પધાર્યા છે. તેમનો ઘણો ઘણો ઉપકાર છે.

આજ વર્તમાન કાળે તરણ તારણ નાવા સમાન; સફરી જહાજ સમાન, રત્ન ચિંતામણિ સમાન, કલ્પવૃક્ષ સમાન, જિનશાસનના શણગાર, ધર્મના મુખી, ધર્મના નાયક, સંઘના મુખી, સંઘના નાયક એવી અનેક શુભ ઉપમાએ કરી બિરાજમાન પૂજ્ય શ્રી (અહીં બિરાજીત સંત-સતીજીઓના નામ બોલવા) આદિ ઘણાં ઘણાં સાધુ–સાધ્વીજીઓ વીતરાગ દેવની આજ્ઞામાં જ્યાં જ્યાં બિરાજતાં હોય, ત્યાં ત્યાં તેઓને મારી તમારી સમય સમયની વંદના હોજો.

તે સ્વામી કેવા છે ? શુદ્ધ પંચ મહાવ્રતના પાલણહાર છે, પાંચ સમિતિએ અને ત્રણ ગુપ્તિએ સહિત, છકાયના પિયર, છકાયના નાથ, સાત ભયના ટાલણહાર, આઠ મદના ગાલણહાર, નવ વાડ વિશુદ્ધ બ્રહ્મચર્યના પાલણહાર, દશ વિધ યતિ ધર્મના અજવાલિક, બાર ભેદે તપશ્ચર્યાના કરણહાર, સત્તર ભેદે સંયમના ધરણહાર, બાવીશ પરિષહના જિતણહાર, સત્તાવીશ સાધુજીના ગુણે કરી સહિત, ૪૨–૪૭–૯૬ દોષ રહિત આહાર પાણીના લેવણહાર, બાવન અનાચારના ટાલણહાર, સચેતના ત્યાગી, અચેતના ભોગી, કંચન–કામિનીના ત્યાગી, માયા મમતાના ત્યાગી, સમતાના સાગર, દયાના આગર, આદિ અનેક ગુણે કરી સહિત છે.

ધન્ય મહારાજ ! આપશ્રી ગામ, નગર, રાયહાણી, પુર, પાટણને વિષે બિરાજો છો, હું અપરાધી, દીન, કિંકર, ગુણહીન અહીં બેઠો છું. આજના દિવસ સંબંધી આપના જ્ઞાન, દર્શન, ચારિત્ર, તપને વિષે અવિનય, આશાતના, અભક્તિ, અપરાધ થયો હોય, તો હાથ જોડી, માન મોડી મસ્તક નમાવી ભુજ્જો ભુજ્જો કરી ખમાવું છું.

**પાઠ–૩૨ : પાંચમા ખામણા :–**

પાંચમા ખામણા પાંચ ભરત, પાંચ ઐરવત, પાંચ મહાવિદેહ; એ અઢીદ્વીપ ક્ષેત્રને વિષે બિરાજતા સાધુ-સાધ્વીજીઓને કરું છું. તેઓ જઘન્ય હોય તો બે હજાર ક્રોડ અને ઉત્કૃષ્ટ હોય, તો નવ હજાર ક્રોડ સાધુ-સાધ્વી તેમને મારી તમારી સમય સમયની વંદના હોજો.

તે સ્વામી કેવા છે ! પાંચ મહાવ્રતના પાલણહાર છે. પાંચ સમિતિએ અને ત્રણ ગુપ્તિએ સહિત, છ કાયના નાથ, સાત ભયના ટાલણહાર, આઠ મદના ગાલણહાર, નવ વાડ વિશુદ્ધ બ્રહ્મચર્યના પાલણહાર, દશ વિધ યતિ ધર્મના અજવાલિક, બાર ભેદે તપશ્ચર્યાના કરણહાર, સત્તર ભેદે સંયમના ધરણહાર, બાવીશ

પરિષહના જિતણહાર, સત્તાવીશ સાધુજીના ગુણે કરી સહિત, ૪૨-૪૭-૯૬ દોષ રહિત આહાર પાણીના લેવણહાર, બાવન અનાચારના ટાલણહાર, સચેતના ત્યાગી, અચેતના ભોગી, કંચન-કામિનીના ત્યાગી, માયા, મમતાના ત્યાગી, સમતાના સાગર, દયાના આગર, આદિ અનેક ગુણે કરી સહિત છે.

ધન્ય સ્વામીનાથ ! આપશ્રી ગામ, નગર રાયહાણી, પુર, પાટણને વિષે બિરાજો છો. હું અપરાધી, દીન, કિંકર, ગુણહીન અહીં બેઠો છું. આપના જ્ઞાન, દર્શન ચારિત્ર, તપને વિષે અવિનય, આશાતના, અભક્તિ, અપરાધ થયો હોય, તો હાથ જોડી, માન મોડી, મસ્તક નમાવી ભુજ્જો ભુજ્જો કરી ખમાવું છું.

**પાઠ–૩૩ : છઠ્ઠા ખામણા :–**

છઠ્ઠા ખામણા અઢીદ્વીપ માંહેના સંખ્યાતા, અઢીદ્વીપ બહાર અસંખ્યાતા શ્રાવક-શ્રાવિકાજીઓને કરું છું. તે શ્રાવક-શ્રાવિકાજીઓ કેવા છે ?

હું થી, તમથી દાને, શીલે, તપે, ભાવે ગુણે કરી અધિક છે. બે વખત આવશ્યક પ્રતિક્રમણના કરનાર છે. મહિનામાં બે, ચાર અને છ પૌષધના કરનાર છે. સમકિત સહિત શ્રાવકના બાર વ્રતધારી, અગિયાર પડિમાનાં સેવણહાર છે. ત્રણ મનોરથના ચિંતવનાર છે. દુબળા-પાતળા જીવની દયાના આણનાર છે, જીવ, અજીવ આદિ નવ તત્ત્વના જાણનાર છે. શ્રાવકજીના એકવીશ ગુણે સહિત છે. પર ધન પત્થર બરાબર લેખે છે. પર સ્ત્રી માત બેન સમાન લેખે છે. દઢધર્મી, પ્રિયધર્મી, દેવતાના ડગાવ્યા ડગે નહિ એવા છે. ધર્મનો રંગ હાડ હાડની મજ્જાએ લાગ્યો છે. એવા શ્રાવક શ્રાવિકાજી સંવર, પૌષધ, પ્રતિક્રમણમાં બિરાજતા હશે, તેમને ધન્ય છે. તેમનો અવિનય, આશાતના, અભક્તિ, અપરાધ કર્યો હોય, તો હાથ જોડી, માન મોડી, મસ્તક નમાવી, ભુજ્જો ભુજ્જો કરી ખમાવું છું.

## ચોરાશી લાખ જીવયોનિ–સૂત્ર :–

સાત લાખ પૃથ્વીકાય, સાત લાખ અપ્કાય, સાત લાખ તેઉકાય, સાત લાખ વાઉકાય, દશ લાખ પ્રત્યેક વનસ્પતિકાય, ચૌદ લાખ સાધારણ વનસ્પતિકાય, બે લાખ બેઈન્દ્રિય, બે લાખ તેઈન્દ્રિય, બે લાખ ચૌરેન્દ્રિય, ચાર લાખ નારકી, ચાર લાખ દેવતા, ચાર લાખ તિર્યંચ પંચેન્દ્રિય, ચૌદ લાખ મનુષ્યની જાતિ (કુલ ૮૪ લાખ જીવા યોનિ) આ ચોરાશી લાખ જીવાયોનિના જીવોને મારા જીવે, તમારા જીવે હાલતાં-હાલતાં, ઉઠતાં-બેસતાં, જાણતાં-અજાણતાં, હણ્યા હોય, હણાવ્યા હોય, છેદ્યા હોય, ભેદ્યા હોય, પરિતાપના-કિલામના ઉપજાવી હોય, તો અરિહંત, અનંત સિદ્ધ ભગવાનની સાક્ષીએ તસ્સ મિચ્છામિ દુક્કડં.

**પાઠ–૩૪ : ક્ષમાપના સૂત્ર :–**

ખામેમિ સવ્વે જીવા, સવ્વે જીવા ખમન્તુ મે .
મિત્તી મે સવ્વભૂએસુ, વેર મજ્ઝં ન કેણઈ ॥૧॥

એવમહં આલોઈય, નિંદિય ગરહિય–દુગંછિયં સમ્મં .
તિવિહેણ પડિક્કંતો, વંદામિ જિણે ચઉવ્વીસં ॥૨॥

ઈતિ અતિચાર આલોવ્યા, પડિક્કમ્યા, નિંદ્યા, નિઃશલ્ય થયા. વિશેષે અરિહંત, સિદ્ધ, કેવલી, ગણધરજી, આચાર્યજી, ઉપાધ્યાયજી, સાધુ, સાધ્વી, ગુર્વાદિકને ભુજ્જો ભુજ્જો કરી ખમાવું છું.

ઈચ્છામિ ખમાસમણો... ઉત્કૃષ્ટ વંદનાનો પાઠ બે વાર બોલવો.

સ્વામિનાથ ! સામાયિક એક, ચઉવિસંથો બે, વંદના ત્રણ, પ્રતિક્રમણ ચાર, તે ચાર આવશ્યક પૂરા થયાં તેને વિષે વીતરાગ દેવની આજ્ઞામાં કાનો, માત્ર, પદ, અક્ષર, ગાથા, સૂત્ર, ઓછું, અધિક, વિપરીત ભણાયું હોય, તો અરિહંત, અનંતા સિદ્ધ ભગવાનની સાક્ષીએ તસ્સ મિચ્છામિ દુક્કડમ્.

**પાઠ–૩૫ : વિશુદ્ધિ સૂત્ર :–**

દેવસિય પાયચ્છિત્ત વિશુદ્ધનાર્થ કરેમિ કાઉસગ્ગં .

ત્યારપછી નવકાર મંત્ર, કરેમિ ભંતે, ઈચ્છામિ ઠામિ કાઉસગ્ગં, તસ્સ ઉત્તરીના પાઠ બોલી ધર્મ ધ્યાનનો કાઉસગ્ગ ચાર લોગસ્સનો કાઉસગ્ગ કરવો.

**પાઠ–૩૬ : ધર્મ ધ્યાનનો કાઉસ્સગ :–**

સે કિં તં ધમ્મજ્ઝાણે ? ધમ્મજ્ઝાણે ચઉવ્વિહે ચઉપ્પડોયારે પણત્તે તં જહા– આણાવિજએ, અવાયવિજએ, વિવાગવિજએ, સંઠાણવિજએ . ધમ્મસ્સણં ઝાણસ્સ ચત્તારિ લક્ખણા પણતા તં જહા– આણારુઈ, નિસ્સગ્ગરુઈ, ઉવએસરુઈ, સુત્તરુઈ . ધમ્મસ્સણં ઝાણસ્સ ચત્તારિ આલંબણા પણત્તા તં જહા– વાયણા, પુચ્છણા, પરિયટ્ટણા, ધમ્મકહા, ધમ્મસ્સણં ઝાણસ્સ ચત્તારિ અણુપ્પેહાઓ પણત્તાઓ તં જહા– ળગચ્ચાણુપ્પેહા, અણિચ્ચાણુપ્પેહા, અસરણાણુપ્પેહા, સંસારાણુપ્પેહા .

**ધર્મ ધ્યાનના પહેલા ચાર ભેદ :–**

(૧) આણાવિજએ, (૨) અવાયવિજએ, (૩) વિવાગવિજએ, (૪) સંઠાણવિજએ .

**પહેલો ભેદ–આણા વિજએ :–** આણા વિજએ કહેતાં વીતરાગ દેવની આજ્ઞાનો વિચાર ચિંતવવો. વીતરાગ દેવની આજ્ઞા એવી છે કે– સમકિત સહિત શ્રાવકનાં બાર વ્રત, અગિયાર પડિમા, સાધુજીનાં પાંચ મહાવ્રત તથા બાર ભિક્ષુની પડિમા શુભ ધ્યાન, શુભ જોગ, જ્ઞાન, દર્શન, ચારિત્ર, તપ અને છકાય જીવનની રક્ષા; એ વીતરાગ દેવની આજ્ઞા આરાધવી. તેમાં સમય માત્રનો પ્રમાદ ન કરવો. ચતુર્વિધ સંઘના ગુણકીર્તન કરવા. આ ધર્મ ધ્યાનનો પહેલો ભેદ કહ્યો.

**બીજો ભેદ–અવાય વિજએ :–** અવાય વિજએ કહેતાં– જીવ સંસારમાં દુઃખ શા માટે ભોગવે છે ? તેનો વિચાર ચિંતવવો. તેનો વિચાર એ છે કે– મિથ્યાત્વ, અવ્રત, પ્રમાદ, કષાય, અશુભયોગ, અઢાર પાપ સ્થાનક અને છકાય જીવની હિંસા, એથી કરીને જીવ દુઃખ પામે છે. એવું દુઃખનું કારણ જાણી, એવો આશ્રવ માર્ગ ત્યાગી, સંવર માર્ગ આદરવો. જેથી જીવ દુઃખ ન પામે. આ ધર્મ ધ્યાનનો બીજો ભેદ કહ્યો.

**ત્રીજો ભેદ–વિવાગ વિજએ :–** વિવાગ વિજએ કહેતાં– જીવ સંસારમાં સુખ અને દુઃખ ભોગવે છે તે શા થકી ? તેનો વિચાર ચિંતવવો. તેનો વિચાર એ છે કે– જીવે જેવે રસે કરી પૂર્વે જેવાં શુભાશુભ જ્ઞાનાવરણીય આદિ આઠ કર્મ ઉપાર્જન કર્યા છે, તે શુભાશુભ કર્મના ઉદયે, જીવ તે પ્રમાણે સુખ અને દુઃખ અનુભવે છે. તે અનુભવતાં થકા કોઈ ઉપર રાગ-દ્વેષ ન આણી સમતા ભાવ રાખી, મન, વચન, કાયાના શુભ યોગ સહિત શ્રી જૈન ધર્મને વિષે પ્રવર્તીએ. જેથી નિરાબાધ પરમસુખને પામીએ. આ ધર્મધ્યાનનો ત્રીજો ભેદ કહ્યો.

**ચોથો ભેદ–સંઠાણ વિજએ :–** સંઠાણ વિજએ કહેતાં– ત્રણ લોકના આકારનો વિચાર ચિંતવવો. ત્રણ લોકના આકારનું સ્વરૂપ સુપઈઠીક – સરાવલાને આકારે છે. લોક જીવ-અજીવથી સંપૂર્ણ ભર્યો છે. મધ્યભાગે અસંખ્યાતા જોજનની ક્રોડા-ક્રોડી પ્રમાણ તિરછા લોક છે. તેમાં અસંખ્યાતા અસંખ્યાતા

દ્વીપ-સમુદ્ર છે. અસંખ્યાતા વાણવ્યંતરના નગરો છે. અસંખ્યાતા જ્યોતિષીનાં વિમાનો છે તથા અસંખ્યાતી દેવતાની રાજધાનીઓ છે. તેને મધ્યભાગે અઢીદ્વીપ છે. તેમાં જઘન્ય તીર્થંકર વીસ અને ઉત્કૃષ્ટ હોય તો ૧૬૦ અથવા ૧૭૦, જઘન્ય બે ક્રોડ કેવલી અને ઉત્કૃષ્ટ નવ ક્રોડ કેવલી તથા જઘન્ય બે હજાર ક્રોડ સાધુ-સાધ્વી અને ઉત્કૃષ્ટ નવ હજાર ક્રોડ સાધુ-સાધ્વી બિરાજે છે. તેમને વંદામિ નમંસામિ સક્કારેમિ સમ્માણેમિ કલ્લાણં મંગલં દેવયં ચેઈયં પજ્જુવાસામિ. તેમજ તિરછાંલોકમાં અસંખ્યાતા શ્રાવક-શ્રાવિકાજીઓ છે તેમના ગુણગ્રામ કરવા.

તિરછાલોકથી અસંખ્યાત ગુણો અધિક(મોટો) ઊર્ધ્વ લોક છે. તેમાં બાર દેવલોક, નવ ગ્રૈવેયક અને પાંચ અનુત્તર વિમાન છે. તે સર્વમાં મળીને કુલ ચોરાશી લાખ, સત્તાણું હજાર, ત્રેવીસ(૮૪, ૯૭, ૦૨૩) વિમાનો છે. તે ઉપર લોકાગ્રે સિદ્ધ ક્ષેત્ર છે. ત્યાં સિદ્ધ ભગવંતજી નિરંજન, નિરાકાર બિરાજી રહ્યા છે. તેમને વંદામિ, નમંસામિ, સક્કારેમિ, સમ્માણેમિ, કલ્લાણં, મંગલ, દેવયં, ચેઈયં, પજ્જુવાસામિ.

તે ઊર્ધ્વલોકથી કાંઈક વિશેષ અધિક(મોટો) અધોલોક છે. તેમાં સાત નરકના ચોરાસી લાખ નરકાવાસા છે. સાત કરોડ બહોંતેર લાખ ભવનપતિના ભવનો છે.

એવા ત્રણે લોકનાં સર્વ સ્થાનોમાં (પાંચ અનુત્તર વિમાનના દેવો સિવાય) સમકિત રહિત કરણી કરીને, આ જીવે અનંતી અનંતીવાર જન્મ-મરણે કરી સ્પર્શી મૂક્યા છે. તો પણ આ જીવનો પાર આવ્યો નહિ. એવું જાણી સમકિત સહિત શ્રુત(જ્ઞાન, દર્શન) અને ચારિત્ર ધર્મની આરાધના કરવી. જેથી અજર, અમર, નિરાબાધ પરમ સુખને પામીએ. આ ધર્મધ્યાનનો ચોથો ભેદ કહ્યો. (ઈતિ ધર્મધ્યાનનો કાઉસગ્ગ સંપૂર્ણ)

ત્યારપછી પ્રગટપણે લોગસ્સ અને ઈચ્છામિ ખમાસમણો...બે વાર ઉત્કૃષ્ટ વંદનાનો પાઠ બોલવો.

સ્વામીનાથ ! સામાયિક એક, ચઉવીસંત્થો બે, વંદના ત્રણ, પ્રતિક્રમણ ચાર અને કાઉસગ્ગ પાંચ. આ પાંચે આવશ્યક પૂરાં થયા. તેને વિષે શ્રી વીતરાગદેવની આજ્ઞામાં કાનો, માત્ર, મીંડું, પદ, અક્ષર, ગાથા, સૂત્ર ઓછું અધિક વિપરીત ભણાયું હોય તો અરિહંત અનંત સિદ્ધ ભગવાનની સાક્ષીએ તસ્સ મિચ્છામિ દુક્કડં.

### છઠ્ઠો પચ્ચક્ખાણ આવશ્યક :–

(વિધિ–પૂજ્ય સાધુ-સાધ્વીજીઓ બિરાજતા હોય તો સવિધિ ત્રણ વંદના કરવી અને 'પચ્ચક્ખાણ ફરમાવશોજી' એમ વિનંતિ કરવી અને પચ્ચક્ખાણ કરવા. પૂ. સાધુ-સાધ્વીજી બિરાજતા ન હોય તો વડીલ શ્રાવકજીને વિનંતિ કરવી અને કોઈ ન હોય તો પોતાની મેળે નીચે મુજબ પ્રત્યાખ્યાનનો પાઠ બોલી પચ્ચક્ખાણ કરવા.)

### પાઠ–૩૭ : ચૌવિહાર પચ્ચક્ખાણ સૂત્ર :–

ધારણા પ્રમાણે ચઉવ્વિહંપિ આહારં પચ્ચક્ખામિ– અસણં, પાણં, ખાઈમં, સાઈમં અણણત્થણાભોગેણં, સહસાગારેણં, મહત્તરાગારેણં, સવ્વ સમાહિવત્તિયાગારેણં અપ્પાણં વોસિરામિ .

### પાઠ–૩૮ : પ્રતિક્રમણ સમાપ્તિ સૂત્ર :–

સ્વામીનાથ ! સામાયિક એક, ચઉવીસંત્થો બે, વંદના ત્રણ, પ્રતિક્રમણ ચાર, કાઉસગ્ગ પાંચ અને

છઠ્ઠા કર્યા પચ્ચક્ખાણ. આ છ એ આવશ્યક પૂરાં થયા એને વિષે શ્રી વીતરાગ દેવની આજ્ઞામાં કાનો, માત્રા, મીંડું, પદ, અક્ષર, ગાથા, સૂત્ર, ઓછું, અધિક, વિપરીત ભણાયું હોય, તો અરિહંત અનંત સિદ્ધ ભગવાનની સાક્ષીએ તસ્સ મિચ્છામિ દુક્કડં.

મિથ્યાત્વનું પ્રતિક્રમણ, અવ્રતનું પ્રતિક્રમણ, પ્રમાદનું પ્રતિક્રમણ, કષાયનું પ્રતિક્રમણ, અશુભ યોગનું પ્રતિક્રમણ. આ સર્વ મળી ૮૨ બોલના પ્રતિક્રમણને વિષે અતિક્રમ, વ્યતિક્રમ, અતિચાર, અનાચાર, જાણતાં-અજાણતાં મન, વચન, કાયાએ કરી જે કોઈ પાપ દોષ લાગ્યો હોય, તો અરિહંત, અનંત, સિદ્ધ ભગવાનની સાક્ષીએ તસ્સ મિચ્છામિ દુક્કડં.

ગયા કાળનું પ્રતિક્રમણ, વર્તમાન કાળનો સંવર અને આવતાં કાળનાં પચ્ચક્ખાણ. તેને વિષે જે કોઈ પાપ દોષ લાગ્યો હોય, તો અરિહંત અનંત સિદ્ધ ભગવાનની સાક્ષીએ તસ્સ મિચ્છામિ દુક્કડં. કરેમિ મંગલં, મહા મંગલં, થવથુઈ મંગલં.

સમ, સંવેગ, નિર્વેદ, અનુકંપા અને આસ્થા.
સાચાની શ્રદ્ધા, ખોટાનું વારંવાર મિચ્છામિ દુક્કડં.
દેવ અરિહંત, ગુરુ નિર્ગ્રંથ, કેવલી ભાષિત દયામય ધર્મ.
આ ત્રણ તત્ત્વ સાર, સંસાર અસાર.

**નમોત્થુણં સૂત્ર :–**

(વિધિ– ડાબો ગોઠણ ઊભો રાખી, જમણો ગોઠણ ધરતી ઉપર રાખી બંને હાથ જોડીને, મસ્તકે અંજલિ કરીને ત્રણ 'નમોત્થુણં' કહેવા).

નમો અરિહંતાણં, નમો સિદ્ધાણં, નમો આયરિયાણં
નમો ઉવજ્ઝાયણં, નમો લોએ સવ્વ સાહૂણં .

**શ્રી પ્રતિક્રમણ સૂત્ર સમાપ્ત**

## પરિશિષ્ટ–૬

### વિવેચિત વિષયની અકારાદિ અનુક્રમણિકા



| | વિષય | પૃષ્ટાંક | | વિષય | પૃષ્ટાંક |
|---|---|---|---|---|---|
| અ | अकप्पो | ૫૧ | | अवितहं | ૧૧૫ |
| | अकप्पं परिआणामि..... | ૧૨૧ | | अविसंधि | ૧૧૬ |
| | अकरणिज्जो | ૫૧ | | असणं | ૧૩૯ |
| | अकिरियं परिआणामि..... | ૧૨૧ | | અસમાધિ સ્થાન(૨૦) | ૯૪ |
| | અજીતનાથ સ્વામી | ૨૭ | | असंजमं परिआणामि..... | ૧૨૦ |
| | अट्ठारस सहस्स सीलांगरहधरा | ૧૨૫ | | અસંયમ | ૭૧ |
| | અઢીદ્વીપ સમુદ્ર | ૧૨૫ | | અસંયમ(૧૭) | ૯૨ |
| | અણગાર ગુણ(૨૭) | ૯૮ | આ | आइगराणं | ૧૫૭ |
| | अण्णाणं परिआणामि..... | ૧૨૧ | | आइच्चेसु अहियं पयासयरा | ૩૧ |
| | अणियाणो | ૧૨૩ | | आउंटण पसारणाए | ૬૧ |
| | अणुत्तरं | ૧૧૪ | | આકુંચન–પ્રસારણ | ૧૪૪ |
| | अणेसणाए | ૬૫ | | આગાર | ૧૩૩ |
| | અતિક્રમ આદિ ચાર દોષ | ૭૦ | | આચાર પ્રકલ્પ(૨૮) | ૯૯ |
| | अदिट्ठहडाए | ૬૬ | | | |
| | અધિકરણિકી ક્રિયા | ૭૯ | | आरुग्गं | ૩૦ |
| | અનંતનાથ સ્વામી | ૨૮ | | આર્તધ્યાન | ૭૮ |
| | અનાભોગ | ૧૩૯ | | आयरियाणं | ૧૦ |
| | अप्पकिलंताणं | ૩૫ | | आसायणाए | ૩૬ |
| | अप्पडिहय वरणाण दंसणधराणं | ૧૬૨ | | આશાતના (૩૩) | ૧૦૩ |
| | अप्पाणं वोसिरामि | ૨૧ | ઈ | ઈચ્છામિ | ૩૪ |
| | अबोहि परिआणामि..... | ૧૨૨ | | इरियावहियाए | ૫૬ |
| | अब्भुट्ठिओमि आराहणाए..... | ૧૨૦ | ઉ | उग्घाडकवाड... | ૬૪ |
| | अभयदयाणं | ૧૬૦ | | ઉજ્જોયગરે | ૨૬ |
| | અભિનંદન સ્વામી | ૨૭ | | ઉત્કીર્તન | ૬ |
| | अभिहया | ૫૭ | | ઉત્તમ | ૪૭ |
| | अमग्गं परिआणामि..... | ૧૨૨ | | ઉત્તરકરણ | ૧૩૧ |
| | અરનાથ સ્વામી | ૨૮ | | उद्दविया | ૫૭ |
| | અરિષ્ટનેમિ સ્વામી | ૨૮ | | ઉપાસક પ્રતિમા(૧૧) | ૮૭ |
| | અરિહંતાણં | ૯ | | उम्मग्गो | ૫૦ |
| | अरिहंते | ૨૬ | | ઉવજ્ઝાયાણં | ૧૦ |
| | અવગ્રહ | ૩૫ | | उवट्टणाए परियट्टणाए | ૬૧ |

| | વિષય | પૃષ્ટાંક | | વિષય | પૃષ્ટાંક |
|---|---|---|---|---|---|
| | **उस्सुत्तो** | ૫૦ | | **गोयर चरियाए** | ૬૪ |
| | ઉક્ષિપ્ત વિવેક | ૧૪૬ | | ગૌરવ(૩) | ૭૪ |
| ઋ | ઋષભદેવસ્વામી | ૨૭ | ચ | **चक्खूदयाणं** | ૧૬૦ |
| ઓ | **ओहासण भिक्खाए** | ૬૬ | | ચરણ સિત્તરિ | ૧૨૧ |
| ઔ | ઔધિક ઉપધિ | ૬૯ | | **चंदेसु णिम्मलयरा** | ૩૧ |
| | ઔપગ્રહિક ઉપધિ | ૬૯ | | ચંદ્રપ્રભુ સ્વામી | ૨૮ |
| ક | **कक्कराइए** | ૬૧ | જ | **जत्ता** | ૩૫ |
| | કરણ | ૨૦ | | **जवणिज्जं** | ૩૬ |
| | કરણ સિત્તરી | ૧૨૧ | | **जं न परिठवियं** | ૬૭ |
| | કષાય(૪) | ૭૫ | | **जावज्जीवाए** | ૨૦ |
| | કાઉસગ્ગના પ્રકાર | ૧૩૪ | | **जाव णियमं** | ૨૦ |
| | કાઉસગ્ગના દોષો | ૧૩૫ | | **जिणे** | ૨૬ |
| | કાઉસગ્ગની કાલ મર્યાદા | ૧૩૪ | | **जीवियाओ ववरोविया** | ૫૭ |
| | કાઉસગ્ગની પ્રતિજ્ઞા | ૧૩૪ | ઠ | **ठवणा पाहुडियाए** | ૬૫ |
| | કામગુણ(૫) | ૭૯ | | **ठाणाओ ठाणं संकमिया** | ૫૭ |
| | કાયિકી ક્રિયા | ૭૯ | ણ | **णमो** | ૯ |
| | **कित्तिय, वंदिय, महिया** | ૨૯ | | **णवण्हं बंभचेर गुत्तीणं** | ૫૩ |
| | ક્રિયા | ૭૯ | | **णिग्गंथं पावयणं** | ૧૧૩ |
| | ક્રિયાસ્થાન(૧૩) | ૯૦ | | **णिगाम सिज्जाए** | ૬૧ |
| | **किलामिया** | ૫૭ | | **णिज्जाणमग्गं** | ૧૧૫ |
| | કુંથુનાથ સ્વામી | ૨૮ | | **णिव्वाणमग्गं** | ૧૧૫ |
| | **कूइए** | ૬૧ | | **णिंदामि** | ૨૧ |
| | **केवली** | ૨૭ | | **णेयाउयं** | ૧૧૪ |
| | **केवलियं** | ૧૧૪ | દ | **दगसंसट्ठहडाए** | ૬૬ |
| | કોટિ | ૨૦ | | દંડ(૩) | ૭૨ |
| ખ | **खमासमणो** | ૩૫ | | **दिट्ठिसंपन्नो** | ૧૨૩ |
| | **खंडियं विराहियं** | ૫૪ | | **दुज्झाओ** | ૫૧ |
| | **खाइमं** | ૧૩૯ | | **दुव्विचिंतिओ** | ૫૧ |
| ગ | **गरिहामि** | ૨૧ | ધ | **धम्मतित्थयरे** | ૨૬ |
| | ગુણધારણા | ૬ | | **धम्मवरचाउरंत चक्कवट्टीणं** | ૧૬૧ |
| | ગુણવત્ પ્રતિપતિ | ૬ | | ધ્યાન | ૭૮ |
| | ગુપ્તિ(૩) | ૭૩ | | ધર્મ | ૪૬ |
| | ગુર્વભ્યુત્થાન | ૧૪૪ | | ધર્મ ધ્યાન | ૭૮ |
| | ગૃહસ્થ સંસૃષ્ટ | ૧૪૭ | | ધર્મનાથ સ્વામી | ૨૯ |

| | વિષય | પૃષ્ટાંક | | વિષય | પૃષ્ટાંક |
|---|---|---|---|---|---|
| ન | નમસ્કારનું ફળ | ૧૨ | | બંધન(૨) | ૭૨ |
| | નમિનાથ સ્વામી | ૨૮ | | બ્રહ્મચર્યની નવ વાડ | ૮૫ |
| | નવ કોટિ | ૨૦ | | બાર આવર્તન | ૩૯ |
| પ | **पगाम सिज्जाए** | ૬૧ | | **बुज्झंति** | ૧૧૬ |
| | **पच्छाकम्मियाए** | ૬૫ | | **बोहिलाभ** | ૩૦ |
| | **पडिपुण्णं** | ૧૧૪ | ભ | **भगवंताणं** | ૧૫૭ |
| | **पडिहय पच्चक्खाय पावकम्मे** | ૧૨૩ | | ભય (૭) | ૮૩ |
| | પદ્મપ્રભુ સ્વામી | ૨૭ | | | |
| | **पत्तिआमि** | ૧૧૮ | | **भंते** | ૧૮ |
| | પરમાધામી દેવ | ૯૧ | | ભાવના(૨૫) | ૯૭ |
| | **परिणिव्वायंति** | ૧૧૭ | | **भिक्खायरियाए** | ૬૪ |
| | **परियाविया** | ૫૭ | | ભિક્ષુપડિમા(૧૨) | ૮૯ |
| | **पहीणजर मरणा** | ૨૯ | | ભૂતગ્રામ(૧૪) | ૯૧ |
| | પરીષહ (૨૨) | ૯૫ | મ | મદ (૮) | ૮૪ |
| | પંચ પરમેષ્ઠીના ૧૦૮ ગુણ | ૧૪ | | મલ્લિનાથ સ્વામી | ૨૮ |
| | **पाणभोयणाए** | ૬૫ | | મહત્તરાગાર | ૧૪૨ |
| | **पाणं** | ૧૩૯ | | મહામોહનીય સ્થાન(૩૦) | ૧૦૧ |
| | પાપ સૂત્ર(૨૯) | ૧૦૦ | | મહાવ્રત(૫) | ૮૦ |
| | પાર્શ્વનાથ પ્રભુ | ૨૯ | | **मंडि पाहुडियाए** | ૬૪ |
| | પારિતાપનિકી ક્રિયા | ૭૯ | | **मंगलं** | ૧૩ |
| | પારિષ્ઠાપનિકાર | ૧૪૪ | | મંગલ | ૪૫ |
| | પિંડૈષણા | ૫૨ | | મંત્ર | ૧૪ |
| | **पुरिससिंहाणं** | ૧૫૮ | | **मायामोसो विवज्जिओ** | ૧૨૪ |
| | **पुरिसवरपुंडरियाणं** | ૧૫૯ | | **मिच्छत्तं परिआणामि.....** | ૧૨૧ |
| | **पुरिसवरगंधहत्थिणं** | ૧૫૯ | | **मिच्छामि दुक्कडम्** | ૫૭ |
| | **पुरेकम्मियाए** | ૬૬ | | **मुच्चंति** | ૧૧૭ |
| | પ્રચ્છન્નકાળ | ૧૪૧ | | **मुत्तिमग्गं** | ૧૧૫ |
| | પ્રત્યાખ્યાન શુદ્ધિ | ૧૫૨ | | મુનિસુવ્રત સ્વામી | ૨૮ |
| | પ્રતિલેખન–પ્રમાર્જન | ૬૯ | ય | યોગ સંગ્રહ (૩૨) | ૧૦૨ |
| | પ્રતીત્ય મ્રક્ષિત | ૧૫૦ | ર | **रयमल** | ૨૯ |
| | પ્રાણાતિપાતિકી ક્રિયા | ૭૯ | | **रोएमि** | ૧૧૮ |
| | પ્રાદ્વેષિકી ક્રિયા | ૭૯ | | રૌદ્ર ધ્યાન | ૭૮ |
| ફ | **फासियं पालियं** આદિ | ૧૫૩ | લ | લેપાલેપ | ૧૪૬ |
| બ | **बलि पाहुडियाए** | ૬૫ | | **लेसिया** | ૫૭ |

| | વિષય | પૃષ્ટાંક | | વિષય | પૃષ્ટાંક |
|---|---|---|---|---|---|
| | લેશ્યા (૬) | ૮૩ | | सरणं पवज्जामि | ૪૮ |
| | लोए सव्व साहूणं | ૧૧ | | સર્વ સમાધિ પ્રત્યયાકાર | ૧૪૧ |
| | लोगणाहाणं | ૧૬૦ | | सल्लकत्तणं | ૧૧૫ |
| | लोगपइवाणं | ૧૬૦ | | सव्व दुक्ख पहीणमग्गं | ૧૧૬ |
| | लोगस्स | ૨૬ | | सव्व વિશેષણનું પ્રયોજન | ૧૧ |
| | लोगुत्तमाणं | ૧૬૦ | | सहसाकारे | ૬૫ |
| વ | वत्तिया | ૫૭ | | સહસાકાર | ૧૩૯ |
| | વર્ધમાન સ્વામી | ૨૯ | | સ્ખલિત નિંદા | ૬ |
| | વંદન વિધિ | ૩૭ | | संकिए | ૬૫ |
| | વંદનના ૨૫ આવશ્યક | ૩૮ | | संजय | ૧૨૩ |
| | વાસુપૂજ્ય સ્વામી | ૨૮ | | संघट्टिया | ૫૭ |
| | વિકથા(૪) | ૭૭ | | संघाइया | ૫૭ |
| | વિમલનાથ સ્વામી | ૨૮ | | સંભવનાથ સ્વામી | ૨૭ |
| | वियट्ट छउमाणं | ૧૬૨ | | संसुद्धं | ૧૧૪ |
| | विरओमि विराहणाए..... | ૧૨૦ | | સંજ્ઞા (૪) | ૭૬ |
| | विरय | ૧૨૩ | | साइमं | ૧૩૯ |
| | વિરાધના | ૭૫ | | સાગરવર ગંભીરા | ૩૧ |
| | વ્રણ ચિકિત્સા | ૬ | | સાગારિકાગાર | ૧૪૩ |
| શ | શબલ દોષ (૨૧) | ૯૫ | | सामाइयं | ૧૯ |
| | શલ્ય (૩) | ૭૩ | | सावज्जं जोगं | ૨૦ |
| | શ્રમણ ધર્મ(૧૦) | ૮૭ | | સાવદ્યયોગ વિરતિ | ૬ |
| | શાંતિનાથ સ્વામી | ૨૮ | | सिज्झंति | ૧૧૬ |
| | શીતલનાથ સ્વામી | ૨૮ | | સિદ્ધના ગુણ(૩૧) | ૧૦૨ |
| | શુક્લધ્યાન | ૭૮ | | સિદ્ધા સિદ્ધિં મમ દિસંતુ | ૩૧ |
| | શ્રેયાંસનાથ સ્વામી | ૨૮ | | सिद्धाणं | ૧૦ |
| સ | सच्चं | ૧૧૪ | | सिद्धिमग्गं | ૧૧૫ |
| | सज्जायस्स | ૬૮ | | सिव मयल... | ૧૬૩ |
| | सद्दहामि આદિ | ૧૧૮ | | सुए | ૫૨ |
| | समाहिवरमुत्तमं | ૩૦ | | સુમતિનાથ સ્વામી | ૨૭ |
| | સમિતિ (૫) | ૮૦ | | સુપાર્શ્વનાથ સ્વામી | ૨૭ |
| | सयं संबुद्धाणं | ૧૫૮ | | સુવિધિનાથ સ્વામી | ૨૮ |
| | सरण दयाणं | ૧૬૧ | હ | हिंसा | ૫૬ |

# ગુરુ પ્રાણ આગમ બત્રીસીના
# શ્રુત સહયોગી દાતાઓ

**: પ્રથમ આગમ વિમોચક :**

માતુશ્રી ચંપાબેન શાંતીલાલ પરષોત્તમદાસ સંઘવી તથા
માતુશ્રી મૃદુલાબેન નવનીતરાય શાંતીલાલ સંઘવી ના સ્મરણ સાથે
સૌ. કુંદનબેન જયંતીલાલ શાંતીલાલ સંઘવી
શ્રી નવનીતરાય શાંતીલાલ સંઘવી
શ્રી રાજીવ જયંતીલાલ, શ્રી શૈલેશ નવનીતરાય, શ્રી હિરેન નવનીતરાય સંઘવી

## શ્રુતાધાર

- માતુશ્રી કુસુમબેન શાંતિલાલ શાહ
  હસ્તે – સુપુત્ર શ્રી ઈપ્સિત – ડો. નીતા શાહ, શ્રી ભાષિત – દર્શિતા શાહ — મુંબઈ
- માતુશ્રી સવિતાબેન ડો. નાનાલાલ શાહ (હેમાણી)
  સુપુત્ર શ્રી સતીષ – રશ્મિ શાહ, સુપુત્રી શ્રીમતી ડો. ભારતી – ડો. રશ્મિકાંત શાહ — U.S.A.
- સાધ્વી સુબોધિકા (ભદ્રા) જૈન ટ્રસ્ટ, માતુશ્રી લલિતાબેન પોપટલાલ શાહ (હેમાણી)
  બહેન–શ્રીમતી લતા શરદ શાહ, શ્રીમતી હર્ષા ભૂપેન્દ્ર મોદી — આકોલા
- શ્રીમતી દત્તા ગિરીશ શાહ (પૂ. સુબોધિકાબાઈ મ. ના ભાઈ–ભાભી) સુપુત્ર
  શ્રી મુંજાલ – વિજ્યા , શ્રી ભાવિન – તેજલ, સુપુત્રી નિવિશા મનીષ મહેતા — U.S.A.
- પૂ. આરતીબાઈ મ. ના બહેનો – શ્રીમતી સરોજબેન જશવંતરાય દોમડિયા
  શ્રીમતી હર્ષાબેન વસંતરાય લાઠીયા હસ્તે – શ્રી અલકેશ, શ્રી પ્રિયેશ, શ્રી હેમલ — મુંબઈ
- માતુશ્રી જયાબેન શાંતીલાલ કામદાર, માતુશ્રી રમાબેન છોટાલાલ દફતરી
  હસ્તે શ્રીમતી પ્રેમિલાબેન કિરીટભાઈ દફતરી — U.S.A.
- ડો. ભરતભાઈ ચીમનલાલ મહેતા
  સુપુત્ર–ચી. મલય, સુપુત્રી શ્રીમતી વિરલ આશિષ મહેતા — રાજકોટ
- માતુશ્રી વિજ્યાલક્ષ્મીબહેન માણેકચંદ શેઠ
  સુપુત્ર શ્રી દિલસુખભાઈ શેઠ, શ્રી ચંદ્રકાંતભાઈ શેઠ (શેઠ બિલ્ડર્સ) — રાજકોટ
- શ્રી રતિગુરુ ચેરીટેબલ ટ્રસ્ટ, હસ્તે ટી. આર. દોશી — રાજકોટ
- શ્રી રતિગુરુ ચેરીટેબલ ટ્રસ્ટ, હસ્તે ટી. આર. દોશી — રાજકોટ
- શ્રી રતિગુરુ ચેરીટેબલ ટ્રસ્ટ, હસ્તે ટી. આર. દોશી — રાજકોટ
- શ્રી રતિગુરુ ચેરીટેબલ ટ્રસ્ટ, હસ્તે ટી. આર. દોશી — રાજકોટ
- માતુશ્રી હીરાગૌરી હરિલાલ દોશી, શ્રીમતી પૂર્ણિમાબેન નરેન્દ્ર દોશી
  હસ્તે – નરેન્દ્ર – મીના દોશી, કુ. મેઘના, કુ. દેશના — રાજકોટ

- માતુશ્રી કાશ્મીરાબેન કાંતિભાઈ શેઠ
  હસ્તે – શ્રીમતી હેતલ સંજય શેઠ, કુ. ઉપાસના, કુ. કીંજલ — રાજકોટ
- માતુશ્રી જશવંતીબેન શાંતીલાલ તુરખીયા, શ્રીમતી ભાવના દિલીપ તુરખીયા
  હસ્તે – દિલીપ એસ. તુરખીયા, સુપુત્ર – શ્રી પારસ – રિદ્ધિ તુરખીયા — મુંબઈ
- માતુશ્રી કિરણબેન પ્રવીણચંદ્ર દોશી
  હસ્તે સુપુત્ર શ્રી નીરવ – તેજલ દોશી, કુ. પ્રિયાંશી, કુ. ઝીલ — મુંબઈ
- માતુશ્રી મંજુલાબેન છબીલદાસ ચૂડગર
  હસ્તે – સુપુત્ર શ્રી કેતન – આરતી ચૂડગર, કુ. ધ્રુવી — મુંબઈ
- શ્રી લક્ષ્મીચંદભાઈ જસાણી પરિવાર — રાજકોટ
- શ્રી પ્રવિણભાઈ ગંભીરદાસ પારેખ — મુંબઈ
- કુ. વિધિ ગિરીશ જોશી, કુમાર કુશાન ગિરીશ જોશી
  હસ્તે – શ્રીમતી નીલાબેન ગિરીશભાઈ જોશી — મુંબઈ
- શ્રી પરેશભાઈ સુમતીભાઈ શાહ — મુંબઈ
- શ્રી કિશોરભાઈ શાહ — મુંબઈ
- શ્રી રમેશભાઈ ગટુલાલ કામદાર — ચેમ્બુર
- માતુશ્રી લીલાવતીબેન નીમચંદ નથુભાઈ દોશી, સ્વ. કિશોરકુમાર નીમચંદ દોશી,
  સ્વ. મૃદુલા કુંદનકુમાર મહેતા. હસ્તે – હર્ષદ અને કુમકુમ દોશી — કલકત્તા
- માતુશ્રી તારાબેન મોદી — કલકત્તા
- માતુશ્રી મધુકાંતાબેન નંદલાલ ભીમાણી
  હસ્તે – શ્રી રાજેશભાઈ ભીમાણી — કલકત્તા
- માતુશ્રી કીકીબેન દેસાઈ, હસ્તે – શ્રી શૈલેશભાઈ–મીનાબેન દેસાઈ — મુંબઈ
- શ્રી અંજલભાઈ ઢાંકી — મુંબઈ
- ગુરુભક્ત — રાજકોટ
- શ્રી હેમેન્દ્રભાઈ પૂંજાણી
- માતુશ્રી ચંપકબેન શશીકાંતભાઈ મહેતા, હસ્તે – સુપુત્રી શ્રી કિરીટ–અરૂણા,
  શ્રી અજય – નીતા, શ્રી કમલેશ – દિવ્યા, સુપુત્રી – નિરૂપમા – નિરંજન દોશી — મુંબઈ
- માતુશ્રી નર્મદાબેન રૂગનાથ દોશી, હસ્તે – શ્રી કાંતીભાઈ રૂગનાથ દોશી — કલકત્તા
- શ્રી હેમલતાબેન નટવરલાલ મણીયાર — વડોદરા
- માતુશ્રી અમૃતબેન ભગવાનજી અવલાણી પરિવાર
  હસ્તે – શ્રી રમણીકભાઈ ભગવાનજી અવલાણી — કલકત્તા
- શ્રી કેશવજીભાઈ શાહ પરિવાર — કલકત્તા

## શ્રુત અનુમોદક

- શ્રીમતી ડો. ભારતીબેન – ડો. રશ્મિકાંત કાંતીલાલ શાહ U.S.A.
- શ્રીમતી લતાબેન – શ્રી શરદભાઈ કાંતીલાલ શાહ U.S.A.
- શ્રીમતી હર્ષા ભૂપેન્દ્ર મોદી, શ્રીમતી જીમિતા હિરેન મોદી, શ્રીમતી ડો. શ્રુતિ મહેશ વર્મા, શ્રીમતી ભવિતા જયંત ઈંગળે આકોલા
- શ્રી સૌરાષ્ટ્ર દશાશ્રીમાળી પ્રાણ મહિલા મંડળ, હસ્તે – અધ્યક્ષા સૌ. હર્ષાબેન મોદી આકોલા
- માતુશ્રી નિર્મળાબેન લાલચંદ ભરવાડા કોલ્હાપુર
- શ્રી પરેશભાઈ રમેશચંદ્ર સુતરીયા મુંબઈ
- માતુશ્રી સુશીલાબેન કાંતીલાલ પંચમીયા મુંબઈ
- શ્રી મીનાબેન હરીશભાઈ દેસાઈ કલકત્તા

## શ્રુત સદસ્ય

- શ્રી પારિતોષ આર. શાહ મુંબઈ
- શ્રીમતી રાજુલ રજનીકાંત શાહ મુંબઈ
- જૈન જાગૃતિ સેન્ટર વાશી (મુંબઈ)
- શ્રી મુકુન્દ આર. શેઠ મુંબઈ
- શ્રી કેતનભાઈ શાહ મુંબઈ
- શ્રીમતી ગુણવંતીબેન પ્રફુલ્લચંદ્ર દોમડીયા મુંબઈ
- શ્રી સુધીરભાઈ પી. શાહ મુંબઈ
- શ્રી રાજેશ કલ્યાણભાઈ ગાલા મુંબઈ
- શ્રીમતી મૃદુલાબેન નવનીતરાય સંઘવી હસ્તે – સૌ. હીના શૈલેશ સંઘવી, સૌ. સોનલ હિરેન સંઘવી કલકત્તા


આગમ શાસ્ત્ર
આગમ શાસ્ત્ર


આગમ શાસ્ત્ર
આગમ શાસ્ત્ર

PARASDHAM

Vallabh Baug Lane, Tilak Road,
Ghatkopar (E), Mumbai - 400 077.
Tel : 32043232.

www.parasdham.org
www.jainaagam.org